૩ યોગસ્થાનોની સ્થિતિના યવનો પૂર્વભાગ ચાર સમય સુધીનો છે, ને ઉત્તરભાગ બે સમય સુધીનો છે, તેથી ચાર સમય સુધીની સ્થિતિએ ઉભય પાર્શ્વવર્તિ છે ને ત્રણ તથા બે સમયની સ્થિતિ માત્ર એક ઉત્તર પાર્શ્વવર્તિ જ છે, માટે એ બે સ્થિતિમાં ઉભય પા૦ વર્તિપણું તથા સ્વસ્થાને તુલ્યપણું કહ્યું નથી.

કહ્યું અને હવે તે યોગસ્થાનોમાં વર્તતા સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ ૧૪ જીવ ભેદમાં જઘન્યોત્કૃષ્ટ યોગનું અલ્પબહુત્વ કહે છે.

### મૂળ ગાથા ૧૪ મી.

**सव्वत्थोवो जोगो, साहारण सुहुमपढमसमयम्मि**
**वायरवियतियचउरमण, सन्नपज्जत्तगजहन्नो ॥१४॥**

**ગાથાર્થ:**—સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ જીવને પ્રથમ સમયે સર્વથી જઘન્ય ( અલ્પ ) યોગ હોય, અને બાદર એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞિ પંચેન્દ્રિય અને સંજ્ઞિ પંચેન્દ્રિય એ સાત અપર્યાપ્ત જીવનો અનુક્રમે અસંખ્યગુણો યોગ હોય.

**ટીકાર્થ:**—અહિં " અસંખ્ય ગુણ " એ શબ્દ વારંવાર આવે છે તેનો આગળની ગાથામાંથી સંબંધ કરેલો છે. સૂક્ષ્મલબ્ધિ અપર્યાપ્ત સાધારણ વનસ્પતિજીવનો ભવના પ્રથમ સમયે વર્તતાનો જે જઘન્યયોગ તે સર્વથી અલ્પ છે, તેથી ભવપ્રથમસમયે વર્તતા લબ્ધિ અપર્યાપ્તા બાદર એકેંદ્રિયનો જઘન્યયોગ અસંખ્ય ગુણો છે, તેથી ભવપ્રથમસમયે વર્તતા લબ્ધિઅપર્યાપ્તા દ્વીન્દ્રિય જીવનો જઘન્ય યોગ અસંખ્ય ગુણો હોય, તેથી ભવપ્રથમસમયે વર્તતા લબ્ધિ અપર્યાપ્તા ત્રીન્દ્રિય જીવનો જઘન્યયોગ અસંખ્યગુણો, તેથી ભવ પ્રથમ સમયે વર્તતા લબ્ધિ અપર્યાપ્તા ચતુરિન્દ્રિય જીવનો જઘન્ય યોગ અસંખ્ય ગુણો, તેથી ભવપ્રથમસમયે વર્તતા લબ્ધિ અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેંદ્રિયનો જઘન્યયોગ અસંખ્ય ગુણો, તેથી ભવપ્રથમ સમયે વર્તતા લબ્ધિઅપર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિયનો જઘન્યયોગ અસંખ્ય ગુણો હોય છે.

### મૂળ ગાથા ૧૫ મી.

**आइ दुगुक्कोसोसिं, पज्जत्तजहन्नगेयरे य कमा**
**उक्कोस जहन्नियरो, असमत्तियरे असंखगुणो ॥१५॥**

ગાથાર્થ:—તેથી પ્રથમના બે જીવભેદનો[૧] ઉત્કૃષ્ટયોગ તથા એજ બે પર્યાપ્તાનો જઘન્ય અને ઉત્કૃષ્ટયોગ તથા શેષ[૨] અપર્યાપ્ત જીવોનો ઉત્કૃષ્ટયોગ તથા તેજ પર્યાપ્ત જીવોનો જઘન્ય ને ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યગુણો છે.

ટીકાર્થ:—અપર્યાપ્ત સૂક્ષ્મ અને બાદર એકેંદ્રિય રૂપ જે પ્રથમના બે જીવભેદ તેનો ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યગુણો કથનીય છે, તે આ પ્રમાણે:—લબ્ધિ અપર્યાપ્તક સંજ્ઞિ પંચેંદ્રિયના જઘન્યયોગથી લબ્ધિઅપર્યાપ્તક સૂક્ષ્મનિગોદનો[૩] ઉત્કૃષ્ટ યોગ અસંખ્ય ગુણો, તેથી પણ લબ્ધિઅપર્યાપ્ત બાદર એકેંદ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો. सि पज्जत्तजहन्नगेयरेयकमा એટલે એ સૂક્ષ્મ અને બાદર એકેંદ્રિય પર્યાપ્ત બે જીવભેદનો જઘન્ય અને ઇતર=ઉત્કૃષ્ટ યોગ તે અનુક્રમે અસંખ્યગુણો કહેવો. તે આ પ્રમાણે:- લ૦ અપ૦ બા૦ એકેંદ્રિયના ઉત્કૃષ્ટ યોગથી પર્યાપ્ત સૂક્ષ્મનિગોદનો જઘન્ય યોગ અસંખ્યગુણો, તેથી પણ પર્યાપ્ત બાદર એકેંદ્રિયનો જઘન્ય યોગ અસંખ્યગુણો, તેથી પર્યાપ્ત સૂક્ષ્મનિગોદનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો, તેથી પર્યાપ્ત બાદર એકેંદ્રિયનો ઉત્કૃષ્ટ અસંખ્યગુણો

उक्कोसजहन्नियरो असमत्तियरे असंखगुणो इति.

असमत्त=અપર્યાપ્ત જે દ્વીન્દ્રિયાદિ તેને વિષે उक्कोस=ઉત્કૃષ્ટ યોગ અને इयरे=ઇતર જે પર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ તેને વિષે जहन्न= જઘન્ય તથા इयरो=ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસંખ્ય ગુણો કહેવો. તે આ પ્રમાણે:—

પ૦ બા૦ એકેંદ્રિયના ઉત્કૃષ્ટ યોગથી લ૦ અપ૦ દ્વીન્દ્રિયનો

૧ સૂક્ષ્મ સાધારણ એકેંદ્રિય, બાદર એકેંદ્રિય.

૨ દ્વીન્દ્રિયાદિ પાંચ.

૩ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ તેજ સૂક્ષ્મ નિગોદ કહેવાય છે.

ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો, તેથી લ૦ અપ૦ ત્રીન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો, તેથી લ૦ અપ૦ ચતુરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો, તેથી લ૦ અપ૦ અસંજ્ઞિ પંચેંદ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો, તેથી લ૦ અપ૦ સંજ્ઞિ પંચેંદ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો, તેથી પ૦ દ્વીન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યગુણો, તેથી પ૦ ત્રીન્દ્રિયનો જઘ૦ યોગ અસંખ્યગુણો, તેથી પ૦ ચતુરિન્દ્રિયનો જઘ૦ યોગ અસંખ્યગુણો, તેથી પ૦ અસંજ્ઞિ પંચેંદ્રિયનો જઘ૦ યોગ અસંખ્યગુણો, તેથી પ૦ સંજ્ઞિ પંચેંદ્રિયનો જઘન્ય યોગ અસંખ્યગુણો, તેથી પ૦ દ્વીન્દ્રિયનો ઉ૦ યોગ અસંખ્યગુણો, તેથી પ૦ ત્રીન્દ્રિયનો ઉ૦ યોગ અસંખ્યગુણો, તેથી પ૦ ચતુરિન્દ્રિયનો ઉ૦ યોગ અસંખ્ય ગુણો, અત્રે 'પર્યાપ્ત' શબ્દથી સર્વત્ર કરણ પર્યાપ્તા જાણવા.

## મૂળગાથા ૧૬ મી.

**अमणाणुत्तरगेविज्ज, भोगभूसिगयतइयतणुगेसुं ।**
**कमसो असंखगुणीओ, सेसेसु य जोगु उक्कोसा ॥१६॥**

**ગાથાર્થ**:—અસંજ્ઞિ, અનુત્તર, ગ્રૈવેયક, અકર્મભૂમિગત મનુષ્યતિર્યંચ, તૃતીય દેહધારી એ સર્વમાં અનુક્રમે અસંખ્યગુણ યોગ હોય, એ સિવાય શેષ ચતુર્ગતિક જીવોમાં ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો હોય.

**ટીકાર્થ**:—अमणत्ति=अमना ઇતિ=એટલે અસંજ્ઞિમાં યોગ કહેવો તે આ પ્રમાણે:—પ૦ ચતુરિંદ્રિયના ઉત્કૃષ્ટ યોગથી પર્યાપ્તક અસંજ્ઞિ પંચેંદ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો, તેથી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર દેવોનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો, તેથી ગ્રૈવેયક દેવોને ઉ૦ યોગ અસંખ્યગુણો, તેથી યુગલિક તિર્યંચ મનુષ્યોનો ઉ૦ યોગ અસંખ્યગુણો, તેથી પણ આહારક શરીરીને

ઉ૦ યોગ અસંખ્યગુણો, તેથી શેષ દેવ, નારક, તિર્યંચ, મનુષ્યોનો ઉ૦ યોગ અસંખ્યગુણો. અસંખ્યેય ગુણાકાર તે સર્વત્ર સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય રાશિપ્રમાણ જાણવો. ગાથામાં તઇયતણુગેહું એટલે તૃતિયાતનુ=ત્રીજી દેહ આહારક જાણવી. ( ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ, ૫ કાર્મણ એ અનુક્રમથી )

## જીવભેદે જઘન્યોત્કૃષ્ટ યોગના અલ્પબહુત્વની સ્થાપના.

| | | | |
|---|---|---|---|
| ૧ | લ૦ અપ૦ સૂક્ષ્મ નિગોદનો | જઘન્યયોગ | અલ્પ |
| ૨ | ,, ,, બાદર એકેંદ્રિયનો | ,, | તેથી અસંખ્ય ગુણ |
| ૩ | ,, ,, દ્વીન્દ્રિયનો | ,, | ,, |
| ૪ | ,, ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |
| ૫ | ,, ,, ચતુરિંદ્રિયનો | ,, | ,, |
| ૬ | ,, ,, અસંજ્ઞિ પંચેંદ્રિયનો | ,, | ,, |
| ૭ | ,, ,, સંજ્ઞિ પંચેંદ્રિયનો | ,, | ,, |
| ૮ | ,, ,, સૂક્ષ્મ નિગોદનો | ઉત્કૃષ્ટ યોગ | ,, |
| ૯ | ,, ,, બાદર નિગોદનો | ,, | ,, |
| ૧૦ | પર્યા૦ સૂક્ષ્મ નિગોદનો | જઘન્ય યોગ | ,, |
| ૧૧ | ,, બાદર એકેંદ્રિયનો | ,, | ,, |
| ૧૨ | ,, સૂક્ષ્મ નિગોદનો | ઉત્કૃષ્ટ યોગ | ,, |
| ૧૩ | ,, બાદર એકેંદ્રિયનો | ,, | ,, |
| ૧૪ | લ૦ અપ૦ દ્વીન્દ્રિયનો | ઉત્કૃષ્ટ યોગ | ,, |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | ,, ,, ત્રીન્દ્રિયનો | ઉત્કૃષ્ટ યોગ | અસંખ્ય ગુણો |
| ૧૬ | ,, ,, ચતુરિંદ્રિયનો | ,, | ,, |
| ૧૭ | ,, ,, અસંજ્ઞિ પંચેંદ્રિયનો | ,, | ,, |
| ૧૮ | ,, ,, સંજ્ઞિ પંચેંદ્રિયનો | ,, | ,, |
| ૧૯ | પર્યા૦ દ્વિન્દ્રિયનો | જઘન્ય યોગ | ,, |
| ૨૦ | ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |
| ૨૧ | ,, ચતુરિન્દ્રિયનો | ,, | ,, |
| ૨૨ | ,, અંસજ્ઞિ પંચેંદ્રિયનો | ,, | ,, |
| ૨૩ | ,, સંજ્ઞિ પંચેંદ્રિયનો | ,, | ,, |
| ૨૪ | ,, દ્વીન્દ્રિયનો | ઉત્કૃષ્ટ યોગ | ,, |
| ૨૫ | ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |
| ૨૬ | ,, ચતુરિંદ્રિયનો | ,, | ,, |
| ૨૭ | ,, અસંજ્ઞિ પંચેંદ્રિયનો | ,, | ,, |
| ૨૮ | ,, અનુત્તર દેવનો | ,, | ,, |
| ૨૯ | ,, ગ્રૈવેયક દેવનો | ,, | ,, |
| ૩૦ | ,, યુગલિક તિ૦ મ૦ નો | ,, | ,, |
| ૩૧ | ,, આહારક શરીરીનો | ,, | ,, |
| ૨ | ,, શેષ દેવોનો | ,, | ,, |
| ૩૩ | ,, શેષ નારકોનો | ,, | ,, |

## ૨ વર્ગણા પ્રરૂપણા.

વર્ગણા પ્રારંભ—અસંખ્યલોકપ્રદેશપ્રમાણ વીર્યાવિભાગથી.

પ્રતિવર્ગણાએવીર્યાવિભાગ—અનુક્રમે અધિકાધિક અસં લોકપ્રદેશપ્રમાણ.

પ્રતિવર્ગણામાં જીવપ્રદેશ—ઘનલોકાસંખ્યભાગવર્તિ અસંખ્યપ્રતરપ્રદેશપ્રમાણ.

## ૩ સ્પર્ધકપ્રરૂપણા.

પ્રતિસ્પર્ધકે વર્ગણા—શ્રેણ્યસંખ્યતમભાગ પ્રમાણ.

## ૪ સ્થાનપ્રરૂપણા.

પ્રતિસ્થાને સ્પર્ધક—શ્રેણ્યસંખ્યતમભાગ પ્રમાણ.

સર્વ યોગસ્થાન— ” ”

## ૫ અન્તરપ્રરૂપણા.

અન્તરવર્ગણાપ્રારંભ—યોગસ્પર્ધકોત્કૃષ્ટવર્ગણા અગ્રે એક વીર્યાવિભાગાધિકથી.

અન્તરસ્પર્ધકમાં વર્ગણા—અસંખ્યલોકપ્રદેશ પ્રમાણ.

એક યોગસ્થાનમાં અન્તરસ્પર્ધક—યોગસ્પર્ધકતુલ્ય.

## ૬ અનન્તરોપનિધાપ્રરૂપણા.

પૂર્વ યોગસ્થાનથી પર યોગસ્થાનમાં અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્પર્ધકો અધિક છે.

## ૭ પરંપરોપનિધા પ્રરૂપણા.

શ્રેણ્યસંખ્યભાગાતિક્રમે—દ્વિગુણ દ્વિગુણ સ્પર્ધક.

દ્વિગુણવૃદ્ધિયોગસ્થાન—સૂક્ષ્માદ્ધાપલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ.

દ્વિગુણહાનિ સ્થાન— ” ” ”

અપાંતરાલવર્તિ યોગસ્થાન—દ્વિગુણવૃદ્ધિ વા હાનિસ્થાનથી 'ખ્યગુણ.

## ૮ વૃદ્ધિપ્રરૂપણા.

જીવને યોગસ્થાનની વૃદ્ધિ હાનિ થાય છે તે આ પ્રમાણે—

| | |
|---|---|
| ૧ અસંખ્યભાગાધિક<br>૨ સંખ્યભાગાધિક<br>૩ સંખ્યગુણાધિક | આ ૩ વૃદ્ધિમાંની કોઈ પણ એક વૃદ્ધિમાં એકજીવ ઉત્કૃષ્ટથી આવલીના અસંખ્યાતમા ભાગ સુધી વર્તે. |

૪ અસંખ્યગુણાધિક—અંતર્મુહૂર્ત સુધી એક જીવમાં વર્તે.

( ઇતિવૃદ્ધિ )

| | |
|---|---|
| ૧ અસંખ્યભાગ હીન<br>૨ સંખ્યભાગ હીન<br>૩ સંખ્યગુણ હીન | આ ૩ હાનિમાંની કોઇ પણ એક હાનિમાં એકજીવ ઉત્કૃષ્ટથી આવલિના અસંખ્યાતમા ભાગ સુધી વર્તે. |

૪ અસંખ્યગુણ હીન—આ હાનિ એક જીવમાં ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્ત સુધી વર્તે.

( ઇતિહાનિ )

## ૯ સમય પ્રરૂપણા.


ાનોના ૧૨ વિભાગ પડે છે. તેનાં નામાદિકની સ્થાપના તથા
વાદિ સ્થાપના આ પ્રમાણે:—

| | વિભાગનું નામ | યોગસ્થાનની સંખ્યા | સમય સ્થિતિ ઉ૦—જ૦ | વિભાગમાં અલ્પ બહુત્વ |
|---|---|---|---|---|
| ૧ | એક સામયિક | શ્રેણ્યસંખ્યેય ભાગપ્રમાણ | ૧—૧ | ૧ |
| ૨ | ચતુઃ સામયિક | ,, | ૪—,, | સર્વાધિક |
| ૩ | પંચ સામયિક | ,, | ૫—,, | અસંખ્યગુણહીન |
| ૪ | ષટ્ સામયિક | ,, | ૬—,, | ,, |
| ૫ | સપ્ત સામયિક | ,, | ૭—,, | ,, |
| ૬ | અષ્ટ સામયિક | ,, | ૮—,, | ,, |
| ૭ | સપ્ત સામયિક | ,, | ૭—,, | અસંખ્યગુણ |
| ૮ | ષટ્ સામયિક | ,, | ૬—,, | ,, |
| ૯ | પંચ સામયિક | ,, | ૫—,, | ,, |
| ૧૦ | ચતુઃ સામયિક | ,, | ૪—,, | ,, |
| ૧૧ | ત્રિ સામયિક | ,, | ૩—,, | ,, |
| ૧૨ | દ્વિ સામયિક | ,, | ૨—,, | ,, |

૧ કર્મપ્રકૃતિ ગ્રંથે પ્રથમ વિભાગ સંબંધી અલ્પબહુત્વ દર્શાવેલું નહિ ...થી મેં પણ અત્રે દર્શાવ્યું નથી–પુનઃ આ અલ્પબહુત્વ જુદી રીતે ...્યું છે. ને શ્રી ગ્રંથકારે દર્શાવેલ અલ્પબહુત્વ ડમરૂકાકૃતિની સ્થાપનાથી ...વાશે.

( ઇતિ યોગસ્થાનની સામયિક વિભાગ સ્થાપના )

આ. ૧૨ વિભાગાત્મક યોગસ્થાનો સમયાવસ્થાનની હીનાધિકતાની અપેક્ષાએ યવાકૃતિ રૂપ થાય છે. તે યવાકૃતિ આ પ્રમાણેઃ—





આ યોગસ્થિતિયવની સમજ આ પ્રમાણેઃ—

યવનો મધ્યભાગ જેમ સ્થૂલ ( મોટો ) હોય છે તેમ યોગરૂપ યવનો મધ્ય વિભાગ આઠસમય જેવડી મોટી સ્થિતિવાળો છે—ને યવની પૂર્વોત્તરરૂપ બન્ને બાજુઓ જેમ હીનહીન છે તેમ યોગરૂપ યવના અષ્ટસમયાત્મક મધ્યવિભાગથી સપ્તસામયિકાદિ પૂર્વોત્તર પાર્શ્વ વિભાગો અનુક્રમે હીનહીન સ્થિતિવાળા છે.

સ્થાપનામાં ૧–૪–૫ વિગેરે ઉર્ધ્વાધો બિંદુઓ સમયસ્થિતિદર્શક છે—ને તિર્યગ્બિંદુઓ તે યોગસ્થાન વિભાગની શ્રેણિ જાણવી. યોગસ્થાનોના ૧૧ વિભાગનું અલ્પબહુત્વ ડમરૂકની આકૃતિએ છે.

તે ડમરૂકની આકૃતિ આ પ્રમાણેઃ—



આ આકૃતિની સમજ આ પ્રમાણે છે:—

જેમ ડમરૂકનો મધ્યભાગ અતિ અલ્પ (સાંકડો) હોય છે તેમ આ યોગરૂપ ડમરૂકના મધ્યવિભાગરૂપ અષ્ટસામયિક યોગસ્થાનો અલ્પ છે. ને ડમરૂકના પૂર્વોત્તર બન્ને ભાગ જેમ ચઢતા ચઢતા હોય છે તેમ આ યોગરૂપ ડમરૂકના પૂર્વોત્તરપાર્શ્વરૂપ સપ્તસામયિકાદિ વિભાગો અસંખ્યગુણ અસંખ્યગુણ અધિકઅધિક છે, ને બન્ને બાજુનાં સપ્તસામયિક યોગસ્થાનો પરસ્પર સમસંખ્યાવાળાં છે. એ રીતે બન્ને બાજુના યાવત્ ચતુઃસામયિક યોગસ્થાન વિભાગ સુધીના સર્વ વિભાગ પરસ્પર તુલ્ય છે. તેથી ઉત્તરપાર્શ્વવર્તિ ત્રિસામયિક ને દ્વિસામયિક યોગસ્થાનો અનુક્રમે અસંખ્યગુણ અસંખ્યગુણ છે.

શ્રી ગ્રંથકારે ૧ સામયિકરૂપ પ્રથમ વિભાગનું અલ્પબહુત્વ દર્શાવ્યું નથી માટે અત્રે ૧૨ વિભાગને સ્થાને ૧૧ વિભાગ જ ગ્રહણ કર્યા છે. પરંતુ હીનસ્થિતિવાળાં યોગસ્થાન અધિક હોય એ નિયમથી એક સામયિક યોગસ્થાનો સર્વથી અધિક સંભવે છે. પછી શ્રી બહુશ્રુત કહે તે સત્ય.

(ઇતિ સમય પ્રરૂપણા.)

## ૧૦ જીવાલ્પબહુત્વ પ્રરૂપણા.

આ અલ્પબહુત્વ ટીકાર્થમાં યંત્રરૂપે દાખલ કરેલ છે ત્યાંથી જોવું.

તથા ઔદારિકાદિ વર્ગણાનું વર્ણન ને યંત્રટીકાર્થથી જાણવું.

એ પ્રમાણે સવિસ્તર યોગપ્રરૂપણા કરીને હવે એ યોગવડે જે રે છે તે કહે છે:—

### મૂળગાથા ૧૭ મી.

ए तयणुरूवं, परिणमइ गिन्हिऊण पंचतणू।
वालंबइ, भासाणु मणत्तणे खंधे ॥१७॥

**ગાથાર્થ:**—[ જીવ ] યોગવડે. તદનુસારે પાંચ શરીર પ્રાયોગ્ય પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરીને પાંચ શરીરપણે પરિણમાવે તથા ભાષા, ઉશ્વાસ ને મનપ્રાયોગ્યસ્કંધોને તદનુરૂપે અવલંબે.

**ટીકાર્થ:**—પૂર્વોક્ત સ્વરૂપવાળા યોગવડે જીવ તત્પ્રાયોગ્ય પુદ્ગલસ્કંધોને યથાયોગ ગ્રહણ કરીને પાંચ શરીરપણે પરિણમાવે અર્થાત્ પાંચ શરીરપણે પરિણમાવે. પુનઃ તે પુદ્ગલોને કેવા પ્રકારે ગ્રહણ કરે ? એમ જો પૂછતા હો તો કહે છે કે તદનુરૂપં=યોગને અનુરૂપે. તે આ પ્રમાણે—જઘન્યયોગે વર્તતો જીવ અલ્પસ્કંધોને ગ્રહણ કરે, મધ્યમયોગે વર્તતો મધ્યમ સ્કંધોને અને ઉત્કૃષ્ટયોગે વર્તતો જીવ ઘણા સ્કંધોને ગ્રહણ કરે. ગ્રંથાંતરે પણ કહ્યું છે કે:—

जोगणुरूवं जीवा, परिणामंतीह गिन्हिउं दलियं ॥

**અર્થ:**—અહિં જીવો યોગને અનુસારે દલિકને ગ્રહણ કરીને પરિણમાવે છે. અથવા तदनुरूपं માં तत् શબ્દવડે પાંચ શરીરનો સંબંધ લઇએ તો तदनुरूप=પંચ શરીરાનુરૂપ એટલે પાંચ શરીર પ્રાયોગ્ય[1]પણે પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરે એવો પણ અર્થ[2] થાય.

તથા ભાષા, શ્વાસોચ્છ્વાસ ને મનોયોગ્ય પુદ્ગલોને પ્રથમ ગ્રહણ કરે, ગ્રહણ કરીને ભાષાદિપણે પરિણમાવે, પરિણમાવીને તન્નિસર્ગ હેતુ સામર્થ્યવિશેષને ઉત્પન્ન કરવાને અર્થે તે પુદ્ગલસ્કંધોને અવલંબે, તદનંતર તે આલંબનથી ઉત્પન્ન થયું છે, સામર્થ્ય વિશેષ જેને એવો થયો છતો ( તે પુદ્ગલસ્કંધોને ) વિસર્જે, અન્યથા નહિ, તે આ પ્રમાણે:—

જેમ બિલાડો પોતાના અંગને ઉર્ધ્વ ફેંકવાને અર્થે પ્રથમ

૧ તત્ શરીરપણે પરિણમવાની યોગ્યતાવાળા.

૨ પ્રથમનો અર્થ પુદ્ગલોનું હીનાધિક્યસ્વરૂપ દર્શાવે છે અને બીજો અર્થ ગ્રહણ કરેલા પુદ્ગલોમાં જાતિ સંબંધી યોગ્યતા દર્શાવે છે.

સંકોચના મિષથી અવલંબે છે, તદનંતર તેના આલંબનથી ઉત્પન્ન થયેલા સામર્થ્યવાળો થયો છતો તે ગાંગોળાને ઉંચે ફેંકે છે, અન્યથા ફેંકી શકતો નથી. ( કારણ કે ) સંસારી જીવોનું વીર્ય દ્રવ્યના નિમિત્તથી જ ઉત્પન્ન થાય છે, એ વચન પ્રમાણ હોવાથી અહીં પણ તેમજ વિચારવું.

અત્રે પ્રશ્ન એ છે કે જીવ યોગવડે તદનુરૂપ પુદ્ગલોને ગ્રહણ કરે છે ને અવલંબે છે એમ કહ્યું. ત્યાં કયા પુદ્ગલો ગ્રહણ કરવામાં યોગ્ય ને કયા પુદ્ગલો ગ્રહણ કરવામાં અયોગ્ય છે. (એ પ્રમાણે શિષ્યના પ્રશ્નનો અવકાશ હોવાથી આશંકા કરીને) ગ્રહણ પ્રાયોગ્ય ને અગ્રહણ પ્રાયોગ્ય પુદ્ગલ વર્ગણાઓ કહે છે.

## મૂળ ગાથા ૧૮-૧૯-૨૦

**परमाणु संखऽसंखाऽ, णंतपएसा अभव्वणंतगुणा**
**सिद्धाणणंतभागो, आहारगवग्गणा तितणू ॥१८॥**
**[1]अग्गहणंतरियाउ, तेयग भासा मणे य कम्मेय**
**धुव अधुव अच्चित्ता, सुन्नाचउ अंतरेसुप्पिं ॥१९॥**
**पत्तेगत्तणुसु बायर, सुहुमनिगोए तहा महाखंधे**
**गुणनिप्फन्नसनामो, असंखभागंगुलवगाहो ॥२०॥**

**ગાથાર્થ**—પરમાણુ વર્ગણા, સંખ્યાતાણુક વર્ગણા, અસંખ્યાતાણુક વર્ગણા ને અનંતાણુક વર્ગણા, એ સર્વ વર્ગણાઓ જીવને

---

૧ ઔદારિક, વૈક્રિય, ને આહારક એ ત્રણ વર્ગણાને અંતરાલે અગ્રહણ વર્ગણાઓનો વિસંવાદ હોવાથી अग्गहणंतरियाउ એ સૂત્ર પૂર્વોક્ત ત્રણ વર્ગણાને અતિક્રમીને રાખેલું છે. યથા आहारसरीरिंदियपज्जत्ती आणपाण भासमणे सूत्रवत् ધતિ ચૂર્ણિકૃતાદય:

અગ્રહણ પ્રાયોગ્ય છે અને,. અભવ્યથી અનંતગુણ અથવા સર્વ સિદ્ધથી અનંતમાભાગપ્રમાણ પ્રદેશોની વર્ગણા તે ( જીવને ) ત્રણ શરીરપણે ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા છે. ૧૮

તથા અગ્રહણ વર્ગણાએ કરીને અંતરિત તૈજસ, ભાષા, ઉશ્વાસ, મન, અને કાર્મણ વર્ગણા છે, તદનંતર ધ્રુવાચિત્ત ને અધ્રુવાચિત્ત વર્ગણા છે, તદનંતર ચાર શૂન્ય વર્ગણાઓ છે, તે ચાર શૂન્ય વર્ગણાના અંતરાલમાં ને ઉપર ॥ ૧૯ ॥

પ્રત્યેકશરીરિ, બાદરનિગોદ, સૂક્ષ્મનિગોદ, તથા મહાસ્કંધ એ ચાર વર્ગણાઓ છે. એ પ્રત્યેક વર્ગણાઓ ગુણ નિષ્પન્ન નામવાળી છે. ને પ્રત્યેક વર્ગણાનો અવગાહ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો છે. ॥ ૨૦ ॥

**ટીકાર્થઃ**—એકેક પરમાણુરૂપ, તથા સંખ્યાત પરમાણુના સમુદાયરૂપ અસંખ્યાત પરમાણુના સમુદાયરૂપ અને અનંત પરમાણુના સમુદાયરૂપ વર્ગણા હોય છે, ત્યાં એકેક પરમાણુઓ તે પરમાણુ વર્ગણા. અહિં " વર્ગણા " શબ્દ સમુદાયવાચક છે તેથી એકેક પરમાણુને વિષે જે વર્ગણા શબ્દ કહ્યો છે તે અનેક' પર્યાયના આરોપની અપેક્ષાએ જાણવો. જો પુનઃ परमाणूनाम्वर्गणा परमाणुवर्गणा=પરમાણુઓની વર્ગણા ( પરમાણુનો સમુદાય ) તે પરમાણુ વર્ગણા એવી વ્યુત્પત્તિ કરીએ તો જગતમાં જેટલા પરમાણુઓ છે તેટલા સર્વ પરમાણુનો સમુદાય તે પરમાણુ વર્ગણા એમ પ્રાપ્ત થાય, [illegible]

અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય. એ સૂત્ર વિરોધવાળું થાય, કારણ કે એકેક પરમાણુઓ સર્વલોકમાં રહેલા હોવાથી. ( અવગાહના સર્વલોક પ્રમાણ થાય. ઇતિ શેષઃ )

તથા બે પરમાણુનો સમુદાય તે દ્વિપ્રદેશસ્કંધવર્ગણા, ત્રણ પરમાણુનો સમુદાય તે ત્રિપ્રદેશસ્કંધવર્ગણા, ચાર પરમાણુનો સમુદાય તે ચતુઃપ્રદેશસ્કંધવર્ગણા એવી રીતે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી સંખ્યાતવર્ગણાઓ થાય. તથા અસંખ્યાત પરમાણુના સમુદાયરૂપ અસંખ્ય[1] વર્ગણાઓ કહેવી, કારણ કે અસંખ્યાતના અસંખ્ય ભેદ છે. ત્યાંથી આગળ અનંતપરમાણુના સમુદાયરૂપ અનંતવર્ગણાઓ કહેવી, કારણ કે અનંતના અનંતભેદ છે.

મૂળથી આરંભીને એ સર્વ વર્ગણાઓ અલ્પ પરમાણુવાળી અને સ્થૂલ પરિણામી હોવાથી જીવને અગ્રહણ પ્રાયોગ્ય, અને અનંતાનંત પરમાણુવાળી કેટલીક વર્ગણાઓ ગ્રહણપ્રાયોગ્ય, ને કેટલીક અગ્રહણપ્રાયોગ્ય છે. ત્યાં અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધને અનંતમે ભાગે જેટલા પરમાણુ તેના સમુદાયવાળા જે સ્કંધો આહારવગ્ગણ ઇતિ=આહારણ કરવું તે આહાર અથવા ગ્રહણ કહેવાય: आहार एव आहारकः એ વ્યુત્પત્તિથી ગ્રહણ તેજ આહારકને તત્ યોગ્યવર્ગણા તે આહારક વર્ગણા એટલે ગ્રહણપ્રાયોગ્યવર્ગણા હોય -

---

સાથે સંયુક્ત કરી "પરમાણુ વર્ગણા" કહી શકાય આ ભાવાર્થને શ્રી યશોવિજય વાચકવર તો એમ કહે છે; કે **वर्गणायोग्यत्वमादाय**—પરમાણુમાં વર્ગણાપણે પરિણામવાની યોગ્યતા હોવાથી તે યોગ્યતાને ગ્રહણ કરીને " પરમાણુ વર્ગણા " એમ કહી શકાય. શ્રી દેવેંદ્રસૂરિવર્ય તો એકજ પરમાણુને પરમાણુ વર્ગણા કહેતા નથી પરંતુ સર્વ પરમાણુના સમુદાયમાં વર્ગણા શબ્દ કહે છે માટે ત્યાં આ પ્રશ્નનો અવકાશ ન હોય.

૧ એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ અસંખ્ય વર્ગણા, પરંતુ તજ્જાતીયરૂપ વર્ગણા અસંખ્ય નહિં, તજ્જાતીયરૂપ સમાન વર્ગણા અનંત છે.

એ વર્ગણાઓ ગ્રહણ પ્રાયોગ્ય કહી, તો કયા વિષયને અંગે ગ્રહણ પ્રાયોગ્ય છે તે કહે છે તિતણુઇતિ—ઔદારિક વૈક્રિય ને આહારક એ ત્રણ શરીરના વિષયમાં પૂર્વોક્ત વર્ગણાઓ ગ્રહણપ્રાયોગ્ય છે, પુનઃ એ ગ્રહણપ્રાયોગ્યવર્ગણાઓ પણ અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ વડે અંતરિત ( આંતરાવાળી ) છે તે આ પ્રમાણેઃ—

અભવ્યથી અનંતગુણ અને સિદ્ધથી અનંતમા ભાગ જેટલા પરમાણુઓના સમુદાયરૂપ જે વર્ગણા ઔદારિક શરીરને નિષ્પન્ન કરવા માટે ગ્રહણ પ્રાયોગ્ય છે તે જઘન્ય વર્ગણા કહેવાય. તેથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ બીજી ગ્રહણપ્રાયોગ્યવર્ગણા, તેથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ ત્રીજી ગ્રહણપ્રાયોગ્યવર્ગણા, એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઔદારિકશરીરગ્રહણપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા વિશેષાધિક છે, તે વિશેષ પણ તેજ જઘન્યવર્ગણાના અનંતમા ભાગ જેટલો છે.

તથા ઔદારિક શરીર ગ્રહણપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ વર્ગણા તે અગ્રહણપ્રાયોગ્યજઘન્યવર્ગણા, તેથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ બીજી અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા. એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ અગ્રહણપ્રાયોગ્યવર્ગણા થાય. જઘન્ય અગ્રહણપ્રાયોગ્યવર્ગણાથી ઉત્કૃષ્ટઅગ્રહણપ્રાયોગ્યવર્ગણા અનંતગુણી છે, ને ગુણાકાર તે અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધથી અનંતમા ભાગપ્રમાણ [illegible]

પરમાણુઓવડે નિષ્પન્ન હોવાથી અને સૂક્ષ્મ પરિણામીપણું હોવાથી એ વર્ગણાઓ ઔદારિક પ્રત્યે અગ્રહણપ્રાયોગ્ય છે-વૈક્રિયની અપેક્ષાએ એ વર્ગણાઓમાં અલ્પ પરમાણુપણું અને સ્થૂલ પરિણામીપણું હોવાથી એ વર્ગણાઓ વૈક્રિયદેહપ્રત્યે પણ અગ્રહણપ્રાયોગ્ય જ છે. એ પ્રમાણે [1]આગળ કહેવાતી અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાના સંબંધમાં પણ વિચારવું.

તથા અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જે વર્ગણા તે વૈક્રિયશરીરપ્રાયોગ્યજઘન્યવર્ગણા, તેથી બે પરમાણ્વધિક સ્કંધરૂપ વર્ગણા તે વૈક્રિયશરીર પ્રાયોગ્ય બીજી વર્ગણા. એ પ્રમાણે એકેક પરમાણ્વધિક સ્કંધરૂપ વૈક્રિય શરીરના સંબંધમાં ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી વૈક્રિયગ્રહણપ્રાયોગ્યઉત્કૃષ્ટવર્ગણા થાય. વૈક્રિયપ્રાયોગ્યજઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા વિશેષાધિક છે. ને વિશેષ પણ તેજ જઘન્ય વર્ગણાના અનંતમા ભાગ પ્રમાણ છે.

તથા વૈક્રિય શરીર પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણ્વધિક સ્કંધરૂપ જઘન્ય અગ્રહણપ્રાયોગ્યવર્ગણા, તેથી બે પરમાણ્વધિક સ્કંધરૂપ બીજી અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા એ પ્રમાણે એકેક પરમાણ્વધિક સ્કંધરૂપ અગ્રહણપ્રાયોગ્યવર્ગણા ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા થાય. જઘન્ય અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા અનંત ગુણી છે. ગુણાકાર [2]પૂર્વવત્.

તે ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જે વર્ગણા તે આહારક શરીર પ્રાયોગ્ય જઘન્ય વર્ગણા, તેથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ આહારક શરીર ગ્રહણ પ્રાયોગ્ય

૧ કાર્મણ વર્ગણાથી પૂર્વની અગ્રહણપ્રાયોગ્યવર્ગણા સુધી.

૨ અભવ્યથી અનંતગુણ અથવા સર્વ સિદ્ધથી અનંતમા ભાગ જેટલો.

વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી આહારકશરીર ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા થાય. જઘન્યગ્રહણપ્રાયોગ્યવર્ગણાથી ઉત્કૃષ્ટ ગ્રહણપ્રાયોગ્યવર્ગણા વિશેષાધિક છે, અને વિશેષ તેજ જઘન્ય વર્ગણાના અનંતમા ભાગ જેટલો છે.

આહારકપ્રાયોગ્યઉત્કૃષ્ટવર્ગણાર્થી એક પરમાણુ અધિક સ્કન્ધ રૂપ જે અગ્રહણપ્રાયોગ્યવર્ગણા તે જઘન્ય, તેથી એક પરમાણુ અધિક સ્કન્ધરૂપ અગ્રહણપ્રાયોગ્ય બીજી વર્ગણા. એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ અગ્રહણપ્રાયોગ્યવર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટઅગ્રહણપ્રાયોગ્યવર્ગણા થાય. જઘન્યઅગ્રહણપ્રાયોગ્યથી ઉત્કૃષ્ટઅગ્રહણપ્રાયોગ્યવર્ગણા અનંતગુણી છે. ગુણાકાર પૂર્વવત્.

અહિં ચૂર્ણિકાર વિગેરે ઔદારિક–વૈક્રિય–આહારક શરીર ગ્રહણપ્રાયોગ્યવર્ગણાને અંતરાલે અગ્રહણવર્ગણાઓ સ્વીકારતા નથી પરંતુ શ્રી જીનભદ્રગણિક્ષમાશ્રમણ વિગેરે પૂર્વાચાર્યોએ સ્વિકારેલી હોવાથી તેમના અભિપ્રાયથી અત્રે પણ અગ્રહણવર્ગણાઓ પ્રતિપાદન કરી.

કંધરૂપ જઘન્યઅગ્રહણ પ્રાયોગ્યવર્ગણા, તેથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ દ્વિતીયઅગ્રહણ પ્રાયોગ્યવર્ગણા, એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ અગ્રહણ પ્રાયોગ્યવર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્યવર્ગણા થાય. જઘન્યઅગ્રહણ પ્રાયોગ્યથી ઉત્કૃષ્ટઅગ્રહણ પ્રાયોગ્યવર્ગણા અનંતગુણી છે ગુણાકાર પૂર્વવત્

અગ્રહણપ્રાયોગ્યઉત્કૃષ્ટવર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ ભાષાપ્રાયોગ્ય જઘન્યવર્ગણા, તેથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ ભાષાપ્રાયોગ્ય દ્વિતીયવર્ગણા, એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ભાષાપ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા થાય. જઘન્યભાષાપ્રાયોગ્યવર્ગણાથી ઉત્કૃષ્ટ ભાષાપ્રાયોગ્યવર્ગણા વિશેષાધિક છે, ને વિશેષ તેજ જઘન્યવર્ગણાના અનંતમા ભાગ જેટલો છે.

ભાષાપ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ અગ્રહણપ્રાયોગ્ય જઘન્યવર્ગણા, તેથી બે પરમાણુ અધિક અગ્રહણપ્રાયોગ્ય દ્વિતીયવર્ગણા. એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ અગ્રહણ પ્રાયોગ્યવર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્ય થાય. જઘન્યથી ઉત્કૃષ્ટ અગ્રહણવર્ગણા અનંતગુણ છે. ગુણાકાર પૂર્વવત્

ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્યવર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્યઉશ્વાસયોગ્યવર્ગણા છે, તેથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ ઉશ્વાસયોગ્ય દ્વિતીયવર્ગણા, એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ શ્વાસોશ્વાસપ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ ઉશ્વાસપ્રાયોગ્યવર્ગણા થાય. જઘન્યથી ઉત્કૃષ્ટવર્ગણા વિશેષાધિક છે. ને વિશેષ તેજ જઘન્યવર્ગણાનો અનંતમો ભાગ છે.

ઉશ્વાસપ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધ

રૂપ જઘન્ય અગ્રહણપ્રાયોગ્યવર્ગણા, તેથી બે પરમાણુ અધિક દ્વિતીય અગ્રહણપ્રાયોગ્યવર્ગણા એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ અગ્રહણ-પ્રાયોગ્ય વર્ગણા થાય, જઘન્યથી ઉત્કૃષ્ટ અગ્રહણવર્ગણા અનંત-ગુણ છે. ગુણાકાર પૂર્વવત્.

તે ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્યવર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્ય મનઃપ્રાયોગ્યવર્ગણા, તેથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ દ્વિતીય મનઃપ્રાયોગ્યવર્ગણા એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ મનઃપ્રાયોગ્યવર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ મનઃપ્રાયોગ્યવર્ગણા થાય. જઘન્યથી ઉત્કૃષ્ટવર્ગણા વિશેષાધિક છે, ને વિશેષ તેજ જઘન્યવર્ગણાનો અનંતમો ભાગ છે. અહિં જીવો જે પુદ્ગલદ્રવ્યોને સત્યાદિ મનોરૂપપણે પરિણમાવી આલંબીને વિસર્જે છે તે મનઃપ્રાયોગ્ય વર્ગણા.

તે ઉત્કૃષ્ટ મનઃ પ્રાયોગ્ય વર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્ય અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા, તેથી બે પરમાણુ અધિક દ્વિતીય અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા. એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણા પ્રાયોગ્ય થાય. જઘન્યથી ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણા અનંત-ગુણી છે. ગુણાકાર પૂર્વવત્.

તે ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ પ્રથમ જઘન્ય કર્મપ્રાયોગ્ય વર્ગણા. અહિં જીવો જે પુદ્ગલ દ્રવ્યોને જ્ઞાનાવરણાદિકપણે પરિણમાવે છે તે કર્મપ્રાયોગ્ય વર્ગણા. તેથી બે પરમાણુ અધિકસ્કંધરૂપ દ્વિતીય કર્મપ્રાયોગ્ય વર્ગણા. એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ કર્મપ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ કર્મપ્રાયોગ્ય વર્ગણા થાય. જઘન્યથી ઉત્કૃષ્ટ વર્ગણા વિશેષાધિક છે, ને વિશેષ તેજ જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ છે.

ગાથામાં[1] भासा मणे य એ પ્રમાણે य=च કાર અત્રે ઉક્ત સમુચ્ચયાર્થવાળો હોવાથી ભાષાવર્ગણાનંતર અગ્રહણ વર્ગણાંતરિત એવી ઉશ્વાસ વર્ગણા જાણવી, કે જે પ્રથમ કહેવાઇ ગઇ છે.

તથા ગાથામાં कम्मे य એમાં च શબ્દ સમુચ્ચયાર્થવાળો છે. હવે ઔદારિક વર્ગણાઓના વર્ણાદિ કહેવાય છે. ત્યાં ઔદારિક શરીરપ્રાયોગ્યવર્ગણાઓ અનંતાનંત પરમાણુવાળી–પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, ને આઠ સ્પર્શયુકત છે. એ પ્રમાણે વૈક્રિય ને આહારક વર્ગણાઓ પણ જાણવી. તૈજસ વર્ગણાઓ પાંચ વર્ણ–બે ગંધ, પાંચ રસ, ને ચાર સ્પર્શ, એ ૧૬[2] ગુણ યુક્ત છે. ત્યાં મૃદુ લઘુ એ અવસ્થિત સ્પર્શ છે, અને બીજા બે સ્પર્શ સ્નિગ્ધ–ઉષ્ણ, સ્નિગ્ધ શિત, રૂક્ષ–ઉષ્ણ, અથવા રૂક્ષ–શીત હોય. એ પ્રમાણે ભાષા–શ્વાસ મનોવર્ગણા ને કાર્મણ વર્ગણાઓ પણ જાણવી.

તથા ઔદારિક વર્ગણા[3] સર્વથી અલ્પ પ્રદેશોવાળી છે. તેથી વૈક્રિયપ્રાયોગ્ય વર્ગણાઓ[4] અનંતગુણ પ્રદેશોવાળી છે. તેથી આહા

---

૧ મૂળ ગાથામાં શ્વાસોશ્વાસ વર્ગણાનું નામ દર્શાવ્યું નથી, ટીકાકાર મહારાજ કહે છે કે य કારપદને અનુક્તસમુચ્ચયાર્થરૂપ નહિ કહેલા અર્થને ગ્રહણ કરવાવાળો ગણીને શ્વાસોશ્વાસ વર્ગણા ગ્રંથકારે સૂચવી છે.

૨ એક પરમાણુમાં ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ, ને ૨ સ્પર્શ ગુણ એક સમયમાં ( સમકાલે ) વ્યક્તભાવે વર્તે છે, ને યોગ્યતા ૫ વર્ણ ૨ ગંધ ૫ રસ ને ૮ સ્પર્શ એ ૧૬ ગુણ છે. એક સ્કંધ અનેક વર્ણાદિ ગુણવાળા ભિન્ન ભિન્ન પરમાણુઓ હોવાથીજ સ્કંધ ૧૬ અથવા ૨૦ ગુણ હોઇ શકે. પરંતુ ધ્યાનમાં રાખવા યોગ્ય કર્કશાદિ સ્પર્શ પરમાણુમાં કોઇ પણ સમયે પરિવર્તનાથી પણ ભાવે ન હોય. એ સ્પર્શો ફક્ત તથાવિધ બાદર સ્કંધોમાંજ હોય, સ્પર્શ સ્કંધપરિણામી જ જાણવા.

૩ શેષ વૈક્રિયાદિ વર્ગણાઓથી.

૪ ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાગત પ્રદેશરાશીથી અનંતગુણ

વર્ગણા અનંતગુણ પ્રદેશવાળી છે. તેથી તૈજસ વર્ગણા અનંત ગુણ પ્રદેશવાળી છે. એ પ્રમાણે ભાષા, ઉશ્વાસ, મન ને કાર્મણ વર્ગણાઓ પણ અનુક્રમે અનંતગુણ અનંતગુણ પ્રદેશોવાળી કહેવી.

ધ્રુવ અધ્રુવ ઈત્યાદિ=કર્મ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી અનંતર ધ્રુવાચિત્ત દ્રવ્યવર્ગણા, તેથી અનંતર અધ્રુવાચિત્ત વર્ગણા તેથી આગળ સન્નાચઙ ઇતિ=ચાર ધ્રુવશૂન્યવર્ગણાઓ છે, ને એ ચાર ધ્રુવશૂન્યવર્ગણાના અંતરાલમાં ને ઉપર અનુક્રમે પ્રત્યેકશરીરવર્ગણા બાદરનિગોદવર્ગણા—સૂક્ષ્મનિગોદવર્ગણા—ને ઉપર મહાસ્કંધ વર્ગણા છે, તે આ પ્રમાણે-પ્રથમ ધ્રુવશૂન્યવર્ગણાની ઉપર પ્રત્યેક શરીરવર્ગણા, દ્વિતીય ધ્રુવશૂન્યવર્ગણાની ઉપર બાદરનિગોદ વર્ગણા, ત્રીજી ધ્રુવશૂન્યવર્ગણાની ઉપર સૂક્ષ્મનિગોદ વર્ગણા, તથા ચતુર્થ ધ્રુવશૂન્યવર્ગણાની ઉપર મહાસ્કંધવર્ગણા છે.

ત્યાં કર્મપ્રાયોગ્યઉત્કૃષ્ટવર્ગણાથી આગળ એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્યધ્રુવાચિત્તદ્રવ્યવર્ગણા, તેથી બે પરમાણુ અધિકસ્કંધ રૂપ દ્વિતીય ધ્રુવાચિત્તદ્રવ્યવર્ગણા, એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ ધ્રુવાચિત્તદ્રવ્યવર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ ધ્રુવાચિત્તદ્રવ્યવર્ગણા થાય. ધ્રુવાચિત્ત દ્રવ્યવર્ગણા તે કહેવાય કે જે લોકને વિષે સર્વદા પ્રાપ્ત હોય તે આ પ્રમાણે-અનંતધ્રુવાચિત્તદ્રવ્યવર્ગણાઓમાંથી કોઇ વર્ગણા ઉત્પન્ન થાય છે તો કોઇ વિનાશ પામે છે. એ રીતે સર્વ વર્ગણાઓનો ઉત્પત્તિ વિનાશભાવ ચાલુ છે, પરંતુ કોઇ પણ કાળે આ લોક એ વર્ગણાઓવડે રહીત થવાનો નથી. પુનઃ એ વર્ગણાઓ જીવો વડે કદાપિ પણ ગ્રહવાય નહિ તેથી અચિત્તપણું જાણવું.

[1]જીવના સંબંધે ઔદારિકાદિ શરીરવત્ સચિત્તપણું પણ

હણ વર્ગણાઓ અંતરે અંતરે હોવાથી ઔદારિક વર્ગણાની અપેક્ષાએ વૈક્રિય વર્ગણામાં અનંતગુણ પ્રદેશ હોય. ઇતિ તત્ત્વં.

૧ જેમ ઔદારિક શરીરને જીવના સંબંધથી પણ કથંચિત (સર્વથા

કથંચિત્ હોય છે. જઘન્ય ધ્રુવાચિત્ત વર્ગણાથી ઉત્કૃષ્ટ ધ્રુવાચિત્ત વર્ગણા અનંતગુણી છે. ગુણાકાર સર્વ. જીવરાશીથી અનંતગુણરાશિ પ્રમાણ જાણવો.

તેથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્યઅધ્રુવાચિત્તદ્રવ્ય વર્ગણા, તેથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ દ્વિતીય અધ્રુવાચિત્તદ્રવ્ય વર્ગણા એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટઅધ્રુવાચિત્તદ્રવ્ય વર્ગણા થાય. અધ્રુવાચિત્તદ્રવ્યવર્ગણા તે કહેવાય કે જેમાંની કોઇ વર્ગણાઓ કદાચિત્ લોકને વિષે હોય ને કદાચિત્ ન હોય. આથી એ વર્ગણાઓને [1]સાન્તર નિરન્તરા પણ કહેવાય છે. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા અનંતગુણ છે. ગુણાકાર સર્વ જીવથી અનંતગુણરાશિ પ્રમાણ.

તેથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્ય [2]પ્રથમ ધ્રુવ શૂન્યવર્ગણા, બે પરમાણુ અધિક સ્કંધરૂપ દ્વિતીય પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા. એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા થાય. ધ્રુવશૂન્યવર્ગણા તે કહેવાય કે જે વર્ગણાઓ કોઇપણ કાળે લોકમાં ઉપલબ્ધ ન હોય; ફક્ત ઉપરની વર્ગણાઓનું બાહુલ્ય

---

નહિ ) સચિત્તપણું હોય છે, પરંતુ સર્વથા સચિત્તપણું નહિ, તેમ આ વર્ગણાઓને પણ જો જીવનો સંબંધ હોય તો કથંચિત સચિત્તપણું કહેવાય પરંતુ જીવનો સંબંધજ નહિ તો કથંચિત્ સચિત્તપણું તે પણ કેમ સંભવે અર્થાત્ જીવ સંબંધાભાવે આ વર્ગણાઓ સર્વદા અચિત્તજ છે.

૧ આ વર્ગણાઓમાં જે એકોત્તરવૃદ્ધિની પ્રાપ્તિ તે કોઇ કોઇ કાળે તુટી જાય છે, તેથી વર્ગણાગત એકોત્તરવૃદ્ધિના અનુક્રમમાં અન્તર પડી જાય છે. ત્યારે એ વર્ગણાઓ સાન્તરપણે પ્રાપ્ત હોય છે.

૨ અહિં પ્રથમ શબ્દ ઉત્તરવર્ગણાની અપેક્ષાએ નહિ પરંતુ મૂળ વર્ગણાપેક્ષાએ જાણવો, તેમજ દ્વિતીય ઇત્યાદિ શબ્દ આગળ મૂળ ધ્રુવ શૂન્યવર્ગણા માટેજ જાણવો.

જણાવવાને અર્થેજ પ્રરૂપણા માત્ર કરાય છે. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા અનંતગુણ છે ને ગુણાકાર સર્વ જીવથી અનંતગુણ રાશિ પ્રમાણ જાણવો.

તેથી એક પરમાણુઅધિકસ્કંધરૂપ જઘન્ય પ્રત્યેકશરીરિદ્રવ્ય-વર્ગણા. તેથી બે પરમાણુઅધિક સ્કંધરૂપ દ્વીતીય પ્રત્યેકશરીરિદ્રવ્યવર્ગણા. એ પ્રમાણે એકેક પરમાણુઅધિક સ્કંધરૂપવર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ પ્રત્યેકશરીરિદ્રવ્યવર્ગણા થાય. હવે આ પ્રત્યેક શરીરિદ્રવ્યવર્ગણા કઇ ? તે કહીએ છીએ— પ્રત્યેક શરીરિજીવોના [1]યથાસંભવ ઔદારિકાદિ શરીર નામકર્મને વિષે પ્રત્યેકમાં [2]વિશ્રસા પરિણામથી એકઠા થયેલા જે સર્વજીવથી અનંતગુણા પુદ્ગલો તે પ્રત્યેક શરીરિદ્રવ્યવર્ગણા કહેવાય. જઘન્ય-વર્ગણાથી ઉત્કૃષ્ટવર્ગણા અસંખ્યગુણી જાણવી, ને ગુણાકાર સૂક્ષ્મ-ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવો. જો એમ પૂછતા હો કે તે કેવી રીતે સમજાય ? તો કહીએ છીએ કે—અત્રે જોગાપચડિપપસં એ વચનથી સર્વ પણ કર્મપ્રદેશનો ઉપચય[3] અર્થાત્ સમૂહ યોગથીજ થાય છે, તેથી જઘન્ય યોગ વર્તતે છતે જઘન્ય કર્મપ્રદેશોપચય થાય, ને ઉત્કૃષ્ટયોગે ઉત્કૃષ્ટ પ્રદેશોપચય થાય, ને જઘન્ય[4]યોગસ્થાનથી ઉત્કૃષ્ટ યોગસ્થાન ( પ્રત્યેક શરીરીનું ) સૂક્ષ્મ-

૧ જે જીવને જેટલાં શરીર નામકર્મનો બંધાદિ સંભવે તેટલા શરીર નામકર્મને વિષે.

૨ સ્વ સ્વભાવથી.

૩ અત્રે ઉપચય તે હીનાધિક સંખ્યાવાળા પ્રદેશોનો સમુદાય.

૪ પ્રથમ યોગસ્થાનથી દ્વિતીય યોગસ્થાન અસંખ્યલોકપ્રદેશપ્રમાણ વિશેષાધિક છે. દ્વિતીય યોગસ્થાનથી તૃતીય યોગસ્થાન પણ તેટલુંજ વિશેષાધિક છે. એ વક્તવ્યતા પ્રથમ અર્થાન્તરથી કહેલી છે, તે પ્રમાણે સર્વ યોગસ્થાનો અનુક્રમે અસંખ્યવિશેષાધિકપણે છે, તો એક પ્રત્યેક શરીરિજીવપ્રાયોગ્ય જઘન્ય યોગસ્થાનથી પ્રત્યેક શરીરિપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ યોગસ્થાન સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમાસંખ્યેય ભાગ પ્રમાણ સંભવે. આ અસંખ્ય-વિશેષાધિકપણું [illegible] સંભવી છે, પરંતુ સ્પષ્ટ જાણ્યો નહિં. તથા [illegible]

ક્ષેત્રપલ્યોપમાસંખ્યેય ભાગ પ્રમાણ ગુણાકારવાળું હોય છે તેથી અ-ધિક નહિ. તેથી જઘન્ય કર્મપ્રદેશોપચયથી ઉત્કૃષ્ટ પ્રદેશોપચય સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમાસંખ્ય ભાગ ગુણાકારવાળોજ પ્રાપ્ત થાય પરંતુ અધિક નહિ, અને પ્રત્યેક શરીરિદ્રવ્યવર્ગણા પણ તદાશ્રિત હોવાથી જઘન્ય પ્રત્યેકશરીરિદ્રવ્યવર્ગણાથી ઉત્કૃષ્ટ પ્રત્યેક શરીરિદ્રવ્યવર્ગણા પણ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમાસંખ્યેય ભાગ ગુણાકાર જેટલીજ હોય.

તેથી અનંતર એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્ય દ્વિતીય[1] ધ્રુવશૂન્યવર્ગણા, તેથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ બીજી દ્વિતીય ધ્રુવશૂન્યવર્ગણા, એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ દ્વિતીય ધ્રુવશૂન્યવર્ગણા ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ દ્વિતીય ધ્રુવશૂન્યવર્ગણા થાય. જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા અસંખ્યાત ગુણી છે. ને ગુણાકાર [2]અસંખ્ય લોક પ્રદેશ પ્રમાણ જાણવો.

---

થાય કે યોગસ્થાન ગત અંતરો અસંખ્યેયલોકપ્રદેશપ્રમાણ છે, તેથી પૂર્વ યોગસ્થાનથી પર યોગસ્થાન અસંખ્યલોકપ્રદેશના ગુણાકાર જેટલું છે, ને એ પ્રમાણે પ્રત્યેક શરીરિના પ્રથમ યોગસ્થાનથી પ્ર૦ શ૦ નું બીજું યોગસ્થાન અસંખ્યલોક (પ્રદેશ) ગુણ છે, તો પ્ર૦ શ૦ નું ઉત્કૃષ્ટ યોગસ્થાન તે પોતાના જઘન્ય યોગસ્થાનથી સૂ૦ ક્ષે૦ પલ્યો૦ ના અસંખ્યાતમા ભાગ જેટલું કેમ હોય ? અહિં સમજવાનું એ છે કે અન્તરો અસંખ્યલોક વર્ગણાત્મક હોવાથી પર પર યોગસ્થાનો અસંખ્યલોકગુણાકારે ન સંભવે, કારણ કે પ્રથમ યોગસ્થાનગત અંતિમવર્ગણાગત વીર્યાવિભાગોથી દ્વીતીય યોગસ્થાનની સ જઘન્યવર્ગણા વા સર્વોત્કૃષ્ટવર્ગણા અસંખ્યલોકપ્રદેશપ્રમાણ અધિક સંભવે પરંતુ અસંખ્યલોકપ્રદેશગુણ ન સંભવે તેથી એક યોગસ્થાનથી બીજું યો સ્થાન અસંખ્યલોકપ્રદેશપ્રમાણ વિશેષાધિક છે. ( પરંતુ અસંખ્યલોકગુણ નથી. ) માટે પ્ર૦ શ૦ નું ઉ૦ યોગસ્થાન સ્વજઘન્યથી સૂ૦ ક્ષે૦ પ૦ અસંખ્યાતમા ભાગ ગુણાકાર જેટલું કહ્યું તે ઘટી શકે છે. ( આ વ્યા ગણિત સમજનારને સુગમ છે. )

૧ ચાર ધ્રુવશૂન્ય વર્ગણામાંની બીજી.

૨ અસંખ્ય લોકાકાશના પ્રદેશપ્રમાણ.

તેથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્યબાદરનિગોદ વર્ગણા, તેથી બે પરમાણુ અધિક દ્વિતીય બાદરનિગોદવર્ગણા, એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ બાદરનિગોદવર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ બાદરનિગોદવર્ગણા થાય. હવે આ બાદર નિગોદવર્ગણા કઇ ? તે કહીએ છીએ–બાદરનિગોદ જીવોના ઔદારિક, તૈજસ, ને કાર્મણ એ ત્રણ નામકર્મને વિષે પ્રત્યેકે સર્વ જીવથી અનંતગુણા જે પુદ્‌ગલો વિશ્રસા પરિણામ વડે એકત્ર થઇ મલે છે ( એટલે નિગોદીયા જીવના એ ત્રણ શરીરને આશ્રિત થઇને રહે છે પરંતુ નિગોદીયો જીવ ગ્રહણ કરતો નથી. ) તે બાદરનિગોદવર્ગણા કહેવાય. તથા કંઇક બાદરનિગોદજીવોને જો કે અલ્પકાળ સુધી વૈક્રિય[1] ને આહારક શરીર નામકર્મ પણ ( અપર્યાપ્તાવસ્થામાં ) સત્તામાં સંભવે છે તો પણ પ્રથમ[2] સમયથી જ તે બે નામકર્મની ઉદ્વલના[3] થતી હોવાથી અત્યંત અસાર છે માટે અત્રે તે બે દેહનામકર્મની વિવક્ષા કરી નથી. જઘન્ય બાદર નિગોદવર્ગણાથી ઉત્કૃષ્ટ બાદરનિગોદવર્ગણા અસંખ્યાત ગુણી છે. તે ગુણાકાર સૂક્ષ્મક્ષેત્રપલ્યાસંખ્યભાગ પ્રમાણ જાણવો. અહિં[4]

---

૧ જે જીવો પ્રથમ વક્રિ નામકર્મનો બંધ કરીને મરણ પામી બાદર સાધારણ વનસ્પતિકાયપણે ઉત્પન્ન થાય, તે જીવોને બાદરનિગોદ ભવમાં પણ વૈક્રિય નામકર્મની સત્તા હોય. તેમજ જે અપ્રમત્ત મુનિએ અપ્રમત્ત ગુણસ્થાને આહારક નામકર્મનો બંધ કર્યો હોય ને પુનઃ પ્રમાદના વશ થકી સાતમા ગુણસ્થાનથી પડતાં યાવત્ પ્રથમ ગુણસ્થાને આવી કાળ કરીને બાદરનિગોદમાં ઉત્પન્ન થાય તો બાદરનિગોદ જીવમાં પણ ( અપર્યાપ્તાવસ્થામાં ) આહારક કર્મની સત્તા સંભવે.

૨ આહારક સપ્તકની ઉદ્વલના વાસ્તવિક રીતે અવિરતિપણાના પ્રથમ સમયથી હોય છે પરંતુ ઉદ્વલનકાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવાથી બાદર નિગોદમાં પણ ભવ પ્રથમ સમયથી ઉદ્વલના પ્રતિપન્ન ભાવથી અપેક્ષાએ હોય છે.

૩ વક્ષ્યમાણ સંક્રમકરણ વિશેષ;

૪ ગુણાકાર સંબંધમાં.

યુક્તિ પ્રત્યેક શરીરિદ્રવ્યવર્ગણામાં જે રીતે કહી છે તે પ્રમાણે વિચારવી.[1]

તેથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્ય તૃતિયધ્રુવશૂન્ય વર્ગણા, તેથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ બીજી તૃતિયધ્રુવશૂન્ય વર્ગણા, એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ તૃતિયધ્રુવશૂન્યવર્ગણા થાય. જઘન્ય તૃતિયધ્રુવશૂન્યવર્ગણાથી ઉત્કૃષ્ટ તૃતિયધ્રુવશૂન્યવર્ગણા અસંખ્યાત ગુણી છે. તે ગુણાકાર આ પ્રમાણે—અંગુલમાત્ર ક્ષેત્રમાં રહેલા આકાશ પ્રદેશની રાશીનો આવલિકાના અસંખ્યાતમાભાગના સમય પ્રમાણ વર્ગમૂલ કરતાં તેમાં જે અંતિમ વર્ગમૂલરૂપ જેટલા આકાશપ્રદેશો થાય તેના પણ અસંખ્યાતમા ભાગ જેટલા આકાશ પ્રદેશના રાશિપ્રમાણ અત્રે ગુણકરાશિ જાણવો.

તેથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્ય સૂક્ષ્મનિગોદવર્ગણા, બે પરમાણુ અધિક સ્કંધરૂપ દ્વિતીય સૂક્ષ્મનિગોદવર્ગણા એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ સૂક્ષ્મનિગોદવર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ સૂક્ષ્મનિગોદવર્ગણા થાય. આ સૂક્ષ્મનિગોદવર્ગણા પણ અર્થથી બાદરનિગોદવર્ગણાવત્ જાણવી. જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટવર્ગણા અસંખ્યગુણી છે તે ગુણકરાશિ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ જાણવો, કારણ સૂક્ષ્મનિગોદ જીવોના જઘન્યયોગસ્થાનથી ઉત્કૃષ્ટ યોગસ્થાન આ

૧ બાદરનિગોદ પ્રાયોગ્ય જઘન્ય યોગસ્થાનથી બાદરનિગોદ પ્રાયો ઉત્કૃષ્ટ યોગસ્થાન ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગના ગુણાકાર જેટલું તેથી જઘન્યશરીર નામકર્મ પ્રદેશરાશિથી ઉત્કૃષ્ટ શરીર નામકર્મ પ્રદેશરા ક્ષેત્રપલ્યોપમાસંખ્યેય ભાગ ગુણાકાર જેટલી જ છે. પરંતુ વિશેષ એ કે યેક શરીરિ પ્રાયોગ્ય યોગસ્થાનોથી બાદરનિગોદ પ્રાયોગ્ય યોગસ્થ હોવાથી પ્રત્યેક શરીરિ પ્રાયોગ્ય ગુણકરાશિથી બાદરનિગોદ પ્રાયો રાશિ પણ અલ્પ જાણવો.

લિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ગુણાકારવાળું છે, અધિક નહિ. તથા કર્મપ્રદેશોપચય વૃદ્ધિ યોગને આધીન છે, ને કર્મપ્રદેશોપચય વૃદ્ધિને આધીન સૂક્ષ્મનિગોદવર્ગણા છે તે હેતુથી.

તેથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્ય ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણા, બે પરમાણુ અધિક સ્કંધરૂપ દ્વિતીય ચતુર્થ ધ્રુવશૂન્યવર્ગણા, એ પ્રમાણે એકેક પરમાણુ અધિક સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ ચતુર્થ ધ્રુવશૂન્યવર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટવર્ગણા અસંખ્યાતગુણી છે. ને ગુણકરાશિ [1]પ્રતરાસંખ્યેય ભાગવર્તિ અસંખ્ય શ્રેણિ પ્રદેશ પ્રમાણ જાણવો.

તેથી એક પરમાણુ અધિક સ્કંધરૂપ જઘન્યમહાસ્કંધવર્ગણા, બે પરમાણુઅધિકસ્કંધરૂપ દ્વિતીયમહાસ્કંધવર્ગણા. એ પ્રમાણે એકેક પરમાણુઅધિકસ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટમહાસ્કંધવર્ગણા થાય. [2]મહાસ્કંધવર્ગણા તે છે કે જે પુદ્ગલસ્કંધો વિસ્રસાપરિણામવડે [3]ટંકકૂટપર્વતાદિને આશ્રિત રહેલા છે. જઘન્યમહાસ્કંધવર્ગણાથી ઉત્કૃષ્ટમહાસ્કંધવર્ગણા અસંખ્યગુણી છે,

૧ ઘનીકૃત લોકના એકપ્રતરના અસંખ્યાતમે ભાગે અસંખ્ય સૂચીશ્રેણી છે તેના પ્રદેશરાશિ પ્રમાણ.

૨ આ વર્ગણાથી પૂર્વની પ્રત્યેક શરીરિ વિગેરે વર્ગણાઓ જે ઔદારિક નામકર્માદિ કર્મસ્કંધને આશ્રિત છે તે કર્મસ્કંધોની અપેક્ષાએ આ વર્ગણા કૂટ પર્વતાદિ જેવા મ્હોટા સ્કંધોને આશ્રિત હોવાથી આ વર્ગણાનું નામ મહાસ્કંધવર્ગણા—અથવા કોઈક કાળે આ વર્ગણામાંની કોઈ પણ એક વર્ગણાના (રૂપ) એક સ્કંધમાંથી વિસ્રસા પરિણામ વડે પ્રથમ સમયે ઉર્ધ્વાધોલોકાંતદીર્ઘ દંડ, બીજે સમયે કપાટ, ત્રીજે સમયે મંથાન, ચતુર્થ સમયે અંતરપૂર્તિ, પંચમ સમયે અંતરસંહાર, છઠ્ઠે સમયે મંથાનસંહાર, સાતમે સમયે કપાટસંહાર ને આઠમે સમયે સ્વસ્વરૂપ થાય છે. એ પ્રમાણે લોકાકાશપ્રમાણ અચિત્ત મહાસ્કંધપણે પરિણમતી હોવાથી આ વર્ગણાનું નામ મહાસ્કંધવર્ગણા.

૩ ટંક=છિન્નગિરિ. કૂટ=શીખર. પર્વત=ગિરિ.

તેને ગુણકરાશિ [1]પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. જ્યારે જગતમાં ત્રસજીવો અધિક હોય છે, ત્યારે આ મહાસ્કંધવર્ગણાઓ અલ્પ હોય છે. ને ત્રસજીવો અલ્પ હોય છે, ત્યારે મહાસ્કંધવર્ગણાઓ અધિક હોય છે. [2]એ વસ્તુ સ્વભાવજ છે.

આ પરમાણુવર્ગણાથી પ્રારંભીને યાવત્ મહાસ્કંધવર્ગણા સુધીની સર્વે વર્ગણાઓ ગુણણિપ્ફણ્ણ-નામ એટલે ગુણે કરીને પ્રાપ્ત થયું છે સ્વનામ તે જેને એવી ગુણનિષ્પન્નસ્વનામવાળી છે (અર્થાત એ સર્વે વર્ગણાઓનાં નામ ગુણસંજ્ઞક છે.) તે આ પ્રમાણે—[3]એકેક (છુટા) પરમાણુઓ તે પરમાણુવર્ગણાઓ, બે બે પરમાણુની

---

૧ સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ ઇતિ અનુવૃત્તિ.

૨ ત્રસજીવની અધિકતાએ મહાસ્કંધવર્ગણાનું અલ્પત્વ, ને ત્રસજીવની અલ્પતાએ મહાસ્કંધવર્ગણાનું અધિકપણું, એમાં અનાદિ જગતસ્થિતિ એ હેતુ છે. અથવા એવોજ કુદરતી નિયમ છે. ઇતિ તાત્પર્ય.

૩ કર્મપ્રકૃતિ તથા પંચસંગ્રહે પણ પરમાણુવર્ગણાના અર્થમાં સ[illegible] પરમાણુને ભિન્ન ભિન્ન વર્ગણા શબ્દ સંયુક્ત કર્યો છે. એજ પ્રમાણે [illegible] પરમાણુ આદિ સર્વ વર્ગણા કહી છે. જેથી તાત્પર્ય એ નીકળે છે કે પ[illegible] માણુરૂપવર્ગણા અનંત છે. દ્વિપરમાણુરૂપવર્ગણાઓ પણ અનંત છે, ઇત્યા[illegible] પરંતુ કર્મગ્રંથમાં તો સર્વ પરમાણુના સંગ્રહ અર્થમાં પરમાણુ વર્ગણા ક[illegible] છે. સર્વ દ્વિપરમાણુસ્કંધોના સંગ્રહમાં દ્વિપરમાણુવર્ગણા કહી છે, અર્થાત પરમાણુવર્ગણા એક છે પણ અનંત નહિ. દ્વિપરમાણુવર્ગણા એક ને સ્કંધ [illegible]ંત, દ્વિપરમાણુરૂપવર્ગણા એકજ પરંતુ સ્કંધ અનંત આ પ્રમાણે કહેવું [illegible] તફાવત એજ કે કર્મગ્રંથ ટીકાકાર મહારાજ દ્વિપર[illegible] એકજ દ્વિપરમાણુવર્ગણા કહે [illegible] છે. શ્રી મલય[illegible] [illegible]ંતસ્કંધો તે દ્વિ[illegible] [illegible]નંતવર્ગણાઓ [illegible] સ્કંધ ને વગ[illegible] [illegible]હમાં વિશે[illegible] [illegible] જે દ્વિપ[illegible] સ્કંધ તેજ [illegible] આ સં[illegible] ચર્ચા [illegible]

( દ્વયણુકસ્કંધની ) વર્ગણાઓ તે દ્વિપરમાણુવર્ગણા એ પ્રમાણે ના-

ઉચિત નથી. તત્ત્વ શ્રીમત્કેવલિગમ્ય. તથા અપેક્ષાપૂર્વક વિચારતાં બન્ને વાત અવિરોધિ સમજાય છે. વિચારવા યોગ્ય માત્ર એ વાતજ છે તે આ પ્રમાણે—શ્રી મલયગિરિજી મહારાજના કથનમાં સ્કંધ અને વર્ગણાની અવિશેષતા અને શ્રી દેવેન્દ્રસૂરિવર્યના કથનમાં સ્કંધ અને વર્ગણામાં વિશેષતા રહે છે.

પુનઃ શ્રી વિશેષાવશ્યક મહાભાષ્યે.

इह सजातीयसमुदायोवर्गणा, समूहो, वर्गः, राशिः, इतिपर्यायाः ततश्च समस्त लोकाकाशप्रदेशवर्तिनामेकैकपरमाणूनां समुदायएकावर्गणा ततः समस्तलोकवर्तिनां द्विप्रदेशिकस्कंधानां द्वितीयावर्गणा. ततः समस्तानामपि त्रिप्रदेशिकस्कंधानां तृतीया वर्गणा, चतुष्प्रदेशिकानां चतुर्थी. पंचप्रदेशिकस्कंधानां पंचमी इत्यादि.

અત્રે વર્ગણા શબ્દ સજાતીય સમુદાયની અપેક્ષાએ કહેલો હોવાથી સર્વ પરમાણુઓનો સંગ્રહ પરમાણુ નામવાળી એકજ વર્ગણામાં થાય છે, ને દ્વિપરમાણુરૂપ એકજ વર્ગણામાં સર્વે દ્વીપ્રદેશિકસ્કંધોનો સંગ્રહ થાય છે—એ સર્વ વર્ણન કર્મગ્રંથને અનુસરતું છે. તથા જે સ્વરૂપ કંઈક ભિન્નતાવાળું છે. તે આ પ્રમાણે—

પરમાણુથી પ્રારંભીને યાવત્અનંતપ્રદેશિકસ્કંધ સુધીની અનંતવર્ગણાઓ ઔદારિકાદિકને અગ્રહણપ્રાયોગ્ય છે. તદનંતર એકેક પરમાણુઅધિકસ્કંધવાળી અનંતવર્ગણાઓ ઔદારિકાદિકગ્રહણપ્રાયોગ્ય છે. તદનંતર એકેક પરમાણુ અધિકસ્કંધવાળી અનંતવર્ગણાઓ પુનઃ ઔદારિકાદિકને અગ્રહણપ્રાયોગ્ય છે. તદનંતર એકેક પરમાણુઅધિકસ્કંધવાળી અનંતવર્ગણાઓ વૈક્રિયાદિકને [illegible] ગ્રહણ પ્રાયોગ્ય છે. તદનંતર એકેક પરમાણુ અધિકસ્કંધવાળી [illegible] ણાઓ વૈક્રિયાદિકને ગ્રહણપ્રાયોગ્ય છે. તદનંતર એકેક પરમાણુઅ[illegible] અનંત વર્ગણાઓ પુનઃ વૈક્રિયને અગ્રહણપ્રાયોગ્ય છે. એ ર[illegible]

તેને ગુણકરાશિ [1]પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. જ્યારે જગતમાં ત્રસજીવો અધિક હોય છે, ત્યારે આ મહાસ્કંધવર્ગણાઓ અલ્પ હોય છે. ને ત્રસજીવો અલ્પ હોય છે, ત્યારે મહાસ્કંધવર્ગણાઓ અધિક હોય છે. [2]એ વસ્તુ સ્વભાવજ છે.

આ પરમાણુવર્ગણાથી આરંભીને યાવત્ મહાસ્કંધવર્ગણા સુધીની સર્વે વર્ગણાઓ गुणणिप्फण्णनाम એટલે ગુણે કરીને પ્રાપ્ત થયું છે સ્વનામ તે જેને એવી ગુણનિષ્પન્નસ્વનામવાળી છે (અર્થાત્ એ સર્વે વર્ગણાઓનાં નામ ગુણસંજ્ઞક છે.) તે આ પ્રમાણે—[3]એકેક (છૂટા) પરમાણુઓ તે પરમાણુવર્ગણાઓ, બે બે પરમાણુના

---

૧ સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ ઇતિ અનુવૃત્તિ.

૨ ત્રસજીવની અધિકતાએ મહાસ્કંધવર્ગણાનું અલ્પત્વ, ને ત્રસજીવની અલ્પતાએ મહાસ્કંધવર્ગણાનું અધિકપણું, એમાં અનાદિ જગતસ્થિતિ એજ હેતુ છે. અથવા એવોજ કુદરતી નિયમ છે. ઇતિ તાત્પર્ય.

૩ કર્મપ્રકૃતિ તથા પંચસંગ્રહે પણ પરમાણુવર્ગણાના અર્થમાં સર્વ પરમાણુને ભિન્ન ભિન્ન વર્ગણા શબ્દ સંયુક્ત કર્યો છે. એજ પ્રમાણે દ્વિ પરમાણુ આદિ સર્વ વર્ગણા કહી છે. જેથી તાત્પર્ય એ નીકળે છે કે પરમાણુરૂપવર્ગણા અનંત છે. દ્વિપરમાણુરૂપવર્ગણાઓ પણ અનંત છે, ઇત્યાદિ પરંતુ કર્મગ્રંથમાં તો સર્વ પરમાણુના સંગ્રહ અર્થમાં પરમાણુ વર્ગણા કહી છે. સર્વ દ્વિપરમાણુસ્કંધોના સંગ્રહમાં દ્વિપરમાણુવર્ગણા કહી છે, અર્થાત્ પરમાણુવર્ગણા એક છે પણ અનંત નહિ. દ્વિપરમાણુવર્ગણા એક ને સ્કંધ અનંત, ત્રિપરમાણુરૂપવર્ગણા એકજ પરંતુ સ્કંધ અનંત આ પ્રમાણે કહેલું છે. આ વક્તવ્યતામાં તફાવત એજ કે કર્મગ્રંથ ટીકાકાર મહારાજ દ્વિપરમાણુરૂપ અનંતસ્કંધોને એકજ દ્વિપરમાણુવર્ગણા કહે છે, ત્યારે શ્રી મલયગિરિજી મહારાજ દ્વિપરમાણુરૂપઅનંતસ્કંધો તે દ્વિપરમાણુરૂપઅનંતવર્ગણાઓ થાય એમ કહે છે. આ અર્થમાં સ્કંધ ને વર્ગણા એ બે શબ્દમાં વિશે[illegible] અભાવ થાય છે, કારણ કે જે દ્વિપરમાણુરૂપ એક સ્કંધ તેજ [illegible]ણુરૂપ એક વર્ગણા થાય છે. આ સંબંધી અધિક ચર્ચા અન્ને

તથા અસંખભાગંગુલવગાહો ઇતિ=સર્વે[1] વર્ગણાઓનો અવગાહ ( ક્ષેત્રરોધન ) અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. સર્વોત્કૃષ્ટ મહાસ્કંધ વર્ગણાપર્યંત સર્વ[2] વર્ગણાઓ પ્રદેશની અપેક્ષાએ અનુક્રમે મ્હોટી મ્હોટી છે, ને એ પ્રમાણે અનુક્રમે મ્હોટી મ્હોટી થતાં પણ પ્રત્યેક[3] વર્ગણામાંની એકેક વર્ગણા અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્રાવગાહવાળીજ વર્તે છે. ને વળી એ પ્રત્યેક[4] વર્ગણાઓમાં સમુદાયની[5] અપેક્ષાએ ક્ષેત્રાવગાહની વિવક્ષા કરીએ તો પરમાણુથી પ્રારંભીને સર્વોત્કૃષ્ટ મહાસ્કંધ વર્ગણા સુધીની સર્વ[6]

---

| | |
|---|---|
| ૩૫ આહારક તદુવર્ગણા | ૩૭ મિશ્ર સ્કંધ |
| ૩૬ તૈજસ તદુવર્ગણા | ૩૮ અચિત્ત મહાસ્કંધ |

એ પ્રમાણે વર્ગણા પ્રરૂપણા ભિન્ન પ્રકારની છે.

૧ આ પ્રકરણને અંગે " વર્ગણા " એ નામના ૩ વિશેષ છે તે આ પ્રમાણે—

મૂળવર્ગણા—તે ઔદારિક, વૈક્રિય, આહારક ઇત્યાદિ નામવાળી ૨૬ વર્ગણા.

ઉત્તરવર્ગણા—તે પ્રત્યેક મૂળ વર્ગણાન્તર્ગત એકેક પરમાણુ અધિક રૂપ અનંત વર્ગણા કે જે સર્વ એકેક મૂળ વર્ગણા યોગ્ય છે, ને તે સર્વ એકેક સ્કંધરૂપ છે.

વર્ગણા—પ્રત્યેક ઉત્તર વર્ગણાન્તર્ગત તત્સમ પ્રદેશોવાળા સર્વે સ્કંધો. અત્રે " સર્વ વર્ગણાઓનો અવગાહ " એટલે પ્રત્યેક ઉત્તર વર્ગણાઓનો અવગાહ.

૨ સર્વ ઉત્તર વર્ગણાઓ.

૩ પ્રત્યેક મૂળવર્ગણામાંની એકેક ઉત્તરવર્ગણા અંગુલાસંખ્યભાગે છે તો સમસ્ત વર્ગણાઓ અંગુલાવગાહવાળી હોય જ ઇતિ સુગમં:

૪ પ્રત્યેક ઉત્તરવર્ગણાઓમાં.

૫ સર્વ સમાન વર્ગણાની અપેક્ષાએ.

૬ સર્વપણ ઉત્તરવર્ગણાઓ ( નહિ મૂળવર્ગણા સમુદાય )

ઓની સાર્થકતા સ્પષ્ટ સમજાય છે.

---

ગ્રહણપ્રાયોગ્ય આઠે વર્ગણાઓને ત્રણ ત્રણ રૂપથી કહેતાં ૨૪ વર્ગણા છે તે આ પ્રમાણે:—

| | |
|---|---|
| ૧ ઔદારિક અગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૧૩ ભાષા અગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૨ ઔદારિક ગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૧૪ ભાષા ગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૩ ઔદારિક અગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૧૫ ભાષા અગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૪ વૈક્રિય અગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૧૬ ઉશ્વાસ અગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૫ વૈક્રિય ગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૧૭ ઉશ્વાસ ગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૬ વૈક્રિય અગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૧૮ ઉશ્વાસ અગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૭ આહારક અગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૧૯ મન અગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૮ આહારક ગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૨૦ મન ગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૯ આહારક અગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૨૧ મન અગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૧૦ તૈજસ અગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૨૨ કાર્મણ અગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૧૧ તૈજસ ગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૨૩ કાર્મણ ગ્રહણપ્રાયોગ્ય વ૦ |
| ૧૨ તૈજસ અગ્રહણપ્રાયોગ્ય વ૦ | ૨૪ કાર્મણ અગ્રહણપ્રાયોગ્ય વ૦ |

અહિં બે ગ્રહણવર્ગણાના મધ્યમાં વસ્તુતઃ એકજ અગ્રહણ વર્ગણા છે. પરંતુ એકજ અગ્રહણવર્ગણાનો જે અર્ધભાગ જે દેહની સમીપમાં આવ્યો, તે દેહના નામની વિવક્ષાએ એકજ અગ્રહણવર્ગણાને બે બે નામથી પ્રરૂપી છે. તથા—

| | |
|---|---|
| ૨૫ પ્રથમ ધ્રુવવર્ગણા | ૩૦ દ્વિતીય ધ્રુવાનંતરવર્ગણા |
| ૨૬ અધ્રુવવર્ગણા | ૩૧ તૃતીય ધ્રુવાનંતરવર્ગણા |
| ૨૭ શૂન્યાન્તર વર્ગણા | ૩૨ ચતુર્થ ધ્રુવાનંતરવર્ગણા |
| ૨૮ અશૂન્યાન્તરવર્ગણા | ૩૩ ઔદારિક તનુવર્ગણા |
| ૨૯ પ્રથમ ધ્રુવાનંતરવર્ગણા | ૩૪ વૈક્રિય તનુવર્ગણા |

તથા અસંખભાગંગુલવગાહો ઇતિ=સર્વે[૧] વર્ગણાઓનો અવગાહ ( ક્ષેત્રરોધન ) અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. સર્વોત્કૃષ્ટ મહાસ્કંધ વર્ગણાપર્યંત સર્વ[૨] વર્ગણાઓ પ્રદેશની અપેક્ષાએ અનુક્રમે મ્હોટી મ્હોટી છે, ને એ પ્રમાણે અનુક્રમે મ્હોટી મ્હોટી થતાં પણ પ્રત્યેક[૩] વર્ગણામાંની એકેક વર્ગણા અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્રાવગાહવાળીજ વર્તે છે. જો વળી એ પ્રત્યેક[૪] વર્ગણાઓમાં સમુદાયની[૫] અપેક્ષાએ ક્ષેત્રાવગાહની વિવક્ષા કરીએ તો પરમાણુથી પ્રારંભીને સર્વોત્કૃષ્ટ મહાસ્કંધ વર્ગણા સુધીની સર્વ[૬]

---

| | |
|---|---|
| ૩૫ આહારક તનુવર્ગણા | ૩૭ મિશ્ર સ્કંધ |
| ૩૬ તૈજસ તનુવર્ગણા | ૩૮ અચિત્ત મહાસ્કંધ |

એ પ્રમાણે વર્ગણા પ્રરૂપણા ભિન્ન પ્રકારની છે.


૧ આ પ્રકરણને અંગે " વર્ગણા " એ નામના ૩ વિશેષ છે તે આ પ્રમાણે—

મૂળવર્ગણા—તે ઔદારિક, વૈક્રિય, આહારક ઇત્યાદિ નામવાળી ૨૬ વર્ગણા.

ઉત્તરવર્ગણા—તે પ્રત્યેક મૂળ વર્ગણાંતર્ગત એકેક પરમાણુ અધિક રૂપ અનંત વર્ગણા કે જે સર્વ એકેક મૂળ વર્ગણા યોગ્ય છે, ને તે સર્વ એકેક સ્કંધરૂપ છે.

વર્ગણા—પ્રત્યેક ઉત્તર વર્ગણાંતર્ગતસમ પ્રદેશોવાળા સર્વે સ્કંધો. અત્રે " સર્વ વર્ગણાઓનો અવગાહ " એટલે પ્રત્યેક ઉત્તર

પણ વર્ગણાઓ પ્રત્યેક અનંતાનંત છે, ને સર્વ્વ્યાપેક્ષાએ સર્વે લોકના[1] પ્રમાણ અવગાહવાળી છે. તથા કાર્મણવર્ગણાથી માંડી પશ્ચાત્ યાવત્ ઔદારિક પ્રાયોગ્યવર્ગણા સુધી ક્ષેત્રાવગાહ અનુક્રમે અસંખ્યગુણ કહેવો તે આ પ્રમાણે-કાર્મણવર્ગણાવગાહ ક્ષેત્રથી મનોવર્ગણાવગાહ ક્ષેત્ર પ્રદેશથી[2] અસંખ્યગુણ, તેથી ઉચ્છ્વાસવર્ગણાવગાહ ક્ષેત્ર પ્રદેશથી અસંખ્યગુણ છે. ઇત્યાદિ.[4]



[1] પ્રત્યેક ઉત્કૃષ્ટવર્ગણાની સર્વે સમાન વર્ગણાઓ સર્વ લોકમાં અવસ્થિત હોવાથી.

[2] કર્મપ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણામાંની કોઇ પણ એક ઉત્કૃષ્ટવર્ગણાથી ઔદારિક ઉત્કૃષ્ટવર્ગણામાંની કોઇ પણ એક ઉત્કૃષ્ટવર્ગણાનો ક્ષેત્રાવગાહ અસંખ્ય છે. ઇતિ સર્વત્ર.

[3] આકાશ પ્રદેશની અપેક્ષાએ અસંખ્યગુણ છે. ( [illegible] )

[4] એ પ્રમાણે અવગાહનાનું અસંખ્યગુણત્વ ઔદારિક વર્ગણા સુધી ઉત્કૃષ્ટથી છે ને જઘન્યથી તો ઔદારિક વર્ગણાથી વૈક્રિય વર્ગણાનું અવગાહક્ષેત્ર અસંખ્યગુણહીન, તેથી આહારક વર્ગણાનું અવગાહક્ષેત્ર અસંખ્યગુણહીન એ પ્રમાણે કાર્મણવર્ગણા પર્યંત જાણવું. તેમાં આગળ વર્ગણાઓમાં ગુણ વા હીનતાનો અનુક્રમ નથી પરન્તુ અનિયમિતપણે અસં... તો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણજ જાણવો.

## पुद्गलवर्गणायंत्रकम् ( कर्मप्रकृत्यनुसारे ).

| [illegible] | वर्गणानां नाम. | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | लोकमां विद्यमान–अविद्यमान |
|---|---|---|---|---|---|---|---|
| १ | [illegible] | [illegible] | | [illegible] | [illegible] | [illegible] | विद्यमान |
| २ | [illegible] | ,, | [illegible] | [illegible] | | [illegible] | ,, |
| ३ | [illegible] | ,, | [illegible] | [illegible] | ,, | [illegible] | ,, |
| ४ | तैजस | ,, | [illegible] | [illegible] | | [illegible] | ,, |
| ५ | [illegible] | ,, | [illegible] | [illegible] | ,, | [illegible] | ,, |

१ [illegible] ओछामां ओछी [illegible] छे. जो [illegible] जाणवी.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | આહારક | ,, | અનંતમાભાગે | અનંતમાભાગે વિ૦ | | ગ્રહણપ્રા૦ | ,, |
| ૭ | અગ્રહણ | ,, | અનંતગુણ | અનંતગુણ | ,, | અગ્રહણપ્રા૦ | ,, |
| ૮ | તૈજસ | ,, | અનંતમાભાગે | અનંતમાભાગે વિ૦ | | ગ્રહણપ્રા૦ | ,, |
| ૯ | અગ્રહણ | ,, | અનંતગુણ | અનંતગુણ | ,, | અગ્રહણપ્રા૦ | ,, |
| ૧૦ | ભાષા | ,, | અનંતમાભાગે | અનંતમાભાગે વિ૦ | | ગ્રહણપ્રા૦ | ,, |
| ૧૧ | અગ્રહણ | ,, | અનંતગુણ | અનંતગુણ | ,, | અગ્રહણપ્રા૦ | ,, |
| ૧૨ | ઉશ્વાસ | ,, | અનંતમાભાગે | અનંતમાભાગે વિ૦ | | ગ્રહણપ્રા૦ | ,, |
| ૧૩ | અગ્રહણ | ,, | અનંતગુણ | અનંતગુણ | ,, | અગ્રહણપ્રા૦ | ,, |
| ૧૪ | મન | ,, | અનંતમાભાગે | અનંતમાભાગે વિ૦ | | ગ્રહણપ્રા૦ | ,, |
| ૧૫ | અગ્રહણ | ,, | અનંતગુણ | અનંતગુણ | ,, | અગ્રહણપ્રા૦ | ,, |
| ૧૬ | કાર્મણ | ,, | અનંતમાભાગે | અનંતમાભાગે વિ૦ | | ગ્રહણપ્રા૦ | ,, |
| ૧૭ | ધ્રુવાચિત્ત | ,, | અનંતગુણ | અનંતગુણ | સર્વ જીવથી અનં- તગુણ | અગ્રહણપ્રા૦ | ,, |

**અવતરણ**—અત્રે યોગવડે તદનુરૂપ પુદ્‌ગલસ્કંધોને ગ્રહણ કરીને શરીરાદિ રૂપપણે પરિણમાવે છે એમ કહ્યું, ત્યાં તે પુદ્‌ગલસ્કંધોને જીવ શું પોતાના અલ્પ પ્રદેશવડે ગ્રહણ કરે? અથવા સર્વ પ્રદેશોવડે ગ્રહણ કરે? એ પ્રશ્નનો અવકાશ હોવાથી આશંકા કરીને હવે તેનો ઉત્તર આપવાને આ પ્રમાણે કહે છે.

## મૂળ ગાથા ૨૧ મી.

**एगमवि गहणदव्वं, सव्वप्पणयाए जीवदेसम्मि ॥**
**सव्वप्पणयासव–त्थवावि सव्वे गहणखंधे ॥ २१ ॥**

**ગાથાર્થઃ**—એક જીવપ્રદેશાવગાહિત એક ગ્રહણપ્રાયોગ્યદ્રવ્યને જીવ સર્વપ્રદેશોવડે ગ્રહણ કરે છે, અને સર્વ જીવપ્રદેશાવગાહિત સર્વગ્રહણપ્રાયોગ્યસ્કંધોને પણ જીવ સર્વપ્રદેશોવડેજ ગ્રહણ કરે છે.

**ટીકાર્થઃ**—અહિં જીવ સ્વપ્રદેશોમાં અવગાહી રહેલા દલિકને ગ્રહણ કરે છે, પરંતુ અનંતર પરંપરાવગાઢ દલિકને ગ્રહણ કરી શકે નહિ. ત્યાં [1]એક આત્મપ્રદેશે અવગાહેલું જે ગ્રહણપ્રાયોગ્ય એક પણ દલિક તેને સવ્વપ્પણયાપઇતિ=સર્વ આત્મપ્રદેશોવડેજ ગ્રહણ કરે, એ ભાવાર્થ છે. કારણ કે સર્વપણ જીવપ્રદેશોનો શૃંખલાવયવવત્ સંબંધ વિશેષ છે તે આ પ્રમાણે—[2]સ્વક્ષેત્રમાં અવગાહ કરી રહેલ ગ્રહણપ્રાયોગ્યદ્રવ્યને ગ્રહણ કરવાને માટે એકજ જીવપ્રદેશ વ્યાપારિત

૧ સ્વરૂપતઃ ગ્રહણપ્રાયોગ્યદ્રવ્ય અસંખ્યાત્મપ્રદેશાવગાહી છે. પરંતુ તે અસંખ્યમાંથી કોઇ પણ એક પ્રદેશની વિવક્ષા કરવી. અથવા ગ્રહણપ્રાયોગ્ય દ્રવ્ય જેટલી અવગાહનામાં રહેલ આત્મપ્રદેશસમૂહ પણ એક પ્રદેશરૂપ વિવક્ષિત થાય છે. एगपएसोगाढं ઇતિવચનાત્.

૨ આત્મપ્રદેશો જે આકાશપ્રદેશોમાં અવગાહ્યા છે તેજ આકાશપ્રદેશોમાં ( પંચમ કર્મગ્રંથે ).

થયે છતે [1]અનંતર પરંપરાવડે તે દ્રવ્ય ગ્રહણ કરવાને માટે સર્વપણ આત્મપ્રદેશો પ્રયત્નશીલ થાય છે. જેમ કોઈ બાહ્ય ઘટાદિ પદાર્થને હસ્તના અગ્રભાગ વડે ગ્રહણ કરતાં મણિબંધ, કોણી, ખભાદિ અવયવો તે ઘટાદિને ગ્રહણ કરવાને માટે અનંતર પરંપરાપણે પ્રયત્નવાન્ થાય છે, તેમ सव्वत्थवावि=સર્વ પ્રદેશોમાં અવગાહેલા જે ગ્રહણ પ્રાયોગ્યસ્કંધો તે ગ્રહણપ્રાયોગ્ય સર્વ સ્કંધોને જીવ, સર્વ આત્મપ્રદેશો વડે ગ્રહણ કરે છે, કારણ કે પ્રત્યેક સ્કંધને ગ્રહણ કરવામાં સર્વજીવ પ્રદેશોનું અનંતર પરંપરાપણે વ્યાપ્રિયમાણપણું છે. (इतियोग प्ररुपणा)

## ॥ अथ स्नेह प्ररुपणा ॥

અહિં પુદ્ગલદ્રવ્યોનો પરસ્પર સંબંધ સ્નેહથી થાય છે, તેથી સ્નેહપ્રરૂપણા અવશ્ય કરવા યોગ્ય છે. તે સ્નેહપ્રરૂપણા ત્રણ પ્રકારે છે, તે આ પ્રમાણે—૧ સ્નેહપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા, ૨ નામપ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા, ૩ પ્રયોગપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા. ત્યાં સ્નેહપ્રત્યય એટલે સ્નેહનિમિત્તસ્પર્ધકની પ્રરૂપણા તે [2]સ્નેહપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા, તથા શરીરબંધનનામકર્મના ઉદયથી પરસ્પર બંધાયલા શરીર પુદ્ગલોના સ્નેહની અપેક્ષાએ (સ્નેહ સંબંધી) જે સ્પર્ધકપ્રરૂપણા કરવી તે નામ પ્રત્યયસ્પર્ધકપ્રરૂપણા, શબ્દાર્થ આ પ્રમાણે છે કે—નામપ્રત્યયની એટલે બંધનનામનિમિત્તની અર્થાત્ બંધનનામનિમિત્ત શરીરપ્રદેશસ્પર્ધકની પ્રરૂપણા તે [3]નામપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા. તથા પ્રકૃષ્ટયોગ (ઉત્કૃષ્ટયોગ) તે પ્રયોગ તેના નિમિત્તવડે ગ્રહણ કરેલા જે પુદ્ગલો તેના સ્નેહને અધિકરીને જે સ્પર્ધકપ્રરૂપણા કરવી તે [4]પ્રયોગપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા. ત્યાં પ્રથમ સ્નેહપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા કહે છે.

## મૂળ ગાથા ૨૨ મી.

**नेहप्पच्चय फड्डग मेगं, अविभागवग्गणाणंता ॥**
**हस्सेण बहू बद्धा, असंखलोगे दुगुणहीणा ॥२२॥**

ગાથાર્થઃ—સ્નેહપ્રત્યયસ્પર્ધક એકજ છે, ને તેની અવિભાગ વર્ગણાઓ અનંત છે. તથા અલ્પસ્નેહયુક્ત પુદ્‌ગલો ઘણાં છે, ને અસંખ્યલોકપ્રમાણવર્ગણાને અતિક્રમતાં જે જે વર્ગણા આવે તેમાં દ્વિગુણહીન દ્વિગુણહીન પુદ્‌ગલો હોય છે.

ટીકાર્થઃ—એકેક સ્નેહાવિભાગવૃદ્ધિયુક્ત પુદ્‌ગલવર્ગણાઓના સમુદાયરૂપ સ્નેહનિમિત્તસ્પર્ધક[1] તે સ્નેહપ્રત્યયસ્પર્ધક એકજ છે, અને તે સ્પર્ધકમાં અવિભાગવર્ગણા એટલે એકેક સ્નેહાવિભાગાધિક પરમાણુ સમુદાયરૂપવર્ગણાઓ અનંત જાણવી. ત્યાં અલ્પ સ્નેહયુક્ત પુદ્‌ગલો ઘણા હોય, અને અર્થાંતરે ઘણા સ્નેહયુક્ત પુદ્‌ગલો અલ્પ હોય છે. તથા असंखलोगेदुगुणहीणा ઇતિ=અર્થાત્ પ્રથમ વર્ગણાથી આગળ અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ અતિક્રમીને જે અનંતરવર્ગણા આવે, તે વર્ગણાઓમાં પ્રથમ વર્ગણાગત પુદ્‌ગલરાશિ અપેક્ષાએ દ્વિગુણહીન[2] પુદ્‌ગલો હોય છે. પુનઃ પણ ત્યાંથી અસંખ્ય લોકપ્રમાણ વર્ગણાઓ અતિક્રમીને જે અનંતરવર્ગણા આવે તેમાં દ્વિગુણહીન[3] પુદ્‌ગલો હોય છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી વક્ષ્યમાણ સંખ્યેયભાગહાનિગત અંતિમ વર્ગણા પ્રાપ્ત થાય, અહિં ભાવાર્થ આ પ્રમાણે છે—

---

૧ જે સ્પર્ધક પ્રરૂપણામાં માત્ર સ્નેહ એજ નિમિત્તભૂત છે તે સ્નેહપ્રત્યયસ્પર્ધક.

૨ દ્વિગુણહીન=અર્ધ.

૩ પ્રથમ દ્વિગુણહીનવર્ગણાની અપેક્ષાએ દ્વિગુણહીન પુદ્‌ગલ હોય, પરંતુ સર્વાદ્ય વર્ગણાપેક્ષાએ ચતુર્ગુણહીન ( ચોથા ભાગનાં ) પુદ્‌ગલ હોય છે.

અત્રે જે સર્વોત્કૃષ્ટ સ્નેહ હોય તેને શ્રી સર્વજ્ઞની બુદ્ધિરૂપ
સ્ત્રવડે છેદીએ, ને છેદી છેદીને કરેલા નિર્વિભાગ ભાગોને અલગ
લગ સ્થાપન કરીએ-ત્યાં લોકમાં જે કોઇ પરમાણુઓ સ્નેહના એક
વિભાગયુક્ત હોય તે પરમાણુઓના સમુદાયરૂપ પ્રથમ એક સ્નેહા-
ભાગવર્ગણા, પુનઃ જે કોઇ પરમાણુઓ બે સ્નેહાવિભાગયુક્ત હોય
બીજી દ્વિસ્નેહાવિભાગવર્ગણા, એ પ્રમાણે ત્રણ સ્નેહાવિભાગયુક્ત
દ્ગલનો[1] સમુદાય તે ત્રીજી ત્રિસ્નેહાવિભાગવર્ગણા, એ પ્રમાણે
ંખ્યાતસ્નેહાવિભાગયુક્ત પુદ્ગલ સમુદાયની સંખ્યાતવર્ગણાઓ,
અસંખ્યસ્નેહાવિભાગયુક્ત પુદ્ગલોની અસંખ્ય વર્ગણાઓ, ને અનંત-
સ્નેહાવિભાગયુક્ત પુદ્ગલોની અનંત વર્ગણાઓ કહેવી.

અત્રે પ્રરૂપણા ૨ પ્રકારની છે. તે આ પ્રમાણે—અનંતરોપનિધા-
પ્રરૂપણા–પરંપરોપનિધા પ્રરૂપણા. ત્યાં પ્રથમ અનંતરોપનિધાપ્રરૂપણા
કરાય છે.

## ॥ अथ स्नेहप्र० स्पर्धकनी अनंतरोपनिधा प्ररूपणा ॥

એક સ્નેહાવિભાગયુક્ત પુદ્ગલ સમુદાયરૂપ પ્રથમવર્ગણામાં જે-
ટલાં પુદ્ગલો છે, તેથી દ્વિસ્નેહાવિભાગયુક્ત પુદ્ગલ સમુદાયરૂપ દ્વિતીય
વર્ગણાને વિષે અસંખ્યેયભાગહીન પુદ્ગલો છે. તેથી પણ તૃતીયવર્ગ-
ણામાં અસંખ્યેયભાગહીન પુદ્ગલો છે. એ પ્રમાણે પ્રત્યેક વર્ગણામાં
અસંખ્યભાગહીન પુદ્ગલો ત્યાં સુધી કહેવાં કે જ્યાં સુધી અનંત-
વર્ગણા વ્યતિક્રાન્ત થાય. તેથી અનંતરવર્ગણામાં પૂર્વવર્ગણાગત
પુદ્ગલોથી સંખ્યેયભાગહીન પુદ્ગલો હોય છે, તેથી અનંતર વર્ગણામાં

[1] આ પ્રકરણમાં જ્યાં જ્યાં પુદ્ગલ શબ્દ આવે ત્યાં પરમાણુ અથવા પ્રદેશનુંજ ગ્રહણ કરવું પરંતુ સ્કંધનું ગ્રહણ ન કરવું; કારણ કે સ્નેહાદિ પર્યાયની વક્તવ્યતા એકેક પ્રદેશ વા પરમાણુને અંગે હોઇ શકે છે, ને પરમાણુ એજ વસ્તુતઃ પુદ્ગલપદાર્થ છે, ને સ્કંધાદિ તો પરમાણુ પુદ્ગલના પર્યાય છે. માટે સ્નેહાવિભાગાદિવિવક્ષા પુદ્ગલ દ્રવ્યરૂપ પરમાણુને અંગેજ સંભવે છે.

## મૂળ ગાથા ૨૨ મી.

**नेहप्पच्चय फड्डग मेगं, अविभागवग्गणाणंता ॥**
**हस्सेण वहू वद्धा, असंखलोगे दुगुणहीणा ॥२२॥**

**ગાથાર્થ**:—સ્નેહપ્રત્યયસ્પર્ધક એકજ છે, ને તેની અવિભાગ વર્ગણાઓ અનંત છે. તથા અલ્પસ્નેહયુકત પુદ્ગલો ઘણાં છે, ને અસંખ્યલોકપ્રમાણવર્ગણાને અતિક્રમતાં જે જે વર્ગણા આવે તેમાં દ્વિગુણહીન દ્વિગુણહીન પુદ્ગલો હોય છે.

**ટીકાર્થ**:—એકેક સ્નેહાવિભાગવૃદ્ધિયુક્ત પુદ્ગલવર્ગણાઓના સમુદાયરૂપ સ્નેહનિમિત્તસ્પર્ધક[1] તે સ્નેહપ્રત્યયસ્પર્ધક એકજ છે, અને તે સ્પર્ધકમાં અવિભાગવર્ગણા એટલે એકેક સ્નેહાવિભાગાધિક પરમાણુ સમુદાયરૂપવર્ગણાઓ અનંત જાણવી. ત્યાં અલ્પ સ્નેહયુક્ત પુદ્ગલો ઘણા હોય, અને અર્થાંતરે ઘણા સ્નેહયુક્ત પુદ્ગલો અલ્પ હોય છે. તથા असंखलोगेदुगुणहीणा ઇતિ=અર્થાત્ પ્રથમ વર્ગણાથી આગળ અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ અતિક્રમીને જે અનંતરવર્ગણા આવે, તે વર્ગણાઓમાં પ્રથમ વર્ગણાગત પુદ્ગલરાશિ અપેક્ષાએ દ્વિગુણહીન[2] પુદ્ગલો હોય છે. પુનઃ પણ ત્યાંથી અસંખ્ય લોકપ્રમાણ વર્ગણાઓ અતિક્રમીને જે અનંતરવર્ગણા આવે તેમાં દ્વિગુણહીન[3] પુદ્ગલો હોય છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી વક્ષ્યમાણ સંખ્યેયભાગહાનિગત અંતિમ વર્ગણા પ્રાપ્ત થાય, અહિં ભાવાર્થ આ પ્રમાણે છે—

---

૧ જે સ્પર્ધક પ્રરૂપણામાં માત્ર સ્નેહ એજ નિમિત્તભૂત છે તે સ્નેહપ્રત્યયસ્પર્ધક.

૨ દ્વિગુણહીન=અર્ધ.

૩ પ્રથમ દ્વિગુણહીનવર્ગણાની અપેક્ષાએ દ્વિગુણહીન પુદ્ગલ હોય, પરન્તુ સર્વાદ્ય વર્ગણાપેક્ષાએ ચતુર્ગુણહીન ( ચોથા ભાગનાં ) પુદ્ગલ હોય છે.

## ॥ अथ स्नेहप्र० स्पर्धककनी परंपरोपनिधाप्ररूपणा ॥

સ્નેહસ્પર્ધકની પ્રથમ વર્ગણાથી આગળ અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણવર્ગણાઓ વ્યતિક્રમીને આગળ જે બીજી વર્ગણા આવે, તે વર્ગણાઓમાં પ્રથમ વર્ગણાગત પુદ્ગલરાશિની અપેક્ષાએ દ્વિગુણ-હીન અર્થાત્ અર્ધ પુદ્ગલ હોય છે, ત્યાંથી પુનઃ પણ અસંખ્યલોક-પ્રદેશપ્રમાણવર્ગણા અતિક્રમીને આગળ જે અનંતરવર્ગણા આવે; તેમાં પણ અર્ધ પુદ્ગલો હોય છે. એ રીતે વારંવાર ત્યાં સુધી જાણવું કે જ્યાં સુધી અસંખ્યેયભાગહાનિગત અંતિમવર્ગણા આવે.[1]

ત્યાંથી આગળ સંખ્યાતી[2] સંખ્યાતભાગહાનિગતવર્ગણાઓને અતિક્રમીને આગળની અનંતરવર્ગણાને વિષે અસંખ્યેયભાગહાનિ-ગત અંતિમવર્ગણાગત પુદ્ગલરાશિની અપેક્ષાએ અર્ધ પુદ્ગલો

---

૧ આ પ્રરૂપણા પ્રથમ માત્ર દિગ્દર્શનરૂપેજ કહેલી છે, અને અત્રેજ હાનીપ્રરૂપણાસ્થાનનો પ્રસંગ હોવાથી સ્થાનાશૂન્યાર્થે પુનઃ પ્રરૂપણા દર્શાવી છે.

૨ અસંખ્યભાગહાનિવર્ગણાઓમાં અસંખ્યલોકપ્રમાણવર્ગણા અતિ-ક્રમ્યાથી દ્વિગુણહાનિ પ્રાપ્ત થાય છે, ને અત્રે સંખ્યભાગહાનિ વર્ગણાઓમાં સંખ્યાતીવર્ગણાઓજ માત્ર અતિક્રમતાં દ્વિગુણહીનતા થાય છે તે કેમ? એ પ્રશ્નના ઉત્તરમાં જાણવું જોઇએ કે અસંખ્યેયભાગ કરતાં સંખ્યેયભાગનો રાશિ ઘણો મોટો છે, જેમકે કલ્પના તરીકે ૫ એ સંખ્યાતરાશિ છે, ને ૨૫ એ અસંખ્યરાશિ છે. હવે ૧૦૦૦૦૦ (એકલાખ) ની રકમને સંખ્યેયરૂપ ૫ થી ભાગ આપતાં ૨૦,૦૦૦ ( વીસહજાર ) થાય, અને અસંખ્યેયરૂપ ૨૫ થી ભાગ આપતાં ૪,૦૦૦ ( ચારહજાર ) થાય. એમાં ૪૦૦૦ એ અસંખ્યેયભાગ રાશિથી સંખ્યેયભાગ રાશિ ૨૦,૦૦૦ ઘણો મોટો છે. હવે આ વર્ગણાના સંબંધમાં વિચારીએ તો અસંખ્યેયભાગહીન વર્ગણાઓમાં પ્રત્યેક વર્ગણાએ ૪,૦૦૦-૪,૦૦૦ પુદ્ગલોનો રાશિ તુટે છે ને સંખ્યેયભાગ હીનવર્ગણાઓમાં પ્રત્યેક વર્ગણાએ વીસ વીસ હજાર=( ૨૦,૦૦૦-૨૦,૦૦૦) પુદ્ગલોનો રાશિ તુટે છે. માટે સંખ્યેયભાગહીનવર્ગણાઓમાં પુદ્ગલોનો મોટો મોટો રાશિ તુટવાથી પુદ્ગલોનું દ્વિગુણહીનપણું=અર્ધપણું અલ્પવર્ગ-ણાતિક્રમે થઈ જાય છે.

પણ સંખ્યેયભાગહીન પુદ્ગલો હોય છે. એ પ્રમાણે સંખ્યેયભાગહીન
વર્ગણાઓ પણ અનંત કહેવી. તેથી અનંતર વર્ગણામાં પૂર્વવર્ગણા-
ગત પુદ્ગલોથી સંખ્યેયગુણહીન પુદ્ગલો હોય છે, તેથી અનંતર વર્ગ-
ણામાં પણ સંખ્યેયગુણહીન પુદ્ગલો હોય છે, એ પ્રમાણે સંખ્યેયગુણ-
હીન વર્ગણાઓ પણ અનંત કહેવી. તેથી અનંતરવર્ગણામાં પૂર્વ-
વર્ગણાગત પુદ્ગલની અપેક્ષાએ અસંખ્યગુણહીન પુદ્ગલો હોય છે.
તેથી અનંતર વર્ગણામાં પણ અસંખ્યગુણહીન પુદ્ગલો હોય છે. એ
પ્રમાણે સંખ્યેયગુણહીન વર્ગણાઓ પણ અનંત કહેવી. તેથી
અનંતર વર્ગણામાં પૂર્વ વર્ગણાગત પુદ્ગલની અપેક્ષાએ અસંખ્ય
ગુણહીન પુદ્ગલો હોય છે. તેથી અનંતર વર્ગણામાં પણ અસંખ્ય
ગુણહીન પુદ્ગલો હોય છે. એ રીતે અસંખ્ય ગુણહીનત્વ પણ અનંત
વર્ગણાઓ સુધી કહેવું. તેથી અનંતર વર્ગણાને વિષે પૂર્વ વર્ગણાથી
અનંત ગુણહીન પુદ્ગલો હોય છે. તેથી અનંતર વર્ગણામાં પણ
અનંત ગુણહીન પુદ્ગલો હોય, ને એ પ્રમાણે અનંત ગુણહીન વર્ગ-
ણાઓ પણ યાવત્ [1]સર્વોત્કૃષ્ટ વર્ગણા સુધી અનંત કહેવી. એ પ્રમાણે
[2]અનંતરોપનિધા પ્રરૂપણા કરીને હવે પરંપરોપનિધાપ્રરૂપણા કહીએ
છીએ. (ઇતિ સ્નેહ સ્પર્ધકસ્થાનંતરોપનિધાપ્રરૂપણા.)

---

૧ અહિં સર્વોત્કૃષ્ટતા સ્નેહાવિભાગની અપેક્ષાએ છે—પુદ્ગલાપેક્ષા
સર્વજઘન્યપણું છે.

૨ અહિં ભાવાર્થ એ છે કે સ્નેહસ્પર્ધકની સર્વે વર્ગણાઓ ૫ વિ-
ભાગમાં વહેંચાયલી છે. તે પ્રત્યેક વિભાગ પણ અનંત અનંત વર્ગણાત્મક છે.
ત્યાં પ્રથમ વિભાગની અનંત વર્ગણાઓ અનુક્રમે પૂર્વ પૂર્વ વર્ગણાઓથી
સંખ્યભાગહીન પુદ્ગલોવાળી છે. બીજા વિભાગની વર્ગણાઓ સંખ્યેયભાગ-
હીન અનુક્રમે છે. ત્રીજા વિભાગની અનંત વર્ગણાઓ અનુક્રમે સંખ્યગુણહીન
પુદ્ગલોવાળી છે ઇત્યાદિ. એનો વિપરીતક્રમ સ્વતઃ વિચારી લેવો. અથવા એ
વિભાગ અને વર્ગણાઓની પ્રરૂપણા આનુપૂર્વીની પરિપાટીએ યાવત્ સર્વોત્કૃષ્ટ
વર્ગણા સુધી કહેવી, તે અનંતરોપનિધા પ્રરૂપણા.

## ॥ अथ स्नेहप्र० स्पर्धकनी परंपरोपनिधाप्ररूपणा ॥

સ્નેહસ્પર્ધકની પ્રથમ વર્ગણાથી આગળ અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણવર્ગણાઓ વ્યતિક્રમીને આગળ જે બીજી વર્ગણા આવે, તે વર્ગણાઓમાં પ્રથમ વર્ગણાગત પુદ્ગલરાશિની અપેક્ષાએ દ્વિગુણહીન અર્થાત્ અર્ધ પુદ્ગલ હોય છે, ત્યાંથી પુનઃ પણ અસંખ્યલોકપ્રદેશપ્રમાણવર્ગણા અતિક્રમીને આગળ જે અનંતરવર્ગણા આવે; તેમાં પણ અર્ધ પુદ્ગલો હોય છે. એ રીતે વારંવાર ત્યાં સુધી જાણવું કે જ્યાં સુધી અસંખ્યેયભાગહાનિગત અંતિમવર્ગણા આવે.[1]

ત્યાંથી આગળ સંખ્યાતી[2] સંખ્યાતભાગહાનિગતવર્ગણાઓને અતિક્રમીને આગળની અનંતરવર્ગણાને વિષે અસંખ્યેયભાગહાનિગત અંતિમવર્ગણાગત પુદ્ગલરાશિની અપેક્ષાએ અર્ધ પુદ્ગલો

---

૧ આ પ્રરૂપણા પ્રથમ માત્ર દિગ્દર્શનરૂપેજ કહેલી છે, અને અત્રેજ હાનીપ્રરૂપણાસ્થાનનો પ્રસંગ હોવાથી સ્થાનાશૂન્યાર્થે પુનઃ પ્રરૂપણા દર્શાવી છે.

૨ અસંખ્યભાગહાનિવર્ગણાઓમાં અસંખ્યલોકપ્રમાણવર્ગણા અતિક્રમ્યાથી દ્વિગુણહાનિ પ્રાપ્ત થાય છે, ને અત્રે સંખ્યભાગહાનિ વર્ગણાઓમાં સંખ્યાતીવર્ગણાઓજ માત્ર અતિક્રમતાં દ્વિગુણહીનતા થાય છે તે કેમ? એ પ્રશ્નના ઉત્તરમાં જાણવું જોઇએ કે અસંખ્યેયભાગ કરતાં સંખ્યેયભાગનો રાશિ ઘણો મોટો છે, જેમકે કલ્પના તરીકે ૫ એ સંખ્યાતરાશિ છે, ને ૨૫ એ અસંખ્યરાશિ છે. હવે ૧૦૦૦૦૦ (એકલાખ) ની રકમને સંખ્યેયરૂપ ૫ થી ભાગ આપતાં ૨૦,૦૦૦ ( વીસહજાર ) થાય, અને અસંખ્યેયરૂપ ૨૫ થી ભાગ આપતાં ૪,૦૦૦ ( ચારહજાર ) થાય. એમાં ૪૦૦૦ એ અસંખ્યેયભાગ રાશિથી સંખ્યેયભાગ રાશિ ૨૦,૦૦૦ ઘણો મોટો છે. હવે આ વર્ગણાના સંબંધમાં વિચારીએ તો અસંખ્યેયભાગહીન વર્ગણાઓમાં પ્રત્યેક વર્ગણાએ ૪,૦૦૦–૪,૦૦૦ પુદ્ગલોનો રાશિ તુટે છે ને સંખ્યેયભાગહીનવર્ગણાઓમાં પ્રત્યેક વર્ગણાએ વીસ વીસ હજાર=( ૨૦,૦૦૦–૨૦,૦૦૦) પુદ્ગલોનો રાશિ તુટે છે. માટે સંખ્યેયભાગહીનવર્ગણાઓમાં પુદ્ગલોનો મોટા મોટા રાશિ તુટવાથી પુદ્ગલોનું દ્વિગુણહીનપણું=અર્ધપણું અલ્પવર્ગણાતિક્રમે થઇ જાય છે.

થાય–ત્યાંથી પુનઃ પણ સંખ્યાતીવર્ગણાઓ અતિક્રમીને અનંતર વર્ગણામાં અર્ધ પુદ્ગલ થાય. એ રીતે વારંવાર ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી સંખ્યેયભાગહાનિગત અંતિમવર્ગણા આવે.

તથા [1]ઉપરની [2]ત્રણ હાનિઓમાં [3]આ પરંપરોપનિધા સંભવે નહિ. કારણ કે પ્રથમ (પહેલી) સંખ્યેયગુણહાનિવર્ગણામાંજ સંખ્યેયભાગહાનિગત અંતિમવર્ગણાની અપેક્ષાએ સંખ્યેયગુણહીન પુદ્ગલો છે. ને સંખ્યેયગુણહીન તે જઘન્યથી પણ ત્રિગુણહીન વા ચતુર્ગુણહીન ગ્રહણ કરાય છે. પરંતુ દ્વિગુણહીન નહિ, કારણ કે સંખ્યેય પ્રાયઃ સર્વત્ર પણ [4]અજઘન્યોત્કૃષ્ટરૂપ ત્રણ વિગેરેજ ગ્રહણ કરાય છે. પરંતુ બે નહિ. તેમ સર્વોત્કૃષ્ટ પણ નહિ. શ્રી અનુયોગદ્વાર સૂત્રની ચૂર્ણિમાં કહ્યું છે કે—

**सिद्धंते य जत्थ जत्थ संखेज्जगगहणं तत्थ तत्थ अजहन्नमणु क्कोसयं दट्ठव्वं** ઇતિ.

**અર્થ**:—સિદ્ધાંતને વિષે જ્યાં જ્યાં સંખ્યેયનું ગ્રહણ કર્યું છે, ત્યાં ત્યાં અજઘન્યોત્કૃષ્ટરૂપ સંખ્યેય જાણવું.

તેથી [5]આ વર્ગણાથી આગળની વર્ગણાઓમાં દ્વિગુણહીનપણું પ્રાપ્ત થતું નથી, પરંતુ ત્રિગુણ, ચતુર્ગુણહીનપણું પ્રાપ્ત થાય છે. એ

૧ સંખ્યગુણહાનિ, અસંખ્યગુણહાનિ ને અનંતગુણહાનિ એ.

૨ ટીકામાં **उपरितनीषु चतसृषु** એવો પાઠ છે પરંતુ તે વિચાર યોગ્ય છે. કારણ કે **उपरितनीषु तिसृषु** પાઠ હોય તોજ સંબંધ મળે આવે એમ છે. ( શ્રી પંચસંગ્રહે **तिसृषु** પાઠ છે. )

૩ આ=દ્વિગુણહાનિરૂપ પરંપરોપનિધા.

૪ અજઘન્યોત્કૃષ્ટ=જઘન્યસંખ્યાત બે નહિ, ને ઉત્કૃષ્ટસંખ્યાત એકઉણું સર્વ સરસવરાશિ તે પણ નહિ પરંતુ બેથી ઉપર ત્રણ વિગેરે યાવ એકઉણું સર્વ સરસવરાશિ સુધીની સર્વ સંખ્યાઓ "અજઘન્યોત્કૃષ્ટ સંખ્યાત સંજ્ઞા પામે.

૫ સંખ્યેયભાગહાનિગત અંતિમવર્ગણાથી.

હેતુથી આગલી વર્ગણાઓમાં આ દ્વિગુણહાનિ પરંપરોપનિધા સંભવતી નથી[૧].

હવે આગળ દ્વિગુણહાનિનો અભાવ હોવાથી દ્વિગુણહાનિ પરંપરોપનિધા સિવાય બીજે પ્રકારે પરંપરોપનિધા કહેવાય છે.

અસંખ્યેયભાગહાનિમાં પહેલી ને છેલ્લી વર્ગણાના અપાંતરાલે પ્રથમ વર્ગણાની અપેક્ષાએ કંઈક વર્ગણાઓ અસંખ્યભાગહીન કંઈક વર્ગણાઓ સંખ્યેયભાગહીન, કંઈક વર્ગણાઓ સંખ્યેયગુણહીન, કંઈક વર્ગણાઓ અસંખ્યેયગુણહીન, ને કંઈક વર્ગણાઓ અનંતગુણહીન છે. [૨]એ પ્રમાણે અસંખ્યેયભાગહાનિમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ પાંચે હાનિયો સંભવે છે.—સંખ્યેયભાગહાનિમાં પુનઃ [૩]અસંખ્યેયભાગહાનિ વિના ૪ હાનિઓ સંભવે છે, તે આ પ્રમાણે—સંખ્યેયભાગહાનિગત પ્રથમાન્તિમવર્ગણાને અપાંતરાલે

---

૧ કહેવાનો ભાવાર્થ એવો છે કે સંખ્યેયભાગહાનિગત અંતિમવર્ગણાથી આગળની પ્રથમવર્ગણામાંજ ત્રિગુણહીન (સંખ્યગુણહીન) પુદ્ગલો છે ( પરંતુ દ્વિગુણહીન પુદ્ગલો નથી ) તો દ્વિગુણહાનિરૂપ પરંપરોપનિધા કેમ સંભવે ?

૨ કંઈક વર્ગણાઓ અસંખ્યભાગહીન, સંખ્યભાગહીન, સંખ્યેયગુણહીન, અસંખ્યગુણહીન ને અનંતગુણહીન છે તે જાણવાની રીત આ પ્રમાણે—

પ્રથમ વર્ગણાપેક્ષાએ દ્વિતીય તૃતીયાદિ અસંખ્યવર્ગણાઓ અસંખ્યેયભાગહીન છે. ત્યાંથી આગળ પ્રથમ દ્વિગુણહીન વર્ગણા સુધીની વર્ગણાઓ સંખ્યેયભાગહીન છે. પ્રથમ દ્વિગુણહીન [illegible] સંખ્યાતીવર્ગણાઓ સંખ્યેયગુણહીન. [illegible] વર્ગણાઓ અસંખ્યેયગુણહીન છે. [illegible] અનંતગુણહીન છે. ઇતિ

૩ [illegible] અસંખ્યેયભાગહાનિનો [illegible] અસંખ્યેયભાગહાનિ કેમ [illegible]

પ્રથમ વર્ગણાની અપેક્ષાએ કંઇક વર્ગણાઓ સંખ્યેયભાગહીન કંઇક સંખ્યેયગુણહીન કંઇક અસંખ્યેયગુણહીન, ને કંઇક વર્ગણાઓ અનંતગુણહીન હોય છે.

સંખ્યેયગુણહાનિને વિષે પુનઃ અસંખ્યેયભાગહાનિ, ને સંખ્યેયભાગહાનિ સિવાયની ૩ હાનિઓ સંભવે છે. તે આ પ્રમાણે- સંખ્યેયગુણહાનિગત પ્રથમાંતિમવર્ગણાને અપાંતરાલે પ્રથમ વર્ગણાની અપેક્ષાએ કંઇક વર્ગણાઓ સંખ્યેયગુણહીન, કંઇક અસંખ્યેયગુણહીન ને કંઇક અનંતગુણહીન હોય છે.[1]

એ રીતે [2]બે પ્રકારે પરંપરોપનિધાપ્રરૂપણા કરીને હવે પાંચ હાનિમાં વર્ગણાઓનું અલ્પબહુત્વ કહેવાય છે.

ત્યાં અસંખ્યભાગહાનિને વિષે વર્ગણાઓ અલ્પ છે, તેથી સંખ્યેયભાગહાનિને વિષે અનંતગુણવર્ગણાઓ છે, તેથી સંખ્યેય ગુણહાનિને વિષે અનંતગુણવર્ગણાઓ છે, તેથી અસંખ્યેયગુણહાનિને વિષે અનંતગુણવર્ગણાઓ છે, તેથી અનંતગુણહાનિને વિષે અનંત ગુણવર્ગણાઓ છે.

તથા અનંતગુણહાનિમાં પુદ્ગલો સર્વથી [3]અલ્પ છે, તેથી

---

૧ શેષ ૪ હાનિઓમાં અંતર્ગતહાનિઓ ઉપરોક્ત રીતીને અનુસારે વિચારવી.

૨ મૂળ હાનિપંચક અને ઉત્તર હાનિપંચક એ બે પ્રકારે.

૩ અનંતગુણહાનિમાં અનંતગુણ જેવા મોટા મોટા ભાગ તુટવાથી અહિં "અનંતગુણ" માં "ગુણ" શબ્દથી અનંત પુદ્ગલરાશિ પ્રમાણ એક ભાગ તેવા અનંત ભાગ સમજવા. પરંતુ ગુણ શબ્દથી ગુણાકાર જેવડો ભાગ ન જાણવો. પુનઃ અનંતગુણરૂપ ભાગ તે સર્વ ભાગ કરતાં બૃહત્ પ્રમાણવાળોજ હોય છે. તથા સર્વત્ર જ્યાં જ્યાં હાનિનો પ્રસંગ આવે ત્યાં ત્યાં ગુણ શબ્દથી ભાગ પ્રમાણજ જાણવું. પરંતુ ગુણાકાર રૂપ નહીં. તથા જ્યાં વૃદ્ધિનો પ્રસંગ આવે ત્યાંજ ગુણ શબ્દથી ગુણાકાર જાણવો, એ સમયપરિભાષાનો વિસ્તાર લોકપ્રકાશથી જાણવો.

અસંખ્યેયગુણહાનિમાં પુદ્ગલો [1]અનંતગુણ છે, તેથી સંખ્યેયગુણહાનિમાં પુદ્ગલો અનંતગુણ છે, તેથી સંખ્યેયભાગહાનિમાં પુદ્ગલો અનંતગુણ છે. ને તેથી અસંખ્યેયભાગહાનિમાં પુદ્ગલો અનંતગુણ છે. ( એ પ્રમાણે સ્નેહપ્રત્યયસ્પર્ધક સવિસ્તરપણે કહ્યું )

इति स्नेहप्रत्ययस्पर्धक प्ररुपणा

હવે नामप्रत्यय ને प्रयोगप्रत्ययस्पर्द्धक પ્રરૂપણા કરવાની ઇચ્છાવાળા આચાર્યશ્રી આ પ્રમાણે કહે છે.

## મૂળગાથા ૨૩ મી.

नामप्पओगपच्चयगेसुवि नेया अनंतगुणणाए ॥
धणिया देसगुणा सिं—जहन्न जेट्ठे सगे कट्टु ॥२३॥

ગાથાર્થ:—આ સ્નેહપ્રત્યય, નામપ્રત્યય અને પ્રયોગ[illegible] સ્પર્ધકને વિષે આપ આપણી જઘન્ય અને ઉત્કૃષ્ટ[illegible] પૃથક્ પૃથક્ સ્થાપીને તેને વિષે સંગ્રહિત કરેલા સર્વ[illegible] સ્નેહાવિભાગો અનંતગુણ અનંતગુણપણે અનુક્રમે [illegible] કહેવા.

ટીકાર્થ:—અત્રે नामप्रत्ययस्पर्द्धक પ્રરૂપણા[illegible] યોગદ્વાર છે. તે આ પ્રમાણે—

૧ અવિભાગ પ્રરૂપણા. ૨ વર્ગ[illegible]

૩ સ્પર્ધક પ્રરૂપણા. ૪ [illegible]

૫ વર્ગણાપુદ્ગલસ્નેહાવિભાગ સકલસમુદાય પ્રરૂપણા. ૬ [illegible]

---

૧ અનંત પુદ્ગલ રાશિથી અસંખ્યે[illegible] હાનિ અલ્પ હોય તેથી પુદ્ગલો અધિક [illegible]

ત્યાં પ્રથમ અવિભાગપ્રરૂપણા કહેવાય છે.

ઔદારિકાદિ પાંચ શરીરપ્રાયોગ્ય પરમાણુઓનો જે રસ તેને શ્રી સર્વજ્ઞની બુદ્ધિરૂપ શસ્ત્ર વડે છેદીએ, અને છેદી છેદીને નિર્વિભાગ ભાગો કરીએ. તે નિર્વિભાગ ભાગો ગુણપરમાણુ અથવા ભાવપરમાણુ પણ કહેવાય. એ અવિભાગપ્રરૂપણા કહી. ( इति अविभागप्ररूपणा)

ત્યાં એક સ્નેહાવિભાગયુક્ત પુદ્ગલો શરીરને યોગ્ય હોતા નથી.[1] અર્થાત્ ઔદારિકૌદારિકબન્ધનાદિ ૧૫ બંધનમાંથી કોઈ પણ બંધનને વિષયીભૂત થતા નથી એ ભાવાર્થ છે. તથા બે સ્નેહાવિભાગયુક્ત પણ નહિ, ત્રણ સ્નેહાવિભાગયુક્ત પણ નહિ, યાવત્ સંખ્યેયસ્નેહાવિભાગયુક્ત નહિ, અસંખ્યેયસ્નેહાવિભાગયુક્ત નહિ, તેમજ યાવત્ અનંત સ્નેહાવિભાગયુક્ત પુદ્ગલો પણ કોઇ બન્ધનને વિષયીભૂત થતાં નથી. પરંતુ સર્વજીવથી અનંતગુણ પ્રમાણ અનંતાનંત સ્નેહાવિભાગયુકત પુદ્ગલો બન્ધનને વિષયીભૂત થાય છે. માટે અનંતાનંત[2] સ્નેહાવિભાગયુકત પુદ્ગલોના સમુદાયરૂપ ( નામ પ્રત્યય સ્પર્ધકની) સર્વજઘન્ય પ્રથમ[3] વર્ગણા છે. ( इति वर्गणाप्ररूपणा )

---

૧ ઔદારિકાદિ ૫ શરીરમાંના કોઇપણ શરીરપણે પરિણમતા નથી.

૨ તાત્પર્ય એ છે કે સર્વ જીવથી અનંતગુણ સ્નેહાવિભાગયુકત પરમાણુ (સ્વરૂપતઃ પ્રદેશ વ્યપદેશભાક્, પરંતુ સ્કંધાતિરિક્ત કેવલ પરમાણુ નહિ) દેહપણે પરિણમવા યોગ્ય છે. અથવા દેહપણે પરિણમતા પુદ્ગલસ્કંધોના પ્રત્યેક પ્રદેશમાં જઘન્યથી જઘન્ય પણ સર્વ જીવથી અનંતગુણ સ્નેહાવિભાગ અવશ્ય હોય છે. એ જઘન્યસ્નેહાવિભાગયુક્ત જેટલા પરમાણુઓ છે સર્વનો સમુદાય તે પ્રથમ વર્ગણા ( આ પ્રરૂપણામાં પરમાણુ અથવા પુદ્ગલ એવા શબ્દોથી સર્વત્ર તત્પ્રાયોગ્ય સ્કંધાંતરવર્તિ પ્રદેશ જાણવા, પરંતુ છુટા પરમાણુ અથવા દ્વયણુકાદિસ્કંધ ન જાણવા. એ વાત અવિસ્મરણાર્થે પુનઃ કહી છે. )

૩ પંચસંગ્રહમાં ઔદારિકૌદારિકબન્ધનયોગ્ય પ્રથમવર્ગણા કહી છે

તેથી એક સ્નેહાવિભાગાધિક પુદ્ગલનો સમુદાય તે બીજી વર્ગણા, તેથી બે સ્નેહાવિભાગાધિક પુદ્ગલોનો સમુદાય તે ત્રીજી વર્ગણા. એ રીતે નિરંતર એકેક સ્નેહાવિભાગાધિક વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી અભવ્યથી અનંતગુણ અથવા સર્વ સિદ્ધથી અનંતમા ભાગ જેટલી વર્ગણાઓ થાય. એ અનંત વર્ગણાઓનો સમુદાય તે એક સ્પર્ધક.

તેથી એક સ્નેહાવિભાગાધિક પરમાણુઓ પ્રાપ્યમાણ નથી. તથા બે, ત્રણ, સંખ્યેય, અસંખ્યેય, ને યાવત્ અનંત સ્નેહાવિભાગાધિક પરમાણુઓ પણ (પ્રાપ્યમાણ) નથી. પરંતુ સર્વજીવથી અનંત ગુણસ્નેહાવિભાગાધિક પરમાણુઓ (પ્રાપ્યમાણ) છે. તેથી તેવા પરમાણુઓનો સમુદાય તે દ્વિતીય સ્પર્ધકની પ્રથમવર્ગણા. જો એમ પૂછતા હો, કે તે વર્ગણામાં સ્નેહાવિભાગ કેટલા છે? તો કહીએ છીએ કે પ્રથમ સ્પર્ધકગત પ્રથમ વર્ગણામાં જેટલા સ્નેહાવિભાગ છે તેટલા (તેથી) બમણા સ્નેહાવિભાગ દ્વિતીય સ્પર્ધકની પ્રથમ વર્ગણાને વિષે છે. તેથી એક સ્નેહાવિભાગાધિક પરમાણુઓના સમુદાયરૂપ બીજી વર્ગણા, તેથી બે સ્નેહાવિભાગાધિક પરમાણુઓના સમુદાયરૂપ ત્રીજી વર્ગણા, એ રીતે નિરંતર એકેક સ્નેહાવિભાગની વૃદ્ધિપૂર્વક વર્ગણાઓ અભવ્યથી અનંતગુણ અથવા સર્વ સિદ્ધથી અનંતમાભાગ જેટલી થાય ત્યાં સુધી કહેવી. આ અનંતવર્ગણાઓનો સમુદાય તે બીજું સ્પર્ધક.

ત્યાંથી પુનઃ પણ આગળ એક સ્નેહાવિભાગાધિક પરમાણુઓ નથી. તથા બે, ત્રણ, સંખ્યાત, અસંખ્યાત, યાવત્ અનંત સ્નેહાવિભાગાધિક પરમાણુઓ પણ નથી. પરંતુ સર્વજીવથી અનંતગુણ અનંતાનંત સ્નેહાવિભાગાધિક પરમાણુઓ હોય છે. તેથી તેનો સમુદાય તે ત્રીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા. આ વર્ગણામાં સ્નેહાવિભાગ કેટલા હોય? તે કહીએ છીએ કે પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણાગત સ્નેહાવિભાગોથી ત્રિગુણા સ્નેહાવિભાગ છે. તથી એક સ્નેહાવિ-

ભાગાધિક પરમાણુના સમુદાયરૂપ બીજી વર્ગણા. બે સ્નેહાવિભાગાધિક પરમાણુના સમુદાયરૂપ ત્રીજી વર્ગણા, એ રીતે નિરંતર સ્નેહાવિભાગ વૃદ્ધિપૂર્વક અભવ્યથી અનંતગુણ અથવા સર્વ અનંતમાભાગ સુધી અનંતવર્ગણાઓ કહેવી. એ વર્ગણા સમુદાય તે ત્રીજું સ્પર્ધક.

ત્યાંથી પુનઃ પણ આગળ એક સ્નેહાવિભાગાધિક પુદ્ગલો નથી. તેમજ બે, ત્રણ, સંખ્યેય, અસંખ્યેય, યાવત અનંતસ્નેહાવિભાગાધિક પુદ્ગલો પણ નથી, પરંતુ સર્વ જીવથી અનંતગુણ પ્રમાણ અનંતાનંત સ્નેહાવિભાગાધિક પરમાણુઓ હોય છે. તેથી તેનો સમુદાય તે ચતુર્થ સ્પર્ધકની પ્રથમ વર્ગણા, આ વર્ગણામાં પ્રથમ સ્પર્ધકગત પ્રથમ વર્ગણાના સ્નેહાવિભાગોથી ચારગુણા સ્નેહાવિભાગો છે. એ પ્રમાણે જેટલામું સ્પર્ધક ચિંતવવું હોય, યથા પાંચમું, દશમું, વીસમું, હજારમું, લાખમું તેટલી સંખ્યાથી પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણાના સ્નેહાવિભાગોને ગુણીએ, તેટલી તેટલી સંખ્યાના સ્નેહાવિભાગો તે તે સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં હોય એમ જાણવું.[1]

તે સ્પર્ધકો કેટલા થાય? તો કહીએ છીએ કે અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધથી અનંતમાભાગપ્રમાણ. (इति स्पर्धकप्ररूपणा)

પુનઃ અંતર કેટલાં થાય? તો કહીએ છીએ કે એકહીન સ્પર્ધક પ્રમાણ. તે આ પ્રમાણે–ચારમાં ત્રણજ[2] અંતર હોય પણ ન્યૂનાધિક નહિ, તેમ અત્રે પણ વિચારવું.

---

૧ યથા પ્રથમ સ્પર્ધકગત પ્રથમ વર્ગણામાં ૧૦૦ સ્નેહાવિભાગ તો પાંચમા સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં ૫૦૦, દસમા સ્પર્ધકની વર્ગણામાં ૧૦૦૦, વીસમા સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં ૨૦૦૦, હજારમા સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં ૧,૦૦,૦૦૦, ને લાખમા સ્પર્ધકની વર્ગણામાં ૧,૦૦,૦૦,૦૦૦.

૨ યથા ચાર ભીંતિના ત્રણ અંતરભાગ=ગર્ભભાગ હોય તેમ.

તથા વર્ગણાઓને વિષે અનંતરવૃદ્ધિ બે છે–પ્રથમ એકેકાવિભાગ વૃદ્ધિ, અને બીજી અનંતાનંતાવિભાગવૃદ્ધિ. ત્યાં સ્પર્ધકગત વર્ગણાઓમાં અનુક્રમે એકેકાવિભાગવૃદ્ધિ છે, ને પૂર્વસ્પર્ધકગત અંતિમ વર્ગણાની અપેક્ષાએ ઉત્તર સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં અનંતાનંતાવિભાગવૃદ્ધિ છે. પુનઃ પરંપર વૃદ્ધિ તો પ્રથમસ્પર્ધગત પ્રથમ વર્ગણાની અપેક્ષાએ છએ પ્રકારની જાણવી, તે આ પ્રમાણે[1] અનંતભાગવૃદ્ધિ–અસંખ્યેયભાગવૃદ્ધિ—સંખ્યેયભાગવૃદ્ધિ—સંખ્યેયગુણવૃદ્ધિ–અસંખ્યેયગુણવૃદ્ધિ–ને અનંતગુણવૃદ્ધિ. એ પ્રમાણે વર્ગણાપ્ર૦–સ્પર્ધકપ્ર૦–ને અન્તરપ્રરૂપણા કરી. (इति अन्तर प्ररूपणा)

હવે વર્ગણાગત પુદ્ગલસ્નેહાવિભાગસમુદાય પ્રરૂપણા કરાય છે, ત્યાં પ્રથમશરીરસ્થાનની પ્રથમવર્ગણાને વિષે સ્નેહાવિભાગો અલ્પ છે, તેથી બીજા શરીરસ્થાનની પ્રથમ વર્ગણાને વિષે [2]અનંતગુણસ્નેહાવિભાગ છે, તેથી ત્રીજા શરીરસ્થાનની પ્રથમવર્ગણાને વિષે અનંતગુણસ્નેહાવિભાગ છે. એ પ્રમાણે ઉત્તરોત્તર અનુક્રમે સર્વ શરીરસ્થાનોની પ્રથમ વર્ગણામાં અનંતગુણપણું કહેવું. શરીરસ્થાનો વક્ષ્યમાણ ( આગળ કહેવાશે તેટલા ) [3]સ્પર્ધક પ્રમાણયુક્ત જાણવાં.

હવે તે તે બંધનને યોગ્ય એવા શરીર પરમાણુઓનું અલ્પબહુત્વ કહેવાય છે. ત્યાં ઔદારિકૌદારિક બંધનયોગ્ય પુદ્ગલો અલ્પ છે. તેથી ઔદારિકતૈજસબંધનયોગ્ય અનંતગુણા, તેથી ઔદારિક

૧ અહિં પ્રત્યેક વૃદ્ધિ અનંતવર્ગણાઓ સુધી થાય છે.

૨ પ્રથમસ્થાનની પ્રથમવર્ગણા તથા બીજાસ્થાનની પ્રથમવર્ગણા એ બેના. આંતરામાં સર્વજીવાનંતગુણસ્નેહાવિભાગયુક્ત અન્તરસ્થાન પ્રાપ્ત હોવાથી.

૩ પ્રથમ રસસ્થાન અભવ્યાનંતગુણ સ્પર્ધકયુક્ત છે, તેથી દ્વિતીયાદિ રસસ્થાનો ષટ્ સ્થાનકની પરિપાટીએ અનંતભાગાધિકાદિસ્પર્ધકયુક્ત છે. જે આગળ કહેવામાં આવશે.

કાર્મણબંધનયોગ્ય અનંતગુણ, તેથી ઔદારિકતૈજસબંધન [illegible] યોગ્ય પુદ્ગલો અનંતગુણ, [illegible] [illegible] [illegible] સર્વથી અલ્પ છે, તેથી [illegible] પુદ્ગલો અનંતગુણ છે, તેથી વૈક્રિયકાર્મણબંધન યોગ્ય પુદ્ગલો અનંતગુણ છે, [illegible] આહારકબંધનયોગ્ય પુદ્ગલો [illegible] ( [illegible] [illegible] ) અધિક છે, તેથી આહારકતૈજસબંધન યોગ્ય અનંતગુણ, તેથી આહારકકાર્મણબંધનયોગ્ય અનંતગુણ, તેથી [illegible] તૈજસકાર્મણબંધનયોગ્ય પુદ્ગલો અનંતગુણ, તેથી [illegible] યોગ્ય પુદ્ગલો અનંતગુણ, તે [illegible] [illegible] [illegible] પુદ્ગલો અનંતગુણ છે.

હવે સ્થાનપ્રરૂપણાનો અવસર છે તેથી સ્થાનપ્રરૂપણા કહેવાય છે.

ત્યાં [1]પ્રથમ સ્પર્ધકથી માંડીને અનુક્રમે અનંતગુણ અ-થવા સિદ્ધથી અનંતભાગ પ્રમાણ અને સ્પર્ધકે એક પ્રથમ શરીર [2]પ્રયોગસ્થાન થાય છે, તેથી અનંતભાગાધિક તેટલાંજ સ્પર્ધકવડે શરીરપ્રયોગનું દ્વિતીયસ્થાન થાય છે. પુનઃ અનંતભાગાધિક તેટલાંજ સ્પર્ધકવડે તૃતીયશરીરપ્રયોગસ્થાન થાય છે. એ રીતે નિરંતર પૂર્વપૂર્વસ્થાનથી ઉત્તરોત્તર અનંતભાગવૃદ્ધિયુક્ત શરીરસ્થાનો [3]અંગુલના અસંખ્યાતભાગ પ્રમાણ કહેવાં, એ સ્થાનોનો સમુદાય તે એક [4]કંડક કહેવાય છે.

---

૧ પૂર્વોક્ત સ્નેહસંબંધી નામપ્રત્યયાત્મક સ્પર્ધકોના પ્રથમસ્પર્ધક

૨ સર્વજઘન્ય સ્નેહયુક્ત એકજ દેશમાં જે પુદ્ગલો છે તે સર્વ એક સરખો સ્નેહ નથી. પરંતુ ભિન્ન ભિન્ન પ્રકારનો સ્નેહ છે, [illegible] પણ અનંત પ્રકારની છે ને તે અનંત પ્રકારના ભિન્નતાવાળા સ્નેહ-ભાગયુક્ત પુદ્ગલોના સમુદાયરૂપ એક દેહસ્થાન કહેવાય [illegible]

૩ અંગુલમાત્ર ક્ષેત્રના અસંખ્યાતમાભાગમાં રહેલા આકાશ [illegible] તેટલા પ્રમાણનાં.

૪ કંડક એ અંગુલના અસંખ્યાતમાભાગ પ્રમાણ અસંખ્યા[illegible] સંજ્ઞાશબ્દ જૈનપરિભાષાએ જાણવો જે આગળ કહેવાશે.

આ કંડકથી ઉપરનું જે શરીરસ્થાન, તે પ્રથમ કંડકગત અંતિમ શરીરસ્થાનની અપેક્ષાએ અસંખ્યેયભાગવૃદ્ધિવાળું છે. તેથી આગળનાં બીજાં અંગુલના અસંખ્યાતમાભાગપ્રમાણનાં શરીર સ્થાનો તે સર્વ અનુક્રમે અનંતભાગાધિક જાણવાં. ( સ્નેહસ્પર્ધકની અપેક્ષાએ અનંતભાગ અધિક જાણવાં ). આ અસંખ્યસ્પર્ધકનો સમુદાય તે દ્વિતિયકંડક.

તે દ્વિતીયકંડકથી ઉપર જે અન્ય શરીરસ્થાન તે પુનઃ દ્વિતીય કંડકગત અંતિમસ્થાનની અપેક્ષાએ અસંખ્યેયભાગ અધિક છે. ત્યાંથી પુનઃ પણ આગળનાં અંગુલના અસંખ્યાતમાભાગપ્રમાણ અન્ય શરીરસ્થાનો તે સર્વ અનુક્રમે અનંતભાગ અધિક જાણવાં, આ સર્વ સ્થાનોનો સમુદાય તે તૃતીયકંડક.

તેથી આગળ પુનઃ પણ એક શરીરસ્થાન અસંખ્યેભાગાધિકને તેથી આગળ પુનઃ કંડક પ્રમાણ શરીરસ્થાનો અનંતભાગાધિક જાણવાં. એ પ્રમાણે અસંખ્યભાગાધિક એકેક દેહસ્થાને કરીને અંતરિત અનંત ભાગાધિક કંડકો ત્યાં સુધી કહેવાં કે જ્યાં સુધી અંતરાંતરવર્તિ અસંખ્યેયભાગાધિક દેહસ્થાનો પણ એક કંડક પ્રમાણ થાય.

અંગુલ માત્ર ક્ષેત્રના અસંખ્યાતમાભાગવર્તિ અસંખ્ય આકાશ પ્રદેશાત્મક રાશિપ્રમાણરૂપ જે સંખ્યા, તે સિદ્ધાંતસંજ્ઞાએ [1]કંડક કહેવાય છે.

ત્યાંથી આગળ કંડક માત્ર શરીરસ્થાનો અનુક્રમે અનંતભાગાધિક કહેવાં, તેથી આગળ એક સંખ્યેયભાગાધિક સ્થાન કહેવું, ત્યાંથી આગળ મૂળથી આરંભીને જેટલાં સ્થાન પૂર્વે અતિક્રમ્યાં છે ( કહી ગયા છીએ ) તેટલાં સ્થાન તેવીજ રીતે કહીને પુનઃ પણ એક સંખ્યેયભાગાધિક સ્થાન કહેવું. એ પ્રમાણે [2]વક્ષ્યમાણક્રમપૂર્વક છ

1 કંડક સંખ્યા સર્વત્ર નિયમિત સંખ્યાદર્શક નથી. અધિકાર વિશેષથી હીનાધિક સંખ્યા પણ હોય છે.

2 અનંતભાગ ઇત્યાદિ.

સ્થાનવૃદ્ધિએ શરીરસ્થાનો ત્યાં સુધી કહેવાં કે જ્યાં સુધી [૧]અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ થાય.

ઇતિ સ્થાનપ્રરૂપણાસહ નામપ્રત્યયસ્પર્ધકપ્રરૂપણાપિ.

॥ अथ प्रयोग प्रत्यय स्पर्द्धक प्ररुपणा ॥

પ્રયોગ એટલે યોગ તેના સ્થાનનીવૃદ્ધિ વડે ( અર્થાત યોગ સ્થાનની વૃદ્ધિવડે ) [૨]કેવલ યોગ પ્રત્યયથીજ બંધાતા એવા [૩]કર્મ પરમાણુને વિષે જે રસ સ્પર્ધકની રીતીએ વૃદ્ધિ પામે છે તે પ્રયોગ પ્રત્યય સ્પર્ધક કહેવાય છે. કહ્યું છે કે—

होइ पओगो जोगो, तट्ठाणविवड्ढणाए जोउरसो ॥
परिवड्ढेईजीवे, पओगफड्डुं तयं वेंति ॥ १ ॥

( ઉકતાર્થા )

તે પ્રયોગપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા ૫ અનુયોગદ્વારવડે થાય છે, તે ૫ અનુયોગ આ પ્રમાણે—૧ અવિભાગ પ્રરૂપણા—૨ વર્ગણા પ્રરૂપણા—૩ સ્પર્ધક પ્રરૂપણા—૪ અન્તર પ્રરૂપણા—અને ૫ સ્થાન પ્રરૂપણા. એ પાંચે અનુયોગદ્વાર જે રીતે નામ પ્રત્યય સ્પર્ધકને વિષે પૂર્વે કહ્યાં છે તે રીતે અત્રે પણ જાણવાં.

તથા અત્રે પ્રથમસ્થાનગત પ્રથમવર્ગણામાં સર્વ પુદ્ગલ ...ગ અલ્પ છે, તેથી દ્વિતી... ગત પ્રથમવર્ગણામાં ... થી પણ તૃતિ... પ્રથમવર્ગણામાં ... તિમ સ્થાન ... વ. તથા વળી ... રીતે અ. ... કે—

અસ્

अविभाग वग्ग फड्डग, अंतरठाणइएत्थजहपुव्विं ॥
ठाणाई वग्गणाओ, अणंतगुणणाए गच्छंति ॥ १ ॥

અર્થઃ—આ પ્રયોગ પ્રત્યય સ્પર્ધકમાં અવિભાગપ્ર૦–વર્ગણા પ્ર૦–સ્પર્ધકપ્ર૦–અંતરપ્ર૦–સ્થાનાદિપ્ર૦ પૂર્વે કહી તેમ જાણવી. અને પ્રત્યેક પ્રયોગપ્રત્યયસ્થાનની પ્રથમ વર્ગણાઓ અનંતગુણ અનંતગુણ વૃદ્ધિ પામે છે. અહિં ठाणाइ એ પ્રથમ શબ્દમાં આદિપદથી કંડકાદિનું ગ્રહણ કરવું.

હવે સમુદાયપણે ત્રણે સ્પર્ધકમાં અલ્પ બહુત્વ કહેવાય છે. સ્નેહ પ્રત્યય સ્પર્ધકની જઘન્ય વર્ગણાને વિષે સકલ પુદ્ગલગત સ્નેહાવિભાગ સર્વથી અલ્પ છે, તેથી તેજ સ્નેહપ્રત્યયસ્પર્ધકની ઉત્કૃષ્ટ વર્ગણામાં અનંતગુણ રસાવિભાગ છે, તેથી નામ પ્રત્યય સ્પર્ધકની જઘન્ય વર્ગણામાં અનંતગુણ સ્નેહાવિભાગ છે, તેથી તેજ નામપ્રત્ય સ્પર્ધકની ઉત્કૃષ્ટ વર્ગણામાં અનંતગુણ સ્નેહાવિભાગ છે, તેથી પણ પ્રયોગ પ્રત્યય સ્પર્ધકની જઘન્ય વર્ગણામાં અનંતગુણ સ્નેહાવિભાગ છે, તેથી પણ તેજ પ્રયોગપ્રત્યયસ્પર્ધકની ઉત્કૃષ્ટ વર્ગણામાં અનંતગુણ સ્નેહાવિભાગ છે કહ્યું છે કે—

तिन्हंपि फड्डगाणं, जहन्नउक्कोसगाकमाठविउं
णेयाणंतगुणाओ, उ वग्गणाणेहफड्डाओ ॥ १ ॥

અર્થઃ—ત્રણે સ્પર્ધકની જઘન્ય તથા ઉત્કૃષ્ટ વર્ગણાઓને અનુક્રમે સ્થાપીને તે વર્ગણાઓ સ્નેહ પ્રત્યય સ્પર્ધકથી અનંતગુણ જાણવી[1].

હવે ગાથાર્થ કહેવાય છે. નામપ્રત્યય ને પ્રયોગપ્રત્યય સ્પર્ધકને વિષે પણ અવિભાગવર્ગણાદિ અનુયોગ પૂર્વવત્ જાણવા તે આ પ્રમાણે—સ્નેહપ્રત્યયસ્પર્ધકવત્ અત્રે પણ એકેક સ્નેહાવિ-

૧ આ ત્રણ સ્પર્ધકમાં અલ્પબહુત્વ કેવી રીતે ઘટી શકે છે તે શ્રી બહુશ્રુતથી જાણવું.

ભાગધિક પરમાણુ વર્ગણાઓ અનંત જાણવી. તથા અલ્પ સ્નેહયુક્ત પુદ્ગલો અલ્પ અલ્પતર જાણવા. પુનઃ જે असंखलोगे दुगुणहीणा એ ભાવનો અસંભવ હોવાથી અત્રે તેનો સંબંધ ન લેવો.[1] સ્નેહ પ્રત્યય સ્પર્ધકમાં પણ તે યથાસંભવ અલ્પકાળ સુધીજ કહેલ છે. પરંતુ સર્વત્ર કહેલ નથી.[2] તથા સિં ઇતિ=એ ત્રણે સ્પર્ધકોની પ્રત્યેકની આપ આપણી જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ગણાને બુદ્ધિવડે ભિન્ન ભિન્ન સ્થાપીને અનુક્રમે તે વર્ગણાઓને વિષે ઘણિયા દેસગુણ દેશગુણા=નિર્વિભાગ ભાગરૂપ જે સકલ પુદ્ગલત સ્નેહાવિભાગો તેને ઘણિયા=સંગ્રહિત કરતાં–સમુદાયરૂપે એકઠા કરતાં તે અવિભાગો છે એ વર્ગણામાં અનુક્રમે અનંતગુણ અનંતગુણપણે જાણવા. એ પ્રમાણે પુદ્ગલોને પરસ્પર સંબંધ કરવામાં હેતુભૂત સ્નેહની પ્રરૂપણા કરી. ( इति स्नेह स्पर्धकत्रय प्ररुपणा )

## ॥ अथ स्नेहस्पर्द्धकत्रिकनी संक्षेप विगत ॥

સ્પર્ધક સંખ્યા—૧
વર્ગણા પ્રારંભ—૧ સ્નેહાવિભાગથી
સર્વ વર્ગણા—અનંત

અનંતરોપનિધા—નંબરવાર સ્થાપન કરેલી વર્ગણાઓ પૂર્વ વર્ગણાની અપેક્ષાએ પર વર્ગણામાં પરમાણુઓનું હીનાધિકપણું કહેવું તે અનંતરોપનિધા આ પ્રમાણે—

સ્ને૦ પ્ર૦ સ્પ૦ ની પ્રથમની અનંત વર્ગણાઓ–અસંખ્યેયભાગ

---

૧ સ્નેહ પ્રત્યય સ્પર્ધકના અંતિમ વિભાગથીજ પુદ્ગલોમાં અનંત હાનિનો પ્રારંભ થયેલો છે તેજ અનંતગુણ હાનિ અત્રે પણ ચાલુ હો શેષ હાનિના અભાવે દ્વિગુણ હાનિનો સંભવ પ્રયોગ પ્રત્યય સ્પર્ધકમાં સંભવે ? માત્ર અનંતગુણહાનિ સંભવે. ઇતિહેતુઃ ( ચં. ન

૨ સ્નેહ પ્રત્યય સ્પર્ધકમાં પણ જે દ્વિગુણહાનિ તે અસંખ્યેય હાનિરૂપ પ્રથમ વિભાગ સુધીજ કહી છે, પરંતુ તેથી આગળ સંખ્યેય હાનિ ઇત્યાદિ ૪ હાનિરૂપ ૪ વિભાગમાં દ્વિગુણહાનિ કહી નથી. ઇતિ તા

| | | | |
|---|---|---|---|
| સ્નેo પ્રo સ્પo ની | પ્રથમની અનંત | વર્ગણાઓ– | સંખ્યેયભાગહીન |
| ,, | તદનંતર | ,, | સંખ્યેયગુણહીન |
| ,, | તદનંતર | ,, | અસંખ્યેયગુણહીન |
| ,, | તદનંતર | ,, | અનંતગુણહીન |

એ પ્રમાણે સ્નેહપ્રત્યયસ્પર્ધકની અનંતવર્ગણાઓ ૫ વિભાગમાં વહેંચાયલી છે.

૧ અસંખ્યેયભાગહીનવિભાગ.
૨ સંખ્યેયભાગહીનવિભાગ.
૩ સંખ્યેયગુણહીનવિભાગ.
૪ અસંખ્યેયગુણહીનવિભાગ.
૫ અનંતગુણહીનવિભાગ.

એ ૫ વિભાગમાં પરંપરોપનિધા કહેવાય છે.

પરંપરોપનિધા=પૂર્વ વર્ગણાની અપેક્ષાએ વચમાં કંઇક વર્ગણાઓ છોડીને આગળની એક વર્ગણામાં પરમાણુઓ સંબંધી જે હીનાધિકપણું કહેવું તે પરંપરોપનિધા. તે આ પ્રમાણે—

| | | |
|---|---|---|
| અસંખ્યેયભાગહાનિ વિભાગમાં— | અસંખ્યલોકાતિક્રમે— | દ્વિગુણહીન |
| સંખ્યેયભાગહાનિ વિભાગમાં | ,, | ,, |

| | |
|---|---|
| સંખ્યેયગુણહાનિ વિo<br>અસંખ્યેયગુણહાનિ વિo<br>અનંતગુણહાનિ વિo | આ ત્રણ વિભાગમાં પ્રથમથીજ ત્રિગુણાદિ હીનપણું હોવાથી દ્વિગુણ હાનિનો અભાવ છે. |

એ પૂર્વોક્ત દ્વિગુણહાનિરૂપ પરંપરોપનિધા સર્વ વિભાગમાં અપ્રાપ્ત હોવાથી હવે બીજી રીતે પરંપરોપનિધા કહેવાય છે. તે આ પ્રમાણે—

| | |
|---|---|
| અસંખ્યેયભાગહાનિ વિભાગમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ કંઇક વર્ગણાઓ. | અસંખ્યેયભાગહીન<br>સંખ્યેયભાગહીન<br>સંખ્યેયગુણહીન<br>અસંખ્યેયગુણહીન<br>અનંતગુણહીન છે. |

| | |
|---|---|
| સંખ્યેયભાગહીન વિભાગમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ કંઈક વર્ગણાઓ. | સંખ્યેયભાગહીન.<br>સંખ્યેયગુણહીન.<br>અસંખ્યેયગુણહીન.<br>અનંતગુણહીન. |
| સંખ્યેયગુણહાનિ વિભાગમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ કંઈક વર્ગણાઓ. | સંખ્યેયગુણહીન.<br>અસંખ્યેયગુણહીન.<br>અનંતગુણહીન. |
| અસંખ્યેયગુણહાનિ વિભાગમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ કંઈક વર્ગણાઓ. | અસંખ્યેયગુણહીન.<br>અનંતગુણહીન. |
| અનંતગુણહીન વિભાગમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ સર્વ વર્ગણાઓ. | [1]અનંતગુણહીન. |

### ૫ વિભાગમાં અલ્પબહુત્વ કહે છે.

| વિભાગમાં. | વર્ગણા. | પરમાણુ. |
|---|---|---|
| અસંખ્યેયભાગહાનિ— | અલ્પ ( અનંત ) | —અર્ધાધિક |
| સંખ્યેયભાગહાનિ — | અનંતગુણ | —અનંતમે |
| સંખ્યેયગુણહાનિ — | ,, | — ,, |
| અસંખ્યેયગુણહાનિ— | ,, | — ,, |
| અનંતગુણહાનિ — | ,, | — ,, |

### નામ પ્રત્યય સ્પર્ધકનો સાર.

વર્ગણા પ્રારંભ—સર્વ જીવાનંત ગુણ સ્નેહાવિભાગથી.

---

૧ અનંતગુણહાનિ વિભાગમાં અનંતરોપનિધાએ અનંતગુણ હી છે, ને પરંપરોપનિધાએ પણ અનંતગુણહીનપણું છે. તો એ બેમાં શું ? તે સંબંધી એમ સંભવે છે કે અનંતરોપનિધા વિષયિક અનંત પરંપરોપનિધા વિષયિક અનંતગુણ, ઘણું મોટું ગ્રહણ કરીને પરંપરે અવિરોધપણે કહી શકાય છે.

| | |
|---|---|
| સંખ્યેયભાગહીન વિભાગમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ કંઇક વર્ગણાઓ. | સંખ્યેયભાગહીન.<br>સંખ્યેયગુણહીન.<br>અસંખ્યેયગુણહીન.<br>અનંતગુણહીન. |
| સંખ્યેયગુણહાનિ વિભાગમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ કંઇક વર્ગણાઓ. | સંખ્યેયગુણહીન.<br>અસંખ્યેયગુણહીન.<br>અનંતગુણહીન. |
| અસંખ્યેયગુણહાનિ વિભાગમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ કંઇક વર્ગણાઓ. | અસંખ્યેયગુણહીન.<br>અનંતગુણહીન. |
| અનંતગુણહીન વિભાગમાં પ્રથમ વર્ગણાપેક્ષાએ સર્વ વર્ગણાઓ. | [1]અનંતગુણહીન. |

## ૫ વિભાગમાં અલ્પબહુત્વ કહે છે.

| વિભાગમાં. | વર્ગણા. | પરમાણુ. |
|---|---|---|
| અસંખ્યેયભાગહાનિ— | અલ્પ ( અનંત ) | —અર્વાધિક |
| સંખ્યેયભાગહાનિ — | અનંતગુણ | —અનંતમે ભ |
| સંખ્યેયગુણહાનિ — | ” | — ” |
| અસંખ્યેયગુણહાનિ— | ” | — ” |
| અનંતગુણહાનિ — | ” | — ” |

## નામ પ્રત્યય સ્પર્ધકનો સાર.

વર્ગણા પ્રારંભ—સર્વ જીવાનંત ગુણ સ્નેહાવિભાગથી.

---

૧ અનંતગુણહાનિ વિભાગમાં અનંતરોપનિધાએ અનંતગુણ હી· છે, ને પરંપરોનિધાએ પણ અનંતગુણહીનપણું છે. તો એ બેમાં શું ? તે સંબંધી એમ સંભવે છે કે અનંતરોપનિધા વિષયિક અનંતર પરંપરોપનિધા વિષયિક અનંતગુણ, ઘણું મોટું ગ્રહણ કરીને પરંપરે અવિરોધપણે કહી શકાય છે.

| | |
|---|---|
| અનંત ભાગાધિક ઠેકાણાંઓની સંખ્યા. | [illegible] |
| અસંખ્ય ભાગાધિક ,, ,, | |
| સંખ્ય ભાગાધિક ,, ,, | અસંખ્યાતી |
| સંખ્ય ગુણાધિક ,, ,, | |
| અસંખ્ય ગુણાધિક ,, ,, | |
| અનંત ગુણાધિક ,, ,, | |

સર્વ ષટ્સ્થાન વૃદ્ધિ—અસંખ્ય.

સર્વ કંડકસ્થાન—અસંખ્ય લોકાકાશપ્રદેશપ્રમાણ.

## ૧૫ બંધન યોગ્ય પુદ્ગલોનું અલ્પબહુત્વ.

૧ ઔદારિકૌદારિક બંધન યોગ્ય—સર્વાલ્પ.
૨ ઔદારિક તૈજસબંધન યોગ્ય—અનંત ગુણ.
૩ ઔદારિક કાર્મણ બંધન યોગ્ય. ,,
૪ ઔદારિક તૈજસ કાર્મણ બંધન યોગ્ય. ,,

૧ વૈક્રિય વૈક્રિય બંધન યોગ્ય. સર્વાલ્પ
૨ વૈક્રિય તૈજસ બંધન યોગ્ય. ,,
૩ વૈક્રિય કાર્મણ બંધન યોગ્ય. ,,
૪ વૈક્રિય તૈજસ કાર્મણ બંધન યોગ્ય. ,,

૧ આહારક આહારક બંધન યોગ્ય—સર્વાલ્પ.
૨ આહારક તૈજસ બંધન યોગ્ય—અનંત ગુણ.
૩ આહારક કાર્મણ બંધન યોગ્ય. ,,
૪ આહારક તૈજસ કાર્મણ બંધન યોગ્ય. ,,
૫ તૈજસ તૈજસ બંધન યોગ્ય. ,,
૬ તૈજસ કાર્મણ બંધન યોગ્ય. ,,
૭ કાર્મણ કાર્મણ બંધન યોગ્ય. ,,

પ્રકૃતિ કહેવાય છે. તથા તેમાંના કોઇક મોદકની સ્થિતિ ૧ દીવસ, કોઇકની ૨ દિવસ, ને કોઇકની યાવત્ માસાદિક સ્થિતિ હોય છે તે મોદકની સ્થિતિ કહેવાય છે. તથા તેમાંના કોઇક મોદકમાં સ્નિગ્ધ મધુરાદિરસ [2] એકસ્થાની હોય છે ને કોઇકમાં દ્વિસ્થાની ઇત્યાદિ હોય છે. તે મોદકનો રસ કહેવાય છે. તથા તેજ મોદકના કણિક્કાદિરૂપ પ્રદેશો કોઇકના એક [3] પસલી પ્રમાણ, કોઇકના બે પસલી પ્રમાણ ઇત્યાદિ હોય છે તે મોદકના પ્રદેશ કહેવાય છે. તેમ કર્મ પણ કોઇક જ્ઞાનગુણને આવરે છે, કોઇક દર્શનગુણને આવરે છે, કોઇક સુખદુઃખને ઉત્પન્ન કરે છે, ને કોઇક મોહ ઉત્પન્ન કરે છે, એવા સ્વરૂપવાળી તે કર્મની પ્રકૃતિ કહેવાય છે. તથા તે જ કર્મની કોઇકની ૩૦ કોડાકોડી ને કોઇકની ૭૦ કોડાકોડી સાગર કાળ પ્રમાણ જે સ્થિતિ તે કર્મની સ્થિતિ કહેવાય છે, તથા રસ પણ કોઇક કર્મનો એક સ્થાની, ને કોઇક કર્મનો દ્વિસ્થાની ઇત્યાદિ હોય છે, તથા પ્રદેશો કોઇક કર્મના અધિક હોય છે, અને કોઇક કર્મના અધિકતર હોય છે.

ઇતિ પ્રસંગે પ્રકૃત્યાદિચતુષ્કભાવના.

હવે પ્રકૃતિ ભેદથીજ કર્મના મૂળભેદ અથવા ઉત્તર ભેદરૂપ વિભાગ થઇ શકે છે, અન્યથા નહિ. એ પ્રમાણે નિવેદન કરીને કહે છે તે આ પ્રમાણે—

## મૂળ ગાથા ૨૪ મી.

**मूलुत्तरपगईणं, अणुभागविसेसओ हवइ भेओ**
**अविसेसियरपगइओ, पगइबंधो मुणेयव्वो ॥ २४**

---

૧ એ સ્વરૂપ આગળ કહેવાશે.

૨ કાષાયિક કર્મની અપેક્ષાએ સ્થિતિ, અનુભાગ, ને પ્રદેશનો સમુદાય તે પ્રકૃતિ—ઇત્યાદિ (આ લક્ષણ ૧૦ ગુણસ્થાન સુધીનાં કર્મમાં જ ઘટે.)

ગાથાર્થ:—મૂળ અથવા ઉત્તર પ્રકૃતિના ભેદ, અનુભાગ (સ્વભાવ) ભેદને લઇને થાય છે. પુનઃ અહિં પ્રકૃતિબંધ તે અવિવક્ષિત રસ પ્રકૃત્યાદિરૂપ જાણવો.

ટીકાર્થ:—અહિં 'પ્રકૃતિ' એ શબ્દનો 'ભેદ' એવો પણ અર્થ થાય છે. ભાષ્યમાં પણ કહ્યું છે કે अहवा पयडी भेओ इति. તેથી મૂળ અને ઉત્તર પ્રકૃતિનો એટલે મૂળ અને ઉત્તર ભેદનો ભેદ અનુભાગ વિશેષથી અર્થાત્ જ્ઞાનાવારકત્વાદિ સ્વભાવ વિશેષથી હોય છે અન્યથા નહિ. અત્રે અનુભાગ શબ્દનો 'સ્વભાવ' એવો અર્થ સમજવો. કર્મપ્રકૃતિચૂર્ણિમાં કહ્યુ છે કે अनुमागोत्तिसहावो इति. અહિં બંધનકરણના વર્ણનમાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ ને પ્રદેશબંધ એ પ્રત્યેકના ઉપર, વિસ્તારથી વિવેચન કરવાનું છે, ને પ્રત્યેક કર્મમાં પ્રકૃતિબંધાદિ ચારે ભાવ એક સાથે રહેલા છે તો પ્રત્યેકનું ભિન્ન વર્ણન કેમ થઇ શકે એવી શંકા દૂર કરવાને અર્થે પ્રકૃતિબંધને તથા ગાથામાં કહેલા उ=तु શબ્દ વડે ઉપલક્ષણથી બીજા સ્થિતિબંધાદિકને..........સ્પષ્ટ કરતાં કહે છે કે—

अविसेसियरसपगइओ=અવિશેષિત અર્થાત્ અવિવક્ષિત રસ પ્રકૃતિ એટલે રસ–સ્નેહ–અનુભાગ આ ત્રણે એકાર્થવાચક છે તે રસ, અને તેનો પ્રકૃતિ એટલે સ્વભાવ, તેની વિવક્ષારહિત તથા ઉપલક્ષણથી જેને વિષે સ્થિતિ અને પ્રદેશની પણ વિવક્ષા નહિ તે અવિવક્ષિત રસ પ્રકૃતિરૂપ પ્રકૃતિબંધ જાણવો. પુનઃ तु શબ્દ અધિકાર્થસૂચક હોવાથી અવિવક્ષિત રસપ્રકૃતિપ્રદેશરૂપ સ્થિતિબંધ જાણવો તથા અવિવક્ષિત પ્રકૃતિ સ્થિતિ પ્રદેશરૂપ રસબંધ જાણવો. અને અવિવક્ષિત પ્રકૃતિ સ્થિતિ રસરૂપ પ્રદેશબંધ જાણવો.

તથા પ્રકૃતિબંધના અધિકારે જેટલી પ્રકૃતિઓ બંધાય છે તથા પ્રકૃતિ બંધના સ્વામિ, એ સર્વ શતક નામના ગ્રંથથી જાણવું પ્રકૃતિબંધ ને પ્રદેશબંધ, યોગથી હોય છે. કે- जोगा पयडिपएसं ઇતિ. ત્યાં પ્રકૃતિબંધ કહ્યો.[1] ને હવે પ્રદેશબંધ કહેવાનો અવસર પ્રાપ્ત થયો છે તે કહેવાય છે. ત્યાં આઠે કર્મનો સમકાલે બંધ કરનાર જીવે વિચિત્ર[2] ગર્ભ એવા એકજ અધ્યવસાયવડે જે દલિક ગ્રહણ કરે તેના આઠ ભાગ થાય છે, સાત કર્મ બાંધનાર જીવને સાત ભાગ, છ કર્મ બાંધનાર જીવને ભાગ, ને એક કર્મ બાંધનાર જીવને એકજ ભાગ થાય છે.

હવે એકાધ્યવસાયે ગ્રહણ કરેલા કર્મના અનંતરે કહેલી બંધાતી ઉત્તર પ્રકૃતિમાં કેવી રીતે વહેંચાય તે દર્શાવે છે.

---

વક્ષા, રસબંધના વર્ણનમાં શેષ પ્રકૃત્યાદિ ૩ અંગની અવિવક્ષા, ને પ્રદેશબંધના વર્ણનમાં શેષ પ્રકૃતિ, રસરૂપ ૩ અંગની અવિવક્ષા જાણવી. એ પ્રમાણે એક પ્રકૃતિના ૪ અંગમાંથી કોઇ પણ એક અંગનું કથન ચાલતું હોય તે અવસરે શેષ ૩ અંગના અવિવક્ષા અથવા ઉપેક્ષા જાણવી. ઇતિભાવઃ

૧ શતકાનુસારે જાણવાની ભલામણરૂપ કહ્યો.

૨ એક સરખા સ્વરૂપવાળા એકજ અધ્યવસાયમાં વિચિત્રતા કેમ સંભવે ? એ પ્રશ્નના ઉત્તરમાં જાણવાનું કે અધ્યવસાય જો કે એક છે. ને એક સ્વરૂપવાળો છે પરંતુ તેનાથી ગ્રહણ થતાં પુદ્ગલો કંઇક જ્ઞાનાવરણ પણે પરિણમવાયોગ્ય છે, તેમ કંઇક દર્શનાવરણપણે પરિણમવાયોગ્ય છે. એ પ્રમાણે વધુમાં વધુ ૮ પ્રકૃતિરૂપે પરિણમે છે. એટલે એકાધ્યવસાયગૃહિતદલિકમાં જુદા જુદા ૮ સ્વભાવ ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે એકજ કારણથી કાર્યમાં અનેક વિચિત્રતા ઉત્પન્ન થાય છે તે કારણ પણ વિચિત્રતા ગર્ભ કહેવાય. તેમ કારણરૂપ એક અધ્યવસાય પણ વિચિત્ર ગર્ભ કહેવાય જેમ એક સ્વરૂપવાળા એવા એક બીજથી વિચિત્ર પ્રકૃત્યાદિવાળા વિચિત્ર અવયવો ઉત્પન્ન થાય છે તદ્વત્-અથવા એક ભોજનનો કોળીઓ ઉદરમાં પ્રવેશ્યા બાદ સાત ધાતુપણે પરિણમે તદ્વત્ અત્ર જાણવું.

## મૂળ ગાથા ૨૫ મી.

**जं सव्वघाइपत्तं, सघुकम्मपएसणंतगो भागो ॥**
**आवरणाण चउद्धा, तिहा य अह पंचहा विग्धे॥२५॥**

ગાથાર્થ:—સર્વઘાતિ પ્રકૃતિને પ્રાપ્ત થયેલા જે કર્મદલ તે સ્વકર્મપ્રદેશના અનંતમા ભાગ જેટલું છે. ને શેષ કર્મદલ જ્ઞાનાવરણીયમાં ૪ ભાગે, ને દર્શનાવરણીયમાં ૩ ભાગે વહેંચાય. તથા અંતરાય કર્મના મૂળ ભાગમાં આવેલું કર્મદલ પાંચ પ્રકારે વહેંચાય.

ટીકાર્થ:—જે કર્મદલિક સર્વઘાતિ પ્રાપ્ત છે એટલે કેવલજ્ઞાનાવરણીયાદિ સર્વઘાતિ પ્રકૃતિઓને પ્રાપ્ત થયેલું છે, તે સ્વકર્મ પ્રદેશના અનંતમાં ભાગ જેટલું છે. અર્થાત્ જ્ઞાવરણાદિ મૂલ પ્રકૃતિને જે મૂળ ભાગ આવેલો છે, તેના અનંતમા ભાગ જેટલું છે, એ ભાવાર્થ છે—એમ કહેવામાં હેતુ શું છે ? તે કહીએ છીએ—અહિં આઠે મૂળકર્મના ભાગમાં આવેલા કર્મદલિકને વિષે પ્રત્યેકમાં જે અતિસ્નિગ્ધ પરમાણુઓ તે અલ્પ છે. પુનઃ તે અતિસ્નિગ્ધ પરમાણુઓ મૂળ પ્રકૃતિના ભાગથી અનંતમા ભાગ પ્રમાણ છે, અને તેજ સર્વઘાતિ પ્રકૃતિપણે પરિણમવાયોગ્ય છે, એ હેતુથી જે સર્વઘાતિદલિક છે તે સ્વમૂળ પ્રકૃતિ પ્રદેશના અનંતમા ભાગ જેટલું કહેલ છે.

તથા પ્રકૃતિબંધના અધિકારે જેટલી પ્રકૃતિઓ બંધાય છે, તથા પ્રકૃતિ બંધના સ્વામિ, એ સર્વ શતક નામના ગ્રંથથી જાણવું પ્રકૃતિબંધ ને પ્રદેશબંધ, યોગથી હોય છે. કે- जोगा पयडिपएसं ઇતિ. ત્યાં પ્રકૃતિબંધ કહ્યો. [1] ને હવે પ્રદેશબંધ કહેવાનો અવસર પ્રાપ્ત થયો છે તે કહેવાય છે. ત્યાં આઠે કર્મનો સમકાલે બંધ કરનાર જીવે વિચિત્ર[2] ગર્ભ એવા એકજ અધ્યવસાયવડે જે દલિક ગ્રહણ કરે તેના આઠ ભાગ થાય છે, સાત કર્મ બાંધનાર જીવને સાત ભાગ, છ કર્મ બાંધનાર જીવને ભાગ, ને એક કર્મ બાંધનાર જીવને એકજ ભાગ થાય છે.

હવે એકાધ્યવસાયે ગ્રહણ કરેલા કર્મના અનંતરકથો બાંધતી ઉત્તર પ્રકૃતિમાં કેવી રીતે વહેંચાય તે દર્શાવે છે.

---

વક્ષા, રસબંધના વર્ણનમાં શેષ પ્રકૃત્યાદિ ૩ અંગની અવિવક્ષા, ને પ્રદે-શબંધના વર્ણનમાં શેષ પ્રકૃતિ, રસરૂપ ૩ અંગની અવિવક્ષા જાણવી. એ પ્રમાણે એક પ્રકૃતિના ૪ અંગમાંથી કોઇ પણ એક અંગનું કથન ચાલતું હોય તે અવસરે શેષ ૩ અંગની અવિવક્ષા અથવા ઉપેક્ષા જાણવી. ઇતિભાવઃ

૧ શતકાનુસારે જાણવાની ભલામણરૂપ કહ્યો.

૨ એક સરખા સ્વરૂપવાળા એકજ અધ્યવસાયમાં વિચિત્રતા કેમ સંભવે ? એ પ્રશ્નના ઉત્તરમાં જાણવાનું કે અધ્યવસાય જો કે એકજ છે. ને એક સ્વરૂપવાળો છે પરંતુ તેનાથી ગ્રહણ થતાં પુદ્ગલો કંઇક જ્ઞાનાવરણ પણે પરિણમવાયોગ્ય છે, તેમ કંઇક દર્શનાવરણપણે પરિણમ-વાયોગ્ય છે. એ પ્રમાણે વધુમાં વધુ ૮ પ્રકૃતિરૂપે પરિણમે છે. એટલે એકાધ્યવસાયગૃહિતદલિકમાં જુદા જુદા ૮ સ્વભાવ ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે એકજ કારણથી કાર્યમાં અનેક વિચિત્રતા ઉત્પન્ન થાય છે તે કારણ પણ વિચિત્રતા ગર્ભ કહેવાય. તેમ કારણરૂપ એક અધ્યવસાય પણ વિચિત્ર ગર્ભ કહેવાય જેમ એક સ્વરૂપવાળા એવા એક બીજથી વિચિત્ર પ્રકૃત્યાદિવાળા વિચિત્ર અવયવો ઉત્પન્ન થાય છે તદ્વત્-અથવા એક ભોજનનો કોળીઓ ઉદરમાં પ્રવેશ્યા બાદ સાત ધાતુપણે પરિણમે છે તદ્વત્ અત્ર જાણવું.

ટીકાર્થઃ—મોહનીય કર્મને વિષે સ્થિતિને અનુસારે જે મૂળ ભાગ પ્રાપ્ત થાય છે, તેનો સર્વઘાતિયોગ્ય અનંતમો ભાગ બે વિભાગે કરીને અર્ધ ભાગ દર્શનમોહને, અને અર્ધભાગ ચારિત્રમોહને આપીયે. તેમાં દર્શનમોહ સંબંધી સમગ્ર અર્ધ ભાગ મિથ્યાત્વ મોહનીયને પ્રાપ્ત થાય છે, ને ચારિત્રમોહ સંબંધી અર્ધ ભાગના ૧૨ વિભાગ કરીને તે બારે ભાગ પ્રથમના બાર કષાયોને આપીયે. તથા અનંતમો ભાગ જતાં શેષ રહેલા કર્મદલના બે વિભાગ કરીને એક ભાગ કષાયમોહનીયને અને બીજો ભાગ નોકષાય મોહનીયને આપીયે. ત્યાં કષાય મોહનીયને પ્રાપ્ત થયેલા ભાગના પુનઃ ચાર વિભાગ કરીને તે ચારે વિભાગ સંજ્વલનના ૪ કષાયને વહેંચીયે. પુનઃ નોકષાય સંબંધી કર્મદલના ૫ ભાગ કરીને અનુક્રમે ૩ વેદમાંથી કોઈ પણ એક બધ્યમાન વેદને, તથા હાસ્યરતિયુગલ, ને અરતિશોકયુગલ એ બે યુગલમાંથી બધ્યમાન એક યુગલને અને ભય તથા જુગુપ્સાને આપીયે. બીજી પ્રકૃતિઓનો બંધ નહિ હોવાથી અન્ય પ્રકૃતિને ભાગ ન હોય. તથા નવ નોકષાયનો બંધ સમકાલે હોય નહિ પરંતુ પૂર્વોક્ત પાંચનોકષાયજ સમકાલે બંધાય છે. તથા વેદનીય, આયુ, ને ગોત્રને વિષે જે મૂલભાગ પ્રાપ્ત થાય તે તેઓનીજ બધ્યમાન એકેક પ્રકૃતિને આપીયે. કારણ કે આ ત્રણ કર્મમાં સમકાલે બે પ્રકૃતિના બંધનો અભાવ છે.

મૂળ ગાથા ૨૭ મી.

पिंडपगईसु बज्झंतिगाण वन्नरसगंधफासाणं ॥
सव्वासिं संघाए, तणुम्मि य तिगे चउक्के वा ॥२७॥

**ટીકાર્થ:**—पिंडप्रकृतिओ એટલે નામપ્રકૃતિયો. [1]કર્મપ્રકૃતિ ચૂર્ણિકારે કહ્યુ છે કે पिंडपगइओ नामपगइओत्ति. તેને વિષે બધ્યમાન કોઇપણ એક ગતિ, જાતિ, શરીર, બંધન, સંઘાતન, સંસ્થાન, અંગોપાંગ, અનુપૂર્વિ, તથા[2] વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉશ્વાસ, નિર્માણ, તીર્થંકર[3] તથા આતપ, ઉદ્યોત સુખગતિ તે કુખગતિ, ત્રસ વા સ્થાવર, બાદર વા સૂક્ષ્મ, પર્યાપ્ત વા અપર્યાપ્ત, પ્રત્યેક વા સાધારણ, સ્થિર વા અસ્થિર, શુભ વા અશુભ, સુસ્વર વા દુસ્વર, સૌભાગ્ય વા દોભાગ્ય, આદેય વા અનાદેય, યશ વા અયશ, એ જુગલોમાં એકેક પ્રકૃતિને નામ કર્મનો મૂલ ભાગ વહેંચીને આપવો. અત્રે કંઇક વિશેષ કહે છે—વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શ એ ચાર મૂલ પ્રકૃતિના ભાગમાં જે દલિક પ્રાપ્ત થાય તે સર્વમાંથી તેઓનીજ ઉત્તર પ્રકૃતિને તે દલિક વહેંચી આપવું, તે આ પ્રમાણે- વર્ણનામકર્મના ભાગમાં જે દલિક પ્રાપ્ત થાય તેના ૫ ભાગ કરીને શુકલાદિ ઉત્તર ભેદને વહેંચી આપવા. એ પ્રમાણે ગંધ, રસ ને સ્પર્શ નામકર્મના પણ જેના જેટલા ઉત્તર ભેદ તેટલા તે મૂલ ભાગના ભાગ કરીને, તેટલા ઉત્તર ભેદને વહેંચી આપવા. તથા સંઘાતન અને શરીર નામ કર્મમાં પ્રત્યેકને જે દલિક ભાગમાં આવે, તેના ત્રણ અથવા ચાર ભાગ કરીને ત્રણ અથવા ચાર સંઘાતન વા શરીરને આપવા. ત્યાં ઔદારિક, તૈજસ, કાર્મણ અથવા વૈક્રિય તૈજસ કાર્મણ એ ત્રણ શરીર વા સંઘાતનને સમકાલે બાંધતાં ત્રણ ભાગ કરવા અને વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણરૂપ ચાર શરીર વા સંઘાતનને બાંધતાં ચાર ભાગ કરવા.

---

૧ પિંડ પ્રકૃતિઓ નામ કર્મમાંજ વિવક્ષિત હોવાથી પિંડ પ્રકૃતિનો અર્થ નામ પ્રકૃતિ થાય. પરંતુ પિંડ શબ્દનો અર્થ નામ નહિ.

૨ વર્ણાદિ પ્રકૃતિઓ સર્વભેદે બંધાય છે, માટે પ્રથમના દેશબંધથી ભિન્ન કહી.

૩ આ પ્રકૃતિઓ સર્વ યુગલરૂપને એકજ પ્રકૃતિના બંધવાળી હોવા-

## મૂળ ગાથા ૨૮ મી.

**सत्तेक्कार विगप्पा, वंधणनामाण सूलपगईणं**
**उत्तरसगपगईण य, अप्पवहुत्ताविसेसो सिं ॥२८॥**

ગાથાર્થઃ—બંધન નામકર્મની મૂલપ્રકૃતિના ૭ અથવા ૧૧ વિકલ્પ કરીયે–અને હવે એ મૂળ પ્રકૃતિઓમાં આપ આપણી ઉત્તર પ્રકૃતિઓના અલ્પબહુત્વનો વિશેષ કહેવાય છે.

ટીકાર્થઃ—બન્ધનનામકર્મરૂપ મૂલ પ્રકૃતિના ભાગમાં આવેલું જે દલિક તેના ૭ અથવા ૧૧ ભાગ કરીએ, ત્યાં ઔદારિકૌદારિક–ઔદારિકતૈજસ–ઔદારિકકાર્મણ–ઔદારિકતૈજસકાર્મણ–તૈજસતૈજસ–તૈજસકાર્મણ–ને કાર્મણકાર્મણરૂપ, અથવા [1]વૈક્રિયચતુષ્ક, તૈજસત્રિક, રૂપ સાત બન્ધન બાંધતાં સાત ભાગ, અને [2]વૈક્રિયચતુષ્ક, આહારક ચતુષ્ક, તૈજસત્રિકરૂપ અગિઆર બંધન બાંધતાં અગિઆર ભાગ આપીયે. શેષ પ્રકૃતિઓના ભાગમાં જે દલિક આવ્યું હોય, તેના પુનઃ ભાગ પડે નહિ, કારણ કે સમકાલે બે વગેરે ઉત્તરભેદના બંધનો અભાવ છે. માટે તે પ્રકૃતિઓનું તેજ પરિપૂર્ણ દલિક, સ્વભાગનું થાય છે.

અહિં એકજ અધ્યવસાયવડે ગ્રહણ કરેલા [3]દલિકના પરમાણુઓના વિભાગ કરીને મૂલપ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિને દીધા, પરંતુ જઘન્યપદે વા ઉત્કૃષ્ટપદે કઇ પ્રકૃતિને કેટલો ભાગ મળે ? તે નહિ

માલુમ પડવાથી વિશેષ જાણવાને અંર્થે કહે છે. આ મૂલપ્રકૃતિઓનો અને એઓનીજ ઉત્તર પ્રકૃતિઓના ભાગનો પરસ્પર વિશેષ અન્ય- ગ્રંથમાં કહેલા અલ્પબહુત્વથી જાણવો. ત્યાં મૂલપ્રકૃતિઓનું અલ્પ- બહુત્વ દર્શાવે છે.

અહિં કર્મને[1] સ્થિતિ અનુસારે ભાગ પ્રાપ્ત થાય છે, જે કર્મની સ્થિતિ અધિક હોય તેને અધિક, ને જે કર્મની સ્થિતિ અલ્પ હોય તેને અલ્પ ભાગ પ્રાપ્ત થાય છે. ત્યાં આયુષ્યકર્મનો ભાગ સર્વથી અલ્પ છે, કારણ કે આયુષ્યની વધુમાં વધુ સ્થિતિ પણ ૩૩ સાગ- રોપમમાત્ર હોવાથી બીજાં સર્વ કર્મોથી અલ્પ સ્થિતિજ છે, તેથી નામ અને ગોત્ર કર્મનો ભાગ અધિક છે, કારણ કે એ બે કર્મની સ્થિતિ ૨૦ કોડા કોડી સાગરોપમ પ્રમાણ છે. ને એ બે કર્મની પરસ્પર તુલ્ય છે. તેથી પણ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, ને અંતરાય કર્મનો ભાગ અધિક છે. કારણ કે એ ત્રણ કર્મની સ્થિતિ ૩૦ કોડા- કોડી સાગરોપમ પ્રમાણ છે. ને પરસ્પર તુલ્ય સ્થિતિ હોવાથી ભાગ પણ પરસ્રર તુલ્ય છે. તેથી પણ મોહનીય કર્મનો ભાગ અધિક છે. કારણ કે મોહનીયની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. વેદનીય કર્મની સ્થિતિ જો કે જ્ઞાનાવરણાદિ કર્મ સરખી છે. તો પણ એ વેદનીય કર્મનો ભાગ સર્વ કર્મથી અધિક છે. કારણ કે પ્રદેશની અધિકતા વિના અતિ સ્પષ્ટ રીતે સુખ દુખઃનો અનુભવ થઇ શકે

---

૧ સ્થિતિને અનુસારે ભાગની પ્રાપ્તિ મૂલપ્રકૃતિને અંગે સંભવે છે. ને ઉત્તર પ્રકૃતિઓમાં હીનાધિક ભાગની પ્રાપ્તિમાં કવચિત્ સ્નેહ, કવચિત્ ઉત્કૃષ્ટપદપણું ને કવચિત જઘન્યપદપણારૂપ હેતુઓ સંભવે છે. ત્યાં ઉત્કૃષ્ટપદ જઘન્યપદની વકતવ્યતા જે પ્રકૃતિઓમાં ભિન્ન ભિન્ન દેખાય છે, ત્યાં ઉત્કૃષ્ટ પદને જઘન્યપદરૂપ સંયોગોની પ્રાપ્તિ એજ હેતુ છે. ને જ્યાં સમવકતવ્યતા દેખાય છે ત્યાં સ્નેહની વિષમતા રૂપ હેતુ સંભવે છે. યથા નિદ્રાપંચકમાં તથા સંયોગરૂપ હેતુ ને જ્ઞાનાવરણીયપંચકમાં સ્નેહવિષમતા હેતુ સંભવે છે પરં માત્ર રસ કે સ્થિતિની વિષમતાએ ઉત્તર પ્રકૃતિઓની ભાગપ્રાપ્તિનું નિ[illegible] [illegible] સંભવે નહિ

નહિ, હવે આઠે કર્મમાં, આપ આપણી ઉત્તર પ્રકૃતિઓને વિષે ઉત્કૃષ્ટપદ[1] ને જઘન્યપદથી[2] અલ્પબહુત્વ કહેવાય છે.

## । अथ उत्कृष्टपदे प्रदेशाग्रालपवहुत्व ॥

ઉત્કૃષ્ટપદે કેવલ જ્ઞાનાવરણનો પ્રદેશસમૂહ સર્વથી અલ્પ છે. તેથી મનઃ પર્યવજ્ઞાનાવરણનો પ્રદેશસમૂહ અનંતગુણ છે–તેથી અવધિ જ્ઞાનાવરણનો પ્રદેશ સમૂહ વિષેષાધિક છે. તેથી શ્રુતજ્ઞાનાવરણનો પ્રદેશસમૂહ વિષેશાધિક છે–ને તેથી મતિજ્ઞાનાવરણનો પ્રદેશ સમૂહ વિશેષાધિક છે.

તથા દર્શનાવરણકર્મને વિષે ઉત્કૃષ્ટ પદે પ્રચલાનો પ્રદેશ સમૂહ સર્વથી અલ્પ છે, તેથી નિદ્રાનો વિશેષાધિક, તેથી પ્રચલા પ્રચલાનો વિશેષાધિક, તેથી નિદ્રાનિદ્રાનો વિશેષાધિક, તેથી સ્ત્યાનર્ધિનો વિશેષાધિક, તેથી કેવલ દર્શનાવરણીયનો વિશેષાધિક, તેથી અવધિ દર્શનાવરણનો અનંતગુણ, તેથી અચક્ષુદર્શનાવરણનો વિષેષાધિક, ને તેથી અચક્ષુદર્શનાવરણનો પ્રદેશસમૂહ વિષેષાધિક છે.

તથા વેદનીય કર્મને વિષે ઉત્કૃષ્ટપદે અશાતાવેદનીયનો પ્રદેશસમૂહ સર્વથી અલ્પ છે, તેથી શાતાવેદનીયનો પ્રદેશસમૂહ વિશેષાધિક છે.

તથા મોહનીય કર્મને વિષે ઉત્કૃષ્ટપદે અપ્રત્યાખ્યાનાવરણમાનનો પ્રદેશાગ્ર સર્વથી અલ્પ છે, તેથી અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધનો વિશેષા૦, તેથી અપ્રત્યાખ્યાનાવરણ માયાનો વિશેષા૦, તેથી અપ્રત્યાખ્યાનાવરણ લોભનો વિશે૦, તેથી પ્રત્યાખ્યાનાવરણમાનનો વિ૦, તેથી પ્રત્યાખ્યાનાવરણ માયાનો વિ૦, તેથી પ્રત્યાખ્યાનાવરણ લોભનો વિ૦. તેથી અનંતાનુબંધિમાનનો વિ૦, તેથી અનંતાનુબંધિ ક્રોધનો વિ૦, તેથી અનંતાનુબંધિ માયાનો વિ૦, તેથી અનંતાનુબંધિ લોભનો વિ૦, તેથી મિથ્યાત્વનો વિ૦, તેથી જુગુપ્સાનો

૧–કર્મનું ઉત્કૃષ્ટ સ્થાન શ્રી. ટીકાકાર મહારાજ કહે છે.

અનંતગુણ, તેથી ભયનો વિ૦, તેથી હાસ્યશોકનો વિ૦, સ્વસ્થાને પરસ્પરતુલ્ય, તેથી રતિ અરતિનો વિ૦, સ્વસ્થાને પરસ્પરતુલ્ય, તેથી સ્ત્રિવેદ, નપુંસકવેદનો વિ૦, સ્વસ્થાને પરસ્પરતુલ્ય, તેથી સંજવલન ક્રોધનો વિશેષા૦, તેથી સંજવલનમાયાનો વિ૦, તેથી પુરૂષવેદનો વિ૦, તેથી સંજવલન માયાનો વિ૦, તેથી સંજવલન લોભનો અસંખ્યગુણ.

તથા [1]ચાર આયુષ્યકર્મને વિષે ઉત્કૃષ્ટપદે ચારે આયુષ્યકર્મનો પ્રદેશાગ્ર પરસ્પર તુલ્ય છે.

તથા નામકર્મમાં ગતિનામકર્મને વિષે ઉત્કૃષ્ટપદે દેવગતિ નર્કગતિનો પ્રદેશાગ્ર સર્વથી અલ્પ, તેથી મનુષ્યગતિનો વિશેષાધિક ને તેથી તિર્યંચગતિનો પ્રદેશાગ્ર વિશેષાધિક—તથા જાતિને વિષે ઉત્કૃષ્ટપદે દ્વીન્દ્રિયાદિ ચાર જાતિનો પ્રદેશાગ્ર સર્વથી અલ્પ, ને સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તેથી એકેંદ્રિય જાતિનો પ્રદેશાગ્ર વિશેષાધિક તથા શરીરનામકર્મને વિષે ઉત્કૃષ્ટપદે આહારક શરીરનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી વૈક્રિયનો વિશેષાધિક, તેથી ઔદારિકનો વિશેષાધિક, તેથી તૈજસનો વિશેષાધિક ને તેથી કાર્મણશરીરન કર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક. એ પ્રમાણે સંઘાતન નામકર્મમાં પણ જાણવું. તથા બંધનામકર્મને વિષે ઉત્કૃષ્ટપદે આહારકઆહારકબંધન નામકર્મનો પ્રદેશાગ્ર સર્વથી અલ્પ, તેથી આહારકતૈજસનો વિ૦ તેથી આહારક કાર્મણનો વિ૦ તેથી આહારક તૈજસકાર્મણનો વિ૦

1 ચાર આયુષ્યમાં પ્રદેશાગ્ર પરસ્પરતુલ્ય હોતે પણ સ્થિતિની વિષમતા વિરોધવાળી સંભવે નહિ, કારણ કે સ્થિતિની વિષમતાનું ફળ ઉદય અવસરે છે, તે એવી રીતે એકજ ઉત્કૃષ્ટયોગે ગ્રહીત દેવનકાયુનાં પુદ્ગલો ઉદય અવસરે નિષેક રચનામાં શેષ બે આયુથી અલ્પ હોય ને નરતિર્યગાયુના પુદ્ગલો નિષેક રચનામાં ઘણાંજ વધારે હોય. એ રીતે તુલ્ય પુદ્ગલો છતાં સ્થિતિની વિષમતાનો વિરોધ મટે છે. પુનઃ સ્થિતિ અને સ્નેહને આ રીતે અનુસરે એવો અત્યંત સંબંધ નથી, તથા પંચમ કર્મગ્રંથની ટીકામાં જઘન્યપદ વક્તવ્યતા પ્રમાણે અત્રે પણ અલ્પબહુત્વ દર્શાવ્યું છે.

પ્રકૃતિની અપેક્ષાએ પણ અલ્પબહુત્વ હોય છે. અને આ ૬ પ્રકૃતિઓ તો આપણી [1]અભિન્ન મૂલપિંડ પ્રકૃતિના અભાવે પરસ્પર સજાતિય નથી. તથા સમકાલે બંધ થતો હોવાથી પ્રતિપક્ષી પણ નથી. માટે એ ૬ પ્રકૃતિમાં સજાતીયત્વ ને પ્રતિપક્ષત્વનો અભાવ હોવાથી અલ્પબહુત્વનો પણ અભાવ છે.

તથા ગોત્રકર્મમાં ઉત્કૃષ્ટપદે નીચ ગોત્રનો પ્રદેશાગ્ર અલ્પ. ને તેથી ઉચ્ચગોત્રનો પ્રદેશાગ્ર વિશેષાધિક છે.

તથા અંતરાયકર્મમાં ઉત્કૃષ્ટપદે દાનાન્તરાયકર્મનો પ્રદેશાગ્ર સર્વથી અલ્પ. તેથી લાભાન્તરાય કર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક, તેથી ભોગાન્તરાય કર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક, તેથી ઉપભોગાન્તરાયકર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક, ને તેથી વીર્યાન્તરાયકર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક. એ પ્રમાણે ઉત્કૃષ્ટપદે સર્વ ઉત્તરપ્રકૃતિઓના પ્રદેશાગ્રનું અલ્પ બહુત્વ કહ્યું.

[1] તથા ઉત્કૃષ્ટ પદે ત્રસનામે કર્મનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી સ્થાવર નામનો પ્રદેશાગ્ર વિશેષાધિક-તથા ઉત્કૃષ્ટપદે પર્યાપ્ત નામકર્મનો પ્રદેશાગ્ર સર્વથી અલ્પ, તેથી અપર્યાપ્ત નામકર્મનો વિશેષાધિક, એ પ્રમાણે સ્થિર ને અસ્થિર, શુભ ને અશુભ, સુભગ ને દુર્ભગ, આદેય ને અનાદેય, સૂક્ષ્મ ને બાદર, પ્રત્યેક ને સાધારણ, એ ૬ યુગલમાં પણ જાણવું-તથા અયશ નામકર્મનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી યશ નામનો પ્રદેશાગ્ર સંખ્યાતગુણ છે, શેષ, [2] આતપ ઉદ્યોત, સુખગતિ, કુખગતિ, સુસ્વર ને દુઃસ્વરનો પ્રદેશાગ્ર પરસ્પર તુલ્ય છે. નિર્માણ, ઉચ્છ્વાસ, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ. ને જીનનામકર્મ એ ૬ પ્રકૃતિમાં અલ્પબહુત્વ નથી, કારણ કે આ અલ્પબહુત્વ સજાતીય પ્રકૃતિમાં અપેક્ષાએ છે યથા કૃષ્ણાદિ વર્ણનામનો શેષવર્ણ નામની અપેક્ષાએ પ્રદેશાગ્ર હીનાધિક છે. અથવા સુભગ દુર્ભગવત્ પ્રતિપક્ષ

---

૧ આ પંચમ કર્મગ્રંથ ટીકાનું વક્તવ્ય કંઈક ભિન્ન પ્રકારે છે તે આ પ્રમાણે—

વિહાયોગતિનામકર્મમાં ઉત્કૃષ્ટપદે શુભ વિહાયોગતિનો પ્રદેશાગ્ર સર્વથી અલ્પ છે. તેથી અશુભવિહાયોગતિનો પ્રદેશાગ્ર વિશેષાધિક છે. તથા ઉત્કૃષ્ટપદે ત્રસનામકર્મનો પ્રદેશાગ્ર અલ્પ છે. તેથી સ્થાવર નામનો પ્રદેશાગ્ર વિશેષાધિક છે. તથા એ પ્રમાણેજ બાદર ને સૂક્ષ્મ, પર્યાપ્ત ને અપર્યાપ્ત, પ્રત્યેક ને સાધારણ, સ્થિર ને અસ્થિર, શુભ ને અશુભ, સુભગ ને દુર્ભગ, સુસ્વર ને દુઃસ્વર, આદેય ને અનાદેય, યશ ને અયશ, એ [illegible] યુગલમાં [illegible] વિશેષાધિક (ભિન્ન ભિન્ન) કહેવું (પરંતુ એક [illegible] [illegible] જેટલીને ન કહેવું.) તથા આતપ ને ઉદ્યોત [illegible] ઉત્કૃષ્ટપદે પ્રદેશાગ્ર સર્વથી અલ્પ છે, ને પરસ્પર તુલ્ય છે. [illegible] ? તે વિચારવા યોગ્ય છે.)

૨ [illegible] બંધમાં અને [illegible] અનુક્રમનો તથા [illegible] [illegible] નો વિશેષ છે; તેમજ સુભગ વિગેરેમાં જે ભિન્નતા [illegible] વિચારવી.

[illegible] ટીકાકાર [illegible] [illegible] ટીકાને અનુસારે [illegible] [illegible] વિશેષ સંભવતો નથી.

પ્રકૃતિની અપેક્ષાએ પણ અલ્પબહુત્વ હોય છે. અને આ ૯ પ્રકૃતિયો તો આપણી [1]અભિન્ન મૂલપિંડ પ્રકૃતિના અભાવે પરસ્પર સજાતિય નથી. તથા સમકાલે બંધ થતો હોવાથી પ્રતિપક્ષી પણ નથી. માટે એ ૯ પ્રકૃતિમાં સજાતીયત્વ ને પ્રતિપક્ષત્વનો અભાવ હોવાથી અલ્પબહુત્વનો પણ અભાવ છે.

તથા ગોત્રકર્મમાં ઉત્કૃષ્ટપદે નીચ ગોત્રનો પ્રદેશાગ્ર અલ્પ, ને તેથી ઉચ્ચગોત્રનો પ્રદેશાગ્ર વિશેષાધિક છે.

તથા અંતરાયકર્મમાં ઉત્કૃષ્ટપદે દાનાન્તરાયકર્મનો પ્રદેશાગ્ર સર્વથી અલ્પ, તેથી લાભાન્તરાય કર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક, તેથી ભોગાન્તરાય કર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક, તેથી ઉપભોગાન્તરાયકર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક, ને તેથી વીર્યાન્તરાયકર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક. એ પ્રમાણે ઉત્કૃષ્ટપદે સર્વ ઉત્તરપ્રકૃતિઓના પ્રદેશાગ્રનું અલ્પ બહુત્વ કહ્યું.

ઇતિ ઉત્કૃષ્ટપદે પ્રદેશાગ્રાલ્પ બહુત્વ.

## ॥ अथ जघन्यपदे प्रदेशाग्रालपबहुत्व ॥

જ્ઞાનાવરણીયકર્મમાં જઘન્યપદે કેવલજ્ઞાનાવરણીયનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી પ્રચલાનો વિ૦, તેથી નિદ્રા નિદ્રાનો વિ૦, તેથી પ્રચલા પ્રચલાનો વિ૦, તેથી થિણદ્ધીનો વિ૦, તેથી કેવલદર્શનાવરણીયાદિ ચારનો પ્રદેશાગ્ર ઉત્કૃષ્ટપદવત્ કહેવો.

મોહનીયકર્મને વિષે જઘન્યપદે અપ્રત્યાખ્યાનાવરણમાનનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માયા, લોભ તથા

---

૧ જે ઉત્તર પ્રકૃતિયોની સર્વની મૂલ (પિંડ) પ્રકૃતિ એકજ હોય તે ઉત્તર પ્રકૃતિઓ પરસ્પર સજાતીય પ્રકૃતિઓ કહેવાય છે, યથા કૃષ્ણ-નીલાદિ ૫ પ્રકૃતિઓની 'વર્ણ' એ એકજ મૂલ પ્રકૃતિ છે; તો કૃષ્ણ નિલાદિ ૫ પ્રકૃતિઓ પરસ્પર સજાતીય પ્રકૃતિઓ કહેવાય, ને તેવી આ નિર્માણાદિ ૬ પ્રકૃતિઓ સજાતીય નથી. ઇતિભાવ.

માન, ક્રોધ, માયા ને લોભ એ ૭ પદને વિષે
પ્રત્યાખ્યાનાવરણ માન, ક્રોધ, માયા ને લોભ એ ૭ પદને વિષે
પ્રદેશાગ્ર અનુક્રમે વિશેષાધિક કહેવો, તેથી મિથ્યાત્વનો પ્રદેશાગ્ર
વિશે૦, તેથી જુગુપ્સાનો અનંતગુણ, તેથી ભયનો વિ૦, તેથી હાસ્ય
શોકનો વિ૦, ને પરસ્પરતુલ્ય, તેથી રતિ અરતિનો વિ૦, ને પરસ્પ
તુલ્ય, તેથી કોઇ પણ એક વેદનો પ્રદેશાગ્ર વિ૦, તેથી સંજવલ
માન, ક્રોધ, માયા ને લોભનો પ્રદેશાગ્ર અનુક્રમે વિશેષાધિક છે.

તથા આયુકર્મમાં જઘન્યપદે તિર્યગાયુ, મનુષ્યાયુષ્યનો પ્રં
શાગ્ર અલ્પ, તેથી દેવાયુ, નારકાયુનો પ્રદેશાગ્ર અસંખ્ય ગુણ.[1]

તથા નામકર્મને વિષે ગતિ નામકર્મમાં જઘન્યપદે તિર્યગ્
તિનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી અનુક્રમે મનુષ્યગતિ, દેવગતિ ને નર
ગતિનો પ્રદેશાગ્ર વિશેષાધિક કહેવો, તથા જાતિનામકર્મને વિષે જઘ
ન્યપદે પ્રદેશાગ્ર ઉત્કૃષ્ટપદવત્ કહેવો, તથા જાતિનામકર્મને વિષે
જઘન્યપદે ઔદારિકશરીરનામકર્મનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી તૈજસ
શરીરનોપ્રદેશાગ્ર વિશેષાધિક, તેથી કાર્મણશરીરનો પ્રદેશાગ્ર વિ૦,
તેથી વૈક્રિય શરીર નામકર્મનો પ્રદેશાગ્ર અસંખ્યગુણ, તેથી આહા-
રકશરીરનામનો પ્રદેશાગ્ર વિશેષાધિક, એ પ્રમાણે સંઘાતન નામક-
ર્મમાં પણ કહેવું. તથા ઉપાંગનામકર્મમાં જઘન્યપદે ઔદારિક
ઉપાંગનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી વૈક્રિયઉપાંગ ને આહારક ઉપાંગનો
અનુક્રમે અસંખ્યગુણ જાણવો. તથા આનુપૂર્વિ નામકર્મમાં જઘન્ય
પદે નરકાનુપૂર્વી ને દેવાનુપૂર્વીનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી મનુષ્યાનુ
પૂર્વીનો તથા તિર્યગાનુપૂર્વીનો પ્રદેશાગ્ર અનુક્રમે વિશેષાધિક છે
તથા જઘન્યપદે ત્રસનામકર્મનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી સ્થાવરના
કર્મનો પ્રદેશાગ્ર વિશેષાધિક, એ પ્રમાણે બાદર ને સૂક્ષ્મ, પર્યાપ્ત
અપર્યાપ્ત, પ્રત્યેક ને સાધારણ, એ ત્રણ યુગલમાં પણ પ્રદેશાગ્ર
અલ્પબહુત્વ કહેવું. શેષ નામ પ્રકૃતિયોને વિષે [2]અલ્પબહુત્વ ના

તથા શાતા, અશાતા વેદની અને ઉંચ નીચ ગોત્રને પણ

૧ અહિં પરસ્પરતુલ્યતા કહી,નથી, તો પણ પરસ્પર તુલ્યતા સંભવે.
૨ જઘન્યપદ સંબંધી અલ્પબહુત્વ નથી ઇતિ.

અલ્પબહુત્વ નથી. અને અંતરાયકર્મમાં જઘન્યપદ સંબંધી અલ્પબહુત્વ ઉત્કૃષ્ટપદવત્ કહેવું.

અત્રે જીવ જ્યારે ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો હોય છે, તથા અલ્પ મૂલ પ્રકૃતિનો ને અલ્પ ઉત્તર પ્રકૃતિઓનો બંધક હોય છે, તથા જ્યારે સંક્રમ અવસરે [1]અન્ય પ્રકૃતિઓના દલિકનો ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમ હોય છે, તે અવસરે ઉત્કૃષ્ટપ્રદેશાગ્રનો સંભવ હોય છે; તે આ પ્રમાણે-ઉત્કૃષ્ટ યોગને વિષે વર્તતો જીવ [2]ઉત્કૃષ્ટપ્રદેશોનું ગ્રહણ કરે, તથા જ્યારે મૂલ અને ઉત્તર પ્રકૃતિઓનો અલ્પબંધક હોય, ત્યારે શેષ અબધ્યમાન પ્રકૃતિના ભાગનું દલિક પણ તે અલ્પ પ્રકૃતિઓને પ્રાપ્ત થાય, તથા અન્ય પ્રકૃતિ દલિકના ઉત્કૃષ્ટ સંક્રમને અવસરે વિવક્ષિત બધ્યમાન પ્રકૃતિઓને વિષે ઘણા કર્મપ્રદેશોનો પ્રવેશ થાય છે, માટે એ કારણો છતે ઉત્કૃષ્ટપ્રદેશાગ્રનો સંભવ હોય[3] છે. ને એથી વિપરીત કારણો છતે જઘન્યપ્રદેશાગ્રનો સંભવ હોય છે.

---

૧ વિવક્ષિત પ્રકૃતિમાં અન્યપ્રકૃતિનાં ઘણાં દલિક સંક્રમે તે અવસરે.

૨ ઉત્કૃષ્ટયોગે બહુ પ્રદેશોપચિત અલ્પ સ્કંધો, ને અલ્પ પ્રદેશોપચિત ઘણા સ્કંધો ગ્રહણ કરે એમ સંભવે છે.

૩ જીવ જ્યારે જઘન્યયોગમાં વર્તતો હોય, તથા ઘણી મૂલ ને ઉત્તર પ્રકૃતિનો બંધક હોય, તથા અન્ય પ્રકૃતિ દલિકનો જઘન્યપ્રદેશ સંક્રમ હોય તે અવસરે જઘન્યપ્રદેશાગ્રનો સંભવ હોય.

પ્રત્યાખ્યાનાવરણ માન, ક્રોધ, માયા ને લોભ એ ૭ પદને વિષે
પ્રદેશાગ્ર અનુક્રમે વિશેષાધિક કહેવો, તેથી મિથ્યાત્વનો પ્રદેશાગ્ર
વિશે૦, તેથી જુગુપ્સાનો અનંતગુણ, તેથી ભયનો વિ૦, તેથી હાસ્ય
શોકનો વિ૦, ને પરસ્પરતુલ્ય, તેથી રતિ અરતિનો વિ૦, ને પરસ્પર
તુલ્ય, તેથી કોઇ પણ એક વેદનો પ્રદેશાગ્ર વિ૦, તેથી સંજ્વલન
માન, ક્રોધ, માયા ને લોભનો પ્રદેશાગ્ર અનુક્રમે વિશેષાધિક છે.

તથા આયુકર્મમાં જઘન્યપદે તિર્યગાયુ, મનુષ્યાયુષ્યનો પ્રદે-
શાગ્ર અલ્પ, તેથી દેવાયુ, નારકાયુનો પ્રદેશાગ્ર અસંખ્ય ગુણ.[1]

તથા નામકર્મને વિષે ગતિ નામકર્મમાં જઘન્યપદે તિર્યગ્ગ-
તિનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી અનુક્રમે મનુષ્યગતિ, દેવગતિ ને નરક-
ગતિનો પ્રદેશાગ્ર વિશેષાધિક કહેવો, તથા જાતિનામકર્મને વિષે જઘ-
ન્યપદે પ્રદેશાગ્ર ઉત્કૃષ્ટપદવત્ કહેવો, તથા જાતિનામકર્મને વિષે
જઘન્યપદે ઔદારિકશરીરનામકર્મનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી તૈજસ
શરીરનોપ્રદેશાગ્ર વિશેષાધિક, તેથી કાર્મણશરીરનો પ્રદેશાગ્ર વિ૦,
તેથી વૈક્રિય શરીર નામકર્મનો પ્રદેશાગ્ર અસંખ્યગુણ, તેથી આહા-
રકશરીરનામનો પ્રદેશાગ્ર વિશેષાધિક, એ પ્રમાણે સંઘાતન નામક-
ર્મમાં પણ કહેવું. તથા ઉપાંગનામકર્મમાં જઘન્યપદે ઔદારિક
ઉપાંગનો પ્રદેશાગ્ર અલ્પ, તેથી વૈક્રિયઉપાંગ ને આહારક ઉપાંગનો
**ગાથાર્થ**:—અનન્તગુણવૃદ્ધિ ને અનન્તગુણ હાનિ એ બેના યવમધ્યરૂપ અષ્ટસામયિક અનુભાગસ્થાનો અલ્પ છે, તેથી ( અષ્ટસામયિકાનુભાગસ્થાનોથી ) યવમધ્યના બન્ને પાર્શ્વનાં ( પડખે રહેલાં ) સપ્તસામયિકાદિ એકેક સમયહીન અનુભાગસ્થાનો અનુક્રમે અસંખ્યગુણ છે, ને ઉપરનાં ( ત્રિસામયિક તથા દ્વિસામયિક યોગસ્થાનો પણ ) અસંખ્યગુણ છે.

**ટીકાર્થ**:—અનન્તગુણવૃદ્ધિ ને અનન્તગુણ હાનિ એ બન્ને વિકલ્પરૂપ યવનો મધ્યભાગ ( અષ્ટસામાયિકાનુભાગસ્થાનો ) છે, જે યવના મધ્યભાગ જેવાં તે યવમધ્ય એટલે અષ્ટસામયિક અનુભાગસ્થાનો જાણવાં. જેમ યવનો મધ્યભાગ સ્થૂલ હોય છે, ને બન્ને બાજુઓથી હીન હીનતર હોય છે–તેમ અત્રે પણ અષ્ટસામયિકાનુભાગબંધસ્થાનો કાળની અપેક્ષાએ સ્થૂલ–વિશાલ છે ને બન્ને બાજૂનાં સપ્તસામાયિકાદિ અનુભાગસ્થાનો ( અનુક્રમે ) કાળની અપેક્ષાએ હીનહીનતર છે. તેથી અષ્ટસામયિકાનુભાગસ્થાનો યવમધ્ય જેવાં હોવાથી યવમધ્ય સંજ્ઞાએ ઓળખાય છે.

તે પ્રથમ અષ્ટ સામયિક અનુભાગસ્થાનથી આરંભીને અસંખ્ય લોકપ્રમાણ સર્વ અનુભાગસ્થાનો અનન્તગુણ વૃદ્ધિવાળાં છે. કારણ


[1]અન્તિમ સપ્ત સામયિકાનુભાગસ્થાનથી પ્રથમ અષ્ટ સામયિકાનુભાગસ્થાન અનન્તભાગાધિક છે. તેથી તેની અપેક્ષાએ (પ્રથમાષ્ટ સામયિકાપેક્ષાએ) શેષ (અષ્ટ સામયિક) અનુભાગસ્થાનો પણ અનંતગુણ વૃદ્ધિવાળાં જ હોય છે. તથા અન્તિમ અષ્ટસામયિકાનુભાગસ્થાનથી ઉપરનું (આગળનું) પ્રથમ સપ્તસામયિકાનુભાગસ્થાન અનંતગુણ અધિક છે. તેથી તેની (પ્રથમ સપ્તસામયિકસ્થાનની) અપેક્ષાએ પૂર્વલાં અષ્ટસામયિક અભાગસ્થાનો સર્વે પણ અનન્તગુણહીન જ હોય છે. એ પ્રમાણે અષ્ટ સામયિકાનુભાગસ્થાનો અનંતગુણ વૃદ્ધિ ને અનન્તગુણ હાનિરૂપ બન્ને વિકલ્પમાં પ્રાપ્ત થાય છે. અને અષ્ટ સામયિકાનુભાગસ્થાનો [2]ઉપલક્ષણ રૂપ છે. તેથી (તે ઉપલક્ષણવડે) પ્રથમનાં ચતુઃસામયિક ને સર્વાન્તિમ દ્વિ સામયિકાનુભાગસ્થાનોને વર્જીને શેષ પંચ સામયિકાદિ સર્વ પણ પ્રત્યેક પૂર્વોક્ત પ્રકારે અનન્તગુણ વૃદ્ધિ વા હાનિ એ બન્ને વિકલ્પમાં પ્રાપ્ત જાણવાં. પુનઃ પ્રથમનાં ચતુઃસામયિકાનુભાગસ્થાનો અનન્તગુણ

તેથી તેની અપેક્ષાએ (અન્તિમ ત્રિસામયિક સ્થાનની અપેક્ષાએ) સર્વ પણ (સર્વે દ્વિસામયિક સ્થાનો) અનન્તગુણવૃદ્ધિમાંજ પ્રાપ્ત થાય છે

એ પ્રમાણે [1]યવમધ્ય પ્રરૂપણા કરીને હવે ચતુઃસામયિકાદિ અનુભાગસ્થાનોનું અલ્પબહુત્વ દર્શાવે છે.

थोवाणि अट्ठसमयाणि એટલે યવમધ્યરૂપ અષ્ટ સામયિક અનુભાગ સ્થાનો સર્વથી અલ્પ છે, ( કારણ કે ) અતિ ચિરબન્ધકાલ યોગ્ય અનુભાગસ્થાનો અતિ અલ્પ જ હોય છે, ને એ હેતુથી પૂર્વોત્તર રૂપ ઉભયપાર્શ્વવર્તિ સપ્ત સામયિકાદિ :અનુભાગસ્થાનો અસંખ્ય ગુણ છે, કારણ કે એ અનુભાગસ્થાનોનો બંધકાલ ( આઠ સમયની અપેક્ષાએ ) અલ્પ છે, ને ( બન્ને સપ્તસામયિકસ્થાનો ) પરસ્પર

૧ આ યવમધ્ય પ્રરૂપણાને સુગમતાથી સમજવા માટે अनुभाग यवनी स्थापना.




( અથવા વર્તમાનજીવાલ્પબહુત્વાપેક્ષાએ अनंतरोपनिधा यत्र. ( ગાથા ૪૬ થી. )


આ સ્થાપનામાં જે..........આ પ્રમાણે પંકિતબદ્ધ બિંદુઓ તેને નંબરવાર અનુભાગસ્થાનો સમજવાં તથા આ યવના જે ૧૧ ભ પાડયા છે. તેમાં સર્વથી પ્રથમ ચતુઃસમયાત્મક ભાગ છે, એટલે સર્વ અ ભાગસ્થાનના ૧૧ નાના મોટા ભાગ પાડીએ તેમાંના પ્રથમ ભાગનું ન ચતુઃસામયિક કહેવાય, તદનંતર અનુક્રમે પંચ સામયિકાદિ ભાગ આ પ્રમાં

તેથી પણ ( ઉત્તરપાર્શ્વવર્તિ ) ત્રિસામયિકાનુભાગસ્થાનો અસં-
ગુણ છે, ને પરસ્પર તુલ્ય છે. તેથી પણ ( ઉત્તરપાર્શ્વવર્તિ ) ...
સામયિકાનુભાગસ્થાનો અસંખ્યગુણ છે. ( એ પ્રમાણે ) ...
ઇતિ એટલે અષ્ટસામયિકસ્થાનોથી બન્ને પાર્શ્વનાં અનુક્રમે
સમય ન્યુન સપ્તસામયિકાદિ અનુભાગસ્થાનો અસંખ્યગુણ અસં-
ગુણ ત્યાં સુધી કહેવાં કે જ્યાં સુધી ચતુઃસામયિકાનુભાગસ્થાનો
આવે. તે સર્વથી ઉપરનાં ( =ઉત્તર પાર્શ્વવર્તિ ) ત્રિસામયિક ને દ્વિ
સામયિકાનુભાગસ્થાનો પણ અનુક્રમે અસંખ્યગુણ કહેવાં.[૧]

હવે સમુદાયની અપેક્ષાએ સર્વ અનુભાગબંધ સ્થાનોની વિશેષ સંખ્યા નિરૂપણ કરવાને અર્થે કહે છે.

---

૧ અથવા અનુભાગવિભાગનું અલ્પબહુત્વ ડમરૂકના આકારે છે તે આ પ્રમાણે.



## મૂળ ગાથા ૪૧ મી.

सुहुमगणिपवेसणया, अगणिक्काया य तेसिं कायठिई
कमसो असंखगुणिया-ण (अ)ज्झवसाणाणि चणुभागे
॥ ३१ ॥

ગાથાર્થઃ—સૂક્ષ્માગ્નિકાયમાં પ્રવેશ કરતા, તથા અગ્નિકાય પણે અવસ્થિત રહેલા, (જીવો) અને અગ્નિકાયની કાયસ્થિતિ એ ત્રણ પરંતુ અનુક્રમે અસંખ્યગુણ છે, ને તેથી પણ અસંખ્યગુણ અનુભાગ સ્થાનો છે.

લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. તેથી પણ જે અગ્નિકાયપણે આ
હોય છે તે અસંખ્યેય ગુણા, તેથી પણ અગ્નિકાયસ્થિતિકાળ
ખ્યેયગુણ, ને તેથી પણ અનુભાગબંધસ્થાનો અસંખ્યેયગુણ છે.

હવે ઓજોયુગ્મ પ્રરૂપણા કરાયે છે તે આ પ્રમાણે–

ત્યાં ઓજ એટલે વિષમ, ને યુગ એટલે સમ સંખ્યા કહે
વાય છે. તે ઓજોયુગ્મ પ્રરૂપણા આ પ્રમાણે છે–અહિં કોઇક વિવ
ક્ષિત (સંખ્યારૂપ) રાશિ સ્થાપન કરીને તે રાશિને કલિ, દ્વાપર
ત્રેતા, ને કૃતયુગ એ ચાર સંજ્ઞારૂપ ચારના અંકથી ભાગાકાર કરીને
ને ભાગાકાર કર્યે છતે જો શેષ ૧ રહે તો તે રાશિ પૂર્વપુરૂષ પરિ
ભાષાએ (સંજ્ઞાએ) કલ્યોજ કહેવાય. જેમ ૧૩ ની સંખ્યા તે
કલ્યોજ કહેવાય, અને બે (૨) શેષ વધે તો દ્વાપરયુગ્મ, યથા ૧૪ની
સંખ્યા દ્વાપર યુગ્મ કહેવાય, અને ૩ શેષ વધે તો ત્રેતૌજ કહેવાય
જેમકે ૧૫. અને જ્યારે કંઇ પણ શેષ ન વધે પરંતુ ભાગ સંપૂર્ણ
પહોંચે (એટલે શૂન્ય શેષ વધે) તો તે સંખ્યા કૃતયુગ કહેવાય
જેમકે૧૬. કહ્યું છે કે––

चउदस दावरजुम्मा, तेरस कलिओज तहकडजुम्मा
सोलस तेओजो खलु, पन्नरसेवं खु विन्नेया ॥ १ ॥

અર્થઃ—૧૪ એ દ્વાપરયુગ, ૧૩ એ કલ્યોજ, તથા ૧૬
કૃતયુગ્મ, અને ૧૫ તે નિશ્ચય ત્રેતૌજ. એ પ્રમાણે સંજ્ઞારૂપ રાશિ
જાણવો. હવે જે રાશિએ અવિભાગાદિ વર્તે છે તે રાશિનું પ્રમાણ
કહે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪) ૧૩ (૩ | ૪) ૧૪ (૩ | ૪) ૧૫ (૩ | ૪) ૧૬ (૪ |
| | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૬ |
| | — | — | — | — |
| | ૧ | ૨ | ૩ | ૦ |
| | કલ્યોજ | દ્વાપરયુગ | ત્રેતૌજ | કૃતયુગ |

મૂળ ગાથા ૪૨ મી.

कडजुम्मा अविभागा, ठाणाणि य कंडगाणि अणुभागे
[illegible]ओतरप्पिं न (अ)णंतगुणं ॥४२॥

**ગાથાર્થ:**—અનન્તગુણ વૃદ્ધિ સ્થાનોને આદિમાં રાખીને પશ્ચાનુ પૂર્વીએ અનંતરાનંતર વૃદ્ધિમાં અસંખ્યગુણ અલ્પબહુત્વ કહેવું. અને ઇતર પરંપરોપનિધામાં અનન્તરોપનિધાથી વિપરીત ક્રમ જાણવો, અને સંખ્યગુણવૃદ્ધિ તથા સંખ્યભાગવૃદ્ધિમાં સં ગુણરૂપ અલ્પબહુત્વ કહેવું.

**ટીકાર્થ:**—અહિં અલ્પબહુત્વ પ્રરૂપણા બે પ્રકારે છે, ૧ અનંતરોપનિધા ને ૨ જી પરંપરોપનિધા, ત્યાં એક ષટ્સ્થાનકમાં [1]અન્તિમસ્થાનથી આરંભીને પશ્ચાનુપૂર્વીએ અનંતરોપનિધા પ્રરૂપણા કરાય છે. અનન્તગુણ વૃદ્ધિનાં સ્થાનોને આદિમાં રાખીને શેષ સ્થાનો અસંખ્યગુણ અસંખ્યગુણ કહેવાં તે આ પ્રમાણે—અનન્તગુણ વૃદ્ધિ સ્થાનો સર્વથી અલ્પ છે. કારણ કે તે માત્ર કંડક પ્રમાણજ છે. તેથી અસંખ્યગુણ વૃદ્ધિ સ્થાનો અસંખ્યગુણ છે. એમાં ગુણકાર કેટલો? તો કહીએ છીએ કે કંડક પ્રમાણથી ગુણાકાર કરી એક કંડકનો પક્ષેપ કરે તેટલો [2]ગુણક રાશિ છે. (અહિં ગુણક રાશિ તો માત્ર કંડક પ્રમાણજ છે). જો એમ પૂછતા હો કે તે કેવી રીતે જણાય? તો કહીએ છીએ કે અહિં એકેક અનંતગુણાધિક સ્થાનથી પૂર્વે પૂર્વે કંડકકંડક પ્રમાણ અસંખ્યગુણવૃદ્ધિ સ્થાનો છે તે કારણથી કંડક રાશિ જેટલો ગુણક રાશિ છે. પુનઃ અનન્તગુણવૃદ્ધિ કંડકથી ઉપર કંડકમાત્ર અસંખ્યગુણવૃદ્ધિસ્થાનો છે, પરંતુ અનન્તગુણવૃદ્ધિ સ્થાન નથી. તેથી તે ઉપરનું એક કંડક વિશેષાધિક જાણવું, અસંખ્યગુણાધિકસ્થાનોથી સંખ્યેયગુણાધિકસ્થાનો અસંખ્યગુણ તેથી પણ સંખ્યેયભાગાધિકસ્થાનો અસંખ્યગુણ છે, તેથી પણ અસંખ્યભાગાધિકસ્થાનો અસંખ્યગુણ છે, તેથી પણ અનન્તભાગાધિક સ્થાનો અસંખ્યગુણ છે. ગુણાકાર સર્વત્ર કંડકપ્રમાણ જાણવો, ને ઉપર એક કંડક અધિક જાણવું. તે આ પ્રમાણે:—

૧ આ સ્થાને મૂળ ૬ વૃદ્ધિના અપેક્ષા હોવાથી અન્તિમસ્થાન એટલે છઠ્ઠું અન્તગુણવૃદ્ધિરૂપસ્થાન જાણવું પરંતુ સર્વાંતિમ જે અનન્તભાગાધિક સ્થાન છે તે નહિ.

૨ " ગુણક " એ શબ્દથી અહિં " ગુણાકાર અર્થ જાણવો. "

એકેક અસંખ્યગુણાધિક સ્થાનથી પૂર્વે સંખ્યેયગુણાધિક સ્થાને કંડક કંડક માત્ર પ્રાપ્ત થાય છે, તે કારણે કંડકથી ગુણાકાર કર્યો, ને અસંખ્ય ગુણાધિકસ્થાનના કંડકથી ઉપર એક કંડક પ્રમાણ સંખ્યેયગુણાધિક સ્થાનો પ્રાપ્ત થાય છે, ને તદનંતર અસંખ્યેયગુણાધિક નહિ પણ અનન્તગુણાધિક સ્થાનજ પ્રાપ્ત થાય છે; ને અહિં જે સંખ્યેયગુણાધિક સ્થાનોનો વિચાર ચાલે છે તે પ્રથમ અનન્તગુણાધિકસ્થાનથી પૂર્વે અસંખ્યગુણાધિકસ્થાનની અપેક્ષાએ છે, પરંતુ તેથી ( પ્રથમાનંતગુણાધિકસ્થાનથી ) આગળનાં ( સંખ્યેય ગુણાધિક ) સ્થાનોના વિચારનો પ્રસંગ નથી. તે કારણે ( કંડક ગુણાકારથી ) ઉપર એક કંડકનો અધિક પ્રક્ષેપ થાય છે. એ પ્રમાણે સંખ્યેયભાગાધિકસ્થાનોના અસંખ્ય ગુણાકારનો વિચાર પણ એ રીતેજ જાણવો. એ પ્રમાણે અનન્તરોપનિધાએ અલ્પબહુત્વની પ્રરૂપણા કરીને હવે પરંપરોપનિધાની રીતીએ તે અલ્પબહુત્વ પ્રરૂપણા કરવી કહે છે કે—

કંડક સંબંધિ અન્તિમસ્થાનની અપેક્ષાએ તો ( તે અનંતભાગાધિક સ્થાન ) અસંખ્યભાગાધિકજ છે. તેથી ઉપર ઉપરના ( અનન્તભાગાધિક ) સ્થાનો વિશેષ વિશેષથી અસંખ્યભાગાધિક ત્યાં સુધી જાણવાં કે જ્યાં સુધી સંખ્યેયભાગાધિક સ્થાનક પ્રાપ્ત ન થાય. તેથી એ પ્રમાણે જે પ્રથમ અસંખ્યેયભાગાધિકસ્થાનથી પ્રારંભીને પ્રથમ સંખ્યેય ભાગાધિક સ્થાનથી પૂર્વે અંતરાલમાં જેટલાં[1] સ્થાનો તે સર્વે પણ અસંખ્યભાગાધિકજ કહેવાય.

તે કારણથીજ અનન્તભાગાધિક સ્થાનોથી અસંખ્યેયભાગાધિક સ્થાનો અસંખ્યગુણ છે ને તેથી પણ સંખ્યેયભાગાધિક સ્થાનો સંખ્યાતગુણ છે. તે કેવી રીતે સમજાય ? એમ જો કહેતા હો તો કહીએ છીએ કે–પ્રથમ સંખ્યેયભાગાધિક સ્થાનમાં જે સંખ્યેયભાગાધિકપણું છે તે પૂર્વના અનન્તર [2]સ્થાનની અપેક્ષાએ છે, તો પ્રથમ સંખ્યયભાગાધિક સ્થાનમાંજ સંખ્યતભાગ વૃદ્ધિ પ્રાપ્ત થાય તો તે પ્રથમ સ્થાનથી ઉત્તરવર્તિ ( આગળના ) અનન્તભાગાધિક અસંખ્યેયભાગાધિકસ્થાનોની અવશ્ય અસંખ્ય ભાગવૃદ્ધિ થાય કારણ કે અનન્તભાગવૃદ્ધિ અથવા અસંખ્યભાગવૃદ્ધિ પૂર્વ પૂર્વના અનન્તર સ્થાનની અપેક્ષાએ છે, ને પ્રથમ સંખ્યેયભાગવૃદ્ધિથી પૂર્વનું જે [3]અનન્તરસ્થાન છે તેની અપેક્ષાએ [4] સર્વે પણ સ્થાનો તે ( એટલે ) અનન્તભાગાધિક અથવા અસંખ્યભાગાધિક સ્થાનો તે અનુક્રમે વિશેષ વિશેષપણે સંખ્યેયભાગાધિકથાય છે. ને એ પ્રમાણે વિશેષ વિશેષતર અસંખ્યભાગ વૃદ્ધિ પણ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી [5]મૂળરૂપ બીજું સંખ્યેયભાગાધિકસ્થાન ન આવે. કારણ કે

૧ અંકસ્થાપનાનુસારે ૧૯ અનુભાગસ્થાનો.

૨ અંતન્તભાગાધિકસ્થાનની અપેક્ષાએ છે.

૩ અનન્તભાગાધિક સ્થાન છે તેની અપેક્ષાએ.

૪ અંકસ્થાપનાનુસારે ૨૫ અનુભાગસ્થાનો ( પહેલા ત્રગડા અને બીજા ત્રગડાની અંતરાળમાંનાં. )

૫ અંકસ્થાપનાનુસારે પ્રથમ સંખ્યભાગરૂપ પહેલા ત્રગડાથી પ્રારંભી

બીજું મૂળ સંખ્યેયભાગાધિકસ્થાન તે સાધિક બે સંખ્યેયભાગે કરીને સાધિક જાણવું, ત્રીજું સાધિક ત્રણ સંખ્યેયભાગે કરીને અધિક, ને ચોથું સાધિક ચાર સંખ્યેયભાગે કરીને અધિક જાણવું, એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી અન્તરે રહેલાં મૂળ સંખ્યેયભાગ વૃદ્ધિસ્થાનો ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ થાય.

એ સર્વ ( મૂળ સંખ્યેયભાગસ્થાનો ) અને એકેક મૂળ સ્થાનના અન્તર અન્તરમાં જેટલાં (અન્ય) સ્થાનો છે, તે સર્વમાં એક અંતિમ સ્થાન સિવાયનાં સર્વે પણ સ્થાનો સંખ્યેયભાગ વૃદ્ધિવાળાં જાણવાં, કારણ કે એ ઉત્કૃષ્ટ સંખ્યાતમું અસંખ્યભાગ વૃદ્ધિસ્થાન સંખ્યેયગુણ થાય છે. અર્થાત દ્વિગુણ થાય છે. માટે એ અંતિમસ્થાન સંખ્યેયભાગ વૃદ્ધિની ગણત્રીમાંથી ત્યાગ કરાય છે. તથા અહિં જેટલાં અસંખ્યેયભાગાધિકસ્થાનો પૂર્વે કહ્યા તે સર્વ

**ગાથાર્થ**:—એકેક અધ્યવસાયસ્થાને સ્થાવર જીવો અનંત વર્તે છે ને ત્રસ જીવો અસંખ્ય વર્તે છે. પુનઃ ત્રસજીવપ્રાયોગ્ય અધ્યવસાયસ્થાનોમાં અસંખ્યલોકપ્રમાણ અંતર રહે છે, ને સ્થાવરજીવોમાં અનુભાગાધ્યવસાયનું અંતર નથી.

**ટીકાર્થ**:—સ્થાવરજીવોને બંધપ્રાયોગ્ય અનુભાગસ્થાનોમાંના પ્રત્યેક સ્થાનમાં અનન્ત સ્થાવરજીવો બંધકપણે વર્તે છે, અને ત્રસ પ્રાયોગ્યસ્થાનોમાંના એકેક સ્થાનમાં ત્રસ જીવો જઘન્યથી એક વા બે ને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા અસંખ્યાત વર્તે છે.

( ઇતિ પ્રતિસ્થાને જીવપ્રમાણપ્રરૂપણા )

હવે [1]અન્તરસ્થાનપ્રરૂપણા કહે છે તે આ પ્રમાણે—લોગાસંખ ઇત્યાદિ એટલે ત્રસજીવોને અસંખ્ય લોકાકાશપ્રમાણ અનુભાગસ્થાનોનું અંતર છે અર્થાત્ એટલાં અનુભાગસ્થાનો બંધાતાં નથી. એનું તાત્પર્ય આ પ્રમાણે છે—ત્રસપ્રાયોગ્ય જે અનુભાગબંધસ્થાનો ત્રસજીવને બંધ પ્રત્યે પ્રાપ્ત થતાં નથી તે જઘન્યપદે એક વા બે ને ઉત્કૃષ્ટપદે અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. અને સ્થાવર પ્રાયોગ્ય સ્થાનોમાં અન્તર પડતું નથી, કારણ કે સ્થાવર પ્રાયોગ્ય સર્વે સ્થાનો સદાકાળ સ્થાવર જીવો વડે બધ્યમાન પ્રાપ્ત થાય છે. તે કેવી રીતે જણાય ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે અહિં સ્થાવર જીવો અનંત છે, ને સ્થાવરોને બંધ પ્રાયોગ્યસ્થાનો પુનઃ અસંખ્યાત જ છે તેથી અન્તર પ્રાપ્ત થતું નથી.

( ઇતિ અન્તરસ્થાનપ્રરૂપણા )

---

૧ નંબરવાર ( પંક્તિબદ્ધ ) સ્થાપન કરેલા અધ્યવસાયોમાં ( પંક્તિ [illegible] ) જે અંતર પડે તે પણ પંક્તિબદ્ધ અંતર ગ્રહણ કરવું પરંતુ [illegible] [illegible] અનુભાગસ્થાનના સમુદાયની અપેક્ષાએ આ અન્તરપ્રરૂપણા [illegible] જાણવી. યથા ooooooooo·ooooooooo ooooooooo આ સ્થાન[illegible] નામાં જે ખાલી ચન્ય છે તે અંધ્યાન્યસ્થાનરહિત એટલે અન્તરરૂપ છે.

હવે નિરન્તરસ્થાનપ્રરૂપણા કહેવાય છે.

## મૂળ ગાથા ૪૫ મી.

ાવલિઅસંખભાગો, તસા નિરંતર અહેગ ઠાણંમિ
ાણાજીવાએવઇ, કાલંએગિંદિયાનિચ્ચં ॥ ૪૫ ॥

ગાથાર્થઃ—ત્રસ જીવોવડે નિરન્તર બધ્યમાન સ્થાનો આવ-
લિકાના અસંખ્યાતભાગ પ્રમાણ છે, અને નાના ત્રસ જીવોની અપેક્ષા-
એ એક સ્થાનમાં બંધકાળ પણ એટલોજ છે, અને સ્થાવર પ્રાયોગ્ય
એકેક અનુભાગસ્થાનમાં એકેંદ્રિયજીવ નિત્ય એટલે સર્વકાળ બંધક
પણે વર્તે છે.

**ટીકાર્થઃ**—અહિં તસા શબ્દમાં તૃતિયા વિભક્તિના અર્થમાં
પ્રથમાવિભક્તિ આવી છે ( માટે અર્થ તૃતિયાને અનુસરતો કરવો ).
માટે ( ત્રસપ્રાયોગ્યસ્થાનો ) ત્રસ જીવોવડે બધ્યમાન સ્થાનો નિર-
ન્તર ( કેટલાં છે તે કહેવાં ) તાત્પર્ય એ છે કે—ત્રસ જીવો વડે
નિરન્તર[1] બધ્યમાન અનુભાગસ્થાનો જઘન્યથી એક બે વા ત્રણ અને
ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમાભાગ પ્રમાણ છે. તે કેવી રીતે
જણાય ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે—ત્રસ જીવો અલ્પ
છે, ને પુનઃ ત્રસ પ્રાયોગ્ય સ્થાનો અસંખ્ય છે, તેથી ત્રસ જીવો વડે
સર્વ સ્થાનો અનુક્રમે નિરન્તર બધ્યમાનપણે પ્રાપ્ત થતાં નથી,
પરંતુ ઉત્કૃષ્ટથી પણ આવલિકાના અસંખ્યાતમાભાગ માત્રજ બધ્ય-
માનપણે પ્રાપ્ત થાય છે. ( ઇતિ નિરન્તરસ્થાન પ્રરૂપણા ).

---

૧ આ " નિરંતર " [illegible] નથી, પરંતુ [illegible]
[illegible]

હવે નાનાજીવકાલ પ્રરૂપણા કહે છે.

અહેગઠાણમ્મિ ઈત્યાદિ—અર્થાત્ અનેક જીવોવડે બંધ્યમાન એ અનુભાગસ્થાન કેટલા કાળ સુધી અવિરહિત પ્રાપ્ત થાય? એ થયે છતે ઉત્તર–( અપાય છે કે ) અનેક ત્રસ જીવો ને એકેક અનુભાગ બન્ધસ્થાનમાં જઘન્યથી ૧ સમય ને પવઙ્કાલં=એટલોજ કાળ અર્થાત્ પૂર્વે કહ્યા પ્રમાણે આ અસંખ્યાતમાભાગ જેટલા કાળ સુધી નિરન્તર બંધકપણે પ્ર છે. તદનંતર અવશ્ય તે સ્થાન બંધશૂન્ય થાય છે એ ભાવ અહિં તાત્પર્ય આ પ્રમાણે છે—એકેક ત્રસ પ્રાયોગ્ય બન્ધસ્થાન બીજા બીજા ત્રસજીવોવડે નિરંતર બંધ્યમાન છ જઘન્યથી એક વા બે સમય સુધી, અને ઉત્કૃષ્ટથી આવ અસંખ્યાતમાભાગ જેટલા કાળ સુધી નિરન્તર બંધ્યમાન હોય છે.

એગિંદિયાન્નિચ્ચં ઇતિ=સ્થાવર પ્રાયોગ્ય એકેક અનુભાગ સ્થાને નાનાવિધ એકેંદ્રિયજીવો નિત્ય અર્થાત્ બંધકપણે સ અવિરહિત પ્રાપ્ત થાય છે. તે એકેંદ્રિય પ્રાયોગ્ય સ્થાન ક કાળે પણ બંધશૂન્ય થતું નથી. અહિં પણ તાત્પર્ય એજ છે સ્થાવર પ્રાયોગ્ય એકેક અનુભાગસ્થાન અન્ય અન્ય સ્થાવર નિરન્તરપણે સદાકાળ બંધાતું રહે છે, પરંતુ કોઈ પણ કાળે શૂન્ય થતું નથી.

એ પ્રમાણે નાના જીવોની અપેક્ષાએ કાળ પ્રરૂપણા કરી વૃદ્ધિ પ્રરૂપણાનો પ્રસંગ હોવાથી તે કહેવાય છે. ત્યાં ૨ અ ને આ પ્રમાણે ૧ અનંતરોપનિધા ૨ પરંપરોપનિધા એ પ્રથમ અનન્તરોપનિધા પ્રરૂપણા કહે છે.

મૂળ ગાથા ૮૬ મી.

थोवा जहन्नठाणे, जा जवमज्झं विसेसओ।
एत्तो हीणा उक्को–सगंतिजीवा अणंतरओ ॥

ગાથાર્થ:—જઘન્યાનુભાગબન્ધસ્થાનમાં વર્તતા સર્વ જીવો તે અલ્પ છે, તેથી બીજા અનુભાગસ્થાનમાં વર્તતા જીવો વિશેષાધિક છે, તેથી પણ ત્રીજા અનુભાગસ્થાનમાં વર્તતા જીવો વિશેષાધિક છે, એ પ્રમાણે સર્વોત્કૃષ્ટ સામયિકાનુભાગસ્થાન સુધી કહેવું. ત્યાંથી આગળ પુનઃ અનંતર અનંતરપણે ( અનુક્રમે ) વિશેષહીન વિશેષહીન કહેવાં તે પણ ત્યાં સુધી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ દ્વિસામયિકસ્થાન આવે.

ટીકાર્થ:—ગાથાર્થવત્ ( ઇતિ અનંતરોપનિધા પ્રરૂપણા )

હવે ( અનુભાગસ્થાનોમાં વર્તમાન જીવોની હાનિ વૃદ્ધિ ) પરંપરોપનિધાવડે કહે છે.

મૂળગાથા ૪૭ મી.

गंतूण मसंखेज्जे, लोगे दुगुणाणि जाव जवमज्झं
एत्तो य दुगुणहीणा, एवं उक्कोसगं जाव ॥ ४७ ॥

ગાથાર્થ:—અસંખ્યલોકપ્રમાણસ્થાનો વારંવાર અતિક્રમતાં અનંતર અનંતરસ્થાનમાં યાવત્ યવમધ્ય સુધી દ્વિગુણ દ્વિગુણ જીવો થાય, અને ત્યાંથી આગળ ઉત્કૃષ્ટ અનુભાગસ્થાન સુધી યથોક્તસ્થાનાતિક્રમે દ્વિગુણહાનિ દ્વિગુણહાનિ પ્રાપ્ત થાય.

ટીકાર્થ:—[1]જઘન્યાનુભાગસ્થાને જેટલા જીવો બન્ધકપણે

[1] આ હાનિવૃદ્ધિની પરિપાટી પ્રથમ અનુભાગસ્થાનથી પ્રારંભીને કહી છે, પરંતુ બીજી રીતે યવમધ્ય અનુભાગસ્થાનથી પ્રારંભીને પણ કહેવાય તે આ પ્રમાણે—યવમધ્યાનુભાગસ્થાનમાં બન્ધકપણે વર્તતા જીવોથી ઉત્કૃષ્ટ પક્ષે અસંખ્યલોકપ્રમાણસ્થાનો અતિક્રમીને જે અનંતર સ્થાન આવે તે સ્થાનમાં બન્ધકપણે વર્તતા જીવો દ્વિગુણહીન હોય. એ પ્રમાણે વારંવાર ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી પૂર્વપક્ષે જઘન્યાનુભાગ સ્થાન પ્રાપ્ત થાય

પ્રાપ્ત થાય, તેથી જઘન્યાનુભાગસ્થાનથી આરંભીને યાવત્ અસંખ્ય લોક પ્રમાણસ્થાનો અતિક્રમ્યે જે અનુભાગસ્થાન આવે તેમાં બન્ધકપણે વર્તતાજીવો[1] દ્વિગુણ એટલે બમણા હોય છે. ત્યાંથી આગળ પુનઃ પણ તેટલાં સ્થાનો અતિક્રમતાં અનંતર જે સ્થાન આવે તેમાં બન્ધકપણે વર્તતા જીવો દ્વિગુણ થાય. એ પ્રમાણે દ્વિગુણ વૃદ્ધિ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી યવનો મધ્યભાગ આવે. ત્યાંથી અસંખ્ય લોકપ્રમાણસ્થાનો અતિક્રમતાં જે સ્થાન આવે તેમાં યવમધ્યાનુભાગસ્થાન બંધક જીવોથી દ્વિગુણહીન જીવો હોય. ત્યાંથી આગળ પુનઃ પણ તેટલાં સ્થાનો અતિક્રમતાં જે સ્થાન આવે તેમાં બન્ધકપણે વર્તતા જીવો દ્વિગુણહાન હોય છે. એ પ્રમાણે દ્વિગુણહાનિ ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી [2]સ્વસ્વપ્રાયોગ્ય સર્વોત્કૃષ્ટ અનુભાગસ્થાન આવે.

( હવે એ દ્વિગુણવૃદ્ધિહાનિરૂપ અનુભાગસ્થાનો કેટલાં છે? તે કહે છે. )

### મૂળ ગાથા ૪૮ મી.

**नाणंतराणि आवलिय, असंखभागो तसेसु इयरेसुं**
**एगंतरा असंखिय–गुणाइं ठाणंतराइं तु ॥ ४८ ॥**

ગાથાર્થઃ—ત્રસકાયજીવોમાં આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ( વૃદ્ધિ હાનિને અપાંતરાલે રહેલાં ) અન્તરો પ્રાપ્ય

---

૧ ટીકામાં **द्विगुण वृद्धा भवंति** એ પાઠમાં વૃદ્ધા શબ્દ સાધિક વાચક નથી. અર્થાત્ " દ્વિગુણ અધિક " એવો અર્થ કરવાને માટે વૃદ્ધા શબ્દ નથી. પરંતુ પૂર્વસ્થાનાઅપેક્ષાએ " દ્વિગુણ જેટલા અધિક " જીવો સૂચવવાને માટે છે.

૨ અહિં **स्वस्वप्रायोग्य** કહેવાથી એમ સંભવે છે કે યવમધ્યાનુભાગથી ઉત્તરવર્તિ અષ્ટસામયિકાદિ ૭ વિભાગનાં અન્તિમ અન્તિમ સ્થાનો હશે.

ાણ છે, ને સ્થાવર જીવોમાં એક અન્તરથી ( અન્તરવર્તિ સ્થાનોથી ) અસંખ્યગુણ અન્તરો પ્રાપ્યમાણ છે.

**ટીકાર્થઃ**—नाणंतराणि=નાનાન્તરાણિ એટલે નાના પ્રકારનાં દ્વિગુણવૃદ્ધિ ને દ્વિગુણહાનિ એ બેના અન્તરાલરૂપ જે ( અનુભાગ સ્થાનોના સમુદાયોરૂપ ) અન્તરો તે ત્રસકાયજીવોમાં આવલિકાના અસંખ્યાતમાભાગ પ્રમાણ પ્રાપ્યમાણ હોય છે.[1] અહિં પ્રશ્ન એ છે કે ત્રસજીવોવડે નિરંતર બધ્યમાન સ્થાનોજ માત્ર આવલિકાના અસંખ્યાતમાભાગ પ્રમાણ છે એમ [2]પૂર્વે કહ્યું છે, તો ત્રસજીવોમાં આવલિકાના અસંખ્યાતમાભાગ પ્રમાણ અન્તરો પ્રાપ્યમાણ કેમ હોય ? પૂર્વોક્ત રીતીએ તો એક પણ અન્તરની પ્રાપ્તિ ત્રસજીવોમાં નહોય.[3] અહિં ઉત્તર એજ છે કે—એમાં કોઈ વિરોધ નથી. કારણ કે પૂર્વે જે આવલિકાના અસંખ્યાતમાભાગ પ્રમાણ સ્થાનોની પ્રાપ્તિ ( ત્રસજીવોમાં ) કહી તે નિરન્તર બંધપણાની અપેક્ષાએ કહી, ને અહિં તો ( ત્રસજીવોને બંધયોગ્ય સ્થાનોની અપેક્ષા છે તેથી ) જો કે આવલિકાના અસંખ્યાતમાભાગ પ્રમાણ સ્થાનોથી બીજાં સ્થાનો જો કે વર્તમાન સમયમાં બંધાતાં નથી, પરંતુ કોઇ કોઇ સમયે તે સ્થાનો ત્રસ જીવોમાં બંધાય છે, ને ઉત્કૃષ્ટપદે તેમાં

તેમાં જીવોનું વિશેષાધિકપણું હોય છે, માટે યથોકત પ્રમાણ અનુભાગ સ્થાનો ( અન્તરો ) ની પ્રાપ્તિ ત્રસજીવોમાં વિરોધવાળી સંભવતી નથી.

તથા સ્થાવર જીવોમાં ત્રસકાય પ્રાયોગ્ય એક અન્તરથી અસંખ્યેયગુણ નાનારૂપ અન્તરો પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ છે કે—ત્રસકાયિક જીવોના બે દ્વિગુણવૃદ્ધિ અથવા બે દ્વિગુણહાનિના એક અન્તરમાં જેટલાં અનુભાગ સ્થાનો છે તેથી અસંખ્યગુણ અન્તરોની પ્રાપ્તિ સ્થાવરકાય જીવોમાં છે.

અહિં ત્રસજીવપ્રાયોગ્ય દ્વિગુણ વૃદ્ધિ હાનિનાં અન્તરો સર્વથી અલ્પ છે, તેથી એક દ્વિગુણ વૃદ્ધિ વા હાનિના અંતરાલમાં રહેલાં અનુભાગસ્થાનો અસંખ્યગુણ છે, એ વિવક્ષા ત્રસપ્રાયોગ્ય કહી—સ્થાવર જીવો સંબંધિ અનુભાગ સ્થાનની વિવક્ષા આ પ્રમાણે—બે દ્વિગુણવૃદ્ધિ વા દ્વિગુણ હાનિના એક અન્તરમાં રહેલાં અનુભાગસ્થાનો સર્વથી અલ્પ છે, ને તેથી દ્વિગુણ વૃદ્ધિ વા હાનિનાં અન્તરો પુનઃ અસંખ્યગુણ છે.

( ઇતિ વૃદ્ધિ પ્રરૂપણા )

હવે યવમધ્ય પ્રરૂપણા કરાય છે તે આ પ્રમાણે—યવમધ્ય રૂપ અષ્ટસામયિક અનુભાગસ્થાનો શેષ સ્થાનોની અપેક્ષાએ અસંખ્યાતમાભાગ માત્ર છે, તથા યવમધ્યથી પૂર્વનાં સ્થાનો અલ્પ છે ને તેથી યવમધ્યથી ઉપરનાં સ્થાનો અસંખ્યગુણ છે. કહ્યું છે કે—

जवमज्झे ठाणाइं, असंखभागो उ सेसठाणाणं
हेठम्मि होंति थोवा, उवरिम्मि असंखगुणियाणि ॥ १ ॥

( પંચસંગ્રહે ) ગતાર્થા.

( ઇતિ યવમધ્ય પ્રરૂપણા )

હવે સ્પર્શના પ્રરૂપણા કહે છે.

મૂળગાથા ૪૯-૫૦-૫૧ મી.

ासणकालो तीए, थोवो उक्कोसगे जहन्ने उ
ोइ असंखेज्जगुणो, उ कंडगे तत्तिओ चेव ॥४९॥

जवमज्झ कंडगोवरि, हेट्ठो जवमज्झओ असंखगुणो
समओ जवमज्झुवरिं, कंडगहेट्ठा य तावइओ ॥५०॥

जवमज्झुवरि विसेसो, कंडगहेट्ठा य सव्वहिं चेव ॥
जीवप्पाबहु सेवं, अज्झवसाणेसु जाणेज्जा ॥५१॥

સ્પર્શનાકાળ વિશેષાધિક. એ પ્રમાણે અધ્યવસાયસ્થાનોમાં જીવોનું અલ્પબહુત્વ જાણવું. ॥ ૫૧ ॥

**ટીકાર્થ**:—અતીતકાળમાં એક જીવનો ઉત્કૃષ્ટ એટલે દ્વિસામયિક અનુભાગસ્થાનોમાં સ્પર્શનાકાળ સર્વથી અલ્પ છે. અર્થાત્ અતીતકાળમાં પરિભ્રમણ કરતા એવા એક જીવે દ્વિસામયિકાનુભાગસ્થાનો અતિ અલ્પકાળ સુધી સ્પર્શ્યાં છે. પુનઃ જઘન્ય એટલે પૂર્વ ચતુઃસામયિકાનુભાગસ્થાનો અતીતકાળમાં જે એક જીવે સ્પર્શ્યાં છે તેનો કાળ અસંખ્યાતગુણો છે. તેથી કંડકમાં એટલે ઉત્તરવર્તિ ચતુઃસામયિકાનુભાગસ્થાનોમાં એક જીવનો સ્પર્શનાકાળ તુલ્ય અર્થાત્ પૂર્વ ચતુઃસામયિકસ્થાન સ્પર્શનાકાળ જેટલો છે. તેથી યવમધ્યમાં એટલે અષ્ટસામયિકાનુભાગસ્થાનોમાં સ્પર્શનાકાળ અસંખ્યગુણ છે. તેથી કંડકોત્તરવર્તિ એટલે ઉત્તર ચતુઃ સામયિક સ્થાનોથી ઉપરનાં ત્રિસામયિકસ્થાનોમાં સ્પર્શનાકાળ અસંખ્યગુણ છે. તેથી યવમધ્યપૂર્વે પંચસામયિક, ષટ્સામયિક, ને સપ્ત સામયિક સ્થાનોમાં સ્પર્શનાકાળ અસંખ્યગુણ છે, ને પરસ્પર તુલ્ય છે તેથી અનુક્રમે યવમધ્યોત્તર કંડકથી એટલે ઉત્તરવર્તિ ચતુ સામયિક સ્થાનોથી પૂર્વનાં પંચ, ષટ્, સપ્ત સામયિકસ્થાનોનો સ્પર્શનાકાળ પણ યવમધ્યપૂર્વવર્તિ પંચ, ષટ્, સપ્ત સામયિક સ્થા સ્પર્શનાકાળ જેટલો છે, તેથી યવમધ્યોત્તરવર્તિ દ્વિસામયિક પર્યંતનાં સર્વ સ્થાનોનો સ્પર્શનાકાળ વિશેષાધિક છે, તેથી કંડક પૂર્વ એટલે ઉત્તરવર્તિ ચતુઃસામયિક સ્થાનોથી જઘન્યચતુઃસામયિક સુધીનાં સર્વે સ્થાનોનો સ્પર્શનાકાળ વિશેષાધિક છે; તેથી ૫ સર્વ સ્થાનોનો સ્પર્શનાકાળ વિશેષાધિક છે. એ પ્રમાણે સ્પર્શ પ્રરૂપણા કરીને હવે અલ્પબહુત્વ પ્રરૂપણા કહે છે.

( ઇતિ સ્પર્શનાકાળ પ્રરૂપણા. )

जीवप्पाबहु ઇત્યાદિ—જેમ સ્પર્શનાકાળનું અલ્પબહુત્વ કહ્યું

ગાથાર્થ:—સ્થિતિસ્થાન નિબન્ધનભૂત એકેક કષાયોદયમાં અસંખ્યલોકપ્રમાણ અધ્યવસાયસ્થાનો છે, ને સર્વ સ્થિતિસ્થાનોમાં પણ પ્રત્યેકે અસંખ્યલોકપ્રમાણ અધ્યવસાયસ્થાનો છે.

ટીકાર્થ:-નાના જીવોની અપેક્ષાએ સ્થિતિસ્થાનના કારણભૂત એકેક કષાયોદયમાં કૃષ્ણાદિલેશ્યા પરિણામ વિશેષ રૂપ ("કષાયોદય સહિત જે કૃષ્ણાદિલેશ્યારૂપ પરિણામ વિશેષ તેજ અનુભાગબન્ધમાં હેતુભૂત છે" ઇતિ વચનાત્) અનુભાગબન્ધાધ્યવસાયસ્થાનો અસંખ્ય લોકપ્રમાણ છે. તથા જઘન્ય સ્થિતિથી પ્રારંભીને ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીના જેટલા સમયો તેટલાં સ્થિતિસ્થાનો છે. તે આ પ્રમાણે—સર્વ જઘન્ય સ્થિતિ એ પ્રથમ સ્થિતિસ્થાન, તેથી એક.સમય અધિક સ્થિતિ તે બીજું સ્થિતિસ્થાન, તેથી એક સમયાધિક સ્થિતિ તે ત્રીજું સ્થિતિસ્થાન. એ પ્રમાણે એકેક સમયની વૃદ્ધિ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી કહેવી, ને એ રીતે અસંખ્ય સ્થિતિસ્થાનો થાય છે, તે અસંખ્યેયસ્થિતિબન્ધસ્થાનોમાંના પ્રત્યેક સ્થિતિબન્ધસ્થાને તીવ્રતીવ્રતર મન્દમન્દતરાદિ કષાયોદયરૂપ અધ્યવસાયસ્થાનો અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ છે.

(એ પ્રમાણે પ્રત્યેક સ્થિતિબન્ધસ્થાને અધ્યવસાયસ્થાનો કહીને) હવે એ અનુભાગાધ્યવસાયસ્થાનોની વૃદ્ધિમાર્ગણા કહેવાની છે.તે બે પ્રકારે-૧ અનન્તરોપનિધાવૃદ્ધિ ને-૨ જી પરંપરોપનિધા વૃદ્ધિ ત્યાં પ્રથમ અનન્તરોપનિધાની રીતીએ વૃદ્ધિમાર્ગણા કરતાં આ પ્રમાણે કહે છે.

મૂળ ગાથા ૫૩ મી.

**थोवाणि कसाउदये, अज्झवसाणाणि सव्वडहरम्मि**
**विइयाइ विसेसहिया-णि जाव उक्कोसगं ठाणं ॥५३॥**

ગાથાર્થ:—सव्वडहरम्मि=સર્વ જઘન્ય કષાયોદયમાં એટલે

સ્થિતિબન્ધ હેતુમાં કૃષ્ણાદિલેશ્યા પરિણામરૂપ અનુભાગબન્ધાધ્યવ-
સાયસ્થાનો સ્વરૂપ છે, તેથી દ્વિતીયાદિ સ્થિતિબન્ધ હેતુભૂત કષાયો
દયોમાં અનુક્રમે વિશેષાધિક અધ્યવસાયસ્થાનો ત્યાં સુધી કહેવાં કે
ત્યાં સુધી ઉત્કૃષ્ટસ્થિતિબન્ધસ્થાન પ્રાપ્ત થાય. અર્થાત્ દ્વિતીય
કષાયોદયમાં વિશેષાધિક, તેથી તૃતિય કષાયોદયમાં વિશેષાધિક,
થી પણ ચતુર્થ કષાયોદયમાં વિશેષાધિક, એવી રીતે ત્યાં સુધી
કહેવું કે જ્યાં સુધી ઉત્કૃષ્ટકષાયોદયરૂપ સ્થિતિબન્ધાધ્યવસાય
સ્થાન આવે.

**ટીકાર્થ:**—ગાથાર્થવત (ઇતિ અનન્તરોપનિધા વૃદ્ધિમાર્ગણા)
હવે પરંપરોપનિધાએ વૃદ્ધિમાર્ગણા કહે છે. તે આ પ્રમાણે—

### મૂળ ગાથા ૫૪ મી.

**गंतूणमसंखेज्जे, लोगे दुगुणाणि जाव उक्कोसं**
**गावलिअसंखभागो, नाणागुणवुड्ढिठाणाणि ॥५४॥**

**ગાથાર્થ:**—પ્રથમ કષાયોદયથી આરંભીને અસંખ્યલોક
ણ અતિક્રમતાં જે અનંતર કષાયોદય આવે તેમાં અનુભાગ
વસાયસ્થાનો દ્વિગુણ હોય, એ પ્રમાણે ઉત્કૃષ્ટકષાયોદય આવે
સુધી કહેવું, ને એ પરંપરોપનિધામાં જે નાના ગુણવૃદ્ધિ અને
નાના ગુણહાનિ તે આવલિકાના અસંખ્યાતમાભાગપ્રમાણ છે.

**ટીકાર્થ:**—જઘન્યકષાયોદયથી આરંભીને અસંખ્યલોકાકાશ
પ્રદેશપ્રમાણ કષાયોદયસ્થાનોને અતિક્રમીને આગળ જે સ્થિતિ
બન્ધાધ્યવસાયસ્થાન આવે તેમાં જઘન્યસ્થિતિબન્ધપ્રાયોગ્ય
અનુભાગાધ્યવસાયોથી દ્વિગુણ અનુભાગાધ્યવસાયસ્થાનો હોય છે.
નઃ પણ ત્યાંથી યથોક્તપ્રમાણ સ્થિતિબન્ધાધ્યવસાયસ્થાનો
મીને આગળના સ્થિતિબન્ધાધ્યવસાયસ્થાનમાં દ્વિગુણ અનુ-
ગાધ્યવસાયો હોય. એ પ્રમાણે વારંવાર ત્યાં સુધી કહેવું કે જ્યાં

સુધી ઉત્કૃષ્ટસ્થિતિબન્ધાધ્યવસાયસ્થાન પ્રાપ્ત થાય. પુનઃ અન્તરે જે નાના પ્રકારનાં દ્વિગુણ વૃદ્ધિ અને હાનિનાં કેટલાં છે ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે અસંખ્યાતમાભાગે જેટલા સમય છે તેટલાં દ્વિગુણ વૃદ્ધિ સ્થાનો છે.

(હવે પૂર્વોક્ત વૃદ્ધિપ્રરૂપણાનું પ્રકૃતિઓમાં અવતરણ કરે છે

મૂળ ગાથા ૫૫ મી.

**सव्वासुभपगइणं सुभपगइणं विवज्जयं जाण**
**ठिइवंधट्ठाणेसु वि आउगवज्जाण पगडीणं ॥५**

**ગાથાર્થ**:—પૂર્વોક્ત વૃદ્ધિ પ્રરૂપણા અશુભ પ્રકૃતિઓની અપેક્ષાએ કહી છે અને શુભ પ્રકૃતિઓની વૃદ્ધિપ્રરૂપણા એથી વિપરીત રીતે જાણવી. તથા આયુ સિવાયની શુભાશુભ પ્રકૃતિઓના સ્થિતિબન્ધસ્થાનોમાં પણ વૃદ્ધિપ્રરૂપણા કષાયોદયવત્ જાણવી.

**ટીકાર્થ**:—૫ જ્ઞાનાવરણ-૫ દર્શનાવરણ-૧ અશાતા-૧ મિથ્યાત્વ-૧૬ કષાય,-૯ નોકષાય,-૧ નરકાયુ,-પંચેન્દ્રિય જાતિ ૪ જાતિ-૫ અન્તિમ સંસ્થાન પંચક-૫ અન્તિમ સંઘયણ ૫ ૧ કૃષ્ણવર્ણ-૧ નીલવર્ણ-૧ દુરભિગન્ધ-૧ તિક્તરસ-૧ કટુરસ કર્કશ, ગુરૂ, રૂક્ષ, શીત, સ્પર્શ-૨ નર્કદ્વિક-૨ તિર્યગ્દ્વિક કુખગતિ-૧ ઉપઘાત-૧૦ સ્થાવરદશક-૧ નીચગોત્ર-૫ અન્તરાય ૮૭ અશુભ પ્રકૃતિઓમાં અનુભાગબન્ધાધ્યવસાયસ્થાનોની માર્ગણા પૂર્વોક્ત રીતે જાણવી.

તથા-સુભપગઈણ ઇત્યાદિ=શાતા-નરાયુ-તિર્યગાયુ-દેવગતિ-મનુષ્યગતિ-પન્ચેન્દ્રિયજાતિ-૫ શરીર-૫ સંઘાત બન્ધન-સમચતુરસ્ર-૩ ઉપાંગ-વજ્રર્ષભનારાચ-૧૯ શુભવર્ણ

**ટીકાર્થ:**—પૂર્વોક્ત આયુષ્ય સિવાયની અશુભ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબન્ધથી પ્રારંભીને પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોને અતિક્રમતાં જે અનંતર સ્થિતિસ્થાન આવે તેમાં અનુભાગબન્ધસ્થાનો પ્રથમસ્થિતિબન્ધગતાનુભાગસ્થાનોથી દ્વિગુણ થાય. ત્યાંથી આગળ પુનઃ પણ તેટલાં સ્થાનો અતિક્રમીને આગળના સ્થિતિસ્થાનમાં અનુભાગસ્થાનો દ્વિગુણ થાય. એ રીતે વારંવાર ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન આવે.

તથા પૂર્વોક્ત આયુષ્ય સિવાયની શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી પ્રારંભીને પશ્ચાત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોને ઉલ્લંઘીને જે અનંતર સ્થિતિસ્થાન આવે તેમાં અનુભાગસ્થાનો ઉત્કૃષ્ટસ્થિતિસ્થાનુભાગસ્થાનોથી દ્વિગુણ થાય. પુનઃ ત્યાંથી પણ પશ્ચાત્ પલ્યોપમાસંખ્યતમભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોને ઉલ્લંઘીને અનંતર સ્થિતિસ્થાનમાં અનુભાગ સ્થાનો દ્વિગુણ થાય. એ રીતે વારંવાર ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી જઘન્ય સ્થિતિસ્થાન આવે. એ શુભ તથા અશુભ પ્રકૃતિઓનાં દ્વિગુણ વૃદ્ધિસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયરાશિ પ્રમાણ થાય.

તથા દ્વિગુણ વૃદ્ધિસ્થાનો સર્વથી અલ્પ છે, કારણ કે આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ માત્ર છે, તેથી દ્વિગુણ વૃદ્ધિના એક અન્તરાલમાં સ્થિતિસ્થાનો અસંખ્યગુણ છે, કારણ કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયરાશિ પ્રમાણ એક અન્તરાલમાં સ્થિતિસ્થાનો છે.

તથા ચારે પણ આયુષ્યની સર્વજઘન્યસ્થિતિમાં અનુભાગસ્થાનો અલ્પ છે, તેથી એકસમયાધિક સ્થિતિબન્ધમાં અનુભાગસ્થાનો અસંખ્યગુણ છે, તેથી પણ દ્વિસમયાધિક સ્થિતિબન્ધમાં અનુભાગબન્ધસ્થાનો અસંખ્યગુણ છે, એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ સુધી કહેવું.

હવે અનુભાગ બન્ધસ્થાનોની તીવ્રમંદતા જાણવાને અર્થે અનુભાગબન્ધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ કહેવાની ઇચ્છાવાળા આચાર્યશ્રી આ પ્રમાણે કહે છે.

## મૂળ ગાથા ૫૭-૫૮ મી.

**घाईण ससुभवन्न र–स गंध फासे जहन्नठिइबंधे**
**जाणज्झवसाणाइं, तदेगदेसो य अन्नाणि ॥५७॥**
**पल्लासंखियभागो, जावं बिइयस्स होइ बिइयम्मि**
**आ उक्कस्सा एवं, उवघाए वा वि अणुकड्ढि ॥५८॥**

ગાથાર્થઃ—ઘાતિની પ્રકૃતિઓ, તથા અશુભવર્ણ ગંધ રસ સ્પર્શ એ ૫૪ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબન્ધમાં જે અનુભાગબન્ધાધ્યવસાયસ્થાનો છે તેનો એક દેશ અને અન્ય પણ અનુભાગાધ્યવસાયસ્થાનો દ્વિતીય સ્થિતિબન્ધમાં જાણવાં. ૫૭.

એ પ્રમાણે પ્રથમ સ્થિતિબન્ધની અનુકૃષ્ટિ પલ્યોપમા સંખ્યભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો વ્યતિક્રાન્ત થયે સમાપ્ત થાય, ને દ્વિતીય સ્થિતિબન્ધની અનુકૃષ્ટિ, પ્રથમ સ્થિતિની અનુકૃષ્ટિ જ્યાં સમાપ્ત થઈ છે ત્યાંથી અનંતર બીજા સ્થિતિબન્ધે સંપૂર્ણ થાય. એ પ્રમાણે એ ઘાતિની ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ સુધી કહેવું, તથા ઉપઘાતમાં પણ એ ઘાતિની પ્રકૃતિ પ્રમાણે અનુકૃષ્ટિ કહેવી.

**ટીકાર્થઃ**—અહિં સ્થિતિની વૃદ્ધિમાં જે અનુકૃષ્ટિ કહેવાશે તે [1]પ્રાયઃ ગ્રન્થિ દેશે વર્તતા અભવ્ય જીવના જઘન્ય સ્થિતિ બન્ધથી પ્રારંભીને કહેવી.

શાતાવેદનીય–મનુષ્યદ્વિક–દેવદ્વિક–તિર્યગ્દ્વિક–પન્ચેંદ્રિય જા-

૧ કેટલીક પ્રકૃતિઓની અનુકૃષ્ટી અભવ્યના જઘન્યસ્થિતિબન્ધથી ન્યૂનાંક (હીનતર સ્થિતિબન્ધથી) પ્રારંભાય છે. માટે પ્રાયઃ શબ્દ રાખ્યો છે.

તિ-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સમચતુરસ્ર-વજ્રર્ષભનારાચ-સુખગતિ-સ્થિર-શુભ-સૌભાગ્ય-સુસ્વર-આદેય-યશ-ઉચ્ચગોત્ર-એ પ્રકૃતિઓના પણ અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબન્ધાદિક અનુસરવા. ત્યાં ૫ જ્ઞાનાવરણ-૯ દર્શનાવરણ-૧ મિથ્યાત્વ-૧૬ કષાય-૯ નોકષાય-૫ અન્તરાય-એ ૪૫ ઘાતિકર્મની તથા અશુભવર્ણ-રસ-ગન્ધ ને સ્પર્શની ( ગાથામાં ફાસે એ સપ્તમી વિભક્તિના પ્રયોગમાં છે પરંતુ અર્થમાં ષષ્ઠી ગ્રહણ કરવી) એટલે કૃષ્ણ-નીલ-દુરભિગન્ધ-તિક્ત-કટુક-ગુરૂ-કર્કશ-રૂક્ષ ને શીત એ ૯ અશુભવર્ણાદિ મળી ૫૪ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિ બન્ધમાં જે અનુભાગ બન્ધાધ્યવસાયસ્થાનો છે તેનો એક દેશ ભાગ તથા બીજાં અનુભાગાધ્યવસાયસ્થાનો પણ દ્વિતીય સ્થિતિબન્ધને વિષે પ્રાપ્ત થાય છે. એમાં તાત્પર્ય આ પ્રમાણે છે-( એ ૫૪ પ્રકૃતિના ) જઘન્ય સ્થિતિબન્ધના આરંભમાં જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે, તેમાંનો એક અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ સર્વે પણ અનુભાગાધ્યવસાયસ્થાનો દ્વિતીય સ્થિતિબન્ધના પ્રારંભમાં પ્રાપ્ત થાય છે, અને તે સિવાય બીજાં પણ અનુભાગાધ્યવસાયસ્થાનો પ્રાપ્ત થાય છે. તથા દ્વિતીય સ્થિતિબન્ધ પ્રારંભે જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તેનો અસંખ્યાતમો ભાગવર્જીને શેષ સર્વે પણ અનુભાગાધ્યવસાયસ્થાનો તથા બીજાં પણ અનુભાગાધ્યવસાયસ્થાનો તૃતિય સ્થિતિબન્ધમાં વર્તે છે.


તૃતિય સ્થિતિબન્ધમાં જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તેના એક અસંખ્યાતમાભાગ સિવાયનાં સર્વ અનુભાગાધ્યવસાયસ્થાનો ને બીજાં પણ અનુભાગાધ્યવસાયસ્થાનો ચતુર્થ સ્થિતિબન્ધમાં હોય છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિઓ વ્યતિક્રાન્ત થાય. અહિં જઘન્ય સ્થિતિબંધ સંબંધી અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત

થાય છે, તેથી અનંતર બીજા સ્થિતિબન્ધમાં દ્વિતીય સ્થિતિ સંબંધિ અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તેથીજ કહે છે કે विइयस्स होइ विइयम्मि એટલે દ્વિતીય સ્થિતિબન્ધ સંબંધિ અનુભાગાધ્યવસાયોની અનુકૃષ્ટિ, ત્યાંથી દ્વિતીય સ્થિતિબન્ધે એટલે પ્રથમ સ્થિતિ સંબંધી અનુભાગાધ્યવસાયોની અનુકૃષ્ટિ જે સ્થિતિબન્ધે સમાપ્ત થઇ છે તે સ્થિતિબંધથી બીજા અનંતર સ્થિતિબંધમાં સમાપ્ત થાય. તથા તૃતિય સ્થિતિબન્ધ સંબંધિ અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ તેથી અનંતર તૃતિયસ્થિતિબન્ધે સમાપ્ત થાય. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી આપ આપણી ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. તેજ વાત કહે છે કે आउक्कस्सा एवं અર્થાત્ એ પ્રકારે ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ સુધી જાણવું.

તથા ઉપઘાત નામકર્મમાં પણ તે પ્રમાણેજ અનુકૃષ્ટિ કહેવી કે જે પ્રમાણે ઘાતિપ્રકૃતિઓની કહી. [1]અનુકૃષ્ટિ એટલે અનુકર્ષણ અથવા અનુવર્તન એ ત્રણે એકાર્થવાચક શબ્દો છે.

૧ અનુકૃષ્ટિ એટલે અનુ=પશ્ચાત્થી કૃષ્ટિ=કર્ષવું, ખેંચવું અર્થાત પાશ્ચાત્યસ્થિતિબન્ધગત અનુભાગાધ્યવસાયસ્થાનોને આગળ આગળના સ્થિતિબન્ધમાં ખેંચવા, પ્રરૂપવા.

પ્રકૃતિઓમાં **અનુકૃષ્ટિની સમાપ્ત સ્થાપના** આ પ્રમાણે.




આ અનુકૃષ્ટિની સ્થાપનાઓનું વિશેષ સ્વરૂપ મત્કૃત સ્થાપનાનુસારે સમજવું.

આ સ્થાપનામાં ૧૦-સમયાત્મક અભ. પ્રાયો. જઘ. સ્થિતિસ્થાન છે. ૧૧ સમયાત્મક દ્વિતિય સ્થિતિસ્થાન છે. ઇત્યાદિ. તથા ૧૦ સમયાત્મક પ્રથમ સ્થિતિસ્થાનથી ઉઠેલી લીટી રૂપ અનુકૃષ્ટિ ૧૬ સમયાત્મક સ્થિતિસ્થાન સુધી આવીને બિંદુરૂપે સમાપ્ત થઇ ગઇ જાણવી. ઇતિ સર્વત્ર.

મૂળ ગાથા ૫૯-૬૦ મી.

परघा उज्जो उस्सा-सायव धुवनास तणु उवंगाणं
पडिलोमा सायस्स उ, उक्कोसे जाणि समऊणे॥५९॥
ताणि य अन्नाणेवं, ठिइवंधो जा जहन्नगमसाए
हेट्ठ जोयसमेवं, परित्तमाणीण उ सुभाणं ॥६०॥

ભાગ સિવાયનાં સર્વ અને બીજાં પણ અનુભાગાધ્યવસાય સ્થાનો તૃતીયાન્તિમ સ્થિતિબન્ધમાં પ્રાપ્ત થાય છે. એ રીતે ત્યાંસુધી કહેવું કે જ્યાં સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિઓ પશ્ચાનુપૂર્વીએ વ્યતિક્રાન્ત થાય. [1]અહીં ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ સંબંધિ અનુભાગાધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તેથી અનંતર પશ્ચાત્ સ્થિતિબન્ધે ઉપાન્ત્ય સ્થિતિ બન્ધ સંબન્ધિ અનુભાગાધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય, તેથી અનંતર પશ્ચાત્ સ્થિતિબન્ધમાં તૃતીયાન્તિમ સ્થિતિબંધસંબંધિ અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી એ ૪૫ પ્રકૃતિઓની આપ આપણી જઘન્ય સ્થિતિ આવે.

સાયસ્સ ઇત્યાદિ=શાતાવેદનીયના ઉત્કૃષ્ટ સ્થિતિ બન્ધે જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે. તે એક સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિ બન્ધમાં સર્વ છે ને બીજાં પણ છે, તથા સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિ બન્ધે (ઉપાન્ત્ય સ્થિતિબન્ધે) જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તે દ્વિસમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધમાં સર્વ છે ને બીજાં પણ છે એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી [2] અસાતાનો જઘન્ય સ્થિતિબન્ધ આવે. તાત્પર્ય એ છે કે અશાતાની[3] જેટલી સ્થિતિઓ જઘન્યાનુભાગબન્ધપ્રાયોગ્ય છે ને શાતાની સાથે [4]પરાવર્તિ પર

૧ પલ્યોપમાસંખ્યતમ ભાગ પ્રમાણની સ્થિતિઓમાંથી અન્તિ સ્થિતિબન્ધમાં.

૨ અશાતાના અભવ્યસંબંધી જઘન્યાનુભાગ પ્રાયોગ્ય ઉત્કૃ સ્થિતિબન્ધથી શાતાની અનુકૃષ્ટિ કહેવાનો પ્રારંભ કરીને અશાત જઘન્યાનુભાગબન્ધ પ્રાયોગ્ય જઘન્યસ્થિતિબન્ધ સુધી કહીને અનુકૃષ્ટિના અનુક્રમ ફેરવવો. આની વધુ સમજ માટે શ્રી. પંચસંગ્રહ કથિત અનુકૃષ્ટિની સ્થાપનાથી જાણવા યોગ્ય છે.

૩ શત પૃથકત્વ સાગરોપમ પ્રમાણ.

૪ શાતાનાબન્ધથી ઉતરીને અશાતા બાંધે ને અશાતાના બન્ધથી ઉતરી શાતા બાંધે.

વર્તિને બંધાય છે. તેટલા પ્રમાણનાં શાતા વેદનીયનાં સ્થિતિબંધ સ્થાનોમાં "તે સર્વ અને અન્ય (બીજાં પણ)" એ અનુક્રમ કહેવો. અને [1]તેથી પણ [2]પાશ્ચાત્ય સ્થિતિસ્થાનોમાં ઉદ્યોત નામકર્મની અનુકૃષ્ટિ પ્રમાણે કહેવું. તે આ પ્રમાણે—અશાતાના જઘન્ય સ્થિબન્ધથી પશ્ચાતના સ્થિતિસ્થાને જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તેમાંના કંઇક ઉપરના (આગલના–ઉર્ધ્વના) સ્થિતિબન્ધ સંબંધિનાં છે ને કંઇક બીજાં પણ છે. તેથી પણ પાશ્ચાત્ય સ્થિતિબન્ધમાં જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તેમાંનાં કંઇક ઉપરના સ્થિતિબંધ સંબંધિનાં છે ને કંઇક બીજાં પણ છે. આ અનુક્રમ પશ્ચાત પશ્ચાત સ્થિતિ સ્થાનોમાં ત્યાં સુધી કહેવો કે જ્યાં સુધી પલ્યોપમાસંખ્યતમ ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો વ્યતિક્રાન્ત થાય. ત્યાં અસાતાના [3]જઘન્ય સ્થિતિબન્ધ તુલ્ય સ્થિતિ સ્થાનો સંબંધિ અનુભાગાધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. તાત્પર્ય એ છે કે—અશાતાના જઘન્ય સ્થિતિબન્ધ તુલ્ય સ્થિતિબન્ધ સ્થાનો સંબંધિ અનુભાગાધ્યવસાય સ્થાનોનો અસંખ્યાતમો અસંખ્યાતમો ભાગ પશ્ચાત્ પશ્ચાતના એકેક સ્થિતિસ્થાને ન્યૂન ન્યૂન થતો હોવાથી પલ્યોપમા[illegible]ભાગ પ્રમાણ સ્થિતિઓ વ્યતિક્રાન્ત થયે છતે સર્વથા સમાપ્ત થઇ જાય છે. તેથી અશાતાના જઘન્ય બન્ધ તુલ્ય સ્થિતિસ્થાનથી પાશ્ચાત્ય સ્થિતિસ્થાન સંબંધિ અનુભાગાધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ પલ્યોપમાસંખ્યભાગ પ્રમાણથી નીચેની સ્થિતિમાં સમાપ્ત થાય છે. એ પ્રમાણે શાતાની જઘન્ય સ્થિતિ સુધી કહેવું.

વજ્રર્ષભનારાચ, સુખગતિ, સ્થિર, શુભ, સૌભાગ્ય સુસ્વર, આદેય, યશ, ઉચ્ચગોત્ર, એ સર્વ ૧૫ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓની સ્વનામ ગ્રહણ પૂર્વક અનુકૃષ્ટિ કહેવી.

હવે અશાતાવેદનીયની અનુકૃષ્ટિ કહે છે—

## મૂળ ગાથા ૬૧ મી.

**जाणि असायजहन्ने-उदहि पुहुत्तंति ताणि अन्नाणि**
**आवरण समुप्पेवं-परित्तमाणीण मसुभाणं ॥ ६१ ॥**

**ગાથાર્થ**:—અશાતાના જઘન્ય સ્થિતિબન્ધથી શતપૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ સ્થાનો સુધી "તે સર્વ અને અન્ય" એ અનુક્રમથી અનુકૃષ્ટિ જાણવી, અને તેથી ઉપરની સ્થિતિઓમાં જ્ઞાનાવરણવત્ અનુકૃષ્ટિ જાણવી. તથા જેમ અશાતાની અનુકૃષ્ટિ છે તેવીજ રીતે સર્વપરાવર્તમાન અશુભ પ્રકૃતિઓની પણ અનુકૃષ્ટિ જાણવી.

**ટીકાર્થ**:—અશાતાના જઘન્ય સ્થિતિબન્ધમાં જે અનુભાગઅધ્યવસાયસ્થાનો છે, તે સર્વ અનુભાગાધ્યવસાયસ્થાનો એક સમય અધિક સ્થિતિબન્ધમાં પણ છે ને તેથી બીજાં પણ છે. તથા દ્વિતી સ્થિતિબન્ધે જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તે સર્વ અને બીજાં પ અનુભાગાધ્યવસાયસ્થાનો તૃતિયસ્થિતિબન્ધમાં છે. એ પ્રમા [1]શત પૃથક્ત્વ (સેંકડો) સાગરોપમ પ્રમાણ સ્થિતિ સ્થાનો સુધી કહેવું. (અથવા શાતાવેદનીયની જેટલી સ્થિતિઓમાં અનુકૃષ્ટિનો "તે સર્વ અને અન્ય" એ અનુક્રમ કહ્યો તેટલી અશાતા વેદનીયની

૧ આ સ્થાને "પૃથક્ત્વ" શબ્દ ૨૦૦ થી ૯૦૦ સુધીનીજ સંજ્ઞાવાળો હોય એમ સંપૂર્ણ સમજાતું નથી, પરંતુ બહુત્વ વાચક ગણીને "ઘણા સેંકડો સાગરોપમ" એવા અર્થમાં સંભવે છે. (સર્વથા નિર્ણય બહુશ્રુતગમ્ય)

સ્થિતિઓમાં પણ જઘન્યસ્થિતિથી પ્રારંભીને "તે સર્વ અને અન્ય" એવા ક્રમે અનુકૃષ્ટિ કહેવી. ને એટલીજ સ્થિતિઓ શાતાથી પરાવર્તિ પરાવર્તિને બંધાય છે, અને પરાવૃત્તિ કરતો જીવ પ્રાયઃ મન્દ પરિણામી હોવાથી એ સ્થિતિયોમાં જઘન્યાનુભાગબન્ધનો સંભવ છે. ને અહિંથી આગળના સ્થિતિબન્ધમાં તો માત્ર અશાતાવેદનીય એકજ બાંધી શકે છે ને તે પણ તીવ્ર પરિણામે બાંધે છે માટે જઘન્યાનુભાગબન્ધનો સંભવ આગળની સ્થિતિમાં નથી. તથા आवरण समुप्पेवं=તેથી ઉપરની સ્થિતિયોમાં અનુકૃષ્ટિનો ક્રમ જ્ઞાનાવરણાદિ વત્ 'તદેકદેશ અને અન્ય એ પ્રમાણે કહેવો. તે આ પ્રમાણે— અશાતાના જઘન્યાનુભાગબન્ધપ્રાયોગ્ય સ્થિતિયોમાંની જે અન્ત્યસ્થિતિ તે સ્થિતિબન્ધના પ્રારંભમાં જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તેનો એક દેશભાગ, તથા બીજાં પણ અનુભાગાધ્યવસાયસ્થાનો તેથી ઉપરના સ્થિતિબન્ધ પ્રારંભમાં વર્તે છે, તેથી ઉપરના સ્થિતિબન્ધમાં પાશ્ચાત્ય સ્થિતિસ્થાન સંબંધિ અનુભાગાધ્યવસાયસ્થાનોનો એક દેશ અને બીજાં પણ અનુભાગાધ્યવસાય સ્થાનો વર્તે છે. એ પ્રમાણે પલ્યોપમાસંખ્યતમભાગ પ્રમાણસ્થિતિઓ સુધી કહેવું. અહિં જઘન્યાનુભાગબન્ધપ્રાયોગ્ય અન્તિમ સ્થિતિ સંબંધિ અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પરિસમાપ્તિ પામે છે. તેથી પણ ઉપરના સ્થિતિબન્ધમાં જઘન્યાનુભાગબન્ધ પ્રાયોગ્ય દ્વિતીયસ્થિતિબન્ધ સંબંધિ અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પરિસમાપ્ત થાય છે. એ રીતે અશાતાની ઉત્કૃષ્ટસ્થિતિ સુધી કહેવું. તથા एवं परित्तमाणीण मसुभाणं=નરકદ્વિક–જાતિ ચતુષ્ક–અન્તિમ ૫ સંઘયણ–૫ સંસ્થાન–કુખગતિ–ને સ્થાવરદશક, એ ૨૭ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ સ્વસ્વનામ કંડ-

હવે તિર્યગ્દ્વિક અને નીચ ગોત્રની અનુકૃષ્ટિ કહે છે.

## મૂળ ગાથા ૬૨-૬૩ મી.

**से काले सम्मत्तं, पडिवज्जं तस्स सत्तम खिइए**
**जो ठिइवंधो हस्सो, इत्तो आवरण तुल्लो य ॥६२॥**
**जा अभविय पाउग्गा, उप्पि मसाय समसाउ आजे**
**एसा तिरियगतिदुगे–नीयागोएअ अणुकट्ठी ॥६३**

**ગાથાર્થ:**—અનંતર સમયે સમ્યકત્વ પ્રાપ્ત કરનાર સા નરક પૃથ્વીના જીવનો જે જઘન્યસ્થિતિબન્ધ હોય, તે સ્થિતિબન્ધ આરંભીને જ્ઞાનાવરણાદિ તુલ્ય સ્થિતિબન્ધ સુધી અનુકૃષ્ટિ કહે અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબન્ધ સુધી જ્ઞાનાવરણાદિવત્ અ કૃષ્ટિ કહેવી, તેથી ઉપર ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ સુધીની અનુકૃ અશાતાવેદનીયવત્ કહેવી. આ રીતે તિર્યગ્દ્વિક તથાં નીચ ગોત્ર અનુકૃષ્ટિ જાણવી. ॥ ૬૨ ॥ ૬૩ ॥

**ટીકાર્થ:**—से काले=અનન્તર સમયમાં સમ્યકત્વ પામ સાતમી પૃથ્વિના નારક જીવને જે જઘન્યસ્થિતિબન્ધ હોય છે. સ્થિતિબંધથી ઉર્ધ્વનો અનંતરસ્થિતિબન્ધ અનુકૃષ્ટિની અપેક્ષ- આવરણ તુલ્ય જાણવો.[1] તે પણ ત્યાં સુધી કે જ્યાં સુધી અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિબન્ધ આવે. ત્યાં તિર્યગ્ગતિની અનુકૃષ્ટિ આ પ્રમાણે છે—

—અનંતર સમયમાં સમ્યકત્વ પામનાર સપ્તમ નરકપૃથ્વીગત

---

૧ અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિબન્ધ સુધીના સર્વ સ્થિતિબન્ધો અનુકૃષ્ટિની અપેક્ષાએ આવરણ તુલ્ય છે અર્થાત્ તેટલાં સ્થિતિસ્થાનોની અનુકૃષ્ટિ આવરણ તુલ્ય છે. ઇતિભાવ.

નારક જીવના જઘન્યસ્થિતિબંધ તુલ્ય તિર્યંચગતિના સ્થિતિસ્થાનમાં જે અનુભાગબન્ધાધ્યવસાયસ્થાનો છે, તેનો એક અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ સર્વ અને બીજાં પણ અનુભાગાધ્યવસાયસ્થાનો દ્વિતીય સ્થિતિબન્ધ પ્રારંભે વર્તે છે, તથા દ્વિતીય સ્થિતિબન્ધે જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તેનો એક અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ સર્વ અને બીજાં પણ અનુભાગાધ્યવસાયસ્થાનો તૃતિય સ્થિતિબન્ધમાં વર્તે છે. એ રીતે પલ્યોપમાસંખ્યતમ ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો સુધી કહેવું. અહિં જઘન્યસ્થિતિસ્થાન સંબંધિ અનુભાગાધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ પરિસમાપ્ત થાય છે. તેથી ઉપરના સ્થિતિસ્થાનમાં દ્વિતીયસ્થિતિગતાનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પરિસમાપ્ત થાય છે. તેથી પણ ઉપરના સ્થિતિબન્ધમાં તૃતિય સ્થિતિસ્થાનગતાનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પરિસમાપ્ત થાય છે એ રીતે અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિબન્ધ સુધી કહેવું.

ઉપ્પિ અસાય સમયા ઉ આજેટ્ઠા=તે અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિબન્ધથી ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ સુધીની અનુકૃષ્ટિ અશાતાવેદનીયવત્ કહેવી તે આ પ્રમાણે—

એ સ્થિતિઓમાંની અન્તિમસ્થિતિમાં જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તેનો એક અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ સર્વ અને બીજાં પણ અનુભાગાધ્યવસાયસ્થાનો તેથી ઉપરની સ્થિતિમાં વર્તે છે, આ ઉપરની સ્થિતિમાં પણ જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તેનો એક અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ સર્વ અને બીજાં પણ અનુભાગાધ્યવસાસ્થાનો તેથી ઉપરની સ્થિતિમાં વર્તે છે. એ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમાભાગપ્રમાણ સ્થિતિસ્થાનો સુધી કહેવું. અહિં જઘન્યાનુભાગબન્ધ પ્રાયોગ્ય અન્તિમસ્થિતિસ્થાનગત અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પરિસમાપ્તિને પામે છે, તેથી ઉપરના સ્થિતિસ્થાનમાં જઘન્યાનુભાગબન્ધ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનથી દ્વિતીયસ્થિતિસ્થાનગત અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પરિસમાપ્તિને પામે છે. એ રીતે ઉત્કૃષ્ટસ્થિતિ પર્યન્ત કહેવું.

एसा तिरियगतिदुगे नीयागोए य णुकड्ढी એટલે આ પૂર્વોક્ત અનુકૃષ્ટિ તિર્યંચદ્વિક અને નીચગોત્ર એ ૩ પ્રકૃતિને અંગે જાણવી. ત્યાં જે રીતે તિર્યંચગતિની અનુકૃષ્ટિ કહી તે રીતેજ તિર્યંચાનુપૂર્વીની અનુકૃષ્ટિ અને નીચગોત્રની અનુકૃષ્ટિ સ્વતઃ જાણી લેવી.

હવે ત્રસાદિચતુષ્કની અનુકૃષ્ટિ કહે છે.

## મૂળ ગાથા ૬૪ મી.

**तस बायर पज्जत्तग, पत्ते (य) गाण परघाय तुल्ला उ**
**जा वट्ठारसकोडा–कोडी हेट्ठा य साएणं ॥ ६४ ॥**

ગાથાર્થ:—ત્રસ, બાદર, પર્યાપ્ત, ને પ્રત્યેક, એ ૪ પ્રકૃતિયોની અનુકૃષ્ટિ પરાઘાતવત્ ૧૮ કોડાકોડી સાગરોપમ નીચે બાકી રહે ત્યાં સુધી કહેવી, ને તેથી નીચેની સ્થિતિઓમાં શાતાવત્ અનુકૃષ્ટિ કહેવી.

**ટીકાર્થ:**—ત્રસ, બાદર, પર્યાપ્ત, ને પ્રત્યેક નામકર્મની અનુ-

જઘન્યાનુભાગબન્ધ વિગતવાળી સ્થાવર નામકર્મની સ્થિતિયો જેટલાં સ્થિતિસ્થાનો વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવું. તેથી અનંતર નીચેના સ્થિતિસ્થાનમાં પૂર્વ સ્થિતિસ્થાનગત અનુભાગાધ્યવસાય સ્થાનોનો એક અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ સર્વ અને બીજાં પણ અનુભાગાધ્યવસાયસ્થાનો વર્તે છે. તેથી પણ અનંતર નીચેના સ્થિતિસ્થાનમાં પૂર્વ સ્થિતિસ્થાનગત અનુભાગાધ્યવસાયસ્થાનોને એક અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ સર્વ અને બીજાં પણ અનુભાગાધ્યવસાયસ્થાનો વર્તે છે. એ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણસ્થિતિસ્થાનો સુધી કહેવું. અહિં (અસત્ર પ્રાયોગ્ય) જઘન્યાનુભાગબન્ધ પ્રાયોગ્ય સ્થાવર નામકર્મની સ્થિતિયો પ્રમાણ સ્થાપન કરેલ સ્થિતિસ્થાનોમાંના પ્રથમ સ્થિતિસ્થાનમાં જે અનુભાગાધ્યવસાયસ્થાનો છે તેની અનુકૃષ્ટિ સમાપ્ત થઇ. તેથી નીચેના સ્થિતિસ્થાનમાં દ્વિતીય સ્થિતિસ્થાન (સ્થાવર સંબંધિ) ગત અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત થઈ. આ રીતીએ જઘન્યસ્થિતિસ્થાન સુધી કહેવું. એ પ્રમાણે બાદર, પર્યાપ્ત ને પ્રત્યેક નામકર્મની અનુકૃષ્ટિ પણ કહેવી.

(હવે તિર્થંકર નામકર્મની અનુકૃષ્ટિ તથા અનુભાગની તીવ્ર મન્દતા કહેવાય છે.)

## મૂળ ગાથા ૬૫ મી.

**तणुतुल्ला तित्थयरे–अणुकड्ढी तिव्व मंदया एत्तो**
**सव्वपगईण नेया–जहन्नयाई अणंतगुणा ॥ ६५ ॥**

ગાથાર્થઃ—તિર્થંકર નામકર્મની અનુકૃષ્ટિ શરીરનામ કર્મવત્ જાણવી. અને હવે તીવ્રમન્દતા કહેવાય છે, ત્યાં સર્વ પ્રકૃતિયોની જઘન્યાદિ સ્થિતિયોમાં અનન્તગુણ અનુભાગ હોય છે.

ટીકાર્થઃ—તિર્થંકર નામકર્મમાં અનુકૃષ્ટિની વિવક્ષા પૂર્વે

જેમ શરીર નામકર્મમાં કહી તેમ જાણવી. હવે અહિંથી આગળ અનુભાગની તીવ્ર મન્દતા કહેવાય છે.

ત્યાં સર્વ પ્રકૃતિઓની આપ આપણા [1]જઘન્યાનુભાગબંધથી આરંભીને ઉત્કૃષ્ટ અનુભાગબન્ધ સુધી પ્રત્યેક સ્થિતિબન્ધે સ્થિતિ બન્ધે અનન્તગુણ તીવ્ર મન્દતા અર્થાત્ અનુક્રમે અનન્તગુણ અનુભાગ કહેવો એ ભાવાર્થ છે. ત્યાં પણ અશુભ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિસ્થાનથી આરંભીને અનુક્રમે ઉર્ધ્વમુખે અનન્તગુણ અનુભાગ કહેવો. અને શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી આરંભીને અધોમુખે જઘન્યસ્થિતિ સુધી અનન્તગુણ અનુભાગ કહેવો. આ તીવ્ર મન્દત્વ સામાન્યપણે કહીને હવે વિશેષપણે કહે છે.

૪૫ ઘાતિ પ્રકૃતિ, અશુભવર્ણાદિ ૯, ને ઉપઘાત એ ૫૫ પ્રકૃતિયોની જઘન્ય સ્થિતિમાં જઘન્યાનુભાગ સર્વથી અલ્પ છે, તેથી દ્વિતીય સ્થિતિમાં જઘન્યાનુભાગ અનન્તગુણ છે, તેથી પણ તૃતિય સ્થિતિમાં જઘન્યાનુભાગ અનન્તગુણ છે, એ રીતે યાવત્ નિવર્તન કંડક સુધી કહેવું. નિવર્તન કંડક એટલે જ્યાં જઘન્ય સ્થિતિગત અનુભાગાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે ત્યાં સુધીની મૂળથી આરંભીને સર્વ સ્થિતિયો પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણની છે. ( એ સ્થિતિઓનો સમુદાય તે નિવર્તન કંડક કહેવાય. )

**ગાથાર્થઃ**—નિવર્તન કંડકથી એક નીચેની ને એક ઉપરની સ્થિતિમાં અનુક્રમે ઉત્કૃષ્ટ ને જઘન્ય અનુભાગ અનંતગુણપણે ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી કહેવો, અને અન્તિમ નિવર્તન કંડકની સ્થિતિયોનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણપણે નિરંતર (હેઠે ઉપર નહિ પણ અનંતરાનંતરપણે) કહેવો.

**ટીકાર્થઃ**—તે નિવર્તન કંડકની અન્તિમસ્થિતિના જઘન્યાનુભાગથી જઘન્ય સ્થિતિનો ઉત્કૃષ્ટ અનુભાગ અનન્તગુણ છે. તેથી નિવર્તન કંડકથી અનન્તર સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ છે. તેથી જઘન્યાનન્તર દ્વિતીય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ છે. તેથી કંડકોત્તરવર્તિ દ્વિતીય સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ છે, તેથી તૃતિય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ છે. તેથી કંડકોત્તરવર્તિ તૃતિય સ્થિતિનો જઘન્યાનુભાગ અનંતગુણ છે. એ પ્રમાણે એકેક સ્થિતિસ્થાન નીચેનું ને એકેક સ્થિતિસ્થાન ઉપરનું, તેમાં અનુક્રમે ઉત્કૃષ્ટ ને જઘન્ય અનુભાગ અનન્તગુણપણે ત્યાં સુધી કહેવો કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ સ્થિતિનો જઘન્યાનુભાગ અનંતગુણ થાય. અહિં અન્તમાં કંડક પ્રમાણ સ્થિતિઓનો ઉત્કૃષ્ટાનુભાગ હજી કહ્યા વિના રહ્યો છે. શેષ સર્વ અનુભાગ (સર્વ સ્થિતિઓનો અનુભાગ) કહ્યો છે. (હવે જેનો ઉત્કૃષ્ટ અનુભાગ કહેવાયો નથી તેવી કંડક પ્રમાણ સ્થિતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ કહે છે.) તેથી એટલે સર્વોત્કૃષ્ટ સ્થિતિના જઘન્યાનુભાગથી કંડક પ્રમાણ સ્થિતિઓમાંની પ્રથમ સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ છે. તેથી અનન્તર સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ છે. તેથી પણ ઉપરિતનસ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ છે એ પ્રમાણે નિરન્તરપણે ઉત્કૃષ્ટાનુભાગથી અનંતગુણપણું યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી કહેવું એજ વાત ગાથાથી કહે છે **चरमठिइ्णुक्कोसो**=કંડક પ્રમાણ એટલે પલ્યોપમાસંખ્યતમ ભાગ પ્રમાણ અન્તિમ સ્થિતિઓનો (ઉત્કૃષ્ટાનુભાગ) નિરન્તર અનન્તગુણપણે કહેવો.

હવે શુભ પ્રકૃતિયોના અનુભાગની તીવ્ર મન્દતા કહેવાનો પ્રસંગ છે. ત્યાં પ્રથમ પરાઘાતનામકર્મની અધિક ( અનંતગુણ અનંતગુણ ) રીતે તીવ્રમન્દતા કહેવાય છે. તે આ પ્રમાણે—

પરાઘાતની ઉત્કૃષ્ટસ્થિતિમાં જઘન્યપદે જઘન્યનુભાગ સર્વથી અલ્પ છે, તેથી સમયોન ઉત્કૃષ્ટસ્થિતિમાં જઘન્યાનુભાગ અનન્તગુણ છે, તેથી દ્વિસમયોન ઉત્કૃષ્ટ સ્થિતિમાં જઘન્યાનુભાગ અનન્તગુણ છે. એ રીતે પલ્યોપમા સંખ્યતમભાગપ્રમાણ સ્થિતિયો વ્યતિક્રાન્ત થાય, અર્થાત્ નિવર્ત્તન કંડક વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવું. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ, તેથી નિવર્તન કંડક નીચેની પ્રથમ સ્થિતિનો જઘન્યાનુભાગ અનંતગુણ, તેથી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ, તેથી નિવર્તનકંડક નીચેની દ્વિતિય સ્થિતિનો જઘન્યાનુભાગ અનંતગુણ છે એ રીતે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી પરાઘાતની જઘન્યસ્થિતિનો જઘન્યાનુ-

અનુભાગ તેટલા પ્રમાણુનોજ જાણવો, અને તેથી આગળની સ્થિતિયોમાં જઘન્યાનુભાગ અનુક્રમે અનન્તગુણ અનન્તગુણ ત્યાં સુધી કહેવો કે, જ્યાં સુધી કંડકના [1]અસંખ્યાતભાગ વ્યતિક્રાન્ત થાય ને એક અસંખ્યાતમો ભાગ શેષ રહે (ત્યાં સુધી અનન્તગુણ કહેવો) એજ વાત ગાથાથી કહે છે.

## મૂળગાથા ૬૭ મી.

**ताणन्नाणि त्ति परं–असंखभागाहि कंडगेक्काण**
**उक्कोसियरा नेया–जा तक्कंडगोवरि समत्ति ॥ ६७ ॥**

**ગાથાર્થ:**—"તે સર્વ અને અન્ય" એ ક્રમવાળી અનુકૃષ્ટિથી આગળ એક કંડકના અસંખ્યાતભાગ વ્યતિક્રમે ત્યાં સુધી એકેક સ્થિતિના અનુક્રમે ઉત્કૃષ્ટ અને જઘન્ય અનુભાગ ત્યાં સુધી કહેવા કે જ્યાં સુધી ઉપરના જઘન્યાનુભાગ કંડકની સમાપ્તિ થાય.

**ટીકાર્થ:**—"તે સર્વ અને અન્ય" એ ક્રમવાળી અનુકૃષ્ટિથી આગળ કંડકના અસંખ્યાતભાગ વ્યતિક્રાન્ત થયા બાદ આગળ કંડક પ્રમાણનો અને પ્રત્યેક સ્થિતિયોનો ઉત્કૃષ્ટ અને જઘન્ય અનુભાગ અનુક્રમે અનંતગુણ અનંતગુણ જાણવો. તાત્પર્ય એ છે કે–"તે સર્વ અને અન્ય" એ ક્રમવાળી અનુકૃષ્ટિથી આગળ જઘન્યાનુભાગ અનંતગુણ કહેવો. તે પણ ત્યાં સુધી કે જ્યાં સુધી કંડક માત્ર સ્થિતિયોના અસંખ્યાતભાગ વ્યતિક્રાન્ત થાય ને એક ભાગ શેષ રહે, ત્યાંથી આગળ જે સ્થિતિથી "તે સર્વ અને અન્ય" અનુકૃષ્ટિ પ્રારંભાઇ હતી, તે સ્થિતિથી કંડક પ્રમાણ સ્થિતિયો સુધી ઉત્કૃષ્ટ અનુભાગ

---

૧ શ્રી પંચસંગ્રહમાં "સંખ્યાતભાગ વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી" એ અર્થ મૂળ તથા ટીકામાં પણ કહ્યો છે; ને અહિં કર્મપ્રકૃતિના મૂળ તથા ટીકામાં સર્વત્ર "અસંખ્યભાગ વ્યતિક્રમ કરવા" કહેલું છે. માત્ર એક સ્થાનેજ સંખ્યભાગનો અર્થ આવે છે એ વિશેષ છે.

તુલ્ય છે, એ રીતે નીચે નીચે ઉતરતાં શતપૃથક્ત્વ સાગર પ્રમાણ સ્થિતિયો વ્યતિક્રાન્ત થાય, ત્યાં સુધી પૂર્વ તુલ્ય જઘન્યાનુભાગ કહેવો. તેથી નીચેની સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ છે. તેથી પણ નીચેની સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી કંડકના અસંખ્યાતભાગો વ્યતિક્રાન્ત થાય ને એક ભાગ શેષ રહે. એક[1] અસંખ્યાતમાભાગહીન કંડક પ્રમાણની આ સ્થિતિયો સાકારોપયોગ નામવાળી છે. કારણ એ સ્થિતિયોનો બંધ સાકારોપયોગે હોય છે. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ છે, તેથી પણ દ્વિસમયોન ઉત્કૃષ્ટ સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ છે. એ રીતે નીચે નીચે ઉતરતાં અનંતગુણ ઉત્કૃષ્ટાનુભાગ ત્યાં સુધી કહેવો કે જ્યાં સુધી કંડક પ્રમાણ સ્થિતિયો વ્યતિક્રાન્ત થાય. તેથી જે સ્થિતિસ્થાને જઘન્યાનુભાગ કહીને નિવર્ત્યા હતા તેથી નિચેના સ્થિતિસ્થાનનો જઘન્યાનુભાગ અનન્તગુણ છે. તેથી પુનઃ પણ પૂર્વોક્ત ઉત્કૃષ્ટાનુભાગ સંબંધિ સ્થિતિયોથી નીચેની કંડક પ્રમાણ સ્થિતિયોમાં ઉત્કૃષ્ટાનુભાગ અનુક્રમે અનંતગુણ કહેવો. તેથી જે સ્થિતિસ્થાને જઘન્યાનુભાગ કહીને નિવર્ત્યા છે તે સ્થિતિસ્થાનથી નીચેની સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ કહેવો. ત્યાંથી આગળ પુનઃ પણ કંડક પ્રમાણ સ્થિતિયોનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ અનુક્રમે કહેવો. એ રીતે એકેક સ્થિતિનો જઘન્યાનુભાગ ને કંડક કંડક પ્રમાણ સ્થિતિયોનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણપણે ત્યાં સુધી કહેવો કે, જ્યાં સુધી જઘન્યાનુભાગ સંબંધિ એકેક સ્થિતિયો પણ ("તે સર્વ અને અન્ય" એ અનુકૃષ્ટિથી આગળ) એક કંડક પ્રમાણ થાય. ને ઉત્કૃષ્ટાનુભાગ સંબંધી સ્થિતિયો શતપૃથક્ત્વ સાગર પ્રમાણ થાય. ત્યાંથી[2] આગળ એક સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્ત-

૧ ટીકામાં જો કે "સંખ્યાતમાભાગહીન કંડક પ્રમાણ" એ પાઠ છે પણ તે પંચ સંગ્રહને અનુસારે સંભવે, અને અહિં કર્મપ્રકૃતિના વર્ણ પાઠને અનુસારે તો અસંખ્યાતમાભાગહીનનો અર્થ જોઇએ માટે ભાષાંતરમાં અસંખ્યાતભાગહીન કહેલ છે.

૨ જે સ્થિતિસ્થાને જઘન્યાનુભાગ કહીને નિવર્ત્યા છે ત્યાંથી નીચેની

ગુણ, તેથી શતપૃથકત્વ સાગરોપમ નીચેની એક સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ છે, તેથી [1]પૂર્વોક્ત સ્થિતિથી નીચેની સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ છે, તેથી શતપૃથકત્વ સાગરોપમ નીચેની દ્વિતિય સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ છે. એ રીતે એકનો જઘન્યાનુભાગ અને એક સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ કહેતાં યાવત્ જઘન્ય સ્થિતિ સુધી જવું. અહિં અન્તમાં કંડક પ્રમાણ સ્થિતિયોનો ઉત્કૃષ્ટાનુભાગ કહેવો બાકી રહ્યો છે. ને શેષ સર્વ સ્થિતિયોના બન્ને અનુભાગ કહેવાઈ ગયા છે. તેથી તે અન્તિમ કંડકમાં પણ નીચે નીચેની સ્થિતિયોના અનુક્રમે ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ અનંતગુણ પણે યાવત્ જઘન્ય સ્થિતિ સુધી કહેવા.

પૂર્વોક્ત શાતાની તીવ્ર મન્દતાને અનુસારે, મનુષ્યદ્વિક–દેવદ્વિક–પંચેન્દ્રિય–સમચતુરસ્ર–વજ્રર્ષભનારાચ–સુખગતિ–સ્થિરછક્ક–ને ઉચ્ચગોત્ર એ ૧૫ પ્રકૃતિયોની અનુભાગની તીવ્રમન્દતા પણ કહેવી.

હવે અશાતાના અનુભાગની તીવ્રમન્દતા કહેવાય છે. તે આ પ્રમાણે—

અશાતાની જઘન્ય સ્થિતિમાં જઘન્યાનુભાગ સર્વથી અલ્પ છે. તેથી દ્વિતીય સ્થિતિનો જઘન્યાનુભાગ પૂર્વ સ્થિતિના અનુભાગ તુલ્ય છે, તેથી તૃતિય સ્થિતિનો અનુભાગ પણ પૂર્વાનુભાગ તુલ્ય છે. એ પ્રમાણે શતપૃથકત્વ સાગરોપમ પ્રમાણ સ્થિતિયો સુધી કહેવું. તેથી ઉપરની સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ છે. તેથી પણ ઉપરની સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ છે, તેથી પણ ઉપરની સ્થિતિનો જઘન્યાનુભાગ અનંતગુણ છે. એ પ્રમાણે એ કંડકના અસંખ્યાતભાગ વ્યતિક્રાન્ત થાય. ને એક ભાગ બાકી રહે ત્યાં સુધી કહેવું. તેથી જઘન્ય સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ છે. તેથી દ્વિતીય સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ છે, તેથી તૃતિય સ્થિતિનો ઉત્કૃ-

૧ અનંતગુણ જઘન્યાનુભાગયુક્ત પ્રથમ કંડકના નીચેની સ્થિતિ સ્થિતિનો જઘન્યાનુભાગ, અનન્તગુણ છે.

ષ્ટાનુભાગ અનંતગુણ છે. એ પ્રમાણે કંડક પ્રમાણ સ્થિતિયો ક્રાન્ત થાય ત્યાં સુધી કહેવું. તેથી જે સ્થિતિસ્થાને જઘન્યાનુભાગ કહીને નિવર્ત્યા છે તેની ઉપરના સ્થિતિસ્થાનનો જઘન્યાનુભાગ અનંતગુણ છે. તેથી પુનઃ પણ પૂર્વોક્ત કંડક દ્વિકની ઉપર કંડક પ્રમાણ સ્થિતિઓનો ઉત્કૃષ્ટાનુભાગ અનુક્રમે અનન્તગુણ કહેવો. એ રીતે એકેક સ્થિતિનો જઘન્યાનુભાગ અને કંડક કંડક પ્રમાણ સ્થિતિયોનો ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણપણે ત્યાં સુધી કહેવો કે, જ્યાં સુધી જઘન્યાનુભાગ સંબંધિ એક સ્થિતિનું પણ "તે સર્વ અને અન્ય" એ અનુકૃષ્ટિથી આગળનું કંડક પરિપૂર્ણ થાય. અહિં ઉત્કૃષ્ટાનુભાગ સંબધિ સ્થિતિયો શતપૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ કહેવાઇ છે. તેથી ઉપરની એક સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ કહેવો, તેથી શતપૃથક્ત્વ સાગરોપમની ઉપરિતન સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ છે. તેથી પણ ઉપરની (શતપૃથક્ત્વ સાગરથી ઉપરની) દ્વિતીય સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ છે. એ રીતે એક જઘન્યાનુભાગ ને એક સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ એ બન્નેને અનન્તગુણપણે કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે જ્યાં સુધી અશાતાવેદનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. અહિં અંતે કંડક પ્રમાણ સ્થિતિયોનો ઉત્કૃષ્ટાનુભાગ કહેવો બાકી રહ્યો છે. ને શેષ સર્વ સ્થિતિયોનો ઉત્કૃષ્ટાનુભાગ કહેવાઇ ગયો છે. તેથી અન્ત્ય કંડકની સર્વ સ્થિતિયોમાં અનુક્રમે ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ અનંતગુણપણે યાવત્ ઉત્કૃષ્ટસ્થિતિ સુધી કહેવો.

આ અશાતાવેદનીયના અનુભાગની તીવ્ર મન્દતાને અનુસારે જ નરકદ્વિક–જાતિચતુષ્ક–અન્તિમસંઘયણપંચક–અંતિમસંસ્થાન પંચક–કુખગતિ–સ્થાવરદશક એ ૨૭ પ્રકૃતિયોના અનુભાગની તીવ્ર મન્દતા પણ કહેવી.

હવે તિર્યંચગતિના અનુભાગની તીવ્ર મન્દતા કહે છે.

સાતમી પૃથ્વિગત નારકજીવનાં સર્વ જઘન્ય સ્થિતિસ્થાનનો

જઘન્યાનુભાગ સર્વથી અલ્પ છે, તેથી દ્વિતીય સ્થિતિસ્થાનનો જઘન્યાનુભાગ અનંતગુણ છે, તેથી તૃતિય સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ છે. એ રીતે નિવર્તન કંડક વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવું. તેથી જઘન્ય સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ, તેથી નિવનર્ત કંડકથી ઉપરની પ્રથમ સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ, તેથી દ્વિતીયસ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ, તેથી કંડકોત્તરવતિ દ્વિતીય સ્થિતિનો જઘન્યાનુભાગ અનંતગુણ, તેથી તૃતિય સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ, એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી અભવ્ય પ્રાયોગ્ય જઘન્યાનુભાગ બંધથી નીચે અન્તિમસ્થિતિ આવે. અહિં અભવ્ય પ્રાયોગ્ય જઘન્યાનુભાગ બન્ધની નીચે એક કંડક પ્રમાણ સ્થિતિયોના ઉત્કૃષ્ટાનુભાગ હજી સુધી કહેવાયા નથી. શેષ સર્વ સ્થિતિયોના ઉત્કૃષ્ટાનુભાગ કહેવાઇ ગયા છે. તેથી અભવ્ય પ્રાયોગ્ય જઘન્યાનુભાગ સંબંધિ પ્રથમ સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ, તેથી દ્વિતીય સ્થિતિનો જઘન્યાનુભાગ પૂર્વની પ્રથમ સ્થિતિગત અનુભાગ તુલ્ય છે. તેથી તૃતિય સ્થિતિનો જઘન્યાનુભાગ પૂર્વાનુભાગ તુલ્ય છે. એ રીતે શતપૃથક્ત્વસાગરોપમ પ્રમાણ સ્થિતિયો વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવું. એ સ્થિતિયોને પૂર્વ પુરૂષોએ “ પરાવર્તમાન જઘન્યાનુબંધ પ્રાયોગ્ય ” એ નામે કહેલી છે. એ સ્થિતિયોથી ઉપરની પ્રથમ સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ, તેથી દ્વિતીય સ્થિતિનો જઘન્યાનુભાગ અનન્તગુણ, તેથી પણ તૃતિય સ્થિતિનો જઘન્યાનુભાગ અનંતગુણ, એ રીતે યાવત્ નિવર્તન કંડકના અસંખ્યાતભાગ વ્યતિક્રાન્ત થાય ને એક ભાગ અવશેષ રહે ત્યાં સુધી કહેવું. તેથી જે સ્થિતિસ્થાને ઉત્કૃષ્ટાનુભાગ કહીને નિવર્ત્યા છે તેથી ઉપરની પ્રથમ સ્થિતિનો ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ કહેવો. તેથી દ્વિતીય સ્થાને ઉત્કૃષ્ટાનુભાગ અનન્તગુણ. તેથી તૃતિય સ્થિતિ સ્થાને ઉત્કૃષ્ટાનુભાગ અનંતગુણ. એ રીતે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી અભવ્ય પ્રાયોગ્ય જઘન્યાનુભાગબન્ધની નીચેની અન્તસ્થિતિ આવે. તેથી જે સ્થિતિસ્થાને જઘન્યાનુભાગ કહીને નિવર્ત્યા કે તેના

પર્યાપ્ત વા અપર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિય જીવો બન્ધક હોતે છતે આયુ વિના સાતકર્મની જઘન્ય અબાધા તે સર્વથી અલ્પ છે, અને તે અન્તર્મુહૂર્તપ્રમાણ છે. તેથી અબાધાસ્થાન અને કંડકસ્થાનો અસંખ્યગુણ છે. ને પરસ્પર તુલ્ય છે. તે આ પ્રમાણે—જઘન્ય અબાધાથી ઉત્કૃષ્ટઅબાધાના અન્તિમ સમય સુધીમાં જેટલા સમયો (પ્રાપ્ત થાય) છે, તેટલાં અબાધાસ્થાનો છે. જેમ જઘન્યઅબાધા તે પ્રથમ અબાધાસ્થાન, તેથી સમયાધિક દ્વિતીય અબાધાસ્થાન, તેથી દ્વિસમયાધિક તૃતીય અબાધાસ્થાન, એ પ્રમાણે ઉત્કૃષ્ટઅબાધાના અન્ત્યસમય સુધી કહેવું. પુનઃ અબાધાકંડકો પણ એટલાંજ છે. કારણ કે જઘન્યઅબાધાથી પ્રારંભીને એકૈક સમય સમય પ્રતે એકૈક કંડકની પ્રાપ્તિ હોય છે. તે પ્રથમ (૮૫ મી ગાથામાં) કહી ગયા છે. તેથી ઉત્કૃષ્ટઅબાધા વિશેષાધિક છે. કારણ કે ઉત્કૃષ્ટઅબાધામાં જઘન્યઅબાધા પણ અન્તર્ગત છે, તેથી દલિકનિષેકવિધિમાં દ્વિગુણહાનિસ્થાનો અસંખ્યગુણ છે, કારણ કે પલ્યોપમના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમાભાગના સમયરાશિ પ્રમાણ છે. તેથી બે દ્વિગુણહાનિના એક અન્તરમાં રહેલાં નિષેકસ્થાનો અસંખ્યાતગુણ છે. કારણ કે તે [1]અસંખ્યાતપલ્યોપમના વર્ગમૂલપ્રમાણ છે. તેથી પણ અર્થકંડક અસંખ્યગુણ છે. તેથી જઘન્યસ્થિતિબન્ધ અસંખ્ય ગુણ છે. કારણ કે તે અન્તઃકોડાકોડી સાગરોપમપ્રમાણ છે. શ્રેણિ પર આરૂઢ નહિ થયેલા એવા સંજ્ઞિપંચેન્દ્રિયપર્યાપ્ત જીવો જઘન્યથી પણ અન્તઃકોડાકોડી સાગરોપમપ્રમાણ સ્થિતિબન્ધ કરે છે. તેથી પણ સ્થિતિબન્ધસ્થાનો અસંખ્યગુણ છે. ત્યાં જ્ઞાનાવરણ; દર્શનાવ

ક્ષાએ પંચસંગ્રહના અર્થમાં બમણું સ્થાન આવે છે. પરંતુ કંડકસ્થા અથવા અબાધાસ્થાનથી આ અર્થવાળું અર્થકંડક અસંખ્યગણું કેવી રીતે થાય? તે શ્રી બહુશ્રુતથી જાણવા યોગ્ય છે.

૧ અસંખ્યપલ્યોપમનું પ્રથમ વર્ગમૂલ કાઢતાં જેટલા સમયો થ તેટલા અસંખ્યસમયની રાશિપ્રમાણ. ઇતિભાવ.

રણ, વેદનીય, ને અન્તરાયનાં સ્થિતિસ્થાનો ૨૯ ગુણ અધિક છે. મિથ્યાત્વનાં ૬૯ ગુણ, ને નામગોત્રનાં સ્થિતિસ્થાનો ૧૯ ગુણ અધિક છે. તેથી પણ ઉત્કૃષ્ટસ્થિતિ વિશેષાધિક છે. કારણ કે જઘન્યસ્થિતિ અને અબાધાકાળ એ બન્ને ઉત્કૃષ્ટસ્થિતિમાં અન્તર્ગત છે, તથા સંજ્ઞિ અથવા અસંજ્ઞિપંચેન્દ્રિયપર્યાપ્તામાં પ્રત્યેકના આયુષ્યની જઘન્યઅબાધા સર્વથી અલ્પ છે. તેથી જઘન્યસ્થિતિબન્ધ સંખ્યાતગુણ છે. ને તે ક્ષુલ્લકભવરૂપ છે. તેથી અબાધાસ્થાનો અસંખ્યગુણ છે, કારણ કે જઘન્યઅબાધારહિત પૂર્વક્રોડ વર્ષના ત્રીજાભાગપ્રમાણ અબાધાસ્થાનો છે. તેથી પણ ઉત્કૃષ્ટઅબાધા વિશેષાધિક છે, કારણ કે તેમાં જઘન્યઅબાધા પણ અન્તર્ગત છે. તેથી દ્વિગુણહાનિસ્થાનો અસંખ્યગુણ છે ને તે પલ્યોપમના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. તેથી પણ બે દ્વિગુણહાનિના એક અન્તરમાં નિષેકસ્થાનો અસંખ્યગુણ છે, તેની યુક્તિ પ્રથમ દર્શાવી છે. તેથી સ્થિતિબન્ધસ્થાનો અસંખ્યગુણ છે. તેથી ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે તેમાં જઘન્યઅબાધા પણ અન્તર્ગત છે.

ને પરસ્પર તુલ્ય છે. કારણ કે તે આવલિકાના અસંખ્યાતમાભાગ પ્રમાણજ છે. તેથી જઘન્યઅબાધા અસંખ્યગુણ છે, કારણ કે તે અન્તર્મુહૂર્તપ્રમાણ છે. તેથી પણ ઉત્કૃષ્ટઅબાધા વિશેષાધિક છે, કારણ કે જઘન્ય અબાધા તેમાં અંતર્ગત છે. તેથી દ્વિગુણહાનિ સ્થાનો અસંખ્યગુણ છે. તેથી બે દ્વિગુણહાનિસ્થાનોની વચ્ચે આ અન્તરમાં નિષેકસ્થાનો અસંખ્યગુણ છે. તેથી અર્થકંડક અસંખ્ય ગુણ છે. તેથી પણ સ્થિતિબન્ધસ્થાનો અસંખ્યગુણ છે, કારણ કે તે પલ્યોપમના અસંખ્યાતમાભાગપ્રમાણ છે. તેથી પણ જઘન્ય સ્થિતિબન્ધ અસંખ્યગુણ છે. તેથી પણ ઉત્કૃષ્ટસ્થિતિબન્ધ વિશેષાધિક છે, કારણ કે તે પલ્યોપમનો અસંખ્યાતમોભાગ અધિક છે.

એ પ્રમાણે સ્થિતિબન્ધાદિક ૧૦ બોલનું અલ્પબહુત્વ કહ્યું તે સ્થાપનાનુસારે દર્શાવાય છે.

| સં૦ પં૦ પર્યા૦ ને અપ૦ ના ૭ કર્મમાં. | | સંજ્ઞિ, અસં૦ પર્યાપ્તના આયુષ્યમાં. | |
|---|---|---|---|
| જ૦ અબાધા[1] | અલ્પ (અન્તર્મુ૦) | જઘ૦ અબાધા | અલ્પ |
| અબાધાસ્થાન<br>કંડકસ્થાન | } અસંખ્યગુણ | જઘ૦ સ્થિતિ<br>અબાધાસ્થાન | સંખ્ય૦ ગુ૦<br>અસં૦ ગુ૦ |
| ઉ૦ અબાધા[2] | વિશે૦ | ઉ૦ અબાધા | વિશેષા૦ |
| દ્વિગુ૦ હાનિસ્થાન | અસં૦ | હાનિસ્થાન | અસં૦ ગુ૦ |
| નિષેકસ્થાન[3] | ,, | નિષેકસ્થાન | ,, |
| અર્થકંડક[4] | ,, | સ્થિતિસ્થાન | ,, |

૧, ૨, ૩, ૪, એ ૪ સ્થાને સમયોની ગણત્રી કરવી. અને શે[ષ] ૪ સ્થાને સમુદાયાત્મકપણે ગણત્રી કરવી.

| | |
|---|---|
| જઘ૦ સ્થિતિ[1] ,, | ઉ૦ સ્થિ૦ બંધ વિશેષા૦ |
| સ્થિતિસ્થાનો ,, | |
| ઉ૦ સ્થિતિ[2] વિશેષા૦ | |

| અસંજ્ઞિદ્વિક તથા વિકલછક્ક, ને એકેંદ્રિયચતુષ્ક એ ૧૨ જીવ ભેદના ૭ કર્મમાં. | અસં૦, સં૦ અપ૦, વિકલછક્ક ને એકેંદ્રિયચતુષ્ક એ ૧૨ જીવ ભેદના આયુર્માં. |
|---|---|
| અબાધાસ્થાન, કંડકસ્થાન, } અલ્પ | જઘ૦ અબાધા અસં૦<br>જઘ૦ સ્થિ૦ બંધ સંખ્યા૦ગુ૦ |
| જઘ૦ અબાધા અસં૦ ગુ૦ | અબાધાસ્થાન સંખ્યા૦ગુ૦ |
| ઉ૦ અબાધા વિશે૦ | ઉ૦ સ્થિતિબન્ધ વિશેષા૦ |
| હાનિસ્થાનો અસં૦ ગુ૦ | |
| નિષેકસ્થાનો અસં૦ ,, | |
| અર્થકંડક અસં૦ ,, | |
| સ્થિતિસ્થાનો અસં૦ ,, | |
| જઘ૦ સ્થિતિ અસં૦ ,, | |
| ઉ૦ સ્થિતિ અસં૦ ,, | |

એ પ્રમાણે ૧૦ બોલનું અલ્પબહુત્વ કહીને હવે સ્થિતિબન્ધાધ્યવસાયસ્થાન પ્રરૂપણા કરાય છે. ત્યાં ૧ [1]સ્થિતિસમુદાહાર ૨ [2]પ્રકૃતિસમુદાહાર ને ૩ [3]જીવસમુદાહાર એ ત્રણ સમુદાહારરૂપ અનુયોગ કહેવાશે. તેમાં પણ પ્રથમ સ્થિતિસમુદાહાર ત્રણ અનુયોગ દ્વારે કહેવાશે. તે આ પ્રમાણે—૧ [4]પ્રગણના, [5]અનુકૃષ્ટિ, ને [6]તીવ્રમન્દતા એ ત્રણ અનુયોગમાં પણ પ્રથમ પ્રગણના પ્રરૂપણા કહેવાય છે.

## મૂળ ગાથા ૮૭ મી.

**ठिइबंधे ठिइबंधे, अज्झवसाणाण संखया लोगा**
**हस्सा विसेसवुड्ढी, आऊण मसंखगुण वुड्ढि ॥८७॥**

**ગાથાર્થઃ**—પ્રત્યેક સ્થિતિસ્થાને અસંખ્યલોક પ્રમાણ [7]અધ્યવસાયસ્થાનો છે. તેમાં અનંતરોપનિધાએ પ્રથમ સ્થિતિસ્થાને

---

૧ સ્થિતિસ્થાનો પ્રત્યે સ્થિતિ બન્ધાધ્યવસાયસ્થાનો સંબંધિ વ્યાખ્યા કરવી તે સ્થિતિસમુદાહાર.

૨ કર્મપ્રકૃતિયોને અંગે સ્થિતિબન્ધાધ્યવસાયની વ્યાખ્યા કરવી તે પ્રકૃતિસમુદાહાર.

૩ જીવને અંગે સ્થિતિબન્ધાધ્યવસાયોની વ્યાખ્યા કરવી તે જીવસમુદાહાર.

૪ પ્રત્યેક સ્થિતિસ્થાને સ્થિતિબંધાધ્યવસાયોની ગણત્રી કરવી તે પ્રગણના.

૫ કયે સ્થિતિસ્થાને કયા સ્થિતિસ્થાન સંબંધિ કેટલાં સ્થિતિબન્ધાધ્યવસાયસ્થાનો કેટલાં સ્થિતિસ્થાનોમાં (કયાં સુધી) વહેંચાય છે તે અનુકૃષ્ટિ.

૬ કયા સ્થિતિસ્થાનોને અંગે સ્થિતિબન્ધાધ્યવસાયોની પરસ્પર તીવ્રમન્દતા કેટલા ગુણી કહેવી તે તીવ્રમન્દતા.

૭ આ પ્રકરણમાં અધ્યવસાયસ્થાન માત્ર શબ્દ આવે તો પણ

થાય. તે ભાગોના અસંખ્યાતમે ભાગે જેટલા ભાગ થાય ને તેટલા
ોમાં જેટલો આકાશપ્રદેશરાશિ થાય તેટલા પ્રમાણમાં દ્વિગુણ-
દ્ધિસ્થાનો થાય છે.૧

એ પ્રમાણે પ્રગણના કહીને હવે અનુકૃષ્ટિ વિચારાય છે. ત્યાં
તેસંબંધ હેતુભૂત અધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિનો અભાવ છે.
કે જ્ઞાનાવરણના જઘન્યસ્થિતિબન્ધે જે અધ્યવસાયો છે, તેથી
સ્થિતિબન્ધે અન્ય અધ્યવસાયો છે ને તેથી ત્રીજે સ્થિતિબન્ધે
ન્ય અધ્યવસાયો છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિ સુધીના સર્વ
સ્થાનોમાં પ્રત્યેકે અન્યઅન્ય અધ્યવસાયો છે. એ રીતે શેષ
દર્શનાવરણીયાદિ કર્મોમાં પણ જાણવું.

હવે તીવ્રમન્દતા કહેવાનો પ્રસંગ છે પરંતુ તે આગળ કહેવાશે.
માટે અહિં તે તીવ્રમન્દતાની વિવક્ષા કરી નથી રહી છે એમ
જાણવું. એ પ્રમાણે ત્રણ અનુયોગે કરીને સ્થિતિ સમુદાહાર કહ્યો

હવે પ્રકૃતિસમુદાહાર કહેવાય છે—ત્યાં પ્રમાણાનુગમ ને
અલ્પબહુત્વ એ બે અનુયોગ છે. તેમાં પ્રથમ પ્રમાણાનુગમકાર કહે-
ાય છે તે આ પ્રમાણે—જ્ઞાનાવરણની સર્વ સ્થિતિઓમાં અધ્ય-
ાયો કેટલા ? ઉત્તર—અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ. એ રીતે સર્વ
ોમાં પ્રમાણાનુગમ કહેવો.

## મૂળ ગાથા ૮૯ મી.

ठिइ दीहयाए कमसो, असंखगुणियाण णंतगुणा
पढमजहन्नुक्कोसं, बितिय जहन्नाइया चरमा ॥८९.

**ગાથાર્થ:**—અધિક અધિક સ્થિતિયુક્ત કર્મોમાં અનુક્રમે અસંખ્યગુણ અસંખ્યગુણ અધ્યવસાયો કહેવા. અને પ્રથમ સ્થિતિસ્થાનના જઘન્ય અધ્યવસાયથી ઉત્કૃષ્ટઅધ્યવસાય અનંતગુણ છે. એ પ્રમાણે જઘન્યસ્થિતિથી આરંભીને દ્વિતીય તૃતીયાદિ યાવત્ અન્તિમ સ્થિતિસ્થાન સુધીના પ્રત્યેક સ્થાનોમાં જઘન્યથી ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણ કહેવો. તથા પ્રથમ સ્થિતિના ઉત્કૃષ્ટાધ્યવસાયથી દ્વિતીયસ્થિતિના જઘન્યાધ્યવસાયમાં પણ અનંતગુણપણું કહેવું તે પણ યાવત્ ઉત્કૃષ્ટસ્થિતિ સુધી.

**ટીકાર્થ:**—સ્થિતિની દીર્ઘતાએ અનુક્રમે અધ્યવસાય સ્થાનો અસંખ્યગુણ કહેવાં અર્થાત્ જે કર્મથી જેની સ્થિતિ અનુક્રમે અધિક હોય તે કર્મથી તેનાં ( અનુક્રમે ) અધ્યવસાયસ્થાનો અસંખ્યગુણ કહેવાં તે આ પ્રમાણે—

આયુષ્યનાં સ્થિતિબન્ધાધ્યવસાયસ્થાનો સર્વથી અલ્પ છે. તેથી નામ અને ગોત્રકર્મના સ્થિતિબંધાધ્યવસાયસ્થાનો અસંખ્યગુણ છે. અહિં પ્રશ્ન એ છે કે—

**પ્રશ્ન:**—આયુષ્યનાં સ્થિતિસ્થાનોમાં અનુક્રમે અસંખ્યગુણ વૃદ્ધિ ( અધ્યવસાય સ્થાનોમાં ) છે. અને નામ તથા ગોત્રકર્મમાં પ્રત્યેક સ્થિતિસ્થાને વિશેષાધિકરૂપ વૃદ્ધિ છે. તો આયુષ્યની અપેક્ષાએ નામગોત્રના સ્થિતિબન્ધાધ્યવસાયો અસંખ્યગુણ કેમ થાય ?

**ઉત્તર:**—આયુષ્યના જ૦ સ્થિતિસ્થાનમાં જે સ્થિતિબન્ધાધ્યવસાયો છે તેથી નામ ગોત્રની જ૦ સ્થિતિમાં અતિ પ્રભૂત

છે. તેથી પણ દ્વિતીયસ્થિતિનુ જઘન્યસ્થિતિબન્ધાધ્યવસાયસ્થાન અનંતગુણ સંકલેશ યુક્ત છે. તેથી પણ તેજ દ્વિતીયસ્થિતિનું ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધાધ્યવસાયસ્થાન અનંતગુણ સંકલેશયુક્ત છે એ પ્રમાણે પ્રત્યેક સ્થિતિએ જઘન્ય ને ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધાધ્યવસાયસ્થાન અનંતગુણપણે ત્યાં સુધી કહેવું કે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિનું ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધાધ્યવસાય સ્થાન અનન્તગુણ આવે. એ પ્રમાણે સ્થિતિસમુદાહાર સંપૂર્ણપણે કહ્યો.

હવે જીવસમુદાહાર કહે છે.

મૂળ ગાથા ૯૭ મી.

**वंधंती धुव पगडी, परित्तमाणिग सुभाण तिविहरसं**
**चउ तिग विट्ठाणगयं, विवरीय तिगं च असुभाण॥२०॥**

ગાથાર્થ:—ધ્રુવબંધિ પ્રકૃતિયો ૪૭, અને પરાવર્તમાન શુભાદિ પ્રકૃતિયો ૩૪ એ ૮૧ પ્રકૃતિયોનો ચતુઃસ્થાનિક, ત્રિસ્થાનિક, ને દ્વિસ્થાનિક એ ૩ પ્રકારનો રસ બંધાય. તે અવસરે અશુભ પ્રકૃતિયોનો ૩ પ્રકારનો રસ તેથી વિપરીતપણે દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક, ને ચતુઃસ્થાનિક એ પ્રમાણે બંધાય.

**ટીકાર્થ:**—જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯, મિથ્યાત્વ કષાય ૧૬, ભય, કુત્સા, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ૪, અગુરૂલઘુ, ઉપઘાત, નિર્માણ, ને અન્તરાય ૫, એ ૪૭ ધ્રુવબન્ધિ પ્રકૃતિયો ચતુઃ ત્રિ દ્વિ સ્થાનિકરસને બાંધતો જીવ શાતા, દેવદ્વિક ૨, મનુષ્યદ્વિક ૨, પંચેન્દ્રિય, દેહત્રિક ૩, ઉપાંગત્રિક ૩, સમચતુરસ્ર, વજ્રર્ષભનારાચ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, સુખગતિ, ત્રસાદિ ૧૦, છદ્મનાદ, શુભાયુષ્યત્રિક ૩, ઉચ્ચગોત્ર એ ૩૪ પરાવર્ત્તમાન શુભપ્રકૃતિયોના ચતુઃસ્થાનિક, ત્રિસ્થાનિક, ને અન્તિમાનુભાગરૂપ દ્વિસ્થાનિક, એ ૩ પ્રકારના રસને બાંધે છે.

અહિં શુભપ્રકૃતિનો રસ દુગ્ધાદિ રસ સરખો (મિષ્ટ) છે,

બન્ધાય છે. પરંતુ એકસ્થાનિક રસ કોઇપણ કાળે બંધાતો નથી એ સ્વાભાવિક નિયમ છે. એ પ્રમાણે શુભ પ્રકૃતિયોના અનુક્રમે ચતુઃસ્થાનિકાદિ ત્રણ પ્રકારના રસનું નિરૂપણ કરીને હવે અશુભ પ્રકૃતિયોના ત્રણ પ્રકારના રસબન્ધનું નિરૂપણ કરે છે.

विवरीय तिगं च असुभाणं=પૂર્વોક્ત ધ્રુવબન્ધિ પ્રકૃતિયોને બાંધતો જીવ જ્યારે પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિયોનો બંધ કરે ત્યારે તે અશુ૦ પરા૦ પ્રકૃતિયોનો અનુભાગત્રિક એટલે ત્રણે પ્રકારનો રસ વિપરીતપણે બાંધે. તે આ પ્રમાણે—દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક, ને ચતુઃસ્થાનિક.

અહિં [1] ધ્રુવ પ્રકૃતિયોની જઘન્યસ્થિતિને બાંધતો જીવ બન્ધપ્રાપ્ત થયેલી ( બન્ધાતી ) એવી શુભ પ્રકૃતિયોનો ચતુઃસ્થાનિક રસ બાંધે, અને અશુભપ્રકૃતિયોનો દ્વિસ્થાનિક રસ બાંધે. તથા ધ્રુવપ્રકૃતિયોની અજઘન્ય ( મધ્યમ ) સ્થિતિને બાંધતો એવો જીવ ( તત્સમયે )બંધાતી શુભ વા અશુભ પ્રકૃતિયોનો યથાયોગપણે ત્રિસ્થાનિક રસ બાંધે. તથા ધ્રુવપ્રકૃતિયોની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધતો જીવ તે અવસરે બંધાતી શુભપ્રકૃતિયોનો દ્વિસ્થાનિક રસ, અને અશુભ પ્રકૃતિયોનો ચતુઃસ્થાનિક રસ બાંધે.

॥ ध्रुवबंधिना स्थितिबंधमां शुभाशुभ रसबंध स्थापना ॥

| ધ્રુવબન્ધિના સ્થિતિબન્ધમાં. | શુભનો રસબંધ. | અશુભનો રસબંધ. |
|---|---|---|
| જ૦ સ્થિ૦ બન્ધે૦ | ચતુઃસ્થાનિક | દ્વિસ્થાનિક |
| મ૦ સ્થિ૦ બન્ધે૦ | ત્રિસ્થાનિક | ત્રિસ્થાનિક |
| ઉ૦ સ્થિ૦ બન્ધે૦ | દ્વિસ્થાનિક | ચતુઃસ્થાનિક |

૧ આ પ્રકરણમાં " ધ્રુવ પ્રકૃતિ " એ શબ્દથી " ધ્રુવબન્ધિની પ્રકૃતિ " જાણવી.

હવે કયા જીવો શુભપ્રકૃતિના ચતુઃસ્થાનિક, ત્રિસ્થાનિક, અને દ્વિસ્થાનિક રસ બાંધે છે ? તે કહે છે.

## મૂળ ગાથા ૯૧-૯૨ મી.

**सव्वविसुद्धा बंधंति, मज्झिमा संकिलिट्ठतरगा य**
**धुवपगडि जहन्नठिइं, सव्वविसुद्धा उ बंधंति ॥९१॥**

**तिट्ठाणे अजहन्नं, बिट्ठाणे जेट्ठगं सुभाण कमा**
**सट्ठाणे उ जहन्नं, अजहन्नुक्कोस मियरासिं ॥९२॥**

ગાથાર્થ:—ટીકાર્થવત્

**ટીકાર્થ:**—જે અતિવિશુદ્ધ અધ્યવસાયવાળા જીવો તે પરાવર્તમાન શુભ પ્રકૃતિનો ચતુઃસ્થાનિક રસ બાંધે છે, પુનઃ જે મધ્યમ પરિણામવાળા જીવો તે શુ૦ પરા૦ નો ત્રિસ્થાનિક રસ બાંધે છે, અને જે અતિ સંક્લિષ્ટ અધ્યવસાયવાળા જીવો તે શુ૦ પરા૦ નો દ્વિસ્થાનિક રસ બાંધે છે. પુનઃ જે તદ્યોગ્ય ભૂમિકાનુસારે અતિ વિશુદ્ધ અધ્યવસાયવાળા જીવો જો પરાવર્તમાન અશુભ પ્રકૃતિ બાંધે તો તેનો દ્વિસ્થાનિક રસ નિપજાવે છે, તથા મધ્યમ પરિણામવાળા જીવો ત્રિસ્થાનિક રસને અને અતિ સંક્લિષ્ટ પરિણામવાળા જીવો ચતુઃસ્થાનિક રસને નિપજાવે છે.

તથા જે અતિ વિશુદ્ધિવાળા જીવો શુભપ્રકૃતિનો ચતુઃસ્થાનિક રસ બાંધે છે, તે ધ્રુવ પ્રકૃતિની જઘન્યસ્થિતિ બાંધે છે. (અહિં ગાથામાં તિટ્ઠાણે એ સપ્તમી વિભક્તિના પ્રયોગમાં છે, પરંતુ અર્થથી ષષ્ઠી વિભક્તિ ગ્રહણ કરવી.) તથા જે જીવો શુ૦ પરા૦ નો ત્રિસ્થાનિક રસ બાંધે છે, તે જીવો ધ્રુવ પ્રકૃતિની મધ્યમ સ્થિતિ બાંધે છે. તથા જે જીવો શુ૦ પરા૦ નો દ્વિસ્થાનિક રસ બાંધે છે તે જીવો ધ્રુવ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે.

બન્ધાય છે. પરંતુ એકસ્થાનિક રસ કોઇપણ કાળે બંધાતો નથી એ સ્વાભાવિક નિયમ છે. એ પ્રમાણે શુભ પ્રકૃતિયોના અનુક્રમે ચતુઃસ્થાનિકાદિ ત્રણ પ્રકારના રસનું નિરૂપણ કરીને હવે અશુભ પ્રકૃતિયોના ત્રણ પ્રકારના રસબન્ધનું નિરૂપણ કરે છે.

विवरीय तिगं च असुभाणं=પૂર્વોક્ત ધ્રુવબન્ધિ પ્રકૃતિયોને બાંધતો જીવ જ્યારે પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિયોનો બંધ કરે ત્યારે તે અશુ૦ પરા૦ પ્રકૃતિયોનો અનુભાગત્રિક એટલે ત્રણે પ્રકારનો રસ વિપરીતપણે બાંધે. તે આ પ્રમાણે—દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક, ને ચતુઃસ્થાનિક.

અહિં [1] ધ્રુવ પ્રકૃતિયોની જઘન્યસ્થિતિને બાંધતો જીવ બન્ધપ્રાપ્ત થયેલી ( બન્ધાતી ) એવી શુભ પ્રકૃતિયોનો ચતુઃસ્થાનિક રસ બાંધે, અને અશુભપ્રકૃતિયોનો દ્વિસ્થાનિક રસ બાંધે. તથા ધ્રુવપ્રકૃતિયોની અજઘન્ય ( મધ્યમ ) સ્થિતિને બાંધતો એવો જીવ ( તત્સમયે )બંધાતી શુભ વા અશુભ પ્રકૃતિયોનો યથાયોગપણે ત્રિસ્થાનિક રસ બાંધે. તથા ધ્રુવપ્રકૃતિયોની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધતો જીવ તે અવસરે બંધાતી શુભપ્રકૃતિયોનો દ્વિસ્થાનિક રસ, અને અશુભ પ્રકૃતિયોનો ચતુઃસ્થાનિક રસ બાંધે.

॥ ध्रुवबंधिना स्थितिबंधमां शुभाशुभ रसबंध स्थापना ॥

| ધ્રુવબન્ધિના સ્થિતિબન્ધમાં. | શુભનો રસબંધ. | અશુભનો રસબંધ. |
|---|---|---|
| જ૦ સ્થિ૦ બન્ધે૦ | ચતુઃસ્થાનિક | દ્વિસ્થાનિક |
| મ૦ સ્થિ૦ બન્ધે૦ | ત્રિસ્થાનિક | ત્રિસ્થાનિક |
| ઉ૦ સ્થિ૦ બન્ધે૦ | દ્વિસ્થાનિક | ચતુઃસ્થાનિક |

[1] આ પ્રકરણમાં " ધ્રુવ પ્રકૃતિ " એ શબ્દથી " ધ્રુવબન્ધિની પ્રકૃતિ " જાણવી.

હવે કયા જીવો શુભપ્રકૃતિના ચતુઃસ્થાનિક, ત્રિસ્થાનિક, અને દ્વિસ્થાનિક રસ બાંધે છે ? તે કહે છે.

### મૂળ ગાથા ૯૧-૯૨ મી.

सव्वविसुद्धा बंधंति, मज्झिमा संकिलिट्ठतरगा य
धुवपगडि जहन्नठिइं, सव्वविसुद्धा उ बंधंति ॥९१॥

तिट्ठाणे अजहन्नं, बिट्ठाणे जेट्ठगं सुभाण कमा
सट्ठाणे उ जहन्नं, अजहन्नुक्कोस मियरासिं ॥९२॥

ગાથાર્થ:—ટીકાર્થવત્

ટીકાર્થ:—જે અતિવિશુદ્ધ અધ્યવસાયવાળા જીવો તે પરાવર્તમાન શુભ પ્રકૃતિનો ચતુઃસ્થાનિક રસ બાંધે છે, પુનઃ જે મધ્યમ પરિણામવાળા જીવો તે શુ૦ પરા૦ નો ત્રિસ્થાનિક રસ બાંધે છે, અને જે અતિ સંક્લિષ્ટ અધ્યવસાયવાળા જીવો તે શુ૦ પરા૦ નો દ્વિસ્થાનિક રસ બાંધે છે. પુનઃ જે [1]તદ્યોગ્ય ભૂમિકાનુસારે અતિ વિશુદ્ધ અધ્યવસાયવાળા જીવો જો પરાવર્તમાન અશુભ પ્રકૃતિ બાંધે તો તેનો દ્વિસ્થાનિક રસ નિપજાવે છે, તથા મધ્યમ પરિણામવાળા જીવો ત્રિસ્થાનિક રસને અને અતિ સંક્લિષ્ટ પરિણામવાળા જીવો ચતુઃસ્થાનિક રસને નિપજાવે છે.

તથા જે જીવો અશુ૦ પરા૦ નો દ્વિસ્થાનિક રસ બાંધે છે, તે જીવો સ્વસ્થાને એટલે [2]સ્વવિશુદ્ધિ ભૂમિકાને અનુસારે ધ્રુવપ્રકૃતિની અનતિ (સાધિક) જઘન્યસ્થિતિ બાંધે છે. અર્થાત્ અશુ૦ પરા૦ પ્રકૃતિના દ્વિસ્થાનિક રસબન્ધને યોગ્ય જે વિશુદ્ધિ છે, તે વિશુદ્ધિ વડે ધ્રુવપ્રકૃતિની અનતિ જઘન્યસ્થિતિ બાંધે, પરન્તુ અતિ જઘન્યસ્થિતિ ન બાંધે. કારણ કે ધ્રુવપ્રકૃતિનો અતિજઘન્ય સ્થિતિબન્ધ એકાન્ત વિશુદ્ધિમાંજ સંભવે છે, ને તે અવસરે અશુ૦ પરા૦ પ્રકૃતિયોનો બન્ધ પણ હોતો નથી. તથા જે જીવો અશુ૦ પરા૦ નો ત્રિસ્થાનિક રસ બાંધે છે તે જીવો ધ્રુવપ્રકૃતિની અજઘન્ય ( મધ્યમ ) સ્થિતિ બાંધે છે. તથા અશુ૦ પરા૦ નો ચતુઃસ્થાનિકરસ જે જીવો બાંધે છે તે જીવો ધ્રુવપ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિબાંધે છે.

જીવપરિણામાનુસારે રસબંધ અને સ્થિતિબન્ધની સ્થાપના.

| જીવોને | શુ૦ પરા૦ નો રસબન્ધ | અશુ૦ પરા૦ નો રસબંધ | ધ્રુ૦ પ્રકૃતિનો સ્થતિબં૦ |
|---|---|---|---|
| અતિવિશુદ્ધિએ | ચતુઃ સ્થાનિક | દ્વિસ્થાનિક | જ૦ સ્થિતિબં૦ |
| મધ્યમવિશુદ્ધિ૦ | ત્રિસ્થાનિક | ત્રિસ્થાનિક | મ૦ સ્થિ૦ બં૦ |
| અતિસંક્લેશે | દ્વિસ્થાનિક | ચતુઃ સ્થાનિક | ઉ૦ સ્થિ૦ બં૦ |

[1] આ સ્થપનામાં પ્રથમ. પ્હેલાથી બીજા કોઠાની, પ્હેલાથી અથવાબીજાથી ત્રીજા કોઠાની, અને પ્હેલા બીજા અથવા ત્રીજાથી ચતુર્થ કોઠાની પ્રરૂપણા કરવી. એ પ્રમાણે ૬ ભાંગે પ્રરૂપણા કરવી.

૧-૨ જે જીવને જેવા પ્રકારની સ્વયોગ્ય ઉત્કૃષ્ટ વિશુદ્ધિ હોઇ શકે તે ઉત્કૃષ્ટ વિશુદ્ધિને અનુસારે.

અહિં અનન્તરોપનિધા, અને પરમ્પરોપનિધા એ બે પ્રકારની પ્રરૂપણા છે. તેમાં પ્રથમ અનન્તરોપનિધા પ્રરૂપણા કહે છે.

### મૂળ ગાથા ૯૩ મી.

थोवा जहन्नियाए, होंति विसेसाहिओ दहि सयाइं
जीवा विसेसहीणा, उदहि सयपुहुत्तसो जाव ॥९३॥

ગાથાર્થ:—ટીકાર્થવત્.

ટીકાર્થ:—પરાવર્ત્તમાન શુભપ્રકૃતિઓના ચતુઃસ્થાનિક રસબન્ધકપણે વર્તતાં છતાં જ્ઞાનાવરણાદિ ધ્રુવબન્ધિ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિમાં બંધકપણે વર્તતા જીવો સર્વથી અલ્પ છે, તેથી દ્વિતીય સ્થિતિમાં બંધકપણે વર્તતા જીવો વિશેષાધિક છે. તેથી તૃતીય સ્થિતિમાં વિશેષાધિક, એ પ્રમાણે ઘણા સેંકડો સાગરોપમ સુધી વિશેષાધિકપણું કહેવું. ત્યારબાદ ઘણા સેંકડો સાગરોપમ સુધી વિશેષહાનિપણું કહેવું. અહિં ગાથામાં સો શબ્દ પ્રકૃતિને અર્થે છે. અને પુહુત્ત=પૃથક્ત્વ શબ્દ બહુત્વવાચક છે. કર્મપ્રકૃતિ ચૂર્ણિમાં કહ્યું છે કે પુહુત્त સદ્દો બહુત્તવાચી ઇતિ.

### મૂળ ગાથા ૯૪ મી.

एवं तिहाणकरा, बिहाणकरा य आ सुहुकोसा-
असुभाणं बिहाणे, तिचउहाणे य उक्कोसा ॥९४॥

**ટીકાર્થ**:—પરાવર્ત્તમાન શુભપ્રકૃતિના ત્રિસ્થાનિક બાંધતાં ધ્રુવપ્રકૃતિની [1]સ્વપ્રાયોગ્ય જઘન્યસ્થિતિમાં પણે વર્તતા જીવો અલ્પ છે. તેથી દ્વિતીય સ્થિતિમાં વિશેષાધિક તેથી તૃતીય સ્થિતિમાં વિશેષાધિક છે. એ પ્રમાણે ઘણા સાગરોપમ વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવું. ત્યાંથી આગળ ષહીન વિશેષહીનપણું પણ ઘણા સેંકડો સાગરોપમ સુધી કહેવું.

તથા પરાવર્ત્તમાન શુભપ્રકૃતિના દ્વિસ્થાનિક રસને બાં ધ્રુવ પ્રકૃતિની સ્વપ્રાયોગ્ય જઘન્યસ્થિતિમાં બન્ધકપણે વર્ત જીવો અલ્પ છે. તેથી દ્વિતીય સ્થિતિમાં વિશેષાધિક છે, તેથી સ્થિતિમાં વિશેષાધિક છે. એ પ્રમાણે ઘણા સેંકડો સાગરો વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવું. ત્યાંથી આગળ વિશેષહીનતા ઘણા સેંકડો સાગરોપમ વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવી. અહિં શુ૦ પરા૦ પ્રકૃતિના દ્વિસ્થાનિક રસબન્ધક જીવો આ તિએ ત્યાં સુધી કહેવા કે જ્યાં સુધી તે પરાવર્ત્તમાન શુભ પ્રકૃ ચોની [2]ઉત્કૃષ્ટ સ્થિતિ આવે, અર્થાત્ ઉત્કૃષ્ટસ્થિતિગત દ્વિસ્થાનિ રસબન્ધક જીવો પ્રાપ્ત થાય ત્યાં સુધી આ પરિપાટી કહેવી.

તથા અશુભપરાવર્ત્તમાન પ્રકૃતિયોના પૂર્વોકત ચતુઃ પ્રથમથી દ્વિસ્થાનિકરસબન્ધક કહીને ત્યારબાદ ત્રિસ્થાનિકરસબ કહેવા, ને ત્યારબાદ ચતુઃસ્થાનિકરસબન્ધક કહેવા, તે પણ યાવત્ ઉત્કૃ ષ્ટસ્થિતિ સુધી કહેવા. અહિં તાત્પર્ય આ પ્રમાણે છે—અશુ પરાવર્ત્તમાન પ્રકૃતિના [3]દ્વિસ્થાનિકરસને બાંધતા છતા ધ્રુવપ્રકૃતિની

---

૧ અહિં સ્વપ્રાયોગ્યપણું જીવોની અપેક્ષાએ જાણવું, પરંતુ પ્રકૃતિની પેક્ષાએ નહિ.

૨ આ ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રકૃતિપ્રાયોગ્ય નહિ, પરંતુ દ્વિસ્થાનિક રસ પ્રાયોગ્ય ઉ૦ સ્થિતિ જાણવી.

૩ "દ્વિ… બાંધતા છતા ધ્રુવપ્રકૃતિની" એ વાક્

## મૂળ ગાથા ૯૫ મી.

**पल्लाऽसंखिय मूलानि, गंतुं दुगुणा य दुगुणहीणा**
**नाणंतराणि पल्लस्स, मूलभागो असंखतमो ॥९५॥**

**ગાથાર્થ:**—પલ્યોપમાના અસંખ્યાત વર્ગમૂળપ્રમાણ સ્થિતિયોના વ્યતિક્રમે જીવોની દ્વિગુણાધિકતા અને દ્વિગુણહીનતા થાય. તથા તેમાં નાના પ્રકારનાં અન્તરો પલ્યોપમના પ્રથમવર્ગમૂલના અસંખ્યાતમાભાગપ્રમાણ છે.

**ટીકાર્થ:**—પરાવર્ત્તમાન શુભપ્રકૃતિના ચતુઃસ્થાનિકરસને બાંધતા છતા ધ્રુવપ્રકૃતિની જઘન્યસ્થિતિમાં બન્ધકપણે વર્તતા જીવોની અપેક્ષાએ જઘન્યસ્થિતિથી આગળ પલ્યોપમના પ્રથમ અસંખ્ય વર્ગમૂળના સમયરાશિ પ્રમાણ સ્થિતિયો વ્યતિક્રાન્ત થતાં અનંતર સ્થિતિસ્થાનમાં વર્તતા જીવો દ્વિગુણ હોય છે. ત્યાંથી આગળ પુનઃ પણ પલ્યોપમના અસંખ્યાત વર્ગમૂળ પ્રમાણસ્થિતિયો વ્યતિક્રાન્ત થતાં અનંતર સ્થિતિસ્થાને વર્તતા જીવો તેથી પણ દ્વિગુણ હોય છે. એ રીતે ઘણા સેંકડો સાગરોપમ સુધી દ્વિગુણવૃદ્ધિ કહેવી. ત્યાંથી આગળ પલ્યોપમા સંખ્યવર્ગમૂલપ્રમાણ સ્થિતિયો વ્યતિક્રાન્ત થતાં અનંતર સ્થિતિસ્થાને (દ્વિગુણ વૃદ્ધિની અન્તિમસ્થિતિમાં બન્ધક પણે વર્તતા જીવોની અપેક્ષાએ) દ્વિગુણહીન ( અર્ધા ) થાય છે. ત્યાંથી આગળ પુનઃ પણ પલ્યોપમાસંખ્યવર્ગમૂળપ્રમાણ સ્થિતિયો વ્યતિક્રમ્યે અનંતર સ્થિતિસ્થાનમાં તેથી દ્વિગુણહીન જીવો થાય છે. એ પ્રમાણે દ્વિગુણહાનિ પણ ઘણા સેંકડો સાગરોપમ વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવી.

એ પ્રમાણે શુ૦ પરા૦ પ્રકૃતિના ત્રિસ્થાનિક અને દ્વિસ્થાનિક રસબન્ધક જીવોની દ્વિગુણાધિકતા ને દ્વિગુણહાનિ પણ કહેવી. તથા અશુભ પરાવર્તમાન પ્રકૃતિયોના દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક, ચતુઃસ્થાનિક રસના બન્ધક જીવો એ પદ્ધતિએજ કહેવા.

## મૂળ ગાથા ૯૫ મી.

**पल्लाऽसंखिय मूलानि, गंतुं दुगुणा य दुगुणहीणा**
**नाणंतराणि पल्लस्स, मूलभागो असंखतमो ॥९५॥**

**ગાથાર્થ:**—પલ્યોપમાના અસંખ્યાત વર્ગમૂળપ્રમાણ સ્થિતિયોના વ્યતિક્રમે જીવોની દ્વિગુણાધિકતા અને દ્વિગુણહીનતા થાય તથા તેમાં નાના પ્રકારનાં અન્તરો પલ્યોપમના પ્રથમવર્ગમૂળના અસંખ્યાતમાભાગપ્રમાણ છે.

**ટીકાર્થ:**—પરાવર્ત્તમાન શુભપ્રકૃતિના ચતુઃસ્થાનિકરસને બાંધતા છતા ધ્રુવપ્રકૃતિની જઘન્યસ્થિતિમાં બન્ધકપણે વર્તતા જીવોની અપેક્ષાએ જઘન્યસ્થિતિથી આગળ પલ્યોપમના પ્રથમ અસંખ્ય વર્ગમૂળના સમયરાશિ પ્રમાણ સ્થિતિયો વ્યતિક્રાન્ત થતાં અનંતર સ્થિતિસ્થાનમાં વર્તતા જીવો દ્વિગુણ હોય છે. ત્યાંથી આગળ પુનઃ પણ પલ્યોપમના અસંખ્યાત વર્ગમૂળ પ્રમાણસ્થિતિયો વ્યતિક્રાન્ત થતાં અનંતર સ્થિતિસ્થાને વર્તતા જીવો તેથી પણ દ્વિગુણ હોય છે. એ રીતે ઘણા સેંકડો સાગરોપમ સુધી દ્વિગુણવૃદ્ધિ કહેવી. ત્યાંથી આગળ પલ્યોપમા સંખ્યવર્ગમૂળપ્રમાણ સ્થિતિયો વ્યતિક્રાન્ત થતાં અનંતર સ્થિતિસ્થાને (સ્થિતિ વૃદ્ધિની અન્તિમસ્થિતિમાં બન્ધક પણે વર્તતા જીવોની અપેક્ષાએ) દ્વિગુણહીન (અર્ધા) થાય છે. ત્યાંથી આગળ પુનઃ પણ પલ્યોપમાસંખ્યવર્ગમૂળપ્રમાણ સ્થિતિયો વ્યતિક્રમ્યે અનંતર સ્થિતિસ્થાનમાં તેથી દ્વિગુણહીન જીવો થાય છે. એ પ્રમાણે દ્વિગુણહાનિ પણ ઘણા સેંકડો સાગરોપમ વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવી.

એ પ્રમાણે શુ૦ પરા૦ પ્રકૃતિના ત્રિસ્થાનિક અને દ્વિસ્થાનિક રસબન્ધક જીવેની દ્વિગુણાધિકતા ને દ્વિગુણહાનિ પણ કહેવી. તથા અશુભ પરાવર્તમાન પ્રકૃતિયોના દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક, ચતુઃસ્થાનિક રસના બન્ધક જીવો એ પદ્ધતિએજ કહેવા.

**ગાથાર્થ:**—ટીકાર્થવત્.

**ટીકાર્થ:**—શુભ પરાવર્ત્તમાન અને અશુભપરાવર્ત્તમાન પ્રકૃતિયોના અનાકાર પ્રાયોગ્ય એટલે બંધને આશ્રયિને અનાકારોપયોગ યોગ્ય અથવા તથાવિધ મન્દપરિણામ યોગ્ય જે રસ તે નિશ્ચયતઃ દ્વિસ્થાનિકજ હોય છે, પરન્તુ ત્રિસ્થાનિકાદિ નહિ. (ગાથામાં ઉ=તુ શબ્દ નિશ્ચયવાચક છે. તુ સ્યાદ્ભેદેઽવધારણે અર્થાત્ તુ શબ્દ ભેદ અને નિશ્ચયના અર્થમાં છે) કારણ કે બન્ધને અધિકરીને સાકારોપયોગપ્રાયોગ્ય રસ તે તીવ્ર પરિણામ પ્રાયોગ્ય હોય છે. પુનઃ સાકરોપયોગ પ્રાયોગ્ય જે રસ તે દ્વિસ્થાનાદિ સર્વ રસોમાં પ્રાપ્ત થાય છે. અર્થાત્ દ્વિસ્થાનિક ત્રિસ્થાનિક ને ચતુઃસ્થાનિક રસ તે બંધને આશ્રયિ સાકારોપયોગપ્રાયોગ્ય છે. હવે સર્વસ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ કહેવાય છે.

પરાવર્ત્તમાન શુભપ્રકૃતિના ચતુઃસ્થાનિકરસ[1]યવમધ્યથી નીચેનાં સ્થિતિસ્થાનો અલ્પ છે ॥૯૬॥ તેથી ચતુઃસ્થાનકરસના યવમધ્યથી ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે. તેથીપણ પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિના ત્રિસ્થાનક રસયવમધ્યથી નીચેનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે. તેથી પણ ત્રિસ્થાનક રસયવમધ્યથી ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે. एवं तिट्ठाणे=એ પ્રમાણે ત્રિસ્થાનક રસમાં પણ નીચે ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યગુણપણે કહેવાં. તેથી પણ પરા૦ શુ૦ પ્રકૃતિયોના દ્વિસ્થાનિક રસયવમધ્યથી નીચેનાં એકાન્તસાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે. તેથી પણ દ્વિસ્થાનિક રસયવમધ્યથી નીચેનાં ને પાશ્ચાત્ય સ્થાનોથી ઉપરનાં મિશ્ર એટલે

1 ચતુઃસ્થાનપ્રાયોગ્ય પ્રથમસ્થિતિથી ઘણા સેંકડો સાગરોપમ સુધી પ્રત્યેક સ્થિતિસ્થાને ચતુઃસ્થાનકરસબન્ધક જીવો વિશેષાધિક વિશેષાધિકપણે કહ્યા છે, ને ત્યાંથી આગળ ઘણા સેંકડો સાગરોપમ સુધી વિશેષહીન હીનતર કહ્યા છે. તેથી સ્થિતિસ્થાનોને અંગે ચતુઃસ્થાનકરસબન્ધક જીવોની વૃદ્ધિ હાનિ યવના આકારે થાય છે માટે તેને યવ અત્રે ગ્રહણ કરવો. ઇતિ સર્વત્ર.

છે ॥ ૯૭ ॥

સાકારાનાકારોપયોગપ્રાયોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણ છે ॥ ૯૭ ॥
તેથી પણ દ્વિસ્થાનક રસયવમધ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો
સંખ્યાતગુણ છે. તેથી પણ શુ૦ પરા૦ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબન્ધ
સંખ્યાત ગુણ છે. તેથી પણ અશુ૦ પરા૦ પ્રકૃતિનો જઘન્યસ્થિતિ
બન્ધ વિશેષાધિક છે- તેથી પણ અશુ૦ પરા૦ પ્રકૃતિના દ્વિસ્થાનક
રસ યવમધ્યથી નીચેનાં એકાન્ત સાકારોપયોગ યોગ્ય સ્થિતિસ્થાનો
સંખ્યાતગુણ છે. તેથી તેજ પરા૦ અશુ૦ પ્રકૃતિયોના દ્વિસ્થાનકરસ
યવમધ્યથી નીચેનાં ને પાશ્ચાત્ય સ્થાનેથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો
સંખ્યાતગુણ છે. તેથી પણ તેજ અશુ૦ પરા૦ પ્રકૃતિયોના દ્વિસ્થા-
નકરસયવમધ્યથી ઉપરના મિશ્રસ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
તેથી પણ ઉપરનાં એકાન્ત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો

ઉત્કૃષ્ટ સ્થિતિએ જાય છે તેટલી સ્થિતિ [1]કાયસ્થિતિ કહેવાય છે. ॥ ૯૮ ॥ ૯૯ ॥

તેથી પણ અંતઃકોડાકોડી સાગરોપમ સંખ્યાતગુણ છે. તેથી પણ પરા૦ શુ૦ પ્રકૃતિયોના દ્વિસ્થાનિકરસયવમધ્યથી ઉપરનાં જે મિશ્ર સ્થિતિસ્થાનો છે, ને તેથીપણ ઉપરનાં જે એકાન્તસાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો છે તે સંખ્યાતગુણ છે. તેથી પણ પરા૦ શુ૦ પ્રકૃતિનો ઉ૦ સ્થિતિબન્ધ વિશેષાધિક છે. તેથી પણ અશુભપરા૦ પ્રકૃતિયોની બંધાયલી કાયસ્થિતિ વિશેષાધિક છે. જે સ્થિતિસ્થાનથી માંડૂકપ્લુતિ ન્યાયથી કાય એટલે કાળ લઇને જે સ્થિતિ બંધાય છે, ત્યાંથી પ્રારંભી ત્યાંસુધીની સ્થિતિ અહિં બદ્ધ કાયસ્થિતિ કહેવાય છે, ને તે ઉત્કૃષ્ટથી અન્તઃકોડાકોડી સાગર ન્યૂન સર્વ કર્મ સ્થિતિ પ્રમાણ જાણવી. તે આ પ્રમાણે—પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય જીવ અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કરીને જ ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે, અન્યથા નહિ. (માટે બદ્ધકાયસ્થિતિ અન્તઃકોડાકોડી ન્યૂન સર્વસ્થિતિપ્રમાણ છે.) તેથીપણ અશુ૦ પરા૦ પ્રકૃતિનો ઉ૦ સ્થિતિબન્ધ વિશેષાધિક છે. ॥ ૧૦૦ ॥

કે સમુચ્ચયથી તો કિંચિદૂન કર્મસ્થિતિ પ્રમાણ અંતર પડી અંતઃકોડાકોડી સાગર જેટલા થાય છે. માટે અંતર મોટું થઇ જાય તે અ[illegible] નો નાનું અંતર ગ્રહણ કરવાનું છે જેમકે ૧૦૦ સમયાત્મક સ્થિતિને [illegible] સમયાત્મક ઉ૦ સ્થિતિ (અપવર્તના વડે) કરી, તેમાં ૯૧ થી ૧૦૦ ૧૦ સ્થિતિયો તે અપવર્તના વડે કરેલા ઉત્કૃષ્ટ સ્થિતિની કાયસ્થિતિ કહેવાય. [illegible]

૧ [illegible]

॥ प्रकृतियोना रसबन्धमध्यथी स्थितिस्थानादिकना ॥
॥ अल्पबहुत्वनी स्थापना ॥

| પ્રકૃતિઓ | રસબંધ-સ્થાન | નીચેની ને ઉપરની | સ્થિતિસ્થાનાદિ ( ? ) | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| શુભ પ્રકૃ० | ચતુઃસ્થાનિક | નીચેનાં | સ્થિતિસ્થાનો | અલ્પ |
| " | " | ઉપરનાં | " | સંખ્યગુણ |
| " | ત્રિસ્થાનિક | નીચેનાં | " | " |
| " | " | ઉપરનાં | " | " |
| " | દ્વિસ્થાનિક | નીચેનાં | ડા.કંડ " | " |
| " | " | " | નિ. " | " |
| " | " | ઉપરનાં | " " | " |
| " | — | — | જઘ० સ્થિતિ | " |
| " | | | | ઉત્કૃ.સ્થિ |
| અશુભ પ્રકૃ० | — | — | | સંખ્ય.ગુણ |
| " | દ્વિસ્થ.નિક | નીચેનાં | ડા.કંડ સ્થિતિસ્થા० | " |
| " | " | " | નિ. " | " |
| " | " | ઉપરનાં | " " | " |
| " | " | " | ડા.કંડ " | " |
| " | ત્રિસ્થ.નિક | નીચેનાં | સ્થિ.સ્થા. | " |
| " | " | ઉપરનાં | " | |

ટીકાર્થ:—પરા૦ શુ૦ પ્રકૃતિયોના ચતુઃસ્થાનક રસબન્ધક જીવો અલ્પ છે. તેથી ત્રિસ્થાનક રસબન્ધક જીવો સંખ્યાતગુણ છે, તેથી પણ દ્વિસ્થાનક રસબન્ધક જીવો સંખ્યાતગુણ છે, તેથી પણ પરા૦ અશુ૦ પ્રકૃતિયોના દ્વિસ્થાનિક રસબન્ધક જીવો સંખ્યાતગુણ છે, તેથી પણ ચતુઃ સ્થાનિક રસબન્ધક જીવો સંખ્યાતગુણ છે, ને તેથી પણ ત્રિસ્થાનિક રસબન્ધક જીવો વિશેષાધિક છે. તેજ વાત ગાથાથી કહે છે. असुभाणं ઇત્યાદિ=અશુભ પ્રકૃતિયોના ત્રિસ્થાનિક રસબન્ધક જીવો સર્વથી પણ ઉપર વિશેષાધિક કહેવા.

હવે આ બન્ધનકરણનો ઉપસંહાર કરે છે.

### મૂળ ગાથા ૧૦૨ મી.

**एवं बंधणकरणे, परुविए सह हि बंधसयगेणं**
**बंधविहाणाहिगमो, सुहमभिगंतुं लहुं होइ ॥१०२॥**

ગાથાર્થ:—ટીકાર્થવત

ટીકાર્થ:—એ પ્રમાણે આ બન્ધનકરણની 'બન્ધશતક નામના ગ્રન્થ (સહિત) પ્રરૂપણા કર્યે છતે 'પૂર્વગત બન્ધવિધિને સુખપૂર્વક જાણવાની ઇચ્છાવાળા જીવોને સિદ્ધ એ પદરૂપ [illegible] છે.

॥ इति श्रीमलयगिरिविरचितकर्मप्रकृति टीकायां जैनाचार्य श्रीमद्
बुद्धिसागरसूरिशिष्येण पं. चंदुलालकृत बन्धनकरण
गुर्जरभाषानुवाद समाप्त ॥

# ॥ अथ संक्रमकरण ॥

પૂર્વોક્ત પ્રકારે બન્ધનકરણ કહીને હવે ઉદ્દેશના અનુક્રમથી સંક્રમકરણ કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થયાથી તે કહેવાય છે. ત્યાં પ્રકૃતિસંક્રમ, સ્થિતિસંક્રમ, રસસંક્રમ, ને પ્રદેશસંક્રમ. એ પ્રમાણે સંક્રમના ચાર ભેદ તે પ્રકૃત્યાદિ વિષયને અંગે થયેલા છે, તેમાં પ્રથમ સંક્રમનનાં સામાન્ય લક્ષણ કહે છે.

### મૂળગાથા ૧ લી.

**सो संकमो त्ति वुच्चइ, जं वंधणपरिणओ पओगेण**
**पगयंतरत्थ दलियं, परिणमयइ तयणुभावे जं ॥१॥**

**ગાથાર્થ:**—વીર્ય વિશેષે જે પ્રકૃતિના બન્ધકપણે પરિણમેલો જીવ અન્યપ્રકૃતિગત દલિકને જે તદનુરૂપ પરિણમાવે તે "સંક્રમ" કહેવાય છે.

**ટીકાર્થ:**—અહિં જીવ બન્ધનપરિણત. એટલે જે પ્રકૃતિના બન્ધકપણે પરિણમ્યો હોય, આ વાક્યથી તાત્પર્ય એ જણાય છે કે જ્યારે જીવ તથાવિધ બન્ધનપરિણામવડે પરિણમેલો હોય છે, ત્યારે કર્મવર્ગણાના પુદ્ગલો પણ તત્ કર્મપણે પરિણમે છે, અન્યથા નહિ. કહ્યું છે કે—

जीवपरिणामहेऊ. कम्मत्ता पुग्गला परिणमंति ।
पोग्गलकम्मनिमित्तं. जीवो वि तहेव परिणमइ ॥ १ ॥

વ્યાખ્યા—જીવ [illegible] હેતુ એટલે જીવ [illegible] કર્મપણે [illegible]

ગત પુદ્ગલો જ્ઞાનાવરણાદિ કર્મરૂપપણે પરિણમે છે. પુનઃ પણ તથાવિધ પરિણામ શાથી થાય છે? એમ જો પૂછતા કહીએ છીએ કે—પૂર્વે બાંધેલા પુદ્ગલરૂપ કર્મના વિપા નિમિત્તથી, અર્થાત્ પૂર્વબદ્ધકર્મના ઉદયસામર્થ્યથી જીવ પ પ્રકારે એટલે સ્વપ્રદેશાવગાહિત કાર્મણવર્ગણાગતપુદ્ગલો કર્મત્વપ્રાપ્તિના હેતુપણે પરિણમે છે. ॥ અથ પ્રકૃત ગાથાર્થ પઓગેણ=પ્રયોગવડે અર્થાત્ સંક્લેશ વા વિશોધિસંજ્ઞિત વીર્ય પ્રકૃત્યંતર એટલે વિવક્ષિતપ્રકૃતિથી અન્યપ્રકૃતિ, અર્થાત બધ્યમાનપ્રકૃતિથી જે વ્યતિરિક્ત=અન્યપ્રકૃતિ, તેમાં રહેલું તદનુભાવેન=બધ્યમાનપ્રકૃતિના સ્વભાવપણે જે પરિણમાવે છે, પરિણામને પમાડે છે તે સંક્રમ કહેવાય છે. તાત્પર્ય આ પ્રમાણે છે—

બધ્યમાનપ્રકૃતિયોમાં અબધ્યમાનપ્રકૃતિના પરમા પ્રક્ષેપીને તે પરમાણુઓને બધ્યમાનપ્રકૃતિરૂપપણે પરિણમવું સંક્રમ કહેવાય. પુનઃ જે (ઘણી) બધ્યમાનપ્રકૃતિયોના પરમાણુઓ અન્યોન્યરૂપપણે પરિણમવું તે સર્વ પણ (બન્ને) સંક્રમ કહેવાય ત્યાં બધ્યમાનપ્રકૃતિયોમાં અબધ્યમાનપ્રકૃતિયોનો સંક્રમ આ પ્રમાણે બધ્યમાન શાતાવેદનીયમાં અબધ્યમાન અશાતાનો, અથવા બધ્યમાન ઉચ્ચગોત્રમાં અબધ્યમાન નીચગોત્રનો, એ બધ્યમાનમાં અબ માનનો સંક્રમ કહેવાય. તથા બધ્યમાન મતિજ્ઞાનાવરણમાં બ માન શ્રુતજ્ઞાનાવરણ સંક્રમે, અથવા બધ્યમાન શ્રુતજ્ઞાનાવ બધ્યમાન મતિજ્ઞાનાવરણ સંક્રમે તે બધ્યમાનમાં બધ્યમાનનો સં કહેવાય. અહિં આત્મા જે પ્રકૃતિના બન્ધકપણે પરિણમ્યો હો તે પ્રકૃતિરૂપ પણે અન્યપ્રકૃતિગત પરમાણુઓને જે પરિણ તે સંક્રમ કહ્યો છે (તેમાં વિશેષતા અથ ગાથાએ દર્શાવે છે.)

સંક્રમનું જે લક્ષણ પૂર્વે કહ્યું તે દર્શનત્રિક સિવાયની પ્રકૃતિઓને માટે જાણવું, અને દર્શનત્રિકમાં તો બન્ધવિના સંક્રમ થાય છે. તે ગાથાથી કહેવાય છે

## મૂળ ગાથા ૨ જી.

दुसु वेगे दिट्ठिदुगं, बंधेणविणा वि सुद्धदिट्ठिस्स
रिणामइ जीसे तं, पगइऍ पडिग्गहो एसो ॥२॥

ગાથાર્થ—વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવ બે દર્શનમોહનીયને માં અથવા એકમાં બન્ધવિના પણ સંક્રમાવે છે. તથા જે પ્રકૃમાં તે પ્રકૃત્યન્તર દલિક સંક્રમે છે તે આ આધારભૂત પ્રકૃતિનું પતદ્ગ્રહ" એવું વિશેષનામ છે.

ટીકાર્થઃ—વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિની આધારભૂત એવી સમ્યત્વ ને મિશ્ર એ બે પ્રકૃતિમાં મિથ્યાત્વને, અને એક સમ્યક્ત્વમાં મિશ્રને બન્ધ વિના પણ સંક્રમાવે છે. અહિં ભાવાર્થ એ છે કે—બન્ધ મિથ્યાત્વનોજ હોય છે, પરંતુ મિશ્ર કે સમ્યક્ત્વનો બંધ હોય નહિ. કારણ કે મદનકોદ્રવસ્થાનીય મિથ્યાત્વપુદ્ગલોજ ઔષધિ સરખા [illegible] વિશુદ્ધિ વડે શુદ્ધ, અર્ધ વિશુદ્ધ, ને અશુદ્ધ એ પ્રમાણે [illegible] ય છે. તેમાં વિશુદ્ધ પુદ્ગલો તે સમ્યક્ત્વ. અર્ધવિશુદ્ધ પુદ્ગલો તે મિશ્ર, ને અવિશુદ્ધ પુદ્ગલો તે મિથ્યાત્વ કહેવાય છે. ત્યાં વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વમાં ને મિશ્રમાં બન્ધવિના પણ મિથ્યાત્વને સંક્રમાવે છે, અને મિશ્રને સમ્યક્ત્વમાં સંક્રમાવે છે. એ પ્રમાણે સંક્રમનું સામાન્ય લક્ષણ કહ્યું.

પૂર્વે કહેલું સંક્રમનું લક્ષણ [1]અતિપ્રસક્ત ( સર્વત્રવ્યાપ્ત ) છે, માટે તેમાં જે અપવાદ છે તે કહે છે.

મૂળ ગાથા ૩ જી.

**मोहदुगाउगमूल, पगडीण न परोप्परंमि संकमवंधुदउव्व, द्दणालिगाइंण करणाइं ॥ ३ ॥**

**ગાથાર્થ**:—મોહનીયદ્વિકનો, આયુષ્યચતુષ્કનો, ને મૂળ પ્રકૃતિયોનો પ્રત્યેકનો પરસ્પર સંક્રમ ન હોય. તથા સંક્રમાવલિ બન્ધાવલિ, ઉદયાવલિ ને ઉદ્વર્તનાવલિકાદિગત પરમાણુઓને કોઇ પણ કરણ ન લાગે ( એ ચારે આવલિકાઓ કરણ સાધ્ય ન હોય. )

**ટીકાર્થ**:—મોહદ્વિક એટલે દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય એ બેનો પરસ્પર સંક્રમ ન થાય. અર્થાત્ દર્શનમોહનીય ચારિત્રમોહનીયમાં ન સંક્રમે, અને ચારિત્રમોહનીય દર્શનમોહનીયમાં ન સંક્રમે. તેમજ ચાર આયુષ્ય પણ પરસ્પર સંક્રમતાં નથી તથા આઠ મૂળ પ્રકૃતિયો પણ પરસ્પર સંક્રમતી નથી. તે આ પ્રમાણે—જ્ઞાનાવરણીયમાં દર્શનાવરણ ન સંક્રમે, તથા દર્શનાવરણમાં જ્ઞાનાવરણ ન સંક્રમે, એ રીતે સર્વ મૂળ પ્રકૃતિયોને આશ્રિ જાણવું, વળી પણ જો કે જે દર્શન મોહનીયમાં જે જીવ વર્તે છે, તે જીવ દર્શન મોહનીયને અન્ય દર્શન મોહનીયમાં સંક્રમાવે નહિ જેમ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વને, મિશ્રદૃષ્ટિ જીવ મિશ્રને, અને સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વમોહનીયને ક્યાંય પણ સંક્રમાવતો નથી. તથા સાસ્વાદન અને મિશ્ર સમ્યક્ત્વવાળા જીવો અવિશુદ્ધ સમ્યક્ત્વી હોવાથી દર્શનમોહનીયને ક્યાંય પણ સંક્રમાવતા નથી અને બન્ધનો અભાવ હોતે છતે પણ દર્શનમોહનીયનો સંક્રમ વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિનેજ હોય છે, પરન્તુ અવિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિને નહિ. પુનઃ બીજી વાત એ છે કે પરપ્રકૃતિમાં સંક્રમ પામેલું દલિ

[1] જે વસ્તુનું જે લક્ષણ બાંધ્યું હોય તે લક્ષણ તે વસ્તુમાં સર્વત્ર ન ઘટે તો તે લક્ષણ અતિપ્રસક્ત અવ્યાપ્ત કહેવાય છે.

એક આવલિકા માત્ર કાળ સુધી ઉદ્વર્ત્તનાદિ સર્વકરણને અયોગ્ય (અસાધ્ય) જાણવું. કેવલ સંક્રાન્તદલિકજ એક આવલિકા સુધી સર્વકરણને અસાધ્ય હોય એમ નહિ, પરંતુ બન્ધાદિકભાવને પામેલું દલિક પણ એક આવલિકામાત્ર સકલકરણને અસાધ્ય હોય છે. એજ વાત ગાથાથી કહે છે કે संकमबंधुदुडव्वट्टणा लिगाईण करणाइं અર્થાત્ સંક્રમાવલિપ્રાપ્ત, બન્ધાવલિકાપ્રાપ્ત ને આદિ શબ્દથી દર્શન ત્રિકરહિત ઉપશાંત મોહનીય એ સર્વદલિક સર્વકરણને [1] અસાધ્ય જાણવાં. પુનઃ દર્શનત્રિક તો ઉપશાંત થયું હોય તો પણ સંક્રમે છે.

પૂર્વોક્ત પ્રકારે સંક્રમનું લક્ષણ અને અપવાદ એ બે કહ્યા. અને હવે અવિશેષપણે અનુક્રમે અથવા અનનુક્રમે સંક્રમપ્રાપ્ત થવામાં જે નિયમ છે તે દર્શાવે છે.

## મૂળ ગાથા ૪ થી.

**अंतरकरणंमि कए, चरित्तमोहे ऽणुपुव्विसंकमणं**
**अन्नत्थ सेसिगाणं, च सव्वहिं सव्वहा वंधे ॥ ४ ॥**

**ગાથાર્થ:**—અન્તરકરણ કર્યે છતે પુંવેદ, અને સંજ્વલનચતુષ્ક એ પાંચ ચારિત્રમોહનીયનો પૂર્વાનુપૂર્વીએ સંક્રમ હોય છે, અને અન્તરકરણ સિવાયના કાળમાં એ ૫ નો તથા શેષ સર્વનો સર્વ અવસ્થામાં સર્વ પ્રકારે (ક્રમે, ઉત્ક્રમે) બંધકાળે સંક્રમ હોય.

**ટીકાર્થ:**—અન્તરકરણનો જે વિધિ તે આગળ ઉપશમના કરણને પ્રસંગે કહેવાશે. ત્યાં ઉપશમશ્રેણિમાં ચારિત્રમોહનીયને ઉપશમાવવાને માટે અને ક્ષપકશ્રેણિમાં પુનઃ ૮ કષાયનો ક્ષય કર્યા બાદ ૧૩ પ્રકૃતિયોનો ક્ષય કરવા માટે અન્તરકરણ કર્યે છતે પુરુષ-

[1] અર્થાત્ કાર્મણ વર્ગણાના પરમાણુઓ કર્મપણે બન્ધાયા [illegible] બન્ધ સમયથી એક આવલિકા સુધીમાં કોઈ અવસ્થાન્તર [illegible] હોય છે તે પરમાણુઓનો સંક્રમ, ઉદીરણા, ઉદ્વર્તના, અપવર્તના, ઉદય આદિ કંઈ પણ થાય નહિ. એ રીતે સંક્રમાવલિકાદિક પણ જાણવું.

41

વેદ અને સંજ્વલનચતુષ્કરૂપ ચારિત્રમોહનીયની ૫ પ્રકૃતિયોનું ત્યાં ( અન્તરકરણમાં ) આનુપૂર્વીની પરિપાટીએ ( પૂર્વાનુપૂ સંક્રમણ થાય છે, પરન્તુ અનાનુપૂર્વીએ સંક્રમણ થતું નથી. ચારિત્રમોહનીય કહેવાથી એજ ૫ પ્રકૃતિયોનું ગ્રહણ થાય છે, પરન્તુ અન્ય પ્રકૃતિયોનું અબન્ધભાવ હોવાથી ગ્રહણ થતું નથી. તે આનુ પૂર્વીની પરિપાટીએ સંક્રમ આ પ્રમાણે થાય છે—પુરૂષવેદનો સંક્રમ સંજ્વલન ક્રોધ, માન, માયા, ને લોભ એ ચારમાં થાય છે પણ બીજે નહિ. તથા સંજ્વલન ક્રોધનો સંક્રમ સંજ્વલન માન, માયા, ને લોભમાંજ થાય પરન્તુ પુરૂષવેદમાં નહિ. તથા સંજ્વ૦ માનનો સંક્રમ સંજ્વ૦ માયા, ને લોભમાં થાય છે પરન્તુ પુરૂષવેદ ને સંજ્વ૦ ક્રોધમાં નહિ. તથા સંજ્વલન માયાનો સંક્રમ સંજ્વ૦ લોભમાંજ થાય, પરન્તુ પાશ્ચાત્ય ત્રણ પ્રકૃતિયોમાં નહિ[1].

તથા અન્તરકરણથી અન્યત્ર ( બીજે સ્થાને ) પુરૂષવેદાદિ પાંચે પ્રકૃતિયોનો અને શેષ[2] પ્રકૃતિયોનો પણ અન્તરકરણ સિવાય સર્વે અવસ્થાઓમાં [3]સર્વ પ્રકારે એટલે અનુક્રમે અને અનનુક્રમે પણ સંક્રમ થાય એમ જાણવું. પુનઃ તે સંક્રમ શું સર્વદા થાય કે અમુક કાળે થાય ? એના ઉત્તરમાં જાણવાનું કે જે રીતે પ્રથમ કહી ગયા છે તે રીતે બન્ધકાળેજ સંક્રમ થાય, પરન્તુ બીજે કાળે સંક્રમ ન હોય.

એ પ્રમાણે સંક્રમનું સામાન્ય લક્ષણ, વિધિ, અપવાદ અને નિયમ કહ્યો. અને હવે પ્રથમ જે કહ્યું કે “ જે પ્રકૃતિનો બન્ધ પ્રવર્તે છે તે પ્રકૃતિ અન્યપ્રકૃતિના સંક્રમણ પ્રત્યે પતદ્ગ્રહ થાય છે ” તેમાં અપવાદ કહે છે.

૧ અહિં સંજ્વલન લોભનો સંક્રમ કોઇ પણ પરપ્રકૃતિમાં નથી. તે આગળ ઉપશમનાકરણમાં કહેવાશે.

૨ શેષ ૨૦ સહિત ૨૫ પ્રકૃતિયો ચારિત્ર મોહનીયની.

૩ પૂર્વાનુપૂર્વીએ પશ્ચાનુપૂર્વીએ અને અનનુપૂર્વીએ પણ. ( આ ત્રણે પ્રકારનો સંક્રમ એક સમયે યુગપત્કાળે હોય છે. )

## મૂળ ગાથા ૫ મી.

**तिसु आवलियासु सम–ऊणियासु अपडिग्गहा उ संजलणा**
**दुसु आवलियासु पढम, ठिइए सेसासु विय वेदो ॥५॥**

ગાથાર્થઃ—અન્તરકરણ કર્યે છતે સમયોન ત્રણ આવલિકા પ્રથમ સ્થિતિની શેષ રહે, ત્યારે સંજ્વલન ચતુષ્ક પતદ્ગ્રહ ન થાય. અને પ્રથમ સ્થિતિની સમયોન બે આવલિકા શેષ રહે ત્યારે પુરૂષવેદ પતદ્ગ્રહ ન થાય.

ટીકાર્થઃ—અન્તરકરણ કર્યે છતે પ્રથમ સ્થિતિની સમયોન ત્રણ આવલિકા શેષ રહે, ત્યારે ચારે સંજ્વલનકષાય અપતદ્ગ્રહ પણાને પામે છે, અર્થાત્ પતદ્ગ્રહ થતા નથી. અહિં તાત્પર્ય એ છે કે—સમયોન ત્રણ આવલિકા જેટલી અન્તરકરણ સંબંધિ પ્રથમ સ્થિતિ શેષ રહે ત્યારે ચારે સંજ્વલન પ્રકૃતિયોનો બંધ પ્રવર્તતે છતે પણ તેમાં અન્ય પ્રકૃતિનું દલિક સંક્રમતું નથી, તે કારણથી તે વખતે તે સંજ્વલનની ચારે પ્રકૃતિયો અપતદ્ગ્રહ હોય છે.

હવે संक्रम संबंधि सादि अनादि प्ररुपणा કહે છે.

મૂળ ગાથા ૬ ઠી.

साइ अणाई धुव अधुवा, य सव्वधुवसंतकम्माणं
साइ अधुवा य सेसा, मिच्छा वेयणि य नीए हिं ॥६॥

ગાથાર્થ:—મિથ્યાત્વ, વેદનીય ૨ ને નીચગોત્ર એ ચાર પ્રકૃતિ સિવાય શેષ સર્વ ( ૧૨૬ ) ધ્રુવસત્તાક પ્રકૃતિયોમાં સાદિ અનાદિ, ધ્રુવ, ને અધ્રુવ એ ચારે કાળભાંગા હોય છે, ને શેષ પ્રકૃતિયોમાં સાદિ અધ્રુવ એ બે ભાંગે સંક્રમ હોય છે.

ટીકાર્થ:—સમ્યક્ત્વ, મિશ્ર, નરકદ્વિક, મનુષ્યદ્વિક, દેવદ્વિક, વૈક્રિયસપ્તક, જીનનામ, ઉચ્ચગોત્ર, એ ચોવીશ, તથા ચાર આયુષ્ય મલીને ૨૮ પ્રકૃતિયો અધ્રુવસત્તાક છે, અને શેષ ૧૩૦ ઉત્તર પ્રકૃતિયો ધ્રુવસત્તાક છે. એ ધ્રુવસત્તાકમાંથી બે વેદનીય, નીચગોત્ર, અને મિથ્યાત્વરૂપ ચાર પ્રકૃતિયો બાદ કરતાં શેષ ૧૨૬ ધ્રુવસત્તાક પ્રકૃતિયોનો સાદિ, અનાદિ, ધ્રુવ, ને અધ્રુવ એ ચારે પ્રકારનો સંક્રમ થાય છે. તે આ પ્રમાણે—આ ૧૨૬ ધ્રુવસત્તાક પ્રકૃતિયોમાં જે પ્રકૃતિનું જે પતદ્ગ્રહ છે તે પતદ્ગ્રહનો બંધવિચ્છેદ થતાં તે પ્રકૃતિનો પણ સંક્રમ ન થાય, અને પુનઃ તે પતદ્ગ્રહ પ્રકૃતિયોનો બન્ધ સ્વબન્ધહેતુ પ્રાપ્ત થતાં પ્રવર્તે છે, તેથી બધ્યમાન પતદ્ગ્રહપ્રકૃતિયોમાં પુનઃ તે ધ્રુવસત્તાક પ્રકૃતિયોનો સંક્રમ પ્રારંભાય છે તે કારણથી સાદિ, અને તે તે પતદ્ગ્રહપ્રકૃતિયોના અબંધપ્રાયોગ્ય સ્થાનને અદ્યાપિ પર્યન્ત પ્રાપ્ત નહીં થયેલા જીવોને આશ્રયિ તે ધ્રુવસતાક પ્રકૃતિયોનો સંક્રમ અનાદિ છે. તથા પતદ્ગ્રહનો કદાપિ પણ વિચ્છેદ નહિ થવાથી અભવ્ય જીવને આશ્રયિ તે ધ્રુવસત્તાકનો સંક્રમ ધ્રુવ છે, અને ભવ્ય જીવને કાળાન્તરે પણ પતદ્ગ્રહનો બન્ધવ્યવચ્છેદ થવાથી ધ્રુવસત્તાકનો સંક્રમ અધ્રુવ છે.

શેષ ૨૪ અધ્રુવસત્તાક, તથા મિથ્યાત્વ, ૨ વેદનીય, અને નીચગોત્ર સહિત ૨૮ પ્રકૃતિયોનો સંક્રમ સાદિ, તથા અધ્રુવભાંગે જાણવો. કારણકે અધ્રુવસત્તાક પ્રકૃતિયોનો તો સત્તાની અધ્રુવતાથીજ સંક્રમ પણ સાદિ અધ્રુવ છે, ને શાતા, અશાતા, અને નીચગોત્રને તો પરાવર્ત્તમાનપણું હોવાથીજ સાદિ અધ્રુવ સંક્રમ છે. તથા મિથ્યાત્વનો સંક્રમ તો વિશુદ્ધ સમ્યગદ્રષ્ટિનેજ થાય છે, ને વિશુદ્ધ સમ્યગ દ્રષ્ટિ પણ તો કદાચિત્ પ્રાપ્તિ વાળું છે, તેથી તે મિથ્યાત્વનો સંક્રમ પણ સાદિ અધ્રુવજ છે.

એ પ્રમાણે સંક્રમ્યમાણ પ્રકૃતિયોના સંક્રમનું સાદિ અધ્રુવાદિ પણું દર્શાવીને હવે પતદ્ગ્રહ પ્રકૃતિયોનું સાદ્યાદિપણું દર્શાવે છે.

### મૂળ ગાથા ૭ મી.

**मिच्छत्तजढा य परि—ग्गहंमि सव्व धुवंबधपगईओ**
**नेया चउ विगप्पा, साई अधुवा य सेसाओ ॥७॥**

ગાથાર્થ:—પતદ્ગ્રહપણાને આશ્રયિ (કાળની ચતુર્ભંગી વિચારતાં) મિથ્યાત્વ સિવાયની સર્વે ધ્રુવબન્ધિની પ્રકૃતિયોની પતદ્ગ્રહતા સાદ્યાદિ ચાર પ્રકારે છે, ને શેષ સર્વ પ્રકૃતિયોની પતદ્ગ્રહતા સાદિ અધ્રુવ છે.

સંક્રમતું નથી, ને પુનઃ સ્વ સ્વ બન્ધહેતુના સદ્‌ભાવે એ ૬૭ નો બન્ધ પ્રારંભ થયે છતે પતદ્‌ગ્રહતા પ્રાપ્ત થાય માટે સાદિ, તથા તે બન્ધ તિના બન્ધવ્યવચ્છેદસ્થાનને નહિ પ્રાપ્ત થયેલા જીવોની અપેક્ષાએ અનાદિ, અભવ્યાપેક્ષાએ ધ્રુવ, ને ભવ્યાપેક્ષાએ અધ્રુવ.

તથા શેષ ૮૮ અધ્રુવબન્ધિની પ્રકૃતિયોને તો બન્ધની અધ્રુવતા હોવાથીજ તે સર્વની પતદ્‌ગ્રહતા સાદિ અધ્રુવ છે. અને મિથ્યાત્વ ધ્રુવબન્ધિની હોતે પણ જે જીવને સમ્યકત્વ અને મિશ્રની સત્તા છે, તેજ જીવ સમ્યકત્વ તથા મિશ્રને મિથ્યાત્વમાં સંક્રમાવે છે, પરંતુ બીજો કોઇ જીવ સંક્રમાવતો નથી, એ હેતુથી મિથ્યાત્વની પતદ્‌ગ્રહતા પણ સાદિ અધ્રુવ ભાંગે છે.

એ પ્રમાણે પ્રત્યેક પ્રકૃતિના સંક્રમ અને પતદ્‌ગ્રહપણાની સાદ્યાદિપ્રરૂપણા કરીને હવે પ્રકૃતિસ્થાનોમાં તે સાદ્યાદિપ્રરૂપણા કરાય છે.

### મૂળ ગાથા ૮ મી.

**पगईठाणे वितहा, पडिग्गहो संकमो य बोधव्वो**
**पढमंतिम पगईणं, पंचसु पंचण्ह दोवि भवे ॥८॥**

ગાથાર્થઃ—એકેક પ્રકૃતિને અંગે સંક્રમ અને પતદ્‌ગ્રહ પ્રથમ જે રીતે કહી છે તે રીતે અહિં પ્રકૃતિસ્થાનોમાં પણ જાણવું તેમાં પણ પ્રથમ જ્ઞાનાવરણીય ને અન્તિમ અન્તરાય સંબંધિ પાંચે પ્રકૃતિયોમાં સંક્રમ ને પતદ્‌ગ્રહ એ બે ભાવ છે.

ટીકાર્થઃ—પૂર્વે જેમ એકેક પ્રકૃતિને અંગે સંક્રમ પતદ્‌ગ્રહ પણું સાદ્યાદિ ભાવે કહ્યું, તેમ પ્રકૃતિ સ્થાનોમાં પણ જાણવું. અહિં બે ત્રણ આદિક પ્રકૃતિયોનો સમુદાય તે સ્થાન કહેવાય છે ત્યાં પ્રથમ જ્ઞાનાવરણીયને અને જ્ઞાનાવરણતુલ્ય વિવક્ષાવાળા અન્ત રાયને પણ સંક્રમ પતદ્‌ગ્રહતા હોવાથી પ્રથમ સ્થાનપ્ર

કરે છે તે આ પ્રમાણે—પ્રથમ જ્ઞાનાવરણીય, અને અન્તિમ અન્તરાય સંબંધિ પ્રત્યેકની પાંચે પ્રકૃતિયોમાં સંક્રમ અને પતદ્ગ્રહતા એ બન્ને ભાવો થાય છે. અર્થાત્ જ્ઞાનાવરણીય અને અન્તરાયનું પાંચ પાંચ પ્રકૃત્યાત્મક એકેક સ્થાન સંક્રમ અને પતદ્ગ્રહ એ બન્ને ભાવ યુક્ત છે. ને તે સંક્રમ પતદ્ગ્રહ ભાવ સાદ્યાદિ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—ઉપશાંત ગુણસ્થાને એ બે સ્થાનના સંક્રમભાવનો અને પતદ્ગ્રહ ભાવનો અભાવ છે, ને ત્યાંથી પડતાં પુનઃ સંક્રમ પતદ્ગ્રહ ભાવ પ્રારંભાય છે માટે સાદિ, તત્સ્થાનાપ્રાપ્ત જીવની અપેક્ષાએ અનાદિ, અને અભવ્ય ભવ્યની અપેક્ષાએ ધ્રવાધ્રુવ છે.

હવે દર્શનાવરણીયનાં સંક્રમ પતદ્ગ્રહ સ્થાનોનું નિરૂપણ કરાય છે.

## મૂળગાથા ૯ મી.

**नवग च्छक्क चउक्के, नवगं छक्कं च चउसु विइयम्मि**
**अन्नयरम्मि अन्नयरा, विय वेयणीय गोएसु ॥९॥**

ગાથાર્થઃ—દ્વિતીય દર્શનાવરણમાં ૯—૬ અને ૪ માં ૯ સંક્રમે, તથા ૬ પ્રકૃતિયો ૪ માં સંક્રમે માટે સંક્રમસ્થાન બે છે, ને ત્રણ પતદ્ગ્રહ સ્થાન છે. વેદનીય અને ગોત્રમાં બધ્યમાન કોઇ પણ પ્રકૃતિમાં અબધ્યમાન કોઇ પણ પ્રકૃતિ સંક્રમે માટે સંક્રમ વા પતદ્ગ્રહ સ્થાન એકેકજ છે.

ટીકાર્થઃ—દ્વિતીય દર્શનાવરણીય કર્મમાં ૯—૬—૪ એ ત્રણ સ્થાનોમાં ૯ નું એક સ્થાન સંક્રમે, ૪ ના એક સ્થાનમાં ૬ નું એક સ્થાન સંક્રમે, તે કારણથી અહિં ૯ અને ૬ એ બે સંક્રમસ્થાન છે. તથા ૯—૬—૪ એ ત્રણ પતદ્ગ્રહ સ્થાનો છે. ૯ ના પતદ્ગ્રહસ્થાનમાં મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણસ્થાનવાળા તથા નવવિધ દર્શનાવરણના બન્ધક જીવો ૯ ના સ્થાનને પણ સંક્રમાવે છે. એ ૯ ને

પતદ્ગ્રહ સ્થાન સાદ્યાદિ ચાર પ્રકારે છે, અર્થાત્ સાદિ, અનાદિ, ને અધ્રુવ એ ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે—મિશ્રાદિ ... ૯ ના પતદ્ગ્રહપણાનો અભાવ છે, ત્યાંથી પડતાં પુનઃ પ્ર... પ્રાપ્ત થાય છે, માટે એ ૯ નું પતદ્ગ્રહ સ્થાન સાદિ, ત... આપ્ત જીવોને અનાદિ, અને અભવ્યભવ્યા પેક્ષાએ ધ્રુવાધ્રુવ તથા મિશ્રગુણસ્થાનથી અપૂર્વકરણના અસંખ્યાતમા ભાગ ... નવવિધ દર્શનાવરણીયની સત્તાવાળા અને છ દર્શના... બન્ધક જીવો ૬ ના એકસ્થાનમાં ૯ નું એક સ્થાન સંક્રમાવે આ ૬ પ્રકૃતિરૂપ સ્થાનનો પતદ્ગ્રહ કદાચિત્ હોવાથી સાદિ ... વ છે. તથા અપૂર્વકરણના સંખ્યાતમે ભાગે નિદ્રાપ્રચલાનો બ... ચ્છેદ થયે છતે, ત્યાંથી આગળ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનના અ... સમય સુધી ઉપશમશ્રેણીમાં નવવિધ દર્શનાવરણીયના બન્ધક ... ૪ માં ૯ ને સંક્રમાવે છે. આ ચતુષ્કરૂપપતદ્ગ્રહ પણ કદાચિત વાથી સાદિ અધ્રુવ છે. તથા નવ (૯) ના સ્થાનનો સંક્રમ ચાર... છે તે આ પ્રમાણે—સૂક્ષ્મસંપરાયથી ઉપરાંત ઉપશાંતમો... ૯ ના સંક્રમનો અભાવ છે, ને ત્યાંથી પડતાં પુનઃ ૯ નો સ... આરંભાય છે માટે સાદિ, પુનઃ તત્સ્થાનાપ્રાપ્ત જીવની અપે... અનાદિ, અને અભવ્ય ભવ્યની અપેક્ષાએ સાદિ અધ્રુવ છે.

પુનઃ ક્ષપકશ્રેણિમાં અનિવૃત્તિકરણકાળના સંખ્યા... વ્યતીત થતાં એક સંખ્યાતમોભાગ શેષ રહે ત્યારે સ્ત્યાનર્દ્ધિ... ક્ષયથી આગળ સૂક્ષ્મસંપરાયના અન્તિમસમય સુધી છ દર્શ... ણીયની સત્તાવાળા અને ચક્ષુદર્શનાવરણાદિ ચાર દર્શના... બન્ધક જીવો તે ૪ દર્શનાવરણમાં ૬ નું સ્થાન સંક્રમાવે છે. આ ... સંક્રમ અને ૪ નો પતદ્ગ્રહ પણ કદાચિત્ હોવાથી સાદિ ... છે. અહિંથી આગળ દર્શનાવરણીયનો સંક્રમ કે પતદ્ગ્રહ કાંઈ થાય નહિ.

હવે વેદનીય તથા ગોત્રમાં સંક્રમ પતદ્ગ્રહનાં સ્થાન દ...

છે—સમયરસ્સ ઇત્યાદિ=વેદનીય અને ગોત્રની કોઇપણ બધ્યમાન પ્રકૃતિમાં કોઇ પણ અબધ્યમાન પ્રકૃતિ સંક્રમે છે, તે કારણથી જે પ્રકૃતિ જ્યાં સંક્રમે તે તેનું પતદ્ગ્રહસ્થાન, અને બીજું વ્યતિરિક્ત પ્રકૃતિ તે સંક્રમસ્થાન કહેવાય. ત્યાં મિથ્યાદ્રષ્ટિથી પ્રારંભીને યાવત્ સૂક્ષ્મસંપરાય પર્યન્તના શાતાવેદનીયના બન્ધકને અને શાતા અશાતાની સત્તાવાળા જીવોને શાતાવેદનીય એ પતદ્ગ્રહસ્થાન, અને અશાતાવેદનીય એ સંક્રમસ્થાન છે. તથા મિથ્યાદ્રષ્ટિથી યાવત્ પ્રમત્તગુણસ્થાન પર્યન્તના અશાતા વેદનીયના બન્ધક અને શાતા અશાતાની સત્તાવાળા જીવોને અશાતા એ પતદ્ગ્રહસ્થાન છે. અને શાતા એ સંક્રમસ્થાન છે. આ શાતા અને અશાતારૂપ સંક્રમ અને પતદ્ગ્રહ વારંવાર પરાવર્તમાનપણે બન્ધાતા હોવાથી સાદિ અધ્રુવ ભાંગે છે.

તથા મિથ્યાદૃષ્ટિથી સૂક્ષ્મસંપરાય સુધીના ઉચ્ચ ગોત્રના બન્ધક અને ઉચ્ચ નીચ ગોત્રની સત્તાવાળા જીવોને ઉચ્ચગોત્ર એ પતદ્ગ્રહસ્થાન છે. અને નીચગોત્ર એ સંક્રમસ્થાન છે. તથા પ્રથમ અને દ્વિતીય ગુણસ્થાનવર્તિ નીચગોત્રના બન્ધક અને ઉચ્ચ નીચની સત્તાવાળા જીવોને નીચગોત્ર એ પતદ્ગ્રહસ્થાન છે અને ઉચ્ચગોત્ર એ સંક્રમસ્થાન છે. આ ઉચ્ચ નીચ ગોત્રરૂપ બે પતદ્ગ્રહસ્થાનો અને બે સંક્રમસ્થાનો તે પરાવર્તમાન હોવાથી સાદિ અધ્રુવ છે.

હવે મોહનીયનાં સંક્રમ પતદ્ગ્રહસ્થાન કહેવાનો અવસર છે. ત્યાં પ્રથમ સંક્રમાસંક્રમસ્થાન કયાં છે તે અનુક્રમે દર્શાવે છે.

સૂળ ગાથા ૧૦ મી.

अट्ठचउरहियवीसं. सत्तरसं सोलसं च पन्नरसं
वज्जिय संकमठाणाइं. होंति तेवीसइं मोहे ॥१०॥

**ગાથાર્થઃ**—૨૮–૨૪–૧૭–૧૬–૧૫ એ પાંચ સ્થાનો શેષ ૨૭–૨૬–૨૫–૨૩–૨૨–૨૧–૨૦–૧૯–૧૮–૧૪ વિગેરે પર્યંત ૨૩ સત્તાસ્થાનો મોહનીયના સંક્રમમાં હોય.

**ટીકાર્થઃ**—આઠઅધિક વીશ અને ચારઅધિક વીશ અઠ્ઠાવીશ ને ચોવીશ તથા સત્તર, સોળ ને પંદર એ પાંચ વર્જીને શેષ ૧–૨–૩–૪–૫–૬–૭–૮–૯–૧૦–૧૧–૧૨–૧૮ ૧૮–૧૯–૨૦–૨૧–૨૨–૨૩–૨૫–૨૬–૨૭ એ ત્રેવીશ સંક્ર મોહનીયકર્મમાં છે.

એ મોહનીયનાં ૨૩ સંક્રમસ્થાનો આ પ્રમાણે છે—

૨૮ ની સત્તાવાળા મિથ્યાદષ્ટિ જીવને મિથ્યાત્વ તે સમ્યક્ત્વ અને મિશ્રનું પતદ્ગ્રહ છે. એ હેતુથી મિથ્યાત્વ સિવાયની શેષ ૨૭ પ્રકૃતિયો સંક્રમે છે, ત્યાં ચારિત્રમોહનીયની ૨૫ પ્રકૃતિયો પરસ્પર સંક્રમે છે, અને સમ્યક્ત્વ તથા મિશ્ર મિથ્યાત્વમાં સંક્રમે છે. તથા સમ્યક્ત્વની ઉદ્વલના થયે છતે ૨૭ ની સત્તાવાળા મિથ્યાદષ્ટિ જીવને મિથ્યાત્વ તે મિશ્રનું પતદ્ગ્રહ છે, માટે મિથ્યાત્વ સિવાયની શેષ ૨૬ પ્રકૃતિયો સંક્રમપણે વર્તે છે. મિશ્રની પણ ઉદ્વલના થયે છતે ૨૬ ની સત્તાવાળો મિથ્યાદષ્ટિજીવ ૨૫ પ્રકૃતિયો સંક્રમાવે છે. અથવા અનાદિ મિથ્યાદષ્ટિજીવ જે ૨૬ ની સત્તાવાળો છે તે પણ ૨૫ પ્રકૃતિયોને સંક્રમાવે છે, કારણ કે મિથ્યાત્વના સંક્રમનો અભાવ છે ને મિથ્યાત્વમોહનીય તે ચારિત્રમોહનીયમાં સંક્રમે નહિ, કારણ કે દર્શનમોહનીય ને ચારિત્ર મોહનીય એ બેનો પરસ્પર સંક્રમ હોય

અથવા ૨૮ ની સત્તાવાળા ઉપશમસમ્યગ્દષ્ટિ જીવને સમ્યક્ત્વ પ્રાપ્તિથી એક આવલિકા ઉપર વર્તતાં (વ્યતીત થતાં) સમ્યક્ત્વમાં મિથ્યાત્વ અને મિશ્રનો સંક્રમ થાય છે. તે કારણથી તે સમ્યક્ત્વ પતદ્ગ્રહ છે માટે તેને બાદ કરતાં શેષ ૨૭ પ્રકૃતિયો સંક્રમ પ્રાપ્ત છે.

તથા તેજ ૨૮ ની સત્તાવાળા ઉપશમસમ્યગ્દષ્ટિજીવને પ્રથમ

વલિકામાં વર્તતાં મિશ્રમોહનીય સમ્યકત્વમાં સંક્રમે નહિ, કારણ સમ્યક્ત્વાનુગત વિશુદ્ધિના પ્રભાવથી મિથ્યાત્વનાં પુદ્ગલોજ મિશ્ર-પ પરિણામાંતરને પ્રાપ્ત થયેલાં છે, અને અન્ય પ્રકૃતિરૂપપણે પરિ-ણામ પમાડવું એજ સંક્રમ છે, પુનઃ સંક્રમાવલિકાગત પુદ્ગલો સર્વ કરણને અસાધ્ય હોવાથી સમ્યક્ત્વલાભની પ્રથમ આવલિકામાં વર્તતાં મિશ્રમોહનીય તે સમ્યકત્વમાં ન સંક્રમે, પરંતુ માત્ર એક મિથ્યાત્વજ સંક્રમે છે. માટે મિશ્રમોહનીય બાદ કરતાં શેષ ૨૬ પ્રકૃતિનો સંક્રમ થાય છે.

તથા મોહનીયના સંક્રમમાં ૨૪ ના સ્થાનનો અભાવ છે. કારણ કે ૨૪ ની સત્તાવાળો સમ્યગ્દષ્ટિ જીવ મિથ્યાત્વને પ્રાપ્ત થતાં જ, કે પુનઃ અનંતાનુબંધિ બાંધે છે; તો પણ તે બાંધેલા અનંતાનુબંધિની સત્તા હોતે છતે પણ અનંતાનુબંધિને સંક્રમાવતો નથી. કારણ કે બન્ધાવલિકાગત પુદ્ગલો સર્વકરણને અસાધ્ય છે, અને મિથ્યાત્વ તે મિશ્રનું અને સમ્યક્ત્વનું પતદ્ગ્રહ છે; માટે મિથ્યાત્વ ને અનંતાનુબંધિ ૪ એ ૫ પ્રકૃતિ બાદ કરતાં શેષ ૨૩ નેજ સંક્રમાવે છે.

તથા [1]એ જીવને તો મિથ્યાત્વ ક્ષય થયેલું હોય તો ૨૨ પ્રકૃતિને સંક્રમાવે છે. અથવા ઉપશમશ્રેણિમાં વર્તતા ઉપશમસમ્યગ્દષ્ટિજીવને ચારિત્રમોહનીયનું અન્તરકરણ કર્યે છતે સંજ્વલન લોભનો પણ સંક્રમ થતો નથી. કારણ કે " અન્તરકરણ કર્યે છતે પુરુષવેદ, અને સંજવલનચતુષ્કનો આનુપૂર્વીએજ સંક્રમ થાય છે " વચન છે, અને અનંતાનુબન્ધિ ચતુષ્ક તો વિસંયોજીત વા ઉપશમિત હોવાથી સંક્રમપ્રાપ્ત થાય નહિ, અને સમ્યક્ત્વ તો મિથ્યાત્વ મિશ્રનું પતદ્ગ્રહ છે માટે સંજવલનલોભ, અનંતાનુબંધિચતુષ્ક, અને સમ્યક્ત્વ એ ૬ પ્રકૃતિયોને ૨૮ માંથી બાદ કરતાં શેષ ૨૨ પ્રકૃતિયોનો સંક્રમ થાય.

તથા ઉપશમશ્રેણિમાં વર્તતા એજ ઉપશમસમ્યગ્દૃષ્ટિ નપુંસકવેદ ઉપશાન્ત થતાં ૨૧ નો સંક્રમ થાય છે.–અથવા સત્તાવાળાને સમ્યકત્વનો સંક્રમ કોઈ પણ પ્રકૃતિમાં નહિ હોવાથી પ્રકૃતિયોનોજ સંક્રમ થાય છે.–અથવા ક્ષપકશ્રેણિમાં ક્ષપકજીવને જ્યાં સુધી આઠે કષાયો ક્ષય થયા નથી ત્યાં સુધી પ્રકૃતિયોનોજ સંક્રમ થાય છે.

તથા ઉપશમસમ્યગ્દૃષ્ટિ સંબંધિ પૂર્વે કહેલી સંક્રમ ૨૧ પ્રકૃતિયોમાંથી સ્ત્રીવેદ ઉપશાન્ત થતાં ૨૦ પ્રકૃતિયોનો થાય.–અથવા ઉપશમશ્રેણિગત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને મોહનીયનું અન્તરકરણ કર્યે છતે પૂર્વોક્ત રીતીએ સંજ્વલન ભનો પણ સંક્રમ ન થાય, માટે તે બાદ કરતાં પણ શેષ ૨૦ યોનોજ સંક્રમ થાય.

તથા એ ૨૦ પ્રકૃતિયોમાંથી નપુંસક વેદ ઉપશાન્ત થયે ૧૯ પ્રકૃતિયોનો સંક્રમ થાય.

તથા એ ૧૯ પ્રકૃતિયોમાંથી સ્ત્રીવેદ ઉપશાન્ત થતાં પ્રકૃતિયોનો સંક્રમ થાય

તથા એ ૨૦ પ્રકૃતિયોમાંથી ઉપશમશ્રેણિગત સમ્યગ્દૃષ્ટિ જીવને ૬ નોકષાયનો ઉપશમ થતાં શેષ ૧૪ યોનો સંક્રમ થાય.

તથા એ ૧૪ પ્રકૃતિયોમાંથી પુરુષવેદ ઉપશાન્ત થતાં પ્રકૃતિયોનો સંક્રમ થાય.

તથા તેજ ક્ષપકને ચારિત્રમોહનીયનું અન્તરકરણ થયે પૂર્વોક્ત રીતિએ સંજ્વલન લોભનો સંક્રમ ન હોય, તેથી એ પ્રકૃતિયોમાંથી સંજ્વલન લોભ બાદ કરતાં શેષ ૨૨ પ્રકૃ સંક્રમ થાય. અથવા ઉપશમશ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ જીવને પૂર્વોક્ત ૧૮ પ્રકૃતિયોમાંથી ૬ નોકષાય ઉપશાન્ત થ ૧૨ પ્રકૃતિનો સંક્રમ થાય.

તથા એ ૧૨ માંથી પુરૂષવેદ ઉપશાન્ત થતાં ૧૧ પ્રકૃતિનો સંક્રમ થાય. અથવા ક્ષપકને પૂર્વોકત ૧૨ માંથી નપુંસક વેદ ક્ષીણ થયે છતે શેષ ૧૧ નો સંક્રમ થાય, અથવા ઉપશમ શ્રેણિમાં વર્તતા ઉપશમ સમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્વોકત ૧૩ માંથી અપ્રત્યા૦ ક્રોધ ને પ્રત્યા૦ ક્રોધ એ બે ઉપશાન્ત થતાં પણ શેષ ૧૧ પ્રકૃતિયોનો સંક્રમ પ્રાપ્ત થાય.

તથા ક્ષપકશ્રેણીવંત જીવ પૂર્વોકત ૧૧ માંથી સ્ત્રીવેદ ક્ષીણ થતાં ૧૦ પ્રકૃતિયોને સંક્રમાવે છે, અથવા ઉપશમશ્રેણીમાં વર્તતાં ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્વોક્ત ૧૧ માંથી સંજ્વલન લોભનો ઉપશમ થાય ત્યારે શેષ ૧૦ પ્રકૃતિયોનો સંક્રમ હોય છે.

તથા ઉપશમશ્રેણિમાં વર્તતો ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ જીવ પૂર્વોકત ૧૧ માંથી અપ્રત્યા૦ ક્રોધ ને પ્રત્યા૦ ક્રોધ ઉપશાન્ત થતાં શેષ ૯ પ્રકૃતિયોને સંક્રમાવે છે.

તથા એજ જીવને સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થતાં ૮ પ્રકૃતિનો સંક્રમ હોય છે. અથવા ઉપશમ શ્રેણીમાં વર્તતા ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્વોક્ત ૧૦ પ્રકૃતિમાંથી અપ્રત્યા૦ માન, ને પ્રત્યા૦ માનનો ઉપશમ થતાં શેષ ૮ પ્રકૃતિનો સંક્રમ હોય છે.

તથા એજ જીવને સંજ્વલનમાન ઉપશાન્ત થતાં ૭ પ્રકૃતિનો સંક્રમ થાય છે.

તથા ઉપશમશ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્વોકત ૮ પ્રકૃતિમાંથી અપ્રત્યા૦ માન, પ્રત્યા૦ માન ઉપશાન્ત થતાં શેષ ૬ પ્રકૃતિયોનો સંક્રમ હોય છે.

તથા એજ જીવને સંજ્વલનમાન ઉપશાન્ત થતાં ૫ પ્રકૃતિયોનો સંક્રમ થાય છે. અથવા ઉપશમશ્રેણિમાં વર્તતા ઉપશમ સમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્વોક્ત ૭ પ્રકૃતિમાંથી અપ્રત્યા૦ માયા અને પ્રત્યા૦ માયા ઉપશાન્ત થતાં શેષ ૫ પ્રકૃતિયોનો સંક્રમ હોય છે.

તથા એજ જીવને સંજ્વલન માયા ઉપશાન્ત થતાં ૪ યોનો સંક્રમ થાય છે. અથવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ક્ષપક પૂર્વોકત ૧૦ પ્રકૃતિમાંથી ૬ નોકષાયનો ક્ષય થતાં શેષ ૪ સંક્રમ થાય છે.

તથા એજ જીવને પુરૂષવેદનો ક્ષય થતાં ૩ પ્રકૃતિયોનો થાય છે. અથવા ઉપશમશ્રેણિમાં વર્તતા ક્ષાયિક સ જીવને પૂર્વોકત ૫ પ્રકૃતિમાંથી અપ્રત્યા૦ માયા, પ્રત્યા૦ ઉપશમ થતાં શેષ ૩ પ્રકૃતિયોનો સંક્રમ થાય છે.

તથા એજ જીવને સંજ્વલન માયા ઉપશાન્ત થતાં ૨ યોનો સંક્રમ થાય છે. અથવા ઉપશમ શ્રેણિમાં વર્તતા સમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્વોકત ૪ પ્રકૃતિમાંથી અપ્રત્યા૦ લોભ, પ્રત્યા૦ લોભ એ બે ઉપશાન્ત થતાં શેષ ૨ પ્રકૃતિયોનો સંક્રમ થાય છે. અથવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ક્ષપક જીવને પૂર્વોકત ૩ પ્રકૃતિ સંજ્વલન ક્રોધનો ક્ષય થતાં ૨ પ્રકૃતિયોનો સંક્રમ થાય છે.

તથા એજ જીવને સંજ્વલનમાનનો ક્ષય થતાં શેષ ૧ પ્રકૃતિનો સંક્રમ થાય છે.

આ પ્રમાણે સંક્રમસ્થાનોની પ્રાપ્તિ વિચારતાં ૨૮-૨૪-૧૭ ૧૬-૧૫ એ ૫ સંક્રમસ્થાનો પ્રાપ્ત થતાં નથી. તે માટે એ ૫ નોનો નિષેધ કરાય છે. ને એ ૫ નો નિષેધ થતાં શેષ ૨૩ સંક્રમ સ્થાનો જ છે તે પૂર્વોકત પ્રકારે જાણવાં.

એ સંક્રમસ્થાનોમાં ૨૫ પ્રકૃત્યાત્મક તૃતીય સંક્રમસ્થાન અનાદિ, ધ્રુવ ને અધ્રુવ એ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે મોહનીયની સત્તાવાળા જીવને સમ્યકત્વ ને મિશ્ર એ બેની ઉદ્વલના થતાં [1]સાદિ, અનાદિમિથ્યાદૃષ્ટિજીવની અપેક્ષાએ અનાદિ, ભવ્યની અપેક્ષાએ ધ્રુવ, અને ભવ્યની અપેક્ષાએ અધ્રુવ છે.

---

૧ સમ્યકત્વ અને મિશ્રની ઉદ્વલના થવાથી ત્રણે દર્શનમોહનીં સંક્રમ બંધ પડે છે તે સમયે ૨૫ નું સ્થાન સાદિ ભાવે હોય છે.

તથા શેષ ચોવીશાદિક ૨૨ સંક્રમસ્થાનો કદાચિત્ પ્રાપ્તિવાળાં હોવાથી સાદિ અધ્રુવ છે.

એ પ્રમાણે મોહનીયમાં સંક્રમસ્થાન અને [1]અસંક્રમસ્થાનની પ્રરૂપણા કરીને પતદ્ગ્રહ અને અપતદ્ગ્રહસ્થાનોની પ્રરૂપણા કરે છે.

## મૂળ ગાથા ૧૧ મી.

**सोलस बारसगट्ठग, वीसग तेवीसगाइगे छच्च**
**वज्जिय मोहस्स पडि–ग्गहा उ अट्ठारस हवंति ॥११॥**

ગાથાર્થઃ—૧૬, ૧૨, ૮, ૨૦ અને ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ એ છ મળીને ૧૦ સ્થાનો રહિત શેષ ૧૮ પતદ્ગ્રહસ્થાનો મોહનીય કર્મનાં છે.

**ટીકાર્થઃ**—૧૬, ૧૨, ૮, ૨૦ અને ત્રેવીશાદિક છ તે ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ એ દશ સ્થાનો સિવાયનાં શેષ ૧–૨–૩–૪–૫–૬–૭–૯–૧૦–૧૧–૧૩–૧૪–૧૫–૧૭–૧૮–૧૯–૨૧–૨૨ એ અઢાર પતદ્ગ્રહસ્થાનો છે. ત્યાં કયા પતદ્ગ્રહસ્થાનમાં કઇકઇ પ્રકૃતિયો સંક્રમે છે તે કહેવાય છે.

૨૮ ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિજીવને મિથ્યાત્વ તે સમ્યક્ત્વ ને મિશ્રનું પતદ્ગ્રહ છે, માટે મિથ્યાત્વ સિવાયની શેષ ૨૭ પ્રકૃતિયો મિથ્યાત્વ, ૧૬ કષાય, ૧ વેદ, ભય, જુગુપ્સા, ને કોઇ પણ એક યુગલ, એ ૨૨ પ્રકૃતિયોમાં સંક્રમે છે[2]—તથા સમ્યક્ત્વની ઉદ્વલના થતાં ૨૭ ની સત્તાવાળા એજ મિથ્યાદૃષ્ટિજીવને મિથ્યાત્વ તે મિશ્રનું પતદ્ગ્રહ છે. માટે તે મિથ્યાત્વ બાદ કરતાં શેષ ૨૬ પ્રકૃતિયો પૂર્વોક્ત ૨૨ પ્રકૃતિયોમાં સંક્રમે છે.

[illegible] છે.

તથા મિશ્રની ઉદ્વલના કર્યે છતે ૨૬ ની સત્તાવાળા મિ
થ્યાદૃષ્ટિજીવને મિથ્યાત્વમાં કોઇ પણ પ્રકૃતિ સંક્રમતી નથી, તેથી
કોઇનું પતદ્ગ્રહ નથી, માટે પૂર્વોક્ત ૨૨ ના પતદ્ગ્રહમાંથી
બાદ કરતાં શેષ ૨૧ પ્રકૃત્યાત્મક પતદ્ગ્રહસ્થાનમાં ૨૫ પ્રકૃતિયો
ક્રમે છે.—અથવા અનાદિ મિથ્યાદૃષ્ટિ જે ૨૬ ની સત્તાવાળા
મિથ્યાદૃષ્ટિ જીવને મિથ્યાત્વનો ક્યાંય પણ સંક્રમ થતો નથી,
તેમાં બીજી કોઇ પ્રકૃતિ પણ સંક્રમતી નથી, માટે આધારાધેય
રહિત મિથ્યાત્વને બાદ કરતાં શેષ ૨૫ પ્રકૃતિયો પૂર્વોક્ત ૨૧
તિયોમાં સંક્રમે છે.

તથા ૨૪ ની સત્તાવાળો જીવ મિથ્યાત્વને પ્રાપ્ત થયો
જો કે મિથ્યાત્વરૂપ હેતુથી પુનઃ અનંતાનુબંધિને બાંધે છે, તો
બન્ધાવલિકા સર્વ કરણને અસાધ્ય હોવાથી તે સત્તાપ્રાપ્ત
એવા પણ અનંતાનુબંધિને અન્યત્ર સંક્રમાવે નહિ. અને મિથ્યાત
સમ્યક્ત્વ અને મિશ્રનું પતદ્ગ્રહ છે, માટે અનંતાનુબંધિ ચતુષ્ક
મિથ્યાત્વ એ પાંચ પ્રકૃતિ રહિત શેષ ૨૩ પ્રકૃતિયો પૂર્વોક્ત
૧ દેશૂણપૂર્વક્રોડ વર્ષ સુધી પણ સંયમની અનુપાલના કરતો જીવ અન્તર્મુહુર્ત પ્રમત્તપણામાં અને અન્તર્મુહુર્ત અપ્રમત્તપણામાંજ વારંવાર ગમનાગમન કરતો રહે છે, ત્યાં પ્રમત્તપણાનાં સર્વ અન્તર્મુહુર્તને એકત્ર કરતાં અન્તર્મુહુર્તહીન પૂર્વક્રોડ વર્ષ થાય, અને અપ્રમત્તપણાનાં સર્વલઘુ અન્તર્મુહુર્તોને એકત્ર કરતાં પણ માત્ર એકજ અન્તર્મુહુર્ત થાય છે એ ભગવત્યાદિ મતે, અને જેઓ પ્રમત્તાપ્રમત્તપણાનો કાળ બીજી રીતે માને છે તેઓને મતે પણ અપ્રમત્તપણાનો કાળ અન્તર્મુ૦જ થાય છે તેથી અત્રે પણ સર્વ કાળ અન્તર્મુ૦ પ્રમાણ જાણવો.

૨ મનુષ્યનું ઉ૦ આયુ પાલન કરીને અનુત્તરવિમાને ઉ૦ આયુએ ઉપજે ત્યાંથી પુનઃ ઉ૦ આયુવંત મનુષ્ય થવાથી. અહિં દેશૂણ કાળ તે અન્તર્મુ૦ અધિક જીનનામોદયની જ૦સ્થિ૦ જેટલો સંભવે.

સંબંધ છે, તથા કોઇ પ્રકૃતિને આશ્રયિ કંઇક વિશેષતા પણ કહેવાશે ॥ ૯૬ ॥

ટીકાર્થઃ—જે જીવ પલ્યોપમાસંખ્યેયભાગન્યૂન ૭૦ કો૦ કો૦ સાગરોપમ ઉ૦ કર્મસ્થિતિ સુધી સૂક્ષ્મનિગોદમાં વસીને (સૂ૦ નિગોદીયો જીવ અતિઅલ્પ આયુષ્ય વાળો હોય છે તેથી તેને ઘણાં જન્મમરણ થાય છે અને ઘણીવાર જન્મમરણ થવાથી ઘણીવાર અતિવેદના યુક્ત હોય છે, ને અતિવેદનાયુક્ત હોવાથી ઘણા પુદ્‌ગલોની નિર્જરા કરે છે, પુનઃ પણ સૂ૦નિગોદજીવો મંદયોગ અને મંદ કષાયવાળા હોવાથી તેઓને નવા કર્મપ્રદેશોનું ગ્રહણ પણ અતિ અલ્પજ હોય છે માટે અત્રે સૂ૦નિગોદ જીવનું ગ્રહણ કર્યું છે) अभवियजोग्गं जहन्नयं कट्टु निग्गम्म=અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય પ્રદેશોપચય કરીને તદનંતર સૂક્ષ્મનિગોદમાંથી નિકળીને योग्येषु= સમ્યક્ત્વ દેશવિરતિ ને સર્વવિરતિ યોગ્ય ત્રસજીવોમાં ઉત્પન્ન થઇને પલ્યોપમના અસંખ્યાતમાભાગમાં અસંખ્યવેળા સમ્યક્ત્વ ને સ્વલ્પ કાળ સુધી દેશવિરતિ પામીને, કેવી રીતે પામીને? તે કહે છે—સૂક્ષ્મ નિગોદથી નિકળીને બાદરપૃથ્વીમાં ઉત્પન્ન થાય, તદનંતર ત્યાંથી અન્તર્મુહુર્ત કાળમાં નિકળીને પૂર્વક્રોડ વર્ષાયુષ્યવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય, ત્યાંપણ ૭ માસ વ્યતીત થતાં શિઘ્ર યોનીથી બહાર નિકળવા પૂર્વક જન્મ પામે, તદનંતર ૮ વર્ષની વયે ચારિત્ર પામે, તદનંતર દેશોનપૂર્વક્રોડ વર્ષ પર્યન્ત ચારિત્ર પાળીને અલ્પ આયુષ્ય બાકી રહેતાં મિથ્યાત્વ પામે, તદનંતર મિથ્યાત્વ સહિત કાળ કરીને ૧૦૦૦૦ વર્ષ સ્થિતિયુક્ત દેવભવમાં ઉપજે, ત્યાં અન્તર્મુહુર્ત કાળમાં સમ્યક્ત્વ પામે, તદનંતર ૧૦૦૦૦ વર્ષ સુધી જીવીને તેટલા કાળ પર્યન્ત સમ્યક્ત્વ પાલન કરીને અન્ત્ય અવસરે મિથ્યાત્વ સહિત કાળ પામીને બા૦ પૃથ્વીમાં ઉત્પન્ન થાય, તદનંતર ત્યાંથી પણ અન્તર્મુહુર્ત માત્ર કાળમાં નિકળીને મનુષ્યમાં ઉત્પન્ન થાય, પુનઃ પણ સમ્યક્ત્વ અથવા દેશવિરતિ અથવા સર્વ

વિરતિ પામે, એ પ્રમાણે દેવભવોમાં અને મનુષ્ય ભવોમાં સમ્યક્ત્વાદિ વારંવાર ગ્રહણ કરવાનું અને મૂકવાનું ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળમાં અસંખ્યવાર સમ્યક્ત્વનો લાભ, અને અલ્પ વાર દેશવિરતિનો લાભ થાય. અહિં જ્યારે જ્યારે સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થાય ત્યારે ત્યારે ઘણા પ્રદેશો વાળી પ્રકૃતિને અલ્પપ્રદેશયુક્ત કરે છે, તે કારણથી ઘણી વાર સમ્યક્ત્વાદિ પ્રાપ્તિનું ગ્રહણ કર્યું છે. પુનઃ આ સમ્યક્ત્વાદિયોગ્ય ભવોમાં ૮ વાર સર્વવિરતિ પામીને અને તેટલીજવાર એટલે આઠ વાર અનંતાનુબંધિનો વિઘાત કરીને તથા ૩ વાર મોહનીય ઉપશમાવીને ત્યાંથી બીજા ભવમાં શિઘ્ર કર્મ ખપાવતો જીવ ક્ષપિતકર્માંશ કહેવાય છે.

અહિં જ૦પ્ર૦સંક્રમસ્વામિત્વ પ્રરૂપણાના વિચારમાં પ્રાયઃ (બાહુલ્યતાથી) એજ ક્ષપિતકર્માંશ જીવનો અધિકાર છે.–પુનઃ કોઇ પ્રકૃતિને અંગે કંઇક વિશેષતા પણ કહેવાશે.

એ પ્રમાણે ક્ષપિતકર્માંશ જીવનું સ્વરૂપ દર્શાવીને હવે ज०प्र० संक्रमस्वामित्व प्ररूपणा કરાય છે.

## મૂળ ગાથા ૯૭ મી.

**आवरणसत्तगम्मि उ, सहोहिणा तं विणोहिजुयलम्मि**
**निद्दादुगंतराइ य, हासचउक्के य वंधंते ॥ ९७ ॥**

ગાથાર્થ:—અવધિજ્ઞાન સહિત જીવ અવધિદ્વિક વિના ૭ આવરણનો બન્ધવિચ્છેદ સમયે જ૦પ્ર૦ સંક્રમ કરે છે, તથા અવધિજ્ઞાન રહિત જીવ અવધિદ્વિકનો બન્ધવિચ્છેદ સમયે જ૦પ્ર૦ સંક્રમ કરે છે, અને નિદ્રાદ્વિક–અન્તરાય ૫–તથા હાસ્યચતુષ્ક એ ૧૧ નો જ૦પ્ર૦ સંક્રમ સ્વસ્વબન્ધવિચ્છેદ સમયે યથાપ્રવૃત્ત સંક્રમવડે થાય છે.

ટીકાર્થ:—જે જીવ અવધિજ્ઞાન સહિત વર્ત્તે છે તે જીવને

અવધિજ્ઞાનાવરણ રહિત ૪ જ્ઞાનાવ૦, અને અવધિદર્શનાવ૦ રહિત ૩ દર્શનાવરણ એ ૭ પ્રકૃતિયોનો આપ આપણા બન્ધવિચ્છેદ સમયે યથાપ્રવૃત્ત સંક્રમ વડે જ૦પ્ર૦ સંક્રમ થાય છે. અવધિજ્ઞાનને ઉત્પન્ન કરતો જીવ ઘણા કર્મપુદ્ગલોની નિર્જરા કરે છે, તે કારણથી એ ૭ પ્રકૃતિયોના સ્વસ્વબન્ધવિચ્છેદ સમયે ઘણા થોડાજ પુદ્ગલો પ્રાપ્ત થાય છે, અને અહિં અધિકાર પણ જ૦ પ્ર૦સંક્રમનોજ છે માટે " જે જીવ અવધિજ્ઞાન સહિત વર્તે છે " એમ કહયું છે.

તથા તે અવધિ વિના એટલે અવધિજ્ઞાન અને અવધિદર્શન રહિત જીવને અવધિજ્ઞાનાવ૦—અને અવધિદર્શના૦ એ બેનો આપ આપણા બન્ધવિચ્છેદ સમયે જ૦ પ્ર૦ સંક્રમ પ્રાપ્ત થાય છે. કારણ કે અવધિજ્ઞાન અને અવધિદર્શનને ઉત્પન્ન કરતો જીવ અતિ પ્રબલ ક્ષયોપશમવાળો હોવાથી એ અવધિદ્વિકના પુદ્ગલોને અતિરૂક્ષ કરે છે તેથી બન્ધવિચ્છેદ સમયે પણ ઘણા નિર્જરે છે, ને તેમ થવાથી જ૦ પ્ર૦ સંક્રમ પ્રાપ્ત ન થાય. તેથી " तं विणा=અવધિદ્વિક રહિત જીવ " એમ કહ્યું છે.

તથા નિદ્રા પ્રચલા રૂપ નિદ્રાદ્વિક, ૫ અન્તરાય, અને હાસ્ય, રતિ, ભય, જુગુપ્સારૂપ હાસ્યચતુષ્ક એ ૧૧ પ્રકૃતિયોનો આપઆપણા બન્ધવિચ્છેદ સમયે યથાપ્રવૃત્ત સંક્રમ વડે જ૦ પ્ર૦ સંક્રમ થાય છે. ( અહિં બંધવિચ્છેદ સમયે કહેવાનું કારણ એ છે કે ) નિદ્રાદ્વિક અને હાસ્યચતુષ્કનો સ્વબન્ધવિચ્છેદ થયા બાદ ગુણસંક્રમ થાય છે તેથી એ ૬ પ્રકૃતિનાં ઘણાં દલિક (નો સંક્રમ) પ્રાપ્ત થાય છે, અને ૫ અન્તરાયનો તો બન્ધવિચ્છેદાનંતર પતદ્ગ્રહાભાવે સંક્રમજ થતો નથી તે કારણથી બન્ધવિચ્છેદ સમય ગ્રહણ કર્યો છે.

મૂળ ગાથા ૯૮ મી.

सायस्स पुवत्तमित्ता, असायबंधाण चरिमबंधंते
खवणाए लोभस्सवि, अपुव्वकरणालिगा अंते ॥९८॥

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—મોહનીય કર્મનો ઉપશમ નહિ કરીને અર્થાત ઉપશમશ્રેણિ નહિં પામીને અશાતાના બન્ધમાં જે અન્ત્ય અશાતાબન્ધ છે તેના અન્ત્યસમયે વર્તતા ક્ષપકજીવને શાતાનો જ૦ પ્ર૦ સંક્રમ થાય છે, તેથી આગળ શાતાને પતદ્ગ્રહતા પ્રાપ્ત થાય છે પરન્તુ શાતાનો સંક્રમ થતો નથી.

તથા ઉપશમશ્રેણિને નહિ પ્રાપ્ત થયેલા અને કર્મક્ષય કરવાને ઉદ્યત થયેલા ક્ષપકજીવને અપૂર્વકરણાદ્ધાની પ્રથમાવલિકાના અન્ત્યસમયે સં૦ લોભનો જ૦પ્ર૦સંક્રમ હોય છે, તેથી આગળ ગુણસંક્રમવડે (થી) પ્રાપ્ત થયેલા ( સ્વપ્રકૃતિ સંબંધિ ) ઘણા કર્મદલિકનો ( સંક્રમાવલિકા વ્યતીત થયા બાદ ) સંક્રમ થવાથી જ૦ પ્ર૦ સંક્રમ થતો નથી.

## મૂળ ગાથા ૯૯ મી.

**अयरच्छावट्ठिदुगं, गालिय थीवेय थीणगिद्धितिगं**
**सगखवणहापवत्त-स्संते एमेव मिच्छत्ते ॥ ९९ ॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ**:—[1]૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વનું અનુપાલન કરતો જીવ સ્ત્રીવેદ અને થીણધ્ધિત્રિક એ ૪ પ્રકૃતિયો તે સંબંધિના ઘણા કર્મદલિકને गालयित्वा= નિર્જરાવીને કંઇક શેષ રહ્યે તે પ્રકૃતિયોનો ક્ષય કરવાને ઉદ્યત થયો છતો યથાપ્રવૃત્તકરણના અન્ત્યસમયે

---

૧ ક્ષયોપ૦સમ્યક્ત્વનો કાળ મિશ્રસમ્યક્ત્વવડે અન્તરિત હોવાથી સમ્યક્ત્વનો કાળ "બે છાસઠ" સાગપરોપમ કહેવાની પદ્ધતિ શાસ્ત્રમાં છે, પરંતુ કોઇ સ્થળે સમ્યક્ત્વનો કાળ ૧૩૨ સાગરોપમ કહે તોપણ દોષ નહિ.

વિધ્યાતસંક્રમવડે એ ૪ પ્રકૃતિનો જ૦પ્ર૦સંક્રમ કરે છે, અને આગળ અપૂર્વકરણમાં તો ગુણસંક્રમથી ( પરપ્રકૃતિયોમાં ) ઘણાકર્મ દલિકનો સંક્રમ થવાથી જ૦પ્ર૦ સંક્રમ થાય નહિ, તે કારણથી યથા પ્રવૃત્તકરણનો અન્ત્યસમય ગ્રહણ કર્યો છે.

એજ પ્રમાણે મિથ્યાત્વનો પણ જ૦પ્ર૦સંક્રમ થાય છે તે આ રીતે-૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વનું અનુપાલન કરીને અને તેટલા કાળસુધી મિથ્યાત્વની નિર્જરા કરીને કંઇક શેષ રહેલા મિથ્યાત્વને ક્ષય કરવાને અર્થે ઉદ્યત થયેલા, અને મિથ્યાત્વ સંબંધિ યથા પ્રવૃત્તકરણના અન્ત્યસમયે વર્તતા જીવને વિધ્યાતસંક્રમ વડે મિથ્યાત્વનો જ૦પ્ર૦ સંક્રમ થાય છે, અને આગળ ગુણસંક્રમ પ્રવર્તતો હોવાથી તે જ૦પ્ર૦ સંક્રમ થતો નથી.

## મૂળ ગાથા ૧૦૦ મી.

हस्सगुणसंकमद्धाए, पूरयित्ता समीससम्मतं
चिर संमत्ता मिच्छत्त–गयस्सुव्वलणथोगो सिं॥१००॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

ટીકાર્થઃ—સમ્યક્ત્વ ઉત્પન્ન કરીને हस्वया गुणसंक्रमाद्धया= અલ્પકાળવાળા ગુણસંક્રમવડે समिश्रंसम्यक्त्वं=સમ્યક્ત્વ અને મિશ્રને મિથ્યાત્વનાં દલિકથી પૂરીને ઘણા કાળે સમ્યક્ત્વથી મિથ્યાત્વે ગયેલાને, અર્થાત ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળીને મિથ્યાત્વે ગયેલા જીવને પલ્યોપમાસંખ્યેયભાગ માત્ર કાળ વડે તે સમ્યક્ત્વની અને મિશ્રની ઉદ્વલના કરતાં અલ્પ ઉદ્વલના સંક્રમ થયે તે સમ્યક્ત્વનો અને મિશ્રનો જ૦ પ્ર૦સંક્રમ થાય છે, અર્થાત ઉપાન્ત્ય ખંડના અન્ત્યપ્રક્ષેપ સમયે સમ્યક્ત્વનું અને મિશ્રનું દલિક મિથ્યાત્વરૂપ પરપ્રકૃતિમાં જે પ્રક્ષેપાય તેજ સમ્યક્ત્વનો ને મિશ્રનો જ૦ પ્ર૦ સંક્રમ છે.

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

ટીકાર્થઃ—મોહનીય કર્મનો ઉપશમ નહિ કરીને અર્થાત ઉપશમશ્રેણિ નહિં પામીને અશાતાના બન્ધમાં જે અન્ત્ય અશાતાબન્ધ છે તેના અન્ત્યસમયે વર્તતા ક્ષપકજીવને શાતાનો જ૦ પ્ર૦ સંક્રમ થાય છે, તેથી આગળ શાતાને પતદ્ગ્રહતા પ્રાપ્ત થાય છે પરન્તુ શાતાનો સંક્રમ થતો નથી.

તથા ઉપશમશ્રેણિને નહિ પ્રાપ્ત થયેલા અને કર્મક્ષય કરવાને ઉદ્યત થયેલા ક્ષપકજીવને અપૂર્વકરણાદ્ધાની પ્રથમાવલિકાના અન્ત્યસમયે સં૦ લોભનો જ૦પ્ર૦સંક્રમ હોય છે, તેથી આગળ ગુણસંક્રમવડે (થી) પ્રાપ્ત થયેલા (સ્વપ્રકૃતિ સંબંધિ) ઘણા કર્મદલિકનો (સંક્રમાવલિકા વ્યતીત થયા બાદ) સંક્રમ થવાથી જ૦ પ્ર૦ સંક્રમ થતો નથી.

## મૂળ ગાથા ૯૯ મી.

**अयरच्छावट्ठिदुगं, गालिय थीवेय थीणगिद्धितिगं**
**सगखवणहापवत्त–स्संते एमेव मिच्छत्ते ॥ ९९ ॥**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે

ટીકાર્થઃ—[1]૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વનું અનુપાલન કરતો જીવ સ્ત્રીવેદ અને થીણદ્ધિત્રિક એ ૪ પ્રકૃતિયો તે સંબંધિના ઘણા કર્મદલિકને गालयित्वा= નિર્જરાવીને કંઇક શેષ રહ્યે તે પ્રકૃતિયોનો ક્ષય કરવાને ઉદ્યત થયો છતો યથાપ્રવૃત્તકરણના અન્ત્યસમયે

૧ ક્ષયોપ૦સમ્યક્ત્વનો કાળ મિશ્રસમ્યક્ત્વવડે અન્તરિત હોવાથી સમ્યક્ત્વનો કાળ "બે છાસઠ" સાગરોપમ કહેવાની પદ્ધતિ શાસ્ત્રમાં છે, પરંતુ કોઇ સ્થળે સમ્યક્ત્વનો કાળ ૧૩૨ સાગરોપમ કહે તોપણ દોષ નહિ

## મૂળ ગાથા ૧૦૨ મી.

अट्ठकसायासाए, य असुभधुवबन्धि अत्थिरतिगे य
सव्वलहुं खवणाए, अहापवत्तस्स चरिमम्मि ॥१०२॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

ટીકાર્થઃ—અપ્રત્યા૦પ્રત્યા૦રૂપ ૮ કષાય–અશાતા–કુવર્ણાદિ ૯ અને ઉપઘાત એ અશુભ ધ્રુવબન્ધિ ૧૬ પ્રકૃતિ–તથા અસ્થિર–અશુભ–ને અયશ એ અસ્થિરત્રિક–એ ૨૨ પ્રકૃતિયોમાંથી ૮ કષાય સિવાયની ૧૪ પ્રકૃતિયોનો અન્ય સર્વજીવોથીઃશિઘ્ર ક્ષય કરવાને ઉદ્યત થયેલો જીવ અર્થાત્ ૮ વર્ષ ૭ માસ વ્યતિક્રાન્ત થતાં શિઘ્ર ક્ષય કરવાને ઉદ્યત થયેલા એવા ક્ષપકશ્રેણિ પ્રતિપન્ન જીવ યથાપ્ર૦ ના અન્ત્યસમયે યથાપ્રવૃત્ત સંક્રમવડે જ૦ પ્ર૦ સંક્રમ કરે છે.

તથા દેશોનપૂર્વક્રોડ વર્ષ પર્યન્ત ચારિત્ર પાળીને ક્ષપક શ્રેણિપ્રતિપન્ન જીવને યથા૦ના અન્ત્ય સમયે વિધ્યાતસંક્રમવડે આઠ મધ્યકષાયનો જ૦ પ્ર૦ સંક્રમ હોય છે.

પુનઃ પંચસંગ્રહમાં તો (મૂળ ટીકામાં) એ સર્વ પ્રકૃતિયોને માટે "દેશૂણપૂર્વક્રોડવર્ષ પર્યન્ત ચારિત્ર પાળીને" ઇત્યાદિ કહેલું છે.

## મૂળ ગાથા ૧૦૩ મી.

पुरिसे संजलणतिगे, य घोलमाणेण चरमबद्धस्स
सगअंतिमे असाए–ण समा अरई य सोगो य॥१०३॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

## મૂળ ગાથા ૧૦૧ મી.

संजोयणाण चतुरुव–समित्तु संजोजइत्तु अप्पद्धं
अयरच्छावट्ठिदुगं, पालिय सकहप्पवत्तंते ॥ १०१ ॥

**ગાથાર્થ**:—મોહનીયને ૪ વાર ઉપશમાવીને અને અલ્પકાળ પર્યંત અનંતાનુબંધિ બાંધીને પુનઃ ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વપાલન કરીને સ્વયથાપ્રવૃત્તના અન્ત્યસમયે અનંતાનુબન્ધિનો જ૦ પ્ર૦ સંક્રમ કરે.

**ટીકાર્થ**:—૪ વાર મોહનીય ઉપશમાવીને (૪ વાર મોહનીયને ઉપશમાવવા વડે શું પ્રયોજન છે? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે ઘણા પુદ્ગલોની નિર્જરા થાય છે તે આ પ્રમાણે–ચારિત્ર મોહનીયની પ્રકૃતિયોને ઉપશમાવતો જીવ સ્થિતિઘાત–રસઘાત–ગુણશ્રેણિ–અને ગુણસંક્રમવડે ઘણા પુદ્ગલોને નિર્જરાવે છે તેથી "૪ વાર મોહનીયનો ઉપશમ કરીને" કહ્યું છે) મિથ્યાત્વે જાય, અને મિથ્યાત્વે ગયો છતો અલ્પકાળ પર્યન્ત સંયોજના=અનંતાનુબંધિ બાંધીને (૪ વાર મોહોપશમ કરવાને અવસરે સ્થિતિઘાતાદિવડે ઘણા દલિકનો ઘાત થવાથી આ અવસરે ચારિત્ર મોહનીયનું દલિક અતિઅલ્પ છે તેથી અનંતાનુબંધિને બાંધતો છતો બધ્યમાન ૪ અનંતાનુબંધિમાં યથાપ્રવૃત્તસંક્રમવડે અતિ અલ્પ દલિક સંક્રમાવે છે, તદનંતર અન્તર્મુહુર્ત વ્યતીત થતાં પુનઃ પણ સમ્યક્ત્વ પામે, અને તે સમ્યકત્વને ૧૩૨ સાગરોપમ સુધી પાળીને અનન્તાનુબન્ધિનો ક્ષય કરવાને ઉદ્યત થાય, તે જીવને (અનંતાનુ૦ સંબંધિ) યથાપ્રવૃત્તકરણના અન્ત્યસમયે વિધ્યાતસંક્રમ વડે તે ૪ અનન્તાનુબન્ધિનો જ૦ પ્ર૦ સંક્રમ થાય છે. આગળ અપૂર્વકરણમાં ગુણસંક્રમ પ્રવર્તતો હોવાથી તે જ૦ પ્ર૦ સંક્રમ પ્રાપ્ત થતો નથી.

ણામાં બાંધેલા ઉચ્ચગોત્ર ને મનુષ્યદ્વિકયુકત એજ જીવને તેઉ અને વાયુકાયમાં પૂર્વોકત વિધિએ જ૦ પ્ર૦ સંક્રમ થાય છે. ॥ ૧૦૫ ॥

ટીકાર્થઃ—દેવદ્વિક–નરકદ્વિક–ને વૈક્રિયસપ્તક એ ૧૧ પ્રકૃતિયોને એકેન્દ્રિયભવમાં ઉદ્વલના કરણથી ઉવેલી હોય, અને પુનઃ પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થતાં અલ્પકાળ સુધી બાંધી હોય, અને બાંધીને તે ભવમાંથી નિકળીને ૩૩ સાગરોપમ પ્રમાણ ઉ૦ સ્થિતિ સહિત સપ્તમી પૃથ્વીમાં નારકપણે ઉત્પન્ન થાય, તદનંતર તેટલા કાળ પર્યન્ત યથાયોગ્યપણે તે વૈક્રિય સબંધિ ૧૧ પ્રકૃતિ અનુભવીને નરકમાંથી નિકળીને પંચેન્દ્રિયતિર્યંચમાં ઉત્પન્ન થાય, અને ત્યાં વૈક્રિય સંબંધિ ૧૧ પ્રકૃતિ નહિ બાંધીને સ્થાવરભવમાં ઉત્પન્ન થાય ત્યાં તે એકાદશકની પલ્યોપમાસંખ્યેયભાગ પ્રમાણ દીર્ઘકાળની ઉદ્વલના વડે તે ૧૧ પ્રકૃતિયોને ઉવેલતો જે જીવ ઉપાન્ત્ય ખંડના અન્ત્ય સમયે અન્ય પ્રકૃતિમાં દલિક સંક્રમાવે છે તે જીવને તે વૈક્રિયાદિ ૧૧ પ્રકૃતિયોનો જ૦ પ્ર૦ સંક્રમ હોય છે.

તથા અગ્નિકાય અને વાયુકાયમાં ગયેલા એજ જીવને પૂર્વોક્ત વિધિએ સૂક્ષ્મ એકેન્દ્રિય ભવમાં વર્તતાં જે ઉચ્ચગોત્ર અને મનુષ્ય ગતિ મનુષ્યાનુપૂર્વિરૂપ મનુષ્યદ્વિક બાંધેલું હોય, તેને દીર્ઘકાળની ઉદ્વલના વડે ઉવેલતાં ઉપાન્ત્ય ખંડના અન્ત્યસમયે જે પરપ્રકૃતિમાં દલિક સંક્રમાવે છે તેજ ઉચ્ચગોત્રને મનુષ્યદ્વિકનો જ૦ પ્ર૦ સંક્રમ છે. અહિં ભાવાર્થ આ પ્રમાણે છે કે-પ્રથમ અગ્નિ અને વાયુના ભવમાં વર્તતાં નરદ્વિક ને ઉચ્ચગોત્ર ઉવેલ્યું હોય, અને પુનઃ સૂક્ષ્મ એકેન્દ્રિય ભવમાં ઉત્પન્ન થઈને અન્તર્મુહૂર્તકાળ પર્યન્ત બાંધ્યું હોય. અને ત્યાંથી પંચેન્દ્રિય ભવમાં જઈને સપ્તમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો નારકી થાય, પુનઃ ત્યાંથી નિકળીને પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય, એટલા કાળ પર્યન્ત એ ૩ પ્રકૃતિ નહિ બાંધીને અને પ્રદેશસંક્રમ વડે અનુભવીને પુનઃ અગ્નિમાં અને વાયુમાં ઉત્પન્ન થાય તે જીવ એ ૩ પ્રકૃતિને દીર્ઘકાળની ઉદ્વલનાએ ઉવેલે તે વખતે

ટીકાર્થ:—અહિં પુરિસે અને તિગે એ બે શબ્દમાં સપ્તમી વિભક્તિ ષષ્ઠીના અર્થમાં છે તેથી પુરૂષવેદનો અને ક્રોધ-માન-માયા રૂપ સંજ્વલન ત્રિકનો ક્ષય કરવાને ઉદ્યત ક્ષપકશ્રેણિપ્રતિપન્ન જીવ આપ આપણા બન્ધના અન્ત્યસમયે જઘન્ય યોગવડે બાંધેલું જે દલિક તે દલિકનો અન્ત્ય પ્રક્ષેપ કરે તે સમયે એ ૪ પ્રકૃતિનો જ૦ પ્ર૦ સંક્રમ થાય તે આ પ્રમાણે—આ ચારે પ્રકૃતિયોના બન્ધવિચ્છેદ સમયે પ્રથમની બે આવલિકાનું બાંધેલું જે દલિક છે તે સિવાય અન્ય દલિકની સત્તા નથી, ને તે આવલિકાદ્વિકબદ્ધ દલિકમાંથી પણ ચરમસમયબદ્ધદલિકનો અસંખ્યાતમો ભાગ શેષ રહે ત્યાં સુધી પ્રતિસમય સંક્રમવડે ક્ષય પામતું જાય છે, તદનંતર તે શેષ રહેલા અસંખ્યાતમાભાગના દલિકને સર્વસંક્રમવડે સંક્રમાવતાં એજ પ્રકૃતિનો જ૦ પ્ર૦ સંક્રમ થાય છે.

તથા असाएण समा अरइ सोगो इति=અર્થાત્ અરતિ અને શોકનો જ૦ પ્ર૦ સંક્રમ અશાતાના જ૦ પ્ર૦ સં૦વત્ જાણવો.

## મૂળગાથા ૧૦૪-૧૦૫ મી.

वेउव्विक्कारसगं, उव्वलियं वंधिऊण अप्पद्धं
जिट्ठट्ठिइ निरयाओ, उव्वट्टित्ता अवंधित्तु ॥१०४॥
थावरगयस्स चिरउव्व-लणो एयस्स एव उच्चस्स
मणुयदुगस्स य तेउसु, वाउसु वा सुहुमवद्धाणं १०५

ગાથાર્થ:—વૈક્રિયસંબંધિ ૧૧ પ્રકૃતિની પ્રથમ ઉદ્વલના કરીને પુનઃ અલ્પકાળ પર્યન્ત બાંધીને ઉ૦ સ્થિતિયુક્ત નારક થાય, ત્યાંથી નિકળીને તિ૦પંચેન્દ્રિયમાં એ ૧૧ પ્રકૃતિ બાંધ્યા વિનાજ ॥ ૧૦૪ ॥ સ્થાવરમાં જઇને દીર્ઘકાળ પર્યન્ત ઉદ્વલના કરતા જીવને એ ૧૧ નો જ૦ પ્ર૦ સંક્રમ થાય.—તથા સૂ૦એકેન્દ્રિયપ-

કાળ સુધી એ ૩ પ્રકૃતિયોને નહિ બાંધીને યથાપ્રવૃત્ત કરણના અન્ત્ય સમયે એ ૩ પ્રકૃતિયોનો જ૦ પ્ર૦ સંક્રમ કરે છે. “૪ પલ્યોપમાધિક ૧૬૩ સાગરોપમાધિક કાળપર્યન્ત નહિ બાંધીને” કહ્યું તે કેવી રીતે ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે તે ક્ષપિતકર્માંશજીવ ૩ પલ્યોપમાયુષ્યવાળા યુગલિક મનુષ્યભવમાં ઉત્પન્ન થાય ત્યાં માત્ર દેવદ્વિકનોજ બંધ કરે છે, પરન્તુ પૂર્વોક્ત ૩ પ્રકૃતિને બાંધતો નથી. ત્યાં અન્તર્મુહુર્ત આયુષ્ય શેષ રહેતાં સમ્યક્ત્વ પામીને સમ્યક્ત્વ સહિતજ ૧ પલ્યોપમની સ્થિતિવાળો દેવ થાય, ત્યાંથી પણ સમ્યક્ત્વ સહિત દેવભવમાંથી ચવીને મનુષ્યભવમાં ઉત્પન્ન થાય. તદનંતર તેજ અપતિત સમ્યક્ત્વ સહિત ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમ સ્થિતિવાળો દેવ થાય, અને ત્યાં ઉત્પન્ન થયા બાદ, અન્તર્મુહુર્ત મિથ્યાત્વ પામે, તદનંતર અન્તર્મુહુર્તાયુષ્ય શેષ રહયે પુનઃ પણ સમ્યક્ત્વ પામે, તદનંતર ૧૩૨ સાગરોપમ સુધી મનુષ્ય અને અનુત્તર દેવાદિમાં ઉત્પન્ન થઇ સમ્યક્ત્વાનુપાલન કરીને તે સમ્યક્ત્વનો કાળ અન્તર્મુહૂર્ત શેષ રહયે એ ૩ પ્રકૃતિયોના શિઘ્ર ક્ષય કરવાને પ્રવૃત્ત થાય, તે કારણથી અનન્તરોક્ત વિધિએ “૪ પલ્યોપમાધિક ૧૬૩ સાગરોપમાધિક કાળપર્યન્ત એ ૩ પ્રકૃતિ નહિ બાંધીને” એમ કહ્યું છે.

## મૂળ ગાથા ૧૦૮ મી.

**इगविगलिंदिय जोग्गा, अट्ठ पजत्तगेण सह तेसिं**
**तिरियगइसमं नवरं, पंचासो उदहिसयं तु ॥१०८॥**

ગાથાર્થઃ—એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયયોગ્ય ૮ પ્રકૃતિ અને અપર્યાપ્ત સહિત ૯ પ્રકૃતિયોનો જ૦પ્ર૦સં૦ તિર્યંચગતિવત્ કહેવો પરન્તુ ૧૬૩ ને સ્થાને ૧૮૫ સાગરોપમ કહેવા.

ટીકાર્થઃ—એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયપ્રાયોગ્ય ( સંબંધિ )

ઉપાન્ત્યખંડના અન્ત્યસમયે જે દલિક પરપ્રકૃતિમાં સંક્રમે છે તેજ એ ૩ પ્રકૃતિનો જ૦ પ્ર૦ સંક્રમ છે.

## મૂળ ગાથા ૧૦૬ મી.

**हस्सं कालं वंधिय, विरओ आहारसत्तगं गंतुं**
**अविरइ लहुवलं तस्स जा थोव उवलणा ॥१०६॥**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

ટીકાર્થઃ—સર્વવિરતિવંત મુનિ અલ્પકાળ અપ્રમત્તદશાને પામ્યા છતા આહારકસપ્તક બાંધીને કર્મોદયપરિણતિ વિશેષથી પુનઃ અવિરતિપણાને પ્રાપ્ત થાય, ત્યાં અન્તર્મુહૂર્તબાદ પલ્યાસંખ્યતમભાગ પ્રમાણની દીર્ઘોદ્વલના વડે ઉવેલતાં આહારક સપ્તકની જે અલ્પ ઉદ્વલના ( ઉપાન્ત્યખંડના અન્ત્ય સમયે જે કર્મદલિક પરપ્રકૃતિમાં પ્રક્ષેપાય છે તે અલ્પોદ્વલના ) તેજ આહારકનો જ૦ પ્ર૦ સંક્રમ છે.

## મૂળ ગાથા ૧૦૭ મી.

**तेवट्ठिसयं उदहिण, सचउपल्लाहियं अवंधित्ता**
**अंते अहप्पवत्त–करणस्स उज्जो व तिरियदुगे॥१०७**

ગાથાર્થઃ—૪ પલ્યોપમાધિક ૧૬૩ સાગરસાધિક કાળપર્યંત ઉદ્યોત અને તિર્યંગ્દ્વિકને નહિ બાંધીને યથાપ્રવૃત્તકરણના અન્ત્ય સમયે એ ત્રણ પ્રકૃતિનો જ૦ પ્ર૦ સંક્રમ કરે.

ટીકાર્થઃ—ઉદ્યોત અને તિર્યંગ્દ્વિકની સત્તાવાળો પૂર્વોક્ત ક્ષપિતકર્માંશ જીવ ૪ પલ્યોપમ અધિક ૧૬૩ સાગરોપમાધિક[1]

---

૧ " ૧૬૩ સાગરોપમાધિક " એમાં જે " અધિક " શબ્દ કહ્યો છે તે સંખ્યાતભવાયુષ્યવાળા મનુષ્યભવોની અપેક્ષાએ જાણવે.

કાળ સુધી એ ૩ પ્રકૃતિયોને નહિ બાંધીને યથાપ્રવૃત્ત કરણના અન્ત્ય સમયે એ ૩ પ્રકૃતિયોનો જ૦ પ્ર૦ સંક્રમ કરે છે. " ૪ પલ્યોપમાધિક ૧૬૩ સાગરોપમાધિક કાળપર્યન્ત નહિ બાંધીને " કહ્યું તે કેવી રીતે ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે તે ક્ષપિતકર્માંશજીવ ૩ પલ્યોપમાયુષ્યવાળા યુગલિક મનુષ્યભવમાં ઉત્પન્ન થાય ત્યાં માત્ર દેવદ્વિકનોજ બંધ કરે છે, પરન્તુ પૂર્વોક્ત ૩ પ્રકૃતિને બાંધતો નથી. ત્યાં અન્તર્મુહુર્ત આયુષ્ય શેષ રહેતાં સમ્યક્ત્વ પામીને સમ્યક્ત્વ સહિતજ ૧ પલ્યોપમની સ્થિતિવાળો દેવ થાય, ત્યાંથી પણ સમ્યક્ત્વ સહિત દેવભવમાંથી ચવીને મનુષ્યભવમાં ઉત્પન્ન થાય. તદનંતર તેજ અપતિત સમ્યક્ત્વ સહિત ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમ સ્થિતિવાળો દેવ થાય, અને ત્યાં ઉત્પન્ન થયા બાદ, અન્તર્મુહુર્ત મિથ્યાત્વ પામે, તદનંતર અન્તર્મુહુર્તાયુષ્ય શેષ રહયે પુનઃ પણ સમ્યક્ત્વ પામે, તદનંતર ૧૩૨ સાગરોપમ સુધી મનુષ્ય અને અનુત્તર દેવાદિમાં ઉત્પન્ન થઇ સમ્યક્ત્વાનુપાલન કરીને તે સમ્યક્ત્વનો કાળ અન્તર્મુહૂર્ત શેષ રહયે એ ૩ પ્રકૃતિયોના શિઘ્ર ક્ષય કરવાને પ્રવૃત્ત થાય, તે કારણથી અનન્તરોક્ત વિધિએ " ૪ પલ્યોપમાધિક ૧૬૩ સાગરોપમાધિક કાળપર્યન્ત એ ૩ પ્રકૃતિ નહિ બાંધીને " એમ કહ્યું છે.

મૂળ ગાથા ૧૦૮ મી.

इगविगलिंदिय जोग्गा, अट्ठ पज्जत्तगेण सह तेसिं
तिरियगइसमं नवरं, पंचासी उदहिसय तु ॥१०८॥

ગાથાર્થ:—એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયપણાના ૮ પ્રકૃતિ અને અપર્યાપ્ત સહિત ૯ પ્રકૃતિયોનો જ૦ પ્ર૦ સં૦ તિર્યંચગતિવત્ કહેવો. પરન્તુ ૧૬૩ ને સ્થાને ૧૮૫ સાગરોપમ કહેવા.

ટીકાર્થ:—એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયપણાના (જાતિ)

૫૯

૪ જાતિ-સ્થા૦-આતપ-સૂ૦-સાધા૦-એ આઠ પ્રકૃતિયોને અપર્યાપ્ત નામકર્મસહિત કરતાં ૯ પ્રકૃતિયોનો જ૦પ્ર૦સંક્રમ તિર્યંચગતિવત્ કહેવો, પરન્તુ અહિં "૪ પલ્યોપમાધિક ૧૮૫ સાગરોપમાધિક કાળપર્યન્ત નહિ બાંધીને" એમ કહેવું. એટલા કાળપર્યન્ત એ ૯ પ્રકૃતિયો ન બન્ધાય તે કેવી રીતે? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે-અહિં ક્ષપિતકર્માંશજીવ ૨૨ સાગરોપમની સ્થિતિએ છઠ્ઠી પૃથ્વીમાં નારકપણે ઉત્પન્ન થાય, ત્યાં પણ અન્તર્મુહૂર્ત આયુ શેષ રહ્યે સમ્યક્ત્વ પામીને તેજ સમ્યક્ત્વ સહિત મનુષ્યપણે ઉત્પન્ન થાય, પુનઃ તેજ સમ્યક્ત્વસહિત દેશવિરતિ પામીને સૌધર્મ દેવલોકમાં ૪ પલ્યોપમની સ્થિતિવાળો દેવ થાય, પુનઃ તેજ સમ્યક્ત્વ સહિત તે દેવભવમાંથી ચવીને મનુષ્ય થાય, અને તે મનુષ્યભવમાં ચારિત્રને પાળીને ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમ સ્થિતિવાળો દેવ થાય, ત્યાં ઉત્પન્ન થઇને અન્તર્મુહૂર્તબાદ મિથ્યાત્વ પામે, તદનંતર પુનઃ પણ અન્તર્મુહૂર્ત આયુષ્ય શેષ રહ્યે સમ્યક્ત્વ પામે, તદનંતર ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વાનુપાલન કરીને તેજ સમ્યક્ત્વનો કાળ અન્તર્મુ૦શેષ રહ્યે એ ૯ પ્રકૃતિનો ક્ષય કરવાને પ્રવૃત્ત થાય, તો એ પ્રમાણે ૪ પલ્યાધિક ૧૮૫ સાગરોપમાધિક કાળપર્યન્ત એ ૯ પ્રકૃતિયોનો અબંધ રહે છે.

### મૂળ ગાથા ૧૦૯ મી.

**छत्तीसाए सुभाणं, सेढिमणारुहिय सेसगविहीहिं**
**कट्टु जहन्नं खवणं, अपुव्वकरणालिया अंते ॥१०९॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ:**—શ્રેણિ નહિ આરોહીને એટલે ઉપશમ શ્રેણિ નહિ કરીને શેષ ક્ષપિતકર્માંશ સંબંધિ વિધિવડે પંચે૦-સમચ૦-વૈ૦,૦-તૈ૦૭-સુખગ૦--શુભવર્ણાદિ૧૧-અગુ૦-પરા૦--ઉશ્વા૦--ત્રસાદિ

૧૦-નિર્મા૦-એ ૩૬ શુભ પ્રકૃતિયોનો જ૦ પ્રદેશ સમૂહ પ્રાપ્ત કરીને ક્ષય કરવાને પ્રવૃત્ત થયેલો ક્ષપિતકર્માંશજીવ અપૂર્વકરણની પ્રથમાવલિકાના અન્ત્ય સમયે તે ૩૬ પ્રકૃતિયોનો જ૦પ્ર૦ સંક્રમ કરે છે. તેથી આગળ તો ગુણસંક્રમ વડે પ્રાપ્ત કરેલા અતિઘણા કર્મપ્રદેશોનો સંક્રમાવલિકા વ્યતીત થવાથી (પરપ્રકૃતિયોનો) સંક્રમ થાય છે તેથી તે ( ૩૬ નો ) જ૦પ્ર૦ સંક્રમ પ્રાપ્ત થતો નથી. પુનઃ પંચસંગ્રહમાં તો વજ્રર્ષભનારાચ વિના ૩૫ પ્રકૃતિયોનોજ જ૦પ્ર૦સં૦ અપૂર્વ કરણના અન્ત્ય સમયમાં કહ્યો છે અને વજ્રર્ષભનારાચનો જ૦પ્ર૦સં૦ સ્વબંધવિચ્છેદ સમયે કહ્યો છે.

## મૂળ ગાથા ૧૧૦ મી.

**सम्मद्दिट्ठिअजोग्गा–ण सोलसन्हंपि असुभपगईणं**
**थीवेएण सरिसगं, नवरं पढमं तिपल्लेसु ॥ ११० ॥**

**ગાથાર્થ:**—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ:**—સમ્યગ્દ્દષ્ટિને અયોગ્ય એવી કુસંસ્થાન ૫-કુસંઘયણ ૫-કુખગ૦-દુર્ભગત્રિક-નપું૦-નીચ૦-એ ૧૬ અશુભ પ્રકૃતિયોનો જ૦પ્રદેશસંક્રમ સ્ત્રીવેદના જ૦પ્ર૦સંક્રમવત્ કહેવો. અર્થાત્ પ્રથમ સ્ત્રીવેદની જ૦પ્ર૦સંક્રમ ભાવના જે રીતે કહી છે તે અત્રે પણ કહેવી. પરન્તુ એ ૧૬ નો જ૦પ્ર૦સં૦સ્વામી પ્રથમ ત્રણપલ્યોપમાયુષ્યવાળા યુગલિક મનુષ્યમાં ઉત્પન્ન થયેલો, અને અન્તર્મુહૂર્ત આયુષ્ય શેષ રહે સમ્યક્ત્વ પામેલો જીવ કહેવો, અને શેષ વિધિ પૂર્વવત્ કહેવી.

## મૂળ ગાથા ૧૧૧ મી.

**नरतिरियाण तिपल्ल–स्संते ओरालियस्स पाउग्गा**
**तित्थयरस्स य बंधा–जहन्नओ आलिगं गंतु ॥१११॥**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

ટીકાર્થઃ—મનુષ્ય અને તિર્યંચોને ત્રણ પલ્યોપમને અન્તે ઔદારિક પ્રાયોગ્ય પ્રકૃતિયો જ૦પ્ર૦સંક્રમ યોગ્ય હોય છે. અહિં તાત્પર્ય આ પ્રમાણે છે કે—અન્ય સર્વ જીવોની અપેક્ષાએ ઔદારિક નામકર્મના પ્રદેશોની સર્વ જઘન્ય સત્તાવાળો જે જીવ તે ૩ પલ્યાયુષ્યવાળા તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થાય, ત્યાં ઔદારિકસપ્તકને વિપાકોદયથી અનુભવતો અને વિધ્યાતસંક્રમ વડે પરપ્રકૃતિમાં સંક્રમાવતો છતો સ્વઆયુષ્યના અન્ત્ય સમયે તે ઔદારિકસપ્તકનો જ૦પ્ર૦સંક્રમ કરે છે. ગાથામાં જે " ओरालियस्स पाउग्गा=ઔદારિક પ્રાયોગ્ય " કહ્યું છે તે ઔદારિકસપ્તકના અર્થમાં સમજવું.

તથા જીનનામના બંધક જીવે જે પ્રથમ સમયે બાંધેલું દલિક તેને બન્ધાવલિકા વ્યતીત થતાં જ્યારે યથાપ્રવૃત્ત સંક્રમ વડે પર પ્રકૃતિમાં સંક્રમાવે છે, ત્યારે જીનનામનો જ૦પ્ર૦સંક્રમ થાય છે. એ પ્રમાણે પ્રદેશ સંક્રમનો અધિકાર કહ્યો અને તે કહેવા સાથે સંક્રમકરણનો અધિકાર પણ સંપૂર્ણ કહ્યો. ( इति ज०प्र०संक्रम स्वामित्व प्ररु० )

इति संक्रमकरण.

॥ इति श्री मलयगिरिविरचितकर्मप्रकृतिटीकायां जैनाचार्य
श्रीमद् बुद्धिसागरसूरि प्रसादेन पं. चंदुलालकृतं
संक्रमकरणस्य गुर्जरभाषान्तरम् समाप्तम् ॥

# अथ उद्वर्त्तना अने अपवर्त्तनाकरण.



હવે ઉદ્દેશના અનુક્રમે ઉદ્વર્ત્તના અને અપવર્ત્તનાકરણ કહેવાનો અવસર પ્રાપ્ત થયો છે. એ બન્ને કરણો સ્થિતિ અને રસના [1]વિષયવાળાં છે. તેમાં પ્રથમ સ્થિતિની ઉદ્વર્ત્તના કહેવાય છે.

**उव्वट्टणा ठिइए, उदयावलियाइ बाहिरठिईणं**
**होइ अबाहा अइत्था-वणाओ जा वालिया हस्सा ॥ १ ॥**

ગાથાર્થઃ—સ્થિતિની જે ઉદ્વર્ત્તના તે ઉદયાવલિકા બહારની (ઉદયાવલિકા સિવાયની) સ્થિતિયોની જાણવી. એમાં અબાધાથી માંડીને યાવત્ જઘન્યપદે એક આવલિકા સુધી અતીત્થાપના હોય છે.

ટીકાર્થઃ—સ્થિતિની ઉદ્વર્ત્તના તે ઉદયાવલિકાથી બહારની (ઉદયાવલિકા સિવાયની) સ્થિતિયોની જાણવી, કારણ કે ઉદયાવલિકા સર્વ કરણને અસાધ્ય હોવાથી [2]ઉદયાવલિકાની ઉદ્વર્ત્ત-

---

૧ ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના તે સ્થિતિ અને રસની જ હોય છે, પરન્તુ પ્રદેશોની (કર્મના અણુઓની) વા પ્રકૃતિની હોતી નથી. માટે એ બે કરણો સ્થિતિ અને રસના વિષયવાળાં કહેલાં.

૨ પ્રથમ સમયે જે લતા ભોગવાય છે તેજ સમયે તે લતામાં પ્રદેશો-દયવતી વા વિપાકોદયવતી સ્વજાતીય પ્રકૃતિ [illegible] પ્રથમ સમયે [illegible]

**નાનો નિષેધ કર્યો છે. વળી બંધાતી પૂર્વબદ્ધ પ્રકૃતિની જે અબાધા છે તે અબાધા જેટલી અથવા તે અબાધાથી ન્યૂન પૂર્વબદ્ધ પ્રકૃતિની સ્થિતિ ઉદ્વર્ત્તનાને યોગ્ય નથી,** અર્થાત્ તે અબાધાતુલ્ય વા ન્યૂન પૂર્વબદ્ધ પ્રકૃતિની જે સ્થિતિ તે ઉપાડીને ત્યાંથી આગળ ( બધ્યમાન પ્રકૃતિની અબાધાથી આગળ ) ન[1] પ્રક્ષેપાય, કારણ કે તે સ્થિતિયો બધ્યમાનપ્રકૃતિની અબાધામાં

શરૂ થાય છે. માટે અહિં જે ઉદયાવલિકાનો નિષેધ કર્યો છે તે આવલિકા પૂર્વે બંધાયલી વા સંક્રમથી આવેલી એ બન્ને લતાની ઉદયાવલિકા જાણવી. અથવા પ્રદેશોદયાવલિકા અને વિપાકોદયાવલિકા એમ બન્ને પ્રકારની ઉદયાવલિકાનો નિષેધ જાણવો.

વળી જે **ઉદયાવલિકા તે પોતાનીજ ઉદ્વર્ત્તના ( ઉપલક્ષણથી અપવર્ત્તના-સંક્રમ-ઉદીરણાદિ સર્વ કરણને ) રોકે છે, પણ આખી લતાની ઉદ્વર્ત્તના રોકી શકતી નથી, અને બંધાવલિકા તથા સંક્રમાવલિકા તો આખી લતાની ઉદ્વર્ત્તનાને ( ઉપલક્ષણથી અપવર્ત્તનાદિ સર્વકરણને ) રોકી દે છે.** કારણ કે ઉદયાવલિકાપણું લતાના અમુક અલ્પવિભાગમાં પ્રાપ્ત હોય છે, અને બંધાવલિકાપણું તથા સંક્રમાવલિકાપણું તો આખી લતાના વિષયવાળું અર્થાત્ આખી લતામાં પ્રાપ્ત હોય છે.

વાસ્તવિક રીતે **સ્થિતિ** અને **સમય** એ બે શબ્દો ભિન્ન અર્થવાળા છે. કારણ કે સમયોનો સમુદાય અથવા સમયોના સમુદાયરૂપ આખી લતા તે એક સ્થિતિ કહેવાય પણ એક સમય ન કહેવાય, અને સમય તો સ્થિતિનો વા લતાનો અવયવ છે તો પણ કોઇ કોઇ ઠેકાણે લતાના અવયવમાં પણ " સ્થિતિ " શબ્દ વપરાય છે, માટે સુજ્ઞ વાંચકે તે તે સ્થાને સમય અને સ્થિતિ શબ્દનો અર્થવિભાગ સ્વબુદ્ધિએ વિચારવા યોગ્ય છે.

૧ ઉદાહરણ તરીકે—બધ્યમાન ૧૦૦૦ સમયાત્મક મનુષ્યગતિ લતામાં ૧ થી ૧૦૦ સુધીના પ્રથમ સમયો અબાધારૂપ દલિકરહિત છે, અને બાંધેલી મનુષ્યગતિ લતા ( અહિં નિર્વ્યાઘાતોદ્વર્ત્તના કહેવા યોગ્ય હોવાથી ) અભિનવબંધ સમયે ૧૦૦૦ સમયાત્મક છે, અને તે સર્વ

પ્રવેશેલી હોવાથી ( અંતર્ગત હોવાથી ) તે સ્થિતિઓનો અબાધાથી આગળ પ્રક્ષેપ થતો નથી, અને જે ( પૂર્વબદ્ધ પ્રકૃતિની ) સ્થિતિ ( બધ્યમાન પ્રકૃતિની ) અબાધાથી આગળની છે તેની

---

સમયો દલિક સહિત છે. કારણ કે **અબાધામાં દલિક વિદ્યમાન હોતું નથી પરન્તુ અબાધાથી ઉપરની સ્થિતિઓમાંજ દલિકનો સદ્ભાવ હોય છે.** ( જુઓ સંક્રમકરણ ગા૦ ૩૫ મીની ટીકા ). માટે પૂર્વબદ્ધલતાના સદલિક પ્રથમના ૧૦૦ સમયોનું જે કર્મદલિક તે બધ્યમાન મનુષ્યલતાના નિર્દલિક પ્રથમના ૧૦૦ સમયોની અબાધા જેટલું હોવાથી ( બધ્યમાન પ્રકૃતિલતાની અબાધામાં ) अबाधान्तर्गत ગણ્યું. એ અબાધાન્તર્ગત ૧૦૦ સમયોનું દલિક ઉપડીને બધ્યમાનલતાના ૧૦૧-૧૦૨-૧૦૩-ઇત્યાદિ ૧૦૦૦ સુધીના કોઇ પણ સમયના દલિકમાં ન પડે પરન્તુ એ ૧૦૦ માંથીજ નીચેનું ૧૦-૧૧ ઇત્યાદિ સમયનું દલિક વચમાં અતીત્થાપના ઉલંઘીને આગળ ૨૦-૨૧ ઇત્યાદિ ૧૦૦ મા સમય સુધીમાં પડે. આ પ્રમાણે જ્યારે અબાધાતુલ્ય સ્થિતિ ન ઉદ્વર્તાય તો અબાધાથી ન્યૂન સ્થિતિની ઉદ્વર્તના તો સહજ કેમ ? અહિં અબાધાની ઉદ્વર્તનાથી તે સ્થિતિ વાસ્તવિક રીતે વૃદ્ધિ પામ્યાની ગણત્રીમાં નહિં આવી શકવાથી ઉદ્વર્તનાના દૃષ્ટાંતમાંથી વર્જ્ય કરી છે. અને અબાધાથી ઉપરના ૧૦૧-મા સમયનું દલિક વચ્ચે ૯ સમયાત્મક અતીત્થાપના ઉલ્લંઘીને ૧૧૧ મા સમયથી ૧૦૦૦ મા સમય સુધીની ઉપરની ૮૯૦ સ્થિતિઓમાં પડે. ૧૦૨ મા સમયનું દલિક ૧૧૨ થી ૧૦૦૦ મા સમય સુધીની ૮૮૯ સ્થિતિઓમાં પડે. એ પ્રમાણે સર્વોપરિતન [illegible] ભાગરૂપ એક આવલિકારૂપ [illegible] ૧૨ સ્થિતિઓ. [illegible] ૯૮૮ મા સમયનું દલિક ઉપરના [illegible] ૯ સમયાત્મક અતી[illegible]નું ઉલ્લંઘન કરી આવલિકાના [illegible] ૯૯૮-૯૯૯-૧૦૦૦ એ ૩ સમયોમાં પડે. તાત્પર્ય એટલે ૯૮૯ થી ૧૦૦૦ સમય સુધીની ૧૨ સ્થિતિઓ સર્વથા અનુદ્વર્તનીય છે.

**પ્રશ્ન**—અબાધાથી ઉપરની સ્થિતિઓ [illegible] ઉદ્વર્તીને [illegible] સ્થિતિઓમાં ઉદ્વર્તે કે [illegible] ઉદ્વર્તના એ [illegible] છે કે [illegible].

**નાનો નિષેધ કર્યો છે. વળી બંધાતી પૂર્વબદ્ધ પ્રકૃતિની જે અબાધા છે તે અબાધા જેટલી અથવા તે અબાધાથી ન્યૂન પૂર્વબદ્ધ પ્રકૃતિની સ્થિતિ ઉદ્વર્ત્તનાને યોગ્ય નથી,** અર્થાત્ તે અબાધાતુલ્ય વા ન્યૂન પૂર્વબદ્ધ પ્રકૃતિની જે સ્થિતિ તે ઉપાડીને ત્યાંથી આગળ ( બધ્યમાન પ્રકૃતિની અબાધાથી આગળ ) ન[1] પ્રક્ષેપાય, કારણ કે તે સ્થિતિયો બધ્યમાનપ્રકૃતિની અબાધામાં

---

શરૂ થાય છે. માટે અહિં જે ઉદયાવલિકાનો નિષેધ કર્યો છે તે આવલિકા પૂર્વે બંધાયલી વા સંક્રમથી આવેલી એ બન્ને લતાની ઉદયાવલિકા જાણવી. અથવા પ્રદેશોદયાવલિકા અને વિપાકોદયાવલિકા એમ બન્ને પ્રકારની ઉદયાવલિકાનો નિષેધ જાણવો.

વળી જે **ઉદયાવલિકા તે પોતાનીજ ઉદ્વર્ત્તના ( ઉપલક્ષણથી અપવર્ત્તના-સંક્રમ-ઉદીરણાદિ સર્વ કરણને ) રોકે છે, પણ આખી લતાની ઉદ્વર્ત્તના રોકી શકતી નથી, અને બંધાવલિકા તથા સંક્રમાવલિકા તો આખી લતાની ઉદ્વર્ત્તનાને ( ઉપલક્ષણથી અપવર્ત્તનાદિ સર્વકરણને ) રોકી દે છે.** કારણ કે ઉદયાવલિકાપણું લતાના અમુક અલ્પવિભાગમાં પ્રાપ્ત હોય છે, અને બંધાવલિકાપણું તથા સંક્રમાવલિકાપણું તો આખી લતાના વિષયવાળું અર્થાત્ આખી લતામાં પ્રાપ્ત હોય છે.

વાસ્તવિક રીતે **સ્થિતિ** અને **સમય** એ બે શબ્દો ભિન્ન અર્થવાળા છે. કારણ કે સમયોનો સમુદાય અથવા સમયોના સમુદાયરૂપ આખી લતા તે એક સ્થિતિ કહેવાય પણ એક સમય ન કહેવાય, અને સમય તો સ્થિતિનો વા લતાનો અવયવ છે તો પણ કોઇ કોઇ ઠેકાણે લતાના અવયવમાં પણ " સ્થિતિ " શબ્દ વપરાય છે, માટે સુજ્ઞ વાંચકે તે તે સ્થાને સમય અને સ્થિતિ શબ્દનો અર્થવિભાગ સ્વબુદ્ધિએ વિચારવા યોગ્ય છે.

૧ ઉદાહરણ તરીકે—બધ્યમાન ૧૦૦૦ સમયાત્મક મનુષ્યગતિ લતામાં ૧ થી ૧૦૦ સુધીના પ્રથમ સમયો અબાધારૂપ દલિકરહિત છે, અને બાંધેલી મનુષ્યગતિ લતા ( અહિં નિર્વ્યાઘાતોદ્વર્ત્તના કહેવા યોગ્ય હોવાથી ) અભિનવબંધ સમયે ૧૦૦૦ સમયાત્મક છે, અને તે સર્વ

સ્થિતિયોમાં પ્રક્ષેપ થવા રૂપ ) ઉદ્વર્ત્તનાને આશ્રયિ અતિક્રમણીય છે અર્થાત્ વર્જનીય છે. હવે કઇ કઇ સ્થિતિયો ઉદ્વર્ત્તના વિષયમાં વર્જનીય કરવાની છે તેનું પ્રમાણ કહે છે :—પ્રથમ તો જે અબાધા તે અતીત્થાપના એટલે વર્જનીય સ્થિતિ છે, અને તેમ હોવાથી (=ઉદ્વ૦વિષયમાં આબાધા વર્જનીય હોવાથી ) અબાધાન્તર્ગત કર્મદલિક ઉદ્વર્ત્તના યોગ્ય હોતું નથી, પરન્તુ **અબાધાથી આગળનુંજ કર્મદલિક ઉદ્વર્ત્તનાયોગ્ય હોય છે,** માટે જે ઉત્કૃષ્ટ અબાધા તેજ उत्कृष्ठ अतीत्थापना જાણવી, અને તે એકાદિ સમયહીન અબાધાવડે હીન હીનતર અતીત્થાપના ત્યાંસુધી કહેવી કે જયાંસુધી અન્તર્મુહૂર્ત્તપ્રમાણની જઘન્ય અબાધા એજ जघन्य अतीत्यापना આવે. વળી તેથી પણ જઘન્યતર ( અતિ જઘન્ય ) અતીત્થાપના યાવત્ એક આવલિકા એટલે ઉદયાવલિકા કહેવી, કારણકે " ઉદયાવલિકાન્તર્ગત સ્થિતિયો ઉદ્વર્ત્તનાને અયોગ્ય છે " એમ પ્રથમજ કહેલું છે.

પ્રશ્ન.—" आबंधा उक्कड्डइ " એ (પ્રકૃત વિષયની ૧૦ મી ગાથાના ) વચનથી બંધ હોતે છતેજ ઉદ્વર્ત્તના પ્રવર્ત્તશે તે વખતે ઉદયાવલિકાની સ્થિતિયો અબાધાન્તર્ગત હોવાથીજ ( ઉદયા૦ ની સ્થિતિયો ) ઉદ્વર્તાશે નહિં, તો પછી તે ( ઉદયાવલિકાન્તર્ગત ) સ્થિતિયોનું ( અનુદ્વર્ત્તનીયપણું ) ભિન્ન ગ્રહણ કરવાથી ( =અબાધાથી જૂદું કહેવામાં ) શું પ્રયોજન ?

૧ પ્રશ્નનો ભાવાર્થ એવો છે કે જ્યાં અન્તર્મુહૂર્ત્ત જઘન્ય અબાધારૂપ અતીત્થાપના કહી ત્યાં ઉદયાવલિકા તો ( અન્તર્મુહૂર્ત્તથી ઘણી નાની હોવાથી ) અંતર્મુહૂર્ત્તમાં અંતર્ગતપણે કહેવાઇ ગયેલીજ હોય છે તો પછી અન્તર્મુહૂર્ત્તની જઘન્ય અતીત્થાપના કહીને પુનઃ ઉદયાવલિકાની તે જઘન્યતર અતિત્થાપના કહેવાનું શું કારણ ? પુનઃ એમ પણ બની શકતું નથી કે અબાધારૂપ અતીત્થાપના બિલકુલ વિદ્યમાનજ ન હોય ને તે વખતે માત્ર ઉદયાવલિકાજ વિદ્યમાન હોય ! જો એમ હોય તો ઉદયાવલિકારૂપ અતીત્થાપના અન્તર્મુ૦ રૂપ અતીત્થાપનાથી જુદી કરી શકાય.

**( ત્યાંથી માંડીને ) [1]અન્ત્ય સમય પર્યન્ત ઉદ્વર્તના થાય છે. તેથી ઉક્ત પ્રકારે અબાધાની અંદર પ્રવેશેલી બધ્યમાન પ્રકૃત્યબાધાન્તર્ગત પૂર્વબદ્ધની ) સર્વે સ્થિતિયો ઉર્ધ્વ (=અબાધાથી આગળની**

ઉત્તરઃ—હે સુજ્ઞ ! જે પ્રકૃતિનો સંક્રમ સ્વમાં ( એટલે પોતામાંજ હોય પણ પરમાં ( પરપ્રકૃતિમાં ) ન હોય તે **સ્વસ્થાનસંક્રમ** કહેવાય, પરન્તુ વિવક્ષિત લતાનો સંક્રમ તેજ લતામાં હોય તેવો સ્વસ્થાનસંક્રમ બની શકતો નથી. માટે વિવક્ષિત પ્રકૃતિની વિવક્ષિતલતા વિવક્ષિત પ્રકૃતિની પરલતામાં સંક્રમતાં તે પ્રકૃતિમાં તેજ પ્રકૃતિનો સંક્રમ ગણી શકાતો હોવાથી **સ્વસ્થાનસંક્રમ** કહી શકાય. અપવર્તનારૂપ સ્વસ્થાન સંક્રમ પણ એ પ્રમાણેજ જાણવો.

**પ્રશ્નઃ**—જો એ પ્રમાણે ઉદ્વર્તના ( અપવર્તના ) રૂપ સ્વસ્થાનસંક્રમ પરલતામાંજ થાય છે તો બધ્યમાન લતાની દલિક રહિત અબાધામાં પૂર્વબદ્ધ લતાની અબાધાન્તર્ગત સદલિક સ્થિતિયોનો સંક્રમ કેવી રીતે સંભવે ? કારણ કે દલિકરહિતમાં દલિકનો સંક્રમ થવો અયોગ્ય છે.

**ઉત્તરઃ**—હે સુજ્ઞ ! પરમાર્થથી વિચાર કરીયે તો પરમાણુઓ સ્વસ્થાનથી ઉડીને બીજા સ્થાનમાં ( ગતિ કરીને ) જાય ( પડે ) એમ બનતું નથી, પરન્તુ જે પરમાણુઓ જ્યાં અવગાહ્યા છે ( રહ્યા છે ) ત્યાં રહ્યા છતાંજ તથાવિધ અધ્યવસાયથી ( અથવા તથાવિધ અધ્યવસાય વડે બધ્યમાન અન્ય લતાના સંસર્ગથી ) અધિક સ્થિતિ રસવાળા થઇ જાય છે. એ પ્રમાણે બધ્યમાનલતાની અબાધા દલિક રહિત છે તો પણ પૂર્વબદ્ધલતાના સંયોગે બધ્યમાનલતાની અબાધા પુરાઇ ગયેલી ગણાય, અને એ પ્રમાણે અબાધાનું ઉદ્વર્તના વિધિએ જે પૂરાવું તે અબાધામાં ( દલિક રહિતમાં ) પ્રક્ષેપ થયો એમ કહેવાય.

૧ અહિં " અન્ત્ય સમય પર્યન્ત ઉદ્વર્તના થાય છે " એ વાક્યનો ભાવાર્થ એવો છે કે—ઉદ્વર્ત્યમાન સમયના પરમાણુઓ આગળ સ્વકીય પરલતામાં ( ૧ આવ૦ અથવા આવ૦ના અસંખ્યાતમાભાગ પ્રમાણ ) અતીત્થાપના ઉલંઘીને આગળના સર્વ સમયોમાં ( આખી લતામાં ) પડે છે, પરન્તુ ઉદ્વર્ત્યમાન સમય સર્વ સમયોમાં એટલે આગળના અનંતર સમયથી પ્રારંભીને સર્વ સમયોમાં સંક્રમે એમ નહિ.

સ્થિતિયોમાં પ્રક્ષેપ થવા રૂપ ) ઉદ્વર્ત્તનાને આશ્રયિ અતિક્રમણીય છે અર્થાત્ વર્જનીય છે. હવે કઈ કઈ સ્થિતિયો ઉદ્વર્ત્તના વિષયમાં વર્જનીય કરવાની છે તેનું પ્રમાણ કહે છે :—પ્રથમ તો જે અબાધા તે અતીત્થાપના એટલે વર્જનીય સ્થિતિ છે, અને તેમ હોવાથી (=ઉદ્વ૦વિષયમાં આબાધા વર્જનીય હોવાથી ) અબાધાન્તર્ગત કર્મદલિક ઉદ્વર્ત્તના યોગ્ય હોતું નથી, પરન્તુ **અબાધાથી આગળનુંજ કર્મદલિક ઉદ્વર્ત્તનાયોગ્ય હોય છે**, માટે જે ઉત્કૃષ્ટ અબાધા તેજ उत्कृष्ठ अतीत्यापना જાણવી, અને તે એકાદિ સમયહીન અબાધાવડે હીન હીનતર અતીત્થાપના ત્યાંસુધી કહેવી કે જયાંસુધી અન્તર્મુહૂર્ત્તપ્રમાણની જઘન્ય અબાધા એજ जघन्य अतीत्यापना આવે. વળી તેથી પણ જઘન્યતર ( અતિ જઘન્ય ) અતીત્થાપના યાવત્ એક આવલિકા એટલે ઉદયાવલિકા કહેવી, કારણકે " ઉદયાવલિકાન્તર્ગત સ્થિતિયો ઉદ્વર્ત્તનાને અયોગ્ય છે " એમ પ્રથમજ કહેલું છે.

પ્રશ્ન.—" आबंधा उक्कट्टइ " એ (પ્રકૃત વિષયની ૧૦ મી ગાથાના ) વચનથી બંધ હોતે છતેજ ઉદ્વર્ત્તના પ્રવર્ત્તશે તે વખતે ઉદયાવલિકાની સ્થિતિયો અબાધાન્તર્ગત હોવાથીજ ( ઉદયા૦ ની સ્થિતિયો ) ઉદ્વર્તાશે નહિં, તો પછી તે ( ઉદયાવલિકાન્તર્ગત ) સ્થિતિયોનું ( અનુદ્વર્ત્તનીયપણું ) ભિન્ન ગ્રહણ કરવાથી ( =અબાધાથી જૂદું કહેવામાં ) શું પ્રયોજન ?

---

૧ પ્રશ્નનો ભાવાર્થ એવો છે કે જ્યાં અન્તર્મુહૂર્ત જઘન્ય અબાધારૂપ અતીત્થાપના કહી ત્યાં ઉદયાવલિકા તો ( અન્તર્મુહૂર્તથી ઘણી નાની હોવાથી ) અંતર્મુહૂર્તમાં અંતર્ગતપણે કહેવાઇ ગયેલીજ હોય છે તો પછી અન્તર્મુહૂર્તની જઘન્ય અતીત્થાપના કહીને પુનઃ ઉદયાવલિકાની તે જ ઘન્યતર અતિત્થાપના કહેવાનું શું કારણ ? પુનઃ એમ પણ બની શકતું નથી કે અબાધારૂપ અતીત્થાપના બિલકુલ વિદ્યમાનજ ન હોય ને તે વખતે માત્ર ઉદયાવલિકાજ વિદ્યમાન હોય ! જો એમ હોય તો ઉદયાવલિકારૂપ અતીત્થાપના અન્તર્મુ૦ રૂપ અતીત્થાપનાથી જુદી કહી શકાય.

**ઉત્તર.**—હે સુજ્ઞ એ પ્રમાણે ન કહો. કારણકે અબાધાન્તર્ગત સ્થિતિઓને ઉપાડીને અબાધાથી આગળ નિક્ષેપ કરવાનો નિષેધ અમોએ કર્યો છે, પરન્તુ તે ( અબાધાન્તર્ગત ) સ્થિતિયોનો અબાધાની મધ્યે આગળ કહેવાતા અનુક્રમ પ્રમાણે ઉદ્વર્ત્તના નિક્ષેપ પ્રવર્ત્તે એમાં કોઇપણ જાતનો વિરોધ નથી. અને એજ કારણથી ઉદયાવલિકાન્તગર્ત સ્થિતિયોની ઉદ્વર્ત્તના પણ ( અબાધાન્તર્ગત સ્થિતિઓની ઉદ્વર્ત્તનાથી જૂદી કહેવી ) અપ્રસક્ત=ન પ્રવર્ત્તે એમ કહેવું યોગ્ય છે. અને આ નિરાકરણ=ઉત્તર વડે અપ્રસકતવાદનો ( ઉદયાવલિકાનું અનુદ્વર્ત્તનીયપણું અબાધાના અનુદ્વર્ત્યપણાથી જૂદું કહેવું યોગ્ય નથી એવી શંકાનો ) નિષેધ કર્યો.[1]

હવે निक्षेपविधिनुं निरुपण કહેવાય છે.

## आवलिय असंखभागाइ, जाव कम्मठिइ त्ति निरकेवो
## समउत्तरालिआए, सावाहाए भवे ऊणे ॥ २ ॥

१ ઉત્તરનો ભાવાર્થ એવો છે કે—અબાધા સંબંધિ અન્તમુહૂર્તની જઘન્યાતીત્થાપનામાં અને ઉદયાવલિકા રૂપ અતીત્થાપનામાં ઘણો તફાવત છે. કારણકે અબાધાનીત્થાની સર્વથા ઉદ્વર્ત્તના નથી થતી એમ નહિં કારણકે અબાધાન્તર્ગત સ્થિતિયોનો અબાધાથી ઉપર પ્રક્ષેપ વા નિક્ષેપ થતો નથી પણ અબાધામાં ને અબાધામાં તો પ્રક્ષેપ નિક્ષેપ થઇ શકે છે, અને ઉદયાવલિકાના દલિકનો કયાંય પણ પ્રક્ષેપજ થતો નથી. એ પ્રમાણે અબાધાન્તર્ગત સ્થિતિયો અબાધાથી ઉપર નહિં પ્રક્ષેપાવાની અપેક્ષાએ અતીત્થાપનાપણે વિવક્ષી છે અને ઉદયાવલિકાની સ્થિતિયોતો ( સર્વથા ) કયાંય પણ નહિં પ્રક્ષેપાવાની અપેક્ષાએ અતીત્થાપનાપણે વિવક્ષી છે. માટે બન્ને અતીત્થાપનામાં મોટો તફાવત હોવાથી ઉદયાવલિકા અબાધામાં અંતર્ગત છે તો પણ બન્નેની અતીત્થાપના જૂદી ગણી છે.

**ગાથાર્થ.**—આવલિકાના અસંખ્યાતમા ભાગથી માંડીને યાવત્ કર્મની અન્ત્યસ્થિતિ એ નિક્ષેપવિષય છે, તે અબાધાસહિત સમયાધિકાવલિકા ન્યૂન થાય છે-

**ટીકાર્થ** :—અહિં જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારનો નિક્ષેપ છે. ત્યાં આવલિકાના અસંખ્યાતમાભાગ માત્ર સ્થિતિયોમાં જે કર્માણુઓનો નિક્ષેપ તે જઘન્ય નિક્ષેપ આ પ્રમાણે છે—સર્વોત્કૃષ્ટ (સર્વોપરિતન) સ્થિતિથી (અર્વાક્) નીચે સંપૂર્ણ આવલિકા અને આવલિકાનો અસંખ્યાતમો ભાગ ઉતરતાં જે નીચેની સ્થિતિ આવે તે સ્થિતિનું દલિક અતીત્થાપના રૂપ એક આવલિકા (ઉપરની વા આગળની આવલિકા) ઉલ્લંઘીને ઉપરની આવલિકાના અસંખ્યાતમાભાગની સ્થિતિમાં પ્રક્ષેપાય (પડે), પરન્તુ આવલિકામાં (અતીત્થાપના સંબંધિ આવલિકામાં) ન પડે. કારણકે નીચેની સ્થિતિયો (આગળની અનંતર) આવલિકા વર્જીનેજ ઉપરની સ્થિતિયોમાં સંક્રમે એવો સ્વાભાવિક નિયમ છે, તેથી એટલા પ્રમાણનો (=આવલિકાના અસંખ્યતમભાગ પ્રમાણનો) આ જઘન્ય નિક્ષેપવિષય છે.

એ પ્રમાણે હોવાથી આવલિકાના અસંખ્યાતમાભાગ અધિક એક આવલિકા પ્રમાણ સ્થિતિયોની ઉદ્વર્તના થતી નથી એમ સિદ્ધ થયું અને તેમ થવાથી ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ પ્રસંગે બન્ધાવલિકા—અબાધા અને અસંખ્યાતમાભાગ અધિક ૧ આવલિકા સિવાયની શેષ સ્થિતિયોજ ઉદ્વર્તના યોગ્ય જાણવી, તે આ પ્રમાણે :—

બન્ધાવલિકાન્તર્ગત કર્મદલિક સર્વ કરણને અસાધ્ય હોવાથી બન્ધાવલિકાન્તર્ગત સ્થિતિયો ઉદ્વર્તનાને યોગ્ય નથી, તથા અબાધાન્તર્ગત સ્થિતિયો પણ ઉદ્વર્તનાને યોગ્ય નથી, કારણ કે પ્રથમજ તે સ્થિતિયોને અતીત્થાપના પણે પ્રતિપાદન કરી છે, અને પૂર્વોક્ત નિક્ષેપવિધિની યુક્તિને અનુસારે અસંખ્યતમા ભાગ અધિક આવલિકા પ્રમાણ ઉપરની સ્થિતિયો પણ ઉદ્વર્તનાને યોગ્ય નથી.

હવે જેમાં દલિકનો નિક્ષેપ થાય છે તે પતદ્ગ્રહ સ્થિતિઓનું સ્વરૂપ કહેવાય છે.

ઉપરની અસંખ્યાતમા ભાગ અધિક એક આવલિકા પ્રમાણ સ્થિતિયોથી નીચે ઉતરતાં જ્યારે નીચેની બીજી સ્થિતિની ઉદ્વર્તના થાય ( પ્રથમ સ્થિતિની ઉદ્વર્તના કહેવાય છે ) ત્યારે સમયાધિક આવલિકાનો અસંખ્યાતમો ભાગ જઘ૦ નિક્ષેપ વિષય પતદ્ગ્રહ સ્થિતિયો છે. ( અર્થાત્ સમયાધિક આવલિકાના અસંખ્યાત ભાગ પ્રમાણ પતદ્ગ્રહ સ્થિતિયોમાં નીચેની દ્વિતીય સ્થિતિનું દલિક પડે), અને જ્યારે નીચેની ત્રીજી સ્થિતિની ઉદ્વર્તના થાય ત્યારે દ્વિસમયાધિક આવલિકાના અસંખ્યાતમા ભાગ પતદ્ગ્રહ પ્રમાણ સ્થિતિયોમાં કર્મ દલિક પડે છે, એ પ્રમાણે એકેક સમયની વૃદ્ધિએ દલિકની પતદ્ગ્રહ સ્થિતિયો ત્યાં સુધી વધે કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ દલિક નિક્ષેપ થાય. તે ઉત્કૃષ્ટ દલિક નિક્ષેપ કેટલો થાય તે કહે છે.

૧ બધ્યમાન સત્તાની બંધાવલિકા ( અને ઉપલક્ષણથી સંક્રાન્ત પ્રકૃતિની સંક્રમાવલિકા ) સુધી પણ તે સત્તાગત સર્વ સ્થિતિયોમાંની કોઇ પણ સ્થિતિની ઉદ્વર્તના ન થાય.

સમય ઇત્યાદિ=સમયાધિક આવલિકા અને અબાધાહીન સર્વ કર્મસ્થિતિ પ્રમાણ ઉ૦ દલિક નિક્ષેપ છે. તે આપ્રમાણેઃ-અબાધાથી ઉપરની સ્થિતિયોની ઉદ્વર્ત્તના થાય છે, તેમાં પણ અબાધાથી ઉપરની સ્થિતિની ઉદ્વર્ત્તના થયે છતે અબાધાથી ઉપરજ દલિક નિક્ષેપ થાય છે, પરન્તુ અબાધા મધ્યે દલિક નિક્ષેપ થતો નથી, કારણ કે ઉદ્વર્ત્યમાન દલિકનો નિક્ષેપ ઉદ્વર્ત્યમાન સ્થિતિ ઉપરજ થાય છે. તેમાં પણ ઉદ્વર્ત્યમાન સ્થિતિથી ઉપરની આવલિકા પ્રમાણ સ્થિતિયોને અતિક્રમીને ઉપરની સર્વ સ્થિતિઓમાં દલિક નિક્ષેપ થાય છે, તેથી અતીત્થાપનાની એક આવલિકા ઉદ્વર્ત્યમાન સમય માત્ર સ્થિતિ, અને અબાધા એ ત્રણને વર્જીને શેષ સર્વ કર્મસ્થિતિ તે ઉ૦ દલિક નિક્ષેપનો વિષય છે. (અર્થાત્ શેષ સર્વ સ્થિતિયો તે પતદ્ગ્રહ સ્થિતિયો છે.) પંચ સંગ્રહની મૂળ ટીકામાં કહ્યું છે કે—

" સમયાધિક આવલિકાએ સહિત અબાધા હીન જેટલી ઉ૦ કર્મ સ્થિતિ છે તેટલો દલિક નિક્ષેપ વિષય છે, કારણ કે અબાધાથી ઉપરની સ્થિતિયોની ઉદ્વર્ત્તના થાય છે તે પણ અતીત્થાપનાને ઉલ્લંઘીને થાય છે, તેમજ ઉદ્વર્ત્યમાન સ્થિતિમાં પણ દલિક નિક્ષેપ થાય નહિ, તે કારણથી સમયાધિક આવલિકામાં અને અબાધા સિવાયની શેષ સર્વ સ્થિતિઓમાં દલિક નિક્ષેપ થાય છે એમ કહ્યું છે "

એ પ્રમાણે અબાધાથી ઉપરના અનંતર સમયની ઉદ્વર્તનાને અધિકરીને ઉ૦ દલિક નિક્ષેપ વિષય પ્રાપ્ત થાય છે. અને સર્વોપરિતન સમયની ઉદ્વર્તનાને અધિકરીને જ૦ દલિક નિક્ષેપ વિષય પ્રાપ્ત થાય છે કહ્યું છે કેઃ—

आबाहोवरिठाणग—दलंपडुच्चेह परमनिक्खेवो
चरिमुव्वट्टणठाणे, पडुच्च इह जायइ जहन्नो

(ગાથા ૮) ( પંચ સંગ્રહે

૧ અબાધાથી ઉપરવર્તિસ્થાનના દલિકને [illegible]

આ દલિકનિક્ષેપ નિર્વ્યાઘાત પણાનો કહ્યો છે, પરન્તુ વ્યાઘાત પણાએ જે દલિક નિક્ષેપ વિધિ છે તે કહેવાય છે.

**निव्वाघाएणेवं वाघाए संतकम्महिग बंधे**
**आवलिअसंखभागाइ होइ अइत्थावणा नवरं ॥३॥**

**ગાથાર્થ**:—એ પ્રકારનો દલિક નિક્ષેપ વિધિ તે નિર્વ્યાઘાત ભાવે જાણવો અને સત્તા સ્થિતિથી અધિક સ્થિતિબંધ રૂપ વ્યાઘાત ભાવે તો અતીત્થાપના આવલિકાના અસંખ્યાતમા ભાગથી પ્રારંભીને અધિક અધિક ( પૂર્ણાવલિકા પર્યન્ત ) હોય છે.

**ટીકાર્થ**:—એ રીતે પૂર્વોકત પ્રકારે કહેલો દલિકનિક્ષેપ વિષય તે निर्व्याघात ભાવે એટલે વ્યાઘાતના અભાવે જાણવો, પુનઃ પૂર્વની સ્થિતિસત્તાની અપેક્ષાએ અધિક નવીન કર્મબંધ રૂપ વ્યાઘાત ભાવે તો અતીત્થાપના આવલિકાના અસંખ્યાતમા ભાગથી પ્રારંભીને અધિકાધિક હોય છે. અને નિક્ષેપ પણ આવલિકાના અસંખ્યતમા ભાગાદિનો હોય છે અહિં તાત્પર્ય એ છે કેઃ—પૂર્વની સત્તાગત સ્થિતિની અપેક્ષાએ એકાદિ સમયાધિક જે નવીન કર્મબંધ થાય છે તે व्याघात કહેવાય છે, ને તે વ્યાઘાત પ્રવર્તતાં અતીત્થાપના આવલિકાઽસંખ્યેય ભાગાદિકની હોય છે તે આ પ્રમાણેઃ—પૂર્વની સ્થિતિસત્તાથી એક સમય માત્ર અધિક નવીન કર્મબંધ થયે છતે પૂર્વની સ્થિતિસત્તામાંથી અન્ત્ય વા ઉપાન્ત્ય સ્થિતિની ઉદ્વર્ત્તના થતી નથી એ પ્રમાણે દ્વિસમયાધિક, ત્રિસમયાધિક યાવત્ આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક નવીન કર્મબંધ થયે છતે પણ પૂર્વ સત્તામાંથી અન્ત્ય વા ઉપાન્ત્ય

ઉ૦ निक्षेप विषय છે, અને છેલ્લા ઉદ્વર્ત્તનસ્થાનના દલિકની અપેક્ષાએ અહિં जघ० निक्षेप विषय છે, અર્થાત્ જઘન્ય પતદ્ગ્રહ છે ઇતિ ગાથાર્થઃ

સ્થિતિની ઉદ્વર્તના ન થાય, પરન્તુ જ્યારે આવલિકાના બે અસં-
ખ્યાતમા ભાગ અધિક જેટલો નવીન કર્મબંધ થાય ત્યારે પૂર્વ
સત્તામાંથી અન્ત્ય સ્થિતિની ઉદ્વર્તના થાય છે, અને તે અન્તિમ
સમયને ઉદ્વર્ત્તાનિ આવલિકાના પ્રથમ અસંખ્યાતમા ભાગને
અતિક્રમીને દ્વિતીય અસંખ્યાતમા ભાગમાં પ્રક્ષેપાય છે. આ
અતીત્યાપના અને નિક્ષેપ બન્ને જઘન્ય પદભાવી જાણવા. પુનઃ
જ્યારે એક સમયાધિક દ્વિભાગ પ્રમાણ અધિક અભિનવ કર્મબંધ
થાય ત્યારે એક સમયાધિક પ્રથમ ભાગને અતિક્રમીને દ્વિતીય ભાગ
માં અન્ત્ય સ્થિતિની ઉદ્વર્તના થાય છે. એ પ્રમાણે જેમ જેમ અભિ
નવ કર્મબન્ધ એકાદિ સમય અધિકાધિક થતો જાય છે તેમ તેમ
અતીત્થાપના પણ એકાદિ સમય અધિકાધિક થતી જાય છે. એ
પ્રમાણે અતીત્થાપના પણ ત્યાંસુધી વધે છે છે કે જ્યાંસુધી આવલિકા
પૂર્ણ થઇ રહે અને નિક્ષેપ તો પ્રથમના જેટલોજ પ્રવર્તે છે. (અર્થાત
પતદ્ગ્રહસ્થિતિયો તો આવલિકાના ⅓ મા ભાગ પ્રમાણનીજ કાયમ
રહે છે ).

ત્યાંથી આગળ પુનઃઅભિનવ કર્મબન્ધમાં સમયાદિ વૃદ્ધિ
થતાં માત્ર નિક્ષેપ વિષય (પતદ્ગ્રહસ્થિતિયો) વધે છે, પરંન્તુ અતી
ત્થાપના વધતી નથી અને જ્યાં સુધી અભિનવ કર્મબન્ધ પૂર્વ સત્તા
થી દ્વિભાગાધિક થતો નથી ત્યાં સુધી પુર્વ સત્તાની અન્ત્યસ્થિતિથી
નીચેના એક ભાગને અતિક્રમીને હેઠ્ઠી સ્થિતિનીજ ઉદ્વર્ત્તના થાય
છે; તેમાં પણ જ્યારે એક ભાગને અતિક્રમીને અનંતર હેઠ્ઠી
સ્થિતિ ઉદ્વર્ત્તાય છે. ત્યારે આવલિકાને અતિક્રમીને ઉપરના અસંખ્યા
તમાં ભાગમાં દલિક નિક્ષેપ થાય છે, અને જ્યારે દ્વિતીય અધસ્તની
સ્થિતિ ઉદ્વર્ત્તાય છે ત્યારે ( આવલીકાને અતિક્રમીને ) સમયાધિક
અસંખ્યાતમા ભાગમાં દલિક નિક્ષેપ થાય છે. એ પ્રકારે અધોધઃ
ઉપરની પ્રથમ સ્થિતિ સુધી જાણવું.

**હવે અલ્પબહુત્વ કહેવાય છે.**

અહિં જ૦ અતીત્થાપના આવાત અને અલ્પ.પાતનો પણ સંજ્ઞ

જઘન્ય અતીત્થાપના અને જઘન્યનિક્ષેપ એ બન્ને પણ સર્વથી અલ્પ અને પરસ્પર તુલ્ય છે. કારણકે એ બન્ને આવલિકાના અસંખ્યતમાભાગ પ્રમાણજ છે. એ બેથી ઉત્કૃષ્ટાતીત્થાપના અસંખ્યગુણી છે, કારણકે ઉત્કૃષ્ટ અબાધા તે આવલિકાઽસંખ્યાતમા ભાગથી અસંખ્યગુણી છે, તેથી પણ ઉ૦ નિક્ષેપ અસંખ્ય ગુણ છે. કારણકે તે સમયાધિક આવલિકા અને અબાધાહીન સર્વ કર્મસ્થિતિ પ્રમાણ છે. ને તેથી પણ સર્વ કર્મસ્થિતિ વિશેષાધિક છે. કારણ કે તે ૭૦ કો૦ કો૦ સાગરોપમ પ્રમાણ છે. ॥ इति स्थितिउद्वर्त्तन ॥.

એ પ્રમાણે સ્થિતિની ઉદ્વર્તના કહીને હવે स्थितिनी आप वर्तना કહે છે.

**उव्वट्टंतो य ठिइं, उदयावलिवाहिरा ठिइ विसेसा**
**निरिकवइ तइयभागे, समयहिए सेस मइवईय ॥**
**४ ॥**

**वढ्ढइ तत्तो अइत्था–वणाओ जावालिगा हवइ पुन्ना**
**ता निरकेवो समया–हिगालिग दुगूण कम्मठिइ**
**॥ ५ ॥**

**ગાથાર્થ.**—કર્મસ્થિતિની અપવર્તના કરતો જીવ ઉદયાવથી બહારના સ્થિતિવિશેષોને ( શેષ સ્થિતિયોને ) અતિક્રમીને સમયાધિક આવલિકાના ત્રીજા ભાગમાં નિક્ષેપે છે ॥ ૪ ॥.

ત્યાંથી યાવત્ આવલિકા પરિપૂર્ણ થાય ત્યાંસુધી અતીત્થાપના વધે છે. તેથી સમયાધિક આવલિકાદ્વિકહીન સર્વકર્મસ્થિતિ પ્રમાણ ઉ૦ निक्षेपविषय છે. ॥ ૬ ॥

ટીકાર્થ:—સ્થિતિની અપવર્તના કરતો જીવ ઉદયાવલિકાથી બહારના ( ઉપરના ) સ્થિતિવિશેષોને ( સ્થિતિભેદોને ) અપવર્તે છે તે અપવર્ત્તાતી સ્થિતિયો કઇ કઇ છે ? તે કહીએ છીએ કે—ઉદયાવલિકાથી ઉપરની સમયમાત્ર, દ્વિસમયમાત્ર એ પ્રમાણે બન્ધાવલિકા વા ઉદયાવલિકાહીન સર્વ કર્મસ્થિતિયો[૨] અપવર્ત્તવા યોગ્ય છે. એ અપવર્તનાસાધ્યસ્થિતિયો કહી. ઉદયાવલિકામાં વર્તતી સ્થિતિયો સર્વકરણને અસાધ્ય હોવાથી તેની અપવર્ત્તના થતી નથી, તે કારણથી ઉદયાવલિકાથી બહારની સ્થિતિઓ અપવર્ત્તના સાધ્ય છે એમ કહ્યું.

હવે તે અપવર્ત્તાતી સ્થિતિયોને કઇ સ્થિતિયોમાં પ્રક્ષેપે છે ? તે કહીએ છીએ કે—એક આવલિકાના ત્રણ ભાગ કરે તેવા સમયાધિક તૃતીય ભાગમાં શેષ ઉપરના સમયોન બે ભાગને અતિક્રમીને પ્રક્ષેપે. અર્થાત્ ઉદયાવલિકાથી ઉપરિતન સ્થિતિના દલિકને અપવર્ત્તતો જીવ ઉદયાવલિકાના ઉપરના સમયોન બે ભાગને ( ⅔ ભાગને) અતિક્રમીને સમયાધિક તૃતિયભાગમાં પ્રક્ષેપે, એ જ૦ નિક્ષેપવિષય જ૦ અતીન્થાપના જાણવી.

સ્થિતિ ) તો તેટલીજ ( સમયોન ⅓=એક તૃતિયાંશ ભાગ ) હોય છે.

પુનઃ જ્યારે ઉદયાવલિકાથી ઉપરની તૃતીયસ્થિતિ અપવર્ત્તાય છે ત્યારે અતીત્થાપના દ્વિસમયાધિક થાય છે, અને નિક્ષેપ તેટલોજ હોય છે. એ પ્રમાણે અતીત્થાપના જ્યાં સુધી આવલિકા પ્રમાણ પરિપૂર્ણ થાય ત્યાં સુધી સમય સમયની વૃદ્ધિ કરવી.

તદનંતર અતીત્થાપના સર્વત્ર આવલિકા પ્રમાણ રહે છે ને નિક્ષેપમાં વૃદ્ધિ થાય છે, તે પણ ત્યાં સુધી ( નિક્ષેપમાં ) વૃદ્ધિ થાય છે કે જ્યાં સુધી બન્ધાવલિકા ( વા ઉદયાવલિકા )—અતીત્થાપનાવલિકા—અને અપવર્ત્યમાન સમય—એ ત્રણને વર્જીને શેષ સર્વકર્મ સ્થિતિ સુધી નિક્ષેપમાં વૃદ્ધિ થાય છે તે આ પ્રમાણેઃ—બન્ધાવલિકા વ્યતીત થયે છતે કર્મની અપવર્ત્તનાનો પ્રારંભ કરે છે, તેમાં પણ જ્યારે સર્વાન્તિમ સમયને અપવર્ત્તે છે, ત્યારે આવલિકા માત્ર નીચે ઉતરીને નીચેની સર્વ સ્થિતિયોમાં તે સમયને પ્રક્ષેપે છે. તે કારણથી અપવર્ત્યમાન સમય—બંધાવલિકા—અને અતીત્થાપનાવલિકા રહીત સર્વ સ્થિતિયો ઉ૦ નિક્ષેપ વિષય થાય છે. કહયું છે કેઃ

समयाहि अइत्थवण, बंधावलिया य मोत्तु निक्खेवो
कम्मट्ठिइ बंधोदय—आवलिया मोत्तु उव्वट्टे ॥ १ ॥

અર્થઃ—અપવર્ત્તના કરણમાં બન્ધાવલિકા અને સમયાધિક અતીત્થાપનાવલિકાને વર્જીને શેષ સર્વ સ્થિતિયોમાં ઉ૦ નિક્ષેપ થાય છે. તથા બન્ધાવલિકા[1] અને ઉદયાવલિકા વર્જીને શેષ સર્વ સ્થિતિએ અપવર્ત્તાય છે.

૧. અહિં "बन्धावलिका અને उदयावलिका" એમ કહેવાથી સમજવાનું એ છે કે કર્મ બંધાયાબાદ એક આવલિકા પછી અપવર્ત્તના પ્રારંભાય છે ( માટે અપવર્ત્તનાના પ્રારંભ વખતે બે આવ-

સમયોન જઘન્ય કંડક તે વ્યાઘાત ભાવી અપવર્તનામાં જ૦ અતીત્થાપના રૂપ છે.

હવે [1]અલ્પ બહુત્વ કહેવાય છે.

૧–અપવર્ત્તનામાં જ૦ નિક્ષેપ સર્વથી અલ્પ છે—કારણ કે તે એક સમય અધિક ⅓ ( એક તૃતિયાંશ ) આવલિકા પ્રમાણ છે.

૨—તેથી અપ૦ જ૦ અતીત્થાપના ત્રિસમયોન દ્વિગુણ છે–ત્રણ સમય હીન દ્વિગુણ પણું કેવી રીતે છે. ? તે કહીએ છીએ કે–નિર્વ્યાઘાત ભાવી જ૦ અતીત્થાપના એક સમય હીન ⅔ ( બેતૃતિયાંશ ) આવલિકા પ્રમાણ છે, અને આવલિકાને અસત્ કલ્પનાએ ૯ સમય પ્રમાણની કલ્પીયે તો સમય હીન [2] બે તૃતિયાંશ તે ૫ સમય પ્રમાણ જ થાય છે. એ રીતે સમયાધિક [1] આવલિકા રૂપ જ૦ નિક્ષેપ જે અસત્ કલ્પનાએ ૪ સમય પ્રમાણ છે, તેને દ્વિગુણ કરીને ૩ સમય હીન કરીએ તો પણ ૫ સમય પ્રમાણ જ થાય, માટે અપવર્ત્તનામાં જ૦ અતીત્થાપના ત્રિસમયોન[2] દ્વિગુણ છે.

૩–તેથી પણ નિર્વ્યાઘાત ભાવી અપવર્ત્તનામાં ઉ૦ અતીત્થાપના વિશેષાધિક છે—કારણ કે તે સંપૂર્ણ આવલિકા પ્રમાણ છે.

---

૧ આ અલ્પ બહુત્વમાં વ્યાઘાતાપવર્ત્તના સંબંધિ જ૦ નિક્ષેપ ઉત્કૃષ્ટ નિક્ષેપ ને જ૦ અતીત્થાપના એ ત્રણનું અલ્પબહુત્વ કહ્યું નથી. તેનો આશય શ્રી બહુશ્રુતથી વિચારવો,

૨ સંપૂર્ણ આવલિકાના સમયોમાંથી જ૦ નિક્ષેપના સમયો બાદ કરતાં કોઇ પણ પ્રકારે ત્રિસમયોન દ્વિગુણપણુંજ શેષ રહે છે. અન્ય ઉદારણ તરીકે ૨૭ સમય પ્રમાણ આવલિકામાંથી જ૦ નિક્ષેપના ( ૨૭÷૩=૯+૧=) ૧૦ સમયને બાદ કરતાં જ૦ અતીત્થાપનાના રહેલા ૧૭ સમયો તે જ૦ નિક્ષેપના ૨૦ સમયોથી ત્રિસમયોન દ્વિગુણ રૂપજ છે ( ૧૦×૨=૨૦—૩=૧૭ એ ગણીતથી. )

૭–તેથી પણ ઉદ્વર્ત્તનામાં ઉ૦ નિક્ષેપ વિશેષાધિક છે–કારણ કે તે એક સમય એક આવલિકા—અને અબાધા હીન સર્વ સ્થિતિ પ્રમાણ છે.

૮–તેથી પણ અપવર્ત્તનામાં ઉ૦ નિક્ષેપ વિશેષાધિક છે–કારણ કે તે સમયાધિક આવલિકાદ્વિકહીન સર્વકર્મ સ્થિતિ પ્રમાણ છે.

૯–તેથી પણ સર્વકર્મ સ્થિતિ વિશેષાધિક છે. ॥इति स्थिति अपवर्त्तना ॥

એ પ્રમાણે સ્થિતિની ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના કહીને હવે અનુભાગ સંબંધી ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના કહેવાની છે, તેમાં પણ પ્રથમ अनुभागोद्वर्त्तना કહે છે.

**चरमं नोव्वट्टिज्जइ, जावाणंताणि फड्डगाणि ततो उस्सक्किय उक्कड्डइ, एवं उव्वट्टणाइओ ॥ ५॥**

ગાથાર્થ:—અન્ત્યથી પ્રારંભીને યાવત્ અનન્ત સ્પર્ધકોની ઉદ્વર્ત્તના થતી નથી, પરન્તુ તેથી નીચે ઉતરીને જે સ્પર્ધકો પ્રાપ્ત થાય છે તે સ્પર્ધકોની ઉદ્વર્ત્તના થાય છે. એ પ્રમાણે અપવર્ત્તનાદિમાં પણ જાણવું.

ટીકાર્થ:—અન્ત્યસ્પર્ધકની ઉદ્વર્ત્તના થતી નથી, તથા ઉપાન્ત્ય સ્પર્ધકની ઉદ્વર્ત્તના પણ થતી નથી, એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી અનંત સ્પર્ધકોની ઉદ્વર્ત્તના થતી નથી. અહિં તાત્પર્ય આ પ્રમાણે છે કે—

સર્વ સ્થિતિસ્થાનોથી ઉપરનો આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જે જઘન્યનિક્ષેપ, અને તેથી નીચેની આવલિકા માત્ર અતીત્થાપના, એ સ્થિતિસ્થાનોમાં રહેલાં સર્વે પણ સ્પર્ધકો ઉદ્વર્ત્તના [illegible] જે સમય પ્રમાણ [illegible]

રહેલાં ( તે સ્થિતિ સ્થાનમાં રહેલાં ) જે સ્પર્ધકો ( અનુભાગ સ્પ-
ર્ધકો ) તે સર્વની ઉદ્વર્ત્તના થાય છે. અને તે સ્પર્ધકોને ઉદ્વર્ત્તનિ
આવલિકા ( અતીત્થાપનાવલિકા ) ગત અનન્ત સ્પર્ધકોને ઉલ્લંઘીને
ઉપર આવલિકાના અસંખ્ય ભાગ પ્રમાણ સ્થિતિગત સ્પર્ધકોમાં
નાખે છે. પુનઃ નીચે ઉતરીને જે સ્થિતિસ્થાન આવે તે અંણથી
અનન્ત સ્પર્ધકોને તે અતીત્થાપનાવલિકાગત સ્પર્ધકોને ઉલ્લંઘીને
ઉપર સમયાધિક આવલ્યસંખ્યતમભાગગત સ્પર્ધકોમાં પ્રક્ષેપે
છે. એ પ્રમાણે જેમ જેમ નીચે ઉતરીયે તેમ તેમ નિક્ષેપ વધે
અને અતીત્થાપના તો આવલિકાગત સ્પર્ધકો પ્રમાણ કાયમ રહે.
હવે ઉત્કૃષ્ટ નિક્ષેપવિષય ( પતદ્ગ્રહાનુભાગસ્પર્ધકરૂપ ) કેટલો
છે ? તે કહીએ છીએ કે—

બન્ધાવલિકા વ્યતીત થયે સમયાધિક આવલિકા અને અબાધા
ગત સર્વ અનુભાગ સ્પર્ધકોને વર્જીને શેષ સર્વ અનુભાગ સ્પર્ધકો
નિક્ષેપવિષય રૂપ છે. ( પતદ્ગ્રહ સ્પર્ધકો ) છે. તે આ પ્રમાણે-
અબાધાગત સ્પર્ધકોની ઉદ્વર્ત્તના થાય નહિ. અને ઉદ્વર્ત્યમાન
સમયગત સ્પર્ધકોનો ત્યાં ( ઉદ્વર્ત્યમાન સમયગત સ્પર્ધકોમાં )
પ્રક્ષેપ હોય નહિ, અને આવલિકાગત સ્પર્ધકો તો અતીત્થાપનારૂપે
છે, તે કારણથી બન્ધાવલિકા વ્યતીત થયે સમયાધિકાવલિકા અને
... અનુભાગ સ્પર્ધકો વિના શેષ સર્વ અનુભાગસ્પર્ધકો

૩–તેથી ઉ૦ નિક્ષેપ અનંતગુણ છે–(કારણ કે તે સમયાધિક [1]એ આવલિકા અને અબાધા સિવાયનાં શેષ સ્પર્ધકો અનંતગુણ છે)

૪–તેથી સર્વ અનુભાગ સ્પર્ધકો વિશેષાધિક છે–કારણ કે તે [2]સમયાધિક અતીત્થાપનાવલિકાગત સ્પર્ધકો સહિત હોવાથી;

॥ હવે अनुभागापवर्त्तना કહેવાય છે. ॥

एवं उव्वट्टणाइओ=પૂર્વોક્ત ઉદ્વર્ત્તનાની વિધિ પ્રમાણે અપવર્ત્તના વિધિ પણ કહેવી, પરન્તુ તફાવત એ છે કે પ્રારંભ [3]પ્રથમ સ્પર્ધકથી કરવો તે આ પ્રમાણે—પ્રથમ-સ્પર્ધકની અપવર્ત્તના થાય નહિં, તેમજ દ્વિતીય સ્પર્ધકની પણ નહિં, અને તૃતીયની પણ નહિ, એ પ્રમાણે ઉદયાવલિકાગત સ્પર્ધકો સુધીનાં (અનન્ત) સ્પર્ધકોની પણ અપવર્ત્તના થાય નહિ, પરન્તુ તેથી ઉપરનાં સ્પર્ધકોની અપવર્ત્તના થાય છે.

તેમાં પણ જ્યારે ઉદયાવલિકાથી ઉપરનાં એક સમય સંબંધી સ્પર્ધકોની અપવર્ત્તના પ્રવર્તે છે, ત્યારે તે અપવર્ત્યમાન સ્પર્ધકો

૧ બંધાવલિકા અને અતીત્થાપનાવલિકા

૨ સર્વાનુભાગસ્પર્ધકો સમયાધિક અતીત્થાપનાવલિકાગત સ્પર્ધક સહીતજ છે અને અબાધા તથા બન્ધાવલિકાગત સ્પર્ધક સહિત કે નહિ ? એના ઉત્તરમાં જાણવાનું એ છે કે—

એક સમયસ્થિતિક બે સમયસ્થિતિક યાવત્ બન્ધાવલિકા સ્થિતિ અને (એથી પણ અધિક) અબાધા સ્થિતિ જેટલી સ્થિતિવાળું દ[illegible] અબાધાન્તર્ગત છે; તો તત્સ્થિતિ સંબંધી દલિકોના અનુભાગસ્પર્ધક ઉદ્વર્ત્તના વર્જ્ય કહી છે.

૩ ઉદ્વર્ત્તના પ્રકરણમાં અનુદ્વર્ત્ય સ્પર્ધકોનો પ્રારંભ અન્તિમ સ્પ[illegible]ર્ધકથી કહેવો, કારણકે અનુદ્વર્ત્યમાન સ્થિતિયો અન્ત્યસ્થિતિથી પ્રારંભાય [illegible] સ્થિતિયો પ્રથમ સ્થિતિથી પ્રારંભાય છે.

એક આવલિકાના સમયોન બે તૃતિયાંશ ભાગ ગત સ્પર્ધકોને ઉલ્લંઘીને શેષ નીચેના સમયાધિક ૧/૩ ભાગગત સ્પર્ધકોમાં પ્રક્ષેપાય છે.

અને જ્યારે ઉદયાવલિકાથી ઉપરનાં દ્વિતીય સ્થિતિગત સ્પર્ધકો અપવર્ત્તાય છે ત્યારે તે સ્પર્ધકો (આવલિકાના ઉપરિતન ૧/૩ ભાગ ગત સ્પર્ધકોને વર્જીને (ઉલ્લંઘીને) નીચેના સમયોન ૨/૩ ભાગ ગત સ્પર્ધકોમાં પ્રક્ષેપાય છે. અર્થાત્ પૂર્વોક્ત સમયોન ૨/૩ આવલિકા પ્રમાણ અતીત્થાપના સ્પર્ધકો તે એક સમયગત સ્પર્ધકો વડે અધિક થાય છે, અને નિક્ષેપ (પતદ્ગ્રહ સ્પર્ધકો) તો કાયમ જ રહે. એ પ્રમાણે અતીત્થાપનામાં એકેક સમયની ત્યાંસુધી વૃદ્ધિ થાય કે જ્યાંસુધી અતીત્થાપનાની આવલિકા સંપૂર્ણ થાય. પુનઃ ત્યાંથી આગળ અતીત્થાપના સર્વત્ર કાયમ રહે, અને નિક્ષેપમાં એકેક સમયની વૃદ્ધિ થાય છે. આ સર્વ વિધિ નિર્વ્યાઘાતાપવર્તના સંબંધી કહ્યો.

પ્રથમ, તેથી [1]વિશેષાધિક રસસ્પર્ધકને બીજું અને તેથી વિશેષાધિક રસસ્પર્ધક તેને ત્રીજું, એ પ્રમાણે સર્વોત્કૃષ્ટ રસસ્પર્ધકને અન્તે સ્થાપીયે. એમાં પ્રથમ સ્પર્ધકથી પ્રારંભીને અનંતરાનંતર સ્પર્ધકો (અનુક્રમે) પ્રદેશસમૂહની અપેક્ષાએ વિશેષ વિશેષહીન જાણવાં, અને સર્વાન્ત્ય સ્પર્ધકથી પ્રારંભીને અનુક્રમે નીચે નીચે ઉતરતાં અનંતરાનંતર સ્પર્ધકો પ્રદેશસમૂહની અપેક્ષાએ વિશેષ વિશેષ અધિક જાણવાં. એ સ્પર્ધકોમાં [2]દ્વિગુણ વૃદ્ધિના અથવા દ્વિગુણહાનીના એક અન્તરમાં જે સ્પર્ધકોનો સમુદાય છે તે સર્વથી અલ્પ છે,—અથવા સ્નેહપ્રત્યયસ્પર્ધકના અનુભાગની દ્વિગુણવૃદ્ધિના વા દ્વિગુણહાનીના અન્તરમાં જે રસસમૂહ છે તે સર્વથી અલ્પ છે.

તેથી સ્પર્ધકોની સંખ્યાપેક્ષાએ તો બન્નેમાં તુલ્ય નિક્ષેપ જ છે. એ પ્રમાણે અતીત્થાપનામાં અને ઉદ્વર્તનનિક્ષેપમાં પણ જાણવું. પુનઃ ગાથામાં જે कमसो (=અનુક્રમે) એ પદ કહ્યું છે તે સંપૂર્ણ ગાથામાં યોજવું. (માત્ર जहन्ननिक्खेवो સુધીજ યોજવું એમ નહિ).

તેથી ઉદ્વર્તના અને અપવર્તના એ બન્નેની નિર્વ્યાઘાત [1]અતીત્થાપના અનંતગુણી છે, અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે.

તેથી એક વર્ગણાવડે એટલે એક સમયમાત્ર સ્થિતિગત સ્પર્ધકના સમુદાય વડે હીન જે આ ઉ૦ અનુભાગ કંડક પ્રમાણ વ્યાઘાતભાવી અતીત્થાપના તે અનંતગુણ છે.

તેથી ઉદ્વર્તના અને અપવર્તનાનો ઉ૦ નિક્ષેપ વિશેષાધિક છે, ને સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે.

તેથી પણ ससंतबंधो य सविसेसो=પૂર્વબદ્ધ ઉ૦ સ્થિતિગતાનુભાગસહિત ઉત્કૃષ્ટ સ્થિતિનો અનુભાગબન્ધ વિશેષાધિક છે.

હવે ઉદ્વર્તના અને અપવર્તનામાં काळनो विषय અને વિષયનો નિયમ પ્રતિપાદન કરે છે:

**आ बंधा उक्कड्ढइ, सव्वहितोकड्ढणा ठिइरसाणं**
**किट्टीवज्जे उभयं, किट्टिसु ओवट्टणा नवरं(एका)१९**

ગાથાર્થ—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**—आ बन्धात्=જેટલા કાળ સુધી કર્મબન્ધ પ્રવર્તે ટલા કાળ સુધી (પૂર્વબદ્ધકર્મની) ઉદ્વર્તના પ્રવર્તે છે, અર્થાત । (એટલે બંધકાળવર્જીને શેષકાળમાં) પ્રવર્તે નહિ-તથા

1 "અતીત્થાપના" માત્ર કહેવાથી પણ અતીત્થાપનાગત સ્પર્ધક

सर्वत्र એટલે બન્ધકાળે અથવા અબન્ધકાળે પણ સ્થિતિ અને રસની અપવર્ત્તના પ્રવર્તે છે. એ કાળનિયમ દર્શાવ્યો. (इति कालनियमः)

અથવા आ बन्धात् એટલે જેટલા પ્રમાણનો સ્થિતિબન્ધ તેટલા પ્રમાણના સ્થિતિસત્તાવાળા કર્મની સ્થિત્યુદ્વર્તના અને અનુભાગોદ્વર્તના પ્રવર્તે છે, તેથી અધિક સ્થિતિસત્તાવાળા કર્મની સ્થિત્યનુભાગોદ્વર્તના પ્રવર્તે નહિં.[1]—અને અપવર્ત્તના તો પુનઃ બંધ પ્રમાણથી [2]હીન વા અધિક સ્થિતિની અને અનુભાગની પણ પ્રવર્તે. તથા જે કિટ્ટિકૃત દલિક છે તે વર્જીને શેષ અકિટ્ટિકૃત કર્મદલિકની ઉદ્વર્ત્તના અપવર્ત્તના પ્રવર્તે છે, અને કિટ્ટિકૃત

---

૧ ભાવાર્થ એ છે કે બધ્યમાન પ્રકૃતિલતા જેટલા સ્થિતિબંધ વાળી બંધાય છે તેટલી સ્થિતિસત્તાવાળી પૂર્વબધ્ધ પ્રકૃતિલતા તે બધ્યમાનમાં ઉદ્વર્તાય છે, અર્થાત્ બધ્યમાન સ્થિતિબંધથી અધિક સ્થિતિસત્તાવાળી પ્રકૃતિની ઉદ્વર્તના તે ન્યૂન બધ્યમાન સ્થિતિબંધવાળી પ્રકૃતિમાં થતી નથી. પરન્તુ પોતાનાથી અધિક સ્થિતિબંધે બંધાતી અન્ય લતામાં થાય છે.

૨. બંધ સમયે જે સ્થિતિલતાની ઉદ્વર્તના થઈને પુનઃ અપવર્તના થાય તો તે ઉદ્વર્તીત સ્થિતિલતામાં બંધસ્થિતિની અપેક્ષાએ હીન, તુલ્ય, અને અધિક એમ ત્રણે પ્રકારની સ્થિતિયો છે ને તે ત્રણે સ્થિતિયો અપ-વર્તના સાધ્ય સંભવે છે.

પુનઃ કદાચ ઉદ્વર્તના ન થઈ હોય તો બંધ તુલ્ય અને બંધથી હીન એ બે સ્થિતિયોનીજ અપવર્તના થાય છે. કારણકે અત્રે બંધથી અધિક સ્થિતિનો અભાવ છે.

આ ઉદ્વર્તના અપવર્તના સંબંધિ ફુટનોટ બનતા પ્રયત્ને વિચારીને લખી છે છતાં વિષય અતિ ગહન હોવાથી મતિ દોષથી વા દ. પથી કદાચ ભૂલચૂક રહી હોય તો સુજ્ઞ વર્ગ સુધારી વાંચશે.

દલિકની તો માત્ર અપવર્ત્તનાજ પ્રવર્તે છે; પરન્તુ ઉદ્વર્ત્તના નહિ.
( इतिविषयनियमः )

॥ इति उद्वर्तना अने अपवर्तना करण ॥

इतिश्री मलयगिरिविरचितकर्मप्रकृतिटीकायां जैनाचार्य श्रीमद् बुद्धिसागरसूरि प्रसादेन पं. चंदुलाल कृतोद्वर्त्तनाऽपवर्त्तना ख्यकरणद्वयस्य गुर्जरभाषांतरं समाप्तम

# ॥ अथ उदीरणाकरण ॥

એ પ્રમાણે ઉદ્વર્ત્તના અને અપવર્ત્તનાકરણ કહીને હવે ઉદ્દેશના અનુક્રમ પ્રમાણે उदीरणाकरण કહેવાય છે. તેમાં લક્ષણ, ભેદ, સાધાદિ પ્રરૂ૦, સ્વામિત્વ, ઉદીરણાસ્થાન, ને સ્થાન સ્વામી એ ૬ અનુયોગ છે, તેમાં પ્રથમ लक्षण અને भेद એ બે અનુયોગની પ્રરૂપણા કરે છે,

**जं करणेणोकड्ढिय, उदए दिज्जइ उदीरणा एसा**
**पगइ ठिइ अणुभाग. प्पएस मुलूत्तर विभागा॥१॥**

ગાથાર્થ:—આત્માના યોગસંજ્ઞક વીર્યવડે જે દલિકને ઉદયાવલિકામાં પ્રક્ષેપીયે તે ઉદીરણા, પ્રકૃતિ–સ્થિતિ–રસ–ને પ્રદેશ એ ચાર વિભાગવાળી છે. પુનઃ એ ૪ વિભાગો પણ મૂળ પ્રકૃતિ વિષયિક અને ઉત્તર પ્રકૃતિ વિષયિક એમ બે બે ભેદવાળા છે.

**ટીકાર્થ**—આ ગાથાના પૂર્વાર્ધમાં લક્ષણ અને ઉત્તરાર્ધમાં ભેદ એ બે અનુયોગ કહ્યા છે—ત્યાં [illegible] દલિકને જે કરણવડે એટલે કષાય સહિત વા કષાય રહીત એવા યોગસંજ્ઞક વીર્યવડે ઉદયાવલિકાથી બહારની સ્થિતિઓમાંથી આકર્ષી આકર્ષીને ઉદયાવલિકામાં પ્રક્ષેપીયે તે આ ઉદીરણા કહેવાય છે. કહ્યું છે કે—

" उदयावलिकाबहिर्स्थितिभ्यो कषायसहितेनासहितेन वा योगसंज्ञेन करणेन दलिकमाकृष्य उदयावलिकायां प्रवेशनं उदीरणा, " इति

તે ઉદીરણા કેવી છે તે કહે છે—પ્રકૃતિસ્થિત્યનુભાગપ્રદેશાગ્રાશ્રયમૂળોત્તરવિભાગા= પ્રકૃતિ સ્થિતિ, અનુભાગ, પ્રદેશ એ ૪ વડે, અને મૂળપ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિવડે જેનો વિભાગ એટલે ભેદ છે તે પ્રકૃત્યાદિ ભેદવાળી કહેવાય. તાત્પર્ય એ છે કે—પ્રકૃતિ ઉદીરણા—સ્થિતિ ઉદીરણા—અનુભાગ ઉદીરણા—અને પ્રદેશ ઉદીરણા એ ચારે પણ મૂળ પ્રકૃતિ વિષયિક અને ઉત્તર પ્રકૃતિ વિષયિક એમ બે બે પ્રકારની છે. ત્યાં મૂળ પ્રકૃતિની ઉદીરણા ૮ પ્રકારે છે અને ઉત્તર પ્રકૃતિની ઉદીરણા ૧૫૮ પ્રકારે છે.

॥ હવે મૂળ પ્રકૃતિયોમાં સાદ્યાદિપ્રરૂપણા કહેવાય છે ॥

એ પ્રમાણે લક્ષણાનુયોગ અને ભેદાનુયોગ કહીને હવે સાદ્યાદિપ્રરૂપણા કહેવાય છે તે મૂળપ્રકૃતિ સંબંધી=અને ઉત્તર પ્રકૃતિ સંબંધી એમ ૨, તેમાં પ્રથમ મૂળપ્રકૃતિ સંબંધી સાદ્યાદિ પ્રરૂપણા કહેવાય છે.

**मूलपगईसु पंचन्ह, तिहा दोन्हं चउव्विहा होइ**
**आउस्स साइ अधुवा, दसुत्तरस उत्तरासिं पि ॥२॥**

ગાથાર્થ:—૫ મૂળ પ્રકૃતિની ઉદીરણા ૩ પ્રકારે—૨ મૂળ પ્રકૃતિની ઉદી૦ ૪ પ્રકારે—આયુષ્યની ઉદી૦ સાદિ, અધ્રુવ, અને ૧૧૦ ઉત્તરપ્રકૃતિની ઉદી૦ પણ સાદિ, અધ્રુવ, છે.

**ટીકાર્થ**:—મૂળ પ્રકૃતિયોમાં જ્ઞાના૦-દર્શના૦-નામ૦-ગોત્ર૦ અન્ત૦ એ ૫ પ્રકૃતિયોની ઉદીરણા અનાદિ, ધ્રુવ, અને અધ્રુવ એમ ૩ પ્રકારે છે. તે આ પ્રમાણે—જ્યાં સુધી ક્ષીણમોહ ગુણસ્થાનની સમયાધિકાવલિકા શેષ રહે ત્યાંસુધી જ્ઞાના૦ દર્શ૦ ને અન્તરાયની ઉદીરણા અવશ્ય પ્રવર્તે છે, અને નામ ગોત્રની ઉદીરણા સયોગી

ગુણસ્થાનના અન્ત્યસમયસુધી પ્રવર્તે છે તેથી એ ૫ કર્મની ઉદીરણા અભવ્યને અનાદિ-ધ્રુવ અને ભવ્યને અનાદિ-અધ્રુવ હોય છે.

તથા વેદનીયની અને મોહનીયની ઉદીરણા સાદી, અનાદિ, ધ્રુવ, અને અધ્રુવ એમ ૪ પ્રકારે છે તે આ પ્રમાણે—વેદનીયની ઉદીરણા પ્રમત્તગુણસ્થાન સુધીજ હોય છે પરન્તુ આગળ નહિં, અને મોહનીયની ઉદીરણા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધીજ હોય છે આગળ નહિ. તે કારણથી અપ્રમત્તાદિ ગુણસ્થાનકથી પડતા જીવને વેદનીયની અને ઉપશાન્તમોહથી પડતા જીવને મોહનીયની ઉદીરણા સાદિ હોય છે. તે સ્થાનને નહિ પામેલા જીવને અનાદિ, અભવ્યને ધ્રુવ, અને ભવ્યને અધ્રુવ હોય છે.

પુનઃ આયુષ્યની ઉદીરણા તો સાદિ, અધ્રુવજ હોય છે. તે આ પ્રમાણે—આયુષ્યની અન્ત્ય આવલિકા વર્તતે છતે ઉદીરણા અવશ્ય ન હોય તેથી અધ્રુવ, પુનઃ પરભવમાં ઉત્પન્ન થતાં પ્રથમ સમયે પ્રવર્તે તેથી સાદિ, એ પ્રમાણે મૂળ પ્રકૃતિયોમાં સાદ્યાદિપ્રરૂપણા કહી । इतिमूलप्रकृत्युदीरणायां साद्यादिप्ररुपणा।

। હવે उत्तर प्रकृतियोमां साद्यादि प्ररु० કહેવાય છે ।

हसुत्तर सउत्तरासिं पि (આ વાક્ય સાથે પૂર્વોક્ત સાઇ અધ્રુવા એ પદ પણ જોડવાનું છે)–૫ જ્ઞાના૦–૪ દર્શના૦–મિથ્યા૦ તૈજ૦ ૭–વર્ણાદિ ૨૦–સ્થિર–અસ્થિર–શુભ–અશુભ–અગુ૦–નિર્માણ અન્તo ૫–એ ૪૮ પ્રકૃતિયો વિના શેષ સર્વ ૧૧૦ उत्तर प्रकृतियो ની ઉદીરણા સાદિ, અધ્રુવ છે અને એ પ્રકૃતિયોની સાદિ અધ્રુવતા તે અધ્રુવોદયિપણાથીજ સ્વતઃસિદ્ધ છે.

मिच्छत्तस्स चउद्धा, तिहा य आवरण विग्घ चउदसगे
थिर सुभ सेयर उवघा–य वज्ज धुववंधि नाम य ॥३॥

**ગાથાર્થ**—મિથ્યાત્વની ઉદીરણા ૪ પ્રકારે—૯ આવ૦—૫ વિઘ્ન એ ૧૪ પ્રકૃતિની ઉદીરણા તથા સ્થિર, અસ્થિર, શુભ, અશુભ ને ઉપઘાત સિવાયની અને તૈજ૦ ૭—અગુ૦—વર્ણાદિ ૨૦—નિર્માણ એ ધ્રુવબંધિ નામની પ્રકૃતિયોની ઉદીરણા ૩ પ્રકારે છે.

**ટીકાર્થ**—મિથ્યાત્વની ઉદીરણા ૪ પ્રકારે છે તે આ પ્રમાણે સાદિ, અનાદિ, ધ્રુવ, ને અધ્રુવ. ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા જીવને મિથ્યાત્વોદયનો અભાવ હોવાથી મિથ્યાત્વની ઉદી૦ ન થાય, અને સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે જતાં પુનઃ ઉદીરણા પ્રવર્તે માટે સાદિ તે સ્થાનને નહિ પ્રાપ્ત થયેલા જીવને अनादि અભવ્યને ધ્રુવ અને ભવ્યને अध्रुव છે.

તથા ૫ ज्ञानावरण– ૪ दर्शनावरण–ને ૫ अन्तराय એ ૧૪ પ્રકૃતિયોની ઉદીરણા અનાદિ, ધ્રુવ, ને અધ્રુવ, એમ ૩ પ્રકારે છે તે આ પ્રમાણે—એ પ્રકૃતિયો ધ્રુવોદયી હોવાથી अनादि ઉદીરણા, અભવ્યની અપેક્ષાએ ધ્રુવ, અને ભવ્યની અપેક્ષાએ अध्रुव છે, કારણ કે ક્ષીણમોહ ગુણસ્થાનકની એક આવલિકા શેષ રહે ત્યારે એ ૧૪ નો વિચ્છેદ થાય છે.

તથા પ્રતિપક્ષ પ્રકૃતિયો જે અસ્થિર અને અશુભ તે સહિત સ્થિર અને શુભ એ ૪ નો તથા ઉપઘાત વિના શેષ ધ્રુવબંધિ તૈજ૦ ૭—વર્ણાદિ ૨૦—અગુ૦—નિર્માણ એ સર્વ સંખ્યાએ ૩૩ પ્રકૃતિઓની ઉદીરણા અનાદિ, ધ્રુવ, અને અધ્રુવ એમ ૩ પ્રકારે છે. ત્યાં ધ્રુવોદયિ હોવાથી अनादि અભવ્યને ધ્રુવ, અને સયોગિ કેવલીના અન્ત્ય સમયે ઉદય વિચ્છેદ થવાથી ભવ્ય જીવોને अध्रुव છે. અને શેષ ૧૧૦ અધ્રુવોદયિની ઉદીરણા તો આ ઉદય-પ્રકૃતિઓ સાદિ અધ્રુવ પ્રથમ કહેલી છે. इत्युत्तरप्रकृत्युदीरणायां साद्यादि प्ररूपणा ॥

એ પ્રમાણે સાદ્યાદિપ્રરૂપણા કરીને હવે મૂળપ્રકૃતિની ઉદીરણાના સ્વામિ કહે છે.

**घाईणं छउमत्था, उदीरगा रागिणो य मोहस्स**
**तइयाऊण पमत्ता, जोगंता उ त्ति दोण्हं च ॥४॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:—જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અને અન્તરાય એ ૩ ઘાતિ પ્રકૃતિની ઉદીરણાના સ્વામિ ક્ષીણમોહ સુધીના સર્વ છદ્મસ્થ જીવો છે:-તથા સૂક્ષ્મ સંપરાય સુધીના સરાગીજીવો મોહનીયના ઉદીરક જાણવા. તથા પ્રમત્તગુણસ્થાનક સુધીના સર્વે જીવો તૃતીયવેદનીયના અને આયુષ્યના ઉદીરક જાણવા. ( માત્ર આયુષ્યના ઉદીરક અન્ત્યાવલિકાવર્તતાં ન હોય ) તથા નામ અને ગોત્ર એ બેના ઉદીરક સયોગીકેવલિગુણસ્થાન સુધીના સર્વે જીવો જાણવા. ( ગાથામાં ત્તિ=ઇતિ એ શબ્દ ભિન્નક્રમરૂપ હોવાથી ગાથાને અન્તે યોજવો અને તે મૂળપ્રકૃતિની ઉદીરણાની પરિસમાપ્તિને સૂચવનારો જાણવો ).

એ પ્રમાણે મૂળપ્રકૃતિના ઉદીરક કહીને હવે ઉત્તરપ્રકૃતિયોના ઉદીરક કહે છે.

**विग्घावरणधुवाणं, छउमत्था जोगिणो उ धुवगाणं**
**उवघायस्स तणुत्था, तणुकिट्टीणे तणुगरागा ॥५॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:—૫ અન્તરાય-૫ જ્ઞાનાવરણ-૪ દર્શનાવરણ એ ૧૪ ધ્રુવોદયિપ્રકૃતિઓના ઉદીરક સર્વે છદ્મસ્થ જીવ જાણવા. તથા તૈ૦ક૦-વર્ણાદિ ૨૦-સ્થિર-અસ્થિર-શુભ-અશુભ-અગુ૦-નિર્માણ-એ

૩૩ ધ્રુવોદયિનામપ્રકૃતિયોના ઉદીરક સયોગી કેવલિ પર્યન્તના સયોગી જીવો છે. તથા ઉપઘાત નામના ઉદીરક શરીરસ્થ એટલે શરીરપર્યાપ્તિવડે પર્યાપ્ત જીવો છે. તથા तनुकिट्टि = લોભની સૂક્ષ્મકિટ્ટીના ઉદીરક સંક્ષ્મ સંપરાયની ઉપાન્ત્યાવલિકાપર્યન્તના સૂક્ષ્મસરાગી જીવો જાણવા.

**तस बायर पज्जत्तग, सेयर गइ जाइ दिट्ठि वेयाणं**
**आउण य तन्नामा, पत्तेगियरस्स उ तणुत्था ॥६॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—સ્થાવરત્રિકરૂપ પ્રતિપક્ષ પ્રકૃતિ સહિત ત્રસત્રિકના ( ત્રસ, બાદર, પર્યાપ્તના, ) તથા ૪ ગતિના–૫ જાતિના–મિથ્યાદર્શનાદિ ૩ દર્શન મોહનીયના–નપુંસક વેદાદિ ૩ વેદના–અને ૪ આયુષ્યના–એ સર્વ સંખ્યાએ ૨૫ પ્રકૃતિયોના ઉદીરક યથા યોગપણે તે તે પ્રકૃતિના ઉદયવાળા જાણવા. તે આ પ્રમાણે–ત્રસ નામ કર્મના ઉદીરકત્રસજીવો તે પુનઃ [1]શરીરમાં અને અપાન્તરાલગતિમાં વર્તતા જીવો ઉદીરક જાણવા, એ પ્રમાણે સર્વ જીવોમાં વિચારવું. તથા પ્રત્યેક નામ અને પ્રતિપક્ષી સાધારણ નામના ઉદીરક શરીર પર્યાપ્તિવડે [2]અપર્યાપ્ત થયેલા ( શરીરસ્થ ) પ્રત્યેક શરીરી અને સાધારણ શરીરી જીવો સર્વે ઉદીરક જાણવા.

---

૧ ઉત્પન્નથતાં મિશ્રયોગે.

૨ શ્રી. મલયગિરિજીકૃત પંચસંગ્રહની ટીકામાં પણ આ સ્થળે शरीर पर्याप्त्या पर्याप्ता વાક્ય છે તેથી " શરીર પર્યાપ્તિવડે પર્યાપ્ત " એવો અર્થ પણ થાય પરન્તુ એ અર્થ ઉદીરણાના ભાંગાઓ સાથે બહુ વિરોધવાળો થાય છે, માટે અત્રે प्त्या માંથી अ લઇને " અપર્યાપ્ત " એવો અર્થ કર્યો છે એજ પ્રમાણે સંસ્થાન–સંઘયણ–ઉપઘાત–પ્રત્યેક–સાધારણ વગેરેમાં પણ જાણવું.

आहारग नरतिरिया, शरीरदुगवेयए पमोत्तूणं
ओरालाए एवं, तदुवंगाए तसजिवाओ ॥ ७ ॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે

ટીકાર્થઃ—ઓજ–લોમ–અને પ્રક્ષેપ એ ૩ માંના કોઈપણ આહારને ગ્રહણ કરતા (આહારક) જે મનુષ્ય અને તિર્યંચો છે તે ઔદારિક શરીર નામકર્મના અને ઉપલક્ષણથી ઔદા૦ બંધન અને એક ઔદા૦ સંઘાતનના પણ ઉદીરક છે. તે શું સર્વે આહારક મનુષ્ય તિર્યંચો ઉદીરક છે? નહિ, બે શરીરના વેદક જીવોને વર્જીને એટલે આહારક અને વૈક્રિય એ શરીર વાળા જીવોને વર્જીને, શેષ નર તિર્યંચો ઉદીરક છે. કારણ કે આહારક અને વૈક્રિયોદયવાળા જીવોને ઔદારિકનામનો ઉદય વર્તતો નથી તો ઔદારિકના ઉદીરક કેમ હોય? તથા એ પૂર્વોક્ત પ્રકારે तदुवंगाए=ઔદા૦ અંગોપાંગ નામ કર્મના ઉદીરક પણ જાણવા, અને તે કેવલ ત્રસકાયિક જીવોજ જાણવા પરન્તુ સ્થાવર નહિ, કારણ કે સ્થાવરને અંગોપાંગ નામના ઉદયનો અભાવ છે.

वेउव्विगाए सुर ने–रइया आहारगा नरो तिरिओ
सन्नि बायरपवणो. य लद्धिपज्जतगो होज्जा ॥८॥

ગાથાર્થ—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ—વૈક્રિય શરીર નામના (ઉપલક્ષણથી ૪ વૈ. બન્ધન અને ૧ વૈ૦ સંઘાતનના પણ) ઉદીરક દેવ અને નારકજીવો છે. તે પણ ઓજ વા લોમાહારમાંથી કોઈ પણ એક આહારને ગ્રહણ કરતા દેવ નારકો જાણવા. પુનઃ જે વૈક્રિય લબ્ધિવંત સંજ્ઞી મનુષ્ય વા તિર્યંચ અને જે [illegible] લબ્ધિ પર્યાપ્ત એટલે [illegible]-

રિક શરીર લબ્ધિ વડે પર્યાપ્ત થયેલો તે સર્વે પણ વૈક્રિય નામના ઉદીરક જાણવા. ( વૈક્રિય વિકુર્વણાકાળે )

**वेउव्विउवंगाए, तणुतुल्ला पवण वायरं हिच्चा**
**आहारगाए विरओ, विउव्वयंतो पमत्तो य ॥९॥**

**ગાથાર્થ**—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**—વૈક્રિયાંગોપાંગ નામના ઉદીરક વૈક્રિય શરીર તુલ્ય જાણવા, અર્થાત્ પૂર્વે જે વૈક્રિય શરીરના ઉદીરક કહ્યા તે વૈક્રિય અંગોપાંગના પણ ઉદીરક જાણવા. પરંતુ તેમાં પણ બાદર પવનને વર્જીને શેષ જીવો જાણવા સર્વે નહિ. તથા આહારક શરીરને રચતા પ્રમાદભાવને પામેલા સર્વ વિરતિવંત મુની તે [1]આહારક શરીર નામના ઉદીરક જાણવા.

**छण्हं संठाणाणं,–संघयणाणं च सगलतिरियनरा**
**देहत्था पज्जत्ता,–उत्तमसंघयणिणो सेढी ॥ १० ॥**

**ગાથાર્થઃ**—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થઃ**—શરીરસ્થ એટલે શરીર નામકર્મોદયમાં વર્તતા ( શરીર અપર્યાપ્તા ) લબ્ધિ પર્યાપ્તા સર્વે પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો ૬ સંસ્થાનના અને ૬ સંઘયણના ઉદીરક છે. અહિં ઉદય પ્રાપ્ત કર્મોનીજ ઉદીરણા હોય છે અન્યની નહિ, તેથી જ્યારે જે

૧ આ સ્થળે શ્રી ગ્રંથકારે આહારકબંધન ચતુષ્કની અને આહારક સંઘાતન અને આહારક ઉપાંગના ઉદીરકની વિવક્ષા કરી નથી પરન્તુ એ આહારક છકના ઉદીરક જીવો પણ આહારક શરીર તુલ્યજ જાણવા. ( ઔદારિક અને વૈક્રિય પ્રસંગે બંધન સંઘાતનની વિવક્ષા કરી અને ... અવિવક્ષા એજ હેતુ છે. )

સંસ્થાન વા સંઘયણ ઉદય પ્રાપ્ત હોય છે તે અવસરે તે સંઘયણ વા સંસ્થાન ઉદીરાય છે અન્યકાળે નહિ એમ જાણવું.–તથા ઉત્તમ સંઘયણીને એટલે વજ્રૠષભનારાચ સંઘયણવાળા જીવને ક્ષપક શ્રેણિ હોય છે, પરન્તુ શેષ સંઘયણવાળા જીવને ક્ષપક શ્રેણિ ન હોય તેથી ક્ષપક શ્રેણિવંત જીવો માત્ર વજ્રૠષભનારાચ સંઘયણનીજ ઉદીરણા કરે છે, શેષ સંઘયણની ઉદીરણા કરે નહિ. કારણ કે શેષ સંઘયણના ઉદયનોજ અભાવ છે.

**चउरंसस्स तणुत्था, उत्तरतणु सगलभोगभूमिगया**
**देवा इयरे हुंडा, तसतिरियनरा य सेवट्टा (छेवट्ठा)**
**॥ ११ ॥**

**ગાથાર્થઃ**—ટીકાર્થાનુસારે

**ટીકાર્થઃ**—આહારક અને ઉત્તર વૈક્રિય શરીર [illegible] પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય તે સમચતુરસ્ર [illegible] જાણવા. તથા યુગલિકતિર્યંચ મનુષ્યો અને દેવો [illegible] ના ઉદીરક જાણવા.–તથા પૂર્વે કહ્યા તે સિવાય [illegible] વિકલેન્દ્રિય–નારક–અને અપર્યાપ્ત પંચેન્દ્રિય [illegible] પણ શરીરસ્થ હોતે હુંડક સંસ્થાનના ઉદીરક [illegible] રાય સેવટ્ટા આ વાક્યમાં પણ [illegible] જન કરતાં પૂર્વે કહ્યા તે સિવાય [illegible] અને પંચેન્દ્રિય તિર્યંચ [illegible] ઉદયવાળા હોય ( [illegible] ઉદીરક જાણવા.

**संघयणाणि [illegible]**
**अणुपुव्वीणं [illegible]**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે

**ટીકાર્થઃ**—વૈક્રિય અને આહારક રૂપ ઉત્તર શરીરોમાં સંઘયણ હોય નહિ અર્થાત્ ૬ સંઘયણમાંનું કોઈપણ સંઘયણ હોય નહિ. તે કારણથી ઉત્તર શરીરી જીવો કોઈપણ સંઘયણના ઉદીરક હોતા નથી. તથા તે આનુપૂર્વીપૂર્વક નારકાદિ નામવાળા ભવાન્તરાલગતિમાં વર્તતા [1]જીવો નરકાનુપૂર્વ્યાદિ ૪ આનુપૂર્વીના ઉદીરક જાણવા. તે આ પ્રમાણે—ભવાપાન્તરાલગતિમાં વર્તતા નારક જીવો નરકાનુપૂર્વીના ઉદીરક છે, અને અપાન્તરાલગતિમાં વર્તતા તિર્યંચ જીવો તિર્યગાનુપૂર્વીના ઉદીરક છે. એ પ્રમાણે નરાનુપૂ૦ અને દેવાનુપૂ૦ માં પણ કહેવું તથા શરીર પર્યાપ્તિથી [2]પર્યાપ્ત સર્વે જીવો પરાઘાત નામના ઉદીરક જાણવા.

**वायरपुढवी आया–वस्स य वज्जित्तु सुहुमसुहुमतसे**
**उज्जोयस्स य तिरिओ, उत्तर देहो य देव जइ॥१३॥**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થઃ**—आतपनामના ઉદીરક બાદર પૃથ્વીકાયિક જીવો છે: ગાથામાં य કાર તે અનુક્તાર્થસૂચક હોવાથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્ત જીવો જાણવા. તથા સૂક્ષ્મ એકેન્દ્રિય તથા તેઉકાય અને વાયુકાય રૂપ સૂક્ષ્મત્રસ જીવોને વર્જીને શેષ પૃથ્વી, અપ્, વનસ્પતિ,

૧ વિગ્રહગતિમાન ઇતિ સર્વત્ર જ્ઞેયઃ

૨ આ અર્થ ભાંગા સાથે મળતો આવે છે પરંતુ પંચસંગ્રહમાં उव-परघायं साहा–रणं च इयरं तणुए पज्जत. એવો પાઠ હોવાથી ઉપઘાત પરાઘાતનો ઉદીરક એકજ કહ્યો. અનેક સ્થાને ઉપઘાતના ઉદીરક શરીર અપર્યાપ્તા કહ્યા છે ને પરાઘાતના ઉદીરક તો શરીર પર્યાપ્તાજ કહ્યા છે માટે પંચસંગ્રહોક્ત ઉપઘાત પરાઘાતોદીરણાસ્વામિત્વ વિચારવા યોગ્ય છે.

દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિંદ્રિય, અને પંચેન્દ્રિય તિર્યંચો જે લબ્ધિપર્યાપ્તા છે તે સર્વ યથાયોગપણે ઉદ્યોતનામના ઉદીરક જાણવા. તથા ઉત્તરશરીરના એટલે વૈક્રિય અને આહારકના ઉદીરક યથાયોગપણે વૈક્રિયમાં અને આહારક દેહમાં [1]વર્તતા (અનુક્રમે) દેવ અને યતિ જાણવા.

सगलो य इट्ठखगई, उत्तरतणु देवभोगभूमिगया ।
इट्ठस्सराए तसो वि य, इयरासि तसा सनेरइया ॥१४॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:—શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત, અને શુભવિહાયોગતિના ઉદયમાં વર્તતા સર્વ પંચેન્દ્રિયતિર્યંચ અને મનુષ્યો, તથા વૈક્રિય શરીરરૂપ ઉત્તરદેહમાં વર્તતા સર્વ તિર્યંચ વા મનુષ્યો, તથા સર્વે દેવ અને સર્વ યુગલિકો તે शुभविहायोगति નામકર્મના ઉદીરક જાણવા તથા દ્વીન્દ્રિયાદિ ત્રસજીવો અને ગાથોકત " अवि = अपि " શબ્દથી પૂર્વે કહેલા પંચેન્દ્રિયતિર્યંચાદિ ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત થયા હોય તે યથાસંભવપણે सुस्वरनाम કર્મના ઉદીરક જાણવા. તથા નારક સહિત વિકલેન્દ્રિયો અને યથાયોગપણે કેટલાએક પંચેન્દ્રિયતિર્યંચ મનુષ્યો પણ ઇતર જે अशुभविहायोगति અને दुःस्वरनाम કર્મના ઉદીરક જાણવા.

उस्सासस्स सराण य, पज्जत्ता आणपाणभासासु ।
सव्वन्नूणुस्सासो, भासा वि य जा न रुज्झंति ॥१५॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

૧ ઉત્તર શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા.

**ગાથાર્થ:**—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ:**—વૈક્રિય અને આહારક રૂપ ઉત્તર શરીરોમાં સંઘયણ હોય નહિ અર્થાત ૬ સંઘયણમાંનું કોઇપણ સંઘયણ હોય નહિ તે કારણથી ઉત્તર શરીરીજીવો એકપણ સંઘયણના ઉદીરક હોતા નથી. તથા તે આનુપૂર્વીપૂર્વક નારકાદિ નામવાળા ભવાન્તરાલગતિમાં વર્તતા [1]જીવો નરકાનુપૂર્વ્યાદિ ૪ આનુપૂર્વીના ઉદીરક જાણવા. તે આ પ્રમાણે–ભવાપાન્તરાલગતિમાં વર્તતા નારક જીવો नरकानुपुर्वीना ઉદીરક છે, અને અપાન્તરાલગતિમાં વર્તતા તિર્યંચ જીવો तिर्यगानु पूर्वीना ઉદીરક છે. એ પ્રમાણે नरानुपू० અને देवानूपू० માં પણ કહેવું તથા શરીર પર્યાપ્તિથી [2]પર્યાપ્તા સર્વે જીવો पराघात નામ-ના ઉદીરક જાણવા.

**वायरपुढवी आया—वस्स य वज्जित्तु सुहुमसुहुमतसे**
**उज्जोयस्स य तिरिओ, उत्तर देहो य देव जइ॥१३॥**

**ગાથાર્થ:**—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ:**—आतपनामના ઉદીરક બાદર પૃથ્વીકાયિક જીવો છે. ગાથામાં य કાર તે અનુક્તાર્થસૂચક હોવાથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્ત જીવો જાણવા. તથા સૂક્ષ્મ એકેન્દ્રિય તથા તે ઉકાય અને વાયુકાય રૂપ સૂક્ષ્મત્રસ જીવોને વર્જીને શેષ પૃથ્વી, અપ્, વનસ્પતિ,

---

૧ વિગ્રહગતિમાન ઇતિ સર્વત્ર શેષઃ

૨ આ અર્થ ભાંગા સાથે મળતો આવે છે પરંતુ પંચસંગ્રહમાં उव-परघायं साहा—रणं च इयरं तणुए पज्जत એવો પાઠ હોવાથી ઉપઘાત પરાઘાતનો ઉદીરક એકજ કહ્યો. અનેક સ્થાને ઉપઘાતના ઉદીરક શરીર અપર્યાપ્તા કહ્યા છે ને પરાઘાતના ઉદીરક તો શરીર પર્યાપ્તાજ કહ્યા છે માટે પંચસંગ્રહોક્ત ઉપઘાત પરાઘાતોદીરણાસ્વામિત્વ વિચારવા યોગ્ય છે.

गोउत्तमस्स देवा, नरा य वइणो चउण्ह सियरासिं
तव्वइरित्ता तित्थग-रस्स उ सव्वन्नूयाए अवे ॥१७॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ:**—સર્વે દેવો, કેટલાએક ઉચ્ચકુળમાં ઉત્પન્ન થએલા મનુષ્યો, તથા નીચ ગોત્રમાં ઉત્પન્ન થયા છતાં પણ જેમની દેહયષ્ટિકા (શરીરરૂપ લાકડી) પંચમહાવ્રતવડે અલંકૃત થયેલી છે તેવા વ્રતધારી મુનિરાજ તે ઉચ્ચગોત્રના ઉદીરક જાણવા. તથા દુર્ભગ-અનાદેય-અયશ-અને નીચ ગોત્ર એ ચાર પ્રકૃતિના ઉદીરક પૂર્વે કહ્યાથી બાકી રહેલા જાણવા. ત્યાં દુર્ભગ અને અનાદેયના ઉદીરક એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-સમુ૦ તિર્યંચ-મનુષ્ય-અને નારકજીવો જાણવા, અયશના ઉદીરક સર્વે સૂક્ષ્મ-સર્વે નારક અને સર્વે અગ્નિ તથા વાયુ જીવો સર્વે અપર્યાપ્ત નામકર્મના ઉદયમાં વર્તનારા જાણવા અને નીચ ગોત્રના ઉદીરક તો સર્વે નારક-સર્વ તિર્યંચ-વિશિષ્ટકુળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો-અને વ્રતધારી સિવાયના સર્વ મનુષ્યો જાણવા, અને તીર્થંકર નામના ઉદીરક સર્વજ્ઞ જીવો જાણવા, કારણ કે બીજા વખતમાં જીનનામના ઉદયનો અભાવ છે.

इंदियपज्जत्तीए, दुसमयपज्जत्तगा उ पाउग्गा
निद्दापयलाणं खीण रागखवगे परिच्चज्ज ॥ १८ ॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ:**—ઇંદ્રિય પર્યાપ્તિએ પર્યાપ્ત થયા છતા જીવો દ્વિતીય સમયથી આરંભીને અર્થાત્ ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ અનંતર સમયથી આરંભીને જીવો નિદ્રા પ્રચલાની ઉદીરણા કરવાને યોગ્ય થાય છે તેમાં પણ સર્વ જીવો ઉદીરણા યોગ્ય હોય છે કે કેમ? તે કહે છે—ક્ષીણ મોહી અને ક્ષપક સિવાયના શેષ જીવો નિદ્રા અને

**ટીકાર્થ**:—ગાથામાં કહેલા उस्सास અને सराण એ બે પદોને અનુક્રમે आणपाण અને भासासु એ બે પદ સાથે જોડીને અર્થ કરવો તે આ પ્રમાણે—उश्वासनामના ઉદીરક ઉશ્વાસપર્યાપ્તિથી પર્યાપ્ત થયેલા સર્વે જીવો જાણવા, તથા सराण य ( સ્વર બે હોવાથી દ્વિવચનનો પ્રયોગ જોઈએ છતાં અત્રે પ્રાકૃતભાષાને લઈને બહુ વચનનો પ્રયોગ કરેલો છે તેથી ) सुस्वर અને दुःस्वर નામકર્મના ઉદીરક પૂર્વે કહેલા સર્વે જીવો ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત થયેલા હોય તે જાણવા. જો કે બન્ને સ્વરના ઉદીરક પૂર્વે કહ્યા છે તોપણ તે " ભાષા પર્યાપ્તિએ પર્યાપ્ત જીવોજ ઉદીરક જાણવા " એમ વિશેષતા દર્શાવવાને અર્થેજ પુનઃ બીજીવાર સ્વરના ઉદીરક સ્વામિ અત્રે કહ્યા છે. તથા શ્રી સર્વજ્ઞે જ્યાંસુધી ઉચ્છ્વાસ ને ભાષાનો નિરોધ નથી કર્યો ત્યાં સુધી ભાષા ને ઉચ્છ્વાસની ઉદીરણા પ્રવર્તે છે, અને તે બેનો નિરોધ થયા બાદ ઉદયના અભાવે ઉદીરણા પણ થતી નથી.

**देवो सुभगाएज्जाण, गप्भवक्कंतिओ अ कित्तीए**
**पज्जत्तो वज्जित्ता, ससुहुम नेरइय सुहुमतसे ॥१६॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—ગાથામાં देवो [1] ઈત્યાદિ શબ્દમાં સમસ્ત જાતિપણાની અપેક્ષાએ એક વચનીય પ્રયોગ કરેલો છે તેથી અર્થ આ પ્રમાણે ( બહુ વચનીય ) છે કે–કેટલાએક દેવો અને કેટલાએક ગર્ભવ્યુત્ક્રાન્ત ( ગર્ભજ ) તિર્યંચ મનુષ્યો જે સુભગ અને આદેયનામકર્મના ઉદયવાળા છે તેજ सुभग અને आदेयના ઉદીરક છે. તથા સૂક્ષ્મએકેન્દ્રિય સહિત નારક અને સૂક્ષ્મત્રસ ( અગ્નિ–વાયુ ) જીવોને વર્જીને શેષ પર્યાપ્તનામોદયમાં વર્તતા સર્વ જીવો યશનામના ઉદીરક છે.

૧ देवो–गप्भवक्कंतिओ–पज्जत्तो એ ત્રણે પદ સ્વજાતીયસમુદાયપણાને અંગે એક વચનરૂપે કહ્યાં છે. પરન્તુ અર્થથી બહુવચન જાણવું.

गोउत्तमस्स देवा, नरा य वइणो चउण्ह नियरासिं
तव्वइरित्ता तित्थग-रस्स उ सव्वन्नूयाए सव्वे ॥१७॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:—સર્વે દેવો. કેટલાએક ઉચ્ચકુળમાં ઉત્પન્ન થએલા મનુષ્યો, તથા નીચ ગોત્રમાં ઉત્પન્ન થયા છતાં પણ જેમની દેહયષ્ટિકા (શરીરરૂપ લાકડી) પંચમહાવ્રતવડે અલંકૃત થયેલી છે તેવા વ્રતધારી મુનિરાજ તે ઉચ્ચગોત્રના ઉદીરક જાણવા. તથા દુર્ભગ-અનાદેય-અયશ-અને નીચ ગોત્ર એ ચાર પ્રકૃતિના ઉદીરક પૂર્વે કહ્યાથી બાકી રહેલા જાણવા. ત્યાં દુર્ભગ અને અનાદેયના ઉદીરક એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-સમ્મૂ૦ તિર્યંચ-મનુષ્ય-અને નારકજીવો જાણવા, અયશના ઉદીરક સર્વે સૂક્ષ્મ-સર્વે નારક અને સર્વે અગ્નિ તથા વાયુ જીવો સર્વે અપર્યાપ્ત નામકર્મના ઉદયમાં વર્તનારા જાણવા અને નીચ ગોત્રના ઉદીરક તો સર્વે નારક-સર્વ તિર્યંચ-વિશિષ્ટકુળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો-અને વ્રતધારી સિવાયના સર્વ મનુષ્યો જાણવા, અને તીર્થંકર નામના ઉદીરક સર્વજ્ઞ જીવો જાણવા, કારણ કે બીજા વખતમાં જીનનામના ઉદયનો અભાવ છે.

इंदियपज्जत्तीए, दुसमयपज्जत्तगा उ पाउग्गा
निद्दापयलाणं खीण रागखवगे परि- ॥ १८ ॥

**ટીકાર્થ**:—ગાથામાં કહેલા उस्सास અને सराण એ બે પદોને અનુક્રમે आणपाण અને भासासु એ બે પદ સાથે જોડીને અર્થ કરવો તે આ પ્રમાણે—ઉચ્છ્વાસનામના ઉદીરક ઉચ્છ્વાસપર્યાપ્તિથી પર્યાપ્ત થયેલા સર્વ જીવો જાણવા. તથા सराण य ( સ્વર બે હોવાથી દ્વિવચનનો પ્રયોગ જોઈએ છતાં અત્રે પ્રાકૃતભાષાને લઈને બહુ વચનનો પ્રયોગ કરેલો છે તેથી ) सुस्वर અને दुःस्वर નામકર્મના ઉદીરક પૂર્વે કહેલા સર્વે જીવો ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત થયેલા હોય તે જાણવા. જો કે બન્ને સ્વરના ઉદીરક પૂર્વે કહ્યા છે તોપણ તે " ભાષા પર્યાપ્તિએ પર્યાપ્ત જીવોજ ઉદીરક જાણવા " એમ વિશેષતા દર્શાવવાને અર્થેજ પુનઃ બીજીવાર સ્વરના ઉદીરક સ્વામિ અત્રે કહ્યા છે. તથા શ્રી સર્વજ્ઞે જ્યાંસુધી ઉચ્છ્વાસ ને ભાષાનો નિરોધ નથી કર્યો ત્યાં સુધી ભાષા ને ઉચ્છ્વાસની ઉદીરણા પ્રવર્તે છે, અને તે બેનો નિરોધ થયા બાદ ઉદયના અભાવે ઉદીરણા પણ થતી નથી.

**देवो सुभगाएज्जाण, गब्भवक्कंतिओ अ कित्तीए**
**पज्जत्तो वज्जित्ता, ससुहुम नेरइय सुहुमतसे ॥१६॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—ગાથામાં देवो [1] ઇત્યાદિ શબ્દમાં સમસ્ત જાતિપણાની અપેક્ષાએ એક વચનીય પ્રયોગ કરેલો છે તેથી અર્થ આ પ્રમાણે ( બહુ વચનીય ) છે કે—કેટલાએક દેવો અને કેટલાએક ગર્ભવ્યુત્કાન્ત ( ગર્ભજ ) તિર્યંચ મનુષ્યો જે સુભગ અને આદેયનામકર્મના ઉદયવાળા છે તેજ सुभग અને आदेयના ઉદીરક છે. તથા સૂક્ષ્મએકેન્દ્રિય સહિત નારક અને સૂક્ષ્મત્રસ ( અગ્નિ—વાયુ ) જીવોને વર્જીને શેષ પર્યાપ્તનામોદયમાં વર્તતા સર્વ જીવો યશનામના ઉદીરક છે.

૧ देवो—गब्भवक्कंतिओ—पज्जत्तो એ ત્રણે પદ સ્વજાતીયસમુદાયપણાને અંગે એક વચનરૂપે કહ્યાં છે. પરન્તુ અર્થથી બહુવચન જાણવું.

ઇતિ વચનાત્ ") અને ઉદય છતેજ ઉદીરણા પ્રવર્તે છે, તેથી "તે તે વંધંતગાકત્તાયાણં" એમ જે કહ્યું છે તે યુક્તજ છે.- ત્યાં મિથ્યાદૃષ્ટિ[1] અને સાસ્વાદનવર્તિ જીવો अनंतानुबंधिना ઉદીરક છે, કારણ કે એ જીવોને એ કષાયનું વેદવાપણું છે. તથા ચતુર્થ ગુણસ્થાનકપર્યન્તના જીવો अप्रत्याख्यानीना ઉદીરક છે, દેશવિરતિપર્યન્તના જીવો प्रत्याख्यानीना ઉદીરક છે, અને સ્વસ્વબંધ વ્યવચ્છેદથી અર્વાક્વર્તિ જીવો संज्वलन चतुष्क=સંજ્વ૦ ક્રોધ, માન, માયા, અને લોભના ઉદીરક છે. અને અપૂર્વ ગુણસ્થાનકપર્યન્તના જીવો हास्य छक्कना ઉદીરક છે.

जावूण खणो पढमो, सुहरइहासाण मेव सियरासिं
देवा नेरइया वि य, भवट्ठिई के वि नेरइया ॥२१॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:—જ્યાં સુધી દેશૂણ પ્રથમ મૂહૂર્ત (અંતર્મુ૦) વર્તે છે, અર્થાત્ પ્રથમ અન્તર્મુહુર્ત વર્તે છે ત્યાં સુધી દેવો નિશ્ચયથી શાતા-રતિ-અને હાસ્યના ઉદીરક જાણવા. ને અન્તર્મુહુર્ત બાદ અનિયમ જાણવો. અને એ પ્રમાણે પ્રથમ અન્તર્મુહુર્ત પર્યન્ત નારક જીવો પણ અવશ્ય પ્રતિપક્ષી પ્રકૃતિયોના એટલે अशाता-अरति-અને શોકના ઉદીરક જાણવા. અને અન્તર્મુહુર્તબાદ તો જીનેશ્વરના

---

૧ ૨૪ મોહનીય સત્તાવાળો જીવ મિથ્યાત્વે આવે તેને પ્રથમાવલિકા માત્ર ઉદય વિનાજ અનંતાનુબંધિનો બંધ હોય છે, માટે "जे वेयइ ते वेयइ" એ નિયમમાં એટલો અપવાદ છે, અને તે પ્રથમાવલિકામાં અનંતાનુબંધિની ઉદીરણા પણ હોય નહિ (ઉદયનો અભાવ હોવાથી), તથા-અનંતાનુબંધિની પ્રથમ બંધાવલિકા અને અનંતાનુબંધિ રૂપે થયેલાં અપ્રત્યાખ્યાનાદિનાં સંક્રાન્ત પુદ્ગલોની સંક્રમાવલિકા પૂર્ણ થયે તે સંક્રાન્ત લતાત્મક અનંતાનુબંધિનો ઉદય-ઉદીરણા શરૂ થાય છે.

કેવલજ્ઞાન લાભાદિકના પ્રસંગે તો શાતાદિકના પણ ઉદીરક થાય છે. પુનઃ કેઇક નારક જીવો તો સંપૂર્ણ ભવસ્થિતિ સુધી એ ત્રણે પ્રકૃતિયોના ઉદીરક હોય છે. ॥ इति एकैकप्रकृत्युदीरणा स्वामिनः ॥

એ પ્રમાણે એકેક પ્રકૃતિના ઉદીરણા સ્વામિ કહીને હવે ઉદીરણાસ્થાનના સ્વામિ દર્શાવે છે.

**पंचण्हं च चउण्हं, ठिइए एक्काइ जा दसण्हं तु**
**तिगहीणाइ मोहे, मिच्छे सत्ताइ जाव दस ॥२२॥**

**ગાથાર્થ:**—દર્શનાવરણીય કર્મમાં ૫ નું ને ૪ નું એ બે ઉદીરણા સ્થાન છે. તથા મોહનીય કર્મમાં ૩ ના સ્થાન વિના ૧ થી ૧૦ સુધીનાં નવ ઉદીરણાસ્થાન છે. તેમાં મિથ્યાત્વગુણસ્થાને ૭ થી ૧૦ પર્યન્તનાં ચાર ઉદીરણાસ્થાન છે.

**ટીકાર્થ:**—દર્શનાવરણીય નામના દ્વિતીયકર્મમાં ૫ અથવા ૪ પ્રકૃતિયોની સમકાળે ઉદીરણા થાય છે, ત્યાં ૪ દર્શનાવરણ રૂપ ચાર પ્રકૃતિયોની ઉદીરણા છદ્મસ્થજીવોને અવશ્ય હોય છે, અને એ ચારમાં નિદ્રાપંચકમાંથી કોઇપણ એકનિદ્રાના પ્રક્ષેપથી સમકાળે ૫ની ઉદીરણા પણ થાય છે.

ત્થા મોહનીયકર્મમાં ૩ ના સ્થાન સિવાય એકથી પ્રારંભીને ીના ૧–૨–૪–૫–૬–૭–૮–૯–૧૦ એ નવસ્થાનોની ઉદી- . છે—હવે ઉદીરણા-સ્થાનના સ્વામિ કહે છે.

॥ मिथ्यादृष्टिजीवने मोहनीयनां उदीरणा स्थान ॥

मिच्छे सत्ताइ जाव दस= મિથ્યાદૃષ્ટિજીવને ૭ થી માંડીને પર્યન્તનાં ૭–૮–૯–૧૦ એ ૪ ઉદીરણા સ્થાન છે. ત્યાં મિથ્યાત્વ, પ્રત્યા૦–પ્રત્યા૦–સંજ્વલન એ ૩ ક્રોધ, વા માન, વા માયા, વા

લોભ એ સર્વ ત્રણ ત્રણ જાણવા કારણ કે એક ક્રોધ ઉદીરતાં સર્વ ક્રોધ ઉદીરાય, એ પ્રમાણે એક માન-માયા-વા લોભને ઉદીરતાં પણ સર્વે માનાદિ ઉદીરાય છે. પરન્તુ ક્રોધ, માન માયા લોભ એ ચારની સમકાળે ઉદયાભાવથી ઉદીરણા ન હોય; પરન્તુ ત્રણ ક્રોધ, વા ત્રણમાન, વા ત્રણ માયા-વા ૩ લોભમાંથી કોઈપણ એક ત્રિકની સમકાળે ઉદીરણા હોય છે. પુનઃ ત્રણ વેદમાંથી કોઇપણ એક વેદ, તથા સુયુગલ ને કુયુગલમાંથી કોઇપણ એક યુગલ, એ ૭ પ્રકૃતિ-ચોની ઉદીરણા મિથ્યાદૃષ્ટિજીવને અવશ્ય હોય છે. અહિં ભાંગા ૨૪ થાય છે તે આ પ્રમાણે—

સુયુગલ અથવા કુયુગલની બે બે પ્રકૃતિમાં એકેક ભાંગાની પ્રાપ્તિ હોવાથી બે પ્રકૃતિરૂપ બે ભાંગા થાય છે, ને તે પ્રત્યેક ત્રણ વેદમાં પ્રાપ્ત થાય છે, માટે ૩×૨=૬ ભાંગા થાય છે. પુનઃ એ ૬ ભાંગા તે પ્રત્યેક ક્રોધાદિ ચારેમાં સમકાળે પ્રાપ્ત થાય છે, માટે ૬×૪=૨૪ ભાંગા થાય છે. તેની સ્થાપના આ પ્રમાણે—

૨ ૧ ૧ = ૪ મોહનીય સમકાળે હોય તેના
युगल - वेद - कषाय
२ × ३ × ४ = ૨૪ ભાંગા જુદા જુદા જીવને આશ્રયિ થાય

એ ૭ માં ભય-અથવા કુત્સા-અથવા અનંતાનુબંધિને પ્રક્ષેપવાથી ૮ ની ઉદીરણા થાય છે, ત્યાંપણ ભયાદિ પ્રક્ષેપતાં પ્રત્યે-કમાં એકેક ભાંગાની ચોવીશી થાય માટે આ આઠની ઉદીરણામાં ૩ ચોવીસીઓ ભાંગાની થઇ જાણવી.

**શંકા:**—મિથ્યાદૃષ્ટિજીવને અનંતાનુબંધિનો ઉદય અવશ્ય છે, અને ઉદય છતે ઉદીરણા પણ અવશ્ય થાય છે; તો મિથ્યાદૃષ્ટિ જીવ અનંતાનુબંધિના ઉદય રહીત કેવી રીતે હોય કે જેથી તેને અનંતાનુબંધિ રહીત ૭ વા ૮ ની ઉદીરણા થાય ?

**ઉત્તર:**—પ્રથમ કોઇએ સમ્યગ્દૃષ્ટિપણે અનંતાનુબંધિની

વિસંયોજના કરી હોય, અને તેટલાથી વિરામ પામે પણ મિથ્યાત્વનો ક્ષય કરવાને તત્પર ન થાય (તથાવિધ સામગ્રીના અભાવથી), તેથી કાળાંતરે મિથ્યાત્વને પામીને મિથ્યાત્વરૂપ હેતુથી પુનઃ પણ અનંતાનુબંધિ બાંધે, ત્યાં બન્ધાવલિકા વ્યતીત ન થાય ત્યાં સુધી તેનો ઉદય ન થાય, અને [1]ઉદયના અભાવથી ઉદીરણા પણ ન થાય, પુનઃ બંધાવલિકા વ્યતીત થયા બાદ અનંતાનુબંધિનો ઉદય થવાથી ઉદીરણા પણ થાય છે.

**પ્રશ્ન**:— બન્ધસમયથી આરંભીને આવલિકા પ્રમાણ સ્થિતિ વ્યતિક્રાન્ત થયે છતે પણ ઉદય કેમ હોય ? કારણ કે અબાધાકાળનો ક્ષય થયે છતેજ કર્મ ઉદય પ્રાપ્ત થાય છે, અને અનંતાનુબંધિનો અબાધાકાળ પણ જઘન્યથી અંતર્મુ૦ અને ઉત્કૃષ્ટથી ૪૦૦૦ વર્ષનો છે. (તો અનંતાનુબંધિ બંધાયા પછી અન્તર્મુ૦ બાદ અથવા ૪૦૦૦ વર્ષ બાદ અનંતાનુબંધિનો ઉદય થવો જોઇએ પરંતુ પ્રથમાવલિકા વ્યતીત થયા બાદ નહિ ઇતિ ભાવઃ)

**ઉત્તર**:—એમાં કોઇ દોષ નથી. કારણ કે બંધ સમયથી આરંભીને તે અનંતાનુબંધિની પ્રથમ સત્તા તો થાય છેજ, અને **સત્તા થયે છતે પતદ્ગ્રહપણું** પ્રાપ્ત થાય છે, અને પતદ્ગ્રહપણું પ્રાપ્ત થયે છતે શેષ પ્રકૃતિયોના દલિકનું સંક્રમણ થાય છે, અને સંક્રાન્ત થયેલા દલિકનો સંક્રમાવલિકા વ્યતીત થયે ઉદય થાય છે. **અને ઉદય થયે છતે ઉદીરણા**[2] થાય છે, તેથી બંધસમયથી અનંતર આવલિકા વ્યતીક્રાન્ત થયે અનંતાનુબંધીની ઉદીરણા કહી તે વિરોધવાળી નથી.

---

૧ અહિં બંધાવલિકા સાથે સંક્રાન્ત પ્રત્યાખ્યાનાદિ કષાયની સંક્રમાવલિકા પણ વ્યતીત થાય છે, અને સંક્રાન્ત દલિકોનોજ ઉદય વા ઉદીરણા થવાની છે, માટે " સંક્રમાવલિકા વ્યતિત થયા બાદ " એમ પણ કહી શકાય.

૨ બંધદ્વારા પ્રાપ્ત થયેલી અનંતાનુબંધિની નહિ, પરન્તુ સંક્રમદ્વારા પ્રાપ્ત થયેલી અનંતાનુબંધિની ઉદીરણા.

તથા परम्मि पंचाइ अट्ठ=અવિરત સમ્યગ્દૃષ્ટિથી આગળના દેશવિરતિવંત જીવમાં ૫ થી ૮ સુધીનાં ૫-૬-૭-૮ એ ૪ ઉદી૦ સ્થાન છે.—ત્યાં પ્રત્યા૦ અને સંજ્વ૦ ક્રોધાદિ ૨ કષાય, ત્રણ વેદમાંનો ૧ વેદ, કોઇ એક યુગલની ૨ પ્રકૃતિ, એ ૫ પ્રકૃતિરૂપ ઉદી૦ સ્થાન છે, ત્યાં ભાંગાની ૬ ચોવીસી છે. આ ઉદીરણા ઉપશમ વા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિયુક્ત દેશવિરત જીવને હોય છે.

તથા એ ૫ માં ભય વા કુત્સા વા સમ્યક્ત્વને પ્રક્ષેપતાં ૬ ની ઉદીરણા થાય, અને ભાંગાની ૩ ચોવીસી થાય છે.

તથા એ ૫ માં ભય કુત્સા—ભય સમ્યક્ત્વ—વા કુત્સા સમ્યક્ત્વ એમ બે પ્રકૃતિ પ્રક્ષેપતાં ૭ પ્રકૃતિનું ઉદી૦ સ્થાન થાય છે, અને ભાંગાની ૩ ચોવીસી થાય છે.

તથા એ ૫ માં ભય—કુત્સા—અને સમ્યક્ત્વ એ ત્રણને પ્રક્ષેપતાં ૮ ની ઉદીરણા થાય છે અને ભાંગાની ૧ ચોવીસી થાય છે.

૧ હવે પ્રમત્ત અને અપ્રમત્ત જીવની ઉદીરણામાં કંઇ પણ તફાવત નહિ હોવાથી બન્નેની ઉદીરણા સાથેજ કહેવાય છે.

विरए य चउराइ सत्त=પ્રમત્ત અને અપ્રમત્ત જીવમાં ૪ થી ૭ પર્યન્તનાં ૪-૫-૬-૭ એ ચાર ઉદીરણા સ્થાન છે. ત્યાં સં૦ ક્રોધાદિકમાંનો ૧ કષાય, ત્રણ વેદમાંથી ૧ વેદ, અને કોઇ એક યુગલની ૨ પ્રકૃતિ એ ૪ પ્રકૃતિયોની ઉદી૦ અવશ્ય હોય છે, અને અત્રે ભાંગાની ૧ ચોવીસી થાય છે. આ ઉદીરણા ઔપશમિક વા ક્ષાયિક સમ્યક્ત્વવંત સર્વવિરતને જાણવી.

તથા એજ ૪ પ્રકૃતિમાં હાસ્ય વા કુત્સા વા સમ્યક્ત્વને પ્રક્ષેપતાં ૫ ની ઉદી૦ થાય છે. અને ભાંગાની ૩ ચોવીસી થાય છે.

તથા એજ ૪ પ્રકૃતિમાં હાસ્ય—કુત્સા અથવા હાસ્ય—સમ્યક્ત્વ અથવા કુત્સા સમ્યક્ત્વ એમાંથી કોઇ એક દ્વિકનો પ્રક્ષેપ કરતાં

તથા એજ ૭ માં ભય અથવા જુગુપ્સાને પ્રક્ષેપતાં ૮ ની ઉદીરણા થાય છે ત્યાં ભાંગાની ૨ ચોવીસી થાય છે.

તથા એજ ૭ માં ભય અને કુચ્છા બન્ને પ્રક્ષેપતાં ૯ ની ઉદીરણા થાય છે ત્યાં ભાંગાની ૧ ચોવીસી થાય છે.

તથા મિશ્ર સમ્યગ્દૃષ્ટિ જીવમાં અનન્તાનુબન્ધિ સિવાયના ક્રોધાદિ ૩ કષાય, ત્રણ વેદમાંનો ૧ વેદ, બે યુગલમાંનું એક યુગલ તેની ૨ પ્રકૃતિ, અને મિશ્ર મોહનીય એ ૭ ની ઉદીરણા અવશ્ય હોય છે અહિં પણ પૂર્વોક્ત રીતે ભાંગાની ૧ ચોવીસી થાય છે.

તથા એજ ૭ પ્રકૃતિમાં ભય અથવા જુગુપ્સાને પ્રક્ષેપતાં ઉદીરણા ૮ ની થાય છે અને ભાંગાની ચોવીસી ૨ થાય છે.

તથા એજ ૭ માં ભય અને કુચ્છાને પ્રક્ષેપતાં ૯ ની ઉદીરણા થાય છે અને ભાંગાની ૧ ચોવીસી થાય છે.

તથા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવમાં ૬ થી ૯ પર્યન્ત ૬-૭ ૮-૯ એ ચાર ઉદી૦ સ્થાન છે. ત્યાં ઉપશમ સમ્યક્ત્વી વા ક્ષાયિક સમ્યક્ત્વી જીવમાં અનન્તાનુબન્ધિ સિવાયના ક્રોધાદિ ૩ કષાય, ત્રણ વેદમાંથી કોઇ ૧ વેદ, અને કોઇ એક યુગલની ૨ પ્રકૃતિ, એ ૬ ની ઉદીરણા અવશ્ય હોય છે, અને ભાંગાની ચોવીસી ૧ હોય છે.

તથા એજ ૬ માં ભય વા કુચ્છા વા સમ્યક્ત્વને પ્રક્ષેપતાં ૭ ની ઉદીરણા થાય છે. ને ભાંગાની ૩ ચોવીસી થાય છે.

તથા એજ ૬ માં ભય ને કુચ્છા-અથવા ભય ને સમ્યક્ત્વ-અથવા કુચ્છાને સમ્યક્ત્વ એમ બે પ્રકૃતિ પ્રક્ષેપતાં ૮ ની ઉદીરણા થાય છે. અને ભાંગાની ૩ ચોવીસી થાય છે.

તથા એજ ૬ માં ભય-કુચ્છા-અને સમ્યક્ત્વ એ ત્રણને પ્રક્ષેપતાં ૯ ની ઉદીરણા થાય છે, અને ભાંગાની ૧ ચોવીસી થાય છે.

તથા પરમ્મિ પંચાઇ સટ્ઠ=અવિરત સમ્યગ્દૃષ્ટિ [illegible] ૫–૬–૭–૮ [illegible]
દેશવિરતિવંત જીવમાં ૫ થી ૮ સુધીનાં [illegible]
ઉદી૦ સ્થાન છે.—ત્યાં પ્રત્યા૦ અને સંજ્વ૦ [illegible] ૨ પ્રકૃતિ, [illegible]
વેદમાંનો ૧ વેદ, કોઇ એક યુગલની ૨ પ્રકૃતિ, [illegible]
ઉદી૦ સ્થાન છે, ત્યાં ભાંગાની ૧ ચોવીસી છે. [illegible]
વા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિયુક્ત દેશવિરત જીવને હોય છે.

તથા એ ૫ માં ભય વા કુત્સા વા સમ્યક્ત્વને [illegible] ૬ ની
ઉદીરણા થાય, અને ભાંગાની ૩ ચોવીસી થાય છે.

તથા એ ૫ માં ભય કુત્સા—ભય સમ્યક્ત્વ—વા કુત્સા [illegible]
કુત્સ એમ બે પ્રકૃતિ પ્રક્ષેપતાં ૭ પ્રકૃતિનું ઉદી૦ સ્થાન [illegible],
અને ભાંગાની ૩ ચોવીસી થાય છે.

તથા એ ૫ માં ભય–કુત્સા–અને સમ્યક્ત્વ [illegible]
પતાં ૮ ની ઉદીરણા થાય છે અને ભાંગાની ૧ [illegible]
। હવે પ્રમત્ત અને અપ્રમત્ત જીવનાં [illegible]
તફાવત નહિ હોવાથી બન્નેની ઉદીરણા [illegible]

વિરએ ચ ચઉરાઇ સત્ત=પ્રમત્ત અને [illegible]
૭ પર્યન્તનાં ૪–૫–૬–૭ એ ચાર ઉદીરણા [illegible]
ક્રોધાદિકમાંનો ૧ કષાય, ત્રણ વેદમાંથી ૧ [illegible]
લની ૨ પ્રકૃતિ એ ૪ પ્રકૃતિયોની ઉદી૦ [illegible]
અને ભાંગાની ૧ ચોવીસી થાય છે. [illegible]
ક્ષાયિક સમ્યક્ત્વવંત સર્વવિરતને [illegible]

તથા એજ ૪ પ્રકૃતિમાં [illegible]
પતાં ૫ ની ઉદી૦ થાય છે. [illegible]

તથા એજ ૪ પ્રકૃતિમાં [illegible]
અથવા કુત્સા સમ્યક્ત્વ [illegible]

૬ પ્રકૃતિની ઉદીરણા થાય છે, તેમાં પણ ભાંગાની ૧૩ ચોવીસી થાય છે.

તથા એજ ૪ પ્રકૃતિમાં હાસ્ય-કુચ્છા-અને સમ્યક્ત્વ એ ત્રણને પ્રક્ષેપતાં ૭ પ્રકૃતિની ઉદીરણા થાય છે, ને ભાંગાની ૧ ચોવીસી થાય છે.

॥ હવે अपूर्वकरणमां ઉદીરણા સ્થાન દર્શાવે છે ॥

छच्च उवरिल्लंमि=વિરતથી ઉપરના અપૂર્વકરણ ગુણસ્થાન વર્તી જીવમાં ૪ થી ૬ પર્યન્તનાં ૪-૫-૬ એ ત્રણ ઉદી૦ સ્થાન છે. ત્યાં સં૦ ક્રોધાદિ ૧ કષાય. ત્રણ વેદમાંથી ૧ વેદ, અને એક યુગલની ૨ પ્રકૃતિ એ ૪ પ્રકૃતિનું ઉદી૦ સ્થાન છે તેમાં ભાંગાની ૧ ચોવીસી થાય છે.

તથા એજ ૪ માં ભય અથવા કુચ્છાને પ્રક્ષેપતાં ૫ નું ઉદી૦ સ્થાન થાય છે. ત્યાં ભાંગાની ૨ ચોવીસી થાય છે.

તથા એજ ૪ માં ભય અને કુચ્છા બેને પ્રક્ષેપતાં ૬ નું ઉદી૦ સ્થાન થાય છે. ત્યાં ભાંગાની ૧ ચોવીસી થાય છે આ અપૂર્વકરણ સંબંધિ ચોવીસીઓ તે પ્રમત્તાપ્રમત્ત સંબંધિ ચોવીસીઓથી કંઇ પણ તફાવત વિનાની હોવાથી એ ચોવીસીઓને આગળ જૂદી ગણાશે નહિ.

॥ હવે अनिवृत्ति गुणस्थानमां ઉદી૦ સ્થાન કહે છે ॥

**अनियट्टम्मि दुगेगं, लोभो तणुराग एग चउवीसा**
**एक्कग छक्के कारस, दस सत्त चउक्क एक्काओ ॥२४॥**

ગાંથાર્થ—અનિવૃત્તિમાં ૨-૧ એ બે, અને સૂ૦ સંપરાયમાં ૧ નું ઉદી૦ સ્થાન છે. અને ૧-૬-૧૧-૧૦-૭-૪-૧ ચોવીસીઓ અપ્રમત્ત પર્યંતની છે.

ટીકાર્થઃ—અનિવૃત્તિ ગુણસ્થાનમાં ૨ નું અને ૧ નું એમ બે ઉદી૦ સ્થાન છે. ત્યાં સંજ્વ૦ક્રોધાદિ ૧ અને ત્રણ વેદમાંનો ૧ વેદ એ ૨ ના ઉદી૦ સ્થાનમાં ૩ વેદના ૪ સંજ્વલન સાથે ૧૨ ભાંગા થાય છે, અને વેદનો ક્ષય થયે છતે સંજ્વલનના ૪ કષાયમાંથી કોઇ પણ એક કષાયને ઉદીરતાં ભાંગા ૪ થાય છે.

તથા સૂક્ષ્મ લોભકિટ્ટીને અનુભવતા સૂક્ષ્મસંપરાયીજીવને મોહનીયમાંથી ૧ લોભ માત્રજ ઉદીરણા યોગ્ય હોય છે ( અત્રે ભાંગાનો સંભવ નથી. )

હવે ૪ થી ૧૦ પર્યન્તનાં અપ્રમત્ત સુધીના જીવોમાં ઉદીરણા સ્થાનો સંબંધિ જેટલી ચોવીસીઓ થાય છે તેટલી દર્શાવે છે. ૧૦ ની ઉદીરણામાં ૧ ચોવીસી-૯ ની ઉદીરણામાં ૬ ચોવીસી-૮ ની ઉદીરણામાં ૧૧ ચોવીસી-૭ ની ઉદીરણામાં ૧૦ ચોવીસી-૬ ની ઉદીરણામાં ૭ ચોવીસી-૫ ની ઉદીરણામાં ૪ ચોવીસી અને ૪ ની ઉદીરણામાં ૧ ચોવીસી-એ પ્રમાણે ચોવીસીઓનો સવિસ્તર સંબંધ પૂર્વે દર્શાવ્યો છે, અને અત્રે સ્વબુદ્ધિ વડે એ સર્વ ચોવીસીઓની સમુદાયપણે સંકલના વિચારવી.

એ પ્રમાણે મોહનીયનાં ઉદી૦સ્થાન કહીને હવે નામકર્મનાં દીરણાસ્થાનોનું પ્રતિપાદન કરે છે.

एगवियालपन्ना-इ सत्तपन्नंत गुणिसु नामस्स
नव सत्त तिन्नि अट्ठ य, छ प्पंच य अप्पमत्ते दो ॥२५॥
एक्कं पंचसु एक्कम्मि, अट्ठ ट्ठाणक्कमेण भंगावि
एक्कग तीसे क्कारस, इगवीस सवार तिसए य ॥२६॥
इगवीसा छच्चसया, छहअहिया नवसया य एगहिया
अउणुत्तराणि चउदस-सयाइ गुणनउइ पंचसया॥२७॥

**ગાથાર્થ:**—૪૧-૪૨-ને ૫૦ થી ૫૭ સુધી નામનાં ઉદી૦ સ્થાનો ૧૦ છે. તે નામનાં ઉદીરણાસ્થાનો ૬ ગુણસ્થાનોમાં અનુક્રમે આ પ્રમાણે છે-૯-૭-૩-૮-૬-૫, અને અપ્રમત્તે ૨ નું ઉદી૦ સ્થાન છે. ॥ ૨૫ ॥

તથા ઉપરનાં પાંચ ગુણસ્થાનોમાં એકેક ઉદી૦સ્થાન છે, અને તદનંતરના એક ગુણસ્થાનમાં ૮ ઉદી૦સ્થાન છે. તેના અનુક્રમે ભાંગા પણ અનુક્રમે ૧-૩૦-૧૧-૨૧-૩૧૨-૨૧-૬૦૬-૯૦૧-૧૪૬૬ અને ૫૮૯ ભાંગા છે. એ ૧૦ ઉદીરણાસ્થાને ૧૦ પ્રકારે ભાંગા કહ્યા. ( સર્વ ૩૯૬૧ સ્વમતે ) ॥ ૨૬-૨૭ ॥

**ટીકાર્થ**—નામકર્મમાં ૪૧-૪૨-૫૦-૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭ એ દશ ઉદીરણા સ્થાનો છે. ત્યાં તૈજસ ૭-વર્ણાદિ ૨૦-અગુ૦-સ્થિ૦ અસ્થિર-શુભ-અશુભ-નિર્માણ એ ૩૩ પ્રકૃતિ-ચોની ઉદીરણા તો ( પ્રત્યેક જીવને પ્રત્યેક સમયે ) અવશ્ય હોય છે.

## ॥ अथ केवलीने उदीरणा स्थानो ॥

એ ૩૩ ધ્રુવોદીરણામાં મનુષ્યગતિ-પંચે૦-ત્રસાદિ ૩-સુભગાદિ ૩-એ ૮ પ્રકૃતિઓને પ્રક્ષેપતાં ૪૧ ની ઉદીરણા થાય છે. એ ૪૧ ની ઉદીરણા કેવલિસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા એવા કાર્મણ કાયયોગી કેવલિને હોય છે.

તથા એજ ૪૧ પ્રકૃતિયોમાં જીનનામનો પ્રક્ષેપ કરતાં ૪૨ પ્રકૃતિયોની ઉદીરણા થાય છે તે કાર્મણ યોગે વર્તતાં કેવલસમુદ્ઘાત યુકત કેવલિને હોય છે.

તથા એજ ૪૧ પ્રકૃતિઓમાં ઔદા૦ ૭-૧ સંસ્થાન-વજ્રર્ષ૦-ઉપ૦-અને પ્રત્યેક-એ ૧૧ પ્રકૃતિયોને પ્રક્ષેપતાં ૫૨ પ્રકૃતિયોની ઉદીરણા થાય છે. અહિં ૬ સંસ્થાન સાથે ૬ ભાંગા ઉપજે છે તે આગળ કહેવાતા સામાન્ય મનુષ્યના ભાંગા ગ્રહણ થશે તે ભાંગામાંજ

ગ્રહણ કરેલા જાણવા ( આગળ કહેવાતા સામાન્ય મનુષ્ય સંબંધિ ભાંગામાં અંતર્ગત જાણવા. ) એ પ્રમાણે આગળ પણ જાણવું. આ બાવન પ્રકૃતિસ્થાનના ઉદીરક ઔદારિકમિશ્રયોગે વર્તતા સમુદ્‌ઘાત યુક્ત સયોગિ કેવલી ભગવાન જાણવા.

તથા આ ૫૨ પ્રકૃતિયોને જીનનામ સહિત કરતાં ૫૩ પ્રકૃતિયોની ઉદીરણા થાય, તેના ઉદીરક પણ ઔદા૦ મિશ્રયોગે વર્તતા સમુદ્‌ઘાત યુક્ત સયોગિ કેવલિ ભગવાન છે, પરંતુ અત્રે સંસ્થાન માત્ર સમચતુરસ્રજ ગ્રહણ કરવું. ( તેથી સંસ્થાનના ૬ ભાંગા પડે નહિ. )

તથા એજ ૫૨ માં પરા૦-ઉચ્છ્વા૦-૧ ખગતિ-૧ સ્વર-એ ૪ પ્રકૃતિયોને પ્રક્ષેપતાં ૫૬ પ્રકૃતિનું ઉદીરણા સ્થાન થાય છે, તેના ઉદીરક ઔદારિક યોગે વર્તતા સયોગિ કેવલી જાણવા. ( અત્રે પણ ૨ સ્વર અને બે ખગતિ સાથે ૪ ભાંગા[1] થાય છે, પરન્તુ તે વિવક્ષા આગળ સામાન્ય મનુષ્યના ભાંગામાં કહેશે. માટે અત્રે કહ્યા નથી. )

તથા પૂર્વોક્ત ૫૩ માં એજ પરા૦-ઉચ્છ્વા૦-ખગતિ-સ્વર એ ચારને પ્રક્ષેપતાં ૫૭ પ્રકૃતિનું સ્થાન થાય છે, તેના ઉદીરક ઔદારિક યોગે વર્તતા શ્રી સર્વજ્ઞ તીર્થંકર ભગવાન જાણવા.

તથા એ ૫૭ માંથી વચનયોગનો નિરોધ કરતાં ( સ્વર નામ કર્મરહિત કરતાં ) ૫૬ ની ઉદીરણા સયોગિ કેવલીને હોય છે.

તથા એ ૫૬ માંથી ઉચ્છ્વાસનો નિરોધ થતાં ૫૫ ની ઉદીરણા થાય છે, તે પણ તીર્થંકરને સયોગિ ગુણસ્થાને હોય છે,—અથવા

૧ ૬ સંસ્થાન ૨ ખગતિ ને ૨ સ્વર સાથે ૨૪ ભાંગા થાય અને આગળ અતિર્થંકરની ૫૫ ની ઉદીરણામાં ૬ સંસ્થાન અને ૨ ખગતિ સાથે ૧૨ ભાંગા થાય છે, એમ ચૂર્ણી ટીકામાં કહ્યું છે માટે કેવલિ સંબંધિ ભાંગા યથાર્થ સમજવાને ખાતર કહેલા છે.

સામાન્ય કેવલિ સંબંધિ પૂર્વોક્ત ૫૬ ની ઉદીરણામાંથી વચનયોગનો નિરોધ થતા પણ ૫૫ ની ઉદી૦ થાય છે.

તથા સામાન્યકેવલિસંબંધિ ૫૬ ની ઉદીરણામાંથી વચનયોગ અને ઉશ્વાસ નિરોધે ૫૪ ની ઉદીરણા થાય છે.

અહિં ૫૨ અને ૫૪ એ બે[1] સિવાયના શેષ કેવલિસંબંધિ (૪૧-૪૨-૫૩-૫૫-૫૬-૫૭ એ) ૬ ઉદી૦સ્થાનોમાં પ્રત્યેક એકેક ભાંગો ગણાય છે, તેથી કેવલિને સર્વ સંખ્યાએ (૬ ઉદી૦ સ્થાનના) ૬ ભાંગા હોય છે, તેમાં ૪૧ ની ઉદીરણાનો ૧ ભાંગો સામાન્ય કેવલિ સંબંધિ છે, અને શેષ ૫ ભાંગા શ્રી તીર્થંકર સંબંધિ જાણવા. એ પ્રમાણે केवलिनां ઉદી૦સ્થાનો કહ્યાં.
॥ इति केवलीनामुदीरणास्थानानि ॥

। હવે एकेन्द्रियनं उदी०स्थानो કહેવાય છે ।

૪૨-૫૦-૫૧-૫૨-૫૩ એ પાંચ ઉદી૦સ્થાન એકેન્દ્રિયજીવને હોય છે. ત્યાં તિર્ય૦ ૨-સ્થા૦ એકે૦-બાદ૦ વા સૂ૦-પર્યા૦ વા અપર્યા૦-દુર્ભ૦-અના૦-યશ વા અયશ- એ ૯ પ્રકૃતિઓને પૂર્વોક્ત ૩૩ ધ્રુવોદી-યુ પ્રકૃતિઓ સાથે મેળવતાં ૪૨ પ્રકૃતિઓની ઉદી૦ થાય છે. અહિં ભાંગા ૫ થાય છે તે આ પ્રમાણે-બાદર સૂક્ષ્મના પર્યાપ્ત અને અપર્યાપ્ત સાથે ૪ ભાંગા થાય, અને બાદર સહિત પર્યાપ્તના યશકીર્તિ સાથે ૧ ભાંગો થાય, કારણ કે સૂ૦ અને અપર્યાપ્તના ઉદય સાથે યશનામનો ઉદય ન હોય, અને ઉદયાભાવથી ઉદીરણા પણ ન હોય, તેથી [illegible]

[illegible]

પણ ન હોય. આ ૪૨ ની ઉદીરણા ગતિના અપાન્તરાલે વહેતા એકેન્દ્રિયજીવને હોય છે.

તથા બાદ૦ ૬ ( ઉપાંગવિના )-હું૦-ઉપ૦-પ્રત્યેક વા સાધા૦-એ ૯ પ્રકૃતિયોને ૪૨ પ્રકૃતિયોમાં પ્રક્ષેપીને તિર્યગાનુ પૂર્વીને બાદ કરે તો ૫૦ ની ઉદીરણા થાય છે. અહિં ભાંગા ૧૦ થાય છે તે આ પ્રમાણે—બાદર [1]પર્યાપ્તના પ્રત્યેક અને સાધા૦ તથા યશ અને અયશ સાથે ૪ ભાંગા થાય છે, અને અપર્યાપ્ત બાદરના અયશ સાથે પ્રત્યેક અને સાધારણ એ બે ભાંગા થાય છે. તથા સૂક્ષ્મજીવને પ્રત્યેક અને સાધારણના પ્રર્યાપ્ત અને અપર્યાપ્ત સાથે અયશપૂર્વક ૪ ભાંગા થાય છે, એ પ્રમાણે ૧૦ ભાંગા થાય છે:-

પુનઃ બાદર વાયુકાયિક જીવને વૈક્રિય કરતાં ઔદારિક છક્કને સ્થાને વૈક્રિય છક્ક કહેવું, તેથી તેને પણ ૫૦ ની ઉદીરણા હોય છે, અને અહિં બાદર પર્યાપ્ત પ્રત્યેક, અને અયશ સાથે ૧ જ ભાંગો થાય છે, કારણ કે અગ્નિકાય અને વાયુકાયમાં સાધારણ અને યશ નામનો ઉદય હોય નહિ, અને ઉદયના અભાવથી તેની ઉદીરણા પણ નહોય, તેથી તત્સંબંધી ભાંગાઓ ઉપજતા નથી એ પ્રમાણે ૫૦ ના ઉદી૦ સ્થાનમાં ૧૧ ભાંગા થયા આ ઉદીરણા [illegible] દારસ્થ [illegible] ધ્યને હોય છે.

સામાન્ય કેવલિ સંબંધિ પૂર્વોકત ૫૬ ની ઉદીરણામાંથી વચનયોગનો નિરોધ થતાં પણ ૫૫ ની ઉદી૦ થાય છે.

તથા સામાન્યકેવલિસંબંધિ ૫૬ ની ઉદીરણામાંથી વચનયોગ અને ઉશ્વાસ નિરોધે ૫૪ ની ઉદીરણા થાય છે.

અહિં પર અને ૫૪ એ બે[1] સિવાયના શેષ કેવલિસંબંધિ ( ૪૧–૪૨–૫૩–૫૫–૫૬–૫૭ એ ) ૬ ઉદી૦સ્થાનોમાં પ્રત્યેકે એકેક ભાંગો ગણાય છે, તેથી કેવલિને સર્વ સંખ્યાએ ( ૬ ઉદી૦ સ્થાનના ) ૬ ભાંગા હોય છે, તેમાં ૪૧ ની ઉદીરણાનો ૧ ભાંગો શ્રી તીર્થંકર સંબંધિ છે, અને શેષ ૫ ભાંગા સામાન્ય કેવલિ સંબંધિ જાણવા. એ પ્રમાણે કેવલિનાં ઉદી૦સ્થાનો કહ્યાં.

॥ इतिकेवलीनामुदीरणास्थानानि ॥

। હવે एकेन्द्रियने उदी०स्थानो કહેવાય છે ।

૪૨–૫૦–૫૧–૫૨–૫૩ એ પાંચ ઉદી૦સ્થાન એકેન્દ્રિયજીવને હો. છે. ત્યાં તિર્ય૦ ૨–સ્થા૦–એકે૦–બા૦ વા સૂ૦–પર્યા૦ વા અપર્યા૦–દુર્ભ૦–અના૦–યશ વા અયશ– એ ૯ પ્રકૃતિયોને પૂર્વોક્ત ૩૩ ધ્રુવોદીરણા પ્રકૃતિયો સાથે મેળવતાં ૪૨ પ્રકૃતિયોની ઉદી૦ થાય છે. અહિં ભાંગા ૫ થાય છે તે આ પ્રમાણે–બાદર-સૂક્ષ્મના પર્યાપ્ત અને અપર્યાપ્ત સાથે ૪ ભાંગા થાય, અને બાદર સહિત પર્યાપ્તાનો યશકીર્તિ સાથે ૧ ભાંગો થાય, કારણ કે સૂક્ષ્મ અને અપાર્યપ્તના ઉદય સાથે યશનામનો ઉદય ન હોય, અને ઉદયાભાવથી ઉદીરણા પણ ન હોય, તેથી તદાશ્રિત વિકલ્પ ( ભાંગા )

1 ૫૨ ની અને ૫૪ ની ઉદીરણા કેવલીભગવાનને અને સામા[illegible] મનુષ્યને બન્નેને એક સરખી રીતે છે, તેથી એ બે ભાંગા બે [illegible] નહિ ગણાઈ જવાને માટે કેવલીને સદ્ભાવ છતાં પણ ભંગ સંખ્યા[illegible] સામાન્ય મનુષ્યના ભાંગાઓમાં અંતર્ગત ગણ્યા છે ને અહિં [illegible] સંખ્યામાંથી બાદ કર્યા છે.

। હવે દ્વીન્દ્રિયાદિજીવોનાં ઉદી૦સ્થાન કહેવાય છે ।

૪૨-૫૨-૫૪-૫૫-૫૬-૫૭ એ ૬ ઉદી૦સ્થાન દ્વીન્દ્રિયજીવોને હોય છે. ત્યાં તિર્ય૦૨-દ્વી૦-ત્ર૦-બા૦-૫૦ વા અપ૦-દુ૦ અના૦-યશ વા અયશ-એ ૯ પ્રકૃતિયોને પૂર્વોક્ત ૩૩ ધ્રુવોદીરણા પ્રકૃતિયોમાં મેળવતાં ૪૨ પ્રકૃતિની ઉદી૦ ગતિના અંતરાલમાં વહેતા દ્વીન્દ્રિયજીવને જાણવી. અહિં ભાંગા ૩ થાય છે તે આ પ્રમાણે— અપર્યાપ્તનામકર્મના ઉદયમાં વર્તતા દ્વીન્દ્રિયજીવને અયશની સાથે ૧ ભાંગો થાય છે. અને પર્યાપ્તનામના ઉદયમાં વર્તતા દ્વીન્દ્રિયજીવને યશ અને અયશ સાથે ૨ ભાંગા થાય છે.

તદનંતર શરીરસ્થ દ્વીન્દ્રિયજીવને ઔદા૦-૭-હું૦-સં૦-ઉપ૦-પ્રત્યે૦-એ ૧૧ પ્રકૃતિયોને પ્રક્ષેપીને તિર્યગનુ૦ ત્યાગ કરતાં ૫૨ ની ઉદીરણા થાય, ત્યાંપણ ભાંગા ૩ થાય છે તે પૂર્વવત્ જાણવા.

જીવને સ્વરની અનુદીરણા અને ઉદ્યોતની ઉદીરણા ગ્રહણ કરીએ તો પણ ૫૬ ની ઉદી૦ થાય છે, ત્યાં યશ અને અયશ સાથે ૨ ભાંગા થાય છે. એ પ્રમાણે ૫૬ ની ઉદીરણામાં સર્વ સંખ્યાએ ૬ ભાંગા થાય છે.

તદનંતર ભાષાપર્યાપ્ત દ્વીન્દ્રિયને સ્વર સહિત ૫૬ ની ઉદીરણામાં ઉદ્યોતનો પ્રક્ષેપ કરતાં ૫૭ ની ઉદીરણા થાય છે. અહિં દુઃસ્વર અને સુસ્વરના યશ અયશ સાથે ૪ ભાંગા થાય છે, એ પ્રમાણે દ્વીન્દ્રિયને ઉદીરણામાં ૨૧ ભાંગા થાય છે.

એ પ્રમાણે ત્રીન્દ્રિયનાં અને ચતુરિન્દ્રિય જીવનાં પણ ઉદી૦ સ્થાન દ્વીન્દ્રિયવત્ કહેવાં; પરન્તુ દ્વીન્દ્રિયને સ્થાને ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જાતિ કહેવી: એ પ્રત્યેકના ૨૨-૨૨ ભાંગા ગણતાં વિકલેન્દ્રિયના સર્વ સંખ્યાએ ૬૬ ભાંગા થાય છે.

। હવે તિર્ય૦ પંચે૦ નાં ઉદી૦ સ્થાન કહેવાય છે.

૪૨-૫૨-૫૪-૫૫-૫૬-૫૭ એ ૬ ઉદી૦ સ્થાન વૈક્રિય લબ્ધિ રહિત તિર્યંચ પંચેન્દ્રિયોને હોય છે, ત્યાં તિર્ય૦ ૨-પંચે૦ ત્ર૦-બા૦-પર્યા૦ વા અપ૦-સુભગ વા દુર્ભગ-આદેય વા અનાદેય યશ વા અયશ-એ ૯ પ્રકૃતિયોને પૂર્વોક્ત ૩૩ ધ્રુવોદીરણામાં પ્રક્ષેપતાં ૪૨ ની ઉદીરણા થાય છે, તે ભવાપાન્તરાલવર્તી તિર્યંચને હોય છે. અહિં ૫ ભાંગા છે, તે આ પ્રમાણે-પર્યાપ્ત નામોદયમાં વર્તતા તિર્યંચ પંચેન્દ્રિયને સુભગ યુગલ ( સુભગ ને આદેય ) અને દુર્ભગ યુગલ ( દુર્ભગ, અનાદેય ) ના યશ અને અયશની સાથે ૪ ભાંગા થાય છે. અને અપર્યાપ્ત નામોદયમાં વર્તતાને તો દુર્ભગ, અનાદેય, અને અયશ રૂપ ૧ ભાંગો થાય છે. અહિં સુભગ અને આદેય અથવા દુર્ભગ અને અનાદેયનો ઉદય સમકાળે હોવાથી

ઉદીરણા પણ સમકાળેજ થાય છે તેથી ૫૧ જ ભાંગા થાય છે. ( અહિં બીજા આચાર્ય કહે છે કે-સુભગ અને આદેય અથવા દુર્ભગ અને અનાદેય એ બેનો સમકાળેજ ઉદય હોય છે એવો એકાન્ત નિયમ નથી કારણ કે સુભગના ઉદયે આદેયનો અનુદય પણ દેખાય છે તેથી પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયને સુભગ, દુર્ભગ, આદેય, અનાદેય, યશ, અને અયશ, એ છ પદ સાથે ૮ ભાંગા થાય છે. અને અપર્યાપ્તને તો પૂર્વોક્ત રીતે ૧ જ ભાંગો હોય છે, માટે એ રીતે ૪૨ ની ઉદીરણામાં સર્વ સંખ્યાએ ૯ ભાંગા થાય છે ).

તદનંતર દેહસ્થ ને ઔ૦ ૭-૧ સંસ્થાન-૧ સંઘયણ-ઉપ૦ ૦-એ ૧૧ પ્રકૃતિયોને ૪૨ ની ઉદીરણામાં પ્રક્ષેપીને તિર્યગાનુપૂર્વી દ કરીયે તો ૫૨ ની ઉદીરણા થાય છે, ત્યાં ભાંગા ૧૪૫ થાય છે આ પ્રમાણે પર્યાપ્ત જીવને ૬ સંસ્થાન ૬ સંઘયણ ૨ વિહાયોગતિ યશ અને અયશ સાથે ૧૪૪ ( ૬×૬×૨×૨=૧૪૪ ) ભાંગા થાય છે, અને અપર્યાપ્તને હુંડક છેવટ્ઠુ, દુર્ભગ, અનાદેય ને અયશરૂપ ૧ જ ભાંગો થાય છે, પુનઃ કેટલાક આચાર્યો સુભગ આદેય અને દુર્ભગ અનાદેયનો યુગપત વા અયુગપત ઉદય પણ માને છે, તેઓને મતે ૫૨ ની ઉદીરણામાં ૨૮૯ ભાંગા આ પ્રમાણે થાય છે, પર્યાપ્ત જીવને ૬ સંસ્થાન ૬ સંઘયણથી સુભગ અને દુર્ભગથી આદેય અને [illegible] યશ અને અયશથી ૨૮૮ ( ૬×૬×૨ [illegible]

તેનેજ ૨ ખગતિએ ગુણવાથી ૨૮૮ ભાંગા થાય છે, અને મતાન્તરે પુનઃ ૫૭૬ ભાંગા થાય છે.

તદનંતર (ઉશ્વાસપર્યાપ્તવડે પર્યાપ્ત થયેલા) ઉચ્છ્વાસ પર્યાપ્તને ઉશ્વાસની ઉદીરણા પ્રક્ષેપતાં ૫૫ ની ઉદી૦ થાય છે. અહિં પણ પૂર્વવત્ ૨૮૮ ભાંગા થાય છે, અને મતાન્તરે ૫૭૬ ભાંગા થાય છે.—અથવા શરીરપર્યાપ્તને ઉશ્વાસની અનુદીરણા અને ઉદ્યોતની ઉદીરણા ગ્રહણ કરતાં પણ ૫૫ ની ઉદીરણા થાય છે અહિં પણ ભાંગા ૨૮૮, અને મતાન્તરે ૫૭૬ છે. એ પ્રમાણે ૫૫ ની ઉદીરણામાં સ્વમતથી ૫૭૬ ભાંગા, અને મતાન્તરે ૧૧૫૨ ભાંગા થાય છે.

તદનંતર ભાષાપર્યાપ્તને સુસ્વર વા દુઃસ્વરનો પ્રક્ષેપ કરતાં ૫૬ ની ઉદીરણા થાય છે, ત્યાં સ્વમતથી જે ઉશ્વાસ સાથે ૨૮૮ ભાંગા પ્રથમ થયા છે તેને બે સ્વર વડે ગુણતાં ૫૭૬ ભાંગા અત્રે થાય છે. અને મતાન્તરે પુનઃ ૧૧૫૨ થાય છે.—અથવા ઉશ્વાસ પર્યાપ્તને સ્વરની અનુદીરણા અને ઉદ્યોતની ઉદીરણા ગ્રહણ કરતાં પણ ૫૬ ની ઉદી૦ થાય છે, અહિંપણ સ્વમતે ૮૬૪, અને મતાન્તરે ૧૭૨૮ ભાંગા થાય છે.

તથા ભાષાપર્યાપ્તને સ્વર સહિત જે ૫૬ ની ઉદી૦ છે તેમાં ઉદ્યોતનો પ્રક્ષેપ કરતાં ૫૭ ની ઉદી૦ થાય છે. અહિં સ્વર સહિત ૫૬ ની ઉદીરણામાં જે સ્વમતથી ૫૭૬, અને મતાન્તરે ૧૧૫૨ ભાંગા કહ્યા છે તેજ અત્રે પણ જાણવા.

। હવે वैक्रियलब्धिवाळा तिर्यंचपंचे०ने उदी०स्थान કહે છે. ।

૫૧-૫૩-૫૪-૫૫-૫૬ એ ૫ ઉદીરણાસ્થાન વૈ૦લબ્ધિયુક્ત તિર્યંચોને હોય છે. ત્યાં વૈ૦૭-સમચ૦-ઉપ૦-પ્ર૦-એ ૧૦ પ્રકૃતિયોને પૂર્વોક્ત તિર્યંચપંચેન્દ્રિયપ્રાયોગ્ય ૪૨ પ્રકૃતિયોમાં પ્રક્ષેપીને તિર્યંચાનુપૂર્વીને બાદ કરે તો ૫૧ પ્રકૃતિનું ઉદી૦સ્થાન થાય છે.

અહિં સુભગયુગલ, દુર્ભગયુગલના યશ, અને અયશ સાથે ૪ ભાંગા થાય છે અને મતાન્તરે સુભગ અને દુર્ભગથી અને આદેય તથા અનાદેયથી યશ અને અયશ સાથે [1]પર્યાપ્તજીવને ૮ ભાંગા થાય છે.

તદનંતર [2]શરીરપર્યાપ્તિવડે પર્યાપ્ત (शरीरपर्याप्त) જીવને પ૨૦ અને સુખગતિની ઉદીરણા પ્રક્ષેપતાં ૫૩ ની ઉદીરણા થાય છે. અહિં પણ પૂર્વવત્ સ્વમતે ૪, અને મતાન્તરે ૮ ભાંગા થાય છે.

તદનંતર [3]ઉચ્છ્વાસપર્યાપ્તિએ પર્યાપ્ત (उच्छ्वासपर्याप्त) જીવને ઉચ્છ્વાસની ઉદીરણા પ્રક્ષેપતાં ૫૪ ની ઉદી૦ થાય છે. અત્રે પણ પૂર્વવત્ સ્વમતે ૪, અને મતાન્તરે ૮ ભાંગા થાય છે.—અથવા દેહપર્યાપ્તજીવને ઉચ્છ્વાસની અનુદીરણા અને ઉદ્યોતની ઉદીરણા ગ્રહણ કરતાં પણ ૫૪ ની ઉદીરણા થાય છે અહિં પણ પૂર્વવત્ સ્વમતે ૪ ને પરમતે ૮ ભાંગા થાય છે. એ પ્રમાણે સર્વમળીને ૫૪ ની ઉદીરણામાં સ્વમતે ૮, અને મતાન્તરે ૧૬ ભાંગા થાય છે.

તદનંતર [4]ભાષાપર્યાપ્તિએ પર્યાપ્ત થયેલા જીવને (भाषापर्याप्तने) ઉચ્છ્વાસસહિત ૫૪ ની ઉદીરણામાં સ્વર નામનો પ્રક્ષેપ કરતાં ૫૫ ની ઉદીરણા થાય છે. અહિં પણ સ્વમતે ૪, અને પરમતે ૮ ભાંગા થાય છે.—અથવા उच्छ्वासपर्याप्त તિર્યંચને સ્વરની અનુદીરણા અને ઉદ્યોતની ઉદીરણા ગણતાં પણ ૫૫ ની ઉદીરણા થાય છે. અહિં પણ સ્વમતે ૪, અને પરમતે ૮, અને મતાન્તરે ૧૬ ભાંગા થાય છે.

તદનંતર સ્વરસહિત ૫૫ ની ઉદીરણામાં ઉદ્યોતનો પ્રક્ષેપ કરતાં ૫૬ ની ઉદીરણા થાય છે. અત્રે પણ સ્વમતે ૪, અને પરમતે ૮ ભાંગા થાય છે. એ પ્રમાણે વૈક્રિયની વિકુર્વણા કરતા તિર્યંચ પંચેન્દ્રિયોને સર્વ સંખ્યાએ સ્વમતે ૨૮ ભાંગા અને પરમતે ૫૬ ભાંગા થાય છે. અને સામાન્યથી સર્વ તિર્યંચપંચેન્દ્રિયની અપેક્ષાએ સ્વમતે ૨૪૮૨ ભાંગા અને પરમતે ૪૯૬૨ ભાંગા થાય છે.

। હવે [1]मनुष्यनां उदी० स्थानो કહેવાય છે. ।

મનુષ્ય સંબંધિ ઉદીરણા સ્થાનોની વિવક્ષામાં કેવલિ સંબંધિ ઉદીરણા સ્થાનો તો પ્રથમ કહેવાયાં છે, અને અન્ય મનુષ્ય સંબંધિ ૪૨–૫૨–૫૪–૫૫–૫૬ એ ૫ ઉદી૦ સ્થાનો છે. એ સર્વપણ પ્રથમ જે રીતે તિર્યંચ પંચેન્દ્રિયના સંબંધમાં કહ્યાં છે, તે રીતે અત્રે પણ કહેવાં પરન્તુ તિર્યગ્ ગતિ અને તિર્યગાનુપૂર્વીને સ્થાને મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી એવો શબ્દ કહેવો, અને ૫૫ તથા ૫૬ નું ઉદીરણા સ્થાન તે ઉદ્યોત રહિત કહેવું, કારણ કે વૈક્રિય અને આહારક લબ્ધિયુક્ત મુનિ સિવાય અન્ય મનુષ્યને ઉદ્યોતના ઉદયનો અભાવ છે. સર્વત્ર ભાંગાપણ ઉદ્યોત રહિત તેજ પ્રમાણે સ્વમતથી અને પરમતથી કહેવા, તે આ પ્રમાણે–સ્વમતથી ૪૨ ની ઉદીરણામાં ૫ ભાંગા–૫૨ ની ઉદીરણામાં ૧૪૫–૫૪ ની ઉદીરણમાં ૨૮૮–૫૫ ની ઉદીરણામાં ૨૮૮–૫૬ ની ઉદીરણામાં ૫૭૬–તથા મતાન્તરે ક્રમપૂર્વક ૯–૨૮૯–૫૭૬–૫૭૬, ૧૧૫૨ ભાંગા થાય છે. ( સર્વભાંગા ૩૦૨ વા ૨૬૦૨ )

। હવે वैक्रिय विकुर्वता मनुष्योनां उदी० स्थान કહે છે ।

૧ અહિં વૈક્રિય અને આહારકકાયની વિકુર્વણા રહિત, અને અસર્વજ્ઞ એવા સામાન્ય મનુષ્યોનું ગ્રહણ કરવું.

૨ એ કારણથીજ કર્મવિપાક નામના પ્રથમ કર્મગ્રંથમાં " जा वेउव्व विउव्व " પદમાં માત્ર યતિજ ગ્રહણ કરેલ છે.

૫૧-૫૩-૫૪-૫૫-૫૬ એ પાંચ ઉદી૦ સ્થાનો વૈક્રિયની વિકુર્વણા કરતા મનુષ્યને હોય છે, ત્યાં ૫૧ ની અને ૫૩ ની ઉદીરણા તો પૂર્વે વૈક્રિયકર્તા તિર્યંચવત્ જાણવી.

તથા ઉચ્છ્વાસ સહિત ૫૪ ની ઉદીરણામાં સ્વમતે ૪, અને મતાન્તરે ૮ ભાંગા હોય છે-અને ઉત્તર વૈક્રિયકર્તા મુનીને ઉદ્યોત નામનો ઉદય હોય છે, અન્યને નહિ, તેથી તે ઉદ્યોત સહિત ૫૪ ની ઉદીરણામાં ૧ પ્રશસ્ત ભાંગો થાય છે, કારણ કે મુનિને દુર્ભગ. અનાદય, અને અયશના ઉદયનો અભાવ હોય છે. એ પ્રમાણે ૫૪ ની ઉદીરણામાં સર્વ સંખ્યાએ સ્વમતે ૫, અને પરમતે ૯ ભાંગા થાય છે,

તદનંતર ભાષા પર્યાપ્તિએ પર્યાપ્ત જીવને ઉચ્છ્વાસ સહિત ૫૪ ની ઉદીરણામાં સુસ્વરનો પ્રક્ષેપ કરવાથી ૫૫ ની ઉદી૦ થાય છે. અહિં પણ સ્વમતે ૪ અને મતાન્તરે ૮ ભાંગા થાય છે-અથવા મુનિને સ્વરની અનુદીરણા અને ઉદ્યોતની ઉદીરણા ગણતાં પણ ૫૫ ની ઉદી૦ થાય. અહિં પૂર્વવત ૧ ભાંગો થાય છે, એ પ્રમાણે ૫૫ ની ઉદીરણામાં સર્વ સંખ્યાએ સ્વમતે ૫, અને મતાન્તરે ૯ ભાંગા થાય છે. તથા સુસ્વર સહિત ૫૫ ની ઉદીરણામાં ઉદ્યોતને પ્રક્ષેપવાથી ૫૬ ની ઉદી૦ થાય છે, તેમાં પ્રશસ્ત ભંગ ૧ જ હોય છે. એ રીતે વૈક્રિયકર્તા મનુષ્યને સર્વ સંખ્યાએ સ્વમતે ૧૯ અને મતાન્તરે ૩૫ ભાંગા થાય છે.

તથા શરીર પર્યાપ્તિ વડે પર્યાપ્ત મુનિને સુખગતિ અને પરાઘાતની ઉદીરણા અધિક થતાં ૫૩ ની ઉદીરણા થાય છે. અહિં પણ ૧ ભાંગો છે—અથવા શરીરપર્યાપ્ત મુનિને ઉશ્વાસની અનુદીરણા અને ઉદ્યોતની ઉદીરણા ગણતાં પણ ૫૩ ની ઉદીરણા થાય છે. અહિં પણ ૧ જ ભાંગો છે. સર્વ સંખ્યાએ ૫૪ ની ઉદીરણામાં ૨ ભાંગા થાય છે.

તદનંતર ભાષાપર્યાપ્ત મુનિને ઉશ્વાસસહિત ૫૪ ની ઉદીરણામાં સુસ્વરનો પ્રક્ષેપ કર્યાથી ૫૫ ની ઉદીરણા થાય છે. અહિંપણ પૂર્વવત્ ૧ ભાંગો થાય છે.—અથવા ઉશ્વાસ પર્યાપ્તિ વડે પર્યાપ્ત મુનીને સ્વરની અનુદીરણા અને ઉદ્યોતની ઉદીરણા ગણતાં પણ ૫૫ ની ઉદીરણા થાય છે. અહિં પણ ૧ જ ભાંગો થાય છે, એ પ્રમાણે ૫૫ ની ઉદીરણામાં સર્વ સંખ્યાએ ૨ ભાંગા થાય છે.

તદનંતર ભાષાપર્યાપ્ત મુનીને સ્વરસહિત ૫૫ ની ઉદીરણામાં ઉદ્યોતનો પ્રક્ષેપ કરતાં ૫૬ ની ઉદીરણા થાય છે, અહિં પણ ૧ જ ભાંગો થાય છે. એ પ્રમાણે આહારક શરીરીને સર્વ સંખ્યાએ ૭ ભાંગા થાય છે, અને સામાન્ય મનુષ્ય, વૈક્રિયશરીરી, આહારકશરીરી, અને કેવલિ એ સર્વ મનુષ્યના સર્વ સંખ્યાએ ૧૩૩૪ ભાંગા સ્વમતે થાય છે, અને મતાન્તરે ૨૬૫૦ ભાંગા થાય છે.

। હવે દેવને ઉદી૦ સ્થાનો કહે છે ।

દેવોને ૪૨–૫૧–૫૩–૫૪–૫૫–૫૬ એ ૬ ઉદી૦સ્થાનો હોય છે. ત્યાં દેવ ૨–પંચે૦–ત્ર૦–બા૦–પર્યા૦–સુભગ, આદેય વા દુર્ભગ, અનાદેયઃ–યસ વા અયશ–એ ૯ પ્રકૃતિયોને પૂર્વોક્ત ૩૩ ધ્રુવોદીરણાની પ્રકૃતિયોમાં પ્રક્ષેપતાં ૪૨ ની ઉદી૦ થાય છે. અહિં સુભગયુગલ વા દુર્ભગયુગલ સાથે યશ અને અયશના ૪ ભાંગા થાય છે, અને મતાન્તરે સુભગદુર્ભગ સાથે દુર્ભગ અનાદેયના અને યશ અયશના ૮ ( ૨×૨×૨=૮ ) ભાંગા ( અપાંતરાલવર્તી ) દેવને હોય છે.

તદનંતર દેહસ્થ દેવને વૈ૦૭-સમચ૦-ઉપ-પ્ર૦ એ ૧૦ પ્રકૃતિયો ને ૪૨ માં પ્રક્ષેપીને દેવાનુપૂર્વીનો ત્યાગ કરીયે તો ૫૧ ની ઉદીરણા થાય છે. અહિં ભાંગા પૂર્વવત્ સ્વમતે ૪, અને મતાન્તરે ૮ ભાંગા થાય છે.

તદનંતર શરીર પર્યાપ્તિ વડે પર્યાપ્ત થયેલા દેવને પરાઘાત અને શુભવિહાયોગતિનો પ્રક્ષેપ કરતાં ૫૩ ની ઉદીરણા થાય છે. ત્યાં પણ સ્વમતે ૪, અને મતાન્તરે ૮ ભાંગા થાય છે. દેવને અશુભવિહાયોગતિનો ઉદય હોય નહિ માટે તત્સંબંધી ભાંગા પણ ઉપજે નહિ.

। हवे नारक जीवोने उदीरणानां स्थान कहे छे. ।

નારક જીવોને ૪૧–૫૧–૫૩–૫૪–૫૫ એ ૫ ઉદીરણા સ્થાનકો છે, ત્યાં નરકદ્વિક–ત્રસત્રિક–દુર્ભગત્રિક–પંચે૦–એ ૯ પ્રકૃતિયોને પૂર્વોક્ત ૩૩ ધ્રુવોદીર્ય પ્રકૃતિમાં પ્રક્ષેપતાં ૪૨ ની ઉદી૦ થાય છે અહિં સર્વ પદ અપ્રશસ્ત હોવાથી ૧ જ ભાંગો ( अपांतरालवर्त्ती ) નારકને હોય છે.

તથા દેહસ્થ નારક જીવને વૈ૦ ૭–હું૦ઉપ૦–પ્ર૦–એ ૧૦ પ્રકૃતિયોને પ્રક્ષેપીને નરકાનુપૂર્વિને બાદ કરતાં ૫૧ ની ઉદી૦ થાય છે. અહિં પણ ૧ ભાંગો છે.

તદનંતર देह पर्याप्ति વડે पर्याप्त નારકને પરાઘાત અને કુખગતિનો પ્રક્ષેપ કરતાં ૫૩ ની ઉદી૦ થાય છે. અહિંપણ ૧-જ ભાંગો છે.

તદનંતર उश्वास पर्याप्ति વડે पर्याप्त નારકને ઉશ્વાસનાં પ્રક્ષેપથી ૫૪ ની ઉદી૦ થાય છે. ત્યાં પણ ભાંગો ૧ જ છે.

તદનંતર भाषापर्याप्त નારકને દુઃસ્વરના પ્રક્ષેપથી ૫૫ ની ઉદીરણા થાય છે, ત્યાંપણ ભાંગો ૧ જ થાય છે. એ પ્રમાણે નારક જીવોને સર્વ સંખ્યાએ ૫ ભાંગા થાય છે. ( इति जीवभेदे उदी० स्थानक प्ररुपणा )

## अथ गुणस्थानेषु उदीरणास्थानानि.

હવે નામકર્મનાં મિથ્યાદ્રષ્ટિ આદિથી માંડીને યાવત સયોગિકેવલિ પર્યંત અનુક્રમે ૯ વિગેરે ઉદી૦સ્થાનો છે. ત્યાં મિથ્યાદ્દષ્ટિ જીવને ૪૨–૫૦–૫૧–૫૨–૫૩–૫૪–૫૫–૫૬–૫૭ એ ૯ ઉદી૦ સ્થાનો છે. આ સર્વ સ્થાનો મિથ્યાદ્દષ્ટિ એવા એકેન્દ્રિયોની અપેક્ષાએ છે તે સ્વયં વિચારી લેવાં.

તથા સાસ્વાદન ગુણસ્થાને ઉદી૦ સ્થાનો-૪૨-૫૦-૫૧-૫૨ ૫૫-૫૬-૫૭ એ ૭ ઉદી૦ સ્થાનો સાસ્વાદની જીવને હોય છે, ત્યાં ૪૨ ની ઉદીરણા બાદર એકેન્દ્રિય-દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય, તિર્યક્પંચે૦, મનુ૦, અને દેવોને સાસ્વાદન સમ્યક્ત્વસહિત ગતિના અંતરાલમાં વહેતાં ( વર્તતાં ) હોય છે—તથા દેહસ્થ એકેન્દ્રિયોને ૫૦ ની ઉદીરણા-દેહસ્થ દેવોને ૫૧ ની ઉદીરણા-દેહસ્થ વિકલેન્દ્રિય, તિર્યંચપં૦, અને મનુષ્યને ૫૨ ની ઉદીરણા-સાસ્વાદનભાવમાં વર્તતા પર્યાપ્ત દેવનારકોને ૫૫ ની ઉદીરણા-પર્યાપ્ત તિર્યંચપં૦, મનુ૦, અને દેવોને ૫૬ ની ઉદીરણા, અને ઉદ્યોતના ઉદયમાં વર્તતા પર્યાપ્ત તિર્યંચપંચેન્દ્રિયને ૫૭ ની ઉદીરણા હોય છે.

મિશ્રગુણસ્થાને ઉદી૦ સ્થાનો-મિશ્રગુણસ્થાને ૫૫-૫૬-૫૭ એ ત્રણ ઉદી૦ સ્થાનો છે. ત્યાં દેવ નારકોને ૫૫ ની ઉદીરણા-તિર્યંચ મનુષ્ય, અને દેવોને ૫૬ ની ઉદીરણા-તથા ઉદ્યોતવેદક તિર્યંચ પંચેન્દ્રિયને ૫૭ ની ઉદીરણા હોય છે.

૫૬ નું ઉદી૦ સ્થાન હોય છે, તથા ઉદ્યોતવેદી તેજ તિર્યંચ મનુષ્યોને ૫૭ નું ઉદી૦ સ્થાન હોય છે.

**प्रमत्त गुणस्थाने ઉદીરણા સ્થાનો**—પ્રમત્ત મુનિને ૫૧–૫૩–૫૪–૫૫–૫૬ એ ૫ ઉદી૦સ્થાનો છે. ત્યાં એ પાંચે ઉદી૦સ્થાનો વૈક્રિય શરીરી અથવા આહારક શરીરી મુનિને હોય છે. અને ૫૬ નું ઉદી૦સ્થાન તો ઔદારિક દેહસ્થને પણ હોય છે.

**अप्रमत्त गुणस्थाने ઉદીરણા સ્થાનો**—અપ્રમત્ત મુનિને ૫૫–૫૬ એ બે ઉદી૦ સ્થાનો હોય છે. ત્યાં ૫૬ નું ઉદી૦ સ્થાન ઔદારિક દેહસ્થને હોય છે. અહિં સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત એવા કેઇક વૈક્રિય અને આહારકશરીરી મુનિને કેટલોએક કાળ અપ્રમત્ત ભાવ પણ હોય છે તેથી તેઓને ૫૫ અને ૫૬ એ બન્ને સ્થાનોની પણ ઉદીરણા હોય છે.[1]

**अपूर्व–अनिवृत्ति–सुक्ष्म–उप–क्षीण–गुणस्थाने ઉદી સ્થાનો**

---

૧ વૈ૦ મનુષ્યને ૫૫ ની ઉદીરણા સંભવે છે; પરંતુ સામાન્ય અને આહા૦ મનુષ્યને ૫૫ ની ઉદીરણા ઉશ્વાસપર્યાપ્તિથી ભાષાપર્યાપ્તાવસ્થા સુધી હોય છે, અને તે અવસ્થામાં અપ્રમત્તપણું કેમ સંભવે ? કારણ કે ઔદા૦ ઉશ્વાસપર્યાપ્તમાં તો સર્વથા અપ્રમત્તપણું હોયજ નહિં, અને આહા૦ ઉશ્વાસ પર્યાપ્તાવસ્થામાં તો આહારક દેહનો પ્રારંભ હોવાથી પ્રમત્તપણાનો સંભવ છે ( અપ્રમત્તતા આહારક મિશ્રયોગે નહિં પણ આહા૦ યોગે હોવાથી ) પરંતુ અપ્રમત્તતાનો સંભવ નથી, માટે ૫૫ નું ઉદી૦ સ્થાન માત્ર વૈ૦ મનુષ્યને હોય, અને ૫૬ નું સ્થાન પ્રાકૃત મનુ૦, વૈ૦ મનુષ્ય, ને આહા૦ મનુષ્યને એ ત્રણને હોઇ શકે છે, માટે અપ્રમત્ત ગુણસ્થાને ૫૫–૫૬ નાં બે સ્થાનો યથા સંભવ વીચારીને કહેવાં ! " પુનઃ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત " એ કથન વૈક્રિયદેહી મુનીને વૈ૦દેહ સંબંધિ પર્યાપ્તિઓને અંગે, અને આહા૦ દેહી મુનીને આહા૦ દેહ સંબંધિ સર્વ પર્યાપ્તિઓને અંગે સમજવું યોગ્ય છે; અન્યથા ઉત્તરદેહાપર્યાપ્ત મુનીને અપ્રમત્તપણાનો પ્રસંગ આવી જાય તે અનિષ્ટ છે. પછી બહુશ્રુત કહે તે સત્ય.

एकं पंचसु એ પાંચ ગુણસ્થાનોમાં ૫૬ રૂપ એક ઉદી૦ સ્થાન તે ઔદારિક દેહસ્થાને હોય છે.

। सयोगि गुणस्थाने ઉદીરણા સ્થાનો–एकंम्मि अठ्ठ એ સયોગિ કેવલિ ગુણસ્થાને ૪૧-૪૨-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭ એ આઠ ઉદી૦ સ્થાનો હોય છે. તે પ્રથમ વિસ્તારથી કહેલાં છે માટે અહિં પુનઃ સવિસ્તરપણે કહેવાશે નહી. ( इति गुणस्थाने उदीरणा स्थानो )

। હવે કયા ઉદી૦ સ્થાને કેટલા ભાંગા છે ? તે (ગાથાથી) કહે છે ।

હોય છે, એ અપેક્ષાએ ૫૧ ની ઉદીરણામાં સર્વ ભાંગા ૩૩ પણ થાય છે.

તથા **सवारतिसए य=૫૨ ની ઉદીરણામાં ૩૧૨** ભાંગા થાય છે—તેમાં એકેન્દ્રિયને ૧૩, દ્વીન્દ્રિયને ૩, ત્રીન્દ્રિયને ૩, ચતુરિન્દ્રિયને ૩, ( એ રીતે વિકલેન્દ્રિને ૯, ) તિર્યંગપં૦ ને ૧૪૫, અને મનુષ્યને પણ ૧૪૫ ભાંગા હોય છે. અત્રે પણ મતાન્તરે તિ૦પંચે૦ ને ૨૮૯ અને મનુષ્યને પણ ૨૮૯ ભાંગા પ્રાપ્ત થાય છે, માટે એ અપેક્ષાએ ૫૨ ની ઉદીરણામાં ૬૦૦ ભાંગા થાય છે.

તથા **૫૩ ની ઉદીરણામાં ૨૧** ભાંગા છે તેમાં નારકને ૧ એકેન્દ્રિયોને ૬ વૈ૦ તિ૦ પં૦ ને ૪ વૈ૦ મનુષ્યને ૪, આહારક શરીરીને ૧, તિર્થંકરને ૧ અને દેવને ૪ ભાંગા છે અહિં પણ મતાન્તરે વૈ૦ તિ૦ પં૦ મનુષ્ય અને દેવોને પ્રત્યેકને ૮-૮ ભાંગા છે, તેથી એ અપેક્ષાએ ૩૩ ભાંગા થાય છે.

તથા **૫૪ ની ઉદીરણામાં ૬૦૬** ભાંગા છે—તેમાં નારકને ૧, વિકલેન્દ્રિયને ૨ ૨ ૨, સ્વભાવસ્થિતિ૦ પંચે ને ૨૮૮, વૈ૦ તિ૦ પંચે૦ ને ૮, સ્વભાવસ્થ મનુષ્યોને ૨૮૮, વૈ૦ મનુષ્યને ૪, વૈક્રિય સહિત મુનિને ઉદ્યોત સહિત ૧, આહારક શરીરીને ૨, અને દેવને ૮ ભાંગા હોય છે. અહિં પણ મતાન્તરે સામાન્ય તિર્ય૦ પંચે૦ ને ૫૭૬, વૈ૦ તિ૦ પંચે૦ ને ૧૬, મનુષ્યને ૫૭૬, વૈ૦ મનુષ્યને ૯, અને દેવને ૧૬ ભાંગા હોય છે, શેષભાંગા પૂર્વોક્ત રીતે જાણવા. એ અપેક્ષાએ ૫૪ ની ઉદીરણામાં સર્વ ભાંગા ૧૨૦૨ થાય છે.

તથા **૫૫ ની ઉદીરણામાં** ૯૦૧ ભાંગા છે—ત્યાં નારકને ૧, વિકલેન્દ્રિયને ૪-૪ ૪ ( ૧૨ ) સ્વભાવસ્થ ( ઔદારિકોદયવર્તી ) તિ૦ પંચે૦ ને ૫૭૬, વૈ૦ તિ૦ પંચે૦ ને ૮, સ્વભાવસ્થમનુષ્યોને ૨૮૮, વૈ૦ મનુષ્યને ૪, વૈક્રિયમુનિને ઉદ્યોત સહિત ૧, આહારક શરીરીને ૨, તીર્થંકરને ૧, દેવોને ૮, તથા મતાન્તરે તિ૦ પંચે૦

ને ૧૧૫૨, વૈ૦ તિ૦ પંચે૦ ને ૧૬, સ્વભાવસ્થ મનુષ્યને ૫૭૬, વૈ૦ મનુષ્યને ૯, દેવને ૧૬, અને શેષભાંગા પૂર્વોક્ત રીતે જાણવા. આ મતાન્તરની અપેક્ષાએ ૫૫ ની ઉદીરણામાં ૧૭૮૫ ભાંગા થાય છે.

તથા ૫૬ ની ઉદીરણામાં ૧૪૬૯ ભાંગા છે—ત્યાં વિકલેન્દ્રિયને ૬–૬–૬, એ પ્રમાણે ૧૮, સ્વભાવસ્થ તિ૦ પંચે૦ ને ૮૬૪, વૈ૦ તિ૦ પંચે૦ ને ૪, મનુષ્યને ૫૭૬, વૈક્રિયસંયતને ઉદ્યોત સાથે ૧, આહારકશરીરીને ૧, તિર્થંકરને ૧, અને દેવને ૪ ભાંગા હોય છે. તથા મતાન્તરે તિ૦ પં૦ ને ૧૭૨૮, વૈ૦ તિ૦ પચે૦ ને ૮, મનુષ્યને ૧૧૫૨, દેવને ૮; અને શેષ ભાંગા પૂર્વોક્ત રીતે થાય છે. એ પ્રમાણે ૫૬ ની ઉદીરણામાં ૨૯૧૭ ભાંગ. થાય છે.

તથા ૫૭ ની ઉદીરણામાં ૫૮૯ ભાંગા થાય છે-ત્યાં વિકલેન્દ્રિયના ૪ ૪–૪, તિ૦ પંચે૦ ને ૫૭૬, તીર્થંકરને ૧, તથા મતન્તરે તિર્યંચ પંચેન્દ્રિયને ૧૧૫૨, અને શેષ પૂર્વોક્ત રીતે ભાંગા થાય છે. એ અપેક્ષાએ ૫૭ ની ઉદીરણામાં ૧૧૬૫ ભાંગા થાય છે.

## જીવભેદોમાં ઉદી૦સ્થાન અને ભાં.ાની સં..લના.

| ઉદી૦ સ્થાને | ભાંગા સ્વમતે | ભાંગા પરમતે |
|---|---|---|
| | [illegible] | |
| [illegible] | ૫ | ૫ |
| ૫૦ | ૧૧ | ૧૧ |
| ૫૧ | ૭ | ૭ |
| ૫૨ | ૧૩ | ૧૩ |
| ૫૩ | ૬ | ૬ |
| | ૪૨ | ૪૨ |

| | [illegible]યને | |
|---|---|---|
| ૫૨ | [illegible] | ૩ |
| ૫[illegible] | [illegible] | ૩ |
| [illegible] | [illegible] | ૨ |
| [illegible] | ૪ | ૪ |
| ૫૬ | ૬ | ૬ |
| ૫ | ૪ | ૪ |
| | ૨૨ | ૨૨ |

| | ત્રીન્દ્રિયને | |
|---|---|---|
| | દ્વીન્દ્રિયવત્ ૨૨ | |

| | ચતુરિન્દ્રિયને | |
|---|---|---|
| | દ્વીન્દ્રિયવત્ ૨૨ | |

| | તિર્યંચ પંચે ને | |
|---|---|---|
| ૪૨ | ૫ | ૯ |
| ૫૨ | ૧૪૫ | ૨૮૯ |
| ૫૪ | ૨૮૮ | ૫૭૬ |
| ૫૫ | ૫૭૬ | ૧૧૫૨ |
| ૫૬ | ૮૬૪ | ૧૭૨૮ |
| ૫૭ | ૫૭૬ | ૧૧૫૨ |
| | ૨૪૫૪ | ૪૯૦૬ |

| | વૈ૦ તિ૦ પં૦ને | |
|---|---|---|
| ૫૧ | ૪ | ૮ |
| ૫૩ | ૪ | ૮ |
| ૫૪ | ૮ | ૧૬ |
| ૫૫ | ૮ | ૧૬ |
| ૫૬ | ૪ | ૮ |
| | ૨૮ | ૫૬ |

| | સામાન્ય મનુષ્યને | |
|---|---|---|
| ૪૨ | ૫ | ૯ |
| ૫૨ | ૧૪૫ | ૨૮૯ |
| ૫૪ | ૨૮૮ | ૫૭૬ |
| ૫૫ | ૨૮૮ | ૫૭૬ |
| ૫૬ | ૫૭૬ | ૧૧૫૨ |
| | ૧૩૦૨ | ૨૬૦૨ |

| | વૈક્રિય મનુષ્યને | |
|---|---|---|
| ૫૧ | ૪ | ૮ |
| ૫૩ | ૪ | ૮ |
| ૫૪ | ૫ | ૯ |
| ૫૫ | ૫ | ૯ |
| ૫૬ | ૧ | ૧ |
| | ૧૯ | ૩૫ |

| | આહારકશરીરીને | |
|---|---|---|
| ૫૧ | ૧ | ૧ |
| ૫૩ | ૨ | ૨ |
| ૫૪ | ૨ | ૨ |
| ૫૫ | ૧ | ૧ |
| ૫૬ | ૧ | ૧ |
| | ૭ | ૭ |

| | સામાન્યકેવલીને | |
|---|---|---|
| ૪૧ | ૧ | ૧ |

| | તીર્થંકરને | |
|---|---|---|
| ૪૨ | ૧ | ૧ |
| ૫૩ | ૧ | ૧ |
| ૫૫ | ૧ | ૧ |
| ૫૬ | ૧ | ૧ |
| ૫૭ | ૧ | ૧ |
| | ૫ | ૫ |

| | દેવને | |
|---|---|---|
| ૪૨ | ૪ | ૮ |
| ૫૧ | ૪ | ૮ |
| ૫૩ | ૪ | ૮ |
| ૫૪ | ૮ | ૧૬ |
| ૫૫ | ૮ | ૧૬ |
| ૫૬ | ૪ | ૮ |
| | ૩૨ | ૬૪ |

ઉદીરણા યોગ્ય છે. ત્યાં ઉદય અને જે પ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધ સંભવે છે તે ઉદયોત્કૃષ્ટ બંધ પ્રકૃતિયોની ઉત્કૃષ્ટથી બે આવલિકાહીન સર્વ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય[1] છે—કારણ કે ઉદયોત્કૃષ્ટ બંધ પ્રકૃતિયોની બન્ધાવલિકા વ્યતીત થયે અને ઉદયાવલિકાથી બાહારની (ઉપરની) સર્વ સ્થિતિયો ઉદીરાય છે, પુનઃ અનુદયોત્કૃષ્ટ બંધ પ્રકૃતિયોની સ્થિતિયો તો યથાયોગ્યપણે ઉદીરણા યોગ્ય છે, અને આવલિકાદ્વિકહીન ઉત્કૃષ્ટ સ્થિતિના જેટલા સમયો તેટલા ઉદીરણાના ભેદો છે. ને આ પ્રમાણે—કોઇક પ્રકૃતિની ઉદયાવલિકાથી ઉપરની ૧ સમયમાત્ર સ્થિતિજ ઉદીરણા યોગ્ય હોય છે, કારણ કે તે પ્રકૃતિની તેટલીજ સ્થિતિ શેષ રહેલી હોય છે. એ પ્રમાણે કોઇક પ્રકૃતિની બે સમયમાત્ર, તો કોઇની ૩ સમયમાત્ર, એ પ્રમાણે કોઇની ૨ આવલિકાહીન સર્વ ઉત્કૃષ્ટ સ્થિતિ (ના સમયો) સુધી કહેવું. હવે ગાથાના અક્ષરાર્થની યોજના આ પ્રમાણે છે सेचिकाठिइहिं = ઉદીરણા યોગ્ય जाहिं = જેટલી સ્થિતિયોથી (૨ આવલિકાહીન ઉત્કૃષ્ટ સ્થિતિના સમયો જેટલી સ્થિતિયોથી) ઉદીરણાવીર્ય વડે સમાકર્ષીને જે સ્થિતિયો સંપ્રાપ્ત ઉદયમાં કેવાય છે. तत्तिगा = તેટલા ભેદ વાળી एसा = આ ઉદીરણા છે.

॥ इति भेद अनुयोग ॥

એ પ્રમાણે ભેદ પ્રરૂપણા કરીને હવે साद्यादि પ્રરૂપણા કરાય છે તે મૂળ પ્રકૃતિ સંબંધિ અને ઉત્તર પ્રકૃતિ સંબંધિ એમ બે પ્રકારે છે, તેમાં પ્રથમ મૂળપ્રકૃતિ સંબંધિ साद्यादि પ્રરૂપણા કરાય છે.

**मूलठिई अजहन्ना, मोहस्स चउव्विहा तिहा सेसा ।**
**वेयणियाउण दुहा, सेसविगप्पा उ सव्वासिं ॥३०॥**

---

૧ " માટે એ ઉદયોત્કૃષ્ટ બંધ પ્રકૃતિયોમાં ઉદીરણા ભેદ પણ એટલાજ છે " એ ભાવ અધ્યાહારથી ગ્રહણ કરવો.

ગાથાર્થ:—મૂળ પ્રકૃતિયો મધ્યે મોહનીયની અજ૦ સ્થિત્યુદીરણા ૪ પ્રકારે છે, ને શેષ કર્મની સ્થિ૦ ઉદીરણા ૩ પ્રકારે છે. તથા વેદનીય અને આયુની અજ૦ સ્થિ૦ ઉદી૦ ૨ પ્રકારે છે, અને શેષ સર્વ વિકલ્પો બે બે પ્રકારે છે.

ટીકાર્થ—ગાથામાં મૂલ અને ઠિઇ એ બે શબ્દમાંથી પ્રાકૃના નિયમ પ્રમાણે ષષ્ઠી વિભક્તિનો લોપ થયેલો છે, માટે ષષ્ઠી વિભક્તિ સંયુક્ત અર્થ આ પ્રમાણે થાય છે:—મૂળ પ્રકૃતિયોની મધ્યે **મોહનીય કર્મની** સ્થિતિની અજઘન્ય ઉદીરણા સાદિ. અનાદિ ધ્રુવ. ને અધ્રુવ. એમ ૪ પ્રકારે છે, કારણ કે મોહનીયની જ૦ સ્થિતિ ઉદીરણા ક્ષપક જીવને સૂક્ષ્મ સંપરાયને અન્તે સમયાધિક આવલિકા શેષ રહે છતે હોય છે. તે સ્થાનથી અન્ય સ્થાને સર્વત્ર અજ૦ સ્થિ૦ ઉદીરણા હોય છે, પુનઃ તે ઉપશાન્ત મોહગુણસ્થાને સર્વથા હોતી નથી, પરન્તુ ત્યાંથી પડતાં હોય છે માટે અજ૦ સ્થિ૦ ઉદીરણા સાદિ છે. તે સ્થાનને નહિ પ્રાપ્ત થયેલા જીવની અપેક્ષાએ અનાદિ છે. અભવ્યને ધ્રુવ છે, ભવ્યને અધ્રુવ છે.

શેષ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-નામ-ગોત્ર-અને અન્તરાય એ મૂળ પ્રકૃતિયોની અજ૦ સ્થિતિ ઉદીરણા અનાદિ ધ્રુવ. ને અધ્રુવ એમ ૩ પ્રકારે છે. તે આ પ્રમાણે-જ્ઞાના૦-દર્શના૦-અને અન્ત**રાયની** જ૦ સ્થિ૦ ઉદીરણા ક્ષીણ કષાયી જીવને સ્વગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ પર્યન્ત હોય છે. ને શેષ કાળમાં અજ૦ ઉદી૦ હોય છે તેથી પહેલાં સદાકાળ હોવાથી અનાદિ અને ધ્રુવાધ્રુવ પૂર્વવત્.

તથા વેદનીય અને આયુની અજ૦ સ્થિ૦ ઉદીરણા સાદિ, અને અધ્રુવ, એમ ૨ પ્રકારે છે તે આ પ્રમાણે-સર્વાલ્પ સ્થિતિસત્તાવંત એકેન્દ્રિય જીવને **વેદનીયની** જ૦ સ્થિ૦ ઉદીરણા હોય છે, તેથી તેજ જીવને અન્ય સમયે સત્તા વધવાથી અજ૦ સ્થિતિ ઉદીરણા હોય છે, ત્યાંથી પુનઃ પણ જ૦ સ્થિ૦ ઉદીરણા થાય છે. એ પ્રમાણે વેદનીયની અજ૦ અને જ૦ સ્થિ૦ ઉદી૦ સાદિ, અધ્રુવ છે.

તથા **આયુષ્યની** ઉદીરણા અન્ત્ય આવલિકા શેષ રહે થાય નહિ, અને પરભવમાં ઉત્પન્ન થતાં પ્રથમ સમયથીજ ઉદીરણા પ્રવર્તે છે માટે સાદિ અને અધ્રુવ છે.

તથા સર્વ મૂળ પ્રકૃતિયોના શેષ ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ-અને જઘન્ય રૂપ ત્રણે વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે બે પ્રકારે છે, તે આ પ્રમાણે-આયુ વિના શેષ ૭ **કર્મની** ઉ૦ સ્થિત્યુદીરણા ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા મિથ્યાદૃષ્ટિને કેટલોક કાળ પર્યન્ત હોય છે, અને તદનંતર સમયાન્તરે તે મિથ્યાદૃષ્ટિને પણ અનુત્કૃષ્ટ સ્થિત્યુદીરણા પ્રવર્તે છે, તદનંતર પુનઃ પણ સમયાન્તરે ઉ૦ ઉદીરણા થાય છે, કારણ કે સંક્લેશ અને વિશુદ્ધિઓ પ્રાયઃ પ્રતિસમય બદલાયા કરે છે. તેથી ઉ૦ ઉદીરણા અને અનુત્કૃષ્ટ ઉદીરણા એ બન્ને પણ સાદિ અધ્રુવ છે, અને જઘન્ય ઉદીરણાની સાદિ અધ્રુવતા તો પ્રથમજ દર્શાવી છે. તથા **આયુષ્યના** ત્રણે વિકલ્પોમાં પણ પ્રાયઃ પૂર્વોક્ત યુક્તિજ જાણવી.

( इति मूल प्रकृतिनी उदीरणामां साद्यादि प्ररूपणा )

એ પ્રમાણે મૂળ પ્રકૃતિ સંબંધિ સાદ્યાદિ પ્રરૂપણા કરીને ઉત્તર પ્રકૃતિમાં તે साद्यादि प्ररूपणा કરાય છે.

**[उ]त्तरस्स चउद्धा, अजहन्ना धुवउदीरणाण तिहा**
**[...]विगप्प दुविहा, सव्वविगप्पा य सेसाणं ॥३१॥**

ગાથાર્થ:—મિથ્યાત્વની અજ૦ ઉદી૦ ૪ પ્રકારે, તથા ધ્રુવો-દીર્ય પ્રકૃતિયોની અજ૦ ઉદીરણા ૩ પ્રકારે, મિથ્યાત્વ અને ધ્રુવો-દીર્યના શેષ વિકલ્પો તથા શેષ પ્રકૃતિયોના સર્વ વિકલ્પો ૨ પ્રકારે છે.

ટીકાર્થ:—મિથ્યાત્વની અજ૦ સ્થિત્યુદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ, અને અધ્રુવ, એમ ૪ પ્રકારે છે, તે આ પ્રમાણે:-પ્રથમ સમ્યક્ત્વ ઉત્પન્ન કરતા મિથ્યાદૃષ્ટિ જીવને જ્યારે મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ સમયાધિક આવલિકા બાકી રહે છે, ત્યારે મિથ્યાત્વની જ૦ સ્થિત્યુદીરણા થાય છે માટે सादि अध्रुव છે, પુનઃ સમ્યક્ત્વથી પડતાં અજ૦ સ્થિતિ ઉદીરે છે માટે અજ૦ ઉદી૦ सादि, અને તે સ્થાનને નહિ પ્રાપ્ત થયેલા જીવને अनादि અને ધ્રુવાધ્રુવતા તે અનુક્રમે અભવ્યને ભવ્ય જીવ૦

તથા વેદનીય અને આયુની અજ૦ સ્થિ૦ ઉદીરણા સાદિ, અને અધ્રુવ, એમ ૨ પ્રકારે છે તે આ પ્રમાણે-સર્વાલ્પ સ્થિતિસત્તાવંત એકેન્દ્રિય જીવને **વેદનીયની** જ૦ સ્થિ૦ ઉદીરણા હોય છે, તેથી તેજ જીવને અન્ય સમયે સત્તા વધવાથી અજ૦ સ્થિતિ ઉદીરણા હોય છે, ત્યાંથી પુનઃ પણ જ૦ સ્થિ૦ ઉદીરણા થાય છે. એ પ્રમાણે વેદનીયની અજ૦ અને જ૦ સ્થિ૦ ઉદી૦ સાદિ, અધ્રુવ છે.

તથા **આયુષ્યની** ઉદીરણા અન્ત્ય આવલિકા શેષ રહે થાય નહિ, અને પરભવમાં ઉત્પન્ન થતાં પ્રથમ સમયથીજ ઉદીરણા પ્રવર્તે છે માટે સાદિ અને અધ્રુવ છે.

તથા સર્વ મૂળ પ્રકૃતિયોના શેષ ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ-અને જઘન્ય રૂપ ત્રણે વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે બે પ્રકારે છે, તે આ પ્રમાણે-આયુ વિના શેષ ૭ **કર્મની** ઉ૦ સ્થિત્યુદીરણા ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા મિથ્યાદૃષ્ટિને કેટલોક કાળ પર્યન્ત હોય છે, અને તદનંતર સમયાન્તરે તે મિથ્યાદૃષ્ટિને પણ અનુત્કૃષ્ટ સ્થિત્યુદીરણા પ્રવર્તે છે, તદનંતર પુનઃ પણ સમયાન્તરે ઉ૦ ઉદીરણા થાય છે, કારણ કે સંક્લેશ અને વિશુદ્ધિઓ પ્રાયઃ [illegible] લાયા કરે છે. તેથી ઉ૦ ઉદીરણા અને અનુત્કૃષ્ટ ઉદીરણા એ બન્ને પણ સાદિ અધ્રુવ છે, અને જઘન્ય ઉદીરણાની [illegible] તે પ્રથમજ દર્શાવી છે. તથા આયુષ્યના ચારે [illegible] પ્રાયઃ પૂર્વોક્ત યુક્તિથીજ જાણવી.

इति मूल प्रकृतिनां उदीरणामां साद्यादि प्ररूपणा

[illegible] मूल प्रकृति [illegible] उत्तर प्रकृतियोमां साद्यादि प्ररूपणा [illegible]

मिच्छत्तस्स चउद्धा, अजहन्ना धुवउदीरणाण तिहा
सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य सेसाणं ॥३[illegible]॥

ગાથાર્થઃ—મિથ્યાત્વની અજ૦ ઉદી૦ ૪ પ્રકારે, તથા ધ્રુવો-દીર્ય પ્રકૃતિયોની અજ૦ ઉદીરણા ૩ પ્રકારે, મિથ્યાત્વ અને ધ્રુવો-દીર્યના શેષ વિકલ્પો તથા શેષ પ્રકૃતિયોના સર્વ વિકલ્પો ૨ પ્રકારે છે.

**ટીકાર્થઃ—મિથ્યાત્વની અજ૦ સ્થિત્યુદીરણા** સાદિ, અનાદિ, ધ્રુવ, અને અધ્રુવ, એમ ૪ પ્રકારે છે, તે આ પ્રમાણેઃ—પ્રથમ સમ્યક્ત્વ ઉત્પન્ન કરતા મિથ્યાદ્રષ્ટિ જીવને જ્યારે મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ સમયાધિક આવલિકા બાકી રહે છે, ત્યારે મિથ્યાત્વની જ૦ સ્થિત્યુદીરણા થાય છે માટે સાદિ અધ્રુવ છે, પુનઃ સમ્યક્ત્વથી પડતાં અજ૦ સ્થિતિ ઉદીરે છે માટે અજ૦ ઉદી૦ સાદિ. અને તે સ્થાનને નહિ પ્રાપ્ત થયેલા જીવને અનાદિ અને ધ્રુવાધ્રુવતા તે અનુક્રમે અભવ્યને ભવ્ય જીવની અપેક્ષાએ છે.

તથા ૫ જ્ઞાના૦-૪ દર્શના૦-૫ અન્ત૦-તૈ૦ ૭-વર્ણાદિ ૨૦-સ્થિર-અસ્થિર-શુભ-અશુભ-અગુ૦-નિર્મા૦ એ ૪૮ **ધ્રુવોદીર્ય પ્રકૃતિયોની અજ૦સ્થિતિની ઉદીરણા** અનાદિ, ધ્રુવ ને અધ્રુવ એમ ૩ પ્રકારે છે. તે આ પ્રમાણેઃ—જ્ઞાના૦-દર્શના૦-ને અન્તરાય રૂપ ૧૪ પ્રકૃતિયોની જ૦ સ્થિતિની ઉદીરણા ક્ષીણમોહી જીવને સમયાધિકાવલિકા શેષ રહેતાં હોય છે, તેથી તે જ૦ ઉદી૦ સાદિ અધ્રુવ છે. અને શેષ સર્વ પણ અજ૦ ઉદીરણા તે સદાકાલ પ્રવર્તતી હોવાથી અનાદિ છે. અભવ્યાપેક્ષાએ ધ્રુવ અને ભવ્યની અપેક્ષાએ અધ્રુવ છે—તથા તૈજસકાર્મણાદિ ૩૩ નામ પ્રકૃતિયોની જ૦ સ્થિતિ ઉદીરણા સયોગિ કેવલિને અન્ત્ય સમયે હોય છે. માટે તે સાદિ અધ્રુવ છે. અને તેથી અન્ય સર્વ પણ અજ૦સ્થિતિ ઉદીરણા તે અનાદિ, અભવ્યાપેક્ષાએ ધ્રુવ, અને ભવ્યાપેક્ષાએ અધ્રુવ છે.

તથા એ મિથ્યાત્વાદિ ૪૮ પ્રકૃતિયોના શેષ ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ, અને જઘન્ય રૂપ ત્રણે વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ ૨ પ્રકારે છે. તે આ પ્રમાણે—એ ૪૮ ની ઉ૦ ઉદીરણા ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા મિથ્યાદ્રષ્ટિ જીવને કોઇક કાળ પર્યન્ત હોય છે,

તથા વેદનીય અને આયુની અજ૦ સ્થિ૦ ઉદીરણા સાદિ, અને અધ્રુવ, એમ ૨ પ્રકારે છે તે આ પ્રમાણે-સર્વાલ્પ સ્થિતિસત્તાવંત એકેન્દ્રિય જીવને **વેદનીયની** જ૦ સ્થિ૦ ઉદીરણા હોય છે, તેથી તેજ જીવને અન્ય સમયે સત્તા વધવાથી અજ૦ સ્થિતિ ઉદીરણા હોય છે, ત્યાંથી પુનઃ પણ જ૦ સ્થિ૦ ઉદીરણા થાય છે. એ પ્રમાણે વેદનીયની અજ૦ અને જ૦ સ્થિ૦ ઉદી૦ સાદિ, અધ્રુવ છે.

તથા **આયુષ્યની** ઉદીરણા અન્ત્ય આવલિકા શેષ રહે થાય નહિ, અને પરભવમાં ઉત્પન્ન થતાં પ્રથમ સમયથીજ ઉદીરણા પ્રવર્તે છે માટે સાદિ અને અધ્રુવ છે.

તથા સર્વ મૂળ પ્રકૃતિયોના શેષ ઉત્કૃષ્ટ—અનુત્કૃષ્ટ—અને જઘન્ય રૂપ ત્રણે વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે બે પ્રકારે છે, તે આ પ્રમાણે—આયુ વિના શેષ ૭ **કર્મની** ઉ૦ સ્થિત્યુદીરણા ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા મિથ્યાદૃષ્ટિને કેટલોક કાળ પર્યન્ત હોય છે, અને તદનંતર સમયાન્તરે તે મિથ્યાદૃષ્ટિને પણ અનુત્કૃષ્ટ સ્થિત્યુદીરણા પ્રવર્તે છે, તદનંતર પુનઃ પણ સમયાન્તરે ઉ૦ ઉદીરણા થાય છે, કારણ કે સંક્લેશ અને વિશુદ્ધિઓ પ્રાયઃ પ્રતિસમય બદલાયા કરે છે. તેથી ઉ૦ ઉદીરણા અને અનુત્કૃષ્ટ ઉદીરણા એ બન્ને પણ સાદિ અધ્રુવ છે, અને જઘન્ય ઉદીરણાની સાદિ અધ્રુવતા તો પ્રથમજ દર્શાવી છે. તથા **આયુષ્યના** ત્રણે વિકલ્પોમાં પણ પ્રાયઃ પૂર્વોક્ત યુક્તિજ જાણવી.

( इति मूल प्रकृतिनी उदीरणामां साद्यादि प्ररूपणा )

એ પ્રમાણે મૂળ પ્રકૃતિ સંબંધિ સાદ્યાદિ પ્રરૂપણા કરીને હવે **उत्तर** प्रकृतिमां ते साद्यादि प्ररूपणा કરાય છે.

**मिच्छत्तस्स चउद्धा, अजहन्ना धुवउदीरणाण तिहा**
**सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य सेसाणं ॥३१॥**

વર્ણાદિ ૨૦–નિર્મા૦–અસ્થિ૦–અશુ૦–અશુ૦–મિથ્યા૦–૧૬ કષાય–ત્રસાદિ ૪–દુર્ભગાદિ ૪–તૈ૦ ૭–પંચે૦–હું૦–ઉપ૦–પરા૦–ઉચ્છ્વા૦–[1]આતપ–ઉદ્યોત–કુખ૦–નીચ૦–એ ૮૬ **ઉદયબંધોત્કૃષ્ટા પ્રકૃતિયોની** બન્ધાવલિકા વ્યતીત થતાં ઉદયાવલિકાથી ઉપરની સર્વ સ્થિતિ ઉદીરણા યોગ્ય છે, પરન્તુ ઉદયને સદ્ભાવેજ ઉદીરણા હોય છે, માટે તે કર્મના વેદક જીવોનેજ તે સ્થિતિયો ઉદી૦ યોગ્ય છે. પુનઃ બન્ધાવલિકા રહીત સર્વ સ્થિતિ તે યત્ સ્થિતિ કહેવાય છે. અહિં અદ્ધાચ્છેદ ૨ આવલિકા પ્રમાણ છે, અને ઉદીરણાના સ્વામિ તે તત્પ્રકૃતિના [2]ઉદયવાળા જાણવા.

તથા જે મનુષ્યગતિ–શાતા–સ્થિરાદિ ૬–વેદ ૩–સુખગ૦–અનંતિમસંસ્થા ૫–અનંતિમ સંઘયણ ૫–ઉચ્ચ–એ ૨૯ **ઉદયસંક્રમોત્કૃષ્ટા** ( ઉદય છતે સંક્રમ વડે ઉ૦ સ્થિતિવંત ) **પ્રકૃતિયો** છે તેની ૩ આવલિકાહીન સર્વ સ્થિતિ ઉદીરણા યોગ્ય છે, તે પણ તદુદયવર્તી જીવોને તે સ્થિતિયો ઉદીર્ય જાણવી. અહિં બન્ધાવલિકા અને સંક્રમાવલિકા રહીત સર્વ સ્થિતિ તે યત્સ્થિતિ છે, અને

શરીર રચવાને સમયે **આહા૦ સપ્તકની** અન્તર્મુ૦ હીન ઉ૦ સ્થિતિ ઉદીરણા યોગ્ય હોય છે. અહિં પ્રમત્તભાવે વર્તતાનેજ આહારક રચનાનો પ્રારંભ હોવાથી આહારકની ઉ૦ સ્થિતિની ઉદીરણાના સ્વામિ પ્રમત્ત મુનિજ જાણવા. અને શેષ પ્રકૃતિયોના ઉદી૦ સ્વામિતો સૂત્રકારજ વિશેષપણે કહેશે.

निरय गइए वा वि=નરકગતિની અને અવિ શબ્દથી નરકાનુપૂર્વીની પણ તિર્ય૦પંચે૦ જીવ ઉ૦ સ્થિતિ બાંધીને, ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધ્યા બાદ અન્તર્મુ૦ વ્યતીત થતાં તે જીવ નીચેની ૩ પૃથ્વિયોમાંની કોઈ પણ પૃથ્વીમાં ઉત્પન્ન થાય, તે જીવને પ્રથમ સમયેજ **નરકગતિની** અન્તર્મુ૦હીન સર્વ ૨૦ કો૦ કો૦ સાગર પ્રમાણ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે, અને **નરકાનુપૂર્વીની** તો ગતિના અપાન્તરાલમાં ૩ સમય સુધીજ ઉ૦ સ્થિતિ ઉદી૦ યોગ્ય થાય છે.

પ્રશ્નઃ—નીચેની ૩ પૃથ્વીયોને ગ્રહણ કરવાનું અત્રે શું પ્રયોજન છે ?

અદ્ધાચ્છેદ ૩ આવલિકા પ્રમાણ છે, ને તેના ઉદયવાળા તે ઉદીરણાના સ્વામિ જાણવા, એ પ્રમાણે આગળ પણ **જેટલી જેટલી સ્થિતિયો ઉદીરણાને અયોગ્ય છે તેટલો તેટલો અદ્ધાચ્છેદ,** અને તેના ઉદયવંત તે ઉદીરણા સ્વામિ છે એમ જાણવું.

તથા મિથ્યાદષ્ટિપણે મિથ્યાત્વની ૭૦ કોડાકોડિ પ્રમાણ સ્થિતિ બાંધીને, તદનંતર અન્તર્મુહુર્ત પર્યન્ત મિથ્યાત્વને અનુભવીને સમ્યક્ત્વને પ્રાપ્ત કરે, ત્યારે અન્તર્મુ૦હીન સર્વ મિથ્યાત્વ સ્થિતિને ( દેશૂણ ૭૦ કો૦ કો૦ સાગરને ) મિશ્રમાં અને સમ્યક્ત્વમાં સંક્રમાવે છે, અને સંક્રમાવલિકા વ્યતીત થયા બાદ ઉદી૦ યોગ્ય થાય છે, ત્યાં સંક્રમાવલિકા વ્યતિક્રમ્યેપણ અન્તર્મુહુર્તહીનજ[1] કહેવાય છે, તેથી સમ્યક્ત્વીજીવને **સમ્યક્ત્વની** અન્તર્મુહુર્તહીન ૭૦ કો૦ કો૦ સાગર ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય છે. તદનંતર કોઇ જીવ સમ્યક્ત્વમાં પણ અન્તર્મુ૦ માત્ર રહીને મિશ્ર સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, તેથી મિશ્ર સમ્યક્ત્વને અનુભવતા જીવને **મિશ્રમોહનીયની** ૨ અન્તર્મુ૦હીન ૭૦ કો૦ કો૦ પ્રમાણ ઉ૦ સ્થિતિ ઉદીરણા યોગ્ય હોય છે.

તથા અપ્રમત્તપણે તત પ્રાયોગ્ય ઉત્કૃ૦ સંક્લેશવડે આહારક સપ્તકને ઉ૦ સ્થિતિ યુક્ત બાંધેલું હોય તે સમયે ( બંધ પ્રથમ સમયે ) તત્કાલોચિત ઉ૦ સ્થિતિસત્તાવાળી શેષ નામ પ્રકૃતિનું દલિક તે આહારકમાં સંક્રમીને સર્વોત્કૃષ્ટ અન્તઃ કોડાકોડિ સાગર પ્રમાણ આહારક સપ્તક થાય છે, અને આહારક નામકર્મને બાંધ્યા બાદ અન્તર્મુ૦ વ્યતીત થયેજ આહારક શરીરની રચનાનો આરંભ થાય છે, અને તે આહારકને રચનાર મુનિ લબ્ધિના સ્ફોરવવાથી ઔત્સુકય ભાવ વર્તતાં પ્રમાદી થાય છે, તેથી તે પ્રમત્તને આહારક

૧ મિથ્યાત્વાનુભવરૂપ અન્તર્મુહૂર્તમાં સંક્રમાવલિકા મેળવતાં પણ અન્તર્મુહૂર્તજ થાય છે, માટે અહિં સંક્રમાવલિકાને મિથ્યાત્વાનુભવરૂપ અન્તર્મુહૂર્તમાં અન્તર્ગતપણે કહેલી છે.

શરીર રચવાને સમયે **આહા૦ સપ્તકની** અન્તર્મુ૦ હીન ઉ૦ સ્થિતિ ઉદીરણા યોગ્ય હોય છે. અહિં પ્રમત્તભાવે વર્તતાનેજ આહારક રચનાનો પ્રારંભ હોવાથી આહારકની ઉ૦ સ્થિતિની ઉદીરણાના સ્વામિ પ્રમત્ત મુનિજ જાણવા. અને શેષ પ્રકૃતિયોના ઉદી૦ સ્વામિતો સૂત્રકારજ વિશેષપણે કહેશે.

निरय गइए वा वि=નરકગતિની અને अवि શબ્દથી નરકાનુપૂર્વીની પણ તિર્યં૦પંચે૦ જીવ ઉ૦ સ્થિતિ બાંધીને, ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધ્યા બાદ અન્તર્મુ૦ વ્યતીત થતાં તે જીવ નીચેની ૩ પૃથ્વિયોમાંની કોઈ પણ પૃથ્વીમાં ઉત્પન્ન થાય, તે જીવને પ્રથમ સમયેજ **નરકગતિની** અન્તર્મુ૦હીન સર્વ ૨૦ કો૦ કો૦ સાગર પ્રમાણ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે, અને **નરકાનુપૂર્વીની** તો ગતિના અપાન્તરાલમાં ૩ સમય સુધીજ ઉ૦ સ્થિતિ ઉદી૦ યોગ્ય થાય છે.

**પ્રશ્ન:**—નીચેની ૩ પૃથ્વીયોને ગ્રહણ કરવાનું અત્રે શું પ્રયોજન છે ?

**ઉત્તર:**—અહિં નરકગત્યાદિની ઉ૦ સ્થિતિને બાંધતો જીવ અવશ્ય કૃષ્ણલેશ્યાના પરિણામવાળો થાય છે, અને કૃષ્ણલેશ્યાના પરિણામવાળો જીવ પ્રાયઃ કરીને નરકમાં ઉત્પન્ન થને. ત્યાં જઘન્ય કૃષ્ણ લેશ્યા પરિણામી જીવ પાંચમી પૃથ્વીમાં, મધ્યમ(કૃ૦ લે૦) પરિણામી જીવ છઠ્ઠી માં, અને ઉ૦ કૃષ્ણલેશ્યા પરિણામી જીવ સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે, માટે અત્રે નીચેની ૩ પૃથ્વીઓનું ગ્રહણ કર્યું છે.

**देवगति देवमणुया–णुपुव्वि आयाव विगलसुहुमतिगे**
**अंतोमुहुत्तभग्गा, तावयगूणं तदुक्कस्सं ॥३६॥**

ગાથાર્થ:—ટીકાર્થવત્.

**ટીકાર્થ**:—દેવગતિ—દેવાનુપૂર્વી—મનુષ્યાનુપૂર્વી—આતપ—વિકલત્રિક—સૂક્ષ્મત્રિક—એ ૧૦ પ્રકૃતિયોની ઉ૦ સ્થિતિની ઉદીરણા આ પ્રમાણેઃ—સ્વ સ્વ ઉદયમાં વર્તતા, અને અન્તર્મુહુર્ત ભગ્ન એટલે ઉ૦ સ્થિતિ બંધાધ્યવસાયથી અનંતર અન્તર્મુહુર્તકાળ સુધી પરિભ્રષ્ટ થયા છતાં તે અન્તર્મુ૦ હીન દેવગત્યાદિની ઉ૦ સ્થિતિને ઉદીરે છે. ( ઇતિ ગાથાર્થોઽપિ ) અહિં તાત્પર્ય આ પ્રમાણે છે—અહિં કોઇ જીવ તથાવિધ પરિણામ વિશેષથી નરકગતિની ૨૦ કો૦ કો૦ સાગરોપમ પ્રમાણ ઉ૦ સ્થિતિ બાંધીને તદનંતર શુભ પરિણામ વિશેષથી દેવગતિનો ૧૦ કો૦ કો૦ સાગર પ્રમાણ ઉ૦ સ્થિતિ બંધ પ્રારંભે તેથી તે બધ્યમાન દેવગતિની સ્થિતિમાં આવલિકાથી ઉપર બન્ધાવલિકાહીન આવલિકાથી ઉપરની સર્વ નરકગતિની સ્થિતિને સંક્રમાવે છે, તેથી દેવગતિની પણ આવલિકામાત્રહીન ૨૦ કો૦ કો૦ સાગર પ્રમાણ સ્થિતિ થાય છે. પુનઃ દેવગતિને બાંધતો જઘન્યથી પણ અન્તર્મુ૦ પર્યન્ત ( સતત ) બાંધે, અને દેવગતિ બાંધ્યા બાદ કાળ કરીને અનન્તર સમયમાં દેવ થાય, તેથી દેવત્વનો અનુભવ કરતા તે જીવને **દેવગતિની** અન્તર્મુહુર્તહીન ૨૦ કો૦ કો૦ સાગર પ્રમાણ ઉ૦ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે.

**પ્રશ્નઃ**—એ યુક્તિને અનુસારે તો આવલિકાધિક અન્તર્મુ૦ હીન સ્થિતિ પ્રાપ્ત થાય છે, તો માત્ર અન્તર્મુ૦ હીનજ કેમ કહેવાય ?

**ઉત્તરઃ**—એમાં કોઇ વિરોધ નથી, કારણ કે તે અન્તર્મુહુર્તમાં આવલિકાનો પ્રક્ષેપ કરતાં પણ અન્તર્મુહુર્તજ થાય છે; માત્ર બૃહત્ અન્તર્મુ૦ થાય એ વિશેષ છે.

એ પ્રમાણે **દેવાનુપૂર્વીની** ઉ૦ સ્થિતિયો ઉદીરણા યોગ્ય જાણવી. તથા કોઇક જીવ નરકાનુપૂર્વીની ઉ૦ સ્થિતિ ૨૦ કો૦ કો૦ સાગર પ્રમાણ બાંધીને તદનંતર શુભ પરિણામ વિશેષથી ૧૫ કો૦ કો૦ સાગર પ્રમાણ મનુષ્યાનુપૂર્વીની ઉ૦ સ્થિતિનો બંધ આરંભે,

તેથી તે બધ્યમાન મનુષ્યાનુપૂર્વીની સ્થિતિમાં આવલિકાથી ઉપર બન્ધાવલિકાહીન આવલિકાથી ઉપરની નરકાનુપૂર્વીની સર્વ સ્થિતિને સંક્રમાવે તેથી મનુષ્યાનુપૂર્વી પણ આવલિકા માત્ર હીન ૨૦ કો૦ કો૦ સાગર પ્રમાણ થાય, પુનઃ મનુષ્યાનુપૂર્વીને બાંધતો જઘન્યથી પણ અન્તર્મુહુર્ત પર્યન્ત બાંધે તે અન્તર્મુહુર્ત આવલિકાહીન ૨૦ કો૦ કો૦ સાગરમાંથી કમી થાય અને મનુષ્યાનુપૂ૦ બાંધ્યા બાદ કાળ કરીને મનુષ્યાનુપૂર્વીને અનુભવતા જીવને તે મનુષ્યાનુપૂર્વીની અન્તર્મુ૦હીન ૨૦ કો૦ કો૦ સાગર પ્રમાણ ઉ૦સ્થિતિ ઉદીરણા યોગ્ય છે.

શંકા—મનુષ્યગતિની પણ ૧૫ કો૦ કો૦ સાગર પ્રમાણ સ્થિતિ બંધોત્કૃષ્ટ છે. તેમ મનુષ્યાનુપૂર્વીની પણ બન્ધોત્કૃષ્ટા સ્થિતિ છે, પરન્તુ કોઈની પણ ૨૦ કો૦ કો૦ સાગર પ્રમાણ સ્થિતિ નથી. પુનઃ એ બન્ને સ્થિતિયો સંક્રમ વડે ઉત્કૃષ્ટ થાય છે, તો બન્નેમાં સંક્રમોત્કૃષ્ટત્વનું અવિશેષપણું હોતે મનુષ્યગતિવત્ મનુષ્યાનુપૂર્વીની ૩ આવલિકાહીન ઉ૦ સ્થિતિ ઉદીરણા યોગ્ય કેમ ન હોય ?

ઉત્તરઃ—એ વાત અયુક્ત છે. કારણ કે મનુષ્યાનુપૂર્વી તો અનુદયસંક્રમોત્કૃષ્ટ છે કહ્યું છે કે—

मणुयाणुपुव्वि मीसग, आहारग देवजुयल विगलाणि
सुहुमाइतिगं तित्थं. अणुदयसंकमणउक्कोसा ॥ १ ॥

"અર્થ:—મનુષ્યાનુપૂર્વી, મિશ્ર મોહનીય, આહારક દ્વિક, [illegible]દ્વિક, વિકલત્રિક, સૂક્ષ્માદિ ત્રિક, જિનનામ, એ સર્વ અનુદય [illegible]સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિયો છે," અને અનુદય સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિયોની [illegible]બધી પણ અન્તર્મુહુર્તહીનજ ઉ૦ સ્થિતિ ઉદીરણા યોગ્ય હોય [illegible]ને મનુષ્ય ગતિ તો ઉદયસંક્રમોત્કૃષ્ટ છે કહ્યું—

[illegible] नामे मणुयगई. थिर हासाइछ वेय सुभखगई
[illegible] [illegible]संघयणाइं, सुह [illegible] उदयसंकमुक्कोसा ॥ २ ॥

અને શેષ પ્રકૃતિયોની ઉત્કૃષ્ટ ઉદીરણાની ભાવના આ પ્રમાણે છે—નારકજીવ તિર્યંગ્ ૨-ઔદા૦ ૭-સેવાર્ત-એ ૧૦ પ્રકૃતિયોની ઉ૦ સ્થિતિ બાંધીને તદનંતર મધ્યમ પરિણામે વર્તતો ત્યાંજ અન્તર્મું૦ રહીને તિર્યંચને વિષે ઉત્પન્ન થાય તો એ પ્રકૃતિયોની ઉ૦ ઉદીરણા કરે છે. નિદ્રા પંચકની પણ ઉદય વર્તતે છતેજ ઉ૦ સંક્લેશથી ઉ૦ સ્થિતિ બાંધીને તદનંતર અન્તર્મું૦ વ્યતીત થયે છતે નિદ્રા ( પંચક ) નો ઉદય થયે છતે ઉ૦ ઉદીરણા કરે છે.

तित्थयरस्स य पल्ला-संखिज्ज इमे जहन्नगे इत्तो
थावर जहन्न संतेण, समं अहिगंव वंधंतो ॥ ३४ ॥

गंतूणावलि मित्तं, कसायवारसग भय दुगंछाणं
निद्दा य पंचगस्स उ, आयावुज्जोय नामस्स ॥३५॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

ટીકાર્થઃ—અહિં પ્રથમ જીનનામની સ્થિતિને અપવર્તી અપવર્તીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર શેષ રાખીને તદનંતર અનંતર સમયમાંજ કેવલ જ્ઞાન ઉત્પન્ન થતાં તે જીનનામની સ્થિતિને ઉદીરે છે ત્યાં પ્રથમ સમયે જીનનામની ઉ૦ સ્થિતિ ઉદીરણા હોય છે. સર્વકાળ જીનનામની ઉદીરણા પ્રાયોગ્ય સ્થિતિ એટલીજ હોય છે, પરન્તુ અધિક નહિ. ( इति उत्कृष्ट उदी० स्वामित्व ).

રણામાં સ્વામિત્વ કહેવાય છે, એ પ્રમાણે કરેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરે છે (એટલે હવે સ્વામિત્વપણું કહેવાય છે તે આ પ્રમાણે-)થાવર= સ્થાવરની જે સર્વાલ્પ સ્થિથિસત્તા તે તુલ્ય વા કિંચિત્ માત્ર અધિક તે નવા કર્મને તેજ સર્વ જઘન્યસ્થિતિસત્તાક સ્થાવર-એકેન્દ્રિયજીવ બાંધતો છતો બન્ધાવલિકાનન્તર પહેલા ૧૨ કષાય-ભય-જુગુપ્સા-નિદ્રા ૫-આતપ-ઉદ્યોત-એ **૨૧ નામ પ્રકૃતિયોની** જ૦ સ્થિતિની ઉદીરણા કરે છે. અહિં આતપ અને ઉદ્યોતસિવાયની ૧૯ પ્રકૃતિયોને તો ધ્રુવબંધિપણું હોવાથી અને આતપ ઉદ્યોતને તો પ્રતિપક્ષ પ્રકૃતિયોનો અભાવ હોવાથી બીજા જીવમાં જઘન્યસ્થિતિની પ્રાપ્તિ હોય નહિ, તેથી યથોક્ત સ્વરૂપવાળો એકેન્દ્રિય જીવજ એ પ્રકૃતિયોની જ૦ સ્થિતિ ઉદીરણાનો સ્વામિ છે.

## एगिंदियजोग्गाणं, इयरा वंधित्तु आलिगं गंतुं
## एगिंदियागए, तट्ठिइए जाईण मवि एवं ॥२६॥

**ગાથાર્થ:**—એકેન્દ્રિય યોગ્ય પ્રકૃતિયોથી પ્રતિપક્ષી પ્રકૃતિયો બાંધીને એક આવલિકા વ્યતીત થયા બાદ પુનઃ એકેન્દ્રિય પ્રાયોગ્ય પ્રકૃતિયોને બાંધતો તદ્દેહી જીવ ( એકેન્દ્રિયજીવ ) તે એકેન્દ્રિય જાતિની જ૦ સ્થિ૦ ઉદીરણા કરે, એ પ્રમાણે એકેન્દ્રિયના ભવમાંથી નિકળીને એકેન્દ્રિયયોગ્ય જ૦સ્થિતિસત્તાક જીવ શેષ જાતિની પણ જ૦ સ્થિ૦ ઉદીરણા કરે.

**ટીકાર્થ:**—એકેન્દ્રિયોને જે ઉદીરણા પ્રાયોગ્ય છે તે એકેન્દ્રિય યોગ્ય પ્રકૃતિયો કહેવાય છે, તે એકેન્દ્રિય-સ્થાવર-સૂક્ષ્મ-સાધારણ-એ ૪ પ્રકૃતિયોની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ છે તેથી ઇતર એટલે એકેન્દ્રિય જાત્યાદિથી પ્રતિપક્ષી દ્વીન્દ્રિય જાત્યાદિ પ્રકૃતિયોને બાંધીને ( તે આ પ્રમાણે-એકેન્દ્રિય જાતિથી પ્રતિપક્ષી દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિને અને સ્થાવર સૂક્ષ્મ સાધારણની પ્રતિપક્ષી ત્રસ બાદર ને પ્રત્યેકને બાંધીને) તદનં-

તર પુનઃ એકેન્દ્રિય જાત્યાદિ પ્રકૃતિયોને બાંધે છે, તદનંતર એક આવલિકા વ્યતિત થયા બાદ બન્ધાવલિકાના અન્ત્ય સમયે એકેન્દ્રિય જાત્યાદિની જ૦ સ્થિ૦ ઉદીરણા કરે છે. અહિં તાત્પર્ય આ પ્રમાણે છે–સર્વાલ્પ સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ દ્વીન્દ્રિયાદિ પ્રકૃતિયોને સર્વને અનુક્રમે બાંધે છે, તેથી તે દ્વીન્દ્રિયાદિ જાતિને બાંધ્યા બાદ એકેન્દ્રિય જાતિનો બંધ પ્રારંભે છે, ને તદનંતર બન્ધાવલિકાના અંત્ય સમય પૂર્વે બાંધેલી તે એકેન્દ્રિય જાતિની જ૦ સ્થિ૦ ઉદીરણા કરે છે. बन्धावलिकाना अनन्तर समये बंधावलिकाना प्रथम समये बांधेली लता पण उदीरणा प्राप्त थाय छे. તેથી જઘ૦સ્થિતિઉદીરણા થતી નથી તે કારણથી " બન્ધાવલિકાના અન્ત્ય સમયે " એમ કહ્યું છે. તથા પ્રતિપક્ષ પ્રકૃતિયોને બાંધવામાં જેટલો કાળ લાગે છે તેટલા કાળવડે હીન એકેન્દ્રિય જાતિની સ્થિતિ થાય છે, તેથી અતિ અલ્પ સ્થિતિ પ્રાપ્ત થાય છે, એ હેતુથીજ પ્રતિપક્ષ પ્રકૃતિના બન્ધનું અત્રે ગ્રહણ કરેલું છે. એ પ્રમાણે સ્થાવર સૂક્ષ્મ, અને સાધારણ એ ત્રણ પ્રકૃતિયોની પણ જ૦ સ્થિતિ ઉદીરણા વિચારવી. માત્ર એઓની પ્રતિપક્ષ પ્રકૃતિયો તે ત્રસ બાદર ને પ્રત્યેક એ ત્રણ કહેવી.

વલિકાના અન્ત્ય સમયે તે **દ્વીન્દ્રિય જાતિની** એકેન્દ્રિયભવોપાર્જીત સ્થિતિસત્તાપેક્ષાએ ૪ અન્તર્મુ૦ અને ૧ બંધાવલિકા ન્યૂન જ૦ સ્થિતિ ઉદીરણા કરે છે. બન્ધાવલિકાનો અન્ત્ય સમય કહેવાનું કારણ પ્રથમજ કહેલું છે. એ પ્રમાણે **ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય જાતિની** જ૦ સ્થિ૦ ઉદીરણા પણ વિચારવી.

## वेयणिय नोकसाया, समत्त संघयण पंच नीयाणं
## तिरियदुग अयस दूभग, णाइज्जाणं च सन्निगए॥२७॥

**ગાથાર્થ:**—વેદનીય-નોકષાય-અપર્યા૦—સંઘયણ ૫-નીચ ગોત્રની, તથા તિર્યગ્દ્વિક-અયશ-દુર્ભગ-અને અનાદેયની જ૦ સ્થિ૦ ઉદી૦ સંજ્ઞિમાં ઉત્પન્ન થયેલા જીવને હોય છે.

**ટીકાર્થ:**-શાતા-અશાતા૦-હાસ્ય-રતિ-શોક-અરતિ-અપર્યાપ્ત-અન્ત્ય ૫ સંઘ૦-નીચગોત્ર-તિર્યગ્દ્વિક-દુર્ભગ-અના૦-અયશ૦ એ ૧૮ પ્રકૃતિઓની જ૦ સ્થિતિઉદીરણા સંજ્ઞિપંચેન્દ્રિય ગતિમાં છે તે આ પ્રમાણે-જઘન્યસ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ એકેન્દ્રિય ભવમાંથી નિકળીને પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિયપણે ઉત્પન્ન થાય, ત્યાં ઉત્પત્તિના પ્રથમ સમયથીજ શાતા વેદનીયને અનુભવતો છતો દીર્ઘ અન્તર્મુહુર્ત કાળ પર્યન્ત અશાતા વેદનીય બાંધે, તદનંતર પુનઃ પણ શાતાવેદનીયનો બંધ પ્રારંભે; ત્યાં બંધાવલિકાના અન્ત્ય સમયે પૂર્વબદ્ધ **શાતાવેદનીયની** જ૦ સ્થિતિ ઉદીરણા કરે છે. એ પ્રમાણે **અશાતાવેદનીયની** જ૦ ઉદી૦ પણ જાણવી, પરન્તુ શાતાને સ્થાને અશાતા શબ્દ કહેવો, તથા **હાસ્ય-રતિની** જ૦ ઉદી૦ શાતાવત્ કહેવી, અને **શોક-અરતિની** જ૦ ઉદી૦ અશાતાવત્ કહેવી.

તથા અપર્યાપ્ત નામની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ એકેન્દ્રિય ભવમાંથી નિકળીને અપર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય, ત્યાં પ્રથમ સમયથી પ્રારંભીનેજ દીર્ઘ અન્તર્મુ૦ કાળ

પર્યન્ત પર્યાપ્ત નામ બાંધીને તદનંતર પુનઃ પણ અપર્યાપ્ત નામ કર્મને બાંધે,ત્યાં બંધાવલિકાના અન્ત્ય સમયે પૂર્વબદ્ધ **અપર્યાપ્ત નામની** જ૦ સ્થિ૦ ઉદીરણા કરે છે.

તથા ૫ **સંઘયણમાં** ઉદિત સંઘયણને વર્જીને શેષ ૪ સંઘયણનો અતિ દીર્ઘ બન્ધકાળ કહેવો, તદનંતર વેદ્યમાન સંઘયણના બંધમાં બંધાવલિકાના અન્ત્ય સમયે જ૦ સ્થિ૦ ઉદીરણા કહેવી. **નીચ ગોત્રની** વક્તવ્યતા અશાતાવત્ કહેવી. તથા બાદર અગ્નિકાય અથવા વાયુકાય જે સર્વ જઘન્ય સ્થિતિ સત્તાવાળો છે તે પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય તદનંતર દીર્ઘ અન્તર્મુ૦ કાળ પર્યન્ત મનુષ્યગતિને બાંધે, તદનંતર તિર્યગ્ ગતિનો બંધ આરંભે, ત્યાં બન્ધાવલિકાના અન્ત્ય સમયે તે **તિર્યગ્ગતિની** જ૦ સ્થિ૦ ઉદી૦ કરે.

**તિર્યગાનુપૂર્વીની** વક્તવ્યતા પણ એ પ્રમાણેજ જાણવી, પરન્તુ ગત્યપાન્તરાલે વર્તતાં ત્રીજે સમયે જ૦ સ્થિ૦ ઉદીરણા કહેવી તથા **દુર્ભગ, અનાદેય. અને અયશની** વક્તવ્યતા અશાતાવત્ કહેવી.

**अमणागयस्स चिरठिइ, अंते सुरनरयगइ उवंगाणं**
**अणुपुव्वी तिसमइगे, नराण एगिंदियागयगे ॥२८॥**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

*ટીકાર્થ*ઃ—અસંજ્ઞિ પંચેન્દ્રિયમાંથી નિકળીને દેવભવમાં અથવા નારક ભવમાં ઉત્પન્ન થયેલા જીવને દેવગતિ, નરકગતિ, અને વૈક્રિય ઉપાંગની આપ આપણા દીર્ઘસ્થિતિ આયુષ્યને અન્તે જ૦ સ્થિ૦ ઉદીરણા થાય છે. અહિં તાત્પર્ય એ છે કે—અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવ દેવગત્યાદિની સર્વ જઘન્ય સ્થિતિ બાંધીને તદનંતર દીર્ઘ કાળ પર્યન્ત ત્યાંજ રહીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગના

આયુષ્યપણે દેવભવમાં અથવા નારકભવમાં ઉત્પન્ન થાય, તદનંતર આપ આપણા દીર્ઘ સ્થિતિવાળા આયુષ્યને અન્તે વર્તતા તે દેવને અથવા નારકને યથાયોગપણે **દેવગતિ નરકગતિ અને વૈક્રિયો-પાંગની** જ૦ સ્થિ૦ ઉદીરણા હોય છે-તથા દેવ વા નરક ગતિના અપાન્તરાલમાં વર્તતો તેજ અસંજ્ઞિ પંચેન્દ્રિયજીવ ત્રીજે સમયે અનુક્રમે **દેવાનુપૂર્વીની અને નરકાનુપૂર્વી**ની જ૦ સ્થિ૦ ઉદીરણા કરે છે, તથા नराण एगिंदियागयगे=મનુષ્યાનુપૂર્વીની સર્વાલ્પ સત્તાવાળો એકેન્દ્રિય જીવ એકેન્દ્રિય ભવમાંથી નિકળીને મનુષ્યપણે ઉત્પન્ન થતાં અપાન્તરાલે વર્તતો ત્રીજે સમયે **મનુષ્યાનુપૂર્વીની** જઘન્ય સ્થિતિની ઉદીરણાનો સ્વામિ હોય છે.

**समयाहि गालिगाए, पढमठिइए उ सेसवेलाए**
**मिच्छत्ते वेयेसु य, संजलणासु वि य समत्ते ॥३९॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે ( ગાથાનો અંત્ય શબ્દ 'सम्मत्त' એવો પણ છે ).

ટીકાર્થ:—અહિં અન્તરકરણ કર્યે છતે નીચેની સ્થિતિ તે પ્રથમ સ્થિતિ, અને ઉપરની તે દ્વિતીય સ્થિતિ કહેવાય છે. ત્યાં પ્રથમ સ્થિતિની સમયાધિક આવલિકા શેષ રહયે છતે **મિથ્યાત્વ ૩ વેદ, ૪ સંજ્વલન, અને સમ્યક્ત્વની** જ૦ સ્થિ૦ ઉદીરણા થાય છે. પુનઃ વિશેષ એ છે કે સમ્યક્ત્વની અને સં૦ લોભની ક્ષય વા ઉપશમ થતાં જ૦ સ્થિ૦ ઉદી૦ જાણવી.

**पल्लासंखियभागू, णुदही एगिंदियागए मिस्से**
**वेसत्तभाग वेउ-व्वियाए पवणस्स तस्संते ॥४०॥**

ગાથાર્થ:—પલ્યોપમના અસંખ્યાતમાભાગહીન ૧ સાગરોપમની સત્તાવાળાએકેન્દ્રિયભવમાંથી આવેલા જીવને મિશ્રની જ૦ સ્થિ૦ ઉદીરણા હોય છે. તથા પલ્યાસંખ્યાતમાભાગહીન ૨/૭ સાગરની

સત્તાવાળા બાદર વાયુકાયિક જીવને અન્ત્ય સમયે જ૦ સ્થિ૦ ની ઉદીરણા થાય છે.

ટીકાર્થઃ—પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન જે ૧ સાગરોપમ તેટલી મિશ્રની સ્થિતિ સત્તાવાળો એકેન્દ્રિયજીવ એકેન્દ્રિભવથી નિકળીને સંજ્ઞિ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય તેને જે સમયથી આરંભીને મિશ્રની ઉદીરણા ટળી જવાની છે તે સમયે મિશ્રપ્રતિપન્ન જીવને અન્ત્ય સમયે મિશ્રની જ૦ સ્થિતિની ઉદીરણા થાય છે. એકેન્દ્રિય સંબંધિ જઘન્ય સ્થિતિ સત્તાથી હીન સ્થિતિવાળું મિશ્ર મોહનીયકર્મ ઉદીરણા યોગ્ય હોતું નથી, કારણ કે તેટલા પ્રમાણની સ્થિતિવાળું થયે છતે અવશ્ય મિથ્યાત્વ મોહનીયનો ઉદય થવાથી તે મિશ્ર મોહનીય ઉદ્વલના યોગ્ય થઇ જાય છે.

તથા જે પ્રમાણના ૭ ભાગો વડે ૧ સાગરોપમ સંપૂર્ણ થાય છે તેટલા પ્રમાણના ( સાતીયા ) બે ભાગ જે વૈક્રિયછક્કના ( વૈ૦ શરીર–વૈ૦ સંઘાતન–વૈ૦ બંધન ચતુષ્કના ) છે તે દ્વિસપ્તભાગવાળું વૈક્રિય કહેવાય છે. એમાં “ દ્વિસપ્તભાગવાળું ” એ વિશેષણ છે, અને “ વૈક્રિય ” એ વિશેષ્ય છે. તે બેનો વિશેષણ સમાસ ( વિશેષણને વિશેષ્યનો સમાસ કરવો તે વિશેષણ સમાસ ) કરતાં 'દેસત્ત ભાગ વેઉવ્વિયાए થાય છે એમાં પ્રાકૃત નિયમને અનુસરીને વેઉવ્વિયાए પદ સ્ત્રીલિંગપણે નિર્દેશ કર્યું છે. પુનઃ અહિં પલ્લાऽसंखियभागूण એ વાક્યનો અર્થ પણ અનુસરે છે તેથી (અર્થ એવો થાય છે કે ) પલ્યોપમાસંખ્યભાગહીન જે સાગરોપમ પ્રમાણ તે વૈક્રિયછક્કની સ્થિતિ સત્તાવાળા પવનને એટલે બાદરવાયુકાયિક જીવને તે વૈક્રિયના અન્ત્ય સમયે જ૦ સ્થિ૦ ઉદીરણા થાય છે. અહિં તાત્પર્ય એ છે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગહીન જે સાગર પ્રમાણની વૈક્રિય છક્કની જઘન્ય સ્થિતિ સત્તાવાળો બાદરવાયુકાયિક જીવ ઘણીવાર વૈક્રિય વિકુર્વણા કરીને અન્ત્ય વૈક્રિય વિકુર્વણા કરે છે, ત્યાં અન્ત્ય સમયે વૈક્રિય છક્કની જ૦ સ્થિ૦ ઉદીરણા કરે

અને અનન્તર સમયમાં તો વૈક્રિય છકકની સ્થિતિ સત્તા એકેન્દ્રિય સંબંધિ જઘન્ય સ્થિતિ સત્તાથી પણ હીન હોય છે, તેથી તે વૈક્રિય છકક ઉદીરણા યોગ્ય થતું નથી, પરન્તુ ઉદ્વલના યોગ્ય હોય છે.

**चउरुवसमेत्तु पेज्जं–पच्छा मिच्छं खवेत्तु तेत्तीसा**
**उक्कोससंजमध्धा–अंते सुतणू उवंगाणं ।.४१॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—સંસારમાં પરિભ્રમણ કરવાથી ૪ વાર મોહનીયનો ઉપશમ કરીને તદનંતર મિથ્યાત્વને અને ઉપલક્ષણથી સમ્યક્ત્વને અને મિશ્રને પણ ખપાવીને ૩૩ સાગરોપમપ્રમાણની સ્થિતિવાળો દેવ થાય, તદનંતર દેવભવમાંથી ચવીને મનુષ્ય મધ્યે ઉત્પન્ન થાય, તદનંતર આઠ વર્ષની વયે ચારિત્ર પ્રાપ્ત કરીને અપ્રમત્ત થઇ આહારક સપ્તક બાંધે, તદનંતર દેશૂણપૂર્વક્રોડ વર્ષ પર્યન્ત ચારિત્ર પાલન કરીને દેશૂણપૂર્વક્રોડ વર્ષને અન્તે આહારક શરીર રચીને સુતણુ =આહારક શરીરની અને उवंग = આહારક ઉપાંગની તથા उवंगाणं એ બહુવચનાન્ત હોવાથી આહારક બન્ધનચતુષ્ક તથા આહારક સંઘાતનને ગ્રહણ કરતાં **આહારક સપ્તકની** જઘન્ય સ્થિ૦ ઉદીરણા કરે. અહિં મોહનીયને ઉપશમાવતો જીવ [1]સ્થિતિઘાતાદિ વડે શેષ નામકર્મની પ્રકૃતિયોની ઘણી સ્થિતિસત્તાનો ઘાત કરે છે, અને દેવભવમાં [2]અપવર્તનાકરણથી અપવર્તે છે, તેથી આહારક સપ્તકના બન્ધકાળે અતિ અલ્પસ્થિતિ સત્તાજ સંક્રમે છે તેથી ચાર વાર મોહોપશમાદિની વિવક્ષા કરી છે. દેશૂણપૂર્વક્રોડ વર્ષ સુધીમાં આહારકસપ્તકની ઘણી સ્થિતિસત્તા ક્ષય પામે છે તેથી દેશૂણપૂર્વક્રોડ વર્ષનું અત્રે ગ્રહણ કર્યું છે.

---

૧-૨ સ્થિતિઘાતથી અપવર્ત્તના સર્વથા ભિન્ન નથી, કારણ કે સ્થિતિઘાત એ વ્યાઘાતાપવર્ત્તના વિશેષ છે, અને અપવર્ત્તના એ નિર્વ્યાઘાતાપવર્ત્તના રૂપ છે.

छउमत्थखीणरागे, चउदससमयाहिगालिगाठिईए
सेसाणुदीरणंते, भिन्नमुहुत्तो ठिईकालो ॥४३॥

ગાથાર્થ:—ટીકાર્થવત્.

ટીકાર્થ:—ક્ષીણમોહ ગુણસ્થાનકના છદ્મસ્થને ૫ જ્ઞાના૦—૪ દર્શના૦—૫ અન્તરાય એ ૧૪ પ્રકૃતિઓની સમયાધિક આવલિકા શેષ રહે છતે જઘ૦ સ્થિ૦ ઉદીરણા થાય છે. તથા મનુષ્યગતિ—પંચે૦—વજ્રર્ષ૦—ઔદા૦ ૭—સંસ્થાન ૬—ઉપ૦—પરા૦—ઉચ્છ્વાસ—૨ ખગતિ—ત્રસાદિ ૩—શુભાદિ ૪—પ્રત્યેક—સુસ્વર—દુઃસ્વર એ ૩૨ પ્રકૃતિઓ, તથા પૂર્વોક્ત ૩૩ નામની ધ્રુવોદયી પ્રકૃતિઓ સર્વ મળીને ૪૫ પ્રકૃતિઓની જઘ૦ સ્થિતિઉદીરણા સયોગિ કેવલિને અન્ત્યસમયે હોય છે. તેનો ઉદીરણાકાળ અન્તર્મુ૦ પ્રમાણનો હોય છે, તથા આયુષ્યની પણ અન્ત્ય સમયે (ઉદીરણાન્ત્ય સમયે) જઘ૦ સ્થિ૦ ઉદીરણા હોય છે. (ઇતિ સ્થિતિ ઉદીરણા).

॥ અથ અનુભાગ ઉદીરણા ॥

એ પ્રમાણે સ્થિતિ ઉદીરણા કહીને હવે અનુભાગ ઉદીરણાનો પ્રસંગ છે ત્યાં સંજ્ઞા—શુભાશુભપ્રરૂ૦—વિપાક પ્રરૂ૦—પ્રત્યય પ્રરૂ૦—સાધનાદિપ્રરૂ૦—અને સ્વામિ પ્રરૂપણા એ ૬ અનુયોગ છે. તેમાં પ્રથમ સંજ્ઞા—શુભાશુભ અને વિપાક એ ત્રણે પ્રરૂપણા માટે અન્ય ગ્રન્થની ભલામણ કરે છે.

વિપાક એ ત્રણની પ્રરૂપણાઓ શતકગ્રન્થોક્ત અનુભાગ બન્ધ પ્રકરણમાં કહ્યા પ્રમાણે જાણવી, પુનઃ અનુભાગબંધ પ્રકરણમાં નહિ કહેલ સંજ્ઞાદિકનો વિશેષ અને પ્રત્યયપ્રરૂપણા તે આ પ્રમાણે છે.

**ટીકાર્થ**:—અનુભાગ ઉદીરણામાં કહેવા યોગ્ય જે સંજ્ઞા-શુભાશુભ-અને વિપાક અનુયોગ તે શતકનામના ગ્રંથમાં અનુભાગ બંધ કથનને અવસરે કહેલા છે તે પ્રમાણે જાણવા. ત્યાં स्थान संज्ञा અને घातिसंज्ञा એ પ્રમાણે સંજ્ઞા ૨ પ્રકારે કહી છે તેમાં સ્થાન સંજ્ઞા તે एकस्थानक-द्विस्थानक-त्रिस्थानक-અને चतुःस्थानक એમ ૪ પ્રકારે છે. તથા ઘાતિસંજ્ઞા તે सर्वघाति-देशघाति અને अघाति એમ ૩ પ્રકારે છે. તથા શુભ કર્મનો અનુભાગ તે [1]ક્ષીર [2]ઘોષાતકી શર્કરાતુલ્ય શુભ છે, અને અશુભ કર્મનો અનુભાગ તે [2]ઘોષાતકી અને લિંબડાના રસ સરખો અશુભ છે એ પ્રમાણે શુભાશુભ પ્રરૂપણા છે. એ સ્થાનસંજ્ઞા, ઘાતિસંજ્ઞા, અને શુભાશુભપ્રરૂપણા તે પ્રથમ અનુભાગસંક્રમ પ્રસંગે સવિસ્તર કહેલી છે તેથી અત્રે પુનઃ કહેવાશે નહિ.

તથા વિપાક તે पुद्गलविपाक-क्षेत्रविपाक-भवविपाक-અને जीवविपाक એમ ૪ પ્રકારે છે. ત્યાં પુદ્‌ગલને અંગે જે રસનો વિપાકોદય હોય તે पुद्गलविपाक કહેવાય છે ને તે ૬ સંસ્થાન-૬ સંઘયણ—આતપ-૫ શરીર-૩ ઉપાંગ-ઉદ્યોત-નિર્માણ-સ્થિર-અસ્થિર-વર્ણાદિ ૪-અગુ૦-શુભ-અશુભ-પરા૦-ઉપ૦-પ્રત્યેક-અને સાધારણ એ ૩૬ પ્રકૃતિયોનો અનુભાગ पुद्गलविपाक રૂપ છે. કારણ કે સંસ્થાનાદિ પ્રકૃતિયો તે ઔદારિકાદિ પુદ્‌ગલને અવલંબીને

૧-૨ જીવને સુખ દુઃખ રૂપે ભોગવાતા પુન્ય પાપમાં એ ક્ષીર લીંબનું દૃષ્ટાંત ઉપમા વાચક જાણવું પરંતુ તે કર્માણુઓમાં (મધુર તિક્તાદિ પૌદ્‌ગલિક રસ પર્યાય એવા પ્રકારના રહ્યા છે એમ નહિ. એ સંબંધિ વિશેષવક્તવ્ય બંધનકરણ પ્રસંગેજ કહેલ છે.

પણ તે એનો વિપાકોદય શું નથી થતો ? અર્થાત્ થાયજ છે. તેથી પુદ્ગલ પ્રાપ્તિના અનેકાન્તિક નિયમથી તે એનો રસ પુદ્ગલવિપાક નહિ પરન્તુ જીવ વિપાકજ કહેવાય છે. એ પ્રમાણે ક્રોધાદિકનો પણ જીવવિપાકાનુભાગ જાણવો.

તથા ક્ષેત્રને અવલંબીને ( પામીને ) જેના રસનો વિપાકોદય થાય છે તે रस क्षेत्रविपाक રૂપ કહેવાય છે, તે ૪ આનુપૂર્વિયોનો જાણવો.

તથા ભવને આશ્રયિને રસનો વિપાકોદય હોય તે ભવવિપાક ને તે ૪ આયુષ્યનોજ રસ છે.

**પ્રશ્ન**—ગતિયોનો પણ ભવને આશ્રયિ વિપાકોદય વર્તે છે, તો તે ગતિયોનો રસ ભવવિપાક કેમ નહિ ?

**ઉત્તર**—એ નિયમ અનેકાન્ત હોવાથી અયુક્ત છે, કારણ કે **આયુષ્યનો તો સ્વભવ વિના અન્યભવમાં સંક્રમથી પણ ઉદય નથી** તેથી સર્વથા સ્વભવની સાથે [1]અવ્યભિચારી હોવાથી ( પરભવે કોઇ પણ પ્રકારે ઉદય નહિ હોવાથી ) તે આયુષ્યોનો રસ ભવવિપાકજ કહેવાય છે. કહ્યું છે કેઃ—

आउव्व भवविवागा, गई न आउस्स परभवे जम्हा
नो सव्वहावि उदओ गईण पुण संकमे णत्थि ॥१॥ (गतार्थंव)

શેષ ૭૮ પ્રકૃતિયોનો રસ જીવને આશ્રયિજ ઉદયમાં આવે

---

૧ જે હેતુ સાધ્યથી અન્ય પણ વ્યાપ્ત હોય તો તે હેતુ વ્યભિચાર [illegible]વાળો કહેવાય છે, તેમ આયુષ્યોદય રૂપ હેતુ તદ્ભવરૂપ સાધ્યથી [illegible] વ્યાપ્ત નહિં હોવાથી ( અર્થાત જે આયુષ્યનો ઉદય હોય તેજ [illegible]નો ઉદય હોય, માટે ) " જે આયુષ્યનો ઉદય તેજ ભવનો ઉદય " વ્યભિચાર દોષ વર્જીત છે.

છે માટે તે જીવવિપાક છે. તથા नाणत्तं નાનાપણું એટલે જે વિશેષ ત્યાં શતક ગ્રંથે અનુભાગબન્ધ પ્રકરણમાં નથી કહ્યો તે વિશેષ, અર્થાત જે કહેલું છે તેથી પણ જે કંઇ વિશેષ હશે તે સર્વ અત્રે કહેવાશે. તથા ત્યાં બન્ધને આશ્રયિ મિથ્યાત્વાદિ અન્ય હેતુઓ કહ્યા છે, અને અહિં ઉદીરણા આશ્રયિને જે હેતુઓ છે તે આગળ કહેવાશે તે પ્રમાણે જાણવા.

હવે નાનાત્વ ( વિશેષ ) પ્રરૂપણા કહે છે.

मीसं दुट्ठाणे सव, घाइ दुट्ठाण एगठाणे च
सम्मत्त मंतरायं, च देसघाइ अचक्खू य ॥ ४९ ॥

ગાથાર્થ:—મિશ્ર મોહનીય તે દ્વિસ્થાનક અને સર્વઘાતિ રસયુક્ત છે. સમ્યક્ત્વ મોહનીય તે દ્વિસ્થાનક એકસ્થાનકરૂપ દેશઘાતિ રસયુક્ત છે, અને અન્તરાય પણ સમ્યક્ત્વવત્ છે. તથા અચક્ષુ દર્શન દેશઘાતિ છે.

રસયુક્ત છે, અને ઘાતિસંજ્ઞાને આશ્રયિ દેશઘાતિ છે. પુનઃ બન્ધને આશ્રયિ તો એક સ્થાનક–દ્વિસ્થાનક–ત્રિસ્થાનક–ચતુઃસ્થાનક–એમ ચારે પ્રકારના રસવાળું છે.—તથા [1]अचक्षु दर्शन ઘાતિસંજ્ઞા આશ્રયિ દેશઘાતિ છે.

**ठाणेसु चउसु अपुमं, दुट्ठाणे कक्कडं च गुरुकं च**
**अणुपुव्वीओ तीसं, नरतिरिएगंतजोग्गा य ॥४५॥**

**ગાથાર્થ**:—નપુંસક વેદનો ચારે સ્થાનકનો રસ, કર્કશ અને ગુરૂસ્પર્શનો દ્વિસ્થાનક રસ, તથા આનુપૂર્વી અને એકાન્તમનુષ્ય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિયોનો દ્વિસ્થાનક રસ ઉદીરણા યોગ્ય છે.

**ટીકાર્થ**:—નપુંસકવેદનો બંધને આશ્રયિ એકસ્થાનક-દ્વિસ્થાનક ને ત્રિસ્થાનક [2]એમ ત્રણે પ્રકારનો રસ છે, પરંતુ અત્રે ઉ૦ ઉદીરણાને અંગે ચતુઃસ્થાનક રસ, અનુત્કૃષ્ટોદીરણાને અંગે ચતુઃસ્થાનક–ત્રિસ્થાનક [3]દ્વિસ્થાનક ને એકસ્થાનક રસ હોય છે.

**પ્રશ્ન**:—બંધને અભાવે ઉદીરણામાં નપુંસકવેદનો એકસ્થાનક રસ કેવી રીતે પ્રાપ્ત થાય છે ?

**ઉત્તર**:—નપુંસકવેદના ક્ષયકાળે રસઘાત કરતાં એકસ્થાનક રસનો પણ સંભવ છે.

---

૧ અત્રે અચક્ષુ દર્શનનો ઉદીરણા યોગ્ય રસ કહ્યો નથી તો અગ્રગાથાથી एकस्थानक અને द्विस्थानक રસ ઉદીરણા યોગ્ય હોય છે એમ જાણવું.

૨. ૨–૩–૪ સ્થાનક રસ નપુંસક વેદનો બંધ આશ્રયી છે. ( ઇતિ પંચસંગ્રહાદૌ ).

૩ અહિં દ્વિસ્થાનક રસ છાપેલી ટીકામાં કહ્યો નથી. પરન્તુ પંચસંગ્રહમાં દ્વિસ્થાનક રસ કહેલ હોવાથી મેં પણ કહ્યો છે.

તથા કર્કશનામ અને ગુરુસ્પર્શનો બંધને આશ્રયિ ચતુઃસ્થાનક–ત્રિસ્થાનક–દ્વિસ્થાનક એ ત્રણે પ્રકારનો રસ છે, પરંતુ અહિં ઉદીરણાના સંબંધમાં તો દ્વિસ્થાનક રસજ ઉદીરણા યોગ્ય છે.

તથા ૪ आनुपुर्वी, તથા મનુષ્ય તિર્યંચનેજ એકાન્ત ઉદયમાં વર્તતી જે [1]नरगति–तिर्यंगगति–नरायु–तिर्यंगायु–कुजातिचतुष्क–औदा०७–मध्यसंस्थान–संह०६–आतप–स्थावर चतुष्क એ ૩૦ પ્રકૃતિયોનો પણ બંધને આશ્રયિ ચતુઃસ્થાનક–ત્રિસ્થાનક અને દ્વીસ્થાનક રસ છે, પરન્તુ અહિં ઉત્કૃષ્ટ વા અનુત્કૃષ્ટ ઉદીરણાને સંગે તો માત્ર દ્વિસ્થાનક રસજ જાણવો.

वेया एगट्ठाणे, दुट्ठाणे वा अचरकु चरकू य
जस्स त्थि एगमवि, अरकरं तु तस्सेगठाणाणि ॥४६॥

अचक्खू य એ પ્રમાણે પૂર્વોક્ત (૪૪) મી ગાથામાં અચક્ષુદર્શનનું ગ્રહણ કર્યું છે તો અહિં પુનઃ અચક્ષુનું ગ્રહણ કેમ કર્યું ? તેના ઉત્તરમાં જાણવાનું કે સ્થાનના નિયમને અર્થે, અર્થાત્ પ્રથમ તો અચક્ષુનું દેશઘાતિત્વ કહ્યું અને અત્રે તો રસસ્થાનનો નિયમ દર્શાવવાને અર્થે અચક્ષુનું પુનઃગ્રહણ કર્યું છે.

તથા **जस्स त्थि एगमवि अरकरं**=જે જીવને એક પણ અક્ષર [1]સર્વ પર્યાય સહિત જ્ઞાનમાં વર્તે છે તેવા શ્રુતકેવલિને **मतिज्ञा०-श्रुतज्ञा०** [2]**अवधिज्ञाना०** અને **अवधि दर्शनावरण** એ ૪ પ્રકૃતિયોમાં ઉદીરણા યોગ્ય એકસ્થાનકરસ હોય છે—તથા **संज्वलनना** બન્ધમાં અને ઉદીરણામાં પણ ચતુઃસ્થાનકાદિ ચારે પ્રકારનો રસ હોય છે.

## मणनाण सेससमं, मीसग सम्मत्तमवि य पावेसु
## छट्ठाणवडियहीणा, संतुक्कसा उदीरणया ॥ ४७ ॥

**ગાથાર્થઃ**—મનઃ પર્યવને શેષ કર્મ સમાન જાણવું. સમ્યક્ત્વ અને મિશ્રનો ઉદી૦ યોગ્ય રસ પાપ પ્રકૃતિવત્ જાણવો, તથા અનુભાગસત્તાની છસ્થાનપતિત હાનીથી પણ ઉત્કૃષ્ટોદીરણા પ્રવર્તે છે.

**ટીકાર્થઃ**—મનઃપર્યવનો ઉદીર્ય રસ શેષ કર્મ સમાન જા-

---

૧ મત્યાદિ ૪ છાદ્મસ્થિક જ્ઞાનનો વિષય સર્વદ્રવ્યમાં અને અસર્વ પર્યાયમાં છે એમ તત્વાર્થાદિ સૂત્રમાં પ્રસિદ્ધ છે તથા ચાલુ પ્રકરણની ૪૮ મી ગાથામાં પણ એવોજ ભાવાર્થ છે છતાં અહિં શ્રુત કેવલિને એક અક્ષરના સર્વ પર્યાયના જ્ઞાતા કહ્યા તેથી સંભવે છે કે આ સ્થાને સર્વ પર્યાયો તે શ્રુતજ્ઞાન સંબંધિજ ગ્રહણ કરવા પરન્તુ બીજા કેવલજ્ઞાન વિષયિક નહિં.

૨ છાપેલી ટીકામાં અવધિજ્ઞાનાવરણ પ્રકૃતિ ગણાવી નથી પરન્તુ પ્રકૃતિ ત્રુટક ન પડે માટે મેં અત્રે ગણાવી છે.

સુધી અર્થાત્ શેષકર્મનો ચતુઃસ્થાનક-ત્રિસ્થાનક-ને દ્વિસ્થાનક રસ-ઉદીર્ય છે, તેમ મનઃપર્યવનો પણ એ ત્રણે પ્રકારનો રસ ઉદીર્ય છે. પુનઃ બંધને આશ્રયિ તો મનઃપર્યવનો રસ ચારે પ્રકારનો બંધાય છે, અને શેષકર્મોનો ત્રણ પ્રકારનો રસ બંધાય છે, તે શેષ-કર્મ તે કેવલજ્ઞાના૦-નિદ્રા૫-કેવલદર્શ૦-વેદનીય૨-મિથ્યાત્વ-૧૨ કષાય-૯ નોકષાય-નરકાયુ-દેવાયુ-નરકગતિ-દેવગતિ-પંચે૦-તૈ૦ ૭-વૈ૦ ૭-આહા૦ ૭-સમચ૦-હુંં-વર્ણ ૫-રસ ૫-ગંધ ૨-સ્નિ૦-રુ૦-મૃ૦-ક૦-શી૦-ઉષ્ણ-અગુ૦-ઉપ૦-પરા૦-ઉચ્છ્વા૦-ઉદ્યોત-૨ ખગતિ-ત્રસાદિ ૧૦-અસ્થિરાદિ ૬-નિર્મા૦-જીન-ગોત્ર ૨-એ ૧૦૬ પ્રકૃતિ રૂપ શેષકર્મનો ઉદીરણા પ્રાયોગ્ય ઉ૦ અનુભાગ ચતુઃસ્થાનક અને અનુત્કૃષ્ટાનુભાગ ચતુઃસ્થાનક-ત્રિસ્થાનક ને દ્વિસ્થાનક એમ ૩ પ્રકારનો છે. તથા મતિ, શ્રુત, અવધિ મનઃપર્યવ જ્ઞા૦-ચક્ષુ, અચક્ષુ, અવધિ દ૦ એ ૭ પ્રકૃતિયોનો ઉત્કૃષ્ટોદીરણાપેક્ષાએ સર્વઘાતિ અને દેશઘાતિ અનુભાગ છે, તથા કેવલદ્વિક-નિદ્રા ૫ મિથ્યાત્વ-૧૨ કષાય-એ ૨૦ નો ઉત્કૃષ્ટોદીરણાપેક્ષાએ અથવા અનુત્કૃષ્ટોદીરણાપેક્ષાએ પણ સર્વઘાતિરસ છે-તથા વેદનીયદ્વિક આયુ ૪-સર્વનામ પ્રકૃતિ-ગોત્ર ૨-એ સર્વનો ઉત્કૃષ્ટ વા અનુત્કૃષ્ટોદીરણા પ્રાયોગ્ય અનુભાગ સર્વઘાતિમાંનો છે. તથા ૪ સંજ્વલન અને ૯ નોકષાયનો ઉત્કૃષ્ટ ઉદી૦ યોગ્ય સર્વઘાતિ અને અનુ૦ ઉદીરણા યોગ્ય સર્વઘાતિ અને દેશઘાતિ રસ છે.

ઉદીરણા કરે ? તે કહેવાય છે. છટ્ઠાણવડિયહીણા=છસ્થાનપતિત હીન અનુભાગસત્તાથી પણ ઉત્કૃષ્ટાનુભાગ ઉદીરણા પ્રવર્તે છે. અહિં તાત્પર્ય એ છે કેઃ—જે સર્વોત્કૃષ્ટાનુભાગ સત્તા છે તે અનન્તભાગહીન સંખ્યભાગહીન, સંખ્યગુણહીન, અસંખ્યગુણહીન, અને અનન્તગુણ હીન થયે છતે પણ ઉત્કૃષ્ટાનુભાગ ઉદીરણા પ્રવર્તે છે, કારણ કે અનુભાગના અનંતાનંત સ્પર્ધકો ક્ષય થયે છતે પણ અદ્યાપિ પર્યન્ત ઉત્કૃષ્ટાનુભાગવાળાં અનંતસ્પર્ધકો શેષ રહે છે, તેથી અનન્ત ભાગ શેષ રહ્યે છતે પણ મૂળ અનુભાગ સત્તાથી અનન્તગુણહીન અનુભાગની ઉત્કૃષ્ટોદીરણા પ્રવર્તે છે, તો પછી [1]અસંખ્યગુણહીનાદિ અનુભાગની ઉદીરણા પ્રવર્તે તેમાં શું આશ્ચર્ય ?

હવે विपाकप्ररुपणामां જે વિશેષતા છે તે કહેવાય છે.

## विरियंतरायकेवल–दंसणमोहणीयणाणवरणाणं
## असमत्तपज्जएसु, य सव्वदव्वेसु उ विवागो ॥४८॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે

૧ અહિં અનુભાગસ્થાનો સર્વ સંખ્યાએ અસંખ્યલોકપ્રદેશ પ્રમાણુજ છે, તેથી સ્થાન આશ્રયિ છસ્થાનપતિતપણું હોઈ શકે નહિં પરન્તુ પ્રત્યેક અનુભાગસ્થાનમાં સ્પર્ધકો અનંતાનંત હોવાથી સ્પર્ધકાપેક્ષાએજ છસ્થાનપતિતપણું હોય છે. તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટાનુભાગ અનંતાનંત સ્પર્ધકો ક્ષય થાય ત્યારે જે સ્પર્ધકો શેષ રહે છે તે અનંત ગુણહીન સ્પર્ધકો કહેવાય છે, તે અતિ અલ્પ સંખ્યાવાળાં છે ને ઉત્કૃષ્ટાનુભાગસ્થાન સંબંધિનાં છે માટે અનંતગુણહીન અનુભાગ રહયે છતે પણ ઉ૦ અનુભાગોદીરણા પ્રાપ્ત થાય છે. પુનઃ અનંતગુણહીનથી અસંખ્યગુણહીન સ્પર્ધકો સંખ્યાએ અધિક છે, ને તે કરતાં સંખ્યગુણહીન સ્પર્ધકો અધિક છે, એ પ્રમાણે યાવત્ અનંતભાગહીન સ્પર્ધકો તે પૂર્વોક્ત પાંચે હાની કરતાં ઉત્કૃષ્ટ સંખ્યાવાળાં છે, તો તે સર્વમાં ઉત્કૃષ્ટોદીરણાપણું પ્રાપ્ત થાય તેમાં શું આશ્ચર્ય ? ઇતિભાવઃ

**ટીકાર્થ**:—વીર્યાન્તરાય-કેવલદ૦-૫ જ્ઞાના૦-૨૮ મોહનીય એ ૩૫ પ્રકૃતિયોનો વિપાકવિષય સર્વ જીવદ્રવ્યોમાં અને અસર્વ-પર્યાયોમાં છે. તે આ પ્રમાણે—આ વીર્યાન્તરાયાદિ ૩૫ પ્રકૃતિયો સર્વ જીવદ્રવ્યોને ઉપઘાત કરે છે, પરન્તુ જીવદ્રવ્યના સર્વપર્યાયોને ઉપઘાત કરતી નથી. જેમ અતિ ઘનવાદળાંઓ વડે સૂર્ય ચંદ્ર સર્વથા આવૃત થયે છતે પણ સૂર્યચંદ્રની પ્રભા સર્વથા (સર્વાંશે) આવૃત થતી નથી, કહ્યુ છે કે—सुट्ठ वि मेहसमुदए होइ पहा चंदसूराणं ઇતિ. તેમ અત્રે પણ વિચારવું.

**गुरुलघुगाणंतपए-सिएसु चरकूस्स रुविदव्वेसु**
**ओहीस्स गहणधारण-जोग्गे सेसंतरायाणं ॥४९॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—જે અનન્તપ્રદેશી [1]ગુરુલઘુપરિણામી સ્કંધો છે તેમાં ચક્ષુ અને અચક્ષુદર્શનાવરણનો વિષય-વિપાક છે. તથા અવધિદ૦નો વિષય રૂપી દ્રવ્યોમાં છે, અને શેષ અન્તરાય જે દાન, લાભ, ભોગ, અને ઉપભોગ તેનો વિષય ગ્રહણ ધારણ યોગ્ય પુદ્‍ગલોમાં છે, પરન્તુ શેષપુદ્‍ગલોમાં નહિં. તથા જેટલા ક્ષેત્ર વા દ્રવ્યાદિકમાં ચક્ષુ તથા અચક્ષુનો વ્યાપાર પ્રવર્તે છે તેટલોજ વિષયચક્ષુ તથા અચક્ષુ દર્શનાવરણનો હોય છે, તેથી પૂર્વોક્ત (ગુરુલઘુ અનંતપ્રદેશી સ્કંધોરૂપ) વિષયનો નિયમ વિરોધવાળો સંભવતો નથી. શેષ પ્રકૃતિયોનો તો જે વિષય પૂર્વે પુદ્‍ગલવિપાકાદિરૂપે કહ્યો છે તે પ્રમાણેજ જાણવો. (इति विपाकप्ररुपणा).

૧ અહિં "ગુરુ લઘુ પરિણામી" એ સામાન્ય શબ્દ હોવાથી પત્થર વગેરે ગુરુ પરિણામી, ધૂમ વગેરે લઘુ પરિણામી, અને વાયુ જ્યોતિષનાં વિમાન વગેરે ગુરુલઘુ પરિણામી એ ત્રણે સ્કંધોમાં (ચક્ષુનો વિષય હોવાથી) ચક્ષુ દર્શનાવરણનો, અને એજ સ્કંધોમાંથી ઉત્પન્ન થતા શબ્દાદિ ગુરુ લઘુ પરિણામી હોવાથી અચક્ષુદર્શનાવરણનો વિષય બની શકે. કારણ કે ધર્મા૦ આકાશ વગેરે અગુરુ લઘુ સ્કંધો અતીન્દ્રિય છે.

હવે પ્રત્યયપ્રરૂપણા કરવા યોગ્ય છે, ત્યાં પરિણામપ્રત્યય અને ભવપ્રત્યય એ પ્રમાણે પ્રત્યયના બે પ્રકાર છે. તેમાં પ્રથમ પરિણામ પ્રત્યય પ્રરૂપણા કહેવાય છે.

**वेउव्विय तेयग कम्म--वन्न रस गंध निद्ध लुरकाओ**
**सी उन्ह थिर सुभेयर--अगुरुलघु गोय नरतिरिए॥५०॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—વૈક્રિયસપ્તક, અને ( ગાથામાં ) તૈજસકાર્મણુ કહેવાથી તૈજસસપ્તક, તથા વર્ણ ૫–ગન્ધ ૨–રસ ૫–સ્નિગ્ધ–રૂક્ષ–શીત–ઉષ્ણુ–સ્થિર–અસ્થિર–શુભ–અશુભ અગુ૦–એ ૩૯ પ્રકૃતિયો તે અનુભાગોદીરણાની અપેક્ષાએ તિર્યંચ-મનુષ્યોને પરિણામપ્રત્યય રૂપ છે, કારણ કે વૈક્રિયસપ્તક તે તિર્યંચમનુષ્યોને ગુણવિશેષથી ઉત્પન્ન થતી લબ્ધિરૂપ છે તે તેની ઉદીરણા પણ ગુણપરિણામ પ્રત્યય રૂપ જાણવી. પુનઃતિર્યંચ મનુષ્યો અન્ય અન્ય પ્રકારે પરિણમાવીને ઉદીરે છે, તેથી તે પ્રકૃતિયોની અનુભાગોદીરણા પણ તિર્યંચમનુષ્યોને પરિણામ પ્રત્યયિક જાણવી.

**चउरंस मउय लहुगा, परघा उज्जोय इठ्ठ खगइ सरा**
**पत्तेगतणु उत्तर–तणुसु दोसु विय तणु तइया॥५१॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—સમચ૦–મૃ૦–લઘુ–પરા૦–ઉદ્યો૦–સુખગ૦—સુસ્વર પ્રત્યેક એ ૮ પ્રકૃતિયો અને ઉત્તરદેહરૂપ વૈક્રિય તથા આહારક એ ૧૦ પ્રકૃતિયો ઉદીરણાને આશ્રયિ પરિણામપ્રત્યયિક જાણવી. કારણ કે ઉત્તર વૈક્રિય તથા આહારક શરીર હોતે છતે સમચતુરસ્રાદિની અનુભાગોદીરણા પ્રવર્તે છે તે ઉત્તર વૈક્રિયાદિ દેહ

પરિણામની અપેક્ષાએ પ્રવર્તે છે, તેથી એ પ્રકૃતિયો પણ પરિણામ પ્રત્યયિક જાણવી. ( તથા तइयात्तणु =ત્રીજું આહારક શરીર ગ્રહણ કરવાથી આહારકની સાતે પ્રકૃતિયો ગ્રહણ થયેલી સમજવી ) તેથી અનુભાગોદીરણા પણ પરિણામ પ્રત્યયિક જાણવી. આહારક સંયત ને મનુષ્યોને ગુણ પરિણામ પ્રત્યયથી હોય છે. તેથી તેની અનુભાગોદીરણા પણ ગુણ પરિણામ પ્રત્યયિક જાણવી.

देसविरय विरयाणं, सुभगाएज्ज जसकित्ति उच्चाणं
पुव्वाणुपुव्विगाए, असंखभागो थियाईणं ॥ ५२ ॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

**ગાથાર્થ**:—જીનનામ–અને ઘાતિ કર્મની અનુભાગોદીરણા પરિણામ પ્રત્યયિક છે. શેષ પ્રકૃતિયોની, તથા પૂર્વોકત પ્રકૃતિયોની પૂર્વોકતથી શેષ જીવોને અનુભાગોદીરણા ભવપ્રત્યયિક જાણવી.

**ટીકાર્થ**:—તીર્થંકરનામકર્મ, અને ૫ જ્ઞાના૦–૯ દર્શ૦–૨૫ કષાયમો૦–૩ દર્શ૦મો૦–૫ અન્તરાય–એ પ્રમાણે સર્વ સંખ્યાએ **૩૯ घाति प्रकृतियोनी** અનુભાગોદીરણા તિર્યંચ મનુષ્યોને પરિણામ પ્રત્યયિક છે, ( અર્થાત્ એ ૩૯ પ્રકૃતિયોની અનુભાગોદીરણા તિર્યંચ મનુષ્યોને પરિણામ પ્રત્યયિક થાય છે ) અહિં અન્યથાભાવની પ્રાપ્તિ તે પરિણામ કહેવાય છે. ત્યાં તિર્યંચ અથવા મનુષ્યો એ પ્રકૃતિયોના અનુભાગને અન્યથા બાંધીને અન્યભાવે પરિણમાવીને ઉદીરે છે માટે એ પરિણામ પ્રત્યયિક છે.

તથા सेसाओ=શેષ વેદનીય ૨–આયુ ૪–ગતિ ૪–જાતિ ૫–આદા૦ ૭–સંઘ૦ ૬–કુસંસ્થાન ૫–કર્કશ–અગુરૂ–આનુપૂર્વી ૪–ઉપ૦–આત૦–ઉશ્વા૦–કુખગતિ–ત્રસત્રિક–સ્થાવચતુષ્ક–નિર્મા૦–નીચ૦–એ ૫૬ प्रकृतियो અનુભાગોદીરણાને આશ્રયિ ભવપ્રત્યયિક જાણવી, અર્થાત્ એ ૫૩ પ્રકૃતિયોની અનુભાગોદીરણા ભવ પ્રત્યયથી થાય છે.

તથા पुवुत्ता वि य पुवुत्त सेसाणं=પૂર્વે કહેલી તિર્યગ્ મનુષ્યથી વ્યતિરિકત પ્રકૃતિયોની (પૂર્વોકત શેષ જીવોને) અનુભાગોદીરણા ભવ પ્રત્યયિક જાણવી. તે આ પ્રમાણે—દેવ અને નારકો તથા વ્રતરહિત તિર્યંચ અને મનુષ્યો ૯ નોકષાયના પશ્ચાનુપૂર્વીએ એટલે ઉત્કૃષ્ટાનુભાગસ્પર્ધકથી આરંભીને અસંખ્ય અનુભાગ સ્પર્ધકો ભવ પ્રત્યયથીજ ઉદીરે છે. તથા વૈ૦ ૭–તૈ૦ ૭–વર્ણ ૫–ગંધ ૨–રસ ૫–સ્નિ૦–રૂક્ષ શીત–ઉષ્ણ–સ્થિર–અસ્થિર–શુભ–અશુભ–અગુરૂલઘુ–એ ૩૦ **प्रकृतियोनी** દેવ નારકો ભવ પ્રત્યયથીજ અનુભાગોદીરણા કરે છે. તથા ભવધારણીય દેહમાં વર્તતા દેવો **समचतुरस्रनी** અનુભાગોદીરણા ભવ પ્રત્યયથીજ કરે છે. તથા ઉત્તર વૈક્રિય સિવાયના શેષ જીવો મ૬–લઘુ–પરા૦–ઉદ્યોત–સુખગતિ–સુસ્વર અને પ્રત્યેક

છે, અને જ૦ અનુ૦ ઉ૦ તો પ્રથમ કહેલી
ને વેદનીયની જઘન્ય અને અજઘન્યા-
ાદૃષ્ટિ જીવમાં પરાવૃત્તિથી પ્રાપ્ત થાય છે
સાદિ અધ્રુવ છે, અને ઉત્કૃષ્ટોદીરણા તો
અને આયુષ્યના તો સર્વે પણ વિકલ્પો
ં તે સાદિ અધ્રુવતા આયુષ્યની અધ્રુવોદી-

પ્રકૃતિ વિપયિક સાદ્યાદિ પ્રરૂપણા કરીને હવે
ાદ્યાદિ પ્રરૂપણા કરે છે

અને અધ્રુવ છે, અને શેષકાળમાં નિરન્તર અજઘન્યાનુભાગોદીરણા હોય છે માટે અનાદિ, અને ધ્રુવાધ્રુવતા તે અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ છે.

તથા **નામ અને ગોત્ર** આ બેની અનુત્કૃષ્ટાનુભાગોદીરણા અનાદિ, ધ્રુવ, ને અધ્રુવ એમ ૩ પ્રકારે છે તે આ પ્રમાણે—એ બે કર્મની ઉત્કૃષ્ટાનુભાગોદીરણા સયોગિકેવલિને છે તે આદિ અન્ત છે, અને શેષકાળમાં **અનુત્કૃષ્ટોદીરણા** નિરન્તર પ્રવર્તતી હોવાથી અનાદિ, તથા ભવ્યને અધ્રુવ, અને અભવ્યને ધ્રુવ છે.

તથા **વેદનીયની** અનુત્કૃષ્ટ અને **મોહનીયની** અજઘન્યાનુભાગોદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ ને અધ્રુવ એમ ૪ પ્રકારે છે. તે આ પ્રમાણે—ઉપશમશ્રેણીમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને જે શાતા વેદનીય બાંધેલ છે, તેની સર્વાર્થસિદ્ધ વિમાનને પ્રાપ્ત કર્યા પછી પ્રથમ સમયે જે ઉદીરણા પ્રવર્તે છે તે ઉત્કૃષ્ટાનુભાગ ઉદીરણા સાદિ અધ્રુવ છે, અને તેથી અન્ય સર્વ પણ અનુત્કૃષ્ટઉદીરણા તે અપ્રમત્તાદિ ગુણસ્થાનમાં નથી હોતી અને ત્યાંથી પડતાં પુનઃ પ્રવર્તે છે. તેથી સાદિ, તે સ્થાનને નહિ પ્રાપ્ત થયેલા જીવને અનાદિ, અને ધ્રુવાધ્રુવતા પૂર્વવત્. તથા **મોહનીયની** જઘન્યાનુભાગોદીરણા સૂક્ષ્મસંપરાયવર્તી ક્ષપક જીવને સમયાધિક આવલિકા શેષ રહે છતે હોય છે તે સાદિ, તેના અનંતર સમયે ઉદીરણાનો અભાવ હોવાથી અધ્રુવ. શેષ કાળમાં પુનઃ અજ૦ ઉદીરણા હોય છે તે ઉપશાંત મોહગુણસ્થાને નથી હોતી, અને ત્યાંથી પડતાં પુનઃ પ્રારંભાય છે માટે સાદિ, તે સ્થાનને નહિ પામેલ જીવને અનાદિ અને ધ્રુવાધ્રુવતા પૂર્વવત્.

તથા **तस्सेसिगा य दुविगप्पा**=પૂર્વોક્ત વિકલ્પથી વ્યતિરિક્ત બે પ્રકારના વિકલ્પ સાદિ, ને અધ્રુવ એમ બે પ્રકારે હોય છે. તે આ પ્રમાણે–**ચાર ઘાતિકર્મની** ઉ૦ અને અનુ૦ અનુભાગો અને

ઉદીરણા સાદિ અધ્રુવ છે, અને જ૦ અનુ૦ ઉ૦ તો પ્રથમ કહેલી છે. તથા નામ, ગોત્ર, ને વેદનીયની જઘન્ય અને અજઘન્યાનુભાગોદીરણા મિથ્યાદૃષ્ટિ જીવમાં પરાવૃત્તિથી પ્રાપ્ત થાય છે તેથી એ બન્ને ઉદીરણા સાદિ અધ્રુવ છે, અને ઉત્કૃષ્ટોદીરણા તો પ્રથમજ કહેલી છે, અને આયુષ્યના તો સર્વે પણ વિકલ્પો સાદિ અધ્રુવ જ છે, ને તે સાદિ અધ્રુવતા આયુષ્યની અધ્રુવોદીરણાને અંગે જાણવી.

એ પ્રમાણે મૂળપ્રકૃતિ વિષયિક સાદ્યાદિ પ્રરૂપણા કરીને હવે उत्तर प्रकृतियोमां साद्यादि प्ररूपणा करे छे.

मउलहुगा णुक्कोसा, चउविहा तिण्हमवि य अजहन्ना
णाइग धुवा य अधुवा, वीसाए होय णुक्कोसा॥ ५६॥

तेविसाए अजहन्ना, वि य एयासि सेसगविगप्पा
सव्वविगप्पा सेसाण, वावि अधुवा य साईया॥ ५७॥



તેથી અન્ય સર્વપણ **અનુત્કૃષ્ટ ઉદીરણા** છે; તે પણ આહારક દેહને ઉપસંહરતાં સાદિ, તે સ્થાનને નહિ પામેલા જીવને અનાદિ અને ધ્રુવાધ્રુવ પૂર્વવત.

તથા મિથ્યાત્વ, ગુરૂ, અને કર્કશ, એ ત્રણની અજ૦ અનુભાગોદીરણા સાદ્યાદિ ૪ પ્રકારે છે, ત્યાં સમ્યકત્વ અને સંયમને સમકાળે પ્રાપ્ત કરતા પ્રાણીને **મિથ્યાત્વની જ૦ અનુભાગોદીરણા** હોય છે, તે સાદિ અધ્રુવ છે,તેથી અન્ય સર્વ પણ **અજ૦ ઉદીરણા** તે સમ્યકત્વથી પડતાં સાદિ, તે સ્થાનને નહિ પામેલા જીવને અનાદિ, ને ધ્રુવાધ્રુવતા પૂર્વવત્—તથા **કર્કશ** અને **ગુરૂસ્પર્શની જ૦ અનુભાગોદીરણા** કેવલસમુદ્ઘાતથી નિવર્તતાં સાતમે સમયે હોય છે માટે સાદિ અને ધ્રુવાધ્રુવતા પૂર્વવત.

તથા તૈ૦ ૭–અશુભવર્ણાદિ ૯ (ગુ૦ લ૦ વિના)–અગુ૦–સ્થિ૦–શુભ અને નિર્માણ એ ૨૦ **પ્રકૃતિયોની** અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા અનાદિ, ધ્રુવ, ને અધ્રુવ એમ ૩ પ્રકારે છે તે આ પ્રમાણે–એ ૨૦ ની ઉ૦ **અનુભાગોદીરણા** સયોગિકેવલિને અન્ત્યસમયમાં હોય છે; તેથી અન્ય સર્વપણ **અનુત્કૃષ્ટઉદીરણા** નિરંતર હોવાથી અનાદિ, ને ધ્રુવાધ્રુવતા પૂર્વવત.

તથા ૫ જ્ઞા૦–૪ દર્શ૦–કૃ૦–નીલ૦–દુરભિ–તિક્ત–કટુક–શીત–અસ્થિર–અશુભ–૫ અન્ત૦–એ ૨૩ **પ્રકૃતિયોની** અજ૦ અનુભાગોદીરણા અનાદિ, ધ્રુવ ને અધ્રુવ એમ ૩ પ્રકારે છે તે આ પ્રમાણે—એ ૨૩ ની જ૦ **ઉદીરણા** આપઆપણી ઉદીરણાના અન્તે હોય છે, તેથી તે સાદિ અધ્રુવ છે, ને તેથી અન્ય સર્વપણ અજ૦ **ઉદીરણા** તે ધ્રુવોદીય હોવાથી અનાદિ અને ધ્રુવાધ્રુવતા પૂર્વવત્.

તથા એ પૂર્વોક્ત સર્વ પ્રકૃતિયોના શેષ ( [illegible] ) [illegible] ( [illegible] ૨૦ ના ઉ૦–અનુ૦–

ઉ૦, મિથ્યાત્વાદિ ૩, અને જ્ઞાનાવરણાદિ ૨૩ ના ઉ૦-અનુ૦-ને જ૦ ) તે સર્વ સાદિ અધ્રુવ છે તે આ પ્રમાણે—મૃદ્વાદિ ૨૦ ની **જ૦ અને અજ૦ અનુભાગોદીરણા** મિથ્યાદૃષ્ટિજીવને પરાવૃત્તિએ હોય છે તેથી એ બન્ને વિકલ્પ સાદિ અધ્રુવ છે, અને ( **ઉત્કૃષ્ટાનુભાગોદીરણા** તો પ્રથમ કહેલીજ છે. તથા કર્કશાદિ ૨૬ **પ્રકૃતિયોની ઉ૦ અને અનુ૦ અનુભાગોદીરણા** મિથ્યાદૃષ્ટિ જીવને પરાવૃત્તિએ હોય છે કારણકે એ ૨૬ અશુભ પ્રકૃતિયો છે, તેથી એ બન્ને ઉદીરણા સાદિ અધ્રુવ છે, અને જ૦ ઉદીરણાતો પ્રથમજ કહીછે.

તથા પૂર્વોક્ત પ્રકૃતિયોથી અન્ય ૧૧૦ **પ્રકૃતિયોના સર્વે વિકલ્પો** ( ઉ૦—અનુ૦-જ૦-અજ૦ ) સાદિ અધ્રુવ જાણવા, અને એ સાદિ અધ્રુવતા તે અધ્રુવોદીર્યપણાના હેતુથી જાણવી. ( ઇતિ સાદ્યાદિ પ્રરૂપણા )

એ પ્રમાણે સાદ્યાદિ પ્રરૂપણા કરીને-હવે સ્વામિત્વ કહેવાનો પ્રસંગ છે ત્યાં ઉ૦ ઉદીરણા સંબંધિ—અને જ૦ ઉદીરણા સંબંધિ એમ ૨ પ્રકારે સ્વામિત્વ છે તેમાં પ્રથમ उत्कृष्टानुभागोदीरणास्वामित्व કહેવાય છે.

दाणाइ अचरकुणं, जेठा आइम्मि हीण लध्धिस्स
सुहुमस्स चरकुणो पुण, तेइंदिय सव्वपज्जते ॥५८॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

ી અન્ય સર્વપણ **અનુત્કૃષ્ટ ઉદીરણા** છે; તે પણ આહારક
ને ઉપસંહરતાં સાદિ, તે સ્થાનને નહિ પામેલા જીવને અનાદિ
ને ધ્રુવાધ્રુવ પૂર્વવત્.

તથા મિથ્યાત્વ, ગુરૂ, અને કર્કશ, એ ત્રણની અજ૦ અનુ
ભાગોદીરણા સાદ્યાદિ ૪ પ્રકારે છે, ત્યાં સમ્યકત્વ અને સંયમને
મકાળે પ્રાપ્ત કરતા પ્રાણીને **મિથ્યાત્વની** જ૦ **અનુભાગો
દીરણા** હોય છે, તે સાદિ અધ્રુવ છે,તેથી અન્ય સર્વ પણ **અજ૦
ઉદીરણા** તે સમ્યકત્વથી પડતાં સાદિ, તે સ્થાનને નહિ પામે
લા જીવને અનાદિ, ને ધ્રુવાધ્રુવતા પૂર્વવત્—તથા **કર્કશ** અને
**ગુરૂસ્પર્શની જ૦ અનુભાગોદીરણા** કેવલસમુદ્ઘાતથી નિવ
ર્તતાં સાતમે સમયે હોય છે માટે સાદિ અને ધ્રુવાધ્રુવતા પૂર્વવત્.

તથા તૈ૦ ૭–અશુભવર્ણાદિ ૯ (મૃ૦ લ૦ વિના)–અગુ૦–
સ્થિ૦–શુભ અને નિર્માણ એ ૨૦ **પ્રકૃતિયોની** અનુત્કૃષ્ટ અનુભા
ગોદીરણા અનાદિ, ધ્રુવ, ને અધ્રુવ એમ ૩ પ્રકારે છે તે આ પ્રમાણે–
એ ૨૦ ની ઉ૦ **અનુભાગોદીરણા** સયોગિકેવલિને અન્ત્યસમયમાં
હોય છે; તેથી અન્ય સર્વપણ **અનુત્કૃષ્ટઉદીરણા** નિરંતર હોવાથી
અનાદિ, ને ધ્રુવાધ્રુવતા પૂર્વવત્.

તથા ૫ જ્ઞા૦–૪ દર્શ૦–કૃ૦–નીલ૦–દુરભિ–તિક્ત–કટુ–
રૂક્ષ–શીત–અસ્થિર–અશુભ–૫ અન્ત૦–એ ૨૩ **પ્રકૃતિયોની** અજ૦
અનુભાગોદીરણા અનાદિ, ધ્રુવ ને અધ્રુવ એમ ૩ પ્રકારે છે તે આ
પ્રમાણે—એ ૨૩ ની જ૦ **ઉદીરણા** આપઆપણી ઉદીરણાના
અન્તે હોય છે, તેથી તે સાદિ અધ્રુવ છે, ને તેથી અન્ય સર્વપણ
**અજ૦ ઉદીરણા** તે ધ્રુવોદીર્ય હોવાથી અનાદિ અને ધ્રુવાધ્રુ
વતા પૂર્વવત્.

તથા એ પૂર્વોક્ત સર્વ પ્રકૃતિયોના શેષ (કથિત વિકલ્પોથી
અન્ય) વિકલ્પો અને (અર્થાત્ મૃદુલઘ્વાદિ ૨૦ ના જ૦–અજ૦–

સંક્લિષ્ટ જીવને **સમ્યક્ત્વ** અને **મિશ્રની** યથાયોગપણે ઉદય વર્તતાં ઉ૦ અનુભાગોદીરણા હોય છે, તથા સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત એવા સહસ્રાર કલ્પના દેવોને **હાસ્ય** અને **રતિની** ઉ૦ અનુભાગોદીરણા હોય છે.

**गइ हुंडु वघायाणि–ट्ठ खगइ नीयाण दुहचउक्कस्स**
**निरउक्कस्स समत्ते, असमत्ताए नरस्सं ते ॥६२॥**

ગાથાર્થ—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થઃ**—ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતો, સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત, અને સર્વોત્કૃષ્ટ સંક્લેશયુક્ત એવો નારક નરકગતિ[1]-હું૦-ઉપ૦-કુખ૦-નીચ-દુર્ભગાદિ ૪-એ પ્રમાણે સર્વ સંખ્યાએ ૯ **પ્રકૃતિયો**-ની અનુભાગોદીરણાનો સ્વામિ છે-તથા અન્ત્ય સમયે વર્તતો, અને સર્વોત્કૃષ્ટ સંક્લેશે વર્તતો એવો અપર્યાપ્ત મનુષ્ય તે **અપર્યાપ્ત નામની** ઉ૦ અનુભાગોદીરણાનો સ્વામિ જાણવો, અપર્યાપ્ત સંજ્ઞિ-તિર્યંચ પંચેન્દ્રિયથી પણ અપર્યાપ્ત મનુષ્ય અતિ સંક્લિષ્ટ હોય છે માટે અહિં મનુષ્યનું ગ્રહણ કર્યું છે.

**करकड गुरुसंघयणा, थी पुम संठाण तिरियनामाणं**
**पंचिंदिओ तिरिरको, अट्ठमवासे ट्ठवासाऊ ॥ ६३ ॥**

ગાથાર્થ—ટીકાર્થાનુસારે.

-કુસંઘ૦ ૫-સ્ત્રી૦-પુરૂ૦—મધ્યસંસ્થાન ૪-ને તિર્યંચગતિ-એ **૧૪ પ્રકૃતિયોની** ઉ૦ અનુભાગોદીરણાનો સ્વામિ જાણવો.

**मणुओरालियवज्जरि-सहाण मणुओ तिपल्लपज्जत्तो**
**नियगठिई उक्कोसो, पज्जत्तो आउगाणं पि ॥६४॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ:**—ત્રણ પલ્યોપમના આયુષ્યની સ્થિતિવાળો સર્વ-પર્યાપ્તિએ પર્યાપ્ત, અને સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિયુકત મનુષ્ય તે મનુષ્ય-ગતિ-ઔદા૦ ૭-અને વજર્ષભનારાચ એ **૯ પ્રકૃતિયો**ની ઉત્કૃષ્ટાનુ-ભાગોદીરણાનો સ્વામિ છે. તથા આપ આપણી ઉ૦ સ્થિતિમાં વર્તતો અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત, એવો સર્વ વિશુદ્ધિવાળો જીવ **૩ આયુષ્ય**ની ઉ૦ અનુભાગોદીરણાનો સ્વામિ છે. તથા ઉત્કૃષ્ટ-સંકલેશવર્તી એજ જીવ **નરકાયુષ્ય**ની ઉ૦ અનુભાગોદીરણાનો સ્વામિ જાણવો.

**हस्सठिइ पज्जत्ता, तन्नामा विगलजाइसुहुमाणं**
**थावर निगोय एगिं-दियाणमवि बायरो नवरिं ॥६५॥**

ગાથાર્થ:—ટીકાર્થનુસારે

**ટીકાર્થ:**—અલ્પ સ્થિતિવાળા પર્યાપ્ત જીવો તત્‌નામકર્મો-દયી એટલે વિકલેન્દ્રિયનામોદયી અને સૂક્ષ્મનામોદયી જીવો અનુ-ક્રમે વિકલ-જાતિ અને સૂ૦ નામની ઉ૦ અનુભાગોદીરણાના સ્વામિ જાણવા. અહિં કથ્ય એ છે કે—સર્વજઘન્યસ્થિતિમાં વર્તતા, સર્વપર્યા-પ્તિએ પર્યાપ્તા, અને સર્વસંકિલષ્ટ એવા દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય—અને ચતુરિન્દ્રિય જીવો તથા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો અનુક્રમે **દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય જાતિની અને સૂક્ષ્મનામકર્મ**ની ઉ૦ અનુ-ભાગોદીરણાના સ્વામિ છે, જઘન્ય સ્થિતિમાં વર્તતા જીવો અતિસં-

ક્લિષ્ટ હોય છે માટે અહિં જઘન્ય સ્થિતિનું ગ્રહણ કર્યું છે. તથા જઘન્ય સ્થિતિમાં વર્તતો, સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત, અને સર્વ-સંક્લિષ્ટ એવો બા૦ સ્થાવર જીવ સ્થાવરનામની બા૦ સાધારણ જીવ સાધારણ નામની અને એ બન્ને જીવ ( સ્થા૦ સાધા૦ ) એકેન્દ્રિય નામ કર્મની ઉ૦ અનુભાગોદીરણાના સ્વામિ છે. બાદર જીવને સંક્લેશ અત્યંત હોય છે માટે અત્રે બાદર જીવનું ગ્રહણ કર્યું છે.

आहारतणू पज्जत्तगो य चउरंस मउय लहुगाणं
पत्तेय खगइ परघा-या हारतणूण य विसुद्धो ॥६६॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

ટીકાર્થઃ—સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત, અને સર્વવિશુદ્ધિવંત એવા આહારક શરીરી મુનિ સમચ૦-મૃ૦-લઘુ-પ્ર૦-શુભખ૦-પરા૦-આહા૦ ૭ એ ૧૩ પ્રકૃતિયોની ઉ૦ અનુભાગોદીરણાના સ્વામિ જાણવા.

उत्तरवेउव्वि जई, उज्जोयस्सायवस्स खरपुढवी
नियगगईणं भणिया, तइए समए णुपुव्वीणं ॥६७॥

અને દેવાનુપૂર્વીની, તથા એજ સર્વસંક્લિષ્ટ જીવો નરકાનુપૂર્વીની અને તિર્યગાનુપૂર્વીની ઉ૦ અનુભાગોદીરણાના સ્વામિ છે.

**जोगंते सेसाणं, सुभाण मियरासि चउसु वि गईसु**
**पज्जत्तुक्कडमिच्छ–स्सोहीण मणोहिलद्धिस्स ॥६८॥**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થઃ**—પૂર્વોક્ત પ્રકૃતિયોથી અન્ય તૈ૦ ૭–શુભ વર્ણાદિ ૯ (મૃ૦–લ૦ વિના) અગુ૦–સ્થિર–શુભ–સુભગ–આદેય–યશ–નિર્માણ–ઉચ્ચ–જીન–એ **૨૫ શુભ પ્રકૃતિયોની** ઉ૦ અનુભાગોદીરણા સર્વાપવર્ત્તનાના અન્ત્ય સમયમાં વર્તતા સયોગિ કેવલીને હોય છે. એથી અન્ય ૪ જ્ઞાના૦ (અ૦ વિના) કેવલદ૦–મિથ્યા૦–૧૬ કષાય–કુવર્ણાદિ ૭ (કર્ક૦–ગુ૦ વિના) અસ્થિર અને અશુભ એ **૩૧ અશુભ પ્રકૃતિયોની** ઉ૦ અનુભાગોદીરણા સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત, અને ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવોને હોય છે. તથા અવધિલબ્ધિ રહિત એજ ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવોને **અવધિદ્વિકની** ઉ૦ અનુભાગોદીરણા હોય છે, કારણ કે અવધિલબ્ધિ યુક્ત જીવને ઘણા અનુભાગનો ક્ષય થઇ જાય છે તેથી ઉ૦ અનુભાગ હોતો નથી માટે અવધિલબ્ધિ રહિત જીવનું ગ્રહણ કરેલું છે.

એ પ્રમાણે ઉ૦ અનુભાગોદીરણાસ્વામિત્વ કહીને હવે જઘન્યાનુભાગોદીરણા સ્વામિત્વ કહે છે.

**सुयकेवलिणो मइसुय–अचक्खु चक्खू णुदीरणा मंदा**
**विपुलपरमोहिगाणं, मणणाणोहिदुगस्सा वि ॥६९॥**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:—ક્ષીણકષાયગુણસ્થાનવર્તી ચઉદ પૂર્વધર શ્રુત કેવલિને સમયાધિક આવલિકા શેષ રહેતાં મતિશ્રુત જ્ઞાના૦ અને ચક્ષુ અચક્ષુ દર્શ૦ ની જ૦ અનુભાગોદીરણા પ્રવર્તે છે. તથા સમયાધિક આવલિકા પ્રમાણ શેષ સ્થિતિમાં વર્તતા ક્ષીણ કષાયી વિપુલમતિ મનઃ પર્યવ જ્ઞાનીને મનઃ પર્યવ જ્ઞાનાવરણની જ૦ અનુભાગોદીરણા પ્રવર્તે છે. તથા સમયાધિક આવલિકા પ્રમાણ શેષ સ્થિતિમાં વર્તતા ક્ષીણકષાયી પરમાવધિ લબ્ધિવંતને અવધિ-દ્વિકની જ૦ અનુભાગોદીરણા પ્રવર્તે છે.

खवणाए विग्घ केवल—संजलणाण य सनोकपायाणं
सयसयउदीरणंते, निद्दापयलाण मुवसंते ॥७०॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—અપ્રમત્તભાવને સન્મુખ થયેલા એવા વિશુદ્ધિવાળા પ્રમત્તમુનિને **નિદ્રાનિદ્રા-પ્રચલાપ્રચલા** અને **થિણદ્ધિની** જ૦ અનુભાગોદીરણા પ્રવર્તે છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વને ઉત્પન્ન કરતાં મિથ્યાત્વ અને મિશ્રનો જેણે ક્ષય કરેલો છે તેવા જીવને ક્ષયોપશમ સમ્યક્ત્વના ક્ષય કાળના અન્ત્ય ઉદીરણાકાળે એટલે સમયાધિક આવલિકા શેષ રહે છતે **સમ્યક્ત્વમોહનીયની** જ૦ અનુભાગોદીરણા પ્રવર્તે છે, તે ઉદીરણા ચાતુર્ગતિક જીવોમાંના કોઇપણ ગતિવાળા જીવને પવર્તે એમ જાણવું.

**से काले सम्मत्तं, ससंजमं गिण्हओ य तेरसगं**
**सम्मत्तमेव मीसे, आऊण जहन्नग ठिईसु ॥७२॥**

**ગાથાર્થ**:—અનન્તર સમયે સંયમસહિત સમ્યક્ત્વને પ્રાપ્ત કરતો જીવ મિથ્યાત્વાદિ ૧૩ પ્રકૃતિયોની જ૦ અનુભાગોદીરણા કરે છે. તથા અનન્તર સમયે સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર મિશ્ર સમ્યગ્દૃષ્ટિ જીવને મિશ્રમોહનીયની જ૦ અનુભાગોદીરણા હોય છે. તથા ચારે આયુષ્યની આપઆપણી જ૦ સ્થિતિમાં વર્તતો જીવ જઘન્ય ઉદીરણા કરે છે.

**ટીકાર્થ**:—અનન્તર કાળે એટલે બીજે સમયે જે જીવ સંયમ સહિત સમ્યક્ત્વને ગ્રહણ કરશે તે જીવને મિથ્યાત્વ અને પ્રથમના ૧૨ કષાય એ ૧૩ પ્રકૃતિયોની જ૦ અનુભાગોદીરણા હોય છે. અહિં સંપ્રદાય ( તાત્પર્ય ) આ પ્રમાણે છે—જે જીવ અનન્તર સમયે સંયમસહિત સમ્યક્ત્વને ગ્રહણ કરશે તે મિથ્યાદૃષ્ટિજીવને **મિથ્યાત્વની** અને **અનંતાનુબંધિની** જ૦ અનુભાગોદીરણા હોય છે. તથા જે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવ અનન્તર સમયે સંયમને પ્રાપ્ત કરશે તે જીવને **અપ્રત્યાખ્યાની** ચતુષ્કની જ૦ અનુભાગોદીરણા હોય છે. તથા જે દેશવિરત જીવ અનંતર સમયે ચારિત્રને પ્રાપ્ત કરશે તે જીવને **પ્રત્યાખ્યાનાવરણ** ચતુષ્કની જ૦ અનુભાગોદીરણા

હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવની અપેક્ષાએ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ અનંતગુણ વિશુદ્ધ છે, તેથી પણ દેશવિરતજીવ અનંતગુણ વિશુદ્ધ છે, માટે પૂર્વોક્ત પદ્ધતિએ જ૦ અનુભાગોદીરણા હોય છે.

તથા सम्मत्तमेव मीसे જે મિથ્યાદૃષ્ટિ જીવ અનંતર સમયે સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે તે જીવને મિશ્ર મોહનીયની જ૦ અનુભાગોદીરણા હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવ સંયમ અને સમ્યક્ત્વને તથાવિધ વિશુદ્ધિને અભાવે સમકાળે પ્રાપ્ત ન કરે. પરન્તુ માત્ર સમ્યક્ત્વજ પામે છે તે કારણથી सम्मत्तमेव મા ગ્રહણ કરેલ છે.

તથા आऊण जहन्नगठिइ त्ति-આયુષ્યની જઘન્ય [illegible] પછી જઘન્ય સ્થિતિમાં વર્તતો જીવ આયુષ્યના જઘન્યાનુભાગને ઉદીરે છે. ત્યાં ૩ આયુષ્યનો (શુભનો) જ૦ સ્થિતિબંધ [illegible] થાય છે, માટે જઘન્યાનુભાગ પણ ત્યાંજ પ્રાપ્ત થાય છે, તથા નરકાયુનો જ૦ સ્થિતિબંધ વિશુદ્ધિથી થાય છે માટે નરકાયુનો જ૦ અનુભાગ પણ ત્યાંજ પ્રાપ્ત થાય છે. એમ [illegible] ૩ આયુષ્યના જઘન્યાનુભાગની ઉદીરણા અતિ [illegible] જીવને હોય છે, અને નરકાયુની જ૦ અનુભાગોદીરણા અતિ વિશુદ્ધ જીવને હોય છે.

पोग्गलविवागियाणं, भवाइसमये विसेसमवि चासिं
आइतणूणं दोण्हं, सुहुमो वाउ य अप्पाउ ॥ ६३ ॥

જીવને અને વાયુકાયિકને હોય છે. અહિં શરીર ગ્રહણ કરવાથી બંધન અને સંઘાતનનું પણ ગ્રહણ જાણવું. તેથી તાત્પર્યાર્થ એવો થાય છે કે-ઔદા૦ શરીર-ઔદા૦ સંઘાતન-અને ઔદા૦ બંધન ચતુષ્ક-એ ઔદારિક છક્કનો જ૦ અનુભાગોદીરક અપર્યાપ્ત સૂ૦ એકેન્દ્રિય વાયુકાયિક છે અને વૈક્રિયછક્કનો જઘન્યાનુભાગોદીરક અલ્પ આયુષ્યવાળો [૧]પર્યાપ્તબાદર વાયુકાયિક છે.

बेइंदियअप्पाउग-निरय चिरट्ठिई असन्निणो वा वि
अंगोवंगाणाहा-रगाए जहणोऽप्पकालम्मि ॥७४॥

अमणो चउरंससुभा–ण प्पाऊसगाचिरठिई सेसे
संघयणाण च मणुओ, हुंडुवघायाणमवि सुहुमो ॥७५॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થઃ**—અલ્પઆયુષ્યવાળો, અતિસંકિલષ્ટ, પ્રથમસમયેજ સ્વભવસ્થ અને આહારક થયેલો અસંજ્ઞિપંચેન્દ્રિયજીવ **સમચતુરસ્ર** અને **વજ્રર્ષભનારાચની** જ૦ અનુભાગોદીરણા કરે છે. અહિં અતિ સંક્લેશને માટે અલ્પઆયુષ્યનું ગ્રહણ કર્યું છે. તથા અસંજ્ઞિ પંચેન્દ્રિયજીવજ આપ આપણી આયુષ્યની ઉ૦સ્થિતિમાં વર્તતો ભવના પ્રથમ સમયે આહારક હોય છે. તેથી તે અસંજ્ઞિ પં૦ જીવ સેસે=( અહિં ષષ્ઠી વિભક્તિના અર્થમાં સપ્તમીનો પ્રયોગ છે અને સમુદાયાર્થે એક વચન છે તેથી અર્થ એવો થાય છે કે ) હુંડક સિવાયનાં ૪ **સંસ્થાનના** જ૦ અનુભાગને ઉદીરે છે. તથા સ્વભવના પ્રથમ સમયે વર્તતો પૂર્વક્રોડવર્ષાયુવાળો આહારક જીવ સેવાર્ત્ત અને વજ્રર્ષભ સિવાયનાં ૪ **સંઘયણના** જ૦ અનુભાગને ઉદીરે છે. અહિં દીર્ઘઆયુષ્યનું ગ્રહણ તે વિશુદ્ધિને અર્થે છે. પુનઃતિર્યંચપં-ચેન્દ્રિયની અપેક્ષાએ મનુષ્યો પ્રાયઃ અલ્પબળવાળા હોય છે તેથી અહિં મનુષ્યનું ગ્રહણ કર્યું છે. તથા અતિ દીર્ઘઆયુષ્યવાળો પ્રથમ સમયમાં આહારક એવો સૂ૦ એકેન્દ્રિયજીવ હુંડક અને ઉપઘાતનામની જ૦ અનુભાગોદીરણા કરે છે.

सेवट्टस्स वेइंदिय, बारस वासस्स मउय लहुगाणं
सन्नि विसुद्धाणाहा–रगस्स वीसा अइकिलिट्टो ॥७६॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

જીવને અને વાયુકાયિકને હોય છે. અહિં શરીર ગ્રહણ કરવાથી બંધન અને સંઘાતનનું પણ ગ્રહણ જાણવું. તેથી તાત્પાર્યાર્થ એ થાય છે કે-ઔદા૦ શરીર-ઔદા૦ સંઘાતન-અને ઔદા૦ બંધન ચતુષ્ક-એ ઔદારિક છક્કનો જ૦ અનુભાગોદીરક અપર્યાપ્ત સૂ૦ એકેન્દ્રિય વાયુકાયિક છે અને વૈક્રિયછક્કનો જઘન્યાનુભાગોદીરક અલ્પ આયુષ્યવાળો [1]પર્યાપ્તબાદર વાયુકાયિક છે.

**बेइंदियअप्पाउग-निरय चिरठिई असन्निणो वा वि**
**अंगोवंगाणाहा-रगाए जइणोऽप्पकालम्मि ॥७४॥**

**ગાથાર્થ:**--ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ:**--ઔદારિકઉપાંગ અને વૈક્રિયઉપાંગ રૂપ બન્ને ઉપાંગનો અનુક્રમે અલ્પાયુષ્યવાળો દ્વીન્દ્રિયજીવ તથા અસંજ્ઞિપણાથી નીકળીને જે દીર્ઘસ્થિતિવાળો થયેલો નારક તે જ૦અનુભાગોદીરક છે. અહિં તાત્પર્ય એ છે કે-અલ્પ આયુષ્યવાળો દ્વીન્દ્રિયજીવ ઔદારિકોપાંગના ઉદયના પ્રથમ સમયે ઔદારિકોપાંગની જ૦ અનુભાગોદીરણા કરે છે, તથા પૂર્વે વૈક્રિયની વિસંયોજના (ઉદ્વલના) કરી છે એવો અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવ વૈક્રિયોપાંગને અલ્પકાળપર્યન્ત બાંધીને સ્વભૂમિકાનુસારે દીર્ઘસ્થિતિવાળો નારક થયેલો હોય તેને વૈક્રિયોપાંગ ઉદયના પ્રથમ સમયે વર્તતાં વૈક્રિયોપાંગની જ૦ અનુભાગોદીરણા હોય છે. તથા આહારક શરીર ( મૂળમાં आहारगा પદ પ્રાકૃતશૈલીને અનુસારે સ્ત્રીલિંગે છે) અને શરીર ગ્રહણ કરવાથી બંધન અને સંઘાતન પણ ગ્રહણ કરાય છે માટે આહારક સપ્તક ની જ૦ અનુભાગોદીરણા આહારક શરીરને રચતા એવા સંકલેશવર્તી મુનિને પ્રથમ સમયે હોય છે.

---

[1] એ પ્રકૃતિયોની જ૦ અનુભાગોદીરણા ભવના પ્રથમ સમયે હોય છે એ પ્રથમ કહ્યું છે ને અહિં પર્યાપ્ત બાદરવાયુકાયિક જીવને સ્વામિપણે કહ્યો છે. તેથી સંભવે છે કે આ પર્યાપ્ત શબ્દ લબ્ધિ પર્યાપ્તની અપેક્ષાવાળો છે. કરણ પર્યાપ્ત નહિં.

**ગાથાર્થ:**—જ્યાં સુધી હજી આવર્જીકરણનો આરંભ થયો નથી ત્યાંથી પૂર્વના સમયે જીનનામની જ૦ અનુભાગોદીરણા થાય છે. તથા સયોગિકેવલિને યોગાંત સમયે (અન્ત્યસમયે) નીલાદિ ૯ પ્રકૃતિની જ૦ અનુભાગોદીરણા થાય છે. તથા સમુદ્દઘાતથી નિવર્તતા કેવલિને કર્કશ અને ગુરૂસ્પર્શની જ૦ અનુભાગોદીરણા હોય છે.

**ટીકાર્થ:**—આયોજીકાકરણ તે કેવલિ સમુદ્દઘાતથી પૂર્વે થાય છે, ત્યાં आङ् ઉપસર્ગ મર્યાદાવાચક હોવાથી आ=સર્વજ્ઞદષ્ટ મર્યાદાએ योजना=વ્યાપાર પ્રવૃત્તિ, તે પુનઃ (વ્યાપાર) અતિ શુભ યોગ સંબંધિ છે, માટે आयोजनं=आयोजिका તેનું કરણ તે आयोजिकाकरण કહેવાય છે. પુનઃ કેટલાક આચાર્ય એને आवर्जित-करण કહે છે તેનો શબ્દાર્થ આ પ્રમાણે છે—આવર્જીત=સન્મુખ કરેલ, લોકમાં પણ કહેવાય છે કે મેં આને આવર્જ્યો એટલે સન્મુખ કર્યો છે, એ પ્રમાણે તથા ભવ્યત્વપણે મોક્ષગમનપ્રત્યે आवर्जित એટલે સન્મુખ કરેલ તેનો करण=શુભયોગરૂપ વ્યાપાર તે आवर्जित करण કહેવાય છે. પુનઃ કેટલાક આચાર્યો તો આ સ્થાને "आवश्यक करणं" એવો પાઠ કહે છે તેનો શબ્દાર્થ આ પ્રમાણે છે—आवश्यक करणं=આવશ્યક કરણ એટલે જે કરણ અવશ્ય ભાવવાળું છે તે आवश्यककरण કહેવાય છે, કારણ કે સમુદ્દઘાત તો કોઇ કરે ને કોઇ ન પણ કરે અને આ आवश्यककरण તો સર્વે કેવલિઓ કરે છે

સ્વભૂમિકાનુસારે અતિવિશુદ્ધ અને અનાહારક સંજ્ઞિ પંચેન્દ્રિય જીવને મૃદુ લઘુ સ્પર્શની જ૦ અનુભાગોદીરણા હોય છે. તથા અપાન્તરાલે વર્તતો એવો સંકિલષ્ટ અનાહારી મિથ્યાદૃષ્ટિ જીવ વૈ૦ ૭-શુભ વર્ણાદિ ૯ ( મૃ૦ લ૦ વિના ) અગુ૦-સ્થિર-શુભ-નિર્માણ એ ૨૦ પ્રકૃતિયોની જ૦ અનુભાગોદીરણા કરે છે.

**पत्तेगमुरालसमं, इयरं हुंडेण तस्स परघाओ**
**अप्पाउस्स य आया-वुज्जोयाणमवि तज्जोगो ॥७७॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—પ્રત્યેકનામની ઉદીરણા ઔદારિક સરખી કહેવી અર્થાત્ ઔદારિકની જઘન્યાનુભાગોદીરણાવત્ **પ્રત્યેકનામની** જઘન્યાનુભાગોદીરણા પણ ભવપ્રથમસમયવર્તી સૂ૦ એકેન્દ્રિય જીવ કરે છે. તથા તત્ પ્રતિપક્ષી સાધારણ નામની ઉદીરણા હુંડક સંસ્થાનવત્ કહેવી, અર્થાત્ જેમ આહારકપણાના પ્રથમ સમયે વર્તતા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવને હુંડક નામની જ૦ અનુભાગોદીરણા પણ પૂર્વે કહી છે તેમ **સાધારણ નામની** જ૦ અનુભાગોદીરણા પણ જાણવી. તથા શીઘ્ર પર્યાપ્ત, અલ્પાયુષ્યવંત, અતિ સંકિલષ્ટ, અને પર્યાપ્તિના અન્ત્ય સમયમાં વર્તતા સૂ૦ એકેન્દ્રિય જીવને **પરાઘાત નામની** જઘન્યાનુભાગોદીરણા હોય છે. તથા દેહ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિ સંકિલષ્ટ અને આતપોદ્યોતને યોગ્ય એવા પૃથ્વીકાયિક જીવને પ્રથમ સમયે વર્તતાં **આતપની** અને **ઉદ્યોતની** જઘન્યાનુભાગોદીરણા હોય છે.

**जा ना उज्जियकरणं, तित्थगरस्स नवगस्स जोगंते**
**करकड गुरूण मंते, नियत्तमाणस्स केवलिणो ॥७८॥**

**ગાથાર્થ:**—જ્યાં સુધી હજી આવર્જીકરણનો આરંભ થયો નથી ત્યાંથી પૂર્વના સમયે જીનનામની જ૦ અનુભાગોદીરણા થાય છે. તથા સયોગિકેવલિને યોગાંત સમયે (અન્ત્યસમયે) નીલાદિ ૯ પ્રકૃતિની જ૦ અનુભાગોદીરણા થાય છે. તથા સમુદ્‌ઘાતથી નિવર્તતા કેવલિને કર્કશ અને ગુરૂસ્પર્શની જ૦ અનુભાગોદીરણા હોય છે.

**ટીકાર્થ:**—આયોજીકાકરણ તે કેવલિ સમુદ્‌ઘાતથી પૂર્વે થાય છે, ત્યાં आङ् ઉપસર્ગ મર્યાદાવાચક હોવાથી आ=સર્વજ્ઞદષ્ટ મર્યાદાએ योजना=વ્યાપાર પ્રવૃત્તિ, તે પુનઃ (વ્યાપાર) અતિ શુભ યોગ સંબંધિ છે, માટે आयोजनं=आयोजिका તેનું કરણ તે आयोजिकाकरण કહેવાય છે. પુનઃ કેઇક આચાર્ય એને आवर्जित-करण કહે છે તેનો શબ્દાર્થ આ પ્રમાણે છે—આવર્જીત=સન્મુખ કરેલ, લોકમાં પણ કહેવાય છે કે મેં આને આવર્જ્યો એટલે સન્મુખ કર્યો છે, એ પ્રમાણે તથા ભવ્યત્વપણે મોક્ષગમનપ્રત્યે आवर्जित એટલે સન્મુખ કરેલ તેનો करण=શુભયોગરૂપ વ્યાપાર તે आवर्जित करण કહેવાય છે. પુનઃ કેઇક આચાર્યો તો આ સ્થાને "ज नाउस्सय करणं" એવો પાઠ કહે છે તેનો શબ્દાર્થ આ પ્રમાણે છે—आउस्सय करणं=આવશ્યક કરણ એટલે જે કરણ અવશ્ય ભાવવાળું છે તે आवश्यककरण કહેવાય છે, કારણ કે સમુદ્‌ઘાત તો કોઇ કરે ને કોઇ ન પણ કરે અને આ आवश्यककरण તો સર્વે કેવલિઓ કરે છે.

તે આયોજીકાકરણ અન્તર્મુ૦ કાળ પ્રમાણનું છે. શ્રીપ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે "कइ समइे भंते आउंजियाकरणे पन्नत्ते? गोयमा असंखिज्जसमइए अंतोमुहुत्तिए पन्नत्ते" (સુગમાર્થ:) તે આયોજીકાકરણ અદ્યાપિપર્યન્ત જ્યાં સુધી પ્રારંભ્યું નથી ત્યાંથી પૂર્વલાસમયે તીર્થંકર કેવલિને જીનનામની જઘન્યાનુભાગોદીરણા પ્રવર્તે છે. આવર્જીકાકરણ કરતાં અધિક અનુભાગોદીરણા પ્રવર્તે છે માટે આયોજીકાકરણથી પૂર્વ એમ કહ્યું છે.

તથા **નીલ-કૃષ્ણ-દુરભિ-તિક્ત-કટુ-શીત-રૂક્ષ-અસ્થિર** ને અશુભ એ ૯ પ્રકૃતિયોની જઘન્યાનુભાગોદીરણા સયોગિકેવલિને અન્ત્ય સમયે હોય છે, કારણ કે સયોગિપણાના અન્ત્ય સમયેજ તદ્યોગ્ય વિશુદ્ધિ છે. તથા **કર્કશ** અને **ગુરૂ** સ્પર્શની જઘન્યાનુભાગોદીરણા કેવલસમુદ્ઘાતથી નિવર્તતા એવા કેવલિને મંથાનોપસંહાર સમયે હોય છે.

**सेसाण पगइवेई, मज्झिमपरिणाम परिणओ होज्जा**
**पच्चय सुभासुभा वि य, चिंतिय नेओ विवागे य ॥७५**

**ગાથાર્થ:**—શેષ ૩૪ **પ્રકૃતિયોની** જ૦ અનુભાગોદીરણા મધ્યમ પરિણામે પરિણત જીવને હોય છે, એ પ્રમાણે સર્વ પ્રકૃતિયોમાં પરિણામાદિ પ્રત્યય, શુભાશુભતા, અને ચારે પ્રકારના વિપાકને વિચારીને જઘન્ય વા ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાના સ્વામિ જાણવા.

**ટીકાર્થ:**—શેષ વેદનીય ૨-ગતિ ૪- જાતિ ૫-આનુ૦ ૪-ઉશ્વાસ-ખગતિ ૨-ત્રસાદિ ૩-સ્થાવરાદિ ૩-દુર્ભગાદિ ૪-સુભગાદિ ૪-ગોત્ર ૨-એ ૩૪ **પ્રકૃતિયોની** જ૦ અનુભાગોદીરણાના સ્વામિ તે તે પ્રકૃતિના ઉદયમાં વર્તતા એવા મધ્યમ પરિણામે પરિણત સર્વે જીવો જાણવા. હવે સર્વ પ્રકૃતિયોમાં સામાન્યતઃ જઘન્ય વા ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાના સ્વામિ જાણવાનો ઉપાય દર્શાવે છે

**पच्चय सुभासुभा वि य**=પ્રત્યય તે પરિણામપ્રત્યય અને ભવપ્રત્યય, તથા પ્રકૃતિયોની શુભાશુભતા, તથા પુદ્ગલવિપાકાદિ પ્રકારનો વિપાક એ ત્રણને સમ્યક્ પ્રકારે વિચારીને યથાયોગપણે જઘન્ય અને ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાના સ્વામિ જાણવા. તે આ પ્રમાણે—પરિણામપ્રત્યયાનુભાગોદીરણા પ્રાયઃ ઉત્કૃષ્ટ હોય છે અને ભવપ્રત્યયાનુભાગોદીરણા પ્રાયઃ જઘન્ય હોય છે. શુભ પ્રકૃતિયોની પ્રાયઃ સંક્લેશથી જઘન્યાનુભાગોદીરણા અને અશુભ

मिच्छत्तस्स चउद्धा, सगयालाए तिहा अणुक्कोसा
सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य सेसाणं ॥ ८१ ॥

ગાથાર્થઃ—મિથ્યાત્વની અનુ૦ પ્ર૦ ઉદી૦ ૪ પ્રકારે, તથા ૪૭ પ્રકૃતિયોની અનુ૦ પ્ર૦ ઉદી૦ ૩ પ્રકારે છે. એ ૪૮ પ્રકૃતિયોના શેષ વિકલ્પો અને શેષ પ્રકૃતિયોના સર્વ વિકલ્પો ૨ પ્રકારે છે.

વેદનીયની ઉ૦પ્ર૦ઉદીરણા અપ્રમત્તભાવને સન્મુખ થયેલ એવા સર્વ વિશુદ્ધ પ્રમત્ત મુનીને હોય છે, અને મોહનીયની ઉ૦ પ્ર૦ ઉદીરણા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે સ્વઉદીરણાને અન્તે હોય છે. તેથી એ બન્ને કર્મની પણ ઉ૦ પ્ર૦ ઉદીરણા સાદિ અધ્રુવ છે. તેથી અન્ય સર્વ પણ અનુત્કૃષ્ટ પ્ર૦ ઉદીરણા તે પણ અપ્રમત્તથી પડતા મુનિને વેદનીયની, અને ઉપશાન્તમોહથી પડતા મુનિને વેદનીયની અનુ૦ઉદી૦ સાદિ હોય છે, અને તે સ્થાનને નહિ પ્રાપ્ત થયેલા જીવોને એ બે કર્મની અનુ૦ઉદી૦ અનાદિ અને ધ્રુવાધ્રુવતા પૂર્વવત.

તથા સેસવિગપ્પા દુવિહા=એ સાતે મૂળ પ્રકૃતિયોના ઉક્ત વ્યતિરિકત શેષ જઘ૦-અજઘ૦-ને ઉત્કૃષ્ટ એ ૩ વિકલ્પો તે સાદિ અને અધ્રુવ એમ ૨ પ્રકારે જાણવા. તે આ પ્રમાણે-અતિ સંકિલષ્ટ મિથ્યાદૃષ્ટિજીવમાં એ ૭ કર્મની જ૦ ઉદીરણા હોય છે તે સાદિ અધ્રુવ છે. અને સંકલેશ પરિણામથી ઉતરેલા મિથ્યાદૃષ્ટિને અજ૦ પ્ર૦ ઉદીરણા હોય છે તેથી તે પણ સાદિ અધ્રુવ છે, અને ઉત્કૃષ્ટ પ્ર૦ ઉદીરણા તો પ્રથમજ કહી છે.

તથા આયુષ્યના જ૦-[1]અજ૦-ઉ૦-અનુ૦ એ ચારે વિકલ્પો સાદિ ને અધ્રુવ એમ બે પ્રકારે છે, અને એ સાદિ અધ્રુવતા આયુષ્યના અધ્રુવોદીર્યપણાથીજ જાણવી.

( ઇતિ મૂળ પ્રકૃતિગત સાદ્યાદિ પ્ર૦ )

હવે ઉત્તર પ્રકૃતિ સંબંધિ સાદ્યાદિ પ્રરુપણા કહેવાય છે.

---

૧ છાપેલી ટીકામાં जघन्योत्कृष्टानुत्कृष्टा પાઠ હોવાથી ત્રણજ વિકલ્પ ગણાવેલા છે, પરંતુ તે પાઠ લિખિત દોષથી વા દૃષ્ટિદોષથી અશુદ્ધ છે એમ ધારી મેં અત્રે પાછળના सर्वेऽपि શબ્દથી, અને આયુષ્યની સર્વ રીતે અધ્રુવતા વિચારી ૪ વિકલ્પ ગણાવ્યા છે.

मिच्छत्तस्स चउद्धा, सगयालाए तिहा अणुक्कोसा
सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य सेसाणं ॥ ८१ ॥

ગાથાર્થ:—મિથ્યાત્વની અનુ૦ પ્ર૦ ઉદી૦ ૪ પ્રકારે, તથા ૪૭ પ્રકૃતિયોની અનુ૦ પ્ર૦ ઉદી૦ ૩ પ્રકારે છે. એ ૪૮ પ્રકૃતિયોના શેષ વિકલ્પો અને શેષ પ્રકૃતિયોના સર્વ વિકલ્પો ૨ પ્રકારે છે.

ટીકાર્થ:—મિથ્યાત્વની અનુ૦ પ્ર૦ ઉદીરણા સાદિ-અનાદિ ધ્રુવ ને અધ્રુવ એમ ૪ પ્રકારે છે તે આ પ્રમાણે-જે અનંતર સમયે સંયમ સહિત સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે તે મિથ્યાદૃષ્ટિ જીવને મિથ્યાત્વની ઉ૦ પ્ર૦ ઉદીરણા હોય છે તે સાદિ-અધ્રુવ છે, કારણ કે સમયમાત્ર એ ઉદીરણા હોય છે, ને તેથી અન્ય સર્વ પણ અનુત્કૃષ્ટ પ્ર૦ ઉદીરણા, તે પણ સમ્યક્ત્વથી પડતા ને સાદિ. તે સ્થાનને અપ્રાપ્ત જીવને અનાદિ. અને ધ્રુવાધ્રુવતા પૂર્વવત્.

છે તે આ પ્રમાણેઃ–પૂર્વોક્ત સર્વ પ્રકૃતિયોની જ૦ પ્રદેશોદીરણા અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ જીવને હોય છે, અને તેવા પરિણામથી ઉતરતા જીવને અજ૦ હોય છે માટે એ બંને ઉદીરણા સાદિ અધ્રુવ ભાંગે થાય છે, અને ઉત્કૃષ્ટનો સાદિ ભાંગો તો પ્રથમજ કહેલ છે. અને सव्वविगप्पा य सेसाणं શેષ ૧૧૦ પ્રકૃતિયોના જ૦ અજ૦ ઉ૦ અનુ૦–એ સર્વે વિકલ્પો સાદિ ને અધ્રુવ એમ ૨ પ્રકારે છે, અને એ સાદિ અધ્રુવતા આપ અ.ાપણા અધ્રુવોદીર્યપણાથીજ જાણવી. ( इति साद्यनादि प्ररुपणा )

એ પ્રમાણે સાદ્યાદિપ્રરૂપણા કરીને હવે स्वामित्व प्ररुपणा કરાય છે. ત્યાં ઉ૦ પ્રદેશોદીરણાસ્વામિ ને જઘન્ય પ્રદેશોદીરણા સ્વામિ એ બે અનુયોગ છે તેમાં પ્રથમ उ० प्रदेशोदीरणा स्वामिं કહેવાય છે.

## अणुभागुदीरणाए, जहन्नसामी पएसजेट्ठाए
## घाईणं अन्नयरो, ओहीण विणोहि लंभेण ॥८२॥

ગાથાર્થઃ—ટીકાર્થના પ્રારંભમાં કહ્યો છે.

*ટીકાર્થઃ*—સર્વે ઘાતિકર્મની અનુભાગોદીરણામાં જે જે જઘન્યાનુભાગોદીરણાના સ્વામિ પૂર્વે કહ્યા છે તે તે સ્વામિ અત્રે ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણામાં ગુણિતકર્માંશ જાણવા. વિશેષ એ છે કે अन्नयरो=શ્રુતકેવલિ વા અન્ય કોઈ મત્યાવરણાદિકના ઉ૦ પ્ર૦ ઉ૦ ..ામિ છે અને અવધિદ્વિકાવરણના ઉ૦ પ્રદેશોદીરણાસ્વામિ અવધિલબ્ધિ રહિત જીવ છે. એ અતિ સંક્ષેપથી કહ્યુ ને હવે વિશેષથી કહેવાય છે.

અવધિજ્ઞાનાવરણ વિના શેષ ૪ જ્ઞાનાવરણની તથા ચક્ષુ ને કેવલ દર્શનાવરણની ઉ૦ પ્રદેશોદીરણા ક્ષીણ કષાયી ગુ૦ કર્માંશ શ્રુતકેવલિને વા અન્ય ગુણિતકર્માંશને સમયાધિક આવલિકા

શેષ રહે છતે હોય છે અને અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણની ઉ૦ પ્રદેશોદીરણા અવધિલબ્ધિરહિત ક્ષીણ કષાયી જીવને સમયાધિક આવલિકા શેષ રહેતાં હોય છે. તથા નિદ્રાદિકની ઉ૦ પ્રદેશોદીરણા ઉપશાન્ત કષાયી જીવને, તથા સ્ત્યાનર્દ્ધિત્રિકની ઉ૦ પ્રદેશોદીરણા અપ્રમત્તાભિમુખી પ્રમત્તમુનીને,

અપ્રમત્ત મુનિને કુસંઘયણ ૫–વૈ૦૭–આહા૦૭–ને ઉદ્યોત–એ ૨૦ પ્રકૃતિયોની ઉ૦ પ્રદેશોદીરણા થાય છે.

**देवनिरयाउगाणं, जहन्नजेट्ठट्ठिई गुरुअसाए**
**इयराऊण वि अट्ठम--वासे णेयोऽट्ठवासाऊ ॥८४॥**

ગાથાર્થ:--ટીકાર્થાનુસારે

ટીકાર્થ:--જઘન્યસ્થિતિવાળાં, અને ઉત્કૃષ્ટ દુઃખોદયમાં વર્તતા એવા દેવને દેવાયુની, અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા ઉત્કૃષ્ટ દુઃખોદયી નારકને નરકાયુની ઉ૦ પ્રદેશોદીરણા હોય છે. અહિં તાત્પર્ય એ છે કે—૧૦૦૦૦ વર્ષની સ્થિતિવાળો, અને ઉ૦ દુઃખોદયમાં વર્તતો દેવ દેવાયુનો ઉ૦ પ્રદેશોદીરક છે. તથા ૩૩ સાગર પ્રમાણ સ્થિતિમાં વર્તતો ઉ૦ દુખોદયવાળો નારક નરકાયુનો ઉ૦ પ્રદેશોદીરક છે, અતિ દુઃખના અનુભવમાં આયુનાં ઘણાં પુદ્ગલો નિર્જરે છે. માટે " ઉ૦ દુઃખોદયી " એ વિશેષણ કહ્યું છે. અને ઇતર જે તિર્યગાયુ અને મનુષ્યાયુના ઉ૦ પ્રદેશોદીરક આઠ વર્ષના આયુષ્યવાળા અને આઠમા વર્ષમાં વર્તતા અનુક્રમે અતિ દુખી તિર્યંચ અને મનુષ્ય હોય છે

**एगंततिरियजोग्गा, नियगविसिट्ठेसु तह अपज्जत्ता**
**संमुच्छिममणुयंते, तिरियगई देसविरयस्स ॥ ८५**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

ટીકાર્થ:—એકાન્તે તિર્યંચોનેજ જે પ્રકૃતિયો ઉદયમાં આવે છે તે કુજાતિ૪–આતપ–સ્થા૦–સૂ૦–ને સાધારણ એ ૮ પ્રકૃતિયોની ઉ૦ પ્રદેશોદીરણા પ્રકૃતિવિશિષ્ટ જીવોમાં હોય છે, તે આ પ્રમાણે –એકેન્દ્રિય જાતિ અને સ્થાવર નામ એ બે પ્રકૃતિની ઉ૦ પ્રદેશો

દીરણા સર્વ વિશુદ્ધ બાદર પૃથ્વિકાયિક જીવને જાણવી. **આતપ** નામની પ્રદેશોદીરણા ખર બાદર પૃથ્વીકાયિક જીવમાં જાણવી, **સૂક્ષ્મની** પર્યાપ્ત સૂક્ષ્મમાં, **સાધારણ** અને **વિકલેન્દ્રિય** જાતિની ઉ૦ પ્રદેશોદીરણા તે નામોદયવાળા સર્વ વિશુદ્ધ પર્યાપ્ત જીવોમાં હોય છે. તથા **અપર્યાપ્ત** નામની ઉ૦ પ્રદેશોદીરણા અપ૦ સમુ૦ મનુષ્યને અન્ત્ય સમયે હોય છે, અને **તિર્યંચગતિની** ઉ૦ પ્રદેશોદીરણા દેશવિરત જીવને હોય છે કારણ કે તે અતિ વિશુદ્ધ હોય છે.

अणुपुव्विगइदुगाणं, सम्मदिट्ठि उ दूभगाईणं
नीयस्सयसे काले, गहिहिइ विरयत्ति सोचेव॥८६॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે

अन्ते होय छे. सर्व प्रकृतियोनी उ० प्रदेशोदीरणा सर्व विशुद्ध जीवने होय छे.

**टीकार्थः**—योग्यन्तोदीरक एटले जे प्रकृतियो सयोगि केवलिने अन्त्य समये उदीरणा योग्य होय छे, ते मनुष्यगति-पंचे० -औदा०७-तै०७-संस्था०६-वजर्षभ-वर्णादि २०-अगु-उप.-परा. -खगति २-त्रसादि७-आदेश-यश-अस्थिर-अशुभ-जीन- उच्च-निर्माण ए ६२ प्रकृतियोनी उ० प्रदेशोदिरणा सयोगि केवलिने अन्त्य समये होय छे. तथा स्वरद्विक ने उश्वासनी स्वरवनिरोध काळे उ० प्रदेशोदीरणा होय छे, अर्थात् स्वरनिरोधकाळे सुस्वर दुःस्वरनी, अने उश्वासनिरोधकाळे उश्वास नामनी उ० प्रदेशोदीरणा होय छे. अहिं सर्व कर्मनी उ० प्रदेशोदीरणा माटे सामान्य नियम ए छे के जे जे कर्मनो जे जे उदिरणाधिकारी छे ते ते जीव सर्व विशुद्धकाळे ते ते कर्मनो उ० प्रदेशोदीरक जाणवो. पुनः आयु सिवाय सर्व कर्मनी उ० प्रदेशोदीरणा गुणितकर्मांश जीवने कहेवी. तेथी दानान्तरायादि ५ प्रकृतियोनी पण उ० प्रदेशोदिरणा क्षीण कषायी गुणित कर्मांश जीवने समयाधिक आवलिका शेष रहये छते होय छे. ( इति उ० प्रदेशोदीरणा स्वामित्व )—

ए प्रमाणे उ० प्रदेशोदीरणाना स्वामि कहीने हवे जघन्य प्रदेशोदीरणाना स्वामि कहे छे

ओदीरगति-संकिलिट्ठभावो अ सव्वपगईण
जहन्नसामि, अणुभागुत्तो य तित्थयरे ॥८८॥

गाथार्थः—सर्व प्रकृतियोनो ज० उदीरणा स्वामि अति संक्लिष्ट भाववाळो ते ते प्रकृतिनो उदीरक जीव जाणवो. अने तीर्थ

કર નામનો જ૦ પ્રદેશોદીરક જ૦ અનુભાગોદીરણમાં કહ્યા પ્રમાણે જાણવો.

**ટીકાર્થઃ**—જે તે તે પ્રકૃતિયોનો ઉદીરક છે તે અતિ સંક્લિષ્ટ પરિણામવાળો ક્ષપિતકર્માંશ જીવ સ્વ સ્વયોગ્ય સર્વ પ્રકૃતિયોનો જ૦ પ્રદેશોદીરણા સ્વામિ જાણવો. ત્યાં અવધિત્રિના ૪ જ્ઞાનાવરણ અને ૩ દર્શનાવરણ-૨ વેદનીય-મિથ્યાત્વ-૧૬ કષાય-૯ નોકષાય-એ સર્વ સંખ્યાએ ૩૫ પ્રકૃતિયોનો જ૦ પ્રદેશોદીરણાનો સ્વામિ સર્વ

અન્તે હોય છે. સર્વ પ્રકૃતિયોની ઉ૦ પ્રદેશોદીરણા સર્વ વિશુદ્ધ જીવને હોય છે.

**ટીકાર્થઃ**—योग्यन्तोदीरक એટલે જે પ્રકૃતિયો સયોગિ કેવલિને અન્ત્ય સમયે ઉદીરણા યોગ્ય હોય છે, તે મનુષ્યગતિ-પંચે૦-ઔદા૦૭-તૈ૦૭-સંસ્થા૦૬-વજર્ષભ-વર્ણાદિ ૨૦-અગુ-ઉપ.-પરા-ખગતિ ૨-ત્રસાદિ૭-આદેશ-યશ-અસ્થિર-અશુભ-જીન- ઉચ્ચ-નિર્માણ એ ૬૨ પ્રકૃતિયોની ઉ૦ પ્રદેશોદિરણા સયોગિ કેવલિને અન્ત્ય સમયે હોય છે. તથા સ્વરદ્વિક ને ઉશ્વાસની સ્વરવનિરોધ કાળે ઉ૦ પ્રદેશોદીરણા હોય છે, અર્થાત્ સ્વરનિરોધકાળે સુસ્વર દુઃસ્વરની, અને ઉશ્વાસનિરોધકાળે ઉશ્વાસ નામની ઉ૦ પ્રદેશોદીરણા હોય છે. અહિં સર્વ કર્મની ઉ૦ પ્રદેશોદીરણા માટે સામાન્ય નિયમ એ છે કે જે જે કર્મનો જે જે ઉદિરણાધિકારી છે તે તે જીવ સર્વ વિશુદ્ધકાળે તે તે કર્મનો ઉ૦ પ્રદેશોદીરક જાણવો. પુનઃ આયુ સિવાય સર્વ કર્મની ઉ૦ પ્રદેશોદીરણા ગુણિતકર્માંશ જીવને કહેવી. તેથી દાનાન્તરાયાદિ ૫ પ્રકૃતિયોની પણ ઉ૦ પ્રદેશોદિરણા ક્ષીણ કષાયી ગુણિત કર્માંશ જીવને સમયાધિક આવલિકા શેષ રહ્યે છતે હોય છે. ( इति उ० प्रदेशोदीरणा स्वामित्व )—

એ પ્રમાણે ઉ૦ પ્રદેશોદીરણાના સ્વામિ કહીને હવે जघन्य प्रदेशोदीरणाना स्वामि કહે છે

तप्पगओदीरगति-संकिलिट्ठभावो अ सव्वपगईण
नेयो जहन्नसामि, अणुभागुत्तो य तित्थयरे ॥८८॥

ગાથાર્થઃ—સર્વ પ્રકૃતિયોનો જ૦ ઉદીરણા સ્વામિ અતિ સંક્લિષ્ટ ભાવવાળો તે તે પ્રકૃતિનો ઉદીરક જીવ જાણવો. અને તીર્થ

# ॥ अथ उपशमनाकरण ॥

એ પ્રમાણે સવિસ્તરપણે ઉદીરણાકરણ કહીને હવે ઉપશમનાકરણ કહેવાનો અવસર છે, ત્યાં

| | |
|---|---|
| ૧ પ્રથમ સમ્યક્ત્વોત્પાદ પ્રરૂ૦ | ૫ દર્શન મોહનીયક્ષપણા |
| ૨ દેશવિરતિ લાભ પ્રરૂપણા | ૬ દર્શન મોહનીયોપશમના |
| ૩ સર્વવિરતિ લાભ પ્રરૂપણા | ૭ ચારિત્ર મોહનીયોપશમના |
| ૪ અનંતાનુબંધિ વિસંયોજના | ૮ દેશોપશમના |

એ ૮ દ્વાર ભેદાનુભેદ સહિત કહેવાનાં છે, તેમાં પ્રથમ ભેદાનુભેદ સહિત ઉપશમનાકરણ સર્વ પ્રકારે કહેવું અતિ અશક્ય છે, તેથી જેટલે અંશે વ્યાખ્યાન કરવામાં પોતાની અશક્તિ છે તેટલે અંશે તેના ( ઉપ૦ ના ) જાણકાર આચાર્યોને આ આચાર્ય ( શ્રી શિવશર્મસૂરિ ) નમસ્કાર ( પ્રથમ ગાથા વડે ) કરે છે.

**करणकयाऽकरणा वि य, दुविहा उवसामणा य बिइयाए**
**अकरण अणुइन्नाए, अणुयोगधरे पणिवयामि ॥१॥**

ગાથાર્થ:—અહિં કરણકૃત અને અકરણકૃત એ બે પ્રકારની ઉપશમના ( દેશોપશમના ) છે, તેમાં અકરણકૃત અને અનુદીર્ણ એ બે નામ પર્યાયવાળી બીજી ઉપશમનાના ( અકરણોપશમનાના ) જ્ઞાનને ધારણ કરનાર આચાર્યોને હું ( શિવશર્મસૂરિ ) નમસ્કાર કરૂં છું.

ટીકાર્થ:—અહિં કરણકૃત અને અકરણકૃત એ પ્રમાણે બે પ્રકારની ઉપશમના છે, ત્યાં યથાપ્રવૃત્ત, અપૂર્વ, અને અનિવૃત્તિ એ ૩ કરણને સાધ્ય જે ક્રિયા વિશેષ તે કરણ કહેવાય છે. ને તે

ओहीणं ओहिजुए, अइसुहवेई य आउगाणं तु
पढमस्स जहन्नठिइ, सेसाणु कोसगठिइओ॥८१॥

ગાથાર્થઃ--ટીકાર્થાનુસારે

ટીકાર્થ--સર્વ સંકિલષ્ટ એવા અવધિલબ્ધિ યુકત જીવ અવધિદ્વિકનો જ૦ પ્રદેશોદીરક છે, કારણ કે અવધિલબ્ધિને ઉત્પન્ન કરતાં જીવને ઘણા પુદ્ગલો પરિક્ષીણ થયેલા હોય છે, માટે " અવધિલબ્ધિ યુકત " એ વિશેષણ કહ્યું છે, તથા સ્વ સ્વ ભૂમિકાનુસારે અત્યંત સુખને અનુભવતા જીવો ચારે આયુષ્યના જ૦ પ્રદેશોદીરક હોય છે. ત્યાં પ્રથમ ૧૦૦૦૦ વર્ષ પ્રમાણની જ૦ સ્થિતિમાં વર્તતોનારક તે શેષ નારકોની અપેક્ષાએ અતિ સુખી હોય છે, માટે નરકાયુનો જ૦ પ્રદેશોદીરક છે. શેષ તિર્યંગાયુ મનુષ્યાયુ ને દેવાયુની ઉ૦ સ્થિતિમાં વર્તતા અને સ્વસ્વસ્થાન યોગ્યતાનુસારે અત્યંત સુખી એવા તિર્યંચ મનુષ્ય ને દેવો અનુક્રમે તિર્યંગાયુ, મનુષ્યાયુ, ને દેવાયુના જ૦ પ્રદેશોદીરક જાણવા.

( इति ज० प्रदेशोदीरणा स्वामित्व )

इति श्रीमलयगिरिकृत कर्मप्रकृति टीकायां जैनाचार्य श्रीमद्
बुद्धिसागरसूरी प्रसादेन पं. चंदुलाल कृतोदीरणा
करणस्य गूर्जरभापांतरं समाप्तं.

મનાનાં છે. તથા દેશોપશમનાનાં બે નામ પૂર્વોક્ત બે નામથી [...]
રીત છે, અર્થાત્ અગુણોપશમના અને અપ્રશસ્તોપશમના એ
નામ દેશોપશમનાનાં છે.

सव्वुवसमणा मोह–स्सेव उ तस्सुवसमकिया जोग्ग[...]
पंचिंदिओ उ सन्नी–पज्जत्तो लद्धितिगजुत्तो ॥३॥
पुव्वं पि विसुज्झंतो–गंठियसत्ताण इक्कसिय सोहिं[...]
अन्नयरे सागारे, जोगे य विसुद्धलेसासु ॥४॥
ठिइ सत्तकम्मसंतो–कोडीकोडो करेत्तु सतण्हं ।
दुट्ठाणं चउट्ठाणे, असुभसुभाणं च अणुभागं ॥५॥
बंधंतो धुवपगडी, भवपाउग्गा सुभा अणाउ य
जोगवसा य पएसं, उक्कोसं मज्झिम जहन्नं ॥६॥
ठिइबंधद्धापूरे, नवबंधं पल्लसंखभागूणं
असुभसुभाणणुभागं, अणंतगुणहाणिवुड्ढीहिं ॥७॥
करणं अहापवत्तं, अपुव्वकरण मनियट्टिकरणं च
अंतोमुहुत्तियाइं, उवसंतद्धं च लहइ कमा ॥८॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

ક્રિયાવડે કરાયલી જે ઉપશમના તે करणकृत उपशमना કહેવાય છે, અને એ લક્ષણથી વિપરિત લક્ષણવાળી કે જે સંસારિ જીવોને ગિરિપરથી પડતી નદીના પ્રવાહે વૃત્તાદિ આકારને પ્રાપ્ત થતા પત્થર વત્ યથાપ્રવૃત્તાદિ કરણરૂપ ક્રિયાવિશેષ વિના પણ વેદનાનુભવાદિ કારણોથી ઉપશમના થાય છે તે अकरणकृतोपशमना કહેવાય છે પુનઃ આ કરણકૃત ને અકરણકૃતરૂપ બે પ્રકાર તે દેશોપશમનાનાજ જાણવા પરન્તુ સર્વોપશમનાના બે પ્રકાર નથી, કારણ કે સર્વોપશમના તો કરણપૂર્વકજ થાય છે, પંચસંગ્રહ મૂળ ટીકામાં કહ્યું છે કે-" देशोपशमना करणकृता करणरहिता वा सर्वोपशमना तु करणकृतैव " આ અકરણોપશમનાનાં અકરણોપશમના અને અનુદીર્ણોપશમના એ બે નામ છે, ને તે અકરણોપશમનાનું જ્ઞાન હાલમાં વિચ્છેદ થયેલું છે, તેથી આચાર્ય પોતેજ તેના જ્ઞાનવાળા જે ઉત્કૃષ્ટ મતિ જ્ઞાનરૂપપ્રભાવાળા ચતુર્દશ પૂર્વધરો તેઓને નમસ્કાર કરતા છતા કહે છે કે बिइयाए ઇત્યાદિ=અકરણ અને અનુદીર્ણ રૂપ બે નામવાળી બીજી અકરણોપશમનાના અનુયોગધરને એટલે વ્યાખ્યાકુશલ ( ચૌદ પૂર્વીઓને ) નમસ્કાર કરૂં છું.

તે અકરણોપશમનાનું જ્ઞાનવિચ્છેદ હોવાથી હવે અહિં કરણકૃતોપશમનાનો અધિકાર કહેવાશે. તે કરણકૃતોપશમના પણ બે પ્રકારે છે તે કહે છે

**सव्वस्स य देसस्स य—करणुवसमया दु सन्नि एक्किक्का**
**सव्वस्स गुणपसत्था—देसस्स वि तासि विवरीया ॥२॥**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે

**ટીકાર્થઃ**—તે કરણકૃતોપશમના सर्व विषया ને देश विषया એમ બે પ્રકારની છે. અને એકેકનાં બે બે નામ છે તે આ પ્રમાણે—ગુણોપશમના અને પ્રશસ્તોપશમના એ બે નામ સર્વોપશ-

-તૈ૦-કા૦-વર્ણાદિ ૪-અગુ૦-ઉપ૦-નિર્માણ-અન્ત૦૫-એ ૪૭ ધ્રુવબંધિપ્રકૃતિયોને બાંધતો છતો સ્વસ્વભવપ્રાયોગ્ય પરાવર્તમાન પ્રકૃતિયોમાં શુભનોજ બંધ કરે તે પણ આયુષ્ય વર્જીનેજ શુભનો બંધ કરે કારણ કે અતિવિશુદ્ધ પરિણામિ જીવ આયુબંધનો આરંભ [illegible] કરે તેથી અત્રે આયુષ્યનું વર્જવું કહ્યું છે. તથા “ ભવપ્રાયોગ્ય ” કહેવાનું તાત્પર્ય એ છે કે જો તિર્યંચ વા મનુષ્ય પ્રથમસમ્યક્ત્વને ઉત્પન્ન કરે તો દેવ ગતિ પ્રાયોગ્ય દેવદ્વિક-પંચે૦-વૈ૦ ૨-સમચ૦--ઉશ્વાસ-સુખ૦-ત્રસાદિ ૧૦-શાતા- ઉચ્ચ એ ૨૧ શુભ પ્રકૃતિયોને બાંધે, તથા દેવ વા નારક જો પ્રથમ સમ્યક્ત્વને ઉત્પન્ન કરતો હોય તો મનુષ્ય ગતિ પ્રાયોગ્ય મનુ૦૨-પં૦-સમ૦-વજ્રર્ષ૦-ઔ૦૨-પરા૦-ઉશ્વાસ-સુખગતિ-ત્રસાદિ ૧૦-શાતાને ઉચ્ચ-એ ૨૨ શુભપ્રકૃતિયોનો બંધ કરે છે. માત્ર જો સપ્તમી પૃથ્વીનો નારક જીવ પ્રથમ સમ્યક્ત્વને ઉત્પન્ન કરતો હોય તો ( ગતિદ્વિકને સ્થાને ) તિર્યગ્દ્વિક અને ( ઉચ્ચગોત્રને સ્થાને ) નીચગોત્ર કહેવું; શેષ સર્વ દેવ નારકવત્ કહેવું. તથા બધ્યમાન પ્રકૃતિની અંતઃ કોટા કોટી સાગર પ્રમાણજ સ્થિતિ બાંધે છે પરન્તુ અધિક નહિ. યોગને અનુસારે પ્રદેશબંધ પણ ઉત્કૃષ્ટ-મધ્યમ-અને જઘન્યપણે કરે છે તે આ પ્રમાણે—જઘ૦યોગે વર્તતો જઘન્યપ્રદેશ બંધ કરે, મધ્યમયોગે વર્તતો મધ્યમપ્રદેશ બંધ કરે અને ઉત્કૃષ્ટયોગે વર્તતો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે છે. ॥ ૬ ॥

તથા સ્થિતિ બંધ પણ પૂર્ણ થયે છતે અન્યસ્થિતિબંધ એટલે પૂર્વ સ્થિતિબંધની અપેક્ષાએ પલ્યોપમના ૧અસંખ્યાતમાભાગે હીન સ્થિતિબંધ કરે છે. તે પણ પૂર્ણ થયે છતે પૂર્વ સ્થિતિબંધની અપેક્ષાએ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન દ્વિતીય અન્યસ્થિતિ બંધ કરે છે. એ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થિતિબંધથી [illegible] પલ્યો-

૧ પંચસંગ્રહમાં તથા [illegible] સંખ્યાત [illegible] પલ્યોપમનો [illegible] તનો [illegible] હીન સ્થિતિબંધ કહ્યો છે.

પમાસંખ્યતમભાગન્યૂન રૂપ અન્ય અન્ય સ્થિતિબંધ કરે છે. તથા અશુભ પ્રકૃતિયોના દ્વિસ્થાનક અનુભાગને બાંધે છે તે પણ પ્રતિ સમય અનન્ત ગુણ હીન અનુભાગને બાંધે છે તથા શુભ પ્રકૃતિયોના ચતુઃસ્થાનક અનુભાગને બાંધે છે તે પણ પ્રતિ સમય અનન્ત ગુણ અધિક અનુભાગને બાંધે છે. એ પ્રમાણે કરતો છતો જીવ શું કરે છે ? તે કહે છે ॥ ૭ ॥

પૂર્વોકત વિશેષણોએ વિશિષ્ટ એવો જીવ પ્રથમ યથાપ્રવૃત્તકરણ કરે છે, તદનંતર અપૂર્વકરણ, અને તદનંતર અનિવૃત્તિકરણ કરે છે. અહિં करण परिणामोऽत्र એ સૂત્ર વચનથી કરણ તે પરિણામ વિશેષ છે. એ ત્રણ કરણમાં પ્રત્યેક કરણનો કાળ અન્તર્મુ૦ પ્રમાણ છે, અને સર્વનો એકત્રકાળ પણ અન્તર્મુ૦ પ્રમાણજ છે. તદનંતર પૂર્વોકત અનુક્રમથી ચોથી ઉપશાન્તાદ્ધા પ્રાપ્ત થાય છે, ને તે પણ અન્તર્મુ૦ કાળ પ્રમાણની છે. ॥ ૮ ॥

। હવે करणोनुं સ્વરુપ પ્રગટપણે કહેવાય છે. ।

**अणुसमयं वट्टंतो, अज्झवसाणाणऽणंतगुणणाए**
**परिणामट्ठाणाणं, दोसु वि लोगा असंखिज्जा ॥९॥**

ગાથાર્થઃ—પ્રતિ સમયે અધ્યવસાયોની અનંતગુણ વિશુદ્ધિમાં ( કરણ સમાપ્તિ સુધી ) વર્તે છે—અને યથાપ્ર૦ તથા અપૂર્વ એ બે કરણમાં અસંખ્યલોકપ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો છે.

ટીકાર્થઃ—अनुसमयं એટલે સમયે સમયે અધ્યવસાયોની અનંતગુણ વિશુદ્ધિએ અર્થાત્ પ્રતિ સમયે અનંતગુણ અધિક એવી અધ્યવસાયોની વિશુદ્ધિવડે વધતો છતો જ્યાં સુધી ત્રણ કરણોની સમાપ્તિ થાય છે ત્યાં સુધી નિરન્તરપણે વૃદ્ધિ પામે છે. હવે પ્રત્યેક કરણમાં અધ્યવસાયસ્થાનો કેટલાં છે ! તે કહીએ છીએ.

પરિણામટ્ઠાણાણ=યથાપ્રવૃત્ત અને અપૂર્વ એ બન્ને કરણના અધ્યવસાયસ્થાનો પ્રતિ સમયે અસંખ્યલોકપ્રદેશ પ્રમાણ છે. અહિં તાત્પર્ય એ છે કે—યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણમાં પ્રતિ સમયે અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયસ્થાનો છે તે આ પ્રમાણે—યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયમાં [1]અનેક જીવોની અપેક્ષાએ અસંખ્યલોકાકાશના પ્રદેશ રાશિ પ્રમાણ અધ્યવસાયસ્થાનો છે અને દ્વિતીય સમયમાં તેથી વિશેષાધિક અધ્યવસાયો છે, તથા તૃતીય સમયે તેથી પણ વિશેષાધિક અધ્યવસાયસ્થાનો છે, એ પ્રમાણે યાવત્ અન્ત્ય સમય સુધી કહેવું. એ પ્રમાણે અપૂર્વકરણમાં પણ અધ્યવસાયોની વિવક્ષા જાણવી. આ યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણના અધ્યવસાયોને સ્થાપનામાં ઉતારીયે તો [2]વિષમચોરસક્ષેત્ર થાય છે. અને તેથી ઉપર અનિવૃત્તિકરણના અધ્યવસાયસ્થાનો [3]મોતીના

---

૧ યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયમાં અસંખ્યલોક પ્રદેશપ્રમાણ જીવો યદિ વર્તતા હોય તો સર્વે જીવોના અધ્યવસાયો ભિન્ન ભિન્ન પણ હોઇ શકે, અને દ્વિતીય સમયમાં તેથી પણ અધિક જીવો યદિ વર્તતા હોય તો તે સર્વના પણ ભિન્ન ભિન્ન અધ્યવસાયો હોઇ શકે ઇતિભાવ.

૨ विषमचतुरस्त्रक्षेत्रस्थापना ૩ मुक्तावलिस्थापना

(અહિં ० એ શૂન્ય અધ્યવસ્થાન સૂચક છે)

યથા પ્ર૦ ક૦

અપૂર્વ ક૦

( ગણિતાદિપૂર્વક વિશેષ સ્થાપના
સ્થૂલ સ્થાપના સંગ્રહાનુસારે )

अनिवृत्तिक०अ०स्थानानि

ઉ. 0000000000000 જ.

( ઉત્તરોત્તર વિશુદ્ધિની વૃદ્ધિની અપેક્ષાએ
ઉત્તરોત્તર નાનાં મોટાં મોતી આપેલાં છે )

હારને આકારે સ્થાપનાક્ષેત્ર રોકે છે. પુનઃ અધ્યવસાયસ્થાનો ઉપરોપરિ[1] વિચારતાં પ્રતિસમય અનંતગુણવૃદ્ધિએ વધતાં જાણવાં અને તિર્ચ્છી[2] રીતે વિચારતાં [3]ષટ્સ્થાનપતિત થાય છે.

**मंदविसोही पढम–स्स संखभागाहि पढमसमयम्मि**
**उक्कस्सं उप्पिमहो, एक्केक्कं दोण्ह जीवाणं ॥१०॥**

**आचरमाओ सेसु–क्कोसं पुव्वप्पवत्त मिइनामं**
**विइयस्स विइयसमए, जहन्नमवि ऽणंतरुक्कस्सा ॥११॥**

ગાથાર્થઃ—કરણપ્રતિપન્ન બે જીવોમાં પ્રથમ જીવને પ્રથમ સમયે મંદ વિશુદ્ધિ અલ્પ છે તેથી દ્વિતીયાદિક સમયમાં યાવત્ સંખ્યાતમાભાગ સુધી અનંતગુણવિશુદ્ધિ છે તેથી બીજા જીવને

---

૧ અર્થાત્ પૂર્વ સમયગત અધ્યવ૦સ્થાનોની વિશુદ્ધીથી પર સમયગત ( અનંતર ઉર્ધ્વ સમયગત અર્થાત્ આગળના સમયમાં રહેલાં ) અધ્યવ૦સ્થાનો અનંતગુણ વિશુદ્ધ છે.

૨ કોઇપણ એક સમયગતાધ્ય૦ સ્થાનોને તિર્ચ્છા પંક્તિબદ્ધ સ્થાપીને તેમાંજ પરસ્પર વિશુદ્ધિ તપાસીએ તો ઇતિભાવઃ

૩ સર્વ અધ્યવ૦ સ્થાનોજ અસં૦ લોકપ્રદેશપ્રમાણ છે તો ષટ્સ્થાનપણું કેમ સંભવે ? અર્થાત્ ચતુઃસ્થાન પતિતપણાનોજ સંભવ , એ શંકા થાય તો અત્રે સમજવા યોગ્ય એ છે કે અત્રે ષટ્સ્થાનપતિતપણું તે કોઇપણ એકજ સમયગતાધ્યવ૦ સ્થાનોમાં સંખ્યાપેક્ષાએ કહેલ નથી પરંતુ એકજ સમયગતાધ્યવ૦સ્થાનોમાં સર્વમાં પરસ્પર વિશુદ્ધિ માત્રની તરતમતાની અપેક્ષાએજ ષટ્સ્થાન પતિતપણું કહ્યું છે એ તાત્પર્ય છે. એ પ્રમાણે કરણના સર્વ સમયોમાં ( પ્રતિસમયમાં ) ભિન્ન ભિન્ન ષટ્સ્થાનપતિતત્વ તીર્ચ્છી રીતે વીચારતાં વિશુદ્ધિની અપેક્ષાએ પ્રાપ્ત થાય છે.

પ્રથમ સમયે ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ છે એ પ્રમાણે ઉપરના દ્વિતીયાદિક સમયની જ૦ અને નીચેના દ્વિતીયાદિક સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ અનંતગુણ કહેવી.

શેષ અંતિમ સંખ્યાતમાભાગમાં અંતિમસમય સુધી ઉ૦ વિશુદ્ધિ નિરંતર પણે અનંતગુણ કહેવી. એનું પૂર્વપ્રવૃત્ત એવું બીજું પણ નામ છે. હવે બીજા અપૂર્વકરણના બીજા સમયમાં જે જઘન્ય વિશુધ્ધિ છે તે પણ પૂર્વાનંતર (પ્રથમ) સમયની ઉ૦ વિશુધ્ધિથી અનંતગુણ છે.

**ટીકાર્થ:**—અહિં કલ્પના વડે સમકાલે યથાપ્રવૃત્ત કરણને પ્રાપ્ત થયેલા એવા બે પુરૂષોની વિવક્ષા કરીએ, તેમાં એક પુરૂષને સર્વ જઘન્ય વિશુદ્ધિએ કરણ પ્રાપ્ત થયેલો અને બીજા પુરૂષને સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિએ કરણ પ્રાપ્ત થયેલો કલ્પીયે, ત્યાં કરણના પ્રથમ સમયે પ્રથમ જીવની વિશુદ્ધિ અતિ અલ્પ હોય છે, તેથી દ્વિતીય સમયે અનંતગુણ, અને તેથી પણ તૃતીય સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. એ પ્રમાણે યથાપ્રવૃત્ત કરણનો સંખ્યાતમો ભાગ વ્યતિક્રાન્ત થાય ત્યાં સુધી કહેવું. તેથી ( સંખ્યાતમાભાગના અન્ત્ય સમયની જ૦ વિશુદ્ધિથી ) પ્રથમ સમયવર્તી દ્વિતીયજીવની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ હોય છે. તેથી પણ જ્યાં જઘન્ય વિશુદ્ધિસ્થાનથી નિવર્ત્યાં છે ( જ૦ વિશુદ્ધિ કહેતાં નિવર્ત્યાં છે ) ત્યાંથી ઉપરની જ૦ વિશુદ્ધિ અનંતગુણી છે. તેથી પણ દ્વિતીય ( નીચેના દ્વિતીય ) સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. તેથી પણ ઉપરની દ્વિતીયસમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ છે એ પ્રમાણે ઉપર અને નીચેનાં બે જીવોનાં વિશુદ્ધિસ્થાનોનું અનંતગુણપણું ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી અન્ત્યસમયની જ૦ વિશુદ્ધિ અનન્તગુણ આવે તદનંતર આપરમાત—જે નહિ કહેલાં એવાં ઉત્કૃષ્ટ વિશુદ્ધિસ્થાનો તેને અનુક્રમે નિરંતર પણે અનન્તગુણ અનન્તગુણ [1]કહેવાં એ

૧ અસત્ કલ્પનાએ ૧૮ સમયાત્મક [illegible] કરણમાં [illegible]

યમાણે યથાપ્રવૃત્ત કરણની વકતવ્યતા સમાપ્ત થઇ. આ યથાપ્રવૃત્ત
સમયની જ૦ વિ૦ સર્વથી અલ્પ છે, તેથી દ્વિતીય સમયની જ૦ વિ૦
અનંતગુણ તેથી તૃતીય સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ એ પ્રમાણે યાવત
૧૦ મા સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ—તેથી પ્રથમ સમયની ઉ૦
વિશુદ્ધિ અનંતગુણ તેથી ૧૧ મા સમયની જ૦ વિ૦ અનં૦, તેથી દ્વિતી-
યસમયની ઉ૦ વિ૦ અનં૦, તેથી ૧૨ મા સમયની જ૦ વિ૦ અનં૦
તેથી તૃતિયસમયની ઉ૦ વિ૦ અનં૦ તેથી ૧૩ મા સમયની જ૦ વિ૦
અનંતગુણ એ પ્રમાણે યાવત્ ૧૦૦ મા સમયની જ૦ વિ૦ થી ૯૧ મા
સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ તેથી ૯૧ મા સમયની ઉ૦ વિ૦ અનંત
ગુણ તેથી ૯૨-૯૩-૯૪-૯૫-૯૬-૯૭-૯૮ ને ૯૯ મા સમયની ઉ૦ વિ૦
અનુક્રમે અનંતગુણ જાણવી.

સ્થાપના.

| | |
|---|---|
| | ૧૦૦ ની ઉ૦ અ૦ થી |
| | ૯૯ ની ઉ૦ અ૦ થી |
| | ૯૮ ની ઉ૦ અ૦ થી |
| | ૯૭ ની ઉ૦ અ૦ થી |
| | ૯૬ ની ઉ૦ અ૦ થી |
| | ૯૫ ની ઉ૦ અ૦ થી |
| | ૯૪ ની ઉ૦ અ૦ થી |
| | ૯૩ ની ઉ૦ અ૦ થી |
| | ૯૨ ની ઉ૦ અ૦ થી |
| ૧૦૦ ની જ૦ અ૦ થી | ૯૧ ની ઉ૦ અ૦ થી |
| ૯૯ ની જ૦ અ૦ થી | ૯૦ ની ઉ૦ અ૦ થી |
| ૯૮ ની જ૦ અ૦ થી | ૮૯ ની ઉ૦ અ૦ થી |
| ૯૭ ની જ૦ અ૦ થી | ૮૮ ની ઉ૦ અ૦ થી |
| ૯૬ ની જ૦ અ૦ થી | ૮૭ ની ઉ૦ અ૦ થી |
| ૯૫ ની જ૦ અ૦ થી | ૮૬ ની ઉ૦ અ૦ થી |
| ૯૪ ની જ૦ અ૦ થી | ૮૫ ની ઉ૦ અ૦ થી |
| ૯૩ ની જ૦ અ૦ થી | ૮૪ ની ઉ૦ અ૦ થી |
| ૯૨ ની જ૦ અ૦ થી | ૮૩ ની ઉ૦ અ૦ થી |

**ટીકાર્થ**:—તદનંતર (તેથી) તે અપૂર્વકરણનું નિર્વચન એટલે જેવું નામ છે તેવા પ્રકારનો અર્થરૂપ ( નિ=નિશ્ચય ) વચનને કહીશ. તે આ પ્રમાણે-अपुर्वाणि એટલે પૂર્વે નહિ પ્રાપ્ત થયેલ એવાં સ્થિતિઘાત-રસઘાત ગુણશ્રેણિ અને અન્યસ્થિતિ બંધને ઉત્પન્ન કરનાર કરણ=અધ્યવસાય વિશેષ જેને વિષે છે તે अपूर्वकरण કહેવાય છે. કારણ કે અપૂર્વકરણમાં પ્રવેશ કરતો જીવ પ્રથમ સમયેજ સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણિ અને અન્ય સ્થિતિબંધને સમકાલે આરંભે છે તે વાત મૂળ ગાથાથી કહે છે— ठिइरसघाय ठिइबंधगद्धा उ=સ્થિતિઘાત—રસઘાત—ગુણશ્રેણિ અને અન્ય સ્થિતિબંધ એ ચારે પદાર્થ પ્રથમ સમયે સમકાળે પ્રવર્તે છે.

। હવે સ્થિતિઘાતનું સ્વરૂપ કહે છે ।

**उयहिपुहुत्तुक्कस्सं, इयरं पल्लस्स संखतमभागो**
**ठिइकंडगमणुभागा, णणंतभागा मुहुत्तंतो ॥१३॥**

**अणुभागकंडगाणं, बहुहिं सहस्सेहिं पूरए एक्कं**
**ठिइकंडगं सहस्सेहिं, तेसिं बीयं सहस्सेहिं ॥१४॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—સ્થિતિસત્તાના અગ્રિમભાગથી ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પુનઃ પલ્યોપમના [1]અસંખ્યાતમા ભાગ માત્ર સ્થિતિખંડને ઉકેરે છે, અને ઉકેરીને જે સ્થિતિ

૧ " પલ્યોપમના સંખ્યાતમાભાગ માત્ર સ્થિતિ ખંડને " ઇતિ-ઉપા૦ કૃત ટીકામાં " પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર સ્થિ૦ ખંડને " ઇતિપંચસંગ્રહે.

માત્ર પ્રવર્તે છે. પુનઃ આ યથાપ્રવૃત્ત કરણમાં વર્તતો જીવ જે અશુભ કર્મો બાંધે છે તે અશુભ કર્મના દ્વિસ્થાનક અનુભાગને બાંધે છે, અને જે શુભકર્મ બાંધે છે તેના ચતુઃસ્થાનક અનુભાગને બાંધે છે. તથા સ્થિતિબંધ પણ પૂર્ણ પૂર્ણ થયે છતે [1]પલ્યોપમાસંખ્યેયભાગન્યુનરૂપ અન્ય અન્યસ્થિતિબંધને બાંધે છે. ઇતિ યથાપ્રવૃત્તકરણ.

હવે અપૂર્વકરણ કહેવાય છે—ત્યાં વિદ્દયસ્ત વિદ્દયસમયે= અપૂર્વ કરણનામના દ્વિતીય કરણનો જે દ્વિતીય સમય તેનું જઘન્ય વિશુદ્ધિસ્થાન પણ અનન્તરોત્કૃષ્ટ વિશુદ્ધિ સ્થાનથી અર્થાત પ્રથમ સમયગત ઉત્કૃષ્ટ વિશુદ્ધિ સ્થાનથી અનંતગુણ છે. અહિં તાત્પર્ય એ છે કે—અહિં યથા પ્રવૃત્તવત પ્રથમથીજ નિરંતરપણે જઘન્યવિશુદ્ધિસ્થાનો અનંતગુણપણે ન કહેવાં પરન્તુ પ્રથમ સમયે પ્રથમથીજ જ૦ વિશુદ્ધિ સર્વથી અલ્પ કહેવી ને તે પણ યથાપ્રવૃત્તના અન્ય સમયની વિશુદ્ધિથી અનંતગુણ જાણવી. તેથી એજ પ્રથમ સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ, તેથી દ્વિતીય સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ, તેથી એજ દ્વિતીય સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ, તેથી પણ તૃતિય સમયગત જ૦ વિશુદ્ધિ અનંતગુણ, તેથીપણ એજ તૃતિય સમયગત ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. એ પ્રમાણે આગળના દરેક સમયોમાં ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી અપૂર્વ કરણના અન્ત્ય સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ આવે.

**निव्वयणमवि ततो से, ठिइस्सघाय ठिइबंधगद्धा ।**
**गुणसेढी वि य समगं, पढमे समये पवत्तंति ॥१**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

1. પલ્યોપમસંખ્યેયભાગહીન ઇતિ ઉપા૦કૃત ટીકાયાં.

तं कालं वीयठिइं, तिहाणुभागेण देसघाइत्थ
सम्मत्तं सम्मिस्सं, मिच्छत्तं सव्वघाईओ ॥ १९ ॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

ટીકાર્થ:—तं कालं=તે કાળે એટલે જે સમયથી અનન્તર
સમયે ઔપશમિક સમ્યગ્દ્રષ્ટિ થશે તે સમયે અર્થાત્ પ્રથમસ્થિતિના
[1]અન્ત્ય સમયે મિથ્યા૦ રહ્યો છતોજ દ્વિતીયસ્થિતિગત દલિકને
અનુભાગભેદ વડે શુદ્ધ-અર્ધશુદ્ધ-ને અશુદ્ધ એમ ૩ પ્રકારનાં
કરે છે. ત્યાં શુદ્ધદલિક તે સમ્યક્ત્વ છે ને તે દેશઘાતિ રસયુક્ત
હોવાથી દેશઘાતિ પ્રકૃતિ છે. તથા અર્ધશુદ્ધ દલિક તે મિશ્રમોહનીય
ને તે સર્વઘાતિ રસયુક્ત હોવાથી સર્વઘાતિ પ્રકૃતિ છે, અને
અશુદ્ધદલિક તે મિથ્યાત્વમોહનીય છે ને તે પણ સર્વઘાતિ પ્રકૃતિ
એજ વાત મૂળગાથાથી કહે છે કે सम्मिस्सं=મિશ્રસહિત
मिच्छत्तं=મિથ્યાત્વ તે सव्वघाईओ=સર્વઘાતિ છે.

...रे समए थोवो, सम्मत्ते मीसए असंखगुणो
...समयमवि य कमसो, भिन्नमुहुत्ता हि विज्झाओ
॥२०॥

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:—ઔપશમિક સમ્યક્ત્વના લાભથી પ્રથમ સમયથી

---

૧ કર્મગ્રંથે .. ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ સમયથી કહેલ છે પરન્તુ
...મજવા પ્રમાણે સ્થિતિના અન્ત્ય ૧ સમયનો અતિરિક્ત [illegible] કહેલ
...વાથી વિશેષ સમજાતો નહિં પુનઃ કર્મપ્રકૃતિમાં ઉપશમનાકરણમાં ત્રિપુંજ-
...પ્રકૃતિ સાથે રહેવાનું પણ સંક્રમ પ્રમાણે કહેલ છે માટે કર્મપ્રકૃતમાં
...વે પ્રમાણે અનુસરવું.

તેથી માત્ર ઉદય વડેજ તે એક આવલિકાનો અનુભવ કરે પુનઃ તે અન્ત્યાવલિકા વ્યતીત થયે મિથ્યાત્વનો ઉદયપણ નિવર્તે કારણ કે આગળ વેદ્યમાન દલિકનો અભાવ છે માટે,અને મિથ્યાત્વનો ઉદય ગયે છતે જીવ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

**मिच्छत्तुदए खीणे, लहए सम्मत्तमोवसमियं सो**
**लंभेण जस्स लब्भइ, आयहिय मलद्धपुव्वं जं ॥१८**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ:**—મિથ્યાત્વના ઉદયનો ક્ષય થયે છતે તે જીવ પૂર્વોક્ત પ્રકારે ઉપશમ સમ્યકત્વને પામે છે કે જે સમ્યકત્વના લાભવડે પૂર્વે પ્રાપ્ત થયેલ એવા અરિહંત દેવાદિક તત્વના શ્રદ્ધાન રૂપ આત્મહિતને પ્રાપ્ત કરે છે. તે આ પ્રમાણે-સમ્યકત્વનો લાભ થયે છતે જેમ જાત્યન્ધ પુરૂષને ચક્ષુની પ્રાપ્તિ થાય તેમ યથાવસ્થિત વસ્તુતત્વનો બોધ થાય છે, અને મહાવ્યાધિવાળાને વ્યાધિ દૂર થવાથી જેવો પ્રમોદભાવ થાય છે તેવો સમ્યકત્વપ્રાપ્ત પુરૂષને પણ પ્રમોદ થાય છે. કહ્યું છે કે—

" जात्यन्धस्य यथा पुंस–श्चक्षुर्लाभे शुभोदये
सद्दर्शनं तथैवास्य, सम्यकत्वे सति जायते ॥ १

( ગતાર્થો

आनन्दो जायते ऽत्यन्तं, तात्त्विको ऽस्य महात्मनः
सद्व्याध्यपगमे यद्वद्, व्याधितस्य सदोषधात् ॥ २ ॥

મહાવ્યાધિવાળા પુરૂષને ઉત્તમ ઔષધથી વ્યાધિનો વિનાશ થયે જેવો આનંદ થાય છે તેવો અત્યન્ત તાત્વિક આનંદ એ મહાત્માને થાય છે. "

**तं कालं वीयठिइं, तिहाणुभागेणं देसघाइत्थ**
**सम्मत्तं सम्मिस्सं, मिच्छत्तं सव्वघाईओ ॥ १९ ॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

ટીકાર્થ:—तं कालं=તે કાળે એટલે જે સમયથી અનન્તર સમયે ઔપશમિક સમ્યગ્દ્રષ્ટિ થશે તે સમયે અર્થાત્ પ્રથમસ્થિતિના [1]અન્ત્ય સમયે મિથ્યા૦ રહ્યો છતોજ દ્વિતીયસ્થિતિગત દલિકને અનુભાગભેદ વડે શુદ્ધ-અર્ધશુદ્ધ-ને અશુદ્ધ એમ ૩ પ્રકારનાં કરે છે. ત્યાં શુદ્ધદલિક તે સમ્યકત્વ છે ને તે દેશઘાતિ રસયુક્ત હોવાથી દેશઘાતિ પ્રકૃતિ છે. તથા અર્ધશુદ્ધ દલિક તે મિશ્રમોહનીય છે ને તે સર્વઘાતિ રસયુક્ત હોવાથી સર્વઘાતિ પ્રકૃતિ છે, અને અશુદ્ધદલિક તે મિથ્યાત્વમોહનીય છે ને તે પણ સર્વઘાતિ પ્રકૃતિ છે. એજ વાત મૂળગાથાથી કહે છે કે सम्मिस्सं=મિશ્રસહિત मिच्छत्तं=મિથ્યાત્વ તે सव्वघाइओ=સર્વઘાતિ છે.

**पढमे समए थोवो, सम्मत्ते मीसए असंखगुणो**
**अणुसमयमवि य कमसो, भिन्नमुहुत्ता हि विज्झाओ**
**॥२०॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:—ઔપશમિક સમ્યકત્વના લાભથી પ્રથમ સમયથી

---

૧ કર્મગ્રંથે " ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ સમયથી કહેલ છે પરન્તુ સમજવા પ્રમાણે અનિ૦ના અન્ત્ય ૧ સમયની અવિવક્ષા રાખીને કહેલ હોવાથી વિરોધ સંભવે નહિં પુનઃ કર્મપ્રકૃતિમાં ઉપશમનામાં ત્રિપુંજકરણ પ્રવૃત્તિ સાથે રહેવાનું પણ સંક્રમ પદ્ધતિએ કહેલ છે માટે કર્મગ્રંથમાં પણ તે પ્રમાણે અનુસરવું.

પ્રારંભીનેજ મિથ્યાત્વનું દલિક ગુણસંક્રમવડે સમ્યક્ત્વમાં અને મિશ્રમાં સંક્રમે છે તે આ પ્રમાણે—પ્રથમ સમયે અલ્પ દલિકનિક્ષેપ સમ્યક્ત્વમાં, તેથી મિશ્રમાં અસંખ્યગુણ તેથી દ્વિતીયસમયે સમ્યક્ત્વમાં અસંખ્યગુણ અને એજ દ્વિતીયસમયે મિશ્રમાં તેથી પણ અસંખ્યગુણ દલિકનિક્ષેપ થાય છે, એ પ્રમાણે પ્રતિસમય અનુક્રમે અન્તર્મુ૦ના અન્ત્યસમય સુધી કહેવું. તદનંતર પૂર્વોક્ત સ્વરૂપવાળો વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે.

**ठिइरसघाओ गुणसेढी, वि य तावं पि आउवज्जाणं**
**पढमठिइए एगदुगा, वलिसेसम्मि मिच्छत्ते ॥२१॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ:**—જયાં સુધી ( મિથ્યાત્વનો ) ગુણસંક્રમ પ્રવર્તે છે ત્યાં સુધી આયુ સિવાયનાં ૭ કર્મનો સ્થિતિઘાત, રસઘાત, અને ગુણશ્રેણિ પ્રવર્તે છે, અને ગુણસંક્રમ નિવર્ત્યે છતે તે સ્થિતિઘાતાદિ પણ નિવર્તે છે. મિથ્યાત્વની પુનઃ એક આવલિકા બાકી ન રહે ત્યાં સુધી મિથ્યાત્વનો સ્થિતિઘાત ને રસઘાત પ્રવર્તે છે, અને આવલિકા શેષ રહયે તે બન્ને નિવૃત્ત પામે છે. તથા મિથ્યાત્વની પ્રથમસ્થિતિ યાવત્ બે આવલિકા બાકી ન રહે ત્યાં સુધી મિથ્યાત્વની ગુણશ્રેણિ પણ પ્રવર્તે છે, અને બે આવલિકા બાકી રહેતાં ગુણશ્રેણી નિવર્તે છે. એ પ્રમાણે અન્તરકરણમાં જીવ પ્રવેશ્યો છતો પ્રથમ સમયથીજ યાવત્ અન્તર્મુહુર્ત સુધી ઔપશમિકસમ્યગ્દષ્ટિ થાય છે.

**संतम्मि अंते, विहिणा ओकट्टियस्स दलियस्स**
**अज्झवसाणणुरूव-स्सुदओ तिसु एक्कयरयस्स ॥२२॥**

ગાથાર્થ—ટીકાર્થાનુસારે

ટીકાર્થ:—ઔપશમિકસમ્યક્ત્વના અન્તર્મુ૦ને અન્તે દ્વિ-

ચિત્ સમધિક એક આવલિકા શેષ સ્થિતિ વર્તતાં દ્વિતીયસ્થિતિગત સમ્યક્ત્વાદિ ત્રણે પુંજના દલિકને અધ્યવસાયવિશેષથી સમાકર્ષીને અન્તરકરણની અન્ત્યાવલિકામાં પ્રક્ષેપે છે, તે એવી રીતે કે પ્રથમ સમયમાં ઘણું દ્વિતિય સમયમાં અલ્પ તેથી પણ તૃતીય સમયમાં અલ્પતર એ પ્રમાણે આવલિકાના અન્ત્યસમય સુધી હીનહીનતર દલિકને પ્રક્ષેપે છે. એ રીતે પ્રક્ષેપાતાં તે દલિકોની સ્થાપના ગોપુચ્છાકારે થાય છે. તદનંતર આવલિકાપ્રમાણ અન્તરકરણનો કાળ શેષ રહ્યે છતે એ ત્રણપુંજમાંથી કોઇપણ એક પુંજના દલિકનો ઉદય થાય છે. તે દલિકોદય કેવા પ્રકારે થાય છે? તે કહીએ છીએ કે અધ્યવસાયને અનુસારે તે દલિકનો ઉદય થાય છે તે આ પ્રમાણે—જો તે અવસરે શુભપરિણામ હોય છે તો સમ્યક્ત્વ પુંજરૂપ દલિકનો ઉદય થાય છે, જો મધ્યમપરિણામ હોય તો મિશ્રપુંજનો અને જઘન્યપરિણામ હોય તો મિથ્યાત્વદલિકનો ઉદય થાય છે.

**सम्मत्त पढमलंभो, सव्वोवसमा तहा विगिट्ठा य**
**छालिगसेसाए परं, आसाणं कोइ गच्छेज्जा ॥२३॥**

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થઃ**—આ ઔપશમિકસમ્યક્ત્વનો પ્રથમ લાભ તે મિથ્યાત્વની સર્વોપશમનાથી થાય છે, અન્યથા નહિ. તથા પ્રથમ સ્થિતિની અપેક્ષાએ ઘણા મોટા અન્તર્મુહુર્ત પ્રમાણવાળો આ પ્રથમસમ્યક્ત્વ લાભ છે. પુનઃ આ સમ્યક્ત્વને પામ્યો છતો કોઇક જીવ[1] સમ્યક્ત્વસહિત દેશવિરતિને વા સર્વવિરતિને પણ પામે છે.શતકબૃહત્ચૂર્ણિમાં

૧ અહિં "સહિત" એ શબ્દનો "સમકાળે" એવો અર્થ સંભવે નહિ પરંતુ સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યાનંતર કંઇ સમય વ્યતીત થયા બાદ અન્તરકરણને અનુસરતો છતાંજ દેશવિરત્યાદલાભ પામે. જો એમ ન માનીયે તો અનાદિ મિથ્યાત્વીને પ્રથમજ દેશવિરતિ વા સર્વવિરતિ લાભ થયો એમ કહેવાય, અને એ વાત ઇષ્ટ નથી.

કહ્યું છે કે "उवसमसम्मद्दिट्ठी अंतरकरणट्ठिओ कोइ देसविरयंपि लभेइ; कोइ पमत्तापमत्तभावंपि. सासायणो पुण न किंपि लभेइ ઉપશમ સમ્યગ્દ્રષ્ટિજીવ અંતરકરણમાં રહ્યો છતો કોઇ દેશવિરતિપણું પામે ને કોઇ સર્વવિરતિપણું પણ પામે, પરન્તુ સાસ્વાદનમાં વર્તતો જીવ કંઇ પણ ન પામે" એ ઓપ૦ સમ્યક્ત્વનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકાપ્રમાણ બાકી રહે ત્યારે કોઇક જીવ આસાદન એટલે સાસ્વાદન ભાવને પણ પામે છે, ને તે ( સાસ્વાદનપ્રાપ્ત જીવ ) નિશ્ચયથી ત્યારબાદ મિથ્યાત્વને જ પામે છે.

॥ હવે સમ્યગ્દૃષ્ટિ નું સ્વરૂપ કહે છે ॥

**सम्मद्दिट्ठी जीवो, उवइट्ठं पवयणं तु सद्दहइ**
**सद्दहइ असब्भावं, अजाणमाणो गुरुनियोगा ॥२४॥**

**ગાથાર્થઃ**—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ**—સમ્યગ્દ્રષ્ટિજીવ ગુરૂએ ઉપદેશેલા પ્રવચનને નિશ્ચયથી યથાર્થપણે સર્દહે છે. મૂળગાથામાં તુ પદ નિશ્ચય વાચક અને ભિન્નક્રમસૂચક પણ છે. પુનઃ જે સમ્યગ્દ્રષ્ટિ પણ અસદ્ભૂત પ્રવચનને સર્દહે છે; તે અવશ્ય પોતે અજાણ છતોજ એટલે સમ્યક્ પરિજ્ઞાન રહિત હોતો છતોજ સર્દહે છે, અથવા તથાવિધ સમ્યક્ પરિજ્ઞાનરહિત ગુરૂના અને જમાલિ જેવા મિથ્યાદ્રષ્ટિના નિયોગથી એટલે પરતંત્રપણાથીજ સર્દહે છે. અન્યથા નહિ.

॥ હવે મિથ્યાદ્રષ્ટિનું સ્વરૂપ કહે છે ॥

**मिच्छद्दिट्ठी नियमा, उवइट्ठं पवयणं न सद्दहइ**
**सद्दहइ असब्भावं उवइट्ठं वा अणुवइट्ठं ॥ २५ ॥**

ગાથાર્થઃ—ટીકાર્થોનુસારે

ટીકાર્થઃ—મિથ્યાદ્રષ્ટિજીવ ગુરૂએ ઉપદેશેલા વચનને નિશ્ચય પણે સર્દહતો નથી, અર્થાત્ પોતાના આત્મામાં સમ્યક્રૂપણે પરિણમાવતો નથી, અને ઉપદેશેલા વા નહિ ઉપદેશેલા વચનને જે સર્દહે છે તો અન્યથાભાવે એટલે મિથ્યારૂપે સર્દહે છે, અર્થાત્ સમ્યક્રૂપણે યથાર્થ શ્રદ્ધાન કરી શકતો નથી.

सम्मामिच्छद्दिठी सागारे वा तहा अणागारे
अह वंजणोग्गहंम्मि अ, सागारे होइ नायव्वो ॥२६॥

ગાથાર્થઃ—ટીકાર્થોનુસારે.

ટીકાર્થઃ—ઉપયોગમાં સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ જીવને વિચારતાં સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ જીવ સાકારોપયોગમાં ને નિરાકારોપયોગમાં હોય. યદિ સાકારોપયોગમાં હોય તો અવ્યક્તજ્ઞાનરૂપ વ્યવહારિક વ્યંજનાવગ્રહમાંજ હોય પરંતુ અર્થાવગ્રહમાં ન હોય. કારણ કે સંશયજ્ઞાનવાળો એવો પ્રવચનપર રાગદ્વેષ રહિત જીવ સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ કહેવાય છે, પરન્તુ સમ્યગ્નિશ્ચયજ્ઞાનીને મિશ્રદ્રષ્ટિ કહેવાય નહિ અને સંશયજ્ઞાનપણું તે વ્યંજનાવગ્રહમાંજ હોય છે.

(ઇતિ પ્રથમ સમ્યક્ત્વોત્પાદપ્રકરણં.)

॥ अथ चारित्रमोहनीयोपशमना ॥

હવે ચારિત્રમોહનીની ઉપશમનાનો વિધિ કહેવાય છે. ત્યાં કયો જીવ ચારિત્રમોહનીયને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે? તે કહેવાય છે.

**वेयग सम्मद्दिट्ठी, चरित्तमोहुवसमाए चिट्ठंतो**
**अजओ देसजई वा, विरतो व विसोहि अद्धाए ॥२७॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:—વેદકસમ્યગ્દ્રષ્ટિ એટલે ક્ષયોપશમસમ્યક્ત્વી જીવ ચારિત્ર મોહનીયને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે પરંતુ પૂર્વે વર્ણવેલો એવો ઉપશમસમ્યગ્દ્રષ્ટિ નહિ. તે વળી અયત એટલે અવિરતિ, દેશયતિ એટલે દેશવિરતિ અને વિરતો એટલે સર્વવિરતિજીવ, એ ત્રણમાં પ્રત્યેકને બે બે અધ્ધા (પરિણામયુક્ત કાળ વિભાગ) હોય છે. તેમાં પ્રથમ संक्लेशाद्धा ને બીજી विशुध्यद्धा. ત્યાં વિશુધ્યદ્ધામાં વર્તતો જીવ ચારિત્રમોહનીયને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે, પરંતુ સંકલેશાદ્ધામાં વર્તતો જીવ નહિ.

। હવે એ અવિરતાદિ ત્રણે પ્રકારના જીવોનું લક્ષણ કહે છે।

**अन्नाणाणब्भुवगम, जयणाहजओ अ वज्जविरईए**
**एगव्वयाइ चरिमो, अणुमइमित्तो त्ति देसजई ॥२८॥**

**अणुमइविरओ य जई, दोन्हवि करणाणि दोन्हि न उ तइयं**
**पच्छा गुणसेढी सिं, तावइया आलिगा उप्पिं ॥२९॥**

ગાથાર્થ:—અજ્ઞાન-અનભ્યુપગમ-અને અયતન એ ત્રણ

વડે અવિરતપણું હોય છે, તથા એકવ્રત ગ્રહણાદિથી યાવત્ અંતે અનુમતિમાત્ર સુધીના અવદ્ય=પાપની વિરતિવાળો જીવ દેશવિરતિ કહેવાય છે ॥ ૨૮ ॥

પુનઃ જે અનુમતિ માત્રથી પણ વિરક્ત થયો તે સર્વવિરતિવંત યતિ કહેવાય છે. તથા દેશવિરતિ અને સર્વવિરતિ એ બન્ને ભાવની પ્રાપ્તિમાં પ્રથમનાં બે કરણોજ પ્રાપ્ત થાય છે. પરંતુ ત્રીજું કરણ પ્રાપ્ત થાય નહિ. અને દેશવિરત્યાદિ ભાવને પામ્યા બાદ એ બન્ને સંબંધી જે ગુણશ્રેણિ રચના તે પણ તેટલાજ ( અન્તર્મુ૦ ) પ્રમાણવાળી પરન્તુ ઉદયાવલિકાથી ઉપર થાય છે. ॥ ૨૯ ॥

**ટીકાર્થ**--વ્રતને જે ન જાણે ન અંગીકાર કરે ને ન પાળવાને યત્ન કરે તે (અનુક્રમે) અજ્ઞાન-અનુપગમ-અને અયત્નના હેતુ વડે અવિરત કહેવાય છે. અહિં ત્રણ પદ સંબંધિ ૮ ભાંગા કહ્યા છે તે આ પ્રમાણે--

| | | |
|---|---|---|
| ૧ | ન જાણે-ન આદરે-ન પાળે. | સર્વલોકવત્ |
| ૨ | ન જાણે-ન આદરે- પાળે. | બાલતપસ્વીવત્ |
| ૩ | ન જાણે- આદરે-ન પાળે. | પાર્શ્વસ્થવત્ |
| ૪ | ન જાણે- આદરે- પાળે. | અગીતાર્થમુનિવત્ |
| ૫ | જાણે-ન આદરે-ન પાળે. | શ્રેણિકકૃષ્ણાદિવત્ |
| ૬ | જાણે-ન આદરે- પાળે. | અનુત્તરદેવવત્ |
| ૭ | જાણે- આદરે-ન પાળે. | સંવિગ્નપાક્ષિકવત્ |
| ૮ | જાણે- આદરે- પાળે. | [illegible] |

એ ૯ ભાંગામાં પ્રથમના ૭ ભાંગામાં વર્તતો જીવ નિશ્ચયથી અવિરતિજીવ જાણવો. કારણ કે ગુણાકરણનું પાલન કરતાં છતાં તે કુશળતાથી થતાં નથી પરંતુ સમ્યગ્ જ્ઞાનપૂર્વક સમ્યગ રીતે ગ્રહણ કરીને પાળેલાં વ્રતોજ મોક્ષફલને અર્થે થાય છે.

ત્યાં પ્રથમના ૪ ભાંગામાં સમ્યગ્ જ્ઞાનનો અભાવ છે અને આગળના ૩ ભાંગામાં સમ્યગ્ ગ્રહણ પાળવાનો અભાવ છે. માટે એ પ્રથમના સાતે ભાંગામાં વર્તતો જીવ નિશ્ચયતઃ અવિરતિ કહે-વાય છે, અને અન્ત્ય ભાંગામાં એટલે આઠમા ભાંગામાં વર્તતો જીવ દેશવિરતિ થાય છે, કારણ કે દેશથી પણ અવદ્ય એટલે પાપની વિરતિનો સદ્ભાવ છે. પુનઃ તે એક વ્રતાદિવાળો એટલે એક વ્રતને ગ્રહણ કરનારો અથવા બે વ્રતને ગ્રહણ કરનારો એ પ્રમાણે યાવત અન્ત્ય દેશવિરતિ તે અનુમતિ માત્રનેજ સેવનારો હોય છે, અને શેષ સર્વ પાપનું તેણે પ્રત્યાખ્યાન કરેલું છે ( ત્યાગ કરેલો છે ). પુનઃ અનુમતિ પણ પ્રતિસેવના-પ્રતિશ્રવણા-ને સંવાસાનુમતિ એ પ્રમાણે ૩ પ્રકારે છે. ત્યાં પોતે કરેલા અથવા પરના કરેલા પાપની શ્લાઘા કરે છે અથવા સાવદ્યારંભથી ઉત્પન્ન થયેલા અશનાદિકનો ઉપભોગ કરે છે તે પ્રતિસેવનાનુમતિ કહેવાય છે. પુનઃ જ્યારે પુત્રાદિકે કરેલા પાપમાં સંમ્મત્તપણું રાખે છે ને નિષેધ કરતો નથી તે પ્રતિશ્રવણાનુમતિ કહેવાય છે. પુનઃ જ્યારે સાવ-દ્યારંભકાર્યોમાં પ્રવૃત્ત એવા પુત્રાદિકોમાં મમત્વમાત્ર યુક્ત છે પરન્તુ તેઓનાં કરેલાં કાર્યોને સાંભળે નહિ અને શ્લાઘા પણ કરે નહિ ત્યારે તે સંવાસાનુમતિ કહેવાય છે, ત્યાં જે સંવાસાનુમતિ માત્ર-નેજ સેવનારો છે તે સર્વોત્કૃષ્ટ દેશવિરતિ કહેવાય છે, અને તે અન્ય સર્વ શ્રાવકોમાં ગુણાધિક જાણવો. અને જે પુનઃ સંવાસાનુમતિથી પણ વિરક્ત થયો હોય તે યતિ કહેવાય છે.

। હવે દેશવિરતિનો અને સર્વવિરતિનો લાભ કેવી રીતે થાય છે તે કહેવાય છે ।

दोन्ह त्रि करणाणि दोन्हि न उ तइयं=દેશવિરતિની અને

સર્વવિરતિની એ બન્નેની પ્રાપ્તિમાં યથાપ્રવૃત્ત અને અપૂર્વ નામનાં બે કરણોજ હોય છે, પરંતુ ત્રીજું અનિવૃત્તિકરણ પ્રાપ્ત થતું નથી તે કરણ કેવી રીતે પ્રાપ્ત થાય છે? તે કહેવાય છે. અહિં કરણકાળથી પૂર્વે પણ અંતર્મુહૂર્ત પર્યન્ત પ્રતિસમય અનંતગુણ વૃદ્ધિરૂપ વિશુદ્ધિએ વૃદ્ધિ પામતો જીવ અશુભ કર્મોની અનુભાગસત્તાને દ્વિસ્થાનક કરે છે ઇત્યાદિ. તે પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જે રીતે પ્રથમ યથાપ્રવૃત્ત કરણમાં કહ્યું છે તે રીતે સર્વ કહેવું. તદનંતર અપૂર્વકરણ કરે તે પણ તેવીજ રીતે કહેવું, પરંતુ અહિં ગુણશ્રેણિ ન કહેવી, અને અપૂર્વકરણાદ્ધા સમાપ્ત થયે છતે અનન્તર સમયે નિશ્ચયથી દેશવિરતિને વા સર્વવિરતિને પ્રાપ્ત કરે છે, તેથી ત્રીજું અનિવૃત્તિકરણ પ્રાપ્ત થતું નથી. અહિં જો અવિરત હોતે છતેજ યથોક્ત બે કરણને કરે તો દેશવિરતિ વા સર્વવિરતિપણું પ્રાપ્ત કરે છે, અને દેશવિરતિ હોતે છતેજ યથોક્ત બે કરણ કરે છે તો સર્વવિરતિનેજ પ્રાપ્ત કરે છે. તથા પચ્છાગુણસેઢીસિં=બે કરણ વ્યતિક્રાન્ત થયે છતે પશ્ચાત્ દેશવિરતિને વા સર્વવિરતિભાવને પામ્યો છતો જીવ ઉદયાવલિકાથી ઉપર ગુણશ્રેણિ રચના કરે છે, ને તે પણ તેટલાજ અંતર્મુ૦ના પ્રમાણવાળી અને પ્રતિસમય દલિક રચનાની અપેક્ષાએ અસંખ્યગુણ વૃદ્ધિ પામતી એવી ગુણશ્રેણિને રચે છે. તથા દેશવિરત અને સર્વવિરત જીવ સ્વપ્રતિપત્યનંતર ( દેશવ્રતપણુંને સર્વવ્રતપણું પામ્યા બાદ ) અંતર્મુ૦ સુધી અવશ્ય વધતા પરિણામે રહે છે, અને અન્તર્મુ૦ બાદ અનિયમિત પરિણામે એટલે કોઈ વધતા પરિણામે, કોઈ અવસ્થિત, ને કોઈ હીન પરિણામે વર્તે છે. ત્યાં અવસ્થિત અને હીન પરિણામે વર્તતા દેશવિરત અને સર્વવિરત જીવને સ્થિતિઘાત ને રસઘાત હતા નથી.

परिणामपच्चया उ णाभोगगया गया अकरणा उ
गुणसेढी सिं निच्चं ...
...हिज्जया ॥३०॥

ગાથાર્થ:—પરિણામહાનિના હેતુથી અનાભોગપણે જેઓ દેશવિરત્યાદિભાવથી ઉતરી ગયા છે (ભ્રષ્ટ થયા છે) તે જીવો કરણ કર્યાવિના જ પુનઃ તે ભાવને પામે છે. તથા દેશવિરતિ અને સર્વ વિરતિ એ બંને સંબંધિ ગુણશ્રેણિ નિત્ય પરિણામની હાનિ વૃદ્ધિ યુક્ત હોય છે.

ટીકાર્થ:—પરિણામ પ્રત્યયથી એટલે પરિણામ હાનિરૂપ કારણથી અનાભોગપણે તત ભાવથી ગયેલા (નિવર્તેલા) અર્થાત્ ઉપયોગ રહીતપણે જેઓ દેશવિરતિ પરિણામથી વા સર્વવિરતિ પરિણામથી પરિભ્રષ્ઠ થયા તેઓ કરણ કર્યા વિનાજ પુનઃ પણ તે પૂર્વપ્રતિપન્ન દેશવિરતિને વા સર્વવિરતિભાવને પામે છે. અહિં તાત્પર્ય એ છે કે—ઉપયોગ રહિત (અનાભોગપણે) કોઇક વખત પરિણામની હાની થવાથી જે દેશવિરત જીવો અવિરતિ ભાવને પ્રાપ્ત થયા હોય અથવા સર્વવિરતિવંત જીવો દેશવિરતિભાવને પ્રાપ્ત થયા હોય તેઓ પરિણામના વશ થકી પુનઃ પણ તે પૂર્વપ્રતિપન્ન દેશવિરતિને વા સર્વવિરતિને પામે તો કરણકર્યા વિનાજ તે ભાવને પામે છે, અને જે જીવો પુનઃ ઉપયોગપૂર્વકજ દેશવિરતિથી વા સર્વ વિરતિથી પરિભ્રષ્ટ થયા હોય ને ઉપયોગ પૂર્વકજ મિથ્યાત્વભાવને પામ્યા હોય તેઓ પુનઃ પણ જઘન્યથી અન્તર્મુ૦કાળે અને ઉત્કૃષ્ટથી ઘણાકાળે દેશવિરતિને વા સર્વવિરતિને પ્રાપ્ત કરે તો પૂર્વોક્ત પ્રકારે કરણ પૂર્વકજ પ્રાપ્ત કરે છે.

તથા જ્યાં સુધી દેશવિરતિની વા સર્વવિરતીની પ્રતિપાલના કરે છે ત્યાં સુધી પ્રતિ સમયે ગુણશ્રેણિને પણ રચે છે, પરન્તુ વધતા પરિણામવાળો જીવ પરિણામ વૃદ્ધિને અનુસારે કદાચિત અસંખ્ય ભાગાધિક કદાચિત્ સંખ્યભાગાધિક કદાચિત્ સંખ્યગુણાધિક ને કદાચિત અસંખ્યગુણાધિક શ્રેણિને પણ રચે છે. અને ઘટતા પરિણામવાળો જીવ પરિણામ હાનીને અનુસારે પૂર્વોક્ત ચાર પ્રકારે ઘટતી ગુણશ્રેણિને રચે છે. અને અવસ્થિત પરિણામવાળો જીવ

તેટલા પ્રમાણવાળીજ ગુણશ્રેણિને રચે છે. આ હાની વૃદ્ધિ તે દલિકની અપેક્ષાએ જાણવી, અને કાળથી તો પુનઃ સર્વદા તેટલા પ્રમાણનીજ જાણવી ( અંતર્મું૦ પ્રમાણની જાણવી ), અને નીચેના સમયોને અનુભવતાં જેમ જેમ સમયો ક્ષય થતા જાય છે તેમ તેમ ઉપરના સમયોમાં દલિકનિક્ષેપ અધિકાધિક થતો જાય છે.

## ॥ अथ अनंतानुवंधिविसंयोजना ॥

એ પ્રમાણે દેશવિરતિનો અને સર્વવિરતિનો લાભ કહીને અનંતાનુબંધિની વિસંયોજના કહેવાય છે. કદાચ શંકા થાય કે ચારિત્રમોહોપશમનાના અધિકારમાં અનંતા૦ ની વિસંયોજના શા કારણથી કહેવાય છે ? તો કહીએ છીએ કે જે જીવ ચારિત્ર મોહનીયને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે તે જીવ અનંતાનુબંધિની વિસંયોજના અવશ્ય કરે છે, તે કારણથી અહિં અનંતા૦ ની વિસંયોજના અવશ્ય કહેવાય છે. તે અનંતાનુબંધિને અસંક્લિષ્ટ એવા ચાતુર્ગતિક ક્ષયોપશમ સમ્યગદૃષ્ટિ જીવો પણ વિસંયોજે છે તે સંબંધ ગાથાથી કહે છે.

**चउगइया पज्जत्ता, तिन्नि वि संयोयणा विजोयंति**
**करणेहिं तिहिं सहिया. नंतरकरणं उवसमो वा**
**॥ ३१ ॥**

વિરત, ને સર્વ વિરત એ ત્રણે જીવો, તેમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ
ચારેગતિવાળા, અને દેશવિરત તે તિર્યંચો વા મનુષ્યો,
અને સર્વવિરત તે મનુષ્યોજ, સંયોજના એટલે અનંતાનુબંધિ
કષાયને વિસંયોજે છે. કેવા જીવો તે વિસંયોજના કરે છે?
તે કહીએ છીએ કે ત્રણકરણ સહિત જીવો અનંતા૦ની વિસંયોજના
કરે છે. અહિં કરણોની વક્તવ્યતા પૂર્વોક્ત પ્રકારે કહેવી, પરન્તુ
અત્રે અન્તરકરણ અથવા ઉપશમ ન કહેવો. કારણ કે અનંતાનુબંધિ
ની ઉપશમના થતી નથી. એ ગાથાનો અક્ષરાર્થ કહ્યો. હવે વિશેષ
ભાવના આ પ્રમાણે છે—અનંતાનુબંધિને વિસંયોજવાને અર્થે પ્રથમ
યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણને પ્રારંભે છે, ત્યાં કરણની વક્તવ્યતા સર્વે
પૂર્વોક્ત પ્રકારે જાણવી, પરંતુ વિશેષ એ કે અહિં અપૂર્વકરણમાં
પ્રથમ સમયથીજ આરંભીને અનંતાનુબંધિનો ગુણસંક્રમ પણ
કહેવો તે આ પ્રમાણે—અપૂર્વકરણના પ્રથમ સમયે અનંતાનુબં-
ધિના દલિકને શેષકષાયરૂપ પરપ્રકૃતિમાં અલ્પ સંક્રમાવે છે, તેથી
દ્વિતીય સમયે અસંખ્યગુણ સંક્રમાવે છે, તેથી પણ ત્રીજે સમયે
અસંખ્યગુણ દલિકને સંક્રમાવે છે, એ પ્રમાણે કહેવું તે ગુણસંક્રમ
કહેવાય છે. તથા અનિવૃત્તિકરણમાં પ્રવેશેલો જીવ પૂર્વોક્ત સ્વરૂપ
વાળા ઉદ્વલના સંક્રમવડે અનંતાનુબંધિનો સર્વથા વિનાશ કરે છે.
પરંતુ નીચે એક આવલિકા માત્ર સ્થિતિને બાકી રાખે છે, અને
તેને પણ સ્તિબુક સંક્રમવડે વેદ્યમાન પ્રકૃતિયોમાં સંક્રમાવે છે.
તદનંતર અંતર્મુહુર્તથી આગળ અનિવૃત્તિકરણને અન્તે શેષકર્મોના
સ્થિતિઘાત, રસઘાત, ને ગુણશ્રેણિ થતી નથી, પરંતુ જીવ સ્વભાવ-
સ્થજ રહે છે.

એ પ્રમાણે અનંતાનુબંધિની વિસંયોજના કહીને હવે જે
આચાર્યો અનંતાનુબંધિની પણ ઉપશમના માને છે તેઓને મતે
ઉપશમનાનો વિધિ ષડશિતિક ગ્રંથની વૃત્તિથી જાણવો. હવે
**દર્શનમોહનીયની ક્ષપણાનો વિધિ કહે છે.**

दंसणमोहे वि तहा, कयकरणद्धाए पच्छिमे होइ ।
जिणकालगो मणुस्सो, पट्ठवगो अट्ठ वासुप्पिं ॥३२॥

ગાથાર્થ—ટીકાર્થ આરંભાનુસારે.

*ટીકાર્થ*—અહિં દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રસ્થાપક એટલે પ્રારંભક જીનકાલિક એટલે જે કાળમાં કેવલી ભગવાન વર્તતા હોય તે કાળમાં ઉત્પન્ન થયેલો મનુષ્ય જાણવો. અહિં જીનકાલિક મનુષ્ય ઋષભદેવના વિહારકાળથી પ્રારંભીને જંબુસ્વામિની કેવલોત્પત્તિ સુધીનો[1] મનુષ્ય જાણવો. તથા તે આઠ વર્ષથી અધિક વયવાળો અને વજ્રર્ષભ નારાચ સંઘયણવાળો હોય છે. પૂર્વે જે રીતે અનંતાનુબંધિની વિસંયોજનાનો વિધિ કહ્યો છે તે રીતે દર્શનમોહનીય ક્ષપણાનો વિધિ પણ જાણવો. એ વાત જો કે સામાન્યથી કહી છે તોપણ હવે કિંચિદ્ વિશેષપણે કહેવાય છે ( ઇતિ ગાથાર્થોઽપિ )

એ પ્રમાણે ઉદ્વલના થતાં અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિ સત્તા હતી તે અપૂર્વના અન્ત્યસમયે સંખ્યાતગુણ હીન સ્થિતિ સત્તા થાય.

તદનંતર જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. અહિં પણ સ્થિતિઘાતાદિ સર્વ તત્ પૂર્વવત્ કરે છે, અને અનિવૃત્તિના પ્રથમ સમયે દર્શનમોહનીયત્રિકની દેશોપશમના, નિધત્તિકરણ, ને નિકાચના કરણનો વિચ્છેદ થાય છે. અને અનિવૃત્તિના પ્રથમ સમયથી આરંભીને સ્થિતિઘાતાદિકથી ઘાત પામતી જે દર્શનત્રિકની સ્થિતિસત્તા તે હજારો સ્થિતિખંડ વ્યતીકાન્ત થયે છતે અસંજ્ઞિ પંચેન્દ્રિયની સ્થિતિસત્તા સમાન થાય છે. તદનંતર ઘણા હજારો સ્થિતિખંડ ગયે છતે (નો ઘાત થયે છતે) ચતુરિન્દ્રિય જેટલી સ્થિતિસત્તા રહે છે. તેથી પણ આગળ તેટલા સ્થિતિખંડોનો ઘાત થયે છતે ત્રીન્દ્રિયના જેટલી સ્થિતિસત્તા રહે છે. ત્યાંથી પણ આગળ તેટલા સ્થિતિખંડનો ઘાત થતાં દ્વીન્દ્રિયના જેટલી, તેથી પણ આગળ તેટલા સ્થિ૦ ખં૦ નો ઘાત થતાં એકેન્દ્રિયના જેટલી સ્થિતિસત્તા રહે છે, ને તેથી પણ આગળ તેટલા સ્થિતિખંડોનો ઘાત થતાં માત્ર પલ્યોપમ પ્રમાણ સ્થિતિસત્તા રહે છે. આ કથન શ્રી ચૂર્ણિકારના મતને અનુસરીને કહ્યું છે, ને શ્રી પંચસંગ્રહકારના મતે તો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્તા થાય એમ કહ્યુ છે યતઃ—

" ठितिखंडसहस्साइ–एकेक्के अन्तरम्मि गच्छन्ति
पलिओवमसंखंसे–दंसणसंते तओ जाए ॥ १ ॥
( संखेज्जम ) संखेज्जाभागाखंडेइ ઇત્યાદિ.

**ભાવાર્થ**:—એકેક અન્તરમાં એટલે અસંજ્ઞિ પંચેન્દ્રિયની અને ચતુરિંદ્રિયની સ્થિતિસત્તાની ભાવનાના અપાન્તરાલમાં, તેના એક સંખ્યાતમા ભાગને વર્જીને શેષ સર્વ દર્શનત્રિકની સ્થિતિ

સત્તાનો વિનાશ કરે, તદનંતર તેનો પણ એટલે પૂર્વે જે એક સંખ્યાતમો ભાગ મુકયો છે તેમાંથી પણ એક સંખ્યાતમા ભાગને વર્જીને શેષ સંખ્યાત ભાગોનો વિનાશ કરે છે. એ પ્રમાણે હજારો સ્થિતિઘાત જાય તદનંતર મિથ્યાત્વના અસંખ્યાતભાગને વિનાશે, અને સમ્યકત્વના તથા મિશ્રના સંખ્યાતભાગોને વિનાશે, તેથી એ પ્રમાણે પણ હજારો સ્થિતિ ખંડ વ્યતીત થતાં મિથ્યાત્વનું દલિક એક આવલિકા પ્રમાણ રહે છે, અને સમ્યકત્વનું તથા મિશ્રનું દલિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું કહે છે. આ સ્થિતિ ખંડોનો ઘાત કરતાં મિથ્યાત્વ દલિકને સમ્યકત્વમાં અને મિશ્રમાં પ્રક્ષેપે છે અને મિશ્રનાં દલિકને સમ્યકત્વમાં પ્રક્ષેપે છે, તથા સમ્યકત્વનાં દલિકના સ્વસ્થાને અધઃસ્થિતિમાં પ્રક્ષેપે છે. અને પુનઃ આવલિકા પ્રમાણ રહેલા મિથ્યાત્વ દલિકને સ્તિબુક સંક્રમવડે સમ્યકત્વમાં પ્રક્ષેપે છે. તદનંતર પુનઃપણ સમ્યકત્વના અને મિશ્રના અસંખ્યાત ભાગોનો વિનાશ કરે છે, અને એક ભાગ બાકી રાખે છે. તદનંતર તે એક ભાગમાંથી પણ અસંખ્યાત ભાગોનો વિનાશ કરીને એક ભાગને રાખે છે એ રીતે કંઇક સ્થિતિઘાત ગયે છતે મિશ્રનું દલિક આવલિકા પ્રમાણ રહે છે. અને તે વખતે સમ્યકત્વની સ્થિતિ સત્તા ૮ વર્ષ પ્રમાણ રહે છે. એજ કાળમાં સર્વ વિઘ્નોનો નાશ થવાથી નિશ્ચય નયના મતે દર્શનમોહનીયનો ક્ષપક કહેવાય છે.

અહિંથી આગળ અન્તર્મુ૦ પ્રમાણ સમ્યકત્વના સ્થિતિ ખંડને ઉકરે છે, ને તે ઉકરેલા દલિકને ઉદય સમયથી પ્રક્ષેપે છે ત[illegible] આ પ્રમાણે:-ઉદય સમયમાં સર્વથી અલ્પ, દ્વિતીય સમયે તેથી [illegible] અસંખ્યગુણ દલિકને પ્રક્ષેપે છે, એ પ્રમાણે ગુણશ્રેણિના શિર્ષ સુધી [illegible] કહેવું. અને તેથી આગળ વિશેષ વિશેષ હીન દલિકનો પ્રક્ષેપ યાવ[illegible] અન્ત્ય સ્થિતિ સુધી કહેવો, એ પ્રમાણે અન્તર્મુ૦ પ્રમાણવા[illegible] અનેક સ્થિતિખંડને ઉકેરે છે ને પ્રક્ષેપે છે તે પણ ત્યાં સુધી [illegible] [illegible] ઉપાન્ત્ય સ્થિતિખંડ શેષ રહે. ઉપા[illegible]

સ્થિતિખંડથી અન્યસ્થિતિખંડ સંખ્યાતગુણો છે, તેમાં પણ ગુણશ્રેણિનો સંખ્યાતમો ભાગ છે, ને તે ઉપર બીજી સ્થિતિયો સંખ્યાત ગુણી છે, અને તેનું દલિક ઉકેરી ઉકેરીને ઉદય સમયથી આરંભીને અસંખ્યાતગુણું પ્રક્ષેપે છે તે આ પ્રમાણે—ઉદય સમયમાં અલ્પ તેથી બીજે સમયે અસંખ્યગુણ, તેથી ત્રીજે સમયે અસંખ્યગુણ એ પ્રમાણે યાવત્ ગુણશ્રેણિના શિર્ષ સુધી કહેવું. અહિંથી આગળ અન્ત્ય સ્થિતિખંડની ઉત્કિરણા થવા માંડી છે તેથી ( પૂર્વોક્ત દલિકને ) ત્યાં પ્રક્ષેપે નહિ, અને અન્ત્યખંડની ઉત્કિરણા થયે છતે આ દર્શન મોહનીયનો ક્ષપક જીવ कृतकरण એ નામે કહેવાય છે. તેજ વાત મૂળગાથાથી કહે છે કે-कयकरणद्धाए पच्छिमे होइ= પશ્ચિમ એટલે અન્ત્ય સ્થિતિખંડને ઉકેર્યે છતે કૃતકરણાદ્ધામાં વર્તે છે અર્થાત્ કૃતકરણ થાય છે.

આ કૃતકરણાદ્ધામાં વર્તતો કોઇક જીવ મરણ પણ પામીને ચાર ગતિમાંની કોઇ પણ ગતિમાં ઉત્પન્ન થાય છે, પુનઃ લેશ્યામાં પણ પ્રથમ શુકલ લેશ્યાવંત હતો અને હવે કોઇ પણ લેશ્યાને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે દર્શનક્ષપણાનો પ્રસ્થાપક મનુષ્ય અને નિષ્ઠાપક ( સમાપ્તકારક ) ચાર ગતિમાંનો જીવ હોય છે. કહ્યું છે કે " पट्ठवगो य मणुस्सो–निट्ठवगो चउसु वि गइसु । ( ગતાર્થઃ ). હવે સાત પ્રકૃતિયોને ક્ષય કરીને ( ૩ દર્શ૦ ૪ અનં૦ ને ખપાવીને) અન્ય ગતિને પ્રાપ્ત કરતો જીવ કેટલા ભવે મોક્ષે જાય ? તે કહીએ છીએ કે ત્રીજે વા ચોથે ભવે મોક્ષે જાય છે તે આ પ્રમાણેઃ– જો દેવગતિમાં અથવા નરક ગતિમાં જાય તો દેવભવનો વા નરકભવનો એક આંતરો પડવાથી ત્રીજે ભવે મોક્ષે જાય છે. અને જો તિર્યંચમાં વા મનુષ્ય ભવમાં ઉત્પન્ન થાય, તો અસંખ્યવર્ષાયુવાળા યુગલિકમાંજ ઉત્પન્ન થાય પરન્તુ સંખ્યાતવર્ષાયુષ્યવાળા તિર્યંચમાં વા મનુષ્યમાં ન ઉપજે, તેથી તે ભવ કર્યા બાદ તુર્ત દેવભવમાં જાય, અને ત્યાંથી ચવીને પુનઃ મનુષ્ય ભવમાં આવીને મોક્ષે જાય છે, માટે ચોથે ભવે મોક્ષગમન કહ્યું છેઃ–

तइय चउत्थे तम्मि व-भवंमि सिज्झंति दंसणे खीणे
जं देवनिरइअसंखाउ-चरम देहेसु ते होंति ॥१॥ (ગતાર્થ)

તથા પૂર્વે જેણે આયુષ્ય બાંધ્યું છે ને તદનંતર ક્ષાયિક સમ્યક્ત્વને પામ્યો છે તેવો જીવ જો તે વખતે કાળ ન કરે તો કોઇક વૈમાનિક દેવ સંબંધિ બદ્ધાયુષ્ક એવો ક્ષીણ સપ્તક જીવ ચારિત્ર મોહનીયને ઉપશમાવવાનો પણ આરંભ કરે છે. અને જો અબદ્ધાયુ હોય તો દર્શન સપ્તકને ક્ષય કર્યા બાદ ક્ષપકશ્રેણિનેજ પ્રાપ્ત કરે છે.

હવે પ્રકારાન્તરે ઉપશમ શ્રેણિને અંગીકાર કરનાર જીવ કેવો હોય? અર્થાત્ પૂર્વે કહેલા પ્રકારથી ભિન્ન પ્રકારવાળો જીવ પણ ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરવાને યોગ્ય હોય છે તે દર્શાવે છે.

अहवा दंसणमोहं, पुव्वं उवसामइत्तु सामन्ने
पढमट्ठिइमावलियं, करेइ दोण्हं अणुदियाणं ॥२३॥

ગાથાર્થઃ—ટીકાર્થાનુસારે.

**अद्धापरिवित्तीओ, पमत्तइयरे सहस्ससो किच्चा**
**करणाणि तिन्नि कुणए, तइयविसेसे इमे सुणसु ॥३४॥**

ગાથાર્થ:--ટીકાર્થાનુસારે.

ટીકાર્થ:--અદ્ધાપરાવૃત્તિ એટલે સંક્લેશ અને વિશુદ્ધિના વશથી પ્રમત્તભાવમાં અને તત્પ્રતિપક્ષી અપ્રમત્ત ભાવમાં જે કાળ-પરાવૃત્તિ તેને હજારો વાર કરીને ચારિત્રમોહને ઉપશમાવવાને અર્થે યથાપ્રવૃતાદિ ૩ કરણુ કરે છે. તે કારણોની વકતવ્યતા પૂર્વવત કહેવી, પરંતુ ત્રીજા અનિવૃત્તિ કરણમાં જે કંઇ વિશેષ છે તે આગળ કહેવાય છે તે સાંભળો.

હવે તે અનિવૃત્તિ કરણમાં જે વિશેપ છે તે કહે છે.

**अंतोकोडाकोडी, संतं अनियट्टिणो य डदहीणं**
**वंधो अंतोकोडो, पुव्वकमा हाणि अप्पवहू ॥३५॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

ટીકાર્થ:—અનિવૃત્તિકરણના પ્રથમ સમયે આયુવિના ૭ કર્મની સ્થિતિસત્તાં અન્તઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે અને બન્ધ પણ અન્તઃ કોડાકોડી સાગર પ્રમાણુ હોય છે, અને તેપણ પૂર્વક્રમ પ્રમાણે હીન હીન થતો જાય છે તે આ પ્રમાણે-પૂર્વ સ્થિતિબંધ પૂર્ણ થયે છતે અન્ય સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ હીન કરે છે ઇત્યાદિ અલ્પબહુત્વ પણ પૂર્વના અનુક્રમેજ જાણવું તે આ પ્રમાણે-નામ અને ગોત્રનો સ્થિ૰ બંધ સર્વથી અલ્પ અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. તેથી જ્ઞા૰ દ૦વે૦ અન્ત૦ એ ૪ કર્મનો સ્થિ૰ બંધ વિશેષાધિક છે ને સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે, તેથી પણ ચારિત્રમોહનીયનો સ્થિ૰ બંધ વિશેષાધિક છે ને જ્યાં સુધી આ

અનિવૃત્તિ સ્થાન છે ત્યાં સુધી સર્વ કાળ એજ અલ્પબહુત્વ છે.

**ठिइकंडग मुक्कसं, पि तस्स पल्लस्स संखतमभागो**
**ठिइबंधबहुसहस्से, सेक्केक्कं जं भणिस्सामो॥ ३६॥**

**ગાથાર્થઃ**—ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના સંખ્યાતમાભાગ સ્થિતિકંડકનો સ્થિતિઘાત થાય છે. ઘણા હજારો સ્થિતિબંધ વ્યતીત થયે છતે સાત કર્મમાં પ્રત્યેક કર્મનું જે જે થાય છે તે કહીશું.

**ટીકાર્થઃ**—અનિવૃત્તિ કરણમાં પ્રવેશેલા ચારિત્રમોહોપશમક જીવને ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ કંડકનો ઘાત થાય છે, અને જઘન્યથી પણ તેટલોજ સ્થિતિ ખંડ હણાય છે, પરંતુ જઘન્યપદ ભાવી સ્થિતિખંડ તે ઉત્કૃષ્ટપદીય સ્થિતિ ખંડથી અતિલઘુ જાણવો. અહિં તાત્પર્ય એ છે કેઃ—અનિવૃત્તિ-કરણમાં પ્રવેશેલા જીવને ઉ૦ સ્થિતિઘાત પણ પલ્યોપમના સંખ્યા-તમા ભાગ પ્રમાણનોજ થાય છે, પરંતુ અધિક નહિ, અને અનિ-વૃત્તિના પ્રથમ સમયે તેની (ચારિત્ર મોહની) દેશોપશમના, નિ-ધત્તિ અને નિકાચના કરણો વિચ્છેદ પામે છે. અને હજારો સ્થિતિ-ઘાત વ્યતીત થયે છતે બધ્યમાન પ્રકૃતિઓનો સ્થિતિબંધ ઘણા હજાર (સહસ્ર પૃથક્ત્વ) સાગરોપમ પ્રમાણ થાય છે, તેથી અનિ-વૃત્તિકરણ કાળના સંખ્યાત ભાગ વ્યતીત થયે છતે અસંજ્ઞિ પંચે-ન્દ્રિયના સ્થિતિબંધ જેટલો સ્થિતિબંધ થાય છે. તદનંતર ઘણા સ્થિતિખંડ વ્યતીત થયે છતે ચતુરિન્દ્રિય સમાન સ્થિતિબંધ થાય છે. તદનંતર પુનઃ પણ ઘણા સ્થિતિખંડ વ્યતીત થયે છતે ત્રીન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ થાય છે. તદનંતર તે પ્રમાણેજ દ્વીન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ થાય છે, તદનંતર પણ તે પ્રમાણે એકેન્દ્રિય તુલ્ય સ્થિ-તિબંધ થાય છે. અહિંથી પ્રત્યેક હજારો સ્થિતિબંધ વ્યતીત થયે છતે આયુ સિવાય ૭ કર્મોનું પ્રત્યેકનું જે જે થાય છે તે કહીશું.

पल्लदिवड्ढ विपल्लाणि, जाव पल्लस्स संखगुणहाणि
मोहस्स जाव पल्लं, संखेज्जइ भागहा ऽमोहा ॥३७॥

तो नवर मसंखगुणा, एक्कपहारेण तीसगाण महो
मोहे वोसग हेट्ठा-य तीसगाणुप्पि तइयं च ॥३८॥

तो तीसगाण मुप्पिं-च वोसगाइं असंखगुणणाए
तइयं च वीसगाहिय-विसेसमहियं कमेणेति ॥३९॥

ગાથાર્થ:— ( એકેન્દ્રિયતુલ્યબંધાનંતર નામગોત્રનો ) ૧ પલ્યોપમ ( જ્ઞાનાવરણાદિ ૪ નો ) ૧॥ પલ્યોપમ અને ( મોહનીયના ) ૨ પલ્યોપમ સ્થિતિબંધની ક્રમહાનિ યાવત્ ( મોહનીયનો ) પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યાં સુધી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ હાની કહીને તદનંતર એટલે મોહનીયના પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધથી આગળ અન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણહીન કહેવો. તદનંતર મોહનો સ્થિ બંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ માત્ર થાય છે અને મોહ વિના શેષ કર્મ જે નામગોત્રનો સ્થિ૦બંધ આગળ કહેવાય છે. ॥ ૩૭ ॥

નામગોત્રનો અસંખ્યગુણહીનસ્થિ૦બંધ થાય છે, અને એકી વખતે ૩૦ કો૦ કો૦ સાગરપ્રમાણવાળા ૪ કર્મની નીચે મોહનીયનો સ્થિ૦બંધ અસંખ્યગુણ હીન થાય છે. તદનંતર એકી વખતે ૨૦ કો૦ કો૦ સાગરવાળા નામગોત્રથી નીચે અસંખ્યગુણહીન સ્થિ૦ બંધ કરે છે, ને ત્રીજું વેદનીયકર્મ તે સ્થિ૦સત્તાને આશ્રયિ ૩૦ કો૦ કો૦ વાળા કર્મોથી ઉપર થાય છે. ॥ ૩૮ ॥

તદનંતર ૩૦ કો૦ કો૦ વાળાં કર્મોથી ઉપર ૨૦ કો૦ કો૦ વાળાં કર્મો થાય છે, અને મોહનીય તે અસંખ્યગુણહીન થાય છે,

અલ્પબહુત્વ આ પ્રમાણે થાય છે. નામગોત્રની સ્થિ૰ સત્તા સર્વથી અલ્પ, તેથી જ્ઞાનાવરણાદિ ૪ ની સંખ્યાતગુણ, ને સ્વસ્થાને પરસ્પર તુલ્ય, અને તેથી પણ મોહનીયની સ્થિ૰ સત્તા સંખ્યેયગુણ છે ( એજ વાતને મૂળ ગાથાથી કહે છે કે ) मोहस्सजावपल्लं संखिज्ज॰ भागहा એટલે જ્યાં સુધી મોહનીયનો પલ્યોપમ માત્ર સ્થિ૰ બંધ ન થાય ત્યાં સુધી પૂર્વલો સર્વ મોહનીયનો અન્ય સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમાભાગે હીનહીનતર જાણવો, અને પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થયા બાદ હજારો અન્ય સ્થિતિબંધ થાય તે સંખ્યાતગુણહીન થાય છે એ પ્રથમજ કહ્યુ છે. મોહનીયના આ સંખ્યાતગુણહીન સ્થિતિબંધથી હજારો સ્થિતિબંધ ગયે છતે મોહનીયના અન્ય સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમાભાગ પ્રમાણ થાય છે અને તે વખતે બીજું શું થાય છે ? તે કહે છે.

अमोहा तो नवर मसंखिज्जगुणा=અહિં अमोहा એ પદન અર્થમાં નામ અને ગોત્રનું ગ્રહણ કરવું, અર્થાત્ સર્વ કર્મોને પલ્યોપમના સંખ્યાતમાભાગ પ્રમાણનો સ્થિતિબંધ થયે છ અમોહનો એટલે નામગોત્રનો અન્ય સ્થિ૰ બંધ અસંખ્યગુણહી કરે છે, અને શેષકર્મોનો સંખ્યાતગુણહીન સ્થિ૰ બંધ કરે અહિં સ્થિ૰ સત્તાની અપેક્ષાએ અલ્પ બહુત્વ વિચારતાં આ પ્રમા છે–નામ ગોત્રની સ્થિ૰ સત્તા સર્વથી અલ્પ, તેથી જ્ઞાનાવરણાદિ ની અસંખ્યગુણ, અને તેથી પણ મોહનીયની સંખ્યાતગુણ સ્થિ સત્તા છે.

તદનંતર હજારો સ્થિતિઘાત વ્યતિક્રાન્ત થયે છતે જ્ઞાનાવ ણાદિ ૪ નો અન્ય સ્થિ૰ બંધ અસંખ્યગુણહીન થાય છે. વખતે સ્થિતિસત્તાનું અલ્પ બહુત્વ આ પ્રમાણે છે–નામ ગોત્ર સ્થિતિસત્તા સર્વથી અલ્પ, તેથી જ્ઞાનાવરણાદિ ૪ ની અસંખ્યગ અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે, તેથી મોહનીયની સ્થિ૰ સ અસંખ્યગુણ છે.

તદનંતર હજારો સ્થિતિઘાત વ્યતીત થયે છતે एक्क पहारेण तीसगाण महोमोहे એટલે એક પ્રહારે અર્થાત્ એકી વખતે तीसगाण એટલે ૩૦ કો૦ કો૦ સાગરોપમની સ્થિતિવાળાં જે જ્ઞાનાવરણાદિ ૪ કર્મ તેની સ્થિતિથી પણ નીચે મોહનીયની ( સ્થિતિ ) અસંખ્યગુણહીન થઇ જાય છે, અહિં કંઇ પણ આશ્ચર્ય પામવા જેવું નથી અથવા અહિં કોઇ પણ અન્ય વિકલ્પ કરવા યોગ્ય નથી, તાત્પર્ય આ પ્રમાણે છે કે-પૂર્વે મોહનીયની સ્થિતિ સત્તા જ્ઞાનાવરણાદિ ૪ ની સ્થિતિસત્તાથી પણ અસંખ્યગુણ ( ઉપર-અધિક ) હતી, અને આ વખતે પુનઃ એકદમ તે ચાર કર્મની સ્થિતિ સત્તાથી પણ નીચે અસંખ્યગુણહીન થઇ ગઇ. અહિં અલ્પબહુત્વ આ પ્રકારે છે—નામ ગોત્રની સ્થિ૦ સત્તા સર્વથી અલ્પ, તેથી મોહનીયની અસંખ્યગુણ, ને તેથી પણ જ્ઞાનાવરણાદિ ૪ ની અસંખ્યગુણસ્થિતિ સત્તા છે, ને પરસ્પર તુલ્ય છે.

અને એ પ્રમાણે થતા સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રકારે થાય છે—મોહનીયનો સ્થિ૦ બંધ સર્વથી અલ્પ, તેથી નામ ગોત્રનો અસંખ્યગુણ, ને સ્વસ્થાને તુલ્ય, તેથી પણ જ્ઞાનાવરણાદિ ત્રણનો અસંખ્યગુણ ને સ્વસ્થાને તુલ્ય, ને તેથી પણ વેદનીયનો અસંખ્યગુણ સ્થિ૦ બંધ છે.

તદનંતર આ વિધિએજ હજારો સ્થિતિબંધ વ્યતીત થતાં ૩૦ કો૦ કો૦ સ્થિતિવાળાં જ્ઞાનાવરણાદિક ત્રણના સ્થિતિબંધથી ૨૦ કો૦ કો૦ વાળાં નામ ગોત્રનો સ્થિ૦ બંધ અધિક થાય છે. ત્યાં અલ્પબહુત્વ આ પ્રમાણે છે—મોહનીયનો સ્થિ૦ બંધ સર્વથી અલ્પ, તેથી જ્ઞાનાવરણાદિ ત્રણનો અસંખ્યગુણ, ને સ્વસ્થાને તુલ્ય, તેથી નામ[1] ગોત્રનો અસંખ્યગુણ, ને સ્વસ્થાને તુલ્ય, ને તેથી પણ વેદનીયનો વિશેષાધિક સ્થિ૦બંધ છે ( એજ વાતને મૂળગાથાથી કહેવાય છે ) असंखगुणणाए ઇત્યાદિ=જે સ્થાને મોહનીયનો સ્થિ૦બંધ જ્ઞાનાવરણાદિકથી અસંખ્યગુણ હીન થાય તે સ્થાનથી આગળ સર્વત્ર મોહનીયનો અસંખ્યગુણહીન સ્થિ૦બંધ અનુક્રમે પ્રવર્તે છે. તથા ત્રીજું વેદનીયકર્મ તે જ્યારે ૨૦ કો૦ કો૦ વાળાં નામ ગોત્રથી વિશેષાધિક થાય છે ત્યારથી સર્વત્ર વેદનીયનો વિશેષાધિક સ્થિ૦ બંધ અનુક્રમે પ્રવર્તે છે.

**अहुदीरणा असंखे-ज्जसमयबंधाए देसघाइ त्थ**
**दाणंतराय मणपज्ज-वं च तो ओहिदुगलाभो ॥ ४० ॥**
**सुयभोगाचरकुओ-चरकु य ततो मई सपरिभोगा**
**विरियं च असेढिगया-बंधंति उ सव्वघाईणि ॥ ४१ ॥**

---

૧ આ નામ ગોત્રના સંબંધિ અલ્પબહુત્વનો પાઠ છપાયલી પ્રતમાં છેજ નહિ. લેખિત દોષ થયો હોય તેમ સંભવે છે. અને તેથી પંચસંગ્રહમાંથી પાઠ કાઢીને અહિંનો અર્થ પૂર્ણ કર્યો છે.

**ગાથાર્થ:**—હવે ઉદીરણા અસંખ્યસમયબધ્ધકર્મની પ્રવર્તે છે, તદનંતર દાનાન્તરાય ને મનઃપર્યવ, નો રસ દેશઘાતિ કરે છે, તદનંતર અવધિદ્વિક અને લાભાન્તરાયને દેશઘાતિ પણે બાંધે છે. ॥ ૪૦ ॥

તદનંતર શ્રુતાવરણ, અચક્ષુદ૦—અને ભોગાન્તરાયને દેશઘાતિ બાંધે છે તદનંતર ચક્ષુદ૦ ને તદનંતર મત્યાવરણ અને ઉપભોગાન્તરાયને, અને તદનંતર વીર્યાન્તરાયને દેશઘાતિ બાંધે છે. અને અશ્રેણિગત જીવો પૂર્વોક્ત પ્રકૃતિયોને સર્વઘાતિપણેજ બાંધે છે. ॥ ૪૧ ॥

**ટીકાર્થ:**—ગાથામાં अह શબ્દ અન્ય અધિકારનો સૂચક છે, અર્થાત્ હવે જે કાળે પલ્યોપમના અસંખ્યાતમાભાગ માત્ર જેટલો સર્વ કર્મનો સ્થિતિબંધ થાય છે તે કાળે અસંખ્યસમયબધ્ધ કર્મોનીજ ઉદીરણા પ્રવર્તે છે. એ કેવી રીતે જણાય ? તો કહીએ છીએ કે—અહિં જ્યારે પલ્યોપમનો સંખ્યાતમોભાગ માત્ર સ્થિતિ બંધ થાય છે, ત્યારે બધ્યમાન સ્થિતિની અપેક્ષાએ જે પૂર્વબધ્ધ સમયાદિહીન સ્થિતિયો છે તેનીજ ઉદીરણા થાય છે, પરન્તુ બીજી સ્થિતિયોની નહિ. પુનઃ ઘણા કાળ પ્હેલાં બંધાયલી હોવાથી ઘણી ખરી ક્ષીણ થઈ ગયેલી હોય છે, તેથી અસંખ્ય સમય પૂર્વે બંધાયલી સ્થિતિયોની જ તે વખતે ઉદીરણા સંભવે છે.

તથા देसघाइत्ति ઇત્યાદિ–તદનંતર હજારો સ્થિતિબંધ વ્યતીત થયે છતે તે કાળે દાનાન્તરાય અને મનઃપર્યવાવરણનો દેશઘાતિ અનુભાગ બાંધે છે. તદનંતર હજારો સ્થિતિબંધ ગયે છતે અવધિદ્વિકાવરણ અને લાભાન્તરાયના દેશઘાતિ અનુભાગને બાંધે છે. તદનંતર હજારો સ્થિતિબંધ વ્યતીત થયે છતે અચક્ષુ દર્શનાવરણીયના [illegible]—અને ભોગાન્તરાયના દેશઘાતિ અનુભાગને બાંધે છે, ત્યારબાદ [illegible] હજારો સ્થિતિબંધ વ્યતીત થયે છ

ચક્ષુદર્શનાવરણના દેશઘાતિ અનુભાગને બાંધે છે, ત્યાંથી પણ આગળ ઘણા હજારો સ્થિતિબંધ ગયે છતે મત્યાવરણના અને ઉપભોગાન્ત- રાયના દેશઘાતિ અનુભાગને બાંધે છે. તદનંતર પુનઃપણ ઘણા હજારો સ્થિતિબંધ ગયે છતે વીર્યાન્તરાયના દેશઘાતિ અનુભાગને બાંધે છે, અને असेढीगया वंधंति उ सव्वघाईणि=અશ્રેણિગત એટલે ક્ષપકશ્રેણિ વા ઉપશમ શ્રેણિ રહીત પૂર્વોક્ત પ્રકૃતિઓના (દાના૦-મન૦-અવધિ૦ ૨-લાભા૦-શ્રુતા૦-ભો૦-અચક્ષુ૦-ચક્ષુ૦ -મતિ૦-ઉપ૦-વીર્યા૦ના) સર્વઘાતિ અનુભાગનેજ બાંધે છે.

**संजमघाईणंतर-मेत्थ उ पढमट्ठिइ य अन्नयरो**
**संजलणा वेयाणं, वेइज्जंतीण कालसमा ॥ ४२ ॥**

**ગાથાર્થ:**—અહિં વળી સંયમઘાતિ કષાયોનું (૧૨ ક૦-૯ નો ક૦ નું) અન્તરકરણ કરે છે, ત્યાં સંજ્વલન અને વેદમાંની કોઇપણ વેદાતી પ્રકૃત્તિની પ્રથમા સ્થિતિ ઉદયકાળ જેટલી હોય છે.

**ટીકાર્થ:**—વીર્યાન્તરાયનો દેશઘાતિ અનુભાગ બંધ થયા બાદ હજારો સ્થિતિબંધ ગયે છતે સંયમઘાતિ કર્મોનું એટલે અનંતાનુબંધિ વિના ૧૨ કષાયો અને ૯ નોકષાય એ ૨૧ પ્રકૃતિ ઓનું અન્તકરણ કરે છે. ત્યાં સંજ્વલન ચતુષ્કમાંથી કોઇપણ એક વેદ્યમાન સંજ્વલનની અને ત્રણ વેદમાંના કોઇ પણ એક વેદ્યમાન વેદની પ્રથમ સ્થિતિ આપ આપના ઉદયકાળ જેટલી હોય છે, અને શેષ ૧૧ કષાયની અને ૮ નોકષાયની પ્રથમ સ્થિતિ એક આવલિકા માત્ર હોય છે. ચાર સંજ્વલનના અને ત્રણ વેદના ઉદય- કાળનું પ્રમાણ આ રીતે છે—સ્ત્રી વેદનો અને નપુંસકવેદનો ઉદય- કાળ સર્વથી અલ્પ, અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે, તેથી પુરૂષવેદનો સંખ્યગુણ, તેથી સં૦ક્રોધનો વિશેષાધિક, તેથી સં૦ માનનો વિ૦, તેથી સં૦ માયાનો વિ૦, તેથી પણ સં૦ લોભનો વિ૦, ઉદયકાળ

થાય છે. તે સ્થિતિબંધ પૂર્ણ થયે વેદનીયનો પણ અન્ય સ્થિતિબંધ સંખ્યાત વર્ષ પ્રમાણનો થાય છે, અને તેમ થવાથી ત્યારથી માંડીને સર્વે કર્મોનો સંખ્યેય વર્ષ પ્રમાણજ સ્થિતિબંધ થાય છે, અને પૂર્વ પૂર્વથી અન્ય અન્ય સ્થિતિબંધ સંખ્યેયગુણ હીન પ્રવર્તે છે, તદનંતર હજારો સ્થિતિબંધ વ્યતીત થયે છતે સર્વે ( સાતે ) નોકષાય ઉપશાન્ત થાય છે. પરન્તુ વિશેષ એ છે કે—

छस्सुवसामिज्जमाणे, सेक्का उदयट्ठिई पुरिसस्सा
समऊणावलिगदुगे, बध्धा वि य तावदध्धाए ॥ २७ ॥

ગાથાર્થઃ—છ નોકષાય ઉપશમતે છતે પુરૂષવેદની એક ઉદયસ્થિતિ શેષ રહે છે. અને તે સમયે સમયોન બે આવલિકા સુધીના બાંધેલા દલિકને તેટલા કાળે ( સમયોન બે આવલિકાએ ) ઉપશમાવે છે.

થયા બાદ પૂર્વોક્ત વિધિએજ સ્ત્રી વેદને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે.

**एत्थित्थी संखतमे, गयम्मि घाईण संखवासाणि**
**संखगुणहाणि एत्तो, देसावरणाणुदगराई ॥ ४५ ॥**

**ગાથાર્થ:**—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ:**—એ રીતે પૂર્વોક્ત પ્રકારે ઉપશમતા સ્ત્રી વેદની ઉપશમનાદ્ધાનો સંખ્યાતમો ભાગ ગયે છતે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અન્તરાય એ ૩ ઘાતિકર્મનો સ્થિતિબંધ સંખ્યાતવર્ષ પ્રમાણ થાય છે. અને આ સંખ્યેય વાર્ષિક સ્થિતિબંધથી ઘાતિકર્મોનો આગળ આગળનો અન્ય સ્થિતિબંધ પૂર્વ પૂર્વ સ્થિતિબંધથી સંખ્ય-ગુણ હીન હીન થાય છે. આ સંખ્યેય વર્ષ પ્રમાણ ઘાતિકર્મના સ્થિતિબંધથી પ્રારંભીને કેવલ જ્ઞાનાવરણ કેવલ દર્શનાવરણ સિવાય શેષ જ્ઞાનાવરણ દર્શનાવરણના જલરેખા સમાન રસને એટલે એક સ્થાનક રસને બાંધે છે, તદનંતર એ પ્રમાણે હજારો સ્થિતિબંધ વ્યતીત થયે સ્ત્રી વેદ પણ ઉપશાન્ત થાય છે.

**ता सत्तन्हं एवं, संखतमे संखवासितो दोन्हं**
**बिइयो पुण ठिइबंधो, सव्वेसिं संखवासाणि ॥४६॥**

**ગાથાર્થ:**—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ:**—સ્ત્રી વેદ ઉપશાન્ત થયે છતે તદનંતર શેષ ૭ નોકષાયને ઉપશમાવવાનો આરંભ કરે છે. તેઓનો પણ પૂર્વોક્ત પ્રકારે ઉપશમતાં ઉપશમનાદ્ધાનો સંખ્યાતમો ભાગ ગયે છતે નામનો અને ગોત્રનો એ બેનો સંખ્યાત વર્ષ પ્રમાણ સ્થિતિબંધ ... વેદનીયનો પણ અસંખ્ય વર્ષ પ્રમાણજ સ્થિતિબંધ

થાય છે. તે સ્થિતિબંધ પૂર્ણ થયે વેદનીયનો પણ અન્ય સ્થિતિબંધ સંખ્યાત વર્ષ પ્રમાણનો થાય છે, અને તેમ થવાથી ત્યારથી માંડીને સર્વે કર્મોનો સંખ્યેય વર્ષ પ્રમાણજ સ્થિતિબંધ થાય છે, અને પૂર્વ પૂર્વથી અન્ય અન્ય સ્થિતિબંધ સંખ્યેયગુણ હીન પ્રવર્તે છે, તદનંતર હજારો સ્થિતિબંધ વ્યતીત થયે છતે સર્વે ( સાતે ) નોકષાય ઉપશાન્ત થાય છે. પરન્તુ વિશેષ એ છે કે—

**छस्सुवसमिज्जमाणे, सेक्का उदयट्ठिई पुरिससेसा**
**समऊणावलिगदुगे, बध्धा वि य तावदध्धाए ॥ ४७ ॥**

ગાથાર્થઃ—છ નોકષાય ઉપશમતે છતે પુરૂષવેદની એક ઉદયસ્થિતિ શેષ રહે છે. અને તે સમયે સમયોન બે આવલિકા સુધીના બાંધેલા દલિકને તેટલા કાળે ( સમયોન બે આવલિકાએ ) ઉપશમાવે છે.

ટીકાર્થઃ—છ નોકષાયને ઉપશમાવતાં જે સમયે ૬ નોકષાય ઉપશાન્ત થાય છે તે સમયે પુરૂષવેદની પ્રથમ સ્થિતિમાં એક સમય માત્ર સ્થિતિશેષ [1]રહે છે, તે વખતે પુ૦ વેદનો બન્ધ ૧૬ વર્ષ પ્રમાણ થાય છે, અને સંજ્વલનોનો પુનઃ સંખ્યાતવર્ષ પ્રમાણ સ્થિ૦ બંધ થાય છે. તથા પુરૂષવેદની પ્રથમ સ્થિતિ બે આવલિકા પ્રમાણ બાકી રહે ત્યારે પૂર્વોક્તસ્વરૂપવાળો આગાલ વિચ્છેદ પામે છે, અને ઉદીરણા માત્ર પ્રવર્તે છે, અને તેજ સમયથી આરંભીને ૬ નોકષાય સંબંધિ દલિકને પુરૂષવેદમાં નહિ, પરન્તુ સંજ્વલનમાં સંક્રમાવે છે. અને જ્યારે પુરૂષવેદ સંબંધિ પૂર્વે કહેલી એક ઉદયસ્થિતિ પણ વ્યતિક્રાન્ત થાય છે, ત્યારે આ જીવ

૧ અહિં તફાવત—પંચમ ૫૪ કર્મગ્રંથની ટીકામાં તો જે સમયે નોકષાય ઉપશાન્ત થાય તેજ સમયે પુંવેદનો ઉદયબંધાદિ વિચ્છેદ પામે એમ કહ્યું છે ને પંચસંગ્રહ તથા શ્રીયશોવિજયકૃત કર્મપ્રકૃતિ ટીકામાં સમય માત્ર સ્થિતિ બાકી રહે એમ કહ્યું છે.

અવેદી થાય છે, અને અવેદકાદ્ધાના પ્રથમ સમયે બે સમયોન બે આવલિકા સુધીનું બાંધેલુ દલિક તેજ માત્ર અનુપશાન્ત રહે છે, ને શેષ સર્વ દલિક નપુંસક વેદોપશમનાની પદ્ધતિએ ઉપશાન્ત થયેલું છે. પુનઃ તે બે સમયોન બે આવલિકાનું બાંધેલું જે દલિક તેને તેટલાજ કાળે એટલે બે સમયહીન બે આવલિકા પ્રમાણ કાળે ઉપશમાવે છે, તેને ઉપશમાવવાનો વિધિ આ પ્રમાણે છે—પ્રથમ સમયે અલ્પ, દ્વિતીય સમયે અસંખ્યગુણ, તેથી તૃતીયસમયે અસંખ્યગુણ, એ પ્રમાણે સમયોન બે આવલિકાના અન્ત્ય સમય સુધી કહેવું. અને પરપ્રકૃતિમાં સમયોન બે આવલિકા સુધી પ્રતિસમયે યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમાવે છે, પરન્તુ પ્રથમ સમયે ઘણું દ્વીતીય સમયે વિશેષહીન, તેથી તૃતીય સમયે વિશેષહીન એ પ્રમાણે અન્ત્યસમય સુધી કહેવું, તદનંતર પુરૂષવેદ ઉપશાન્ત થાય છે, અને તે વખતે સંજ્વલનોનો અન્તર્મું૦ હીન ૩૨ વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે, અને શેષ જ્ઞાનાવરણ દર્શનાવરણ અને અન્તરાયનો સંખ્યાત હજાર વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે.

**तिविहमवेओ कोहं, कमेण सेसे वि तिविह तिविहे वि**
**पुरिससमा संजलणा,पढमट्ठिई आलिगा अहिगा॥४८॥**

---

૧ આ સ્થાને **समयोनावलिकाद्विक कालबध्धं** એ પાઠ છાપેલી પ્રતમાં છે તે દૃષ્ટિદોષ વાળો સંભવે છે. કારણ કે ચાલુ પ્રકરણના ભાવાર્થમાં અસંબદ્ધ માલુમ પડે છે, માટે **समयद्वयोनावलिकाद्विक कालबध्धं** એ પાઠની આવશ્યકતા સમજાય છે.

પુનઃ સપ્તતિકાની ટીકામાં પણ **समयोनावलिकाद्विक** અને **समयद्वयोनावलिकाद्विक** એવા બે સ્થાને બે પાઠ છે. તે બન્ને સમ્યગ્રીત્યા સમજાય તેમ નથી પરન્તુ પંચસંગ્રહમાં સર્વસ્થાને **समयद्वयोनावलिकाद्विक** એવો પાઠ છે તેજ ઠીક રીતે સમજી શકાય તેવો છે. અને પૂર્વોક્ત પ્રતોમાં જે ભિન્ન પાઠ છે તે શા કારણથી હશે તેનો નિર્ણય શ્રી બહુશ્રુતગમ્ય છે.

સંજ્વલનમાનનો બંધ ઉદય ને ઉદીરણા વિચ્છેદ પામે છે, અને અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની માન ઉપશાન્ત થાય છે. પુનઃ સંજ્વલનમાનની પણ એક આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ, તથા સમયોન બે આવલિકા બદ્ધલતાને વર્જીને શેષ સર્વ દલિક ઉપશાન્ત થયું છે, તેજ વખતે સં૦ માયાની દ્વિતીય સ્થિતિમાંથી દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપ કરે છે અને વેદે છે, અને પૂર્વોક્ત સં૦ માનની પ્રથમ સ્થિતિ સંબંધિ એક આવલિકાને સ્તિબુક સંક્રમવડે આ સં૦ માયામાં પ્રક્ષેપે છે, અને સમયોન બે આવલિકાબદ્ધ લતાને પુરૂપવેદોપશમનાની પદ્ધતિએ ઉપશમાવે છે અને સંક્રમાવે છે. અહિં સં૦ માયા ઉદયના પ્રથમ સમયે સં૦ માયા અને લોભનો સ્થિ૦બંધ ૨ માસનો થાય છે, અને શેષકર્મોનો સંખ્યાતવર્ષ સ્થિતિબંધ થાય છે.

તથા તેજ સમયથી આરંભીને ત્રણે પણ માયાને સમકાળે ઉપશમાવવા માંડે છે,તદનંતર સંજ્વલન માયાની પ્રથમસ્થિતિ ત્રણ આવલિકા પ્રમાણ શેષ રહે ત્યારે અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની માયાના દલિકને સં૦ માયામાં પ્રક્ષેપે નહિં પરન્તુ સં૦ લોભમાં પ્રક્ષેપે છે. પુનઃ બે આવલિકા બાકી રહેતાં આગાલ વિચ્છેદ પામે છે, અને એક ઉદીરણાજ પ્રવર્તે છે, તે પણ સ્વ આવલિકાના અન્ત્ય સમય સુધી પ્રવર્તે છે, તે અવસરે સં૦ માયા અને લોભનો સ્થિ૦ બંધ ૧ માસનો થાય છે, અને શેષ કર્મોનો સંખ્યેય વર્ષ પ્રમાણ સ્થિ૦ બંધ થાય છે. તે વાર પછી અનન્તર સમયે સં૦ માયાનો બંધ ઉદય ને ઉદીરણા વિચ્છેદ પામે છે, અને અપ્રત્યા૦ પ્રત્યા૦ માયા ઉપશાન્ત થાય છે. આ વખતે સં૦ માયાનું પ્રથમ સ્થિતિ સંબંધી એક આવલિકાનું દલિક તથા સમયોન બે આવલિકા બદ્ધલતા સિવાયનું બીજું સર્વ દલિક ઉપશાન્ત થયું છે. તેજ [illegible] સં૦ લોભની દ્વિતીય સ્થિતિમાંથી દલિકને આકર્ષીને પ્રથમ [illegible] રૂપ કરે છે અને વેદે છે, અને માયાના પૂર્વોક્ત પ્રથમ સ્થિતિ [illegible] [illegible] દલિકને સ્તિબુક [illegible]

અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, ને સંજ્વલન એ ૩ પ્રકારનું માન, અને એજ ૩ પ્રકારવાળી માયા, તથા એજ ત્રણ પ્રકારવાળા લોભને ઉપશમાવે છે. ત્યાં સંજ્વલનત્રિકની ઉપશમના પુરૂષવેદવત્ જાણવી. અને મધ્યમ માનની અને મધ્યમ માયાદિકની ઉપશમના ૬ નોકષાયવત જાણવી. પરન્તુ पढमठिइ आलिगा अहिगा એટલે સંજ્વલનોની પ્રથમ સ્થિતિમાં પું૦ વેદની અપેક્ષાએ એક આવલિકા અધિક જાણવી, તે આ પ્રમાણેઃ–૬ નોકષાય ઉપશાન્ત થયે છતે પુરૂષવેદની એક સમય માત્ર પ્રથમ સ્થિતિ અનુપશાન્ત હોય છે, અને અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની માનાદિ ઉપશાન્ત થયે છતે સંજ્વલન માનાદિકની એક આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ અનુપશાન્ત હોય છે, એ વાત અતિ સંક્ષેપથી કહી, અને હવે વિશેષથી કહેવાય છે.

જ્યારે સં૦ ક્રોધનો બંધ ઉદય ને ઉદીરણા વિચ્છેદ પામે તેજ વખતે સં૦ માનની દ્વિતીય સ્થિતિમાંથી દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપ કરે અને વેદે, ત્યાં ઉદય સમયમાં અલ્પ પ્રક્ષેપે છે, દ્વિતીય સ્થિતિમાં અસંખ્યગુણ, અને તૃતીય સમયમાં અસંખ્યગુણ પ્રક્ષેપે છે, એ પ્રમાણે પ્રથમ સ્થિતિના અન્ત્ય સમય સુધી પ્રક્ષેપે છે. અહિં પ્રથમ સ્થિતિના પ્રથમ સમયેજ સંજ્વલનમાનનો સ્થિ૦ બંધ ૪ માસનો થાય છે, અને શેષ જ્ઞાનાવરણાદિનો સંખ્યાત હજાર વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે, અને તેજ વખતે ત્રણે માનને સમકાળે ઉપશમાવવા માંડે છે. પુનઃ સંજ્વલનમાનની પ્રથમ સ્થિતિ સમયોન ૩ આવલિકા શેષ રહે છતે અપ્રત્યા૦ પ્રત્યા૦ માનના દલિકને સં૦ માનમાં પ્રક્ષેપે નહિં, પરન્તુ સં૦ માયાદિકમાં પ્રક્ષેપે છે. પુનઃ આવલિકાદ્વિક શેષ રહેતાં આગાલ વિચ્છેદ થાય છે, અને ઉદીરણા પ્રવર્તે છે. તે પણ (સ્વ) આવલિકાના અન્ત્ય સમય સુધી પ્રવર્તે છે. તદનંતર પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી રહે છે, તે સમયે સંજ્વલન કષાયોનો બે માસનો સ્થિતિબંધ થાય છે, અને શેષકર્મોનો સંખ્યાતવર્ષ સ્થિતિબંધ થાય છે. પુનઃ તે વખતે

છે. અદ્યાપિપર્યન્ત સંસારમાં પરિભ્રમણ કરતા જીવે બંધની અપેક્ષાએ આવાં હીનરસવાળાં સ્પર્ધકો કદી પણ કર્યાં નથી, પરન્તુ આ વખતેજ અત્યન્ત વિશુદ્ધિના વશથી આવાં સ્પર્ધકો કરે છે માટે अपूर्व स्पर्धक કહેવાય છે. તદનંતર એ પ્રમાણે અપૂર્વ સ્પર્ધકો કરતાં સંખ્યાત સ્થિતિબંધ વ્યતીત થયે છતે અશ્વકર્ણકરણાદ્ધા સમાપ્ત થાય છે. તદનંતર કિટ્ટિકરણાદ્ધામાં પ્રવેશ કરે છે, તે વખતે સં૦ લોભનો સ્થિ૦બંધ ઘણા (પૃથક્ત્વ) દીવસ પ્રમાણનો થાય છે, અને શેષ કર્મોનો સ્થિ૦બંધ ઘણા (પૃથક્ત્વ) વર્ષ પ્રમાણ થાય છે. અહિં પૂર્વસ્પર્ધકોમાંથી અને અપૂર્વસ્પર્ધકોમાંથી દલિકને ગ્રહણ કરીને પ્રતિસમય અનન્તકિટ્ટિ કરે છે. किट्टि એટલે પૂર્વ સ્પર્ધકોમાંથી અને અપૂર્વસ્પર્ધકોમાંથી વર્ગણાઓ ગ્રહણ કરીને તેઓને અનન્તગુણ હીન રસવાળી કરીને ઘણા અન્તરે સ્થાપવી, જેમકે જે વર્ગણાઓના અસત્ કલ્પનાએ ૧૦૧-૧૦૨-૧૦૩-૧૦૪-૧૦૫ એ પ્રમાણે અનુક્રમે અનુભાગાવિભાગો હોય તે વર્ગણાઓના અનુભાગાવિભાગોને ૫-૧૫-૨૫-૩૫-૪૫ એવા અનતુક્રમે કરવા તે કિટ્ટિ કહેવાય છે. હવે એજ કિટ્ટિ સંબંધિ વિશેષ પ્રરૂપણા કરાય છે.

पगफड्डगवग्गण ઈત્યાદી=એક અનુભાગસ્પર્ધકમાં જેટલી વર્ગણાઓ છે, તેના અનન્તમા ભાગે જેટલી વર્ગણાઓ થાય તેટલા પ્રમાણવાળી કિટ્ટિઓ પ્રથમ સમયે થાય છે, ને તે પણ અનન્ત થાય છે. અહિં પ્રશ્ન છે કેઃ—

તે કિટ્ટિઓ શું સર્વ જઘન્યાનુભાગ સ્પર્ધકથી સદૃશ છે કિંવા હીન છે? તો કહીએ છીએ કે—તેથી પણ હીન છે તે વાત મૂળ ગાથાથી કહે છે કે हेट्ठा એટલે જે સર્વ જઘન્યાનુભાગ સ્પર્ધક છે તેથી પણ હેઠે કરે છે અર્થાત્ તેથી પણ અનન્તગુણહીન રસવાળી કિટ્ટિઓ કરે છે.

अणुसमयं सेढीए-असंखगुणहाणि जा अपुव्वाओ
तव्विवरीयं दलियं-जहन्नगाई विसेसूणं ॥ ५० ॥

સંક્રમાવે છે. અને સમયોન બે આ વલિકા બદ્ધલતાને પુરૂષવેદોપશમનાની પદ્ધતિએ ઉપશમાવે છે અને સંક્રમાવે છે.

હવે સં૦ લોભની પ્રથમ સ્થિતિનું પ્રમાણ નિરૂપણ કરે છે.

**लोभस्स वे ति भागा ठिइ य तिभागो त्थ किट्टिकरणद्धा**
**एगफड्डगवग्गण—अणंतभागो उ ता हेट्ठा ॥४१॥**

ગાથાર્થઃ—સં૦ લોભના બે ત્રિભાગ સ્થિતિમાં પ્રથમ ત્રિભાગ અશ્વકર્ણ કરણાધ્ધા, અને બીજો ત્રિભાગ કિટ્ટિકરણાધ્ધા નામે છે. ત્યાં તે કિટ્ટિ એક સ્પર્ધક ગત વર્ગણાઓના અનંતમા ભાગે અને સર્વજ૦ અનુ૦સ્પર્ધકથી પણ હીન રસવાળી છે.

ટીકાર્થઃ—સં૦ લોભની પ્રથમ સ્થિતિના ૩ ભાગ છે. ત્યાં પ્રથમના બે ત્રિભાગો પ્રથમ સ્થિતિ રૂપે કરે છે, અર્થાત્ દ્વિતીયસ્થિતિમાંથી દલિકને આકર્ષીને પ્રથમના બે ત્રિભાગમાં [1]પ્રક્ષેપે છે. ત્યાં પ્રથમ ત્રિભાગ અશ્વકર્ણકરણાદ્ધા અને બીજો ત્રિભાગ કિટ્ટિકરણાદ્ધા નામે છે.

હવે સંજ્વલન લોભોદયના પ્રથમ સમયથીજ પ્રારંભીને અપ્રત્યાખ્યાની વિગેરે ૩ લોભને ઉપશમાવવા માંડે છે, એની ઉપશમનાનો વિધિ પૂર્વવત્ જાણવો. ત્યાં અશ્વકર્ણકરણાદ્ધાનામના પ્રથમ ત્રિભાગમાં વર્તતો જીવ પૂર્વ સ્પર્ધકોમાંથી પ્રતિસમયે દલિકને ગ્રહણ કરીને અને અત્યન્તહીન રસવાળાં કરીને અપૂર્વસ્પર્ધકો કરે

---

૧ ભાવાર્થ એ છે કે—લોભની દ્વિતીય સ્થિતિમાંથી દલિકને આકર્ષીને ત્રણ વિભાગાત્મક પ્રથમ સ્થિતિ કરે છે તેમાં પ્રથમ અશ્વકર્ણકરણાદ્ધા—બીજો કિટ્ટિકરણાદ્ધા અને ત્રીજો કિટ્ટિવેદનાદ્ધા વિભાગ છે. એમાં દલિક પરિણમન તો પ્રથમના બે ભાગ રૂપે થાય છે અને ત્રીજો વિભાગ તો અનુભવકાળનો છે. અર્થાત્ દ્વિતીયસ્થિતિમાંથી ગ્રહણ કરેલા દલિકને પ્રથમના બે વિભાગમાં પ્રક્ષેપીને ત્રીજે ત્રિભાગે અનુભવે છે.

ગુણાનુભાગાધિક એવી દ્વિતીયકિટ્ટિમાં વિશેષહીન પ્રદેશાગ્ર છે. એથી પણ અનન્તર અનન્તગુણાધિકાનુભાગયુક્ત ત્રીજીકિટ્ટિમાં વિશેષહીન પ્રદેશ સમૂહ છે. એ પ્રમાણે અનુક્રમે અધિક અધિક અનુભાગવાળી કિટ્ટિયોમાં વિશેષહીન વિશેષહીન પ્રદેશાગ્ર ત્યાં સુધી કહેવો કે જ્યાં સુધી પ્રથમ સમયકૃતકિટ્ટિયોમાં સર્વોત્કૃષ્ટ કિટ્ટિ આવે, એવી રીતે સર્વ સમયે. સંબંધિ પ્રત્યેક કિટ્ટિની ભાવના કરવી.

**अणुभागो ऽणंतगुणो, चाउम्मासाइ संखभागूणो**
**मोहे दिवसपुहुत्तं, किट्टीकरणाइ समयम्मि ॥ ५१ ॥**

ગાથાર્થઃ—પ્રતિ સમયમાં કિટ્ટિયોનો અનુભાગ અનુક્રમે અનંતગુણ કહેવો, અને મોહનીયના ચાતુર્માસિક સ્થિતિબંધથી આગળના અન્ય સ્થિતિબંધો સંખ્યાતભાગ હીન થતાં કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે દીવસ પૃથક્ત્વનો સ્થિતિબંધ થાય.

ટીકાર્થઃ—પ્રથમ સમયકૃત કિટ્ટિયોનો અનુભાગ અનુક્રમે અનંતગુણ કહેવો. તે આ પ્રમાણે-પ્રથમ સમયકૃત કિટ્ટિયોમાં જે સર્વ જઘન્યાનુભાગવાળી કિટ્ટિ છે તેનો અનુભાગ સર્વથી અલ્પ છે. તેથી દ્વિતીય કિટ્ટિ અનંતગુણ અનુભાગ વાળી છે, તેથી પણ તૃતિય કિટ્ટિ અનંતગુણ અનુભાગવાળી છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી પ્રથમ સમયકૃત કિટ્ટિયોમાં સર્વોત્કૃષ્ટાનુભાગવાળી કિટ્ટિ આવે, એ પ્રમાણે દ્વિતીયાદિ સમયકૃત કિટ્ટિયોમાં પણ પ્રરૂપણા કરવી. હવે એજ કિટ્ટિયોનું પરસ્પર અલ્પ બહુત્વ કહેવાય છે.

પ્રથમ સમયકૃત કિટ્ટિયોમાં જે સર્વોત્કૃષ્ટ પ્રદેશાગ્રવાળી કિટ્ટિ તેના પ્રદેશો સર્વથી અલ્પ છે. તેથી દ્વિતીય સમયકૃત કિટ્ટિયોમાં જે સર્વોત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિ તેના પ્રદેશો અસંખ્યગુણ છે. તેથી પણ તૃતિય સમયકૃત કિટ્ટિયોમાંની જે સર્વોત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિ તેના પ્રદેશો અસંખ્યગુણ છે. એ પ્રમાણે કિટ્ટિ કરણાદ્ધાના અન્ત્ય સમય પર્યન્ત કહેવું.

રચે છે. તથા ( ગાથામાં જય શબ્દ પ્રાકૃતપણાથી સ્ત્રીલિંગે કહ્યો છે) જે સંજ્વલન સહિત ઉપશમશ્રેણિ પ્રારંભી હોય, તે સંજ્વલનના ઉદયને પ્રાપ્ત થયો છતો ત્યાંથી પ્રારંભીને તે કષાયની ગુણશ્રેણિને શેષકર્મસંબંધિ ગુણશ્રેણિ તુલ્ય કરે છે. જેમ કોઇક જીવ સંજ્વલન ક્રોધે શ્રેણિ પ્રારંભીને તે શ્રેણિથી પડતો. જ્યારે પુનઃ સંજ્વલન ક્રોધના ઉદયને પ્રાપ્ત કરે, ત્યાંથી પ્રારંભીને તે સં૦ ક્રોધની ગુણશ્રેણિ શેષકર્મોની ગુણશ્રેણિ તુલ્ય કરે. એ પ્રમાણે માન માયાસહિત શ્રેણિ પતિપન્ન જીવને માન માયાની ગુણશ્રેણિ પણ ત્યારથી પ્રારંભીને તુલ્ય જાણવી. અને સં૦ લોભસહિત જો ઉપશમ શ્રેણિને પ્રારંભી હોય તો તે જીવને પડતાં પ્રથમ સમયથી આરંભીનેજ સં૦ લોભની ગુણશ્રેણિ શેષ કર્મસંબંધિ ગુણશ્રેણિ તુલ્ય પ્રવર્તે છે. શેષકર્મોનું પુનઃ શ્રેણિએ ચઢતાં જે સ્થાને જે બંધન સંક્રમણાદિ પ્રવર્ત્યું હતું તે તેવીજ રીતે પડતાં પણ અનુક્રમે પશ્ચાનુપૂર્વીએ અન્યૂનાધિકપણે પ્રવર્તે એમ જાણવું.

**खवगुवसामगपडिवय, माण दुगुणो तहिं तहिं बंधो**
**अणुभागोऽणंतगुणो, असुभाण सुभाण विवरीओ॥८१॥**

ગાથાર્થ:—ક્ષપકશ્રેણિમાં જે સ્થાને જેટલો સ્થિ૦ બંધ છે તે સ્થાને ઉપ૦ શ્રેણિમાં ચડતા જીવને બમણો સ્થિ૦ બંધ હોય છે. અશુભ પ્રકૃતિયોનો અનુભાગ અનંતગુણ, અને શુભનો અનંતગુણહીન અનુભાગ બંધાય છે.

ટીકાર્થ:—ક્ષપક જીવને ક્ષપકશ્રેણિએ ચડતાં જે જે સ્થાને જેટલો સ્થિ૦ બંધ થાય છે, તે તે સ્થાને ઉપશમશ્રેણિએ ચડતા જીવને દ્વિગુણ સ્થિ૦બંધ થાય છે, અને તે તે સ્થાને ઉપશમ શ્રેણિથી પડતા જીવને તેથી પણ દ્વિગુણ સ્થિ૦ બંધ થાય છે, અર્થાત્ ક્ષપક સંબંધિ સ્થિતિબંધથી ચાર ગુણો સ્થિ૦બંધ થાય છે તથા ક્ષપકને જે સ્થાને અશુભ પ્રકૃતિનો જેટલો અનુભાગ થાય છે તે સ્થાને તેજ અશુભ

તેથી પણ ત્રીજે સમયે અસંખ્યગુણ દલિકને પ્રક્ષેપે છે એ પ્રમાણે શ્રેણિના શીર્ષ સુધી કહેવું. તદનંતર આગળ પુનઃપણ પૂર્વોક્ત અનુક્રમે વિશેષહીન દલિક નિક્ષેપ થાય છે.

**वेइज्जंतीणेवं, इयरासिं आलिगाए बाहिरओ**
**न हि संकमो णुपुव्विं, छावलिगोदीरणाउप्पिं॥५९॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ**:—આ પૂર્વોક્ત દલિક નિક્ષેપ તે તત્સમયેવેદ્યમાન પ્રકૃતિયોનો જાણવો, અને બીજી અવેદ્યમાન પ્રકૃતિયોનો દલિક નિક્ષેપ તો આવલિકાથી ઉપરજ જાણવો. ને તે પણ ગુણશ્રેણિના શિર્ષ સુધી અસંખ્યગુણ પણે જાણવો. ત્યાંથી આગળ પુનઃપણ પૂર્વોક્ત-ક્રમ પ્રમાણે વિશેષહીન હીનતર દલિક નિક્ષેપ હોય છે. તથા નહિ સંકમોણુપુવ્વિં એ વાક્યમાં હિ પદ અવધારણના અર્થમાં છે તેથી અર્થ આ પ્રમાણે થાય છે કે—આનુપૂર્વિએજ સંક્રમ થાય એમ નહિ પરન્તુ અનાનુપૂર્વિએ પણ સંક્રમ થાય છે. તથા બન્ધ થયા બાદ ૬ આવલિકા ઉપર ઉદીરણા થાય છે એમ જે પ્રથમ કહી ગયા છીએ તેમ અહિં ન થાય, પરન્તુ બન્ધાવલિકા માત્ર વ્યતિક્રમ્યે પણ ઉદીરણા થાય છે.

**वेइज्जमाण संजल, णद्धा अहिगा उ मोहगुणसेढी**
**तुल्ला य जयारूढो, अतो हि सेसेहिं तुल्लत्ति॥६०॥**

**ગાથાર્થ**:—ટીકાર્થાનુસારે.

**ટીકાર્થ**:—શ્રેણિથી પડતો જીવ મોહનીયકર્મની પ્રકૃતિયોની ગુણશ્રેણિ કાળની અપેક્ષાએ વેદ્યમાન સંજ્વલનના કાળથી અધિકકાળ વાળી રચે છે, અને ચઢવાના કાળની ગુણશ્રેણિની અપેક્ષાએ તુલ્ય

રચે છે. તથા (ગાથામાં जय શબ્દ પ્રાકૃતપણાથી સ્ત્રીલિંગે કહ્યો છે) જે સંજ્વલન સહિત ઉપશમશ્રેણિ પ્રારંભી હોય, તે સંજ્વલનના ઉદયને પ્રાપ્ત થયો છતો ત્યાંથી પ્રારંભીને તે કષાયની ગુણશ્રેણિને શેષકર્મસંબંધિ ગુણશ્રેણિ તુલ્ય કરે છે. જેમ કોઇક જીવ સંજ્વલન ક્રોધે શ્રેણિ પ્રારંભીને તે શ્રેણિથી પડતો. જ્યારે પુનઃ સંજ્વલન ક્રોધના ઉદયને પ્રાપ્ત કરે, ત્યાંથી પ્રારંભીને તે સં૦ ક્રોધની ગુણશ્રેણિ શેષકર્મોની ગુણશ્રેણિ તુલ્ય કરે. એ પ્રમાણે માન માયાસહિત શ્રેણિ પતિપન્ન જીવને માન માયાની ગુણશ્રેણિ પણ ત્યારથી પ્રારંભીને તુલ્ય જાણવી. અને સં૦ લોભસહિત જો ઉપશમ શ્રેણિને પ્રારંભી હોય તો તે જીવને પડતાં પ્રથમ સમયથી આરંભીનેજ સં૦ લોભની ગુણશ્રેણિ શેષ કર્મસંબંધિ ગુણશ્રેણિ તુલ્ય પ્રવર્તે છે. શેષકર્મોનું પુનઃ શ્રેણિએ ચઢતાં જે સ્થાને જે બંધન સંક્રમણાદિ પ્રવર્ત્યું હતું તે તેવીજ રીતે પડતાં પણ અનુક્રમે પશ્ચાનુપૂર્વીએ અન્યૂનાધિકપણે પ્રવર્તે એમ જાણવું.

**खवगुवसामगपडिवय, माण दुगुणो तहिं तहिं बंधो**
**अणुभागोऽणंतगुणो, असुभाण सुभाण विवरीओ॥८१॥**

ગાથાર્થ:—ક્ષપકશ્રેણિમાં જે સ્થાને જેટલો સ્થિ૦ બંધ છે તે સ્થાને ઉપ૦ શ્રેણિમાં ચડતા જીવને બમણો સ્થિ૦ બંધ હોય છે. અશુભ પ્રકૃતિયોનો અનુભાગ અનંતગુણ, અને શુભનો અનંતગુણહીન અનુભાગ બંધાય છે.

ટીકાર્થ:—ક્ષપક જીવને ક્ષપકશ્રેણિએ ચડતાં જે જે સ્થાને જેટલો સ્થિ૦ બંધ થાય છે, તે તે સ્થાને ઉપશમશ્રેણિએ ચડતા જીવને દ્વિગુણ સ્થિ૦બંધ થાય છે, અને તે તે સ્થાને ઉપશમ શ્રેણિથી પડતા જીવને તેથી પણ દ્વિગુણ સ્થિ૦ બંધ થાય છે, અર્થાત્ ક્ષપક સંબંધિ સ્થિતિબંધથી ચાર ગુણો સ્થિ૦બંધ થાય છે તથા ક્ષપકને જે સ્થાને અશુભ પ્રકૃતિનો જેટલો અનુભાગ થાય છે તે સ્થાને તેજ અ:

પ્રકૃતિયોના ઉપશમકને તે અપેક્ષાએ અનન્તગુણ અનુભાગ થાય છે. અને તેથી પણ તે અશુભ પ્રકૃતિયોનો અનન્તગુણ અનુભાગ શ્રેણિથી પડતા જીવને હોય છે, અને સુમાણ વિવરીઓ=શુભ પ્રકૃતિયોનો અનુભાગ એથી વિપરિતપણે કહેવો તે આ પ્રમાણે-ઉપશગશ્રેણિથી પડતાં જે સ્થાને જેટલો અનુભાગ શુભ પ્રકૃતિયોનો થાય છે તે અપેક્ષાએ તેજ શુભ પ્રકૃતિયોના ઉપશમક જીવને અનંતગુણ અનુભાગ થાય છે, અને તેથી પણ તેજ પ્રકૃતિયોનો અનંતગુણ અનુભાગ ક્ષપક જીવને થાય છે. શેષ સર્વ જેમ ચઢતાને તેમ પડતાને પણ યાવત્ પ્રમત્ત સંયત ગુણસ્થાન સુધી કહેવું.

**किच्चा पमत्त तदियर–ठाणे परिवत्ति वहु सहस्साणि**
**हिट्ठिल्लाणंतरदुगं, आसाणं वा वि गच्छेज्जा ॥ ६२ ॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ:**—પ્રમત્ત અને અપ્રમત્તગુણસ્થાનકમાં હજારોવાર પ્રરાવૃત્તિ ( ગમનાગમન ) કરીને કોઇક જીવ નીચેના અનન્તર બે ગુણસ્થાનકમાં જાય છે, અર્થાત્ કોઇ દેશવિરત પણ થાય છે અને કોઇક અવિરતસમ્યગદ્રષ્ટિ પણ થાય છે, અને જેઓના મતે અનન્તાનુબન્ધિની ઉપશમના થાય છે તેઓના મતે કોઇક સાસ્વાદન ભાવને પણ પામે છે.

**उवसमसम्मत्तद्धा, अंतो आउक्खया धुवं देवो**
**तिसु आउगेसु बद्धे–सु जेण सेढिं न आरुहइ । ६३॥**

ગાથાર્થ:—ટીકાર્થાનુસારે

**ટીકાર્થ:**—ઔપશમિક સમ્યકત્વના કાળમાં વર્તતો કોઇક જીવ આયુષ્યનો ક્ષય થવાથી કાળ કરે તો અવશ્ય દેવ થાય છે. પુનઃસા-

સ્વાદન ભાવને પામેલો જીવ ત્યાંજ કાળ કરે તો પણ તે દેવજ થાય છે. જેથી કરીને કહે છે કે—દેવાયુ વિના ૩ આયુષ્યમાંના કોઇ પણ આયુષ્યને બાંધે છે તે જીવ ઉપશમ શ્રેણિ માંડે નહિં તેથી કરીને શ્રેણિમાં રહ્યો છતો જીવ કાળ કરીને અવશ્ય દેવજ થાય છે.

**उग्घाडियाणि करणाणि, उदयहिइ माइगं इयरतुल्लं**
**एगभवे दुरकुत्तो, चरित्तमोहं उवसमेइ ॥ ६९ ॥**

**ગાથાર્થઃ**—ટીકાર્થાનુસારે

